પર્યુષણ પર્વ વિશેષાંક


## કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન


# પ્રબુદ્ધ જીવન

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨) અંક-૫, ઑગષ્ટ, ૨૦૧૪ • પાના ૧૪૦ • કીમત રૂા. ૨૦


જ્ઞાનાવરણીય કર્મ
આંખે પાટા બાંધ્યા જેવું


દર્શનાવરણીય કર્મ
દ્વારપાળ જેવું



વેદનીય કર્મ
મધથી લેપાયેલ
તલવારની ધાર જેવું



મોહનીય કર્મ
દારૂડિયા જેવું





આયુષ્ય કર્મ
બેડી જેવું


નામ કર્મ
ચિત્રકાર જેવું


ગોત્ર કર્મ
કુંભાર જેવું


અંતરાય કર્મ
રાજાના ભંડારી જેવું

## જિન-વચન

દરેક મનુષ્ય પોતાના કર્માનુસાર અવસ્થા પ્રાપ્ત કરે છે

सव्वे सयकम्मकप्पिया अवियत्तेण दुहेण पाणिणो ।
हिंडंति भयाउला सढा जाइजरामरणेहिऽभिद्दुता ।।

(સૂ. ૧-૨-૩-૧૮)

સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મ અનુસાર પોતાની અવસ્થા પ્રાપ્ત કરે છે. ઘણી વાર તેઓનું દુઃખ અપ્રગટ હોય છે. શઠ તથા ભયથી વ્યાકુળ થયેલા જીવો સંસારમાં ભટકે છે અને જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનાં દુઃખ ભોગવે છે.

All living beings have their present life according to their Karmas. Their unhappiness is often latent. Wicked and terrified beings wander around experiencing the pains of birth, old age and death.

(ડૉ. રમણલાલ ચી. શાહ સંપાદિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

## જેવું વાવો, તેવું લણો...

કર્મનો અટલ સિદ્ધાંત છે કે જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો, જેવી કરણી તેવી પાર ઉતરણી-'જો જસ કરઈ સો તસ ફલ ચાખા' પરંતુ આપણા બધાનો પ્રત્યક્ષ અનુભવ એવો છે અને આપણે નજરોનજર એવું જોઈએ છીએ કે જે માણસ ન્યાય, નીતિ અને ધર્મથી ચાલે છે તે આ જગતમાં દુઃખી થતો જ દેખાય છે. અધર્મ, અનીતિ કરે છે, કાળાંબજાર, લાંચરુશ્વત કરે છે તેને ઘેર બંગલા, મોટર વગેરે સુખ સમૃદ્ધિ હોય છે.

આવું જોઈએ છીએ ત્યારે ઈશ્વર ઉપરથી જ આપણી શ્રદ્ધા ડગી જાય છે અને કર્મના કાયદામાં કાંઈક ગરબડ હોય તેવું લાગે છે અને તેથી સુખ મેળવવાની આશામાં આપણે પણ અનીતિ-અધર્મથી પૈસા પ્રાપ્ત કરવા પ્રેરાઈએ છીએ, આ એક ભયંકર ગેરસમજ છે.

પુણ્યનું ફળ હંમેશાં સુખ જ હોય અને પાપનું ફળ હંમેશાં દુઃખ જ હોય છે. તેમ છતાં જે માણસ પાપ કરતો હોવા છતાં સુખ ભોગવતો દેખાય તે સુખ તેના હાલના પાપકર્મોનું ફળ નથી, પરંતુ તેણે પૂર્વે કરેલાં પુણ્યકર્મો જે સંચિતમાં જમા પડ્યા હતાં તે પાકીને પ્રારબ્ધરૂપે તેને સુખ આપતાં હોય છે અને હાલના પાપકર્મોને ત્યાં સુધી વિલંબ કરવો પડે છે. પરંતુ જ્યારે તેના પૂર્વના પુણ્યકર્મોનું બનેલું પ્રારબ્ધ વપરાઈ જશે કે તુરત જ તેના પાપકર્મોનું પાકેલું ફળ દુઃખ પ્રારબ્ધરૂપે સામું આવીને તેનું દુઃખ ભોગવશે. જ્યાં સુધી પૂર્વે કરેલી પુણ્યઈ તપે છે ત્યાં સુધી કેટલીક વખત હાલમાં કરાતાં પાપકર્મો હુમલો કરતા નથી.

જ્યારે હાલમાં ન્યાયનીતિથી ચાલનારો માણસ કદાચ દુઃખી થતો દેખાતો હશે. પરંતુ તેનું હાલનું દુઃખ, તેણે પૂર્વે કરેલાં પાપકર્મો સંચિત કર્મોમાં જમા થયેલા તે પાકીને પ્રારબ્ધરૂપે સામે આવીને ઊભેલાં છે, તેથી તે દુઃખી છે. હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધરૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલે તેણે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને ન્યાયનીતિ છોડીને અધર્મનું-અનીતિનું આચરણ ન જ કરવું.

ગામડામાં અનાજ ભરવાની મોટી મોટી કોઠીઓ હોય છે. તેમાં ઉપરથી અનાજ નાંખવામાં આવે છે અને કોઠીની નીચે એક બાકોરું હોય છે. તેમાંથી જોઈતું અનાજ કાઢવામાં આવે છે. તમારી કોઠીમાં ઘઉં ભરેલ છે અને મારી કોઠીમાં કોદરા ભરેલા છે. હવે હાલમાં તમો તમારી કોઠીમાં ઉપરથી કોદરા નાખતા હો તોપણ કોઠીમાં નીચેના બાકોરામાંથી ઘઉં જ નીકળે અને હું હાલમાં મારી કોઠીમાં ઉપરથી ઘઉં નાંખતો હોઉં તોપણ જ્યાં સુધી મારી કોઠીના કોદરા પૂરેપૂરા ખલાસ ના થાય ત્યાં સુધી તે કોઠીના નીચેના બાકોરામાંથી કોદરા જ નીકળે. પરંતુ મારે અકળાવાની જરૂર નથી. જ્યારે તમારી કોઠીમાં ઘઉં પૂરા થઈ જશે એટલે પછી તમારે કોદરા ખાવાનો વખત આવવાનો જ છે, તે ચોક્કસ છે અને મારી કોઠીમાં પડેલાં સંચિત થયેલા કોદરા ખલાસ થઈ જશે, એટલે મેં હાલમાં નાંખેલા ઘઉં ખાતો હોઈશ. પરંતુ તે માટે મારે થોડી ધીરજ અને ઈશ્વર પર શ્રદ્ધા અને કર્મના કાયદામાં વિશ્વાસ રાખવો જોઈએ.

* * *

'કર્મનો સિદ્ધાંત'માંથી ઉદ્ધૃત

*હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધરૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલે તેણે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને ન્યાયનીતિ છોડીને અધર્મનું-અનીતિનું આચરણ ન જ કરવું.*

પ્રબુદ્ધ જીવન

પર્યુષણ વિશેષાંક | કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન | ઑગસ્ટ ૨૦૧૪

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | કર્મસમજ સુખની ચાવી | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | આ વિશિષ્ટ અંકની દ્વય વિદુષી સંપાદિકાઓ | ડૉ. ધનવંત શાહ | ૦૭ |
| ૩ | અમારી સંપાદન યાત્રા | ડૉ. પાર્વતીબેન ખીરાણી<br>ડૉ. રતનબેન છાડવા | ૦૮ |
| ૪ | જૈન દર્શન અને કર્મવાદ–પૂર્વભૂમિકા | સંપાદિકાઓ | ૦૯ |
| ૫ | કર્મયાત્રા | ,, | ૧૦ |
| ૬ | કર્મસ્ત્રોત | ,, | ૧૩ |
| ૭ | કર્મબંધની પ્રક્રિયા | ,, | ૧૭ |
| ૮ | આઠ કર્મની ઉત્તરપ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર | ,, | ૧૯ |
| ૯ | કર્મનું નેટવર્ક | ,, | ૨૦ |
| ૧૦ | કર્મની કથની | ,, | ૨૫ |
| ૧૧ | જૈન સાહિત્યમાં કર્મવાદ | ,, | ૩૩ |
| ૧૨ | કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય | ,, | ૩૮ |
| ૧૩ | અન્ય દર્શનોમાં કર્મવાદ | ,, | ૪૧ |
| ૧૪ | ઉપસંહાર - સંદર્ભ સૂચિ | ,, | ૩૨ |
| ૧૫ | પારિભાષિક - શબ્દો | ,, | ૪૪ |
| ૧૬ | વિલક્ષણ બૅન્ક કર્મ | પૂ. અભયશેખરસૂરિ | ૪૬ |
| ૧૭ | આગમમાં કર્મનું સ્વરૂપ | ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી | ૪૮ |
| ૧૮ | ગુણસ્થાનક અને કર્મ | ડૉ. કેતકી યોગેશ શાહ | ૫૫ |
| ૧૯ | ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન | ડૉ. અભયભાઈ દોશી | ૬૦ |
| ૨૦ | જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ | ડૉ. રશ્મિબેન ભેદા | ૬૪ |
| ૨૧ | કર્મફળનું વિશ્વવ્યાપી સ્વયં સંચાલિત ન્યાયતંત્ર | ગુણવંત બરવાળિયા | ૬૭ |
| ૨૨ | કર્મ નિર્જરાનો હેતુ પરિષહ | પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી | ૭૧ |
| ૨૩ | જૈનધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ | ડૉ. મધુબેન જી. બરવાળિયા | ૭૬ |
| ૨૪ | કર્મવાદ અને વિજ્ઞાન | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૮૨ |
| ૨૫ | કર્મ વિષેની સજ્ઝાય | પ.પૂ.આ.શ્રી વાત્સલ્યદીપ સૂરિશ્વરજી મહારાજ | ૮૭ |


### આ અંકનું મુખપૃષ્ઠ

**આઠ કર્મોનું ઉપમા સહિત વર્ણન તેમજ વૃક્ષ દ્વારા ૧૫૮ ઉત્તર પ્રકૃતિનું વર્ણન**

**સૌજન્ય : કર્મ વિપાક (પ્રથમ કર્મગ્રંથ) રમ્યરેણુ**

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૬ | કોણ ચડે આત્મા કે કર્મ | પૂ. રાજહંસ વિજયજી મ.સા. | ૮૯ |
| ૨૭ | સમુદ્ઘાત કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા | સંપાદિકાઓ | ૯૧ |
| ૨૮ | કર્મવાદ અને મોક્ષ | ચંદ્રહાસ ત્રિવેદી | ૯૩ |
| ૨૯ | કર્મયોગનું વિજ્ઞાન | ભાણદેવજી | ૯૬ |
| ૩૦ | કર્મયોગનું અર્થઘટન-શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંદર્ભે | ડૉ. નિરંજન એમ. પંડ્યા | ૧૦૧ |
| ૩૧ | અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધ દર્શનમાં કર્મસિદ્ધાંત | ડૉ. કલા શાહ | ૧૦૫ |
| ૩૨ | ન્યાય દર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ | ડૉ. નરેશ વેદ | ૧૦૯ |
| ૩૩ | ઉપનિષદમાં કર્મવિચાર | ડૉ. નરેશ વેદ | ૧૧૨ |
| ૩૪ | સાંખ્ય યોગદર્શન-કર્મવાદ | ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૧૧૪ |
| ૩૫ | હિંદુ પૂર્વમીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ | ડૉ. હંસાબેન એસ. શાહ | ૧૧૬ |
| ૩૬ | ઈસ્લામ અને કર્મવાદ | ડૉ. મહેબૂબ દેસાઈ | ૧૨૦ |
| ૩૭ | ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાન્ત | ડૉ. થોમસ પરમાર | ૧૨૨ |
| ૩૮ | શીખધર્મ અને કર્મવાદ | વર્ષા શાહ | ૧૨૪ |
| ૩૯ | જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો અને કર્મવાદ | શ્રી બરજોર એચ. આંટીઆ | ૧૨૭ |
| ૪૦ | કર્મસિદ્ધાંત - જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ | છાયાબેન શાહ | ૧૨૯ |
| ૪૧. | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૧૩૧ |
| ૪૨ | તથાગત બુદ્ધ અને માણવક વચ્ચેનો સંવાદ | સંપાદિકાઓ | ૧૩૪ |
| **ENGLISH SECTION** | | | |
| 43 | Thus He Was Thus He Spake : The Karma | Reshma Jain | 135 |
| 44 | Karmavads : The Jain Doctrine of Karma | Dr. Kokila Hemchand Shah | 137 |


## વિવેક અને અવિવેકના કારણે કર્મમુક્તિ અને બંધ

जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा। जे अणासवा ते परिस्सवा, जे अपरिस्सवा ते अणासवा।

श्री आचारांग सूत्र, अध्ययना-४ उद्देशा-२.

**ભાવાર્થ :**

(૧) જે આશ્રવોનું સ્થાન છે, તે જ ક્યારેક પરિસ્રવ–કર્મનિર્જરાનું સ્થાન બની જાય છે. (૨) જે પરિસ્રવનું સ્થાન છે તે ક્યારેક આસ્રવ બની જાય છે. (૩) જે અનાસ્રવ–વ્રતવિશેષ છે, તે પણ ક્યારેક પ્રમાદના કારણે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન ન બને. અને (૪) જે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન નથી તે પણ ક્યારેક પરિણામોની વિચિત્રતાથી અનાસ્રવ–કર્મબંધના કારણ બનતાં નથી.

**વિવેચન :**

આ સૂત્રમાં કર્મબંધ અને કર્મનિર્જરાના વિષયમાં અલગ અલગ ચાર વિકલ્પોનું સ્પષ્ટીકરણ કર્યું છે. બંધ અને નિર્જરાનો મુખ્ય આધાર અધ્યવસાય છે. બાહ્ય કારણો ગૌણ છે. વ્યક્તિની સાવધાની, વિવેકબુદ્ધિ જાગૃત હોય તો તે સફળતા મેળવી શકે છે, અથવા અવિવેકના કારણે અસફળતા. તે આ વાત અહીં કરી છે.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) ● અંક : ૫ ● ઓગસ્ટ ૨૦૧૪ ● વિક્રમ સંવત ૨૦૭૦ ● વીર સંવત ૨૫૪૦ ● શ્રાવણ વદિ તિથિ-૬ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

**પર્યુષણ પર્વ વિશેષાંક** કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશેષાંકની માનદ સંપાદિકાઓ :

ડૉ. પાર્વતીબેન ખીરાણી – ડૉ. રતનબેન છાડવા

## કર્મસમજ

## સુખની ચાવી

**તંત્રી સ્થાનેથી...**

લગભગ છ-સાત વરસ પહેલાં કચ્છમાં જૈન જ્ઞાનસત્રમાંથી પાછા ફરતાં કચ્છ નાની ખાખરમાં બિરાજમાન 'સમણસુત્તં' ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ કરનાર મહોપાધ્યાય પૂ. ભૂવનચંદ્રજી. મ.સા.ના દર્શને જવાનો ભાવ થયો. અમે ત્યાં ગયા, અને પૂજ્યશ્રી સાથે થોડી તત્ત્વ ચર્ચા થઈ. મારો પ્રશ્ન હતો કે આ કર્મવાદ અંતે તો નિયતિને જ શરણે છે. ગીતામાં પણ કૃષ્ણે કહ્યું છે કે કર્મ કર ફળની આશા ન રાખ. એમાં પણ પરિણામ માટે ગર્ભિત ધ્વનિ નિયતિનો જ દેખાય છે. થોડા સમય પહેલાં પૂ. સંત અમિતાભજીકૃત 'નિયતિ કી અમીટ રેખાએં'ને કેન્દ્રમાં રાખીને મેં નિયતિ વિશે 'પ્રબુદ્ધ જીવન'માં લેખ લખ્યો હતો, પૂજ્યશ્રી સાથેની અમારી એ ચર્ચામાં એનું અનુસંધાન હતું. મારા આ વિચાર સાથે પૂજ્યશ્રી સંમત ન હતા, અમારી વચ્ચે ખૂબ તાત્ત્વિક ચર્ચા થઈ.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

પુણ્ય સ્મૃતિ

**પ.પૂ.પંન્યાસ ભદ્રંકર વિજયજી મ. સા.**

મારો બીજો પ્રશ્ન એ હતો કે આ કર્મવાદ જેવું કાંઈ જ નથી. બૌદ્ધિકોએ ઉપજાવી કાઢેલો તર્ક છે જેથી સામાજિક નિયમો વ્યવસ્થિત રહે. આ કર્મવાદના વિચારને કારણે, એના 'ભય'ને કારણે કોઈ વ્યક્તિ સમાજને હાનિ થાય એવા ખોટા કામ ન કરે. ઉપરાંત જે ઘટનાનો તાર્કિક જવાબ નથી, એ ઘટના, એના કારણો અને એના પરિણામને આ સંત બૌદ્ધિકો પૂર્વ અને પુનઃ જન્મના ખાનામાં નાખી દે છે.

ઘણાં બૌદ્ધિકો પ્રશ્ન પૂછે છે કે કેટલીક વ્યક્તિઓએ જીવનમાં કાંઈ જ ખોટું ન કર્યું હોય, સંત જેવું જીવનમાં જીવ્યા હોય, છતાંય દુઃખમાં હોય, નાનું બાળક કે જેણે કોઈ જ અઘટિત પાપ કર્મ ન કર્યું હોય છતાં જીવલેણ રોગમાં સપડાઈ જાય છે, ઘણાં સંત મહાત્મા જે સર્વ માટે પૂજનીય અને જીવન આદર્શ હોય, એમને

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**જ્ઞાન પિપાસુ વાચકને મારી વિનંતિ છે કે આ અંકને સ્વસ્થતાપૂર્વક અને ધીરજથી વાંચે. અહીં કર્મ વિશેના ઘણાં ગ્રંથોનો 'અર્ક' છે જે આપણા સૌના આત્માને મઘમઘાવવા સમર્થ છે.**

શા માટે જીવલેણ રોગો અને કષ્ટ? ઈશુને કેમ વધ સ્તંભ? સોક્રેટીસને અને મીરાંને કેમ ઝેરનો કટોરો અને ગાંધીને કેમ ગોળી?

ઉપરાંત જો પ્રત્યેક કર્મનો એવા જ કર્મથી ઉત્તર અને પરિણામ હોય, તો આત્માને પહેલું 'બીજ' કર્મ કોણે કરાવ્યું?

આવી બધી વિશદ ચર્ચા પૂજ્યશ્રી સાથે થઈ, પરંતુ સંતોષ એક જ શરતે થયો કે કર્મવાદમાં માનવું હોય તો પ્રથમ શરત એ કે આત્માના અસ્તિત્વમાં માનવું. જો આ માન્યતા સ્થિર થાય તો બધા જ પ્રશ્નોના સરળતાથી ઉત્તર મળી જાય.

આત્મા દૃશ્યમાન નથી, હવા અને અગ્નિનું આવવું જવું, એવું ઘણું દૃશ્યમાન નથી, છતાં એનું અસ્તિત્વ છે એવો અહેસાસ તો દરેકને થાય છે, પ્રત્યેક શરીરમાં કાંઈ તો 'એવું' છે કે જે ચાલ્યા જવાથી 'જડ' પડી રહે છે. જેને અગ્નિ અથવા ધરતીને સમર્પિત કરી દેવાય છે. એટલે આત્માના અસ્તિત્વને માનવું જ પડે.

કર્મ વિજ્ઞાન વિશે જાણવાની મારી જિજ્ઞાસા વધતી ગઈ.

વાચન યાત્રાનો પ્રારંભ કર્યો, ગણધરવાદ વાંચ્યો અને કર્મવાદ ઉપર જેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી 'કર્મતણી ગતિ ન્યારી' ભાગ ૧-૨, પૃષ્ટ-૬૦૦, બે ગ્રંથો લખ્યા છે એવા પ. પૂ. પંન્યાસ ડૉ. અરુણ વિજયજી મ. સા.ના એ ગ્રંથો વાંચ્યા, અન્ય વિદ્વાન મિત્રો સાથે ચર્ચા કરી અને સમાધાનો પ્રાપ્ત થયા.

અન્ય ધર્મો આ કર્મવાદ વિશે શું કહે છે એનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો અને એટલું તો ફલિત થયું કે જૈન ધર્મે કર્મવાદ ઉપર જે સૂક્ષ્માતિસૂક્ષ્મ વિશ્લેષણ-પૃથ્થકરણ કર્યું છે એવું જગતના કોઈ ધર્મે નથી કર્યું. જીવ-આત્મા, નિગોદ, કર્મ બંધન, કર્મવર્ગણા, આશ્રવ, સંવર, કર્મ નિર્જરા, કર્મ ક્ષયનો ઉપાય, કર્મક્ષય અને પરિણામે કર્મશૂન્યથી મોક્ષ.

આ પ્રશ્નો અને સમાધાન 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો સુધી પહોંચાડવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ ભગીરથ કાર્ય કેમ પાર પાડવું?

સંકલ્પ કરાય તો સંજોગો સામે આવીને ઊભા રહે; આ અનુભવ થયો. અને એ વિગત મેં આ સાથેના સંપાદિકાના પરિચય લેખમાં તેમજ વિદુષી સંપાદિકાઓએ આ અંક માટે જે સંપાદન યાત્રા કરી એ લેખોમાં વર્ણવી છે. જિજ્ઞાસુ વાચક મિત્રોને એ બે પાના વાંચવા ખાસ વિનંતિ છે.

એક વખત આ કર્મની યાત્રા સમજાય જાય, પછી પ્રત્યેક દુઃખમાં કારણો સાથે દુઃખની સમજુતી મળે અને સુખમાં અહંના વિગલનની સમજ. એટલે જ જૈન ધર્મના આ કર્મ સિદ્ધાંતો એટલે બધાં દુઃખો અને સુખોના તાળાની ચાવી.

અત્યાર સુધી લગભગ બારેક વિશેષ અંકો 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોને અમે સમર્પિત કર્યા છે, અને આનંદ-ગૌરવ છે કે કદરદાન વાચકોની એ પ્રસંશા પામ્યા છે.

આ વધુ એક વિશિષ્ટ કર્મવાદ અંક પ્રબુદ્ધ વાચકોના કરકમળમાં સમર્પિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

વિદુષી સંપાદિકાઓએ આ ગ્રંથ જેવો અંક ખૂબ જ પરિશ્રમથી તૈયાર કર્યો છે. જૈન તેમજ અન્ય ધર્મમાં કર્મવાદ વિશે તજજ્ઞો પાસેથી અભ્યાસપૂર્ણ લેખો નિમંત્રિત કરી અહીં પ્રસ્તુત કરી આ ગ્રંથ-અંકને વિશાળતા અર્પી છે. આ અંક વાંચ્યા પછી આ દ્વય વિદુષી સંપાદિકાને અભિનંદન આપવા આપ થનગનશો એવી મને ખાત્રી છે.

જ્ઞાન પિપાસુ વાચકને મારી વિનંતિ છે કે આ અંકને સ્વસ્થતાપૂર્વક અને ધીરજથી વાંચે. અહીં કર્મ વિશેના ઘણાં ગ્રંથોનો 'અર્ક' છે જે આપણા સૌના આત્માને મઘમઘાવવા સમર્થ છે. અહીં કર્મના એક તાળાની ઘણી ચાવીઓ છે.

દુઃખના નિમિત્તને દોષ ન દઈએ અને સુખના કારણોની સમજ શોધીએ તો કર્મનિર્જરા છે અને પુણ્યકર્મની પ્રાપ્તિ પણ છે.

કર્મસમજ, કર્મનિર્જરા અને કર્મક્ષયથી મોક્ષ પ્રાપ્તિની ઊર્ધ્વગામી યાત્રાના સોપાનો અહીં પ્રસ્તુત છે.

વાચકને પ્રત્યેક પળે શુભકર્મના ભાવ જાગે અને પ્રત્યેક પળ કર્મ નિર્જરાની બની રહે એ જ અભ્યર્થના.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

• પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
• આ વર્ષે સંઘે **વિશ્વમંગલમ્ - અનેરાને** આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
• સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૯ સંસ્થાઓને આજ સુધી આશરે રૂા. ૪.૭૫ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
• દાન આપનારને આવકવેરાની કલમ 80 જી અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.
આપ દાનની રકમ બેન્ક ઑફ ઈન્ડિયાની કોઈ પણ શાખામાં સંસ્થાના કરન્ટ ઍકાઉન્ટ નંબર ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦, પ્રાર્થના સમાજ બ્રાન્ચ મુંબઈ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે ભરી શકો છો. રૂપિયા ભરીને બેન્કની સ્લીપ અમને મોકલશો તો તરત જ આપને સંસ્થાની રસીદ મોકલી આપીશું.

• **૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–**(U.S. $ 20) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–**(U.S. $ 50) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–**(U.S. $ 80)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–**(U.S. $180)

# આ વિશિષ્ટ અંકની દ્વય વિદુષી સંપાદિકા

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી અને ડૉ. રતનબેન ખીમજી છાડવા

પ્રતિ બે વરસે જૈન સાહિત્ય સમારોહનું વિવિધ સ્થળે આયોજન થાય છે. આ સમારોહમાં નિયમિત બે યુગલોની ઉપસ્થિતિ હોય જ. આ યુગલો વિશે જાણવાનું મારું કુતૂહલ વધતું જ ગયું. ડૉ. કલાબહેને માહિતી આપી કે આ યુગલમાંની બે બહેનોએ એમના માર્ગદર્શન દ્વારા પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે, અને સંબંધમાં બન્ને નણંદ-ભોજાઈ છે. પાર્વતીબહેને 'જીવ વિચાર રાસ' ઉપર અને રતનબહેને 'વ્રત વિચાર રાસ' ઉપર શોધપ્રબંધ લખ્યો છે અને પ્રશંસા પામ્યો છે. એમની સાથે છે એ આ બે બહેનોના પ્રોત્સાહક પતિદેવો શ્રી નેણશીભાઈ ખીરાણી અને શ્રી ખીમજીભાઈ છાડવા, જે કચ્છ વાગડ પ્રદેશના છે.

કચ્છીજન એટલે માત્ર પૈસા કમાનાર વેપારી જ એવી છાપ તો મારા મનમાંથી ક્યારની ભૂંસાઈ ગઈ હતી પણ આ માડુ આટલા વિદ્યાવ્યાસંગી પણ છે એ જાણીને મને વિશેષ આનંદ થયો અને આ યુગલ વિશે મારા મનમાં એક વિશિષ્ટ ભાવ સ્થાપિત થયો.

એક વખત કચ્છમાં જૈન જ્ઞાનસત્ર યોજાયું ત્યારે અમે કચ્છથી પાછા ફરતા એક જ કંપાર્ટમેન્ટમાં સાથે હતા. મેં પાર્વતીબેનને પૂછ્યું, 'બેન હમણાં શું વાંચો છો?'

તેમણે કહ્યું, 'ચીંચપોકલીમાં જૈનોલોજીના વિદ્યાર્થીઓને 'કર્મગ્રંથ' ભણાવું છું.' ત્યાર પછી શ્રી નેણશીભાઈના નિધન પછી તેમને મળવાનું થયું ત્યારે તેઓ સ્વસ્થ હતા. અને મને એમની સ્વસ્થતાનો તાળો મળી ગયો. અને ઘણા સમયથી મારા મનમાં આ 'કર્મ' શબ્દે કબજો લઈ લીધો હતો તે મારા મનમાં દૃઢ થઈ ગયો.

આ બન્ને બહેનો ગૃહિણી શ્રાવિકા. જીવનની બધી જ જવાબદારીનું વહન કરતા કરતા વિદ્યાભ્યાસની કેડી આ દ્વય મહિલાએ પકડી અને અન્ય શ્રાવિકા જગતને પ્રેરણા આપે એવી વિદુષી કક્ષાએ એ પહોંચ્યા.

આ બે બહેનોનો થોડો વિગતે પરિચય કરાવું. સંબંધના વ્યવહારમાં પહેલાં નણંદને પહેલું સ્થાન અપાય, એટલે પ્રથમ પાર્વતીબહેનનો પરિચય આપું.

**પાર્વતીબહેન ખીરાણી:**

પિતા મણશી ભીમસી છાડવા અને માતા મણિબેન. જન્મ સ્થળ સામખીઆરી-કચ્છ વાગડ.

શ્રી નેણશી વિજપાર ખીરાણી સાથે લગ્ન. જેઓ 'વાગડ સંદેશ'ના તંત્રી અને પાર્વતીબહેનની સાહિત્ય અને ધર્મની કારકીર્દિમાં જીવનભર પ્રોત્સાહક. લગ્ન પછી એસ. એસ. સી. પછીના અભ્યાસનો પ્રારંભ. હિંદીમાં કોવિદની ઉપાધિ સુધી અભ્યાસ કરી તે છેક સંસ્કૃત સાથે એમ. એ. અને પીએચ. ડી.ની ઉપાધિ સુધી.

પિયર અને સાસરિયામાં જૈન ધર્મના સંસ્કાર એટલે ધર્મ-સાહિત્ય તરફ રુચિ, પરિણામે 'તિલોકરત્ન' જૈન ધાર્મિક પરીક્ષા બોર્ડની પરીક્ષાઓ આપી 'જૈન સિદ્ધાંત વિશારદ', 'પ્રભાકર', 'શાસ્ત્રી', 'આચાર્ય'ની પદવિઓ પ્રાપ્ત કરી અને જૈનધર્મની શિક્ષણ સંસ્થાઓમાં સૂત્રધાર સ્થાને, છેલ્લા ૩૫ વર્ષથી માટુંગાની સંસ્થામાં ધાર્મિક શિક્ષિકા, ઉપરાંત પૂ. સાધુ-સાધ્વીજીને પણ અધ્યયન કરાવે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવાની વિદ્યામાં પારંગત.

**રતનબહેન છાડવા :**

પિતા શામજી જીવણ ગડા અને માતા પૂનમબેન. જન્મ સ્થળ વામકા-કચ્છ વાગડ. શ્રી ખીમજી મણશી છાડવા સાથે લગ્ન. ખીમજીભાઈનું શિક્ષણ એમ. એસસી. સુધી.

આ ગૃહિણી શ્રાવિકાએ સંસારી જવાબદારી પૂરી કરી, ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ કર્યો. જૈન વિશ્વ ભારતી, લાડનૂમાંથી બી. એ., એમ.એ. અને મુંબઈની એસ.એન.ડી.ટી. વિશ્વ વિદ્યાલયમાંથી સંસ્કૃત સાથે એમ.એ. અને પછી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી.

રતનબહેને પણ 'તિલોકરત્ન' જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષાઓ આપીને 'વિશારદ'વગેરે ઉપાધિઓ પ્રાપ્ત કરી તેમ જ મહાસંઘની ધાર્મિક શ્રેણીની પરીક્ષાઓ આપી. કચ્છ અને દેવલાલીમાં જૈન જ્ઞાન-સત્રનું આયોજન કર્યું. શ્રી જીવદયા મંડળીના મુખપત્રના માનદ તંત્રી. પ્રાચીન હસ્તપત્રો ઉકેલવાની વિદ્યામાં પારંગત. સમગ્ર સાહિત્ય અને ધાર્મિક વિદ્યા માટે પતિ ખીમજીભાઈ પૂરેપૂરા પ્રોત્સાહક અને પ્રવૃત્તિમય.

**બન્ને વિદુષી બહેનો** ચિંતનાત્મક લેખોની લેખિકા અને પ્રભાવક વક્તા. કર્મવાદ જેવા ગહન વિષયના વિશિષ્ટ અંકની જવાબદારી વહન કરવા માટે દ્વય વિદુષી બહેનો પૂરેપૂરી સક્ષમ છે એવી સાબિતી એટલે આ દળદાર અંક-ગ્રંથ.

અમારી એ મુસાફરી મુલાકાત પછી 'કર્મ' વિષયે મારા ઉપર વિશેષ કબજો કરી લીધો, અને ચાર વરસથી આ વિષય ઉપર વિશિષ્ટ અંકની ભાવના મનમાં સેવી. બીજ ધીરે ધીરે અંકૂર બનતું ગયું અને મોહનખેડામાં ૨૨મો જૈન સાહિત્ય સમારોહ યોજાયો ત્યારે અચાનક નિમિત્ત મળ્યું અને મારા મનના તાંતણાને રતનબેને પકડી લીધો, જેની વાત-વાર્તા આ બહેનોએ એમના આ અંકમાં પ્રસ્તુત 'અમારી સંપાદન યાત્રા' લેખમાં કરી છે. વાચકશ્રીને એ વાંચવા ખાસ વિનંતી.

આ ગ્રંથને જ્ઞાન સમૃદ્ધ કરવા આ દ્વય વિદુષી બહેનોએ અતિ પરિશ્રમ કર્યો છે. આ પરિશ્રમમાં શ્રી ખીમજીભાઈ સતત પ્રોત્સાહક રહ્યા છે એ પણ મેં અનુભવ્યું છે.

આ સર્વેનો આભાર માની એમના આ શુભ કર્મના પુણ્યને મારા પક્ષમાં મારે નથી લઈ લેવું.આ શુભ કર્મ સર્વે વાચકશ્રીને અનેકાધિક રીતે ફળો, શુભ કર્મ પામો એવી અભ્યર્થના અને પ્રાર્થના.

આ વિશિષ્ટ અંકને અમારા શ્રી જવાહરભાઈએ શણગાર્યો છે, પૂ. પુષ્પાબેને મુદ્રણદોષો વિણ્યા છે, આ દ્વયનો આભાર કઈ રીતે માનું?

આ 'કર્મ' અંક વાંચનારને જીવનની પ્રત્યેક પળે સ્વસ્થતા પ્રાપ્ત થાવ એવી શુભ ભાવના.


વાચક પ્રત્યેક 'કર્મ' માટે સભાન રહે એવી ચેતના સર્વે પામો.

❑ **ધનવંત**

તા. ૩૧-૭-૨૦૧૪

કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ 卐 કર્મવાદ

# અમારી સંપાદન યાત્રા



ઈ. સ. ૨૦૧૪ની સાલ અને માર્ચ મહિનાની ૭, ૮, ૯ તારીખે મોહનખેડામાં મહાવીર જૈન વિદ્યાલયે રૂપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સૌજન્યસહ-૨૨મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કર્યું હતું. શ્રી ધનવંતભાઈ તથા અમે પૂર્વ તૈયારીરૂપે તારીખ પાંચના જ મોહનખેડા પહોંચી ગયાં હતાં. સમારોહનો ભવ્ય મંડપ ધર્મશાળાના પ્રાંગણમાં બંધાઈ ગયો હતો. ત્યારે લગભગ બપોરના ત્રણ વાગે વાતાવરણ એકદમ પલટાઈ ગયું. જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. સાથે સાથે વીજળીના કડાકા-ભડાકા સંભળાવા લાગ્યાં અને જોતજોતામાં મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. થોડી જ વારમાં બાંધેલો મંડપ હતો ન હતો થઈ ગયો. આ જોઈને અગમચેતી રૂપે શ્રી ધનવંતભાઈએ બીજા દિવસથી શરૂ થતા સમારોહની ગોઠવણ ઉપાશ્રયના હૉલમાં કરી લીધી. જોકે બીજે દિવસે પણ વરસાદી વાતાવરણ રહ્યું. રાતે અમે બધા સાથે ગપ્પા-ગોષ્ઠી કરતાં બેઠાં હતાં. વરસાદના લીધે આ ત્રિદિવસીય સમારોહનું આયોજન અટક્યા વગર સારી રીતે પાર પડે એવી સહુની ઈચ્છા હતી. પરંતુ બધું કર્માધીન જ બને છે, એમાં આપણે કશું કરી શકતા નથી. આવી અલક-મલકની વાતો કરતા હતા.

અચાનક શ્રી ધનવંતભાઈને વિચાર આવ્યો કે આપણે 'જૈનદર્શન અને અન્યદર્શનમાં કર્મવાદ' ઉપર 'પ્રબુદ્ધ જીવન'નો એક વિશેષાંક તૈયાર કરીએ તો કેમ? એમનો સંકેત અમારી તરફ હતો. વળી ડૉ. પાર્વતીબેન તો કર્મના ફિલોસોફર! બસ મોહનખેડાથી આવીને અમે તેમને મળવા ગયા. તેમની સાથે આ વિશેષાંક માટેની ચર્ચા કરી. તેમણે ઝીણામાં ઝીણી વિગતો સમજાવી, અમને ખૂબ સારી રીતે માર્ગદર્શન આપ્યું અને અમે તો દરિયો ખેડવા નીકળી પડ્યાં. અમારી નાવ ડગુ-મગુ થાય ત્યારે હલેસારૂપી બળ તેમણે પૂરું પાડ્યું. આમ આ કાર્યમાં અમે આગળ વધ્યા અને જૈનદર્શન અને અન્ય દર્શનમાં કર્મવાદ જેવા વિશેષાંકનું સંપાદન કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન કરવા સમર્થ બન્યા.

પ્રથમ તો અમારા ઉપર વિશ્વાસ રાખીને સંપાદનનું કાર્ય સોંપવા બદલ અમે શ્રી ધનવંતભાઈનો આભાર માનીએ છીએ. ત્યારબાદ ગોંડલ સંપ્રદાયના પ. પૂ. ધીરજમુનિ મ.સા., પ. પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય વિદ્વાન વક્તા પ. પૂ. મુનિ ભુવનહર્ષવિજયજી મ.સા. તથા રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પં. રાજહંસ વિજયજી મ.સા., કચ્છ આ. કો. મો. પક્ષના ઉપાધ્યાય પ. પૂ. વિનોદમુનિના શિષ્ય તત્ત્વવેત્તા પૂ. સુરેશમુનિ આદિ સાધુ ભગવંતોએ માર્ગદર્શન આપ્યું તે માટે તેમના ઋણી છીએ. આ ઉપરાંત જે પુસ્તકોનો આધાર લીધો છે, તેની સંદર્ભસૂચિ આપી છે. તે દરેકના લેખક, સંપાદક, પ્રકાશકનો આભાર માનીએ છીએ. આ અંકમાં અમારી વિનંતીને માન આપીને માહિતીસભર લેખ મોકલનાર દરેક વિદ્વાનોનો અહીંથી આભાર વ્યક્ત કરીએ છીએ. અમને આ કાર્યમાં શ્રી ખીમજી મણશી છાડવાએ સતત સહાય કરી છે

**કર્મ પ્રકૃતિ**

| નં. | કર્મનું નામ | ક્યા ગુણને રોકે ? | વિકૃતિ | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | અનંતજ્ઞાન | અજ્ઞાન, મુર્ખતા | આંખે પાટા બાંધ્યા જેવું |
| ૨. | દર્શનાવરણીય | અનંતદર્શન | અંધાપો, નિદ્રા | દ્વારપાળ જેવું |
| ૩. | વેદનીય | અવ્યાબાધ | સુખદુઃખ, | મધથી લેપાયેલ |
| | | | સુખશાતા-અશાતા | તલવારની ધાર જેવું |
| ૪ | મોહનીય | વીતરાગતા | મિથ્યાત્વ, રાગદ્વેષ | દારૂડિયા જેવુ |
| | | | કષાય, અવિરતિ | |
| ૫. | આયુષ્ય | અક્ષય સ્થિતિ | જન્મ-મૃત્યુ | બેડી જેવું. |
| ૬. | નામ | અરૂપીપણું | શરીર, ઈન્દ્રિય,વર્ણ | ચિત્રકાર જેવું |
| | | | ત્રસ-સ્થાવરપણું વિ. | |
| ૭. | ગોત્ર | અગુરુલઘુપણું | ઉચ્ચકુળ-નીચકુળ | કુંભાર જેવું |
| ૮. | અંતરાય | અનંતવીર્ય | કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા. | રાજાના ભંડારી જેવું |

**પાર્વતીબેન ખીરાણી**
**રતન બેન છાડવા**
**–સંપાદિકાઓ**

૨/૨૩, જેઠવા નિવાસ, ૪૪૮, ડૉ. આંબેડકર રોડ,માટુંગા (સે. રેલવે), કિંગસર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.મો. ૯૮૬૯૭૮૭૬૯૨.

એફ ૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨. મો. ૯૮૯૨૮૨૮૧૯૬.

# જૈન દર્શન અને કર્મવાદ

## પૂર્વભૂમિકા

**શું ઈશ્વર સુખદુઃખ આપે છે ?**

પ્રાયઃ પરંપરાથી લોકોક્તિ પ્રસિદ્ધ છે કે-'ઈશ્વરની મરજી વગર પાંદડું પણ હલતું નથી. અથવા તો ધાર્યું ધણી (ઈશ્વર)નું થાય. એનો અર્થ એ થયો કે જેટલી પણ ક્રિયા કરવામાં આવે છે તે ઈશ્વર જ કરાવે છે. અને તેનું ફળ ઈશ્વર જ આપે છે. એટલે આ બધામાં ઈશ્વરનો હાથ છે એમ માનવું પડે. ઈશ્વરથી પ્રેરિત જીવ ક્રિયા કરે છે અને તેના ફળ સ્વરૂપે સજા પણ ભોગવે છે. દા. ત. ઈશ્વર ચોર પાસેથી ચોરી કરાવે છે અને પછી ન્યાયાધીશ પાસેથી સજા પણ અપાવે છે. એમ માનીએ તો પ્રશ્ન થાય કે ઈશ્વર જ જો ચોરી કરાવે તો ચોર ચોરી કરવામાં સ્વતંત્ર નથી રહેતો તેથી તે નિર્દોષ ઠરે છે. તો શું ઈશ્વરને દોષિત માનવા ? વળી ઈશ્વરને તો સર્વ શક્તિમાન અને કૃપાસિંધુ, કરુણામય માનવામાં આવે છે. તો શા માટે કોઈને ચોરી, લૂંટ, ખૂન જેવી ક્રિયાઓ કરવાની પ્રેરણા આપે ? તો પછી ચોરને ચોરી કરવા પ્રેરિત કરનાર કોઈક બીજું જ તત્ત્વ હોવું જોઈએ ! એ તત્ત્વ કયું હશે ? શું એ બહુચર્ચિત તત્ત્વ કર્મ હશે ? તો ચાલો નીચેના ઉદાહરણથી જાણીએ.

એક સુખી સંપન્ન ઘરમાં જોડિયા પુત્રીઓનો જન્મ થાય છે. એક પુત્રી એકદમ રૂપાળી છે, તો બીજી કદરૂપી છે. ધીરે ધીરે બન્ને (પુત્રી) કન્યાઓ મોટી થાય છે. કદરૂપી કન્યા ભણવામાં તેજસ્વી છે. છતાં તેને માન-પાન મળતાં નથી. જ્યારે રૂપાળી કન્યાને મા-બાપ ભણવામાં 'ઢ' હોવા છતાં વધુ લાડ-પ્યાર કરે છે. આમ મા-બાપનો પ્યાર એકતરફી રહેતા કદરૂપી કન્યા મનોમન હતાશા અનુભવે છે. ધીરે ધીરે આ હતાશા આક્રોશનું રૂપ ધારણ કરે છે. કન્યા મોટી થાય છે અને એક દિવસ જઈ ચડે છે કોર્ટમાં, અને મા-બાપ સામે કેસ કરે છે. કેસનો મુદ્દો હતો કે મા-બાપે મને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું ? આ સાંભળી ન્યાયાધીશ પણ વિચારમાં પડી જાય છે. કાનૂની ભાષા કે કાયદા પ્રમાણે આ અપરાધ કોનો કહેવાય ? ન્યાયાધીશ કાયદાના થોથા ફરીથી ઉથલાવે છે પરંતુ ક્યાંય તેનો જવાબ મળતો નથી.

છેવટે આરોપી તરીકે મા-બાપને કોર્ટમાં બોલાવે છે. મા-બાપ કોર્ટમાં હાજર થાય છે. ન્યાયાધીશ મુકદ્દમો લડતા જાત જાતના પ્રશ્નો મા-બાપને પૂછે છે. આ કેસ સાચો છે ? શું તમે અપરાધી છો ? તમે તમારી પુત્રીને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું ? હવે તેની સાથે પરણશે કોણ ? તેણે જિંદગી શું આવી દુઃખમય જ પસાર કરવી ?

ત્યારે મા-બાપ બહુ જ શાંતિથી જવાબ આપે છે કે ન્યાયાધીશ સાહેબ ! આપણા ધર્મશાસ્ત્રોમાં તો કહ્યું છે કે આ તો બધું ઈશ્વરની (ઉપરવાળાની) મરજીથી જ થાય છે. એની મરજી વગર તો પાંદડું પણ હલતું નથી. તો પછી અમે ગુનેગાર કેવી રીતે ઠરીએ ? તમારે કેસ ચલાવવો હોય તો ઈશ્વર ઉપર કેસ કરો.

આ સાંભળી ન્યાયાધીશ પણ સ્તબ્ધ થઈ ગયા. હવે શું કરવું ? ઈશ્વરને કોર્ટમાં હાજર કેવી રીતે કરવા ? અને સજા કેવી રીતે કરવી ? આમ સાચો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયા. પરંતુ યુવતી તો મક્કમ હતી. તેણે ન્યાયાધીશને કહ્યું કે, મારો કેસ તો સાચો છે. પછી ભલે એ ઈશ્વરની સામે હોય. હવે તમારી ફરજ છે કે તમે એમના ઉપર સમન્સ કાઢીને હાજર કરો જેથી મારો મુકદ્દમો આગળ ચાલે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે, ઈશ્વરને હું હાજર કરી શકીશ નહિ અને તારો કેસ આગળ ચાલશે નહિ, માટે તું આ કેસ મૂકી દે. ત્યારે યુવતીએ જવાબ આપ્યો કે, તમે પણ સાવ નમાલા છો. મારે શું આખી જિંદગી આવી રીતે જ જીવવી ? મને પરણશે કોણ ? આ વિચાર શી રીતે પડતો મૂકાય ? શું આનું સમાધાન તમારી પાસે છે ? ત્યારે ન્યાયાધીશ બોલી ઊઠ્યાં કે હે ઈશ્વર ! હવે તો તમે જ આનો ન્યાય કરો. ત્યાં તો ચારેબાજુ અજવાળું અજવાળું પથરાઈ ગયું અને કોર્ટમાં સાક્ષાત્ ઈશ્વર હાજર થયા. અચંબામાં પડેલા ન્યાયાધીશે કોર્ટની કાર્યવાહી આગળ ચલાવતા ઈશ્વરને પ્રશ્ન કર્યો કે, શું તમે આ યુવતીને કદરૂપું શરીર આપ્યું છે તેની જવાબદારી સ્વીકારો છો ? ત્યારે ઈશ્વરે જવાબ આપ્યો કે, આ કદરૂપા શરીરની પ્રાપ્તિ તેને પૂર્વજન્મમાં બાંધેલ અશુભ નામકર્મને લીધે મળી છે. તેણે પૂર્વભવમાં મન-વચન-કાયયોગની વક્રતાને કારણે અશુભ નામકર્મનું બંધ કર્યું હતું. તેના ફળ સ્વરૂપે તેને આવું કદરૂપું શરીર મળ્યું છે. ત્યારે ઈશ્વરની આ દલીલ સાંભળીને ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે, હે યુવતી! આ ન્યાયે તો તું જ દોષિત છો. પૂર્વે કરેલાં કર્મ અનુસાર જ તેની સજા રૂપે તને આવું શરીર મળ્યું છે. આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે કે કર્મસત્તા જ બળવાન છે.

તો કર્મ શું છે ? તે કર્મ કેવી રીતે આવે છે ? આવ્યા પછી તે કર્મનો બંધ કેવી રીતે થાય છે ? વળી આ કર્મને આવતા કેવી રીતે અટકાવી શકાય ? અને પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય કેવી રીતે થાય ? જૈન પારિભાષિક શબ્દોમાં તેને આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા કહે છે. આ ચાર શબ્દરૂપ ચોકડીની રમત દ્વારા કર્મનું ગણિત આપણે આગળ જાણીએ.

***આશ્રવ = આત્મા પાસે કર્મનું આવવું.***
***બંધ = આત્મા અને કર્મનું એકમેક થઈ જવું.***
***સંવર = કર્મને આવતાં અટકાવવા.***
***નિર્જરા = આવેલાં કર્મોનો ક્ષય (ખાલી કરવા) કરવો.***

✶ ✶ ✶

# કર્મયાત્રા

**ગણધરવાદ અને કર્મવાદ**

ભગવાન મહાવીરે અગ્નિભૂતિની 'કર્મ છે કે નહિ' આ શંકાનું સમાધાન કરતાં કર્મયાત્રાનું સ્વરૂપ ખૂબ જ સરળ, તર્કબધ્ધ અને સચોટ દૃષ્ટાંત સહિત સમજાવ્યું છે જે ગણધરવાદ તરીકે વિશેષાવશ્યક ભાષ્યમાં દૃષ્ટિ ગોચર થાય છે. ભગવાન મહાવીર અને ગણધર અગ્નિભૂતિ વચ્ચે થયેલો કર્મવિષયક સંવાદ જાણવા જેવો છે, જે નીચે પ્રમાણે છેઃ

**किं मन्ने अत्थि कम्मं उयाहु नत्थि त्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ।।१६१०।।**

–વિશેષાવશ્યક ભાષ્ય

અર્થાત્ : હે અગ્નિભૂતિ ! તું એમ માને છે કે 'કર્મ છે કે નહિ ?' આવો તને સંશય છે, તેનું કારણ એ છે કે તું તે વેદ પદોનો અર્થ બરાબર જાણતો નથી. એટલે કે પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા વેદના પદોને કારણે તારી મતિ મૂંઝાઈ ગઈ છે.

અગ્નિભૂતિ : તો પછી એનું સમાધાન શું છે ? એનું અર્થઘટન કેવી રીતે કરશો ?

પ્રભુ મહાવીર : એ વેદના વાક્યો સાંભળ, અગ્નિભૂતિ !

**'पुरुष एवेदंमग्नि सर्व यद् भूतं यच्च भाव्यम्'।**

અર્થાત્ પ્રત્યક્ષ જણાતું ચેતન–અર્થાત્ આત્મા જ છે. પરંતુ વેદમાં બીજા પદો પણ છે જેમ કે,

**'पुण्यं पुण्येन कर्मणा, पापेन पापः कर्मणां।।'**

(૪-૪૫ બૃહદારણ્યક ઉપનિષદ)

અર્થાત્ પુણ્યકર્મથી જીવ પવિત્ર થાય છે અને પાપકર્મથી અપવિત્ર થાય છે. આમ આ બંને પરસ્પર વિરોધી વાક્યથી તને મૂંઝવણ થઈ છે કે એકમાં આત્માને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જ્યારે બીજામાં કર્મને. આથી તારા મનમાં શંકા ઊભી થઈ કે કર્મ છે કે નહિ ? પરંતુ બંને વાક્યો સાપેક્ષ છે. એકમાં આત્માની સ્તુતિ કરવામાં આવી છે તેથી આત્મા સિવાયની બીજી વસ્તુ જગતમાં છે જ નહિ એમ નથી માનવાનું કારણ કે સ્તુતિમાં અતિરેક હોઈ શકે છે. જ્યારે બીજું વાક્ય પુરુષાર્થની પ્રધાનતા બતાવે છે. લોકો ભાગ્ય પર બધી વાત છોડીને ધર્મપુરુષાર્થમાં પાછા ન પડે માટે આ વાક્ય કહેવામાં આવ્યું છે. એનાથી કર્મ નથી એવું સિદ્ધ થતું નથી.

અગ્નિભૂતિ : તો પછી આ કર્મ પ્રત્યક્ષ કેમ દેખાતા નથી ?

પ્રભુ મહાવીર : આ કર્મ પ્રત્યક્ષ ભલે ન દેખાતા હોય પણ એના વિપાકરૂપે સંસારમાં–

વિવિધતા : વિવિધ રૂચિવાળા જીવો–કોઈને મીઠાઈ ભાવે તો કોઈને ફરસાણ, કોઈને કાળો રંગ ગમે તો કોઈને સફેદ વગેરે રંગ ગમે છે.

વિષમતા : કોઈ અમીર છે, તો કોઈ ગરીબ, કોઈક ઠોઠ છે તો

## ચરાચર વિશ્વરૂપ આ સંસારનું સ્વરૂપ

**વિષમતા :** આ સંસારમાં ક્યાંય સમાનતા જોવા મળતી નથી. એકના જેવા ગુણધર્મો બીજામાં ન હોય તે વિષમતા. આવી વિષમતા સંસારમાં ડગલે ને પગલે જોવા મળે છે. જેમ કે માતા જેવી પુત્રી ન હોય અને પિતા જેવો પુત્ર ન હોય. એક માતાના ચાર સંતાનો પણ સરખા હોતા નથી. એક સુખી હોય તો એક દુઃખી. વળી તેમના વિચારો, ગુણધર્મો, સ્વભાવમાં પણ ભિન્નતા જોવા મળે છે.

**વિવિધતા :** એ જ પ્રમાણે સંસારમાં વિવિધતા પણ ઘણી છે. એક શ્રીમંત છે તો બીજો નિર્ધન, એક માલિક છે તો બીજો નોકર છે, એક ઉચ્ચ કુળમાં જન્મે છે તો બીજો નીચ કુળમાં જન્મ લે છે. એક સોનાના પારણે ઝુલે છે, તો બીજાને ફાટેલી ગોદડી પણ દુર્લભ છે. એકને ખાવા બત્રીસ પકવાન છે, તો બીજાના દ્વારે રાબના પણ ઠેકાણાં નથી. એકને પહેરવા હીર-ચીર છે તો બીજાને તન ઢાંકવા પૂરતા કપડા પણ નથી. એકને વગર શ્રમે બધું મળે છે જ્યારે બીજાને મહેનત કરવા છતાં મુશ્કેલથી થોડું ઘણું મળે છે. આમ વિષમતા અને વિવિધતાથી આ સંસાર દૃષ્ટિગોચર થાય છે.

**વિચિત્રતા :** આ સંસાર વિષમતા, વિવિધતાની સાથે ચિત્ર-વિચિત્ર પણ છે. સંસારમાં જે બનવાની શક્યતા કે સંભાવના વિચારી પણ ન શકાય તેવી ઘટનાઓ બને છે. તેનું નામ છે વિચિત્રતા. રોજ કેટલાય ચોરી કરીને પકડાઈ જાય છે, સજા પણ ભોગવે છે છતાં પણ નવા લોકો ચોરી, ખૂન કે બળાત્કાર જેવા પાપો છોડી શકતા નથી. દારૂ, સિગારેટ, બીડી, તમાકુને લીધે કેન્સર જેવા જીવલેણ રોગો થાય છે. કેટલાય મરણને શરણ થઈ જાય છે. છતાં આ વ્યસનો છોડી શકતા નથી. એક યુવાવયે મરણ પામે છે તો કોઈક મરવાને વાંકે રોગથી પીડાઈ પીડાઈને જીવે છે. આવા વિચિત્ર સંસારની વિચિત્રતાનો કોઈ પાર નથી. આવું ત્રિવિધરૂપે આ સંસારનું સ્વરૂપ જોવા મળે છે. તેનું ખરૂં કારણ એકમાત્ર કર્મ જ છે. દરેક જીવના કર્મ અનુસાર જ તેને વિવિધતા, વિષમતા અને વિચિત્રતા પ્રાપ્ત થાય છે.

કોઈ હોંશિયાર હોય છે.

વિચિત્રતા : નશાનું દૂષણ જાણે છતાં નશો કરવા પ્રેરાય, ચોરી કરવી ગુનો છે છતાં બીજા નવા લોકો ચોરી કરે. આ રીતે સંસારમાં વિવિધતા, વિષમતા, વિચિત્રતા દેખાય છે.

અગ્નિભૂતિ : તો પછી આવા ત્રિવિધ સંસારના કર્તા કોણ?

પ્રભુ માહવીર : ઈશ્વરને કર્તા માનવાની ભૂલ તો કરાય નહિ. ઈશ્વર નિરાકાર છે તો કર્મનો કર્તા કેમ મનાય? અને સાકાર માનીએ તો પણ આટલા બધા ભેદ-ભાવ, હિંસા-દુઃખાદિ શા માટે આપે? અને જો એમ માનીએ કે તેઓ પોતાની ઈચ્છાથી કાર્ય કરતા નથી, તો તો પછી તેઓ પરતંત્ર ગણાય. તો પછી જે શક્તિ એમની પાસેથી કાર્ય કરાવે તે ઈશ્વર ગણાશે. ઈશ્વરને કૃતકૃત્ય ગણીએ તો સંસારના કાર્યોમાં સંસારી જીવોની જેમ જ મોહજાળમાં ફસાઈને રહેવાવાળો સાધારણ પ્રાણી બની જશે. આમ અનેક દોષો આવી શકે માટે ઈશ્વર કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા રાગદ્વેષ કરવાવાળો સંસારી જીવ જ છે અર્થાત્ આપણે પોતે જ છીએ.

અગ્નિભૂતિ : આ કર્મની શરૂઆત ક્યારથી થઈ?

પ્રભુ મહાવીર : જીવ અને કર્મ બંને સંસારમાં અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે. એ બંનેનો સંયોગ સંબંધ અનાદિનો છે. જેમ સોનું માટીની સાથે મિશ્રિત જ ખાણમાંથી નીકળે છે એમ જીવ પણ અનાદિકાળથી નિગોદમાં–અવ્યવહાર રાશિમાં કર્મ સહિત જ હોય છે. ત્યાં પણ જીવ કે કર્મ ઉત્પન્ન નથી થતા. પણ અનાદિકાળથી એમ જ છે. જેનો પણ પરસ્પર કાર્યકારણભાવ સંબંધ હોય છે તેની પરંપરા હંમેશાં અનાદિની હોય છે. દા. ત. જેમ ઇંડુ અને મરઘી, બીજ અને વૃક્ષનો કાર્યકારણભાવ-જન્ય જનકભાવ સંબંધ પરસ્પર છે. આ બંનેમાં કોણ પહેલું એ નિર્ણય થઈ શકે નહિ માટે એને અનાદિ જ માનવા પડે.

અગ્નિભૂતિ : ત્યારે શંકા થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ જડ છે. તો શું જડ કર્મો ચેતન આત્મા પર ચોંટી શકે? શું જડ ચેતનને અસર કરી શકે?

પ્રભુ મહાવીર : ત્યારે એમની શંકાનું નિરાકરણ કરતાં સમજાવ્યું કે, કર્મ કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓથી બન્યા છે. જેમ માટીમાંથી ઘડો બને છે તેમ. તેથી કર્મ જડ છે. અજીવ તત્ત્વના પેટાભેદ પુદ્ગલ પરમાણુમાં તેની ગણતરી થાય છે. આ જડ અને ચેતન દ્રવ્યોનો સંસારમાં સંયોગ-વિયોગ થતો હોય છે. જડ એવા દારૂની અસર ચેતન એવા મનુષ્ય પર થાય છે તે સુવિદિત છે. દારૂ પીએ એટલે કેટલીક અસર થાય છે. જેમ કે બકવાસ કરે, ચાલવાનું, બોલવાનું ભાન ન રહે, વગેરે જોઈને જ આપણે કહી શકીએ છીએ કે આ માણસે દારૂ પીધો છે. આમ જડ જેવા દારૂની અસર પણ પીનાર ચેતન આત્મા ઉપર સ્પષ્ટ દેખાય છે. તે જ પ્રમાણે કર્મો જડ હોવા છતાં આત્મા પર ચોંટીને પોતાનો ભાગ ભજવે છે.

અગ્નિભૂતિ : પણ કર્મો તો અદૃષ્ટ છે? તો તેની સત્તા કેવી રીતે માનવી?

પ્રભુ મહાવીર : કર્મો તો અદૃષ્ટ છે છતાં કર્મની સત્તા માનવી જ પડે કારણ કે તે અત્યંત સૂક્ષ્મ પરમાણુરૂપે હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી તેમ જ કોઈ પણ ઈન્દ્રિયથી ગમ્ય નથી. પરંતુ જે જે અદૃષ્ટ છે તે દેખાય નહિ એટલે ન માનવા એવો નિયમ નથી. એવો નિયમ હોય તો આત્મા, મન, કાળ વગેરે પણ દેખાતાં નથી. તો શું તેને ન માનવા? તેના માનવા માટે અનુમાન આદિ ઘણાં પરોક્ષ કારણ છે. વળી મને (સર્વજ્ઞ પ્રભુ) તો એ પ્રત્યક્ષ જ છે. હું જોઈ શકું છું. કોઈને પ્રત્યક્ષ ન હોય ને કોઈને પ્રત્યક્ષ હોય એટલે અદૃષ્ટ નથી. રણમાં રહેતી વ્યક્તિને દરિયો પ્રત્યક્ષ ન હોય તેથી શું એમ માની લેવું કે દરિયો નથી. દરિયા કિનારે રહેવાવાળાને તો તે પ્રત્યક્ષ જ હોય છે. વળી જેનો પ્રત્યક્ષથી અનુભવ થાય, પ્રતીતિ થાય તે પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ પ્રત્યક્ષ પ્રમાણથી પણ કર્મની સિદ્ધિ થાય છે જેમ કે નાના મોટા દરેક જીવને સુખ-દુઃખનો અનુભવ તો થાય છે. સુખ-દુઃખ કાર્ય છે. કાર્ય હોય તો કારણ પણ અવશ્ય હોય. કારણ કે કારણ વિના કાર્ય સંભવે નહિ. જો સુખ–દુઃખનું કારણ ઈશ્વરને માનીએ તો આગળ કહ્યું તેમ કેટલાંક દોષો ઊભા થાય. માટે સુખ દુઃખનું કારણ કર્મને માનવું પડે.

અગ્નિભૂતિ : તો શું સંસારમાં વિચિત્રતા કરનાર કાળ, સ્વભાવ, નિયતિ આદિ કર્તા છે?

પ્રભુ મહાવીર : જો કે એમ માનવાથી પણ અનેક દોષો ઉત્પન્ન થાય છે. જેમ કે કાળ પણ જડ છે અને કાળ તો સર્વત્ર એક સરખો હોય તો પછી એક સુખી અને બીજો દુઃખી શા માટે હોય? જ્યોતિષ ચક્રના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રને પણ કારણ ન માની શકાય કારણ કે એક જ રાશિમાં જન્મેલો એક સુખી છે, તો બીજો દુઃખી. વળી સ્વભાવને કારણ ગણીએ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પુદ્ગલના સ્વભાવ છે તો પછી પુદ્ગલથી રચાયેલાં મોરના પીંછા અને ગુલાબની પાંખડીમાં વર્ણભેદ શા માટે? કમળ, જૂઈ આદિની સુગંધમાં ફરક શા માટે? કારેલું કડવું અને શેરડી મીઠી શા માટે? બધાનો સ્વભાવ એક સરખો કેમ નથી? કારણ કે આ બધામાં વિવિધતા જીવના કર્મના કારણે છે. એટલે સર્વદોષ રહિત પ્રબળ કારણ સિદ્ધ થતું હોય તો તે 'કર્મ' જ છે. શુભ-અશુભ કર્મોને કારણે જીવ સુખી-દુઃખી થાય છે. એટલે કાર્યરૂપી દેખાતાં સુખદુઃખના કારણરૂપે શુભાશુભ કર્મને માનવા પડે. એટલે જ્યાં જ્યાં સુખદુઃખ રૂપ કાર્ય હોય ત્યાં ત્યાં કર્મ રૂપ કારણ અવશ્ય હોય એમ અનુમાન પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. વળી સાક્ષાત્ કર્મની સત્તા પ્રતિપાદન કરનાર વેદ વાક્યો પણ છે જેમ કે,

'पुण्य पुण्येन कर्मणा, पाप: पापेन कर्मणा।'

'स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्'।

વેદમાં કહ્યું છે કે, અગ્નિહોત્રનું અનુષ્ઠાન કરવાથી આત્મામાં એક અપૂર્વકર્મ ઉત્પન્ન થાય છે જેથી જીવ સ્વર્ગમાં જાય છે.

હે અગ્નિભૂતિ! આ રીતે કર્મ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ (વેદ વાક્યો) પ્રમાણ કે જે તારા જ માન્ય પ્રમાણથી કર્મની સિદ્ધિ થાય છે.

અગ્નિભૂતિ : કર્મની સિદ્ધિ તો થઈ પણ કર્મ કેટલા પ્રકારે છે?

પ્રભુ મહાવીર : મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્ય કર્મ અને ભાવકર્મ. જીવ રાગ-દ્વેષાદિથી જે કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે, તે દ્રવ્ય કર્મ કહેવાય. અને તે દ્રવ્યકર્મથી જે આત્મિક પરિણામ ઉત્પન્ન થાય છે તે ભાવકર્મ કહેવાય. એટલે દ્રવ્યકર્મ પુદ્ગલ સ્વરૂપ છે અને ભાવકર્મ રાગ-દ્વેષરૂપ આત્મિક પરિણામ સ્વરૂપ છે. જેમ કરોળિયો પોતાની જ પ્રવૃત્તિથી પોતે જ બનાવેલી જાળમાં ફસાય છે. તેમ જીવ પણ પોતાની અજ્ઞાનતાના કારણે રાગ-દ્વેષરૂપ પરિણામથી પૌદ્ગલિક કર્મની જાળ બનાવી તેમાં ફસાય છે.

દ્રવ્યકર્મની જાળનું કારણ રાગદ્વેષાત્મક ભાવકર્મ છે અને ભાવકર્મનું કારણ દ્રવ્યકર્મ છે. જ્યારે બાંધેલું દ્રવ્યકર્મ જીવને સુખ-દુ:ખાદિના ફળનો અનુભવ કરાવે છે ત્યારે તેને શાસ્ત્રીય પરિભાષામાં 'કર્મોદય' કહેવાય છે. જીવને દ્રવ્યકર્મનો ઉદય થતાં જ રાગ-દ્વેષાત્મક પરિણામ ઉત્પન્ન થઈ જાય છે એટલે દ્રવ્ય કર્મોદયથી ભાવકર્મ ઉત્પન્ન થાય છે અને ભાવકર્મથી પાછા દ્રવ્યકર્મ બંધાય છે. આ રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરસ્પર કાર્યકારણ ભાવની પરંપરા અનાદિકાળથી ચાલુ છે.

અગ્નિભૂતિ ગૌતમ : હે સ્વામી! કર્મ મૂર્ત છે કે અમૂર્ત?

પ્રભુ મહાવીર : હે ગૌતમ! કર્મ મૂર્ત છે. મૂર્ત એટલે મૂર્તિમાન રૂપી હોવું. કાર્ય મૂર્તિમાન હોવાથી કારણ પણ મૂર્તિમાન હોય છે. જેમ ઘડો મૂર્તિમાન છે તો તેના પરમાણુઓ પણ મૂર્તિમાન હોય. ઘટની જેમ શરીર પણ મૂર્ત છે. તો તે શરીર કાર્ય છે, અને કાર્ય જ્યારે મૂર્ત છે તો તેના કારણ પણ મૂર્ત જ હોવા જોઈએ. અર્થાત્ શરીર રચનાના કારણ રૂપે કર્મ પણ મૂર્ત જ છે.

અગ્નિભૂતિ : ભાવકર્મ અરૂપી છે. (અમૂર્ત છે.) અને દ્રવ્યકર્મ રૂપી (મૂર્ત) છે. તો પછી બન્નેનો સંબંધ કેવી રીતે થાય?

પ્રભુ મહાવીર : હે અગ્નિભૂતિ! જેમ ઘડો મૂર્ત હોવા છતાં પણ તેનો અમૂર્ત આકાશની સાથે સંબંધ થાય છે. કેમકે જ્યાં ઘડો પડ્યો છે ત્યાં આકાશ પણ હોય છે. અથવા તો શરીર મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. પરંતુ સ્થૂળ શરીરમાં અત્યારે પણ આત્મા રહ્યો છે. તો અમૂર્ત એવા આત્માનો મૂર્ત શરીરની સાથે સંબંધ થયો કે નહિ. વળી સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત હોવાને કારણે કથંચિત રૂપી છે. આત્મા રાગદ્વેષના પરિણામો દ્વારા કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આ કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું નામ છે કાર્મણ શરીર. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે કર્મથી બનેલું આ સૂક્ષ્મ કાર્મણ શરીર એની સાથે ને સાથે જ રહે છે. એને કારણે આત્મા કથંચિત રૂપી છે. માટે રૂપી આત્મા પર રૂપીકર્મનો પ્રભાવ પડવાથી બન્નેનો સંબંધ થાય છે.

અગ્નિભૂતિ : કર્મનું ફળ કેવી રીતે ભોગવે છે?

પ્રભુ મહાવીર : જીવ માત્ર સંસારના વ્યવહારમાં ક્રિયા કરે છે. આ ક્રિયા કરવા માટે સંસારી જીવોને મન, વચન અને કાયા–આ ત્રણ સાધનો મળ્યા છે. એના દ્વારા કરાયેલી ક્રિયાનું ફળ તો જીવને ભોગવવું જ પડે છે. કારણ કે ભવાંતરમાં બાહ્ય સ્થૂળ શરીર સાથે જતું નથી. કર્મ સહિતનો આત્મા એકથી બીજા ભવમાં જાય છે ત્યારે પોતાની ગતિ-જાતિ પ્રમાણે નવું સ્થૂળ શરીર ઉત્પન્ન કરે છે અને પછી તેના દ્વારા શુભાશુભ કર્મફળ ભોગવે છે. જેમ કે એક જીવે આજે એક અશુભ કે શુભ હિંસા કે જીવરક્ષાની ક્રિયા કરી (એને જો કર્મ ન માનીએ તો) અને પછીના ભવમાં માનો કે તેણે તે કરેલી હિંસા કે જીવરક્ષા આદિનું ફળ મળવું જોઈએ. પણ થયેલી ક્રિયામાંથી કર્મ જેવું જો કાંઈ પણ બંધાઈને આત્મા સાથે રહ્યું જ નહિ હોય તો ફળ કેવી રીતે મળશે? ફળ આપનાર ઈશ્વર આદિ તો છે જ નહિ. અને વળી કરાતી ક્રિયા વખતે જીવે ગ્રહણ કરેલી કાર્મણ- વર્ગણા તો ક્રિયાનું ફળ આપ્યા વગર તો એમને એમ ક્યાંથી ખરી પડે? (જાય?) આ કાર્મણવર્ગણાનું પિંડ તે જ કાર્મણ (સૂક્ષ્મ) શરીર જે આત્માની સાથે ઉત્કૃષ્ટપણે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષના ગુણાંકમાં સતત બંધાયા કરે છે અને એ પ્રમાણે સાથે રહે છે. એના કારણે જ આત્માને ભવભ્રમણમાં સુખદુ:ખનો અનુભવ કરવો પડે છે. કર્મનું ફળ ભોગવવું પડે છે.

આમ સર્વ સંસારી જીવોના સુખદુ:ખ આદિની સ્થિતિ તેમ જ સંસારની વિષમતા, વિચિત્રતામાં કર્મસત્તા સબળ કારણ છે. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ આદિ અન્ય કારણો સહકારી કારણો છે. આમ પ્રભુ મહાવીરે અગ્નિભૂતિને કર્મવાદનું રહસ્ય ખૂબ જ સચોટ અને તર્કબદ્ધ સમજાવ્યું, ત્યારે અગ્નિભૂતિએ પણ કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા ધારણ કરી, કર્મ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારી પ્રભુ મહાવીરના શરણે સંયમનો સ્વીકાર કર્યો.

✷ ✷ ✷

*આત્મા રાગદ્વેષના પરિણામો દ્વારા કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આ કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું નામ છે કાર્મણ શરીર. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે કર્મથી બનેલું આ સૂક્ષ્મ કાર્મણ શરીર એની સાથે ને સાથે જ રહે છે.*

# કર્મસ્રોત

**કર્મનો અર્થ**

આમ તો કર્મના અનેક અર્થ થાય છે. જેમ કે કર્તવ્ય, ફરજ, કાર્ય, ક્રિયા, આચાર, રોજગાર, પ્રવૃત્તિ, નસીબ, સંસ્કાર વગેરે. ભગવદ્ ગોમંડળમાં પાંત્રીસ મુખ્ય અર્થ છે. પેટા અર્થ તો જુદાં. પણ અહીં જે કર્મની વાત કરવાની છે તે 'કૃ' ધાતુને 'મન્' પ્રત્યય લાગીને બનેલો 'કર્મન્'ની છે. મન્ પ્રત્યય ભાવે પ્રયોગમાં થયો છે. તે વખતે કર્મનો અર્થ ક્રિયા-કામ એટલોજ થાય. કૃ ધાતુનો કરવું એવો જ અર્થ થાય છે જે ભાવે પ્રયોગમાં યથાવત્ રહે છે. વાસ્તવમાં કર્મનો મૌલિક અર્થ તો ક્રિયા જ છે. ક્રિયા ત્રણ પ્રકારની છે–શારીરિક, માનસિક અને વાચિક. શાસ્ત્રીય ભાષામાં એને યોગ કહેવાય છે. પરંતુ જૈનદર્શનમાં આ ક્રિયાપરક અર્થ આંશિક વ્યાખ્યા જ પ્રસ્તુત કરે છે. અહીં તો ક્રિયાના હેતુ પર પણ વિચાર કરવામાં આવ્યો છે. તેથી કહ્યું પણ છે કે જીવની ક્રિયાનો જે હેતુ છે તે કર્મ છે. તેથી મિથ્યાત્વ-કષાય આદિ કારણોથી જીવ દ્વારા જે ક્રિયા થાય છે તે જ કર્મ કહેવાય છે. એટલે જૈનદર્શનમાં ક્રિયા પર પણ વિશદ વિચાર કરવામાં આવ્યો છે.

**'करणम् इति क्रिया, क्रियते इति क्रिया'** – જે કરવામાં આવે છે, જે કરાય છે તે ક્રિયા. કર્મબંધમાં કારણરૂપ ચેષ્ટા તે ક્રિયા. ક્રિયા સમગ્ર કર્મબંધનું મૂળ છે. સંસાર જન્મ-મરણની જનની છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. જીવના ભવભ્રમણમાં ક્રિયા મુખ્ય કારણ હોવાથી આધ્યાત્મિક સાધનામાં ક્રિયા વિષયક જ્ઞાન તથા તેનો વિવેકપૂર્વક ત્યાગ કરવો અત્યંત જરૂરી છે. ક્રિયા હોય પણ આશ્રવ અને બંધ ન હોય એવું ક્યારેય બને જ નહિ. ક્રિયાથી આશ્રવ–આશ્રવથી ક્રિયા બંને એકબીજાના પૂરક છે. અને આ બે વગર કર્મબંધ થાય નહિ. ક્રિયા + આશ્રવ + બંધ = કર્મ. આ ત્રણેયના સમન્વયથી કર્મ સંપૂર્ણ અવસ્થાને પામે છે.

**કર્મનો પ્રકાર**

મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. રાગદ્વેષ આદિ મનોભાવ ભાવકર્મ છે. અને કર્મપુદ્ગલ દ્રવ્યકર્મ છે. કર્મપુદ્ગલ ક્રિયાનો હેતુ છે અને રાગદ્વેષાદિ ક્રિયા છે. એટલે કે પુદ્ગલપિંડ દ્રવ્યકર્મ છે અને ચેતનાને પ્રભાવિત કરવાવાળી શક્તિ તે ભાવકર્મ છે. કર્મની યોગ્ય વ્યાખ્યા માટે કર્મના આકાર (Form) અને વિષયવસ્તુ (Matter) બંને સમુચિત હોવા જરૂરી છે. જડકર્મ પરમાણુ કર્મની વિષયવસ્તુ છે અને મનોભાવ એના આકાર છે. આપણા સુખદુઃખાદિ અનુભવો અથવા શુભાશુભ કર્મસંકલ્પો માટે કર્મપરમાણુ ભૌતિક કારણ છે અને મનોભાવ ચૈતિસક કારણ છે. આત્મામાં મિથ્યાત્વ કષાયરૂપ રાગદ્વેષાદિ ભાવ છે તે જ ભાવકર્મ છે, જેમાં દ્રવ્યકર્મ નિમિત્ત બને છે. ભાવકર્મ આત્માનો વૈભાવિક (દૂષિત) પરિણામ (વૃત્તિ) છે અને સ્વયં આત્મા જ એનો ઉપાદાન (આંતરિક કારણ) છે. એટલે ભાવકર્મનું આંતરિક કારણ આત્મા જ છે. જેમ ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે. માટી વગર ઘડો ન બને પણ એને બનાવવા માટે કુંભાર પણ જરૂરી છે. જે નિમિત્ત કારણ કહેવાય. એમ દ્રવ્યકર્મ એ સૂક્ષ્મ કાર્મણજાતિના પરમાણુઓનો વિકાર છે અને આત્મા એનું નિમિત્ત કારણ છે. આમ ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે. બન્નેનો આપસમાં બીજાંકુરની જેમ કાર્યકારણ ભાવનો સંબંધ છે.

ભાવકર્મ અરૂપી છે (અમૂર્ત છે) અને દ્રવ્યકર્મ રૂપી છે. છતાં બંનેનો સંબંધ થાય છે. કારણકે સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત છે. એટલે આત્મા સર્વથા અરૂપી હોવા છતાં કથંચિત રૂપી છે, માટે રૂપી આત્મા પર રૂપી કર્મનો પ્રભાવ પડે છે. જે ક્ષેત્ર અવગાહીને આત્મા રહ્યો હોય છે તે જ ક્ષેત્ર અવગાહી (રોકી)ને કાર્મણ વર્ગણા પણ રહેલી હોય છે. જેમ લોહચુંબક લોખંડના કણિયાને આકર્ષિત કરે છે એમ આત્માના રાગદ્વેષરૂપી પરિણામોને કારણે કાર્મણવર્ગણાઓને આકર્ષિત કરતો રહે છે અને કર્મરૂપે પરિણમાવતો રહે છે. મુખ્ય સ્રોત રૂપ આ કાર્મણવર્ગણાનું સ્વરૂપ જાણવું પણ અત્યંત જરૂરી છે.

**વિશ્વનું સ્વરૂપ :** આ લોક (વિશ્વ-બ્રહ્માંડ-યુનિવર્સ)માં કુલ છ દ્રવ્યો છે. ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં પરિવર્તિત થવા છતાં જેનું મૌલિક સ્વરૂપ તેમજ ક્ષમતા ક્ષીણ ન થાય તે દ્રવ્ય કહેવાય છે. ચૈતન્ય ગુણવાળો જીવાસ્તિકાય (soul) એક માત્ર ચેતન દ્રવ્ય છે. બાકીના પાંચ દ્રવ્ય જડ છે અને તે દરેક દ્રવ્ય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે માટે છ દ્રવ્ય થાય છે..

૧. ધર્માસ્તિકાય : આ દ્રવ્ય જીવ-પુદ્ગલોને ગતિ કરવામાં સહાય કરે છે જેને આજનું વિજ્ઞાન ઈથર નામથી ઓળખે છે.

૨. અધર્માસ્તિકાય ' આ દ્રવ્ય સ્થિર રહેવામાં સહાય કરે છે. જેને વિજ્ઞાનમાં 'એન્ટિ ઈથર' કહેવામાં આવે છે.

૩. આકાશાસ્તિકાય : આ દ્રવ્ય અવગાહના દાન (જગ્યા આપવાનું)માં સહાય કરે છે. એને વિજ્ઞાન 'સ્પેસ' કહે છે.


૪. કાળ : પરિવર્તનમાં સહાયક છે. નવાનું જૂનું, આજનું કાલનું ઈત્યાદિ પરિવર્તન એનાથી થાય છે, તે અપ્રદેશી છે માટે અસ્તિકાય કહેવાતું નથી.

૪. પુદ્ગલાસ્તિકાય : પુરણ-ગલન સ્વભાવવાળું આ દ્રવ્ય વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું એક માત્ર રૂપી દ્રવ્ય છે જે જગતમાં વિવિધ ચિત્રો

રજૂ કરે છે.

ઉપરના છ દ્રવ્યોમાંથી કાળ માત્ર અઢી દ્વીપમાં પ્રવર્તે છે. આકાશાસ્તિકાય લોક અને અલોક બંનેમાં છે. બાકીના ચાર દ્રવ્યો આખા લોકમાં રહેલાં છે. આમાંથી જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવ છોડીને એકબીજાની સાથે સંયોજાય છે અને વિભાવદશાને પ્રાપ્ત કરે છે. બાકીના દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ રહે છે. નિશ્ચયથી છએ દ્રવ્યો પોતપોતાની ક્રિયા કરે છે. વ્યવહારથી જીવ અને પુદ્‌ગલ ક્રિયા કરે છે, શેષ અક્રિય છે.

પુદ્‌ગલનું સ્વરૂપ : પુદ્‌ગલ જૈનદર્શન દ્વારા પ્રયોજાયેલો એક વિશેષ અર્થવાળો શબ્દ છે. જેનો ઉલ્લેખ માત્ર જૈનદર્શનમાં જ છે. જેને આધુનિક વિજ્ઞાન `Matter' કહે છે. પુદ્‌ગલના બે સ્વરૂપ ૧. પરમાણુ (Atom) અને (૨) સ્કંધ (Molecule). બંને સ્વરૂપો લોકમાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. પરમાણુ-પરમ+અણુ. પરમ એટલે અંતિમ, અણુ એટલે અંશ. અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યનો એવો એક નાનો અંશ જેનો સમર્થ જ્ઞાનીઓ પણ બીજો ભાગ કલ્પી ન શકે, જેમાંથી બીજા વિભાગ ન થઈ શકે એવો અંશ પરમાણુ કહેવાય છે, જે આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે. એ જ પરમાણુ જ્યારે બે-ત્રણ-ચાર આદિ સંખ્યામાં જોડાઈને રહે ત્યારે તેને સ્કંધ કહેવામાં આવે છે. આ પણ આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે.




**વર્ગણાનું સ્વરૂપ :** વર્ગના સમૂહને વર્ગણા કહેવાય છે. સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા પુદ્‌ગલ સ્કંધોના વર્ગને (સમૂહ) વર્ગણા કહે છે અથવા તો લોકમાં રહેલા વિશિષ્ટ પુદ્‌ગલોના વર્ગને વર્ગણા કહે છે. વર્ગણા અનંત પ્રકારની છે. લોકમાં એક એક છૂટા પરમાણુઓ અનંત છે. તે અનંત છૂટા પરમાણુઓના વર્ગને પહેલી વર્ગણા કહેવાય છે. એવી જ રીતે બે પરમાણુઓ જોડાઈને બનેલા દ્વિપ્રદેશી સ્કંધ પણ અનંતા છે તેને બીજી વર્ગણા કહે છે. આ રીતે ત્રણ-ચાર પાંચ યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધના વર્ગને ક્રમશઃ ત્રિપ્રદેશીને ત્રીજી વર્ગણા. એવી રીતે ચોથી, પાંચમી, સંખ્યાતમી, અસંખ્યાતમી, અનંતમી વર્ગણા કહે છે. પહેલી વર્ગણાથી માંડીને અનંતમી વર્ગણા સુધીની દરેક વર્ગણાને એક વિભાગમાં સમાવેશ કરીને તેને પ્રથમ મહાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણામાં રહેલા સ્કંધો જીવને ઉપયોગી ન હોવાથી તેને અગ્રહણ યોગ્ય પ્રથમ મહાવર્ગણા કહે છે. મહાવર્ગણાની અંદર રહેલી અનંતીવર્ગણાને પેટાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણાની છેલ્લી પેટા વર્ગણા જે અનંત પરમાણુની બનેલી અનંતપ્રદેશી છે એમાં એક પરમાણુ ઉમેરવાથી અનંત + ૧ તે બીજી મહાવર્ગણાની પ્રથમ પેટાવર્ગણા બને છે. એમાં પણ ક્રમશઃ અનંત + ૨ = બીજી વર્ગણા, અનંત + ૩ = ત્રીજી વર્ગણા યાવત્ અનંત + સંખ્યાત્, અનંત + અસંખ્યાત, અનંત + અનંત એમ સ્કંધોની બનેલી બીજી મહાવર્ગણા કહેવાય છે. જે ઔદારિક શરીર બનાવવાના કામમાં આવે છે તેને ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા કહેવાય છે. ત્યાર પછી બીજી મહાવર્ગણાની છેલ્લી પેટાવર્ગણામાં ૧ પરમાણુ ઉમેરતાં જે સ્કંધ બને છે તે ત્રીજી મહાવર્ગણાની પ્રથમ પેટા વર્ગણા છે. યાવત્ એવી જ રીતે ક્રમશઃ સોળ વર્ગણા બને છે. એમાંથી એકી નંબરની વર્ગણાઓ જીવ માટે અગ્રહણ છે અને બેકી નંબરની વર્ગણાઓ જીવ માટે ગ્રહણ યોગ્ય છે જે ક્રમશઃ આ પ્રમાણે છે– ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ. એ જ નામની આઠ અગ્રહણ વર્ગણા છે. આ બધી વર્ગણાઓ ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મ છે. એમાંથી સોળમી વર્ગણા એકદમ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. જે આત્મા પર ચોંટીને કર્મનું સ્વરૂપ ધારણ કરે છે. આ બધી વર્ગણાઓ આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. જે ઔદારિક શરીર આદિ બનાવવાના 'રૉ મટિરિયલ' તરીકે છે. જે ક્ષેત્ર અવગાહીને જીવ હોય તે જ ક્ષેત્ર અવગાહીને આ વર્ગણાઓ પણ રહેલી હોય છે. એટલે જરૂરિયાત પ્રમાણે આત્મા ગ્રહણ કરતો જાય છે. જેમ કે ઔદારિક શરીર બનાવવું હોય તો તે ઔદારિક મહાવર્ગણા ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પરિણમાવે છે. એમ

બીજી વર્ગણાઓ માટે સમજી લેવું. આ બધી વર્ગણાઓ વિશિષ્ટ જ્ઞાન વગર દેખાતી નથી. કાર્મણ વર્ગણા આપણે ઈન્દ્રિય કે યંત્રની મદદથી પણ જોઈ શકતા નથી. તેથી તેનું અસ્તિત્વ નથી એમ નહિ સમજવાનું. આપણે જ્યાં રહીએ છીએ ત્યાં આજુબાજુ કેટલાં બધા તરંગો (Waves) છે. પણ શું એ દેખાય છે? દા. ત. આપણી ચારેબાજુ ધ્વનિ તરંગ (Sound Waves) છે પણ દેખાતાં નથી. જ્યારે આપણે રેડિયો ચાલુ કરીએ છીએ ત્યારે એમાં રહેલાં ટ્રાન્સમીટર એ ધ્વનિ તરંગોને ગ્રહણ કરીને એને અવાજમાં પરિવર્તિત કરી દે છે. જેથી રેડિયોમાં આપણને ગીત વગેરે સંભળાય છે. એ જ રીતે આપણામાં રહેલાં રાગદ્વેષરૂપી ભાવો ટ્રાન્સમીટર કાર્મણવર્ગણારૂપી વેવ્સ ગ્રહણ કરીને કર્મ રૂપે પરિણમાવે છે જેને કારણે આ બધા વિવિધ રૂપો જોવા મળે છે.

બીજું દૃષ્ટાંત મોબાઈલનું લેવાથી વધુ સમજાશે. મોબાઈલ પણ નેટવર્કથી ચાલે છે. એ નેટવર્ક પણ ક્યાં દેખાય છે. એ બધા પણ પુદ્‌ગલની વર્ગણાના જ પ્રકાર છે. શબ્દ, રૂપ, ગંધ, રસ વગેરે રૂપે પરિણમે છે. માત્ર અનુભવાય છે. એમાં કાર્મણવર્ગણા તો અતિ સૂક્ષ્મ છે તો કેવી રીતે જોઈ શકાય! પણ દરેકના જુદાં જુદાં રૂપ-રંગ, ગમા-અણગમા, સુખ-દુઃખ વગેરેથી ખ્યાલ આવે છે કે કોઈક તત્ત્વ છે, જેનાથી આ બધા દૃશ્યો શક્ય બને છે.

જેમ રેડિયો ચાલુ કરીએ તો જ ટ્રાન્સમીટર વેવ્સને પકડે છે. તેમ આ કાર્મણવર્ગણા પણ એમને એમ ચોંટતી નથી, પણ મન-વચન-કાયાની પ્રવૃત્તિ-ક્રિયાથી આત્મામાં એક કંપન અવસ્થા પેદા થાય છે. સ્પંદન થાય છે જેથી કાર્મણવર્ગણા આત્મા પાસે આવે છે, જેને આશ્રવ કહેવાય છે. એ આશ્રવનું સ્વરૂપ નીચે મુજબ છે.

**આશ્રવ** – આશ્રવ અર્થાત્ આ+શ્રવ. આ=આવવું, શ્રવ=શ્રવીને, સરકીને આવવું. જે ક્રિયાઓથી આત્મામાં કાર્મણવર્ગણા આવે છે તેને આશ્રવ કહેવાય. આશ્રવના મુખ્ય પાંચ દ્વાર ગણવામાં આવ્યા છે. (૧) ઈન્દ્રિયાશ્રવ (૨) કષાયાશ્રવ (૩) અવ્રતાશ્રવ (૪) યોગાશ્રવ અને (૫) ક્રિયાશ્રવ. આ આશ્રવોને નૌકામાં પડેલા છિદ્રોની ઉપમા આપી શકાય.

(૧) **ઈન્દ્રિયાશ્રવ :** ઈન્દ્રિયોની પ્રવૃત્તિ દ્વારા જે આશ્રવ થાય તે ઈન્દ્રિયાશ્રવ છે. તેના (ઈન્દ્રયોના) પાંચ ભેદ છે. (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુન્દ્રિય અને (૫) શ્રવણેન્દ્રિય. આ પાંચ ઈન્દ્રિયોના અનુક્રમે ૮-૫-૨-૫-૩ વિષયો છે, જે કુલ મળીને ત્રેવીસ વિષયો થાય છે. સંસારમાં સર્વ જીવો સશરીરી છે. અને શરીર છે તો ઈન્દ્રિયો અવશ્ય હોય. કોઈને એક તો કોઈને બે-ત્રણ-ચાર કે પાંચ ઈન્દ્રિયો મળે. જીવ તેના માધ્યમથી તે તે વિષયોને ગ્રહણ કરે છે. જેમ કે સ્પર્શેન્દ્રિયથી આઠ પ્રકારના સ્પર્શને ગ્રહણ કરી શકાય. એથી આત્માને સ્પર્શાનુભવ જ્ઞાન થાય છે. એ રીતે પાંચે ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. તેમાં પણ રાગદ્વેષના ભાવ ભળે છે. જેમ કે સુગંધ પ્રિય લાગે છે. દુર્ગંધ અપ્રિય લાગે. મીઠો રસ પ્રિય હોય, કડવો રસ અપ્રિય લાગે. આ પ્રકારના રાગ-દ્વેષમાં ઈન્દ્રિયો નિમિત્ત હોવાથી આશ્રવ કહેવાય છે.

**(૨) કષાયાશ્રવ** – કષ+આય=કષાય. કષ=સંસાર અને આય =લાભ. અર્થાત્ જેનાથી સંસારનો લાભ થાય–સંસાર વધે તેને કષાય કહેવાય. મુખ્ય કષાય ચાર પ્રકારે છે. જેમ કે ક્રોધ, માન, માયા અને લોભ. આત્મા જ્યારે ક્રોધાદિ કષાયોને કારણે રાગ-દ્વેષાદિ ભાવોને આધીન થાય છે ત્યારે આત્માનો સંસાર વધે છે. માટે આ કષાય પણ આત્મામાં કાર્મણવર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓને ખેંચીને લાવવાનું કાર્ય કરે છે. આથી ચાર પ્રકારના કષાય આશ્રવ કહેવાય છે.

**(૩) અવ્રતાશ્રવ** – અ+વ્રત=અવ્રત. અર્થાત્ વ્રતનો અભાવ. વ્રતથી વિપરીત ચાલવું એ અવ્રત કહેવાય. અવ્રત પાંચ છે જેમ કે, (૧) હિંસા (૨) જૂઠ (૩) ચોરી (૪) મૈથુન અને (૫) પરિગ્રહ વૃત્તિ. અહિંસા, સત્યાદિ પાંચ વ્રતો ધર્મ સ્વરૂપ છે. સતત એના આચરણથી કર્માશ્રવ થઈ શકતો નથી. પરંતુ જીવ જ્યારે હિંસા, જૂઠ, ચોરી, આદિ અવ્રતોનું આચરણ કરે છે ત્યારે આત્મામાં કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે માટે પાંચ પ્રકારના હિંસાદિ અવ્રત કહેવાય છે.

**(૪) યોગાશ્રવ** – મન, વચન અને કાયા (શરીર) ત્રણ યોગો છે. સંસારી જીવને આ ત્રણ સાધનોમાંથી કોઈને એક તો કોઈને બે કે ત્રણે સાધનો મળે છે. વળી પ્રત્યેક સંસારી જીવને શરીર તો અવશ્ય મળે છે. દ્વિન્દ્રિય અને ઉપરના જીવોને બીજો વચનયોગ મળે છે, તથા માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ મન યોગ મળે છે. આ રીતે આ ત્રણ સાધનો જીવોને મળે છે. જેના આધારે જીવ કર્મબંધની પ્રવૃત્તિ કરે છે. (કર્મથી જોડાય છે.) અશુભ પાપકર્મ પણ આ ત્રણ યોગ દ્વારા જ થાય છે. અને શુભ પુણ્ય પણ આ ત્રણ દ્વારા જ થાય છે. જેને અનુક્રમે પાપાશ્રવ અને પુણ્યાશ્રવ કહે છે. માટે આ ત્રણ યોગને આશ્રવના કારણ ગણ્યાં છે.

**(૫) ક્રિયાશ્રવ** – સંસારી જીવ માત્ર વિવિધ પ્રકારી ક્રિયા કરે છે. સંસારી જીવ ક્રિયારહિત હોય નહિ. ગમન-આગમન ક્રિયા છે, તેમ રાગ-દ્વેષ કરવો કે હિંસા કરવી, આરંભ-સમારંભાદિ કરવા આ બધી ક્રિયાઓ જ છે. આવી પચ્ચીસ પ્રકારની મુખ્ય ક્રિયાઓ છે. જીવ જ્યારે આ પ્રકારની કોઈકને કોઈક ક્રિયાને આધીન થાય છે ત્યારે કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે. આથી જીવ કર્માણુઓથી લિપ્ત થાય છે. સિદ્ધ આત્મા જ માત્ર અક્રિય-નિષ્ક્રિય છે. સંસારી જીવ તો ક્રિયા સહિત હોવાથી કર્મો બાંધે છે. માટે પચ્ચીસ પ્રકારની ક્રિયાશ્રવ કહેવાય છે.

આમ આ પાંચ મુખ્ય આશ્રવ દ્વારોના પેટા વિભાગ બેતાલીસ

થાય છે. આ ભેદો દ્વારા કાર્મણવર્ગણાનો આશ્રવ આત્મામાં પ્રવેશે છે. એને આત્મા ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા કર્મરૂપે પરિણમાવે છે. જેવી રીતે રૂપિયાની નોટ છાપવા માટે પ્રથમ કાચામાલ તરીકે કાગળના રીમ હોય તે કાગળ તરીકે જ ઓળખાય છે. પણ જ્યારે એના પર રિઝર્વ બૅન્ક મહોર મારે છે ત્યારે એને રૂપિયા તરીકેની ઓળખ મળે છે. એમ કાર્મણવર્ગણા કર્મ માટેનું રૉ મટિરિયલ છે. જો કે તે એમ ને એમ તો કાર્મણવર્ગણા જ છે, પણ જ્યારે આત્મા એને ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા મહોર મારી દે છે પછી તે આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈને બંધાઈ જાય છે એટલે કર્મની ઓળખ પ્રાપ્ત થાય છે અથવા **આત્મારૂપી નૌકા વર્ગણારૂપ પાણીમાં તરે છે. આ નૌકામાં પાંચ છિદ્રો દ્વારા કર્માશ્રવ (કર્મરૂપી પાણી) આવે છે. આ છિદ્રોને બંધ કરીને પાણી આવતું અટકાવવું તે સંવર છે. અને આવી ગયેલા પાણીને બહાર કાઢવું તે નિર્જરા છે.** મિથ્યાત્વ આદિ આશ્રવને સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને અજોગના બારણાથી બંધ કરી દેવાથી સંવર થાય. જ્યાં સુધી આ છિદ્રો ખુલ્લા છે ત્યાં સુધી આત્મા સમયે સમયે સતત સાત (આયુષ્ય કર્મ છોડીને) કે આઠ કર્મોનો બંધ કરતો રહે છે. તે આઠ કર્મો આ પ્રમાણે છેઃ (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણી. કર્મ (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર અને અંતરાય કર્મ. આ મૂળ કર્મોના અન્ય પ્રકારે બે ભેદ છે, જેમ કે (૧) ઘાતીકર્મ અને (૨) અઘાતી કર્મ.

**ઘાતીકર્મ** – જે કર્મ આત્માના જ્ઞાનાદિ મૂળ ગુણોનો ઘાત કરે છે (આવરણ કરે) તે ઘાતીકર્મ કહેવાય છે. ઘાતી કર્મ ચાર પ્રકારે છે. જેમ કે, જ્ઞાનાવરણીયકર્મ. દર્શનાવરણીય કર્મ, મોહનીય અને અંતરાય કર્મ. ઘાતી કર્મના પેટા ભેદ રૂપે બે ભેદ છે. (૧) **સર્વઘાતી :** જે કર્મ પોતાના ઢાંકવા યોગ્ય ગુણનો સંપૂર્ણ ઘાત (આવરણ) કરે છે તે સર્વઘાતી કહેવાય છે. સર્વઘાતીકર્મની કેવલ-જ્ઞાનાવરણીય, કેવલ દર્શનાવરણીય, પાંચ પ્રકારની નિદ્રા, પહેલા બાર કષાય અને મિથ્યાત્વ એમ કુલ વીસ પ્રકૃતિ છે. (૨) **દેશઘાતી :** જે કર્મ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે ઘાત (આવરણ) કરે છે તે દેશઘાતી કહેવાય છે. જેમ કે સૂર્ય વાદળાથી ઢંકાયેલો હોવા છતાં પણ દિવસ કે રાતનું જ્ઞાન થાય છે. તેમ કેવળજ્ઞાન ઘનઘાતી કર્મો દ્વારા ઢંકાયેલું હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનંતમો ભાગ આંશિક-ભાગ રૂપે ખુલ્લો રહેવાથી મતિ આદિ જ્ઞાનમાં વહેંચાઈ જાય છે. એટલે મતિઆદિ ચાર જ્ઞાન દેશઘાતી ગણાય છે. દેશઘાતીની મતિ જ્ઞાનાવરણીય આદિ ચાર, ચક્ષુ દર્શનાવરણીય આદિ ત્રણ, સંજ્વલન કષાય–ચાર, નોકષાય-નવ અને અંતરાય-પાંચ. આમ કુલ પચ્ચીસ પ્રકૃતિ છે.

**અઘાતીકર્મ** – જે કર્મ આત્માના જ્ઞાન આદિ મૂળ ગુણોનો ઘાત ન કરે તથા મૂળ ગુણોને પ્રગટ થવામાં બાધક બનતાં નથી તેને અઘાતી કર્મ કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) વેદનીય, (૨) આયુષ્ય, (૩) નામ અને (૪) ગોત્રકર્મ. અઘાતીકર્મની વેદનીય-બે, આયુષ્ય-ચાર-નામ-સડસઠ, ગોત્ર-બે. આમ કુલ પંચોતેર પ્રકૃતિ છે.

ઘાતી કર્મોનો નાશ થયા પછી અઘાતી કર્મો લાંબો સમય ટકતાં નથી. આયુષ્ય પૂર્ણ થતાં જ બાકીનાં ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થાય છે. **તેથી જીવ કર્મરહિત બની સિદ્ધ થઈ જાય છે.**

આ રીતે કર્મસ્રોતનું મુખ્ય ઘટક કાર્મણવર્ગણા આશ્રવ દ્વારા આત્મામાં પ્રવેશીને બંધનકરણ વડે વિવિધ કર્મસ્વરૂપે સ્થાન પ્રાપ્ત કરે છે.

✷ ✷ ✷

## જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના ક્રમનું પ્રયોજન

જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારે–જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે. તેમાં જ્ઞાનોપયોગ મુખ્ય છે. કારણ કે સકળ શાસ્ત્રની વિચારણા જ્ઞાન દ્વારા જ થાય છે. સર્વ લબ્ધિઓ પણ જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે અને મોક્ષની પ્રાપ્તિ સમયે પણ જ્ઞાનનો જ ઉપયોગ હોય છે. માટે જ્ઞાન ગુણને પ્રધાન ગુણ ગણીને તેને ઢાંકનારું જ્ઞાનાવરણીય કર્મ પ્રથમ ગણાયું છે. જીવ જ્ઞાનોપયોગમાંથી અવશ્ય દર્શનોપયોગમાં જાય છે. જ્ઞાન ઉપયોગ પૂર્ણ થતાં તરત જ દર્શનનો ઉપયોગ હોય તેથી જ્ઞાનાવરણીય કર્મ પછી દર્શન ગુણને ઢાંકનારું દર્શનાવરણીય કર્મ કહ્યું છે. આ બન્ને કર્મના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે જીવને સુખ-દુઃખનો અનુભવ થતો હોવાથી ત્રીજું વેદનીય કર્મ કહ્યું છે. વેદનીય કર્મના ઉદયથી જીવને સુખદુઃખ રૂપે રાગ-દ્વેષ થાય છે, એટલે રાગ-દ્વેષરૂપ મોહનીય કર્મનું કારણ વેદનીય કર્મ છે. તેથી વેદનીય કર્મ પછી ચોથું મોહનીય કર્મ કહ્યું છે. મોહનીય કર્મના ઉદયથી મૂઢાત્મા આરંભ અને પરિગ્રહાદિમાં આસક્ત થઈ ઊંચ-નીચ ગતિમાં આયુષ્યનો બંધ કરે છે. એટલે આયુષ્ય કર્મનું કારણ મોહનીય કર્મ છે. તેથી મોહનીય કર્મ પછી પાંચમું આયુષ્યકર્મ કહ્યું છે. નરકાદિ આયુષ્યનો ભોગવટો શરીર વગર થઈ શકતો નથી. એટલે નામકર્મનું કારણ આયુષ્યકર્મ છે. તેથી આયુષ્ય કર્મ પછી છઠ્ઠું નામકર્મ કહ્યું છે. નામકર્મનો ઉદય થયા પછી જીવમાં ઉચ્ચ-નીચનો વ્યવહાર થાય છે. એટલે નામકર્મ પછી ગોત્ર કર્મ સાતમું કહ્યું છે. ગોત્રકર્મના ઉદયથી દાન, લાભ, ભોગ આદિની પ્રાપ્તિ અને વિયોગ થાય છે. એટલે અંતરાયકર્મનું કારણ ગોત્રકર્મ છે. તેથી ગોત્રકર્મ પછી આઠમું અંતરાયકર્મ કહ્યું છે. આમ દરેક કર્મને પૂર્વ-પૂર્વ કારણને અનુરૂપ ક્રમ આપ્યો છે તે એકદમ સચોટ અને મનનીય છે.

# કર્મબંધની પ્રક્રિયા

કર્મબંધની પ્રક્રિયા પણ જાણવી જરૂરી છે. જેમ મકાન બાંધતી વખતે સીમેન્ટ-રેતીમાં પાણી નાખીને જ મિશ્રણ કરવામાં આવે છે. આ મિશ્રણની પ્રક્રિયા તેના પદાર્થો ઉપર આધાર રાખે છે. તેમાં જો પાણી ઓછું હશે તો મિશ્રણ બરાબર થશે નહિ. એ જ રીતે રોટલી બનાવવા માટે લોટમાં પાણી નાખીને મિશ્રણ કરીને, મસળીને પિંડ બનાવવામાં આવે છે. એમાં પણ પાણીના વત્તા-ઓછા પ્રમાણ પર આધાર છે. એ જ રીતે આત્માની સાથે કર્મબંધમાં પણ કષાયાદિની માત્રા આધારભૂત પ્રમાણ છે. સીમેન્ટ, રેતી અને લોટમાં મિશ્રણ પાણી પર આધારિત છે તેમ આત્માની સાથે જડ કાર્મણસ્કંધોનું મિશ્રણ કષાય પર આધારિત છે. કષાય અહીં પણ પણ રસનું કામ કરે છે. એ જ કર્મબંધની પ્રક્રિયાનું માધ્યમ છે. જે રીતે પાણી વત્તું ઓછું હોય તો લોટમાં તથા સીમેન્ટના મિશ્રણ યા બંધનમાં ફરક પડે છે. એ જ રીતે કષાયોની તીવ્રતા અથવા મંદતા આદિના કારણે કર્મબંધનમાં શિથિલતા અથવા દૃઢતા આવે છે. આથી કર્મબંધની પ્રક્રિયા ચાર પ્રકારે બતાવી છે. જૈમ કે,

**(૧) સ્પૃષ્ટ (શિથિલ) કર્મબંધ :** જેમ કે સૂકા કપડાં ઉપર લાગેલી ધૂળની રજકણ જે ખંખેરવા માત્રથી દૂર થઈ જાય છે, અથવા તો દોરામાં સામાન્ય ગાંઠ જે શિથિલ (ઢીલી) રીતે જ વાળવામાં આવી છે, એ સહજ પ્રયત્ન કરવાથી ખૂલી જાય છે. વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. એ જ રીતે સામાન્ય-અલ્પ માત્રાના કષાયાદિ કારણથી બાંધેલા કર્મ જો આત્મા સાથે સ્પર્શમાત્ર સંબંધથી ચોંટ્યા હોય તો સામાન્ય પશ્ચાતાપ માત્રથી દૂર કરી શકાય છે. એને સ્પૃષ્ટ-સ્પર્શબંધ કર્મ કહેવાય છે, જે નીચેના દૃષ્ટાંતથી જાણીએ.

**શ્રી પ્રસન્નચંદ્ર રાજઋષિ :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. પોતનપુર નગરના રાજાનું નામ પ્રસન્નચંદ્ર હતું. એક વાર પ્રભુ મહાવીર પોતનપુર પધાર્યા. તેમની દેશના સાંભળીને રાજા પ્રસન્નચંદ્ર સંસારથી ઉદ્વેગ પામ્યા અને પોતાના બાળકુમારને રાજગાદી ઉપર બેસાડી તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યારપછી પ્રભુ વિહાર કરતાં કરતાં રાજગૃહી પધાર્યા ત્યારે પ્રભુના દર્શન કરવા શ્રેણિક રાજા પોતાની સેના-પરિવાર સાથે નીકળ્યા. તેમણે રસ્તામાં તપ કરતાં ધ્યાનસ્થ પ્રસન્નચંદ્ર મુનિને જોયા. આથી દુર્મુખ નામનો સેનાપતિ બોલ્યો, 'અરે! આ તો પ્રસન્નચંદ્ર રાજા છે, જેમણે પોતાના રાજ્યનો બધો કારભાર પોતાના બાળકુમાર ઉપર મૂક્યો છે! આ તો કાંઈ ધર્મી કહેવાય? એના મંત્રીઓ રાજકુમારને રાજ્ય ઉપરથી પદભ્રષ્ટ કરશે.' આ પ્રકારના વચનો ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્રે સાંભળ્યા અને મનથી ચિંતવવા લાગ્યા કે, 'ધિક્કાર છે મારા અકૃતજ્ઞ મંત્રીઓને! જો હું રાજ્ય સંભાળતો હોત તો તેઓને આકરી શિક્ષા કરત.' આવા સંકલ્પ-વિકલ્પોથી રાજર્ષી પોતાના ગ્રહણ કરેલા દીક્ષા વ્રતને ભૂલી જઈ મનથી મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમના બધા આયુધો ખલાસ થતાં મસ્તક ઉપરના શિરસ્ત્રાણથી શત્રુને મારું, એવું ધારી તેમણે પોતાનો હાથ માથા ઉપર મૂક્યો. ત્યાં તો માથે લોચ કરેલો છે, પોતે વ્રતમાં છે એ જાણી તરત જ પોતાના આત્માને નિંદવા લાગ્યા અને તેની આલોચના પ્રતિક્રમણ કરીને પાછા પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈ ગયા અને ક્ષપક શ્રેણીમાં ચડી જતાં કેવળજ્ઞાન પામ્યા.

આમ પ્રસન્નચંદ્ર રાજર્ષિના ધ્યાનમાં વિચારો બગડ્યા તેથી જે કર્મબંધ થયો એ શિથિલબંધ માત્ર જ હતો. બે ઘડીમાં પશ્ચાતાપથી કર્મક્ષય થઈ ગયો અને કર્મમુક્ત થઈને તેમનો મોક્ષ થયા

**(૨) બદ્ધ (ગાઢ) કર્મબંધ :** આ બંધ પહેલા કર્મબંધ કરતાં થોડો વધારે ગાઢ છે. વધારે મજબૂત છે. ભીના કપડાં ઉપર લાગેલી ધૂળ કાઢવા માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. માત્ર ખંખેરવાથી નીકળે નહિ પરંતુ સાબુ આદિનો પ્રયોગ કરવો પડે અથવા તો દોરામાં ગાંઠ ખેંચીને સખત રીતે વાળી હોય તો તે ખોલવામાં મુશ્કેલી પડે છે. એવી જ રીતે આત્માની સાથે કર્મનો બંધ ગાઢ-મજબૂત થયો હોય તો તેને બદ્ધ કર્મબંધ કહેવાય છે. માત્ર પશ્ચાતાપથી આ બંધ છૂટતો નથી. એના ક્ષય માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. પ્રાયશ્ચિત લેવું પડે છે. દા. ત. અઈમુત્તામુનિને પ્રાયશ્ચિત કરતાંજ કર્મક્ષય થઈ ગયો. આ બંધમાં કંઈક શિથિલ અંશ પણ હોય છે અને કંઈક ગાઢ અંશ હોય છે. જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**અઈમુત્તામુનિ :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામી ગોચરી લેવા નીકળ્યા છે ત્યારે રમતા અઈમુત્તા બાળકે મુનિને જોયા અને પોતાના મહેલે મુનિને ભિક્ષા લેવા માટે આવવા વિનંતી કરી. બાળકની ભાવના જોઈને ગૌતમ સ્વામી બાળકના મહેલે ગયા અને ભિક્ષા ગ્રહણ કરી. ત્યારે અઈમુત્તાએ સહજ બાળભાવે ગૌતમસ્વામીને કહ્યું કે, લાવો, આ પાત્રા મને આપો. ભોજનનો ઘણો ભાર છે, હું ઉપાડું. ત્યારે ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો, 'ના, ના. આ બીજા કોઈને ન આપાય. એ તો અમારા જેવા ચારિત્ર પાળતા સાધુ જ ઉપાડી શકે. આ સાંભળી અઈમુત્તાએ સાધુ થવાની હઠ લીધી. માતા પાસે યેનકેન પ્રકારે રજા મેળવી લીધી અને ગૌતમસ્વામી સાથે સમવસરણમાં આવી પ્રભુ પાસે દીક્ષા લીધી.

એક વાર વૃદ્ધમુનિ સ્થંડીલ માટે વનમાં જતા હતા, તેમની સાથે અઈમુત્તા મુનિ ગયા. રસ્તામાં એક નાનું સરોવર આવ્યું. ત્યારે બાળ ભાવે અઈમુત્તામુનિએ નાનાં પાત્રાંની હોડી બનાવી તેમાં તરવા મૂકી. આ જોઈ વૃદ્ધમુનિએ સમજાવ્યું કે, આપણાથી આવું ન કરાય.

આ પાણીની અંદર આવી રમતો કરીએ તો છકાયના જીવની વિરાધના થાય અને એના ફળરૂપે આપણો જીવ દુર્ગતિમાં જાય. આ સાંભળી બાળ મુનિને ઘણી લજ્જા આવી, ઘણો પસ્તાવો થયો. પોતાના કરેલા કાર્ય માટે સમવસરણમાં આવી 'ઈરિયા વહી પડિક્કમતા' શુકલધ્યાનમાં ચડી ગયા. શુદ્ધ ભાવથી કરેલ પાપનું પ્રાયશ્ચિત કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા. આમ અઈમુત્તામુનિએ શુદ્ધભાવે પ્રાયશ્ચિત કરતાં જ કર્મનો ક્ષય કર્યો.

**(૩) નિધત્ત કર્મબંધ :** જેવી રીતે કપડાં પર લાગેલા કાદવના ડાઘ કાઢવા માટે માત્ર સાબુ આદિનો પ્રયોગ કામ આવે નહિ પરંતુ વિશેષ પદાર્થોનો તેમજ બ્રશ આદિથી ઘસવું પડે, અથવા તો રેશમી દોરામાં લગાવેલી પાકી ગાંઠ જે ખોલવી મુશ્કેલ જેવી જ થઈ ગઈ, એવી જ રીતે કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. આ નિધત્ત પ્રકારનો બંધ કહેવાય છે. પહેલાં બે બંધો કરતાં તે બમણો મજબૂત હોય છે. આ કર્મોનો ક્ષય, તપ-તપશ્ચર્યાદિ ધર્માનુષ્ઠાન વિશેષ રીતે કરીને કઠિનાઈથી થાય છે. અર્જુનમાળીએ વિશિષ્ટ તપશ્ચર્યા કરી કર્મક્ષય કર્યો, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે

**અર્જુનમાળી :**

રાજગૃહી નગરમાં અર્જુન નામે માળી રહેતો હતો. તેને બંધુમતી નામની સુંદર પત્ની હતી. અર્જુનમાળીનો નગર બહાર એક મોટો બગીચો હતો. ત્યાં મુદ્દગરપાણિ યક્ષનું એક મંદિર પણ હતું. અર્જુનમાળી મુદ્દગરપાણિ યક્ષનો ઉપાસક હતો.

એકદા તે નગરની 'લલિતા' નામની અપરાભૂત મિત્રમંડળી મુદ્દગરપાણી યક્ષના મંદિરમાં આમોદ-પ્રમોદ કરવા આવી. તે સમયે અર્જુનમાળી અને તેની પત્ની પણ પુષ્પો લઈ યક્ષના મંદિર તરફ ગયા. ત્યારે બંધુમતી 'લલિતા ટોળી'ની નજરે પડી. આથી અર્જુનમાળીને બાંધીને તેની પત્ની સાથે છ મિત્રો અનૈતિક વ્યવહાર કરવા લાગ્યા. આથી અર્જુનમાળી વિચારવા લાગ્યા કે, જો મુદ્દગરપાણી યક્ષ ખરેખર અહીં હાજર હોત તો શું મને આ પ્રકારની સ્થિતિમાં પડેલો જોઈ શકત ? તે જ સમયે મુદ્દગરપાણી યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો અને બંધનોને તોડી છ પુરુષો અને બંધુમતીને મારી નાંખ્યા.

આ પ્રમાણે મુદ્દગરપાણી યક્ષથી આવિષ્ટ અર્જુનમાળી રાજગૃહીની આસપાસ રોજ છ પુરુષ અને એક સ્ત્રીની ઘાત કરતો. એકદા સુદર્શનશેઠે અર્જુનમાળીના આવિષ્ટ યક્ષને ભગાડ્યું. આથી અર્જુનમાળી પ્રભુ મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળી સંયમ અંગીકાર કરીને તેમની પાસેથી યાવત જીવન છઠ્ઠના પારણે છઠ્ઠ તપસ્યાથી આત્માને ભાવિત કરવાની આજ્ઞા માંગી.

પ્રભુની આજ્ઞા મેળવી અર્જુનમુનિ છઠ્ઠના પારણે ગોચરી માટે જતા ત્યારે નગરના સ્ત્રી પુરુષો તેમને ધુત્કારતા, ગાળો આપતા, મારતા. આવી રીતે બધાંથી તિરસ્કૃત થવા છતાં અર્જુનમુનિ તેમના ઉપર દ્વેષભાવ કરતા નહિ અને સમતાભાવે સહન કરી છ માસ સુધી ચારિત્રનું પાલન કરી અર્ધમાસિકી સંલેખના કરી સિદ્ધ ગતિને પામ્યા.

આમ અર્જુનમુનિએ બાંધેલા કર્મોનો ક્ષય તપ-તપશ્ચર્યાદિ વિશેષ રીતે કરી મોક્ષગતિ મેળવી.

**(૪) નિકાચિત કર્મબંધ :** જેવી રીતે કપડાં પર લાગેલા ઓઈલના ડાઘ કાઢવા માટે સાબુ, વિશેષ દ્રવ્યો વાપરો તો પણ ડાઘ નીકળે નહિ. અથવા તો રેશમી દોરી ઉપર મજબૂત ગાંઠ મારી એની ઉપર મીણ લગાડ્યું હોય તો તે ખૂલવી અસંભવ બની જાય છે. એવી જ રીતે આત્માની સાથે તીવ્રતર-તીવ્રતમ કષાયાદિને કારણે એટલો ભયંકર ગાઢકર્મબંધ થઈ જાય છે કે તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી પણ ક્ષય થતો નથી, ભોગવવો જ પડે છે. કોઈ પણ સંજોગોમાં એ ફળ આપ્યા વગર છૂટતો નથી. એને નિકાચિત કર્મબંધ કહે છે, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**શ્રેણિક રાજા :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં મગધ દેશના રાજાનું નામ શ્રેણિક હતું. તેમને શિકાર કરવાનો ખૂબ શોખ હતો. એક દિવસ શ્રેણિક રાજા શિકાર કરવા જંગલમાં ગયા. તેમણે દૂરથી એક હરણીને જોઈ. તેમણે પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો. ધનુષ્ય પર બાણ ચડાવી બરાબર નિશાન તાકી રાજાએ તીર છોડ્યું. તીર હરણીના પેટમાં ખૂંપી ગયું. તેનું પેટ ફાટી ગયું. પેટમાંથી હરણીનું મરેલું બચ્ચું બહાર પડી ગયું અને હરણી પણ મરી ગઈ.

શ્રેણિક રાજા ઘોડા ઉપરથી ઉતરીને મરેલી હરણી પાસે આવ્યા. દૃશ્ય જોઈને એ ખૂબ જ ખુશ થયા. ગર્વથી બોલ્યા, 'મારા એક જ તીરથી બબ્બે પશુઓ મરી ગયા ! હરણી અને તેનું બચ્ચું પણ ! શિકાર આને કહેવાય !' શ્રેણિક રાજાનો આનંદ સમાતો નથી. હર્ષથી તેઓ ઝૂમી ઊઠ્યાં, આથી એમનું પહેલી નરક ગતિનું કર્મ બંધાઈ ગયું.

ત્યાર પછી કાળક્રમે અને ધીમે ધીમે જ્ઞાન પ્રાપ્ત થતાં ભગવાન મહાવીરના પરમ ઉપાસક બન્યા. એક વાર ભગવાનને પોતાની ગતિ વિષે પૂછતાં, ભગવાને જવાબ આપ્યો કે, 'શ્રેણિક મરીને તું પહેલી નરકે જઈશ, કારણ કે શિકાર કરીને તું ખૂબ ખુશ થયો હતો. આથી તારું નરક ગતિનું આયુષ્ય બંધાઈ ગયું છે. તારું આ પાપકર્મ નિકાચિત હતું. આથી આ કર્મ તારે ભોગવવું જ પડશે. અમે પણ તે અન્યથા કરવાને સમર્થ નથી.' આથી શ્રેણિક રાજા મરીને પહેલી નરકે ગયા.

આમ મગધના રાજા શ્રેણિકે શિકારમાં નિકાચિતકર્મ બાંધ્યું હતું કે જેને લીધે એમને નરકમાં જવું પડ્યું.

આવી રીતે જીવ પોતાના મંદ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રકારના વિવિધ કષાયોના આધારે ઉપરોક્ત ચારમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના કર્મ બાંધે છે.

✷ ✷ ✷

## આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર

| કર્મ | ઉત્તર પ્રકૃતિ | કર્મ વિપાકના પ્રકાર | સ્થિતિબંધ |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | **૫**<br>(૧) મતિ જ્ઞાનાવરણીય (૨) શ્રુત જ્ઞાના-વરણીય (૩) અવધિ જ્ઞાનાવરણીય (૪) મનઃપર્વય જ્ઞાનાવરણીય (૫) કેવળ જ્ઞાનાવરણીય | **૧૦**<br>(૧) શ્રોતાવરણ (૨) શ્રોત વિજ્ઞાનાવરણ (૩) નેત્રાવરણ (૪) નેત્ર વિજ્ઞાનાવરણ (૫) ઘ્રાણાવરણ (૬) ઘ્રાણ વિજ્ઞાનાવરણ (૭) રસેન્દ્રિયાવરણ (૮) રસેન્દ્રિય વિજ્ઞાનાવરણ (૯) સ્પર્શેન્દ્રિયાવરણ (૧૦) સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ | જઘન્ય અંતર્મુહૂર્ત<br>ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૨. દર્શનાવરણીય | **૯**<br>(૧) ચક્ષુદર્શનાવરણીય (૨) અચક્ષુદર્શના-વરણીય (૩) અવધિ દર્શનાવરણીય (૪) કેવળ દર્શનાવરણીય (૪) નિદ્રા (૫) નિદ્રા નિદ્રા (૬) પ્રચલા (૭) પ્રચલા પ્રચલા (૮) થીણદ્ધિ નિદ્રા | **૯**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત<br>ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩. વેદનીય | **૨**<br>શાતાવેદનીય-અશાતાવેદનીય<br>શાતાવેદનીયના ૮ ભેદ (૧) મનોજ્ઞ શબ્દ (૨) મનોજ્ઞ રૂપ (૩) મનોજ્ઞ ગંધ (૪) મનોજ્ઞ રસ (૫) મનોજ્ઞ સ્પર્શ (૬) મનનું સુખ (૭) વચનનું સુખ (૮) કાયાનું સુખ .<br>અશાતાવેદનીયના ૮ ભેદ અમનોજ્ઞ શબ્દાદિ | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત<br>ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪. મોહનીય | **૨**<br>(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય (૧) દર્શન મોહનીયના ૩ ભેદ–સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય.<br>(૨) ચારિત્ર મોહનીયના **૨૫** ભેદ.<br>કષાય મોહનીયના **૧૬** ભેદ-અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન આ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ ૪X૪= ૧૬ કષાય<br>નોકષાય મોહનીયના ૯ ભેદ-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ | **૫**<br>દર્શન મોહનીયના ૩ ભેદ, ચારિત્ર મોહનીયના ૨ ભેદ. આ રીતે ૩+૨= ૫ ભેદ.<br>ચારિત્ર મોહનીયના ૨ભેદના ૨૫ પેટા ભેદ છે. | જઘન્ય અંતર્મુહૂર્ત<br>ઉ. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫. આયુષ્ય | **૪**<br>નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ,દેવાયુ. | **૪**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૩ સાગરોપમ |
| ૬. નામકર્મ | **૪૨**<br>૧૪ પિંડ પ્રકૃતિ +૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક અથવા<br>૯૩<br>૧૪ પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક | **૨**<br>(૧) શુભનામ (૨) અશુભનામ.<br>શુભનામના ૧૪ ભેદ (૧-૫) ઈષ્ટ શબ્દ, રૂપ,ગંધ, રસ, ઈષ્ટ સ્પર્શ (૬) ઈષ્ટ ગતિ (૭) ઈષ્ટ સ્થિતિ (૮) ઈષ્ટ લાવણ્ય (૯) ઈષ્ટ યશોકીર્તિ (૧૦) ઈષ્ટ ઉત્થાનાદિ (૧૧) ઈષ્ટ સ્વર (૧૨) કાંત સ્વર (૧૩) પ્રિય સ્વર (૧૪) મનોજ્ઞ સ્વર.<br>અશુભ નામના ૧૪ અનિષ્ટ શબ્દાદિ. | જઘન્ય આઠ મુહૂર્ત<br>ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭. ગોત્રકર્મ | **૨**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર.<br>(૧) ઊંચ ગોત્રના ૮ ભેદ. ઊંચ-શ્રેષ્ઠ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય.<br>(૨) નીચ ગોત્રના ૮ ભેદ. નીચ જાતિ આદિ. | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય આઠ મુહૂર્ત<br>ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮. અંતરાયકર્મ | **૫**<br>(૧) દાનાંતરાય (૨) લાભાંતરાય.<br>(૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય<br>(૫) વીર્યાંતરાય. | **૫**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર. | જઘન્ય અંતર્મુહૂર્ત<br>ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

# કર્મનું નેટવર્ક

કર્મનું નેટવર્ક સ્વયં સંચાલિત અને અદ્‌ભુત છે. જ્યાં સુધી મુક્ત ન થવાય ત્યાં સુધી ક્યારેય ન ખોરવાય એવું અવિરત ચાલ્યા જ કરે છે. **મન-વચન-કાયા રૂપ બેટરીને રાગ અને દ્વેષ ક્રિયા દ્વારા સતત રિચાર્જ કર્યા કરે છે. શરીરરૂપ મોબાઈલની બોડીમાં અનાદિકાળથી લેપાયેલ આત્મરૂપ સીમકાર્ડ છે અને સત્તારૂપ મેમરીકાર્ડ છે. કર્મનું નેટવર્ક બરાબર ચાલે એ માટે આખા વિશ્વમાં કાર્મણવર્ગણારૂપ તરંગો (waves) ફેલાયેલા છે.** કાર્મણવર્ગણારૂપ તરંગો આશ્રવ દ્વારા સીમકાર્ડમાં પ્રવેશે છે અને મોબાઈલનું નેટવર્ક એક્ટિવેટ થતું રહે છે. એક્ટિવેટ થતાં જ કર્મના નેટવર્કની અંતર્ગત વિવિધ અવસ્થાઓ અસ્તિત્વમાં આવે છે તેનું અહીં સંકલન કર્યું છે.

**(૧) બંધ–**

આશ્રવ દ્વારા કર્મયોગ્ય–કાર્મણ વર્ગણા કાર્મણ શરીરમાં (સીમકાર્ડ)માં આવે છે તથા આત્મા અને કાર્મણ વર્ગણાનું જોડાણ થાય તેને બંધ કહેવાય. અથવા આત્માની સાથે સંલગ્ન કર્મયોગ્ય વર્ગણા કર્મના રૂપમાં પરિવર્તિત થાય એ પ્રક્રિયાને બંધ કહે છે.

જીવ જેવો કાર્મણ વર્ગણા સાથે જોડાઈને કર્મબંધ કરે છે કે તરત જ ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ. જેમ ગાય ઘાસ ખાય છે ત્યારે તે ઘાસ દૂધ રૂપે પરિણમે છે. તે જ સમયે દૂધમાં (૧) મીઠાશ જેવો ગુણધર્મ નક્કી થાય છે, (૨) તે કેટલું દૂધ આપશે એનું પ્રમાણ નક્કી થાય છે, (૩) તે દૂધ કેટલો સમય ટકશે તેનો નિર્ણય થઈ જાય છે, (૪) તે દૂધમાં રસ-કસ ગુણવત્તા ઓછા કે વધુ તેનો નિર્ણય થઈ જાય છે એ જ રીતે કર્મબંધ ચાર પ્રકારમાં વહેંચાઈ જાય છે.

(૧) **પ્રકૃતિબંધ :** સ્વભાવનો નિર્ણય થવાપૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ (Nature). આત્માના જ્ઞાનાદિ આઠ ગુણને આવરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેને પ્રકૃતિ કહે છે. જેમ જુદા જુદા પશુઓના દૂધમાં જુદા જુદા સ્વભાવ હોય, જેમ કે ઊંટાટિયાના રોગમાં ઊંટડીનું દૂધ કામ આવે, ક્ષય જેવા રોગમાં બકરીનું દૂધ કામ આવે, કોલેસ્ટરોલને કાબૂમાં રાખવા ગાયનું દૂધ કામ આવે, શક્તિ માટે ભેંસનું દૂધ કામ આવે છે. એમ જીવની જુદી જુદી જાતની પ્રવૃત્તિને કારણે કાર્મણ સ્કંધમાં જુદી જુદી જાતના સ્વભાવનો અનુભવ કરાવી શકે એવી શક્તિ ઉત્પન્ન થાય છે. જેમ કે જ્ઞાન-જ્ઞાનીની આશાતના કરવાથી કાર્મણ સ્કંધોમાં અજ્ઞાની, મૂર્ખ બનાવવાની શક્તિ ઉત્પન્ન થાય તે તેનો સ્વભાવ છે. એમ આઠ કર્મોનો સ્વભાવ પ્રકૃતિવત્ જાણવો.

પ્રકૃતિબંધનું કારણ યોગ છે. જો શુભ યોગ હોય તો જીવ શુભ-પુણ્ય પ્રકૃતિને બાંધે છે. અશુભ યોગ હોય તો જીવ અશુભ-પાપ પ્રકૃતિ બાંધે છે. મૂળ પ્રકૃતિ આઠ પ્રકારે છે અને તેના આવાંતર ભેદોની સંખ્યા એકસો ને અઠ્ઠાવન (૧૫૮) છે. જે કોષ્ટકમાં બતાવવામાં આવી છે.

(૨) **પ્રદેશ બંધ : (Quantity)** પ્રકૃતિ અનુસાર દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં પ્રાપ્ત થયેલ કર્મદલિકોનું આત્મા સાથે એકાકાર થવું તે પ્રદેશબંધ. જેમ જુદા જુદા પશુઓના દૂધનો જથ્થો ઓછો વધુ હોય છે. બકરીનું દૂધ ૧-૨ લીટર પ્રાપ્ત થાય. ગાયનું ૬-૮ લીટર, ભેંસનું દસ બાર લીટર મળે એમ દરેક કર્મને જુદો જુદો જથ્થો પ્રાપ્ત થાય છે. આ જથ્થો સાત કે આઠ વિભાગમાં વહેંચાતો રહે છે. એમાંથી સૌથી મોટો હિસ્સો વેદનીય કર્મને મળે છે કારણકે વેદનીયને અનુભવવા માટે સૌથી વધારે હિસ્સો જોઈએ છે. બાકીના કર્મોને સ્થિતિ પ્રમાણે જથ્થો મળે છે. મોહનીયની સ્થિતિ મોટી છે માટે એને બીજા ક્રમનો જથ્થો મળે છે એમ ક્રમશઃ સમજવું. દા. ત. ૬૪૦૦૦ જેટલા પ્રદેશનો જથ્થો મળ્યો એમાંથી ૪૮૦૦૦ વેદનીયને, ૧૨૦૦૦ મોહનીયને, ૧૦૦૦ જ્ઞાનાવરણીયને, ૧૦૦૦ દર્શનાવરણીયને, ૧૦૦૦ અંતરાયને, ૩૭૫ નામને, ૩૭૫ ગોત્રને અને સૌથી નાનો હિસ્સો ૨૫૦નો આયુષ્ય કર્મને મળે છે. આ રીતે પ્રદેશની વહેંચણી થઈ જાય છે.

પ્રદેશ બંધનું કારણ યોગ છે. જીવ યોગાનુસાર ઓછાવત્તા પ્રમાણમાં કાર્મણસ્કંધને ગ્રહણ કરે છે. જેમ કોઈ યાત્રી ધીમેથી ચાલે તો ઓછો રસ્તો કપાય અને ઝડપથી ચાલે તો વધુ રસ્તો કપાય છે એમ કોઈ જીવની મન-વચન-કાયાની પ્રવૃત્તિ ધીમી હોય તો થોડા અને પ્રવૃત્તિ ઝડપી હોય તો વધુ કાર્મણસ્કંધો ગ્રહણ થાય છે. એટલે જીવ યોગાનુસાર કાર્મણસ્કંધો ઓછા ગ્રહણ કરે તો દરેક કર્મના ભાગમાં થોડા કર્મદલિકો આવે અને વધુ ગ્રહણ કરે તો વધુ કર્મદલિકો મળે.

(૩) **સ્થિતિબંધ– (Period)** પ્રકૃતિને અનુરૂપ તે કાર્મણ સ્કંધોનું અમુક કાળ સુધી આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ. કાળ પૂરો થતાં કર્મ ખરતા જાય અને નવા કર્મ આવતા જાય. જેમ ગાય આદિનું દૂધ ઉનાળામાં જલ્દી બગડી જાય. શિયાળામાં ઠંડકમાં લાંબો સમય ટકે એ જ રીતે નામ ગોત્રના પુદ્‌ગલ વધુમાં વધુ (ઉત્કૃષ્ટ) ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી આત્મપ્રદેશો ઉપર ચોંટી રહે છે. તેમ જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, એ ચાર કર્મના સ્કંધો વધુમાં વધુ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ટકે છે. મોહનીય કર્મના પુદ્‌ગલો વધુમાં વધુ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ચોંટેલા રહે છે. સૌથી ઓછો સમય-આયુષ્ય કર્મના વધુમાં વધુ ૩૩ સાગરોપમ સુધી ચોંટી રહે છે. બધા કર્મોનો ઓછામાં ઓછો (જઘન્ય) કાળ અંતર્મુહૂર્તનો છે. એમાંય શાતા- વેદનીયનો કાળ તો માત્ર બે સમય સુધી ટકવાનો છે.

સ્થિતિબંધનું કારણ કષાય છે એટલે કષાયની માત્રા પ્રમાણે કાર્મણસ્કંધમાં સ્થિતિનો નિર્ણય થાય છે. જો કષાયની માત્રા વધુ

હોય તો તે વખતે ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો આત્મપ્રદેશ પર વધુ અને જો કષાયની માત્રા ઓછી હોય તો ઓછો સમય ચોંટી રહે છે.

(૪) **અનુભાગ-રસબંધ (Intensity-Quality) :** કર્મની તે પ્રકૃતિ ઓછા કે વધારે જુસ્સા-બળથી શુભારંભ કર્મનો અનુભવ કરાવે તે રસબંધ કહેવાય. જેમ કોઈ પશુના દૂધમાં મીઠાશ વધુ હોય, કોઈમાં ઓછી. વળી ઘનતા કે ચિકાશનું પ્રમાણ પણ ઓછું વધુ હોય. બકરીના દૂધમાં ચિકાશ ઓછી અને ભેંસના દૂધમાં વધુ હોય. એ જ દૂધને ઊકાળવામાં આવે તો ચીકાશ વધે છે અને પાણી નાખીએ તો ચીકાશ ઓછી થાય છે. એ જ રીતે કષાયની માત્રાનુસાર શુભાશુભ કર્મપ્રકૃતિમાં રસબંધ થાય છે. જેમ જેમ કષાયોની તીવ્રતા વધતી જાય તેમ તેમ અશુભ કર્મોમાં રસનું પ્રમાણ વધતુ જાય અને શુભકર્મોમાં ઘટતું જાય એ જ રીતે કષાયોની માત્રા ઘટતી જાય તેમ તેમ શુભકર્મોમાં રસની વૃદ્ધિ અને અશુભમાં હાનિ થાય છે.

અહીં પ્રવૃત્તિ કરતાં વૃત્તિનું મહત્ત્વ વધારે છે. એક ગુંડો અને ડૉક્ટર બંનેના હાથમાં છરી છે. બંને છરીનો ઉપયોગ કરે છે પણ બંનેની વૃત્તિમાં આસમાન જમીનનો ફરક છે. એક વેદના આપે છે બીજો મટાડે છે એટલે કર્મના રસબંધમાં પણ ફરક પડી જશે.

કર્મ કરતી વખતે જીવાત્માનો ભાવ કેવો છે તેના પર રસબંધનો આધાર છે. એક જ કર્મ માણસ રસ રેડીને કરી શકે અને એ જ કર્મ રસ વગર પણ થઈ શકે છે. જો કોઈ કર્મ આપણે રસ વિના કર્યું હશે તો તે કર્મ ઉદયમાં આવશે ત્યારે એની તીવ્રતા-વેગ ઓછો હશે. રસપૂર્વક કર્યું હશે તો તીવ્ર-વેગ હશે. તેથી પુણ્યકર્મ રસપૂર્વક કરવું અને પાપકર્મ ઉદાસીનભાવે કરવું.

કોઈ વ્યક્તિને અસહ્ય વેદના થતી હોય ત્યારે સમજવું કે તેણે રસપૂર્વક કોઈને દુઃખ આપ્યું હશે. અને સરળતાથી સફળતાના પગથિયાં ચડતા જોઈને સમજવું કે તેણે રસ રેડીને પુણ્યકર્મ બાંધ્યા હશે.

આમ કાર્મણસ્કંધો બંધ સમયે ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે એનું સ્વરૂપ બરાબર સમજાઈ જાય તો કેવા પ્રકારના બંધ થાય તે વિશે જાગ્રત થઈ શકાય અને ધીમે ધીમે હળવા કર્મબંધ કરીને સર્વથા મુક્ત પણ થઈ શકાય.

**(૨) સત્તા–**

કર્મોની આત્મપ્રદેશ પર હાજરી. બંધથી કાર્મણ વર્ગણા જે સમયે ચોંટે છે તે સમયથી માંડીને આત્માની સાથે જ્યાં સુધી રહે છે તેને સત્તા કહે છે. **અર્થાત્ કર્મ બંધાયા પછી સિલકમાં હોવું કર્મનું આત્મા ઉપર રહેવું. સત્તાનો અર્થ છે હોવાપણું. આત્માની બેંકમાં કર્મનું હોવાપણું.** દા. ત. આપણી પાસે કરોડો રૂપિયા છે પણ બેંકમાં જમા છે. હમણાં આપણા હાથમાં નથી. એમાંથી આપણે ભોગવવા હોય એટલા જરૂરિયાત મુજબ ઉપાડતા જઈએ છીએ. એમ કર્મો હમણાં ઉદયમાં ન હોય પણ આપણી આત્મબેંકમાં જમા (બેલેન્સ) પડ્યા હોય અને યથાસમયે ઉદયમાં આવતા જાય.

સત્તા બે પ્રકારની છે–સ્વરૂપ સત્તા અને પરરૂપ સત્તા.

**સ્વરૂપ સત્તા**–જે કર્મો પોતાના બંધ વખતે નક્કી થતાં મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તેને **સ્વરૂપ સત્તા** કહેવાય.

**પરરૂપ સત્તા**–જે કર્મો અન્ય સજાતીય કર્મપ્રકૃતિમાં સંક્રમીને પોતાના મૂળ સ્વભાવને છોડીને પરરૂપ થઈને આત્માની સાથે રહે તેને **પરરૂપસત્તા** કહેવાય છે.

**(૩) અબાધાકાળ–**

અ=નહિ, બાધા=ફળનો ભોગવટો, પીડા (ઉદયરૂપ પીડા), કાળ=સમય. કર્મ બંધાયા પછીના પ્રથમ સમયથી જ્યાં સુધી એ અનુભવાય નહિ–એનું ફળ મળે નહિ એટલે ઉદયમાં ન આવે ત્યાં સુધીનો સમય તે અબાધાકાળ. એમાં પ્રદેશોદય કે વિપાકોદય બંને ન હોય.

કર્મ બંધાઈને સત્તામાં ગયા પછી કર્મ ફિક્ષ ડિપોઝીટની જેમ ફિક્ષ થઈ જાય છે અને એની મુદ્દત પાકતાં ઉદયમાં આવે છે. એને અભોગ્યકાળ કે અબાધાકાળ કહે છે. એને શાંતિકાળ પણ કહે છે. જેમ બેંકમાં પૈસા ભરવા ભેગા જ આપણને મળતા નથી પણ એની કેટલીક પ્રોસીજર થયા પછી મળે છે. એમ કર્મ બંધાયા પછી એ જ સમયે ઉદયમાં ન આવી શકે એ અવસ્થાને અબાધાકાળ કહેવાય છે. અથવા તો જેમ બીજને વાવતાં તુરત જ ફળ આપવાનું શરૂ થતું નથી. માટીમાં ધરબાય, પછી અંકુરિત બને, છોડમાંથી વૃક્ષ બને પછી જ ફળ આપે. એ વચ્ચેની અવસ્થા તે અબાધાકાળ.

અબાધાકાળ દરમિયાન કર્મ દલિક રચના ન કરે ને ફળ પણ ન આપે. એને સૂતેલા અજગર સમાન કહ્યું છે. જે કર્મની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ બંધાય તેટલા જ ૧૦૦ વર્ષનો અબાધાકાળ બંધાય છે. દા. ત. મોહનીય કર્મ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનું છે તો ૭૦ x ૧૦૦ = ૭૦૦૦ વર્ષ સુધી કર્મદલિક ઉદયમાં આવે નહિ. જે કર્મની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમની અંદર બંધાય છે તેનો અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય છે.

કર્મને પાકવા માટે સમય જોઈએ છે એ સમજાઈ જાય તો કર્મના ઉદયમાં વર્તતી વિષમતા જાણીને વિચલિત નહિ થઈએ. આજે કુકર્મીઓને લહેર કરતા જોઈએ છીએ અને ધર્મીને દુઃખી થતા જોઈએ છીએ ત્યારે અબાધાકાળને સામે રાખશું તો કર્મના ફળ પ્રત્યે અશ્રદ્ધા નહિ થાય. પાપી હમણાં જે કર્મ બાંધે છે તેનો અબાધા ચાલુ છે અને પૂર્વે બાંધેલા પુણ્યકર્મનું ફળ ભોગવાઈ રહ્યું છે અને ધર્મી હમણાં જે દુઃખ ભોગવે છે તે પણ પૂર્વકૃત જ છે. હમણાંનો ધર્મ ત અબાધામાં છે જે પાછળથી ઉદયમાં આવશે.

આપણે પણ અનેક જન્મોના કર્મો લઈને અહીં આવ્યા છીએ. એમાંય કોઈ અબાધા કાળમાં હશે તો કોઈ ઉદયમાં આવી રહ્યા છે.

**(૪) ઉદય–**

**કાલમર્યાદાથી કર્મોનું સ્વતઃ ફળ દેવું.** કર્મપુદ્‌ગલ કાર્ય કરવામાં જ્યારે સમર્થ થઈ જાય તેને ઉદય કહે છે અર્થાત્ કર્મોનો અબાધાકાળ પૂરો થતા કર્મની ભોગવવાની અવસ્થા. ઉદય બે રીતે થાય છે. (૧) પ્રાપ્તકાળમાં કર્મનો ઉદય એટલે અબાધાકાળ વિત્યા પછીનો ઉદય, જેને શુદ્ધોદય કહે છે. (૨) અપ્રાપ્તિકાળનો ઉદય–અબાધાકાળ

વિત્યા પહેલાં ઉદીરણકરણથી થતો ઉદય, જેને અશુદ્ધોદય કહે છે.

કર્મનો અબાધાકાળ પૂરો થાય અને કર્મદલિકો ક્રમશઃ ગોઠવાઈને (નિષેક રચના) ફળ આપવાનું શરૂ કરે છે. તે ઉદય બે પ્રકારના છે. પ્રદેશોદય અને વિપાકોદય.

(૧) પ્રદેશોદય–જે કર્મનો ઉદય આત્મપ્રદેશે આવીને ખરી જાય છે પણ જીવને અનુભવમાં આવતો નથી તેને પ્રદેશોદય કહે છે. જેમ કે નજરકેદના કેદીને જેલની અનુભૂતિ ન થાય પણ કેદી તરીકેની સજા તો ભોગવી જ રહ્યો હોય છે. તેમ જ કેટલાક કર્મ પોતાની સજાતીય પ્રકૃતિના વિપાકોદયમાં ભળીને પણ ભોગવાઈ જાય તો તેને પણ પ્રદેશોદય કહેવાય છે.

(૨) વિપાકોદય–કર્મદલિકો પોતાના મૂળ સ્વરૂપે એટલે કે જે રીતે બંધાયા હોય એ જ રીતે ભોગવાય–અનુભવાય તેને વિપાકોદય કહે છે. જે કર્મ ઉદયમાં આવતા ફળની અનુભૂતિ કરાવીને નષ્ટ થાય, આત્મપ્રદેશોમાં અનુભવ કરાવીને ભોગવાઈ જાય તે વિપાકોદય છે. વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારના ફળ આપવાની શક્તિને વિપાક કહેવાય છે.

અબાધાકાળ વિત્યા પછી કેટલાક કર્મ પ્રદેશોદયથી તો કેટલાક વિપાકોદયથી ઉદયમાં આવે છે. જિનનામકર્મ પ્રદેશોદયથી જ આવે છે. આયુષ્ય કર્મ વિપાકોદયથી જ આવે છે એનો પ્રદેશોદય હોતો જ નથી. બાકીના કર્મ બંને પ્રકારે ઉદયમાં આવે છે. એ કર્મોનો જો વિપાકોદય થાય એવી પરિસ્થિતિ ન હોય તો પ્રદેશોદય તો અવશ્ય હોય જ છે. એટલે અબાધા વિત્યા પછી બેમાં એક ઉદય હોય જ.

કર્મનો પરિપાક અને ઉદય સહેતુક પણ થાય અને નિર્હેતુક પણ થાય એટલે સ્વયં પણ થાય અને બીજા દ્વારા પણ થાય. નિમિત્તથી પણ થાય અને નિમિત્ત વગર પણ થાય.

સહેતુકમાં પાંચ પ્રકારના હેતુ ભાગ ભજવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. દા. ત.

**દ્રવ્યથી** – કોઈએ આઈસ્ક્રીમ ખાધો ને એ દ્રવ્ય શરદી થવા માટે નિમિત્ત બન્યું. એનાથી અશાતાવેદનીયનો ઉદય થયો તેને દ્રવ્યહેતુ કહેવાય. દ્રવ્ય નિમિત્ત બન્યું.

**ક્ષેત્રથી** – હિમાલયની બરફમાળામાં ગયા અને શરદી થઈ તે ક્ષેત્રહેતુ કહેવાય.

**કાળથી** –ચોમાસાની ઋતુમાં ભીંજાયા અને શરદી થઈ તે કાળહેતુ કહેવાય.

**ભાવથી** –ક્રોધાદિના આવેશમાં ઝગડ્યા ને રડવું આવ્યું જેથી શરદી થઈ તે ભાવ હેતુ કહેવાય.

**ભવથી** - ભવ જ એવો મળ્યો કે સતત પાણીના સંપર્કમાં રહેવું પડે ને કાયમી શરદી રહે તે ભવહેતુ કહેવાય.

આમ ઉદયમાં હેતુ પણ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

**(૫) ઉદીરણા-**

અપરિપક્વકાળ ભોગવવો- નિયમ સમયથી પહેલાં કર્મનું ઉદયમાં આવવું કે ભોગવાવું તેનું નામ ઉદીરણા. વિશેષ અધ્યવસાયથી અથવા વિશેષ પ્રયત્નથી તપ વગેરે કરીને જે કર્મ હમણાં ઉદયમાં આવવાનું નથી પણ ભવિષ્યમાં ઉદયમાં આવવાનું છે તેની સ્થિતિનો ઘાત કરીને જલ્દીથી ઉદયમાં આવવા યોગ્ય બનાવી દેવા તેને ઉદીરણા કહે છે. ટૂંકમાં લાંબાકાળે ફળ આપવા યોગ્ય કર્મને શીઘ્ર ફળ આપવાની યોગ્યતાવાળા કરીને ઉદયમાં લાવવા તે ઉદીરણા. તે પ્રયત્નથી પણ થાય છે અને અપવર્તનાદિથી સ્વતઃ પણ થાય છે. ફીક્ષ ડિપોઝીટમાંથી મુદત પાક્યા પહેલાં પૈસા ઉપાડવા (પ્રીમેચ્યોર કાળમાં પૈસા લેવા). ઉદયમાં આવેલા અથવા જે કર્મ ઉદયાવલિકામાં (પાકી ગયા) આવી ગયા હોય તેની ઉદીરણા ન થાય. જેમ કે ફીક્ષ ડિપોઝીટની મુદત પાકી જાય પછી પ્રીમેચ્યોર ન કહેવાય. સહેજે પૈસા મળવાના જ છે. એમ ઉદયાવલિકાના કર્મ સહેજે ઉદયમાં આવવાના જ છે એના માટે કોઈ પુરુષાર્થ (પ્રયત્ન) કરવાની જરૂર નથી.

ઉદીરણાનો સામાન્ય નિયમ છે કે જે કર્મપ્રકૃતિનો ઉદય કે ભોગ થઈ રહ્યો હોય તે જ કર્મના સજાતીય પ્રકૃતિની ઉદીરણા થઈ શકે છે. દા. ત. શાતા વેદનીયનો ઉદય ચાલુ છે અને વિધિવત્ ઉપવાસ કરતા શરીરને કષ્ટ પડે, માથું દુઃખે, પિત્ત ચડે વગેરેથી અશાતાવેદનીયને ઉદયમાં લઈ આવ્યા તે અશાતા વેદનીયની ઉદીરણા કરી કહેવાય. આ રીતે સજાતીયમાં શુભ–અશુભ બંનેની ઉદીરણા થઈ શકે છે.

૬ઠ્ઠા ગુણસ્થાન પછી આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા થતી નથી. કારણકે અપ્રમત્ત અવસ્થામાં એના ઉદીરણા યોગ્ય અધ્યવસાયો હોતા નથી. બધા કર્મના ઉદયની જેમ ઉદીરણા પણ ચાલુ હોય છે. આયુષ્ય સિવાયના કર્મોની ઉદીરણા સમયે સમયે થાય છે. કોઈ પણ કર્મ છેલ્લી ઉદયવલિકામાં આવી જાય પછી માત્ર એનો ઉદય જ હોય છે ઉદીરણા ન થાય; કારણકે કર્મનો સ્ટોક જ ખતમ થવા આવ્યો. છેલ્લી ઉદયવલિકા પછી કોઈ કર્મદલિક જ નથી તો ઉદીરણા કેવી રીતે થાય. આયુષ્યકર્મની ઉદીરણા પ્રદેશથી જ થાય સ્થિતિ આદિથી ન થાય. બાકીનાની પ્રકૃતિ આદિ ચારે પ્રકારથી ઉદીરણા થઈ શકે. આમ ઉદીરણાથી કર્મ સમય પહેલાં પણ ભોગવાઈ શકે છે.

**(૬) સંક્રમણ–**

એક કર્મપ્રકૃતિનું પોતાની સજાતીય કર્મપ્રકૃતિમાં રૂપાંતર થવું તે સંક્રમણ કહેવાય. અર્થાત્ મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિનું શ્રુતજ્ઞાનાવરણીય પ્રકૃતિમાં રૂપાંતર થવું. પણ વિજાતીયમાં રૂપાંતર ન થઈ શકે એટલે કે જ્ઞાનાવરણીય સિવાયની પ્રકૃતિઓમાં ટ્રાન્સફર ન થાય. મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ ચક્ષુજ્ઞાનાવરણીયમાં ટ્રાન્સફર ન થઈ શકે. તેમ જ આયુષ્યકર્મની પ્રકૃતિઓ સજાતીય હોય તો પણ સંક્રમણ થતું નથી. એ જ રીતે દર્શન મોહનીયની પ્રકૃતિઓનું ચારિત્ર મોહનીયમાં સંક્રમણ નથી થઈ શકતું.

આ સંક્રમણ માત્ર સજાતીય પ્રકૃતિમાં થાય છે પણ એક કર્મનું બીજા કર્મમાં સંક્રમણ ન થાય. જ્ઞાનાવરણીય કર્મ દર્શનાવરણીય કર્મમાં ફેરવાઈ જાય નહિ.

સંક્રમણના ચાર પ્રકાર છે-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ સંક્રમણ.

(૧) **પ્રકૃતિ સંક્રમણ**-એક સજાતીય પ્રકૃતિનું બીજી સજાતીયમાં સંક્રમણ થવું.

(૨) **સ્થિતિ સંક્રમણ**-દીર્ઘકાલીન કર્મસ્થિતિનું અલ્પકાલીન અને અલ્પકાલીન કર્મસ્થિતિનું દીર્ઘકાલીન રૂપે પરિવર્તન થવું.

(૩) **અનુભાગ સંક્રમણ**-આત્માના ભાવોમાં પરિવર્તન થવું. કર્મોની ફળ આપવાની તીવ્ર શક્તિનું મંદ શક્તિમાં અને મંદ શક્તિનું તીવ્ર શક્તિમાં પરિવર્તન થવું.

(૪) **પ્રદેશ-સંક્રમણ**-બહુપ્રદેશનું અલ્પપ્રદેશ રૂપે અને અલ્પપ્રદેશનું બહુપ્રદેશ રૂપે પરિવર્તન થવું તે પ્રદેશ સંક્રમણ કહેવાય.

સંક્રમણને મનોવિજ્ઞાનની ભાષામાં માર્ગાંતરીકરણ (Sublimation of Mental Energy) તથા ઉદ્દાતીકરણ કહેવામાં આવે છે.

સંક્રમણનો સિદ્ધાંત પ્રત્યેક વ્યક્તિ માટે એક આશાસ્પદ એવમ્ પુરૂષાર્થનો પ્રેરક છે. મનુષ્ય ભલે પાપોથી ઘેરાયેલો હોય પણ વર્તમાનમાં સદ્‌ભાવના-સદ્‌વૃત્તિથી યુક્ત થાય તો કર્મોના દુ:ખદ ફળોથી છૂટકારો પણ મેળવી શકે છે.

**(૭) ઉદ્‌વર્તના–**

ઉદ્=વધારો, વર્તના=વર્તમાન કર્મપ્રકૃતિની નિષેક રચના (કર્મોની ઉદયમાં આવવા માટેની ગોઠવણ). વર્તમાન કર્મપ્રકૃતિની થયેલી નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં વધારો કરવો તે ઉદ્‌વર્તના. તે જે કર્મપ્રકૃતિની હોય, તે પ્રકૃતિ બંધાતી હોય ત્યારે જ થઈ શકે છે. દા. ત. મતિજ્ઞાનાવરણીય કર્મની ઉદ્‌વર્તના મતિજ્ઞાનાવરણીય કર્મ જ્યાં સુધી બંધાતું હોય ત્યાં સુધી જ થઈ શકે છે. બંધ સમયે એકાદ માસ કે તેથી ઓછા સમયમાં ફળ આપવાની યોગ્યતાવાળા ગોઠવાયેલા કર્મદલિકો (કર્મપ્રદેશો)ને એકાદ વર્ષ પછી ફળ આપે તેવા કરવા. એટલે વિપાક આશ્રીત હીન શક્તિવાળા કર્મદલિકોને અધિક શક્તિવાળા કરવા તે ઉદ્‌વર્તના કહેવાય છે. તે શુભ અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે. આયુષ્ય કર્મમાં ઉદ્‌વર્તના ન થાય. પ્રદેશ અને પ્રકૃતિમાં પણ ઉદ્‌વર્તના ન થાય.

**(૮) અપવર્તના–**

અપ=ઘટાડો, વર્તના=વર્તમાન કર્મપ્રકૃતિની નિષેક રચના. વર્તમાન કર્મપ્રકૃતિની થયેલ નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં ઘટાડો કરવો તે અપવર્તના. વિપાક આશ્રી અધિક શક્તિવાળા કર્મ દલિકોને હીનશક્તિવાળા કરવા. સ્થિતિ અને રસની અપવર્તના તે કર્મના બંધ સાથે સંબંધિત નથી. જે કર્મ પ્રકૃતિની સ્થિતિ કે રસની અપવર્તના થાય, તે પ્રકૃતિ બંધાતી હોય કે ન બંધાતી હોય તો પણ થાય છે.

અપવર્તના શુભ કે અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે છે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે છે.

ઉદ્‌વર્તના અને અપવર્તના એટલે જે સ્વરૂપે કર્મ બાંધ્યા હોય એ સ્વરૂપે ઉદયમાં ન આવતા જીવના પરિણામનું નિમિત્ત પ્રાપ્ત કરીને એની સ્થિતિ અને અનુભાગમાં પરિવર્તન થઈ જવું.

**(૯) ઉપશમન–**

ઉપ=આત્મા સમીપે (આત્મા દ્વારા), શમન-ઢાંકવું આવરણ કરવું. જેમકે અંગારા પર રાખનું આવરણ કરવું. તેમ સત્તામાં હોવા છતાં અબાધાકાળ પૂરો થતાં પ્રયત્ન વિશેષ કરીને કર્મને ઉદયમાં ન લાવવાની પ્રક્રિયાને ઉપશમન કહે છે. કર્મોની ઉદય, ઉદીરણા, નિદ્ધત અને નિકાચીત એ ચારે ક્રિયાઓને નિષ્ફળ કરી દેવી તે. કર્મની ફળ આપવાની શક્તિને થોડા સમય માટે દબાવી દેવી તે ઉપશમન. ઉપશમનથી કર્મની સત્તા નષ્ટ થતી નથી. માત્ર થોડા સમય માટે ફળ આપવામાં અક્ષમ બની જાય છે. ઉપશમનનો સીધો સંબંધ મોહનીય કર્મ સાથે છે માટે ઉપશમ માત્ર મોહનીય કર્મનો

## કર્મનું નેટવર્ક સમજાવતું આંશિક રૂપક

૧. **બંધ :** રમેશભાઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીના ટેલિફોન નંબર સેવ કરવા હતા. તે તેમણે મોબાઈલ નેટવર્ક એક્ટીવ કરી કીપેડ દ્વારા સેવ કર્યા. તે બંધ.

૨. **સત્તા :** એ નંબર મેમરી કાર્ડમાં જમા થયા તે સત્તા.

૩. **અબાધાકાળ :** જ્યાં સુધી એ નંબરનો ઉપયોગ ન થઈ શકે ત્યાં સુધી અબાધાકાળ એટલે કે સેવ કરેલાં નંબર રાત્રે ઑફિસ બંધ હોતા ન જોડી શકાય તે અબાધાકાળ.

૪. **ઉદય :** બીજે દિવસે ઑફિસ સમયે નંબર જોડીએ તે ઉદય.

૫. **ઉદીરણા :** પરંતુ મંત્રીશ્રીનું અર્જન્ટ કામ હતું માટે એમના ઘરનો નંબર મેળવીને સમય પહેલાં સંપર્ક કર્યો તે ઉદીરણા.

૬. **સંક્રમણ :** પછી ખબર પડી કે એમના કાર્ય માટે મંત્રીની નહિ પણ પ્રમુખશ્રીની જરૂર છે માટે એ નંબરની જગ્યાએ પ્રમુખશ્રીના નંબર સેવ કર્યા તે સંક્રમણ.

૭. **ઉદ્‌વર્તના :** પ્રમુખશ્રીના બીજા પણ બે નંબર સેવ કર્યા તે ઉદવર્તના.

૮. **અપવર્તના :** પછી ખ્યાલ આવ્યો કે આ નંબર પણ કામના નથી, એટલે તેમાંથી એક નંબર રાખી બીજા નંબર ડિલીટ કર્યા તે અપવર્તના.

૯. **નિધ્ધત :** પ્રમુખશ્રીના નંબર ન લાગતાં ઑફિસ મારફત કૉન્ફરન્સ દ્વારા કોન્ટેક (સંપર્ક) કર્યો, પણ તેમણે જાતે મળવાનું કહ્યું તે નિધ્ધત.

૧૦. **નિકાચિત :** જાતે જ મળીને કોન્ટેક્ટ કરવો પડે તે નિકાચિત..

૧૧. **ઉપશમન :** એ નંબરને બ્લોક કર્યા તે ઉપશમન.

૧૨. **ક્ષયોપશમ :** એમાંથી કેટલાંક નંબર ડીલીટ કર્યા અને કેટલાંક બ્લોક કર્યાં તે ક્ષયોપશમ.

૧૩. **ક્ષય :** હવે તેમના નંબર જરૂરી ન હતા માટે ડીલીટ કર્યાં તે ક્ષય.

થાય છે.

**(૧૦) નિદ્ધત–**

કર્મોનું એક પ્રકારે આત્મા સાથે જોડાણ. કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. એવા બંધને નિદ્ધત બંધ કહેવાય છે. આ બંધમાં કર્મ એટલા દૃઢતર થઈ જાય છે કે તેની સ્થિતિ કે રસમાં વધ-ઘટ (ઉદ્વર્તના-અપવર્તના) થઈ શકે પરંતુ સંક્રમણ, ઉદીરણા વગેરે ન થઈ શકે તેને નિદ્ધતકરણ કહેવાય છે. એના ચાર પ્રકાર છે. પ્રકૃતિ નિદ્ધત, સ્થિતિ નિદ્ધત, અનુભાગ નિદ્ધત અને પ્રદેશ નિદ્ધત.

**(૧૧) નિકાચિત–**

કર્મબંધ વખતે તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ કક્ષાનો તીવ્રતાથી બંધ કરવો તે નિકાચિત બંધ કહેવાય છે. આ બંધ એટલો પ્રગાઢ હોય છે કે તેની કાળ-મર્યાદા અને તીવ્રતામાં કોઈ પરિવર્તન થઈ શકતું નથી અથવા સમયથી પહેલાં ફળ પણ ભોગવી શકાતું નથી. કર્મ જેવા રસો તીવ્રતાથી બાંધ્યા હોય એવા રસો જ ભોગવવા પડે છે. ભોગવ્યા સિવાય તેની નિર્જરા થતી નથી. કર્મની આ અવસ્થાનું બીજું નામ **'નિયતિ'** પણ છે. આમાં ઈચ્છા સ્વાતંત્ર્યનો સર્વથા અભાવ હોય છે. નિકાચીત કર્મમાં ઉદ્વાર્તાના, અપવર્તના, સંક્રમણ, ઉદીરણા, ઉપશમ આદિ કોઈ કરણ લાગુ પડતું નથી. વૈદિક દર્શનોમાં જેને પ્રારબ્ધ કર્મ કહે છે તેવા પ્રકારનું આ કર્મ સ્વરૂપ છે.

**(૧૨) ક્ષય–**


આત્મપ્રદેશથી કર્મ પુદ્ગલનું અલગ થવું તે ક્ષય. બંધાયેલા કર્મ જડમૂળથી નાશ થઈને ફરી ન બંધાય એ રીતે સત્તામાંથી આઠે કર્મનું સંપૂર્ણ નાશ થવું.

**(૧૩) ક્ષયોપશમ–**

જે કર્મ ઉદયમાં આવે તેને વિપાકોદયથી ભોગવી લેવા અને સત્તામાં પડેલા હોય તેનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ માત્ર ચાર ઘાતી કર્મનો જ થાય છે.

આમ આ અવસ્થાઓથી કર્મનું નેટવર્ક વિવિધ રીતે કાર્યરત રહે છે. એની અંદર ડાઉનલોડ અને અપગ્રેડ થાય છે. બંધરૂપ કી પેડથી વિવિધ પ્રકારના બંધથી કર્મો સેવ થાય છે. થોડો સમય રહીને કેટલાક કર્મો મેમરીમાંથી આપોઆપ ડિલિટ થાય છે એની જગ્યાએ નવા કર્મો આવતા જાય છે. કેટલાક ડોરમન્ટ કે બ્લોક થાય છે. કેટલાક મીસ, ટ્રાન્સફર કે વેઇટીંગમાં જાય છે. કેટલાક કોન્ફરન્સ સીસ્ટમાંથી ઉદયમાંઆવે છે. એકના એક મોબાઈલથી કંટાળીને નવો લઈએ એમ સીમકાર્ડ વિવિધ ગતિ અને જાતિવાળા મોબાઈલમાં ઈન્સર્ટ કરીએ છીએ. જ્યારે એમ લાગે કે હવે આ નેટવર્કથી ખરેખર ત્રાસ થાય છે ત્યારે સીમકાર્ડ ડીએક્ટીવ કરી નાંખીએ એમ કર્મોલોપાવાળા આત્મારૂપ સીમકાર્ડને ડીએક્ટીવ કરીએ એટલે એમાંથી કાર્મણ શરીર કાયમી વિદાય લઈ લે છે; જેથી આત્મા નેટવર્કથી મુક્ત થઈ જાય છે તે ફરીથી એક્ટિવ થઈ શકતો નથી અને સિદ્ધક્ષેત્રમાં જઈને સ્થિર થઈ જાય છે. સર્વથા પોતાની મસ્તીમાં લીન થઈ જાય છે.✷ ✷ ✷

**આત્મા દ્વારા કર્મોને ગ્રહણ કરવાની પ્રક્રિયા**




આત્મા કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે તે હકીકત પ્રસારણ કેન્દ્ર અને રેડીઓ દ્વારા સમજાવવામાં આવી છે. જેવી રીતે પ્રસારણ કેન્દ્ર સમાચાર પ્રસારિત કરે છે ત્યારે ધ્વનિ તરંગો ટ્રાન્સમીટ દ્વારા વિદ્યુત તરંગોમાં પરિવર્તિત થઈને આખા વિશ્વમાં ફેલાઈ જાય છે જે રેડીયોના યંત્રથી ફરી ધ્વનિરૂપે પરિવર્તીત થઈ જાય છે. એવી રીતે આખા વિશ્વમાં ફેલાયેલી કાર્મણ વર્ગણા આત્મા દ્વારા ગ્રહણ થઈને કર્મરૂપે પરિણત થઈ જાય છે. [ સૌજન્ય : 'રે કર્મ ! તારી ગતિ ન્યારી.' ]

# કર્મની કથની

*'રમત રમાડે કર્મરાયજી દાવ રમે છે સઘળા,*
*કોઈને બનાવે રંક તો કોઈને બનાવે રાજા'*

જૈનદર્શન અનુસાર મુખ્ય આઠ કર્મ છે. તેમાં કર્મ કેવા કેવા દાવ ખેલીને રમત રમાડે તેનું આલેખન, કર્મનું સ્વરૂપ વગેરેનું ચિત્રણ કથા સહિત અહીં પ્રસ્તુત છે.

**જ્ઞાનાવરણીય કર્મ :**

આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે તે અનંત છે. જગતના અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરવા માટે સમર્થ છે. તેમ છતાં આજે આપણું જ્ઞાન અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરી શકતું નથી. જેમ સૂર્ય બધાને પ્રકાશિત કરી શકે તેવો શક્તિશાળી છે, છતાં જ્યારે તેના પર વાદળાં આવી જાય ત્યારે તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી. એવી જ રીતે અનંત વસ્તુને જણાવનાર આત્માના જ્ઞાનગુણરૂપી સૂર્ય ઉપર જ્ઞાનાવરણીય કર્મરૂપી વાદળાં આવી જવાથી આપણને અનંત વસ્તુઓનું જ્ઞાન થતું નથી.

શાસ્ત્રકાર ભગવંતે જ્ઞાનાવરણીય કર્મને આંખે બાંધેલા વસ્ત્રના પાટાની ઉપમા આપી છે. જેમ કે કોઈ વ્યક્તિની આંખો પર કપડાંના ઘણાં પડવાળો પાટો બાંધવામાં આવ્યો હોય તો તે આંખો હોવા છતાં વસ્તુઓને સંપૂર્ણ રીતે જોઈ શકતો નથી. તેવી જ રીતે આપણે પણ અનંત જ્ઞાનની શક્તિ ધરાવતા હોવા છતાં જગતના પદાર્થોને પૂર્ણતઃ જાણી શક્તા નથી. જેમ જેમ આંખ ઉપરના (કપડાના) પાટાના પડ ખૂલતાં જાય તેમ તેમ વસ્તુને વધુ સારી રીતે જાણી શકાય છે. તેવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મ જેમ જેમ ઓછું થતું જાય, તેમ તેમ આપણું જ્ઞાન વધુ ને વધુ વસ્તુઓને પ્રકાશિત કરી શકે છે.

જ્ઞાનાવરણીય કર્મની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણીય આ પાંચે ઉત્તર પ્રકૃતિઓ છે.

**જ્ઞાનાવરણીય કર્મબંધના કારણો**

૧. જ્ઞાન કે જ્ઞાનીના અવર્ણવાદ અવગુણ બોલવા, નિંદા કરવી વગેરે.

૨. જ્ઞાન કે જ્ઞાનીને છુપાવવા, જેમ કે જેની પાસેથી જ્ઞાન મેળવ્યું હોય એનું નામ છુપાવીને કહે કે આ જ્ઞાન તો મેં મારી રીતે જ મેળવ્યું છે. આમ જ્ઞાનદાતાનું નામ છુપાવીને પોતાની મહત્તા વધારે.

૩. જ્ઞાન ભણતા હોય એને અંતરાય પાડે દા. ત. મમ્મી પોતે ઘરમાં આરામથી બેઠા હોય પણ બેલ વાગે કે ફોનની ઘંટડી વાગે તો પોતે ઊભા ન થાય પણ જે બાળક ભણતું હોય એને ઉઠાડીને બારણું ખોલવાનું કે ફોન લેવાનું કહે. વળી ભણનારના ચોપડા ફાડવા, સંતાડવા જેથી તે ભણી ન શકે. ભણતાં હોય ત્યાં મોટેથી અવાજ કરીને ખલેલ પાડે વગેરે.

૪. જ્ઞાન કે જ્ઞાની પર દ્વેષ કરે, ઈર્ષ્યા કરે. દ્વેષ બુદ્ધિથી ભણનારને હેરાન કરે વગેરે.

૫. જ્ઞાન કે જ્ઞાનીની આશાતના કરે. જ્ઞાનીનો વિનય ન કરે, બહુમાન ન કરે, એમની વાત ન માને. વગેરે.

૬. જ્ઞાની સાથે ખોટા વાદ-વિવાદ કરવાથી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝગડો-કલેશ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આ કર્મને સમજવા માટે શાસ્ત્રોમાં માષતુય મુનિનું ઉદાહરણ આપ્યું છે.

## માષતુષ મુનિનું દૃષ્ટાંત

પાટલીપુત્ર નગરમાં રહેતાં બે ભાઈઓ દીક્ષા લઈ જૈન સાધુ બન્યા. તેમાંથી એક ભાઈની બુદ્ધિ તેજ હોવાથી શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી બહુશ્રુત જ્ઞાની ગીતાર્થ બન્યા. ગુરુદેવે તેમને આચાર્યજીની પદવી આપી. જ્યારે બીજા ભાઈ મંદમતિવાળા હતા. આથી અભ્યાસમાં રુચિ જાગી નહિ. ગોચરી પાણી લાવીને ખાઈને મસ્ત રહી સૂતાં રહેતા. જ્યારે આચાર્યશ્રીનો આખો દિવસ પઠન-પાઠનમાં પસાર થઈ જતો. ક્યારેક તો ગોચરી કરવાનો સમય પણ માંડ માંડ મળતો હતો. એકવાર આચાર્યશ્રી પોતાના ભાઈને જોઈને વિચારવા લાગ્યા કે, અરે! આ કેટલા સુખી છે! ખાઈ-પીને સૂવું, ન કોઈ ચિંતા કે ચિંતન! ત્યારે મને તો સમય જ નથી મળતો. કાશ હું પણ વધુ ભણ્યો ન હોત તો? 'मूर्खत्वं हि सखे ममापि रुचितं' આવી દુર્મતિ આચાર્યશ્રીને સૂઝી. જ્ઞાન ઉપર દ્વેષભાવ લાવવાથી તેમનું જ્ઞાનાવરણીય કર્મ તો બંધાઈ ગયું. જોકે ત્યારબાદ તેમને ખૂબ પશ્ચાતાપ થયો અને પાછા પોતાના સ્વાધ્યાયમાં લીન બની ગયા.

આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે ગયા. સ્વર્ગમાંથી ચ્યવીને પાછા એક ગોવાળને ઘરે પુત્રરૂપે જન્મ્યા. યુવાવસ્થામાં સાધુ-સંતનો સમાગમ પ્રાપ્ત થતાં દીક્ષા ગ્રહણ કરી સાધુ બન્યા. તેમની યાદશક્તિ એટલી સારી હતી કે રોજના ૫૦-૧૦૦ શ્લોકો કંઠસ્થ કરી લેતા હતા. પણ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ આ ભવમાં ઉદયમાં આવ્યું. બન્યું એવું કે ગુરુદેવ પાઠ આપે પરંતુ તેમનાથી પાઠ યાદ રહે નહિ. બે દિવસ, ત્રણ દિવસ વીતી ગયા છતાં પાઠ યાદ રહ્યો નહિ. ત્યારે ગુરુજી સમજી ગયા કે પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું લાગે છે.આથી તેમણે 'मा रुष, मा तुष' અર્થાત્ કોઈની ઉપર દ્વેષ ન રાખ અને કોઈની ઉપર રાગ ન રાખ. આ બે શબ્દનું રટણ કરવાનું કહ્યું. પરંતુ જ્ઞાનાવરણીયકર્મના ઉદયને કારણે આ બે શબ્દ પણ તેમને યાદ રહેતાં નહિ, આથી તેઓ માષતુષ-માષતુષ બોલતા. લોકો પણ તેમના ઉપર હસતાં છતાં તેઓ સમતાભાવે સતત આ બે શબ્દનું રટણ કરતા જેથી તેમનું નામ માષતુષ મુનિ પડી ગયું.

'માષતુષ નો એક અર્થ લોકોએ એવો પણ કર્યો કે 'માષ' એટલે અડદ અને 'તુષ' એટલે ફોતરાં. અર્થાત્ અડદની ફોતરાવાળી દાળ એવો અર્થ કરીને લોકો તેમને અડદની દાળ જ વહોરાવતા હતા, જે એમના સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ હતી છતાં તેઓ તપોભાવમાં સ્થિર રહી ભિક્ષા ગ્રહણ કરતા હતા. આ પ્રમાણે બાર વર્ષ વીતી ગયા છતાં પણ જ્ઞાન ગોખવામાં કંટાળો લાવ્યા નહિ. અંતે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. આ રીતે જ્ઞાનાવરણીયકર્મનું વાદળ દૂર થવાથી કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ થયો. જ્ઞાનની આશાતનાથી જે જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું હતું તેનો ક્ષય જ્ઞાનની ઉપાસના કરીને અનંતજ્ઞાની બન્યા. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા માટે જ્ઞાન-જ્ઞાનીની ઉપાસના જ સાચો માર્ગ છે.

# દર્શનાવરણીય કર્મ

અનંતદર્શન, આત્માનો ગુણ છે. દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્ય-પર્યાયોને એક સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે. જીવ હંમેશાં દ્રષ્ટા છે. જોકે તે વિશ્વના સર્વ દ્રવ્ય-પર્યાયોને જોઈ શકતો નથી. જેમ સૂર્ય ઉપર વાદળ આવતાં તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી તેમ દર્શનાવરણીયકર્મના આવરણથી જીવ સ્વલ્પ કે સંપૂર્ણ વિશ્વને જોઈ શકતો નથી. આ કર્મ એક છે છતાં પોતાની સાથે નવ નવ મદદગારોને તેણે પોતાનું કાર્ય કરવા રોકી લીધા છે. એટલે કે દર્શનાવરણીયકર્મની ઉત્તરપ્રકૃતિ નવ પ્રકારે છે. તેમાં ચાર પ્રકારે દર્શનનો આવરણ છે અને પાંચ પ્રકારે નિદ્રા બતાવી છે.

દર્શનાવરણીયકર્મને દ્વારપાળની ઉપમા આપવામાં આવી છે. જેમ કે કોઈ મનુષ્યને રાજાના દર્શન કરવા હોય પણ રાજમહેલમાં પ્રવેશતાં પહેલાં દ્વારપાળ તેને રોકે છે. તેની રજા વગર તે મનુષ્ય રાજાના દર્શન કરી શકતો નથી. તેવી જ રીતે આત્માની જોવાની શક્તિ અનંત છે. પરંતુ આ અનંતદર્શનશક્તિ ઉપર દ્વારપાળ જેવું દર્શનાવરણીયકર્મ આ ગુણને રોકી રાખે છે જેથી આત્મારૂપી રાજાના દર્શન થતાં નથી. પરિણામ સ્વરૂપ અનંતદર્શનશક્તિ હોવા છતાં પણ આત્મા બધું જોઈ શકતો નથી અથવા તો આત્માને નિદ્રાગ્રસ્ત કરીને સૂવડાવી દે છે. જેથી આત્મા કશું પણ જોઈ શકે નહિ. આત્મા ભાન ભૂલીને નિદ્રામાં પડી રહે છે.

**દર્શનાવરણીયકર્મ બંધનના કારણ**

૧. દર્શનના ધારકજનોની નિંદા કરે, દોષ બોલે, આ લોકો જૂઠાં છે વગેરે બોલવાથી.
૨. દર્શન કે દર્શનીના ઉપકાર ન માનવાથી, જેમ કે દર્શનીની પાસેથી ઉપદેશ સાંભળે, જ્ઞાન-શ્રદ્ધા વગેરે સ્વીકારે ત્યારપછી તેના તત્ત્વજ્ઞાનને છુપાવીને પોતાની બડાઈ હાંકે છે કે આ તો મને આવડતું હતું. વગેરે.
૩. દર્શની ભણતાં હોય એને અનંતરાય પાડે, તેમજ જીવ માત્ર દર્શન સહિત છે. એટલે એના કોઈપણ કાર્યમાં અંતરાય પાડવું તે વગેરે.
૪. દર્શન અને દર્શનીની આશાતના કરવી, દર્શનીનો વિનય ન કરવો, તેના ઉપકરણો, વસ્તુઓ વગેરેની આશાતના કરવી.
૫. દર્શન કે દર્શની પર દ્વેષ કરવો, અર્થાત્ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ થતું હોય ત્યારે મનમાં એ તત્ત્વજ્ઞાન પ્રત્યે, તેના વક્તા પ્રત્યે કે તેના સાધનો પ્રત્યે ઈર્ષ્યા કરવી વગેરે.
૬. દર્શની સાથે ખોટા-વાદવિવાદ કરવા, તેની સાથે અસભ્યતા બતાવવી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝઘડો કરવાથી દર્શનાવરણીયકર્મ બંધાય છે.

## ભાનુદત્ત મુનિનું દષ્ટાંત

એક સમયની વાત છે. તે સમયે એક મહાન અને વિદ્વાન પૂજ્ય આચાર્યદેવ નામના એક ગુરુભગવંત હતા. તેમના એક શિષ્યનું નામ ભાનુદત્તમુનિ હતું. આચાર્યદેવના આ ભાનુદત્ત મુનિ મુખ્ય અને ખાસ શિષ્ય હતા. આથી આચાર્યદેવે તેમને ખૂબ પરિશ્રમ કરી ચૌદ પૂર્વોનો અભ્યાસ કરાવ્યો. શિષ્ય ભાનુદત્ત મુનિ પણ હોંશિયાર અને વિદ્વાન હતા. આથી થોડા જ વખતમાં ચૌદપૂર્વનું જ્ઞાન મેળવી લીધું. જેના કારણે તેઓ પણ ચૌદપૂર્વધારી કહેવાતા હતા.

નીતિકારો કહે છે કે ધન અને વિદ્યા મળ્યા પછી એમને સંભાળવાનું અતિ દુષ્કર છે. ભલભલાને પણ લક્ષ્મી અને વિદ્યાનો મદ ચડતાં વાર લાગતી નથી. તેમાં પણ ભાનુદત્ત મુનિ ચૌદપૂર્વધારી મહાત્મા હતા. વિદ્યાનો મદ (ગર્વ) વધતો ગયો. વળી પૂર્વે દર્શનાવરણીય કર્મબંધના છ કારણોમાંથી કોઈ પણ કારણ વડે દર્શનાવરણીયકર્મબંધ કર્યો હશે તેનો પણ ઉદય થયો. જેના કારણે પ્રમાદ અને નિદ્રાનો ઉદય વધતો ગયો જેના ફળ સ્વરૂપે સૂર્યાસ્ત થતાં જ આંખો ઘેરાવા લાગતી, ગુરુદેવ વારંવાર એમને જગાડવાનો પ્રયત્ન કરતાં પરંતુ તેમના માટે જાગવું મુશ્કેલ બનતું ગયું. છતાં ગુરુદેવ એમને જગાડીને સાવધાન કરતાં અને કહેતાં કે હે પૂર્વધર મુનિ! પૂર્વોની પુનરાવૃત્તિ કરી લો, નહીંતર ભૂલી જશો. પરંતુ નિદ્રાના ઉદયથી પ્રમાદગ્રસ્ત બનેલા ભાનુદત્ત મુનિ ગુરુની હિતશિક્ષા સાંભળવાને બદલે ક્રોધિત થઈ જતાં અને પૂર્વોની પુનરાવૃત્તિ આદિ કરતાં ન હતાં.

આ રીતે કેટલોક સમય વીતતો ગયો. શિષ્યને ક્રોધ કરતો જોઈને ગુરુદેવે પણ હવે શિખામણ આપવાનું કે કહેવાનું બધું જ છોડી દીધું. હવે તેમને કોણ કહે ? કોણ જગાડે ? પ્રમાદ અને નિદ્રા એટલાં બધાં વધી ગયા કે આખું પ્રતિક્રમણ પણ નિદ્રામાં વિતાવવા લાગ્યા. ક્યારે પ્રતિક્રમણ શરૂ થયું અને ક્યારે પૂરું થયું ? કોણ, ક્યારે શું બોલ્યું ? વગેરે કશી જ ખબર ભાનુદત્ત મુનિને રહેતી નહિ.

આમ દિવસ-રાત તેમનો સમય હવે નિદ્રા અને પ્રમાદમાં પસાર થવા લાગ્યો. જેથી તેમનું ચૌદ પૂર્વનું જ્ઞાન પણ ધીરે ધીરે ભૂલાવા લાગ્યું. આમ નિદ્રામાં ને નિદ્રામાં તેમનું ભણ્યું-ગણ્યું બધું જ નકામું ગયું. અંતે તેઓ બધું જ ભૂલી ગયા. અને મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયા. એક નિદ્રાદર્શનાવરણીયકર્મને કારણે ચૌદ પૂર્વધારી મહાત્મા પણ દુર્ગતિમાં ગયા.

# વેદનીય કર્મ

વિશુદ્ધ સુખ, શાશ્વત સુખ, આત્માનો ગુણ છે. પુણ્યકર્મના ઉદયથી જે સુખ મળે તે પૌદ્‌ગલિક સુખ છે, દુઃખ સાપેક્ષ સુખ છે. જ્યારે સંપૂર્ણ કર્મનો ક્ષય થવાથી જે સુખ મળે છે તે આત્મિક સુખ છે. તેને અવ્યાબાધ સુખ કહે છે. અર્થાત્ દુઃખ-પીડા રહિતનું સુખ. આવા અવ્યાબાધ સુખને ઢાંકનારા કાર્મણસ્કંધોને વેદનીયકર્મ કહે છે. વેદનીય કર્મ જીવને શાતા અને અશાતા આપી તેના મૌલિક અને સાહજિક સુખને રોકે છે.

વેદનીયકર્મનો સ્વભાવ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટવા જેવો છે. જેમ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટતાં મધુ મીઠું લાગવાથી પ્રથમ સુખનો અનુભવ થાય છે. અને પછી મધની સમાપ્તિથી જીભ કપાઈ જતાં દુઃખનો અનુભવ થાય છે. તેવી જ રીતે જીવને મનગમતાં સાધનો મળતાં સુખનો અનુભવ થાય છે અને અણગમતા સાધનનો સંયોગ થતાં દુઃખનો અનુભવ થાય છે. એટલે વેદનીય કર્મ, જીવને સુખદુઃખનો અનુભવ કરાવતું હોવાને કારણે, શાતાવેદનીય અને અશાતાવેદનીય એમ ઉત્તરપ્રકૃતિ રૂપે બે પ્રકારે છે. વેદનીય કર્મને મધુલિપ્ત તલવારની ઉપમા આપવામાં આવી છે.

**વેદનીય કર્મબંધના કારણો**

ભગવતી સૂત્રમાં શાતાવેદનીય કર્મબંધના દસ કારણો તેમ જ અશાતાવેદનીય કર્મબંધના બાર કારણો બતાવ્યા છે. જેમ કે,

વિકલેન્દ્રિય જીવો, વનસ્પતિ જીવો, પંચેન્દ્રિય જીવો, ચાર સ્થાવર જીવોને દુઃખ ન આપવાથી, શોક ન કરાવવાથી, વિયોગ ન કરાવવાથી, ટપક-ટપક આંસુ ન પડાવવાથી, ન મારવાથી, તેમજ ત્રાસ ન આપવાથી શાતાવેદનીય કર્મબંધ થાય છે.

કોઈ એક પ્રાણીને, ભૂતને, જીવને, સત્ત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા, ત્રાસ ઉપજાવવો. તેવી જ રીતે ઘણાં પ્રાણી, ભૂત, જીવ, સત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા કે ત્રાસ ઉપજાવવાથી અશાતાવેદનીય કર્મબંધ થાય છે.

## મૃગાપુત્રનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. એકવાર ગૌતમસ્વામી પ્રભુ મહાવીર સાથે વિચરતાં વિચરતાં મૃગાવતી નગરના ચંદનપાદય ઉદ્યાનમાં પધાર્યાં. પ્રભુના આગમનની વાત સાંભળી જનતા પ્રભુના દર્શનાર્થે નીકળી, ત્યારે એક દીન-હીન જન્માંધ પુરુષને પણ પ્રભુના દર્શન કરવાનું મન થાય છે. જેથી તે બીજા પુરુષના સહારે પ્રભુ દર્શને આવે છે. તેને જોઈ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પૂછે છે કે, શું આનાથી વધુ બીજો કોઈ દીન-હીન જન્માંધ પુરુષ છે? ત્યારે પ્રભુ મહાવીર જવાબ આપે છે કે, આ નગરના વિજયક્ષત્રિય રાજા અને મૃગાદેવી રાણીને મૃગાપુત્ર નામનો એક બાળક છે જે જન્મથી અંધ છે, તેમ જ હાથ, પગ, આંખ આદિ અંગ-ઉપાંગ વિનાનો છે. તેની માતા મૃગાદેવી તેનું લાલન-પાલન ગુપ્ત રીતે કરે છે. ત્યારે ગૌતમ સ્વામીને તે બાળકને જોવાની ઈચ્છા થઈ. બીજે દિવસે પ્રભુ મહાવીરની આજ્ઞા લઈ તેઓ રાજમહેલમાં આવ્યા અને રાણી મૃગાવતીને ભોંયરામાં ગુપ્ત રીતે રહેલ બાળકને જોવાની ઈચ્છા દર્શાવી. ત્યારે મૃગાવતી પણ પ્રભુ મહાવીરના સર્વજ્ઞપણાથી પ્રભાવિત બન્યા. ત્યારબાદ ખાવાપીવાની વિપુલ સામગ્રી લઈ, મુખ ઉપર વસ્ત્રિકા બાંધી ભોંયરા પાસે આવે છે. ગૌતમસ્વામીને પણ મુખ ઉપર કપડું ઢાંકવાનું કહે છે. તેમણે ભોંયરાનું દ્વાર ખોલ્યું. દ્વાર ખોલતાં જ અસહ્ય દુર્ગંધ આવી.

મૃગાવતી દેવીએ પોતાની સાથે લાવેલ વિપુલ આહાર પુત્રના મુખ કહી શકાય તેવા પિંડના છિદ્રોમાં નાખ્યો. તે આહાર તરત જ ખાઈ ગયો. અને તેનું તત્કાળ રસી અને લોહીના રૂપમાં પરિણમન પામીને બહાર આવ્યો. તેને પણ તે ચાટી ગયો. આવું દયનીય અને બીભત્સ દૃશ્ય જોઈ ગૌતમસ્વામી પાછા ફર્યા અને પ્રભુને તેની આવી દુર્દશાનું કારણ પૂછ્યું, ત્યારે પ્રભુ મહાવીરે તેનો પૂર્વભવ બતાવ્યો.

'ભારતવર્ષના શતદ્વાર નામના એક નગરમાં ઈકાઈ નામનો રાષ્ટ્રકૂટ (રાઠોડ) રહેતો હતો. તેના તાબામાં પાંચસો ગામો હતા. તે અત્યંત દુરાચારી, અધર્મી, ઘાતકી અને વ્યસની હતો. તે પ્રજાજનો ઉપર અનેક અત્યાચારો ગુજારતો હતો. કરપીણ રીતે તે માણસોના આંખ, નાક, કાન આદિ અંગ-ઉપાંગો છેદી નાખતો હતો. કારમી પીડાથી આ માણસો ચીસો પાડતા ત્યારે તે ખૂબ ખુશ થતો. નિરપરાધ લોકો ઉપર જૂઠા આરોપ મૂકી તેમને પરેશાન કરતો. રાત-દિવસ પાપકૃત્યોમાં તલ્લીન રહેતો હતો. તેણે આવા ઘણાં ભયંકર પાપકર્મોનો સંચય કર્યો, પરિણામ અંત સમયે રિબાઈ-રિબાઈને મૃત્યુ પામ્યો. પાપના ફળરૂપે પહેલી નરકમાં ગયો. નરકમાં એક સાગરોપમનું લાંબું આયુષ્ય ભોગવીને આ ભવમાં તે મૃગાવતી રાણીની કૂખે ઉત્પન્ન થયો છે. આમ પૂર્વભવમાં ઘાતકી અને ક્રૂર કર્મોને કારણે તેણે અશાતાવેદનીયકર્મ બાંધ્યું હતું તેનો અત્યારે ઉદય પ્રવર્તે છે. તેથી તે અસહ્ય અને ભયંકર પીડા ભોગવી રહ્યો છે. આવા મહા દુઃખ ભોગવી છવ્વીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નરકમાં ઉત્પન્ન થશે.

ત્યારબાદ દીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરી અપાર વેદનાઓ ભોગવ્યા પછી તેને મનુષ્યભવની પ્રાપ્તિ થશે. ત્યાં સંયમની આરાધના કરી દેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવી અનુક્રમે સિદ્ધ પદને પામશે.

# મોહનીય કર્મ

વીતરાગતા અને અક્ષયચારિત્ર આત્માનો ગુણ છે. શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયોગાદિ સ્વગુણમાં–સ્વભાવમાં રમવું તે અક્ષયચારિત્ર કહેવાય છે અને અક્ષયચારિત્ર ગુણને ઢાંકનારા કર્મને મોહનીયકર્મ કહે છે. આ કર્મ જીવને મુંઝાવે છે તેથી મોહનીય એવું તેનું નામ આપવામાં આવ્યું છે. આઠે કર્મમાં મોહ-કર્મ અગ્રભાગ ભજવે છે. બીજા કર્મો તેની પાછળ રહી તેની પૂરવણી કરતા હોય છે. વીતરાગતાને ઢાંકનારા કાર્મણસ્કંધો બે વિભાગમાં વહેંચાતા હોવાથી મોહનીય ક્રમ બે પ્રકારે છે. ૧. દર્શનમોહનીય અને ૨. ચારિત્રમોહનીય કર્મ.

મોહનીય કર્મનો સ્વભાવ મદિરાપાન કરેલા મનુષ્ય જેવો છે. જેમ મદિરા પીધેલો માણસ ભાન ભૂલી જાય છે અને ગમે તેમ બોલવા લાગે છે. બોલવાનો અને ક્રિયાનો વિવેક હોતો નથી. એ જ રીતે મોહનીય કર્મના ઉદયથી જીવનો અનંતચારિત્ર ગુણ ઢંકાઈ જાય જેને પરિણામે જીવ સ્વભાવને ભૂલી પરભાવમાં રમ્યા કરે છે. મમત્વ બુદ્ધિને કારણે પોતાનું નથી તેને પણ પોતાનું માને છે. આથી મોહનીય કર્મને મદિરાપાન સમાન કહ્યું છે. મોહનીયકર્મની અનુક્રમે ત્રણ અને પચ્ચીસ એમ કુલ અઠ્ઠાવીસ ઉત્તરપ્રકૃતિઓ છે.

**મોહનીય કર્મબંધના કારણ**

તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરનારો, કલેશ-કષાયને કરનારો ચારિત્ર મોહનીય તથા હાસ્ય, ઠઠ્ઠા-મશ્કરી, ભય-શોકાદિને આધીન થયેલો જીવ નવ-નોકષાય મોહનીય કર્મ બાંધે છે. ખોટા માર્ગને સાચો અને સાચા માર્ગને ખોટો બતાવવો, જિન પરમાત્મા, સાધુ-મુનિરાજ તથા સંઘાદિની વિરૂદ્ધ જનાર દર્શનમોહનીય કર્મ બાંધે છે. અર્થાત્ દેવ-ગુરુ-ધર્મના અવર્ણવાદ બોલવાથી, તીવ્ર રાગ કે છળ-કપટ કરવાથી, પાપ કર્મ કરવાથી, તીવ્ર કષાયાદિ કરવાથી જીવ મોહનીય કર્મ બાંધે છે.

## ચંડકૌશિકનું દ્દષ્ટાંત

ધર્મઘોષ નામના એક વૃદ્ધ તપસ્વી હતા. તેમના બાળશિષ્યનું નામ દમદતં મુનિ હતું. એક વાર તેઓ ગોચરી લેવા જતા હતા ત્યારે તેમના પગ નીચે એક નાની દેડકી કચડાઈને મરી ગઈ. ત્યારે બાળમુનિએ ગુરુદેવને આલોચના કરવાનું કહ્યું. પંરતુ આ વાત ગુરુદેવને ગમી નહીં. સાંજના પ્રતિક્રમણ બાદ બાળમુનિએ પોતાના ગુરુદેવને સવારની વાત યાદ કરીને આલોચના કરી લેવાનું કહ્યું. પરંતુ ગુરુદેવ આ વાત સાંભળી ખૂબ જ ક્રોધિત થઈ ગયા. વારંવાર આ જ વાત યાદ કરાવવાથી તેમના ક્રોધે માઝા મૂકી અને તેને મારવા દોડ્યા. ક્રોધમાં અહિંસક પણ હિંસક બની જાય છે. અંધારું હોવાથી વચ્ચે આવતો થાંભલો દેખાયો નહિ, અને તેમનું માથું ભટકાયું અને સજ્જડ માર લાગ્યો. આથી તેમનું મૃત્યુ થયું. મરીને બીજા જન્મમાં કૌશિક ગોત્રવાળા તાપસ બન્યા, તેમજ વનખંડના સ્વામી થયા. બીજા તાપસોને આ વનખંડમાંથી ફળ કે ફૂલ તોડવા દેતા નહિ અને જો કોઈ ફળ-ફૂલ તોડે તો ક્રોધિત બની તેને મારવા દોડતા. એક દિવસ હાથમાં કુહાડો લઈ ફળ તોડતા એક રાજકુમાર પાછળ દોડ્યા. કર્મ સંજોગે ખાડામાં પગ પડતાં તે પડી ગયા અને હાથમાંનો કુહાડો માથામાં જોરથી વાગતાં તત્કાળ મૃત્યુ પામ્યા. આ જન્મમાં પણ અતિક્રોધી અને મારવાની દુર્બુદ્ધિમાં મૃત્યુ પામવાને કારણે તિર્યંચ ગતિમાં સાપ બન્યા.

પૂર્વજન્મના ક્રોધના સંસ્કારો ફરીથી સાપના જન્મમાં પણ ઉદયમાં આવ્યા. ચંડકૌશિક સાપ ભયંકર વિષધારી-દૃષ્ટિવિષ સર્પ બન્યો. તેના ફૂંફાડા માત્રથી પ્રાણીઓ વગેરે મરી જતા. શ્વેતાંબી નગરી તરફ જતા રસ્તામાં આ સર્પ રહેતો હતો. તેના દૃષ્ટિવિષને કારણે આ રસ્તો વેરાન બની ચૂક્યો હતો. આમ ક્રોધ કષાયને કારણે મોહનીયકર્મ બંધ થવાથી ચંડકૌશિકની મનુષ્યગતિ પણ બગડી અને તિર્યંચની દુર્ગતિમાં એને જન્મ લેવો પડ્યો.

પ્રભુ મહાવીરે જ્ઞાનથી આ ચંડકૌશિકના ભવો જાણીને તેને પ્રતિબોધવા ચંડકૌશિક રહેતો હતો તે વનમાં આવે છે. ચંડકૌશિકે પ્રભુને જોઈને જોરથી ફુંફાડો માર્યો પણ પ્રભુ ઉપર તેની કાંઈ અસર થઈ નહિ. આથી ક્રોધે ભરાઈ પ્રભુના ચરણકમલ પર ડસ્યો પણ રુધિરને બદલે દૂધની ધારા થઈ. આ જોઈ તે વિસ્મય પામ્યો. ત્યારે પ્રભુ બોલ્યાં કે, અરે ચંડકૌશિક બૂઝ! બૂઝ! ભગવાનના આવા વચન સાંભળતાં જ તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી પ્રભુને વંદન કરી મનોમન અનશન કરવાનો નિશ્ચય કર્યો.

હવે વધુ પાપથી બચવા રાફડામાં મોં રાખી હાલ્યા ચાલ્યા વિના તે અનશનધારી પડ્યો રહ્યો. લોકોની અવરજવર પણ શરૂ થઈ. અને આ સર્પ દેવતા હવે શાંત થયા છે તેથી તેની પૂજા કરતાં. કોઈ શરીરે ઘી છાંટતા, તો કોઈ દૂધ. દૂધ-ઘીની સુગંધથી અસંખ્ય કીડીઓ તેના શરીર ઉપર આવી ઘી ખાતાં ખાતાં કરડવા લાગી. આથી સર્પનું શરીર ચારણી જેવું થઈ ગયું. પણ સર્પ દુઃસહ વેદના સહન કરતો રહ્યો અને આ બિચારી અલ્પ બળવાળી કીડીઓ દબાઈ જાય નહિ એવું ધારી પોતાનું શરીર પણ હલાવ્યું નહિ. આ પ્રમાણે કરુણાભાવવાળો સર્પ એક પખવાડિયામાં મૃત્યુ પામી દેવલોકમાં દેવતા થયો.

# આયુષ્ય કર્મ

અક્ષયસ્થિતિ આત્માનો ગુણ છે. જેનો ક્ષય ન થાય તેવું જીવન અર્થાત્ જન્મ-મરણ વગરનું જીવન તેને અક્ષયસ્થિતિ કહેવાય. આ અક્ષયસ્થિતિ ગુણને ઢાંકનારા કર્મને આયુષ્ય કર્મ કહે છે. મુક્તાત્મા સિવાયના જેટલા જીવો આ સંસારમાં રહ્યા છે તે બધા આયુષ્યકર્મને વશ છે. શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે નવા આયુષ્યનો ઉદય પ્રારંભ તે 'ઉત્પત્તિ' અને ચાલુ ભવના આયુષ્યના ઉદયની સમાપ્તિ તે 'મૃત્યુ' કહેવાય છે. ઉત્પત્તિથી માંડીને મરણ સુધીનો કાળ આયુષ્ય કહેવાય તેનું કારણ આયુષ્યકર્મ છે.

આયુષ્યકર્મ જીવને મર્યાદિત કાળ સુધી દેવાદિ ચાર અવસ્થામાં કેદ કરી દેતું હોવાથી બેડી સરખું કહ્યું છે. જેમ પોલીસ ચોરાદિને પકડી હાથકડી પહેરાવીને પૂરી દે છે ત્યારે તેને અપરાધની સજા ભોગવવા મર્યાદિત કાળ સુધી જેલમાં રહેવું પડે છે. તેમ આયુષ્યકર્મ અક્ષયસ્થિતિવાળા આત્માને પકડી શરીરરૂપી જેલમાં પૂરી દે છે. પછી જ્યાં સુધી આયુષ્યકર્મની મુદત પૂરી ન થાય ત્યાં સુધી જીવને શરીરમાં પૂરાઈ રહેવું પડે છે. એટલે આયુષ્યકર્મને બેડીની ઉપમા આપી છે. આયુષ્યકર્મની નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ આ ચાર ઉત્તરપ્રકૃતિઓ છે.

### આયુષ્યકર્મબંધના કારણ

નરક આયુબંધના મુખ્ય ચાર કારણ છે-(૧) મહા આરંભ કરે છે (૨) મહા પરિગ્રહ (૩) પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી તેમ જ (૪) મદ્ય-માંસ આદિના સેવનથી જીવો નરકમાં જાય છે. તિર્યંચ આયુબંધના પણ ચાર કારણ છે. (૧) માયા કરે, અર્થાત્ મનમાં જૂદું, બહાર અલગ. (૨) ગાઢ માયા કરે, છેતરપીંડી કરે. (૩) અસત્ય બોલે, સ્વાર્થ માટે જૂઠું બોલે અને (૪) પૈસા માટે ખોટા તોલ-માપ કરવા, ખોટાં ત્રાજવા (કાંટા) રાખવામાં તિર્યંચનું આયુષ્ય બંધાય છે. મનુષ્ય આયુબંધના મુખ્ય ચાર કારણ છે. (૧) ભદ્ર એટલે કે સરળ સ્વભાવ (૨) વિનયભાવ હોય (૩) દયાભાવ હોય અને (૪) તે જીવને ગર્વ ન હોય, અહંકાર રહિત હોય તે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. દેવ આયુબંધના પણ ચાર પ્રકાર છે. (૧) રાગયુક્ત સંયમ પાળે (૨) સંયમ અને અસંયમ (શ્રાવકપણું) પાળે (૩) બાળ તપસ્યા કરે (અજ્ઞાન તપ) તેમ જ (૪) અકામ નિર્જરા અર્થાત્ ઈચ્છા વગરની નિર્જરા કરવાથી જીવ દેવનું આયુષ્ય બાંધે છે.

## નંદમણિયારનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં નંદ મણિયાર નામનો એક ધનાઢ્ય શ્રેષ્ઠિ રહેતો હતો. એકવાર પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધારે છે. ત્યારે તેમની દેશના સાંભળી નંદ મણિયાર શ્રાવકવ્રતધારી બન્યો. એક વખત ઉનાળાના જેઠ મહિનામાં તેમણે ચૌવિહારો અઠ્ઠમતપ કર્યો અને સાથે પૌષધવ્રત લઈ ઉપાશ્રયમાં રહ્યાં. એક તો જેઠ મહિનાની સખત ગરમી, વળી નિર્જલ ચૌવિહારો અઠ્ઠમ એટલે શેઠને ભારે તરસ લાગી. મનમાં પાણી...પાણી... યાદ આવે, વળી નજર સામે પાણીની વાવ અને કૂવા દેખાય. વળી વિચાર આવ્યો કે ખરેખર તો ધન્ય છે જે લોકો પાણીની વાવ કે કૂવાઓ બંધાવે છે. આમ પૌષધમાં શેઠના મનમાં પાણી, વાવ વગેરેના વિચારો ચિંતવ્યા.

બીજે દિવસે શેઠ પૌષધ પાળી ઘરે આવ્યા. યથા વિધિ પ્રમાણે જળપાન કરી ઉપવાસ છોડ્યા પણ વાવના વિચાર ન છુટ્યા. શેઠે એક મોટી વાવ નગરની બહાર બંધાવવાનું આયોજન કર્યું. જોતજોતામાં નગરની બહાર એક વિશાળ વાવ બની પણ ગઈ. લોકો વાવનું મીઠું પાણી પીતા, પોતાનો થાક ઉતારતા અને વાવ બંધાવનાર શેઠના વખાણ કરતાં. નંદ મણિયાર શેઠ પણ વખાણ સાંભળીને ખૂબ રાજી થતા. આમ ધીરે ધીરે શેઠનો વાવના પાણી પ્રત્યે અને વાવ પ્રત્યે આસક્તિભાવ વધતો ગયો. વાવ પ્રત્યે તેમની માયા વધતી ગઈ. પરિણામે તેમના આયુષ્યનો બંધ પડ્યો અને તેઓ મૃત્યુ પામીને તેમણે જ બંધાવેલી વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયા. આટલી તપશ્ચર્યા, પૌષધ વગેરેની આરાધના હોવા છતાં પણ પરિણામ બગડ્યા અને તેમને દેડકા તરીકે જન્મવું પડ્યું.

નંદ મણિયાર શેઠનો જીવ જે દેડકો થયેલો હતો તે વાવને કાંઠે બેસી શેઠના વખાણ, વાવના વખાણ સાંભળતો. સાંભળતાં સાંભળતાં તેને એક દિવસ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તરત જ પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તેને થયું અરેરે...મેં અમૂલ્ય એવો મનુષ્યભવ વાવની આસક્તિમાં ગુમાવી દીધો. પણ હવે હું ફરી આ ભવમાં ધર્મ-આરાધના કરું, પાછા વ્રત-નિયમ સ્વીકારું. એમ વિચારી દેડકાએ છઠ્ઠ-તપાદિ કરવાનો નિર્ણય કર્યો.

એકવાર શ્રેણિક મહારાજા પ્રભુ મહાવીરના દર્શન કરવા ત્યાંથી નીકળ્યા. સાથે ચતુરંગી સેના, અંતઃપુર વગેરે મોટો રસાલો હતો. ઘણાં લોકો પ્રભુના દર્શને જઈ રહ્યા હતા. ત્યાં તો પ્રભુના દર્શને જવાના...વગેરે શબ્દો દેડકાના કાને પડ્યા. તેને પણ પ્રભુના દર્શન કરવાની ભાવના થઈ. તે તૈયાર થઈ ગયો, છલાંગ મારી વાવની બહાર આવ્યો. ઉત્સાહમાં આવીને કૂદતો કૂદતો તે માર્ગ ઉપર દોડવા લાગ્યો. લોકોની નજરમાં આવે તેથી લોકો તેને પાછો લઈ જઈને વાવમાં નાંખે. પાછો બહાર આવે. આમ બે, ત્રણ વાર બન્યું. ત્યાં ફરી બહાર આવ્યો અને શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે કચડાઈ જવાથી મૃત્યુ પામ્યો. તે સમયે તેના મનમાં પ્રભુના દર્શનની, ધર્મ સાંભળવાની તીવ્ર ઈચ્છા હતી તેથી તે મૃત્યુ પામી દેવ બન્યો.

આમ જીવ જ્યાં પ્રીતિ કરે છે ત્યાં સ્વાભાવિક રીતે તેની આસક્તિ બંધાય છે. અને જો તે સમયે તેના આયુષ્યનો બંધ પડે તો ત્યાં જ તેની ઉત્પત્તિ થાય છે.

✷ ✷ ✷

# નામ કર્મ

અરૂપી-અનામી આત્માનો ગુણ છે. જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે હોય તે રૂપી અને જેમાં રંગ, રૂપ, ગંધ વગેરે ન હોય તે અરૂપી કહેવાય છે. આત્માના આ અરૂપી ગુણને ઢાંકનારા કર્મને નામકર્મ કહે છે. આત્મા પોતાના ગુણ-સ્વભાવ પ્રમાણે વર્તવા પૂરેપૂરો સ્વતંત્ર હોવા છતાં આ નામકર્મને લીધે તે જેમ દોરાવે તેમ દોરાવવું પડે છે. જેમ નચાવે તેમ નાચવું પડે છે. નાના, મોટા, પશુ-પક્ષી, વનસ્પતિ વગેરે અનેક સ્વરૂપમાં આત્માને પોતાની સ્વતંત્રતા છોડીને દરેક બાબતમાં નમતું આપવું પડે છે. માટે આત્માને નમાવનાર આ કર્મનું નામ 'નામકર્મ' રાખવામાં આવેલ છે.

નામકર્મ ચિત્રકાર સરખું છે. જેમ ચિત્રકાર રંગબેરંગી જુદી જુદી જાતના સારા-નરસા નિર્જીવ ચિત્રો બનાવે છે, તેવી જ રીતે અનામી-અરૂપી એવા આત્માને નામકર્મ એક શરીરના ઢાંચામાં ઢાળી તેના અંગઉપાંગ આકાર બનાવે છે. ગતિ-જાતિ આદિમાં મોકલે છે. કાળો-ગોરો રંગવાળો બનાવે છે. અનામીનો હવે નામ-વ્યવહાર બને છે તેથી નામકર્મને ચિત્રકારની ઉપમા આપી છે. આ નામ-કર્મના કાર્મણસ્કંધો જુદા જુદા વિભાગમાં વહેંચાઈ જતા હોવાથી નામકર્મ કુલ બેતાલીસ પ્રકારે થાય છે. તે ભેદો (નામકર્મ)ની ઉત્તર પ્રકૃતિઓ એકસો ને ત્રણ છે. જોકે શુભનામ કર્મ અને અશુભ નામકર્મ આ બે ભેદમાં તેના બધા જ પેટા ભેદોનો સમાવેશ થઈ જાય છે.

### નામકર્મબંધના કારણ

શુભનામકર્મ બંધના મુખ્ય ચાર કારણ શાસ્ત્રોમાં બતાવ્યા છે. જીવ શુભ પ્રવૃત્તિ કરે તો શુભ આલેખન થાય છે જેમકે ૧. કાયાની સરળતા અર્થાત્ શરીરથી કોઈને અડચણ ન થાય તેમ બેસવામાં, જોવામાં, આપવામાં અથવા શરીરની જે જે પ્રવૃત્તિ થાય તેમાં સરળતા દેખાય, વક્રતા, પ્રપંચ ન જણાય તે કાયાની સરળતા છે. ૨. વચનની સરળતા અર્થાત્ વાણીથી બોલાય ત્યારે જેવું હોય તેવું સ્પષ્ટ કહે તે કોઈપણ સમજી શકે એટલે વાણીમાં વક્રતા ન હોય. ૩. મનની ઋજુતા (ભાવની સરળતા) એટલે મન પણ એવું સ્પષ્ટ ભાવે વર્તે. આંટીઘૂટી, છેતરવાની કળા વગેરે મનમાં ન આવે. ૪. કોઈની પણ સાથે કંકાશ, ઝઘડો, વિવાદ, ખટપટ થાય તેવું ન કરે. આ ચાર પ્રકારે જીવ શુભનામ કર્મ બાંધે છે.

અશુભ નામ કર્મબંધના પણ મુખ્ય ચાર કારણ છે. ૧. કાયાની વક્રતા અર્થાત્ બીજા ઉપર હુમલો કરવો, મારવું વગેરેથી ૨. વચનની વક્રતા અર્થાત્ બીજાને વચનની વક્રતાથી છેતરવા, ચાલબાજી કરવી વગેરે. ૩. મનની વક્રતા અર્થાત્ મનમાં દ્વેષ હોય પરંતુ ઉપર ઉપરથી વહાલ બતાવવું, વગેરે. ૪. ગમે તેની સાથે સહજે સહજે લડાઈ કરવી. કંકાસ કરવો, ખટપટ કરવી. આ ચાર પ્રકારે જીવ અશુભ નામકર્મ બાંધે છે.

### નંદિષેણમુનિનું દૃષ્ટાંત

મગધ દેશમાં નંદી ગામમાં સોમીલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમીલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે પુત્ર થયો. દુર્ભાગ્યે તે કદરૂપો હતો. નાનપણમાં જ તેના માતા-પિતા મૃત્યુ પામ્યા એટલે મામાને ત્યાં જઈ રહ્યો. મામાએ તેને પોતાની સાત પુત્રીઓમાંથી એક પુત્રી સાથે પરણાવીશ એવું આશ્વાસન આપ્યું હતું. પરંતુ સાતે દીકરીઓએ કુરૂપ એવા નંદિષેણ સાથે પરણવાની ના પાડી દીધી. આથી નંદિષેણ ઘર છોડી રત્નપુર નગરમાં આવ્યો. ત્યાંના લોકોને સુખી જોઈને તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો. આથી તે આપઘાત કરવા વનમાં ગયો. ત્યાં અચાનક રસ્તામાં તેને જૈનમુનિનો ભેટો થયો. મુનિએ તેને ધર્મ ઉપદેશ સંભળાવ્યો. અને આપઘાત કરવાથી થતાં ઘોર પાપોનું વર્ણન કર્યું. આથી નંદિષેણ વૈરાગ્ય પામી મુનિરાજ પાસે દીક્ષિત બન્યા. વળી તેમણે આજીવન છઠ્ઠને પારણે આયંબિલ અને લઘુ, વૃદ્ધ કે રોગવાળા સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછી જ જમવું એવો અભિગ્રહ ધારણ કર્યો.

નંદિષેણ મુનિના વૈયાવચ્ચ ગુણથી આકર્ષિત બની ઈન્દ્ર મહારાજે દેવસભામાં તેમની ખૂબ પ્રશંસા કરી. આથી બે દેવો તેમની પરીક્ષા કરવા આવ્યા. એક દેવે રોગી સાધુનું રૂપ લીધું અને તે સાધુ રત્નપુર નગરની બહાર બેઠા. જ્યારે બીજા દેવ પણ સાધુનું રૂપ લઈ ઉપાશ્રયે આવ્યા. નંદિષેણ મુનિ છઠ્ઠના પારણાની તૈયારી કરતા હતા ત્યાં આવી રાડો પાડવા લાગ્યા કે ગામની બહાર બિમાર સાધુ દુઃખ ભોગવે છે અને તને ખાવા-પીવાનું સૂઝે છે! અને વળી વૈયાવચ્ચનો મોટો ઠેકો ધારવો છો! આવા આવા શબ્દો બોલવા લાગ્યા. આથી નંદિષેણ મુનિ ગોચરી પડતી મૂકી સેવા કરવા માટે શુદ્ધ પાણી વહોરવા ગયા. પરંતુ જ્યાં જાય ત્યાં દેવોની માયાથી દોષ દેખાય. માંડ માંડ થોડું શુદ્ધ પાણી મળ્યું તે લઈ નંદિષેણ મુનિ નગર બહાર રોગી સાધુ પાસે ગયા.

ત્યાં જઈને પેલા રોગી સાધુના શરીરની નંદિષેણ મુનિએ સમતાભાવપૂર્વક પાણી વડે સાફસૂફી કરી. પણ જેમ જેમ સાફ કરતા જાય તેમ તેમ વધુ ને વધુ પરુ બહાર આવવા લાગ્યું. આથી તેમને પોતાના ખભા ઉપર બેસાડી ઉપાશ્રય લઈ જવા માટે ચાલવા લાગ્યા. રસ્તામાં આ સાધુ નંદિષેણ મુનિ ઉપર મળ-મૂત્ર કરે છે છતાં તેઓ પોતાની વૈયાવચ્ચની ભાવનાથી સહેજ પણ ચલિત થયા નહિ. ઉલટા એવો વિચાર કરવા લાગ્યા કે અરે રે! મારાથી આ સાધુને કેટલી બધી અશાતા થાય છે. રસ્તામાં નંદિષેણ મુનિની પીઠ ઉપર બેઠેલા મુનિ ખૂબ ગુસ્સો કરી ગાળો આપે છે, ધીરે ચાલવા, ઉતાવળે ચાલવા ધમકાવે છે. છતાં તેઓ ક્ષમા ધારણ કરી તેમની સેવામાં અપાર આનંદ માને છે. આખરે બંને દેવો પોતાની હાર માની પ્રગટ થઈ તેમની વૈયાવચ્ચની મુક્ત કંઠે પ્રશંસા કરી ક્ષમા માંગે છે.

નંદિષેણ મુનિએ સ્પૃહારહિત સરળ ભાવથી ધર્મી પુરુષ મુનિશ્રીની અનુપમ સેવા સત્કારના શુભભાવથી શુભનામકર્મ બાંધ્યું. અને અત્યંત રૂપ-સૌન્દર્યયુક્ત શરીરવાળા વાસુદેવ તરીકે આગળના ભવમાં ઉત્પન્ન થયા.

# ગોત્ર કર્મ

અગુરુલઘુ આત્માનો ગુણ છે. જેમાં ઊંચ-નીચનો ભેદ ન હોય તેને અગુરુલઘુ કહેવાય. દરેક વ્યક્તિનું આત્મત્વ એક સરખું જ છે. કોઈ પણ શુદ્ધ આત્મા ભારે નથી કે હલકો નથી, મોટો નથી કે નાનો નથી. ઊંચનીચના ભેદ નથી. અગુરુલઘુ ગુણવાળો છે. આત્માના આ ગુણને ઢાંકનારા કાર્મણ-સ્કંધોને ગોત્રકર્મ કહે છે. ગોત્ર એટલે નામ ઉપરાંત વિશેષ જેનાથી ઓળખી શકાય છે તે ગોત્ર છે. જેમ કોઈ શાહ, ઝાલા, ગોહિલ વગેરે અટકથી ઓળખાય છે તેમ જીવ ઉચ્ચ ગોત્રથી અને નીચ ગોત્રથી ઓળખાય છે.

ગોત્રકર્મને કુંભારની ઉપમા આપવામાં આવી છે. જેમ કુંભાર એક જ માટીમાંથી ઘડા બનાવતો હોવા છતાં કેટલાક ઘડા એવા સરસ બનાવે છે કે તે ઘડા મંગળ-કલશ આદિ તરીકે વપરાય છે. જ્યારે કેટલાક ઘડા એવા બનાવે છે કે તેનો ઉપયોગ મદિરાદિ ભરવા તરીકે વપરાય છે. આ રીતે ઉચ્ચ અને નીચ ઘડાની શ્રેણીની જેમ ગોત્રકર્મ પણ જીવને ઉચ્ચ–નીચ ગોત્રમાં લઈ જાય છે. કોઈને રાજકુળમાં જન્મ મળે છે તો કોઈને ચમાર આદિ કુળમાં જન્મ મળે છે. ઉચ્ચ ગોત્ર પૂજનીય ગણાય છે તો નીચ ગોત્ર નિંદનીય ગણાય છે. ગોત્રકર્મની (૧) ઉચ્ચ ગોત્રકર્મ અને (૨) નીચ ગોત્રકમ એમ બે ઉત્તરપ્રકૃતિ છે.

### ગોત્રકર્મ બંધના કારણ

ઉચ્ચકુળમાં જન્મેલાં હોય છતાં તેમને જાતિ અને કુળનો મદ ન હોય, અદ્ભુત રૂપ હોય છતાં રૂપનો ગર્વ ન હોય, અજય બળ હોય છતાં બળનું અભિમાન ન હોય, ઇચ્છિત વસ્તુ મળે છતાં લાભનો ગર્વ ન હોય, અગાઢ શ્રુતજ્ઞાન હોવા છતાં શ્રુતનું અભિમાન ન હોય, તપનું અભિમાન ન હોય અને ઐશ્વર્યનું અભિમાન ન હોય તે ઉચ્ચગોત્રકર્મ બાંધે છે. તેવી જ રીતે જે જાતિ, કુળ, બળ, રૂપ, જ્ઞાન, તપ, લાભ અને ઐશ્વર્યનો મદ કરે છે, અભિમાન કરે છે તે નીચગોત્રકર્મ બાંધે છે. તેમજ સારી જાતિ મળવાથી જીવો ઉદ્ધતાઈથી માનના માર્ગે જાય તો નીચગોત્રકર્મ બંધાય.

## હરિકેશી મુનિનું દૃષ્ટાંત

કોઈ એક સમયે મથુરા નગરીના શંખરાજાએ સંસારથી વિરક્ત બની દીક્ષા ગ્રહણ કરી, ચારિત્ર ધર્મની આરાધના કરતા હતા. એકવાર તેઓ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર પધાર્યાં. ભિક્ષા માટે વિચરતા શંખમુનિ એક ગલીની નજીક આવ્યા. ત્યાં સૂનકાર જોતાં નજીકમાં રહેતાં સોમદત્ત પુરોહિતને માર્ગ પૂછ્યો. તે ગલીનું નામ 'હુતવહ-રથ્યા' હતું. તે ગ્રીષ્મઋતુના સૂર્યના તાપથી તપેલા લોઢાની સમાન અત્યંત ગરમ રહેતી હતી. જેથી આ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલવું કોઈપણ પુરુષ વ્યક્તિ માટે શક્ય ન હતું. પરંતુ સોમદત્તને મુનિઓ પ્રત્યે દ્વેષ હતો એટલે તેણે દ્વેષવશ સંતમુનિને તે જ હુતવહ રથ્યાનો ઉષ્ણમાર્ગ બતાવી દીધો. શંખમુનિ નિશ્ચલ ભાવથી ઈર્યા સમિતિપૂર્વક તે માર્ગ ઉપર ચાલ્યા. પરંતુ તેમના તપોબળના પ્રભાવથી જ ઉષ્ણમાર્ગ એકદમ શીતળ બની ગયો. શંખમુનિ ધીરે ધીરે તે માર્ગને આનંદપૂર્વક પાર કરી રહ્યાં હતાં. આ જોઈને સોમદત્ત બ્રાહ્મણના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે જ સમયે તેઓ નીચે આવ્યા અને એ જ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલ્યા. ત્યારે ગલીનો ચંદન સમાન શીતળ સ્પર્શ અનુભવી તેમના મનમાં ઘણો જ પશ્ચાતાપ થયો. શંખમુનિ પાસે આવી, તેમના ચરણોમાં પડી પોતાના અનુચિત કાર્ય બદલ ક્ષમા માગી. ત્યારે શંખમુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો. ધર્મનો ઉપદેશ સાંભળીને સોમદેવ બ્રાહ્મણને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એમણે શંખમુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. સોમદત્ત મુનિએ ઘણાં વર્ષો સુધી ચારિત્ર તો પાળ્યું પણ તેઓ હંમેશાં બોલતાં કે હું બ્રાહ્મણ પુરોહિત છું, અમારી જાતિ જ શ્રેષ્ઠ ગણાય. બીજી બધી જાતિ તો હલકી ગણાય. હું ઉત્તમ કુળ જાતિવાળો છું. આમ જાતિમદ, રૂપમદ કરતા રહ્યા, જેના કારણે તેમણે નીચગોત્રકર્મ બાંધ્યું. ચારિત્રપાલનના કારણે તેઓ આયુષ્યકર્મ સમાપ્ત થયા બાદ સ્વર્ગમાં ગયા.

દેવ આયુષ્યપૂર્ણ કરી સોમદેવ મુનિ જાતિમદના કારણે બાંધેલા નીચગોત્ર કર્મના કારણે ગંગાને કિનારે હરિકેશ ગોત્રીય ચાંડાલોના અધિપતિ 'બલકોટ્ટ' નામના ચાંડાલની પત્ની 'ગૌરી'ના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયા. તેનું નામ બલ રાખવામાં આવ્યું. વળી રૂપમદના કારણે એમનું શરીર સૌભાગ્ય રૂપરહિત હોવાને લીધે તેમના સગાંસંબંધીમાં ઘૃણાપાત્ર તેમજ હાસ્યનું કારણ બનતું. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનો સ્વભાવ ક્રોધી અને ઝઘડાખોર થતો ગયો. આથી તેમની સાથે કોઈ રમતું નહિ.

એકવાર બલ એકલો લાચાર અને દુઃખી થઈ બેઠો હતો. એટલામાં ત્યાં એક કાળો વિષધર સાપ નીકળ્યો. ત્યારે ચાંડાલોએ તે દુષ્ટસર્પ છે એમ કહી તેને મારી નાખ્યો. થોડીવાર પછી અલશિક જાતિનો નિર્વિષ સાપ નીકળ્યો. લોકોએ તેને વિષરહિત છે કહીને છોડી દીધો. આ બંને ઘટના દૂર બેઠેલાં બલે (ચાંડાલપુત્ર) જોઈ. આ દૃષ્ય જોઈ તેણે ચિંતન કર્યું કે મારા બંધુજનો મારા દોષયુક્ત વ્યવહારને લીધે જ મને વિષસર્પની જેમ ધુત્કારે છે. જો હું પણ અલશિકની જેમ દોષરહિત હોત તો સહુનો પ્રિયપાત્ર હોત. આ પ્રકારની વિચારધારામાં નિમગ્ન થતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તેને પૂર્વભવમાં બાંધેલ જાતિમદના ફળ સ્વરૂપે હમણાં પ્રાપ્ત થયેલ નીચગોત્ર તેમજ ભોગવી આવેલ દેવોચિત સુખોની વિનશ્વરતાના વિચારો આવ્યા. આવા આવા વિચારો આવતાં તેણે આ સંસારને તુચ્છ સમજીને વૈરાગ્યપૂર્વક દીક્ષાવ્રત અંગીકાર કરી લીધું અને એ હરિકેશબલના નામથી સંસારમાં વિખ્યાત થયા.

કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ ૐ કર્મવાદ

# અંતરાય કર્મ

અનંતવીર્ય, અનંતશક્તિ આત્માનો ગુણ છે. આત્મા દાન, લાભ, ભોગ આદિ અનંતશક્તિનો માલિક છે. આત્માની આ અનંતશક્તિને ઢાંકનારા કાર્મણસ્કંધોને અંતરાયકર્મ કહે છે. જીવને અંતરાયકર્મ તેની સંપત્તિરૂપી અનંત શક્તિ ભોગવવા દેતો નથી. તે સર્વે લબ્ધિ શક્તિનું વર્ગીકરણ કરીને પાંચલબ્ધિમાં સમાવેશ કર્યો હોવાથી તેને ઢાંકનાર અંતરાયકર્મ પાંચ પ્રકારે કહ્યું છે.

અંતરાયકર્મને રાજાના ભંડારીની ઉપમા આપી છે. જેમ કે રાજા ભંડારીને આદેશ આપે કે તું યાચકાદિને દાનાદિ આપજે. પરંતુ ભંડારી યાચકને કહી દે કે અત્યારે મને સમય નથી, પછી આવજે, એમ બહાના બતાવી અંતે ના પાડી દે છે. એવી જ રીતે અંતરાયકર્મ એ વિઘ્નકર્તા છે. દાન, લાભ આદિ પ્રાપ્ત થયું હોય એમાં ભંડારીની જેમ વિઘ્ન નાંખવાનું કામ અંતરાય કર્મ કરે છે. જેના કારણે જીવ સુખ સગવડ, શારીરિક બળ આદિ પ્રાપ્ત કરી શકતો નથી. અંતરાયકર્મના ૧. દાનાંતરાય ૨. લાભાંતરાય ૩. ભોગાંતરાય ૪. ઉપભોગાંતરાય અને ૫. વીર્યાંતરાય એમ પાંચ ઉત્તરપ્રકૃતિઓછે.

**અનંતરાયકર્મબંધના કારણ**

અંતરાયકર્મબંધના મુખ્ય પાંચ કારણો છે. (૧) બીજાઓને દાન આપવામાં અંતરાય-વિઘ્ન નાંખવાથી, દાનધર્મની નિંદા કરવાથી દાનાંતરાયકર્મ બંધાય છે. (૨) બીજાને સુખ-સગવડના સાધનો મળતા હોય ત્યારે અંતરાય પાડવાથી લાભાંતરાયકર્મ બંધાય છે. (૩) એકવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે બીજાના ભોગસુખમાં અંતરાય પાડવાથી ભોગાંતરાયકર્મ બંધાય છે. (૪) વારંવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે પણ બીજાના ઉપભોગ સુખમાં વિઘ્ન નાંખવાથી ઉપભોગાંતરાયકર્મ બંધાય છે. (૫) તેમજ બીજાની વીર્યશક્તિમાં અંતરાય પાડવો તથા પોતાની શક્તિ હોવા છતાં આળસ વગેરે કરવાથી વીર્યાંતરાયકર્મ બંધાય છે.

## ઢંઢણ મુનિનું દ્દષ્ટાંત

શ્રીકૃષ્ણ વાસુદેવના સમયની આ વાત છે. શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણકુમારને શ્રી નેમિનાથની ધર્મદેશના સાંભળી વૈરાગ્યભાવ જાગ્યો. આથી તેમણે શ્રી નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધુ જીવનને અનુકૂળ હોય તે પ્રમાણે જે ગોચરી આદિની ગવેષણા કરી આહાર ગ્રહણ કરતા. આમ જે કાંઈ પ્રાસુક આહાર મળે તેનો આહાર કરતા. પણ પૂર્વ ભવમાં બાંધેલ અંતરાયકર્મનો ઉદય થયો એટલે જ્યાં જ્યાં ગોચરી માટે જાય ત્યાં ત્યાં શુદ્ધ ભિક્ષા મળે નહિ, એટલું જ નહીં પણ એમની સાથે જો કોઈ સાધુ હોય તો તેમને પણ ગોચરી ન મળે એવું બનવા લાગ્યું. સમય વીતતો ગયો ત્યારે બીજા સાધુઓએ શ્રી નેમિનાથ ભગવાનને પૂછ્યું કે, હે પરમાત્મા! તમારા શિષ્ય, શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર, ધાર્મિક, ધનાઢ્ય અને ઉદાર ગૃહસ્થવાળી દ્વારકા નગરી છતાં શ્રી ઢંઢણમુનિને ગોચરી કેમ મળતી નથી? ત્યારે શ્રી નેમિનાથ ભગવાને તેમના પૂર્વભવનો વૃત્તાંત કહેતાં કહ્યું કે, ઢંઢણ મુનિનો આત્મા પૂર્વજન્મમાં મગધ દેશનો પારાસર નામનો બ્રાહ્મણ હતો. તે ગામના લોકો પાસેથી રાજ્યના ખેતરો ખેડાવતો હતો. દરરોજ ભોજન વેળા થાય અને બધાની ભોજન સામગ્રી આવી જાય તો પણ તે ભોજન કરવાની બધાને રજા આપતો ન હતો. પણ લોકો પાસેથી વધુ કામ કરાવવાના આશયથી ભૂખ્યા લોકો અને ભૂખ્ય બળદો પાસેથી હળ ખેડાવી ખેતરોમાં વધુ કામ કરાવતો. આ કાર્યથી પરાસર બ્રાહ્મણે અંતરાયકર્મ બાંધી લીધું હતું અને તે આ ભવમાં ઢંઢણમુનિને ઉદયમાં આવ્યું છે જેથી તેમને ગોચરી-પાણી સુઝતા મળતા નથી.

આ વાત બધા સાધુઓની સાથે ઢંઢણમુનિએ પણ સાંભળી. આથી તેમણે પ્રભુ પાસે અભિગ્રહ લીધો કે, આજથી હું મારી લબ્ધિ દ્વારા જ ભોજન મળશે તો તે વાપરીશ. પરલબ્ધિથી અથવા તો કોઈએ લાવેલી ગોચરી વાપરીશ નહિ. આ રીતે આહાર ન મળતાં ઢંઢણમુનિના છ મહિના વીતી ગયા.

એકવાર શ્રીકૃષ્ણ વાસુદેવે ભગવાન નેમિનાથને પૂછ્યું કે, તમારા સર્વ સાધુઓમાં દુષ્કર કાર્ય કરનાર કોણ છે? ત્યારે પ્રભુએ કહ્યું, બધા જ મુનિ દુષ્કર કાર્ય કરે છે. પણ ઢંઢણમુનિ સર્વથી અધિક છે. ત્યારબાદ શ્રીકૃષ્ણ પ્રભુને વંદન કરી પાછા ફરતા હતા ત્યારે તેમને માર્ગમાં ઢંઢણમુનિને ગોચરીએ જતા જોયા. આથી શ્રીકૃષ્ણ વાસુદેવે તેમને ભક્તિપૂર્વક વંદન કર્યા. ત્યારે એક ગૃહસ્થને ઢંઢણમુનિ માટે માન ઉપજ્યું. આથી તે મુનિ કેવા મહાન ચારિત્રશીલ હશે, એમ વિચારી પોતાના આવાસે લઈ જઈ બહુમાનપૂર્વક મોદક વહોરાવ્યા. ઢંઢણમુનિ પણ ગોચરી લઈ સ્વસ્થાનકે પાછા આવી પ્રભુને પૂછ્યું કે, આજે મને ગોચરી મળી છે. શું મારો અભિગ્રહ પૂરો થયો? ત્યારે નેમિનાથ પ્રભુએ જવાબ આપ્યો કે, હે ઢંઢણ! આ આહાર તો શ્રીકૃષ્ણ વાસુદેવની લબ્ધિને લીધે મળ્યો છે. તમારી સ્વલબ્ધિનો નથી.

આ જવાબ સાંભળી ઢંઢણમુનિ કે જેઓ રાગ આદિથી રહિત થયેલા છે, આ પરલબ્ધિનો આહાર છે, મને ન ખપે, એમ વિચારી જંગલમાં મોદક આદિ આહાર પરઠવા ગયા. લાડુનો ભુક્કો કરતાં કરતાં વિચારવા લાગ્યા કે, મારા આત્માએ કર્મ કરતાં કેમ વિચાર ન કર્યો? પૂર્વોપાર્જિત કર્મનો ક્ષય થવો મુશ્કેલ છે. એમ વિચારતા અને ધ્યાનમાં મગ્ન થઈ જતાં ઢંઢણમુનિને કેવળજ્ઞાન થયું.

# જૈન સાહિત્યમાં કર્મવાદ

જૈન સાહિત્યમાં મુખ્યત્વે બે ભેદ પાડી શકાય (૧) આગમ સાહિત્ય અને આગમેતર સાહિત્ય.

(૧) **આગમ સાહિત્ય**-રાગદ્વેષ વિજેતા જિન તીર્થંકર ભગવંતના તત્ત્વ-ચિંતનનું જેમાં વર્ણન છે તે આગમ છે. જેનાથી પદાર્થનું સંપૂર્ણ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આગમ અધ્યાત્મજ્ઞાનનો પવિત્ર તેમજ અક્ષયસ્રોત છે.

(૨) **આગમેતર સાહિત્ય**- આગમ સિવાયના સાહિત્યને આગમેતર સાહિત્ય કહે છે. આગમ સાહિત્યના ભાવ, રહસ્યની સરળ સાદી ભાષામાં સમજૂતી જેમાં આપવામાં આવી છે તેને આગમેતર સાહિત્ય કહે છે.

## આગમ સાહિત્યમાં કર્મવાદ

**શ્રી ભગવતી સૂત્ર –**

દ્વાદશાંગી (૧૨ અંગ) સૂત્રમાંથી આ પાંચમું અંગસૂત્ર છે. આ સૂત્ર મહાસાગર જેવું વિશાળ છે. વિશ્વના તત્ત્વમાંથી કોઈ વિષય એવો નહિ હોય જેનું સમાધાન ભગવતીમાંથી ન મળે, એવું ગહન આ સૂત્ર છે. આ સમગ્ર શાસ્ત્ર પ્રશ્નોત્તરોનો વિશાળ રત્નભંડાર છે. પ્રભુ મહાવીર અને પ્રથમ ગણધર ગૌતમ સ્વામી વચ્ચે થયેલા ૩૬૦૦૦ પ્રશ્નોનું નિરાકરણ આ સૂત્રમાં છે. એના એક એક પ્રશ્ન, એક એક સિદ્ધાન્ત અને એક એક શાસ્ત્રનું ઉદ્ઘાટન કરે છે–આમ આ એક અલૌકિક સૂત્ર છે.

**ભગવતી સૂત્રમાં કર્મવાદ –**

આ સૂત્રમાં કર્મવાદનું સુંદર વિવેચન છે. જૈનદર્શનમાં કર્મવાદને પ્રધાનતા આપીને તેનું નખશિખ વર્ણન કરવામાં આવ્યું છે. જૈન તત્ત્વજ્ઞાનના કમ્મપયડી, ષટ્ખંડાગમ, ગોમ્મટસાર કે કર્મગ્રંથો આદિના અભ્યાસથી એ પૂરવાર થાય છે. કર્મસિદ્ધાંત માટે ભગવતી સૂત્રમાં જે ઊંડું તલસ્પર્શી સચોટ સ્પષ્ટીકરણ છે તે અન્ય સાહિત્યમાં મળવું મુશ્કેલ છે.

સામાન્ય રીતે જનસામાન્યની માન્યતા હોય છે કે ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે. એ લોકો એ વાક્યમાં જ સમસ્ત કર્મવાદને સમાવી દે છે. પરંતુ ભગવતી સૂત્રમાં કર્મસિદ્ધાંતનું વિવેચન કરતાં સ્પષ્ટપણે કહ્યું છે કે કર્મોના બંધમાં અને ભાગ્યમાં લખાયેલા તત્ત્વોમાં ઘણું જ પરિવર્તન કરી શકાય છે. જેને કર્મવાદમાં સંક્રમણ (સજાતીય કર્મની પ્રકૃતિનું એકબીજામાં પરિવર્તન), ઉદ્વર્તન (કર્મસ્થિતિમાં વૃદ્ધિ), અપવર્તન (કર્મસ્થિતિમાં ઘટાડો) આદિ કહેવાય છે. જેનાથી કર્મમાં પરિવર્તન થઈ શકે છે. તેમાં આત્માના વિશષ પુરુષાર્થની જરૂર છે. માત્ર નિકાચિત કર્મોને છોડીને શેષ કર્મોની અવસ્થાઓમાં પરિવર્તન શક્ય છે એ વિષયમાં ભગવતી સૂત્રમાં વિશદ પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

એમાંના કેટલાક વિશેષ અધિકારો ઉલ્લેખનીય છે, જેમ કે શતક પ્રથમમાં કાંક્ષા મોહનીયનો વિચાર, કર્મપ્રકૃતિ, જીવનું ઉપસ્થાન (ઊર્ધ્વગમન) અપક્રમણ (પતન), કર્મફળ ભોગનો સિદ્ધાંત વગેરે છે.

છઠ્ઠા શતકમાં-જીવ અને કર્મનો સંબંધ સ્વાભાવિક રૂપે થાય છે કે પ્રયત્નથી? તે મહત્ત્વના વિષયને વસ્ત્રના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કર્યો છે.

આઠમા શતકમાં ૮મા ઉદ્દેશામાં કર્મની ચૌભંગી (ચાર વિકલ્પ) છે. કર્મપ્રકૃતિ અને પરિષહ પણ છે. ૧૦મા ઉદ્દેશામાં આઠ કર્મમાં અન્ય કર્મ નિયમા કે ભજનાથી હોય તે બતાવ્યું છે.

વીસમા શતકમાં ૭મા ઉદ્દેશામાં ત્રણ પ્રકારના બંધ બતાવ્યા છે. આઠે પ્રકારના કર્મબંધમાં અને ઉદયકર્મમાં (૧) જીવ પ્રાયોગ્ય બંધ, અનંતર બંધ અને પરંપર બંધ–આ ત્રણે પ્રકારના બંધ હોય એવું વિવેચન છે. ઓગણત્રીસમા શતકના ૧૧મા ઉદ્દેશામાં પાપકર્મો વેદવા બાબતનું નિરૂપણ થયું છે.

અન્ય શતકના ઉદ્દેશાઓમાં પણ કર્મનું સ્વરૂપ કોઈને કોઈ રીતે જ છે. વિસ્તારભયના કારણે અહીં વિસ્તૃત આલેખન શક્ય નથી.

**શ્રી ઠાણાંગસૂત્ર –**

દ્વાદશાંગીનું ત્રીજું અંગસૂત્ર ઠાણાંગજી છે. એમાં એક સ્થાનથી એક એક વૃદ્ધિ કરીને દશ સ્થાન પર્યંતના ભાવોની વૃદ્ધિ કરવામાં આવી છે. આ ૧૦ સ્થાનમાં વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. આ સૂત્ર અનેક સંકેતો કરીને જીવને એનું સાચું સ્થાન બતાવે છે. પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરવા માટેનું સાઈન બોર્ડ છે.

**ઠાણાંગસૂત્રમાં કર્મવાદ–**

આ સૂત્રમાં કર્મના ફોરા યત્રતત્ર જોવા મળે છે. જેમ કે બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશામાં પ્રદેશોદય એ વિપાકોદયનું સ્વરૂપ બતાવ્યું છે. જ્યારે ચોથા સ્થાનમાં કર્મ સંબંધી વિવિધ ચૌભંગીઓ છે. ૧લા ઉદ્દેશામાં અલ્પકર્મ–મહાકર્મની, બીજા ઉદ્દેશામાં કર્મબંધ અને ઉપક્રમ આદિની ૧૦ ચૌભંગી, ચોથા ઉદ્દેશામાં શુભાશુભ કર્મવિપાકની, બંધ વગેરેની અને ચારે ગતિના આયુબંધની ચૌભંગીઓ બતાવવામાં આવી છે. સાતમા ઉદ્દેશામાં પાપકર્મનો સંચય અને શાતા-અશાતા વેદયનીકર્મનું ફળ બતાવવામાં આવ્યું છે. આઠમા ઠાણામાં આઠ કર્મના નામ, ચય,ઉપચય વગેરે છે.

**શ્રી પન્નવણા-પ્રજ્ઞાપનાસૂત્ર–**

જેના મારફતે જીવ–અજીવ આદિ તત્ત્વ પ્રકર્ષરૂપે (શ્રેષ્ઠરૂપે) જણાવવામાં આવે છે તેને પ્રજ્ઞાપના કહે છે. બાર ઉપાંગમાં આ ચોથું ઉપાંગસૂત્ર છે. આ સૂત્રના રચયિતા કલિયુગમાં સતયુગ રચનાર, તીક્ષ્ણ મેધાવી, શ્રી સીમંધરસ્વામીના મુખે વિદેહ ક્ષેત્રમાં પણ જેમનું નામ લેવામાં આવ્યું એવા શ્રી શ્યામાચાર્ય છે.

આ સૂત્રમાં ૩૬ પદ છે. આ સૂત્રની રચના પ્રશ્નોત્તર રૂપે થઈ છે. આના પ્રત્યેક પદને અંતે પણ્ણવણાએ ભગવઈએ પાઠ આવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે અંગસૂત્રોમાં જે સ્થાન ભગવતી સૂત્રનું

છે તેવું જ વિશિષ્ટ સ્થાન ઉપાંગસૂત્રોમાં શ્રી પન્નવણાનું છે. પન્નવણાજીના કેટલાક પદોનો હવાલો શ્રી ભગવતી સૂત્રમાં આપવામાં આવ્યો છે પણ પન્નવણા સૂત્રમાં કોઈપણ સૂત્રનો હવાલો આપવામાં આવ્યો નથી તેમાં જે જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં તે વિષયોનું સંપૂર્ણ કથન છે.

**પન્નવણામાં કર્મવાદ**

આ સૂત્રનું ૨૩મું પદ કર્મપ્રકૃતિનું છે તેના બે ઉદ્દેશા છે.

**ઉદ્દેશક -૧**- આમાં પાંચ દ્વારોના માધ્યમથી ૨૪ દંડકવર્તી જીવો દ્વારા કર્મસિદ્ધાંતની ચર્ચા કરી છે.

દંડક=જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મના દંડ ભોગવે તેને દંડક કહે છે. તે તે પ્રકારના જીવોના સમૂહને ઓળખવાની સંજ્ઞાને દંડક કહે છે. દંડક ૨૪ છે. નારકી, ૧૦ ભવનપતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, તિર્યંચ પંચેદ્રિય, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

**ઉદ્દેશક -૨** – આઠ કર્મની મૂળ અને ઉત્તરપ્રકૃતિઓના ભેદ-પ્રભેદનું વર્ણન, એકેન્દ્રિયથી લઈ સંજ્ઞી-અસંજ્ઞી-પંચેદ્રિય સુધીના જીવોમાં આઠ કર્મોના બંધની કાલમર્યાદા તથા આઠ કર્મોની જઘન્ય (ઓછામાં ઓછી - સૌથી અલ્પ) અને ઉત્કૃષ્ટ (સૌથી વધુ) સ્થિતિને બાંધનારા જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. અબાધાકાળ-નિષેક કાળ આદિનું વર્ણન છે.

પન્નવણાના ૨૪ થી ૨૭ પદમાં અનુક્રમે કર્મબંધ, ક્રમબંધવેદન, કર્મવેદબંધ, અને કર્મવેદ-વેદક પદ–એમ ચાર પદમાં કર્મના બંધ અને વેદન તથા વેદન અને બંધનો પરસ્પર સંબંધ પ્રદર્શિત કર્યો છે.

આમ શ્રી પન્નવણાજીમાં કર્મ સંબંધી સુવિસ્તૃત વર્ણન મળે છે.

**જ્ઞાતાધર્મકથાંગ** –

**છઠ્ઠું અંગસૂત્ર** – આના મૂળસૂત્રમાં ૫૫,૫૬,૦૦૦ પદોમાં સાડાત્રણ કરોડ ધર્મકથા હતી. હાલ ૫૫૦૦ ગાથા છે. જ્ઞાતા એટલે ઉદાહરણ પ્રધાન – એટલે જે અંગસૂત્રમાં ઉદાહરણ પ્રધાન ધર્મ-કથાઓ છે તે જ્ઞાતાધર્મકથાંગ. તત્ત્વજ્ઞાન કથામાં પીરસીને જ્ઞાનને રસાળ બનાવનાર સૂત્ર છે. એના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી આઠ કર્મ બાંધવાનું અને છોડવાનું બતાવ્યું છે. અષ્ટકર્મબંધક ભારેકર્મી થઈ નરકગામી બને અને સાધના દ્વારા કર્મદોષ પલાળીને છુટા કરી દે તો કર્મબંધથી મુક્ત થઈને લોકગ્રે જઈને સિદ્ધ થઈ જાય.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–**

જૈન આગમગ્રંથમાં 'મૂળ સૂત્ર' તરીકે પ્રસિદ્ધ, સરળ, કથાત્મક, રોચક સંવાદ અને રસાળ રચના શૈલીને કારણે 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' એક મહત્ત્વપૂર્ણ આગમ મનાય છે. મુનિની જીવનચર્યાના પ્રારંભમાં મૂળભૂત સહાયક બને છે તથા આગમોના અધ્યયનોની શરૂઆત એના પઠનથી થાય છે માટે તેને મૂળસૂત્ર કહેવાય છે. ભગવાન મહાવીરના કર્મવાદના મહત્ત્વના વિષયનું–૩૩મા અધ્યયન કમ્મપયડી–કર્મપ્રકૃતિમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. કર્મના ભેદ–પ્રભેદ, બંધ, બંધના પ્રકાર, બંધ હેતુ વગેરેનું વર્ણન પ્રાપ્ત થાય છે.

આમ આગમ સાહિત્યમાં કર્મવાદ વિશે સપ્રસંગ વિસ્તૃત વિચારણા થઈ છે.

**આગમેતર સાહિત્યમાં કર્મવાદ**

**પૂર્વાત્મક કર્મશાસ્ત્ર** - આ ભાગ સૌથી પ્રથમ અને મોટો છે. કારણ કે પૂર્વ વિચ્છેદન ગયા ત્યાં સુધી તેનું અસ્તિત્વ હતું. ભગવાન મહાવીર પછી લગભગ ૯૦૦ અથવા ૧૦૦૦ વર્ષ સુધી ક્રમશઃ હ્રાસ થતા થતા એક પૂર્વની વિદ્યા વર્તમાન રહી હતી.

ચૌદ પૂર્વમાંથી આઠમું કર્મપ્રવાદપૂર્વ આખું કર્મવિષયક હતું. જેમાં ૧૨૮ હાથી પ્રમાણ શાહીથી લખી શકાય એટલું અધ...ધ...ધ જ્ઞાન હતું જે આજે વિચ્છેદ (નષ્ટ) ગયેલું મનાય છે. તેના સિવાય બીજા નંબરના અગ્રાયણીય પૂર્વમાં એક વિષય કર્મપ્રાભૃત હતો જેમાં કર્મતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો હતો. પૂર્વો તો વિચ્છેદ ગયા પણ એના આંશિક વિભાગો એમાંથી ઉધ્ધૃત થયેલા માની શકાય એવા અનેક ગ્રંથો શ્વેતાંબર અને દિગંબર બંને મતમાં આજે પણ જોવા મળે છે. એમાંના કેટલાકનો અહીં આંશિક પરિચય પ્રસ્તુત છે.

**શ્વેતાંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો**

(૧) **કમ્મપયડિ - કર્મપ્રકૃતિ** - આ ગ્રંથના કર્તા પૂજ્ય આચાર્યશ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ પ્રાયઃ ૧૦ પૂર્વધારી હતા. વિક્રમની શરૂઆતની સદીમાં થયા એમ મનાય છે. આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં પદ્યરૂપે ૪૭૫ શ્લોક પ્રમાણ છે. જેમાં વર્ગણાનું સ્વરૂપ, પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, ધ્રુવબંધી–અધ્રુવબંધી આદિનું વિસ્તારથી વર્ણન છે. આ ગ્રંથ પર ૭૦૦૦ શ્લોક પ્રમાણ અજ્ઞાત-કર્તૃક ચૂર્ણી છે. ૮૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં ગદ્યરૂપે પૂજ્ય મલયગિરીજીકૃત ટીકા છે. તેમ જ ૧૩,૦૦૦ શ્લોક પ્રમાણ પૂ. ઉપા. યશોવિજયજી મ. કૃત સંસ્કૃત ટીકા છે તથા પં. શ્રી ચંદુલાલ નાનચંદજી કૃત ગુજરાતી ટીકાનુવાદ પણ છે. આ બધાએ કર્મસ્વરૂપને સમજાવવા માટે ઊંડું ચિંતન કરીને ગહન વિષયને સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૨) **પંચસંગ્રહ** – આ ગ્રંથના કર્તા શ્રી ચંદ્રર્ષિ મહત્તરાચાર્ય છે. ૯૬૩ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે. આ ગ્રંથકર્તા પાર્શ્વર્ષિના શિષ્ય હોય એમ લાગે છે. આ ગ્રંથ પર ૯૦૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અને ૧૮,૮૫૦ શ્લોક પ્રમાણ પૂજ્ય મલયગિરિજી કૃત સંસ્કૃત ટીકાઓ છે. આ પંચસંગ્રહના બે ભાગ છે. પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે–૧. યોગોપયોગ વિષય માર્ગણા ૨.બંધક ૩. બંધવ્ય ૪. બંધહેતુ અને ૫. બંધવિધિ--આ પાંચ દ્વારોનો સંગ્રહ હોવાથી પંચસંગ્રહ કહેવાય છે. બીજા ભાગમાં કર્મ પ્રકૃતિના અનુસારે આઠ કરણોનું વર્ણન છે. આ ગ્રંથની ટીકાનો ગુજરાતી અનુવાદ પં. શ્રી હીરાલાલ દેવચંદજીએ કરેલો છે તથા પં. શ્રી પુખરાજજી

અમીચંદભાઈએ પુનઃ તેનું સંપાદન કરીને સાત સંગ્રહ કરેલ છે. આ પંચ સંગ્રહોમાં કર્મ સંબંધી ઘણા રહસ્યોદ્‌ઘાટન થયા છે. કર્મને વિશેષ સમજવા માટે ઘણા જ ઉપયોગી છે.

**પ્રાચીન કર્મગ્રંથ ષટ્ક** – શ્રી દેવેન્દ્રસૂરિજીના રચેલા કર્મગ્રંથો સરળ અને અર્વાચીન છે. તેથી તેની અપેક્ષાએ પૂર્વે રચાયેલા કર્મગ્રંથોને 'પ્રાચીન કર્મગ્રંથો' કહેવાય છે. એવા છ કર્મગ્રંથો છે જે ભિન્ન ભિન્ન કર્તાના બનાવેલા છે. પ્રાચીન અને અર્વાચીન બંનેના નામ સરખા છે.

(૧) **કર્મવિપાક** – આ પ્રથમ કર્મગ્રંથના કર્તા ગર્ગર્ષિમુનિ છે. તે ૧૬૮ શ્લોક પ્રમાણ છે. ઉદિત કર્મોના વિપાકનું (ફળનું) વર્ણન કરેલ હોવાથી નામ કર્મવિપાક રાખેલ છે. આ કર્મગ્રંથની રચના વિક્રમની ૧૦મી સદીમાં થઈ છે. તે ગ્રંથ ઉપર (૧) પરમાનંદસૂરિજી કૃત ટીકા (૨) ઉદય પ્રભ સૂરિજીકૃત ટિપ્પણક અને (૩) અજ્ઞાતકર્તૃક ટીકા છે. આ ટીકાઓ અને ટિપ્પણક પ્રાયઃ વિક્રમની બારમી-તેરમી સદીમાં થયેલ છે.

(૨) **કર્મસ્તવ** - આ બીજા કર્મગ્રંથના કર્તાનું નામ અનુપલબ્ધ છે. તે ૫૭ શ્લોક પ્રમાણ છે. તેના ઉપર બે ભાષ્યો અને બે સંસ્કૃત ટીકાઓ છે. બન્ને ભાષ્યોના કર્તા અજ્ઞાત છે. પરંતુ બન્ને ટીકાઓના કર્તા અનુક્રમે (૧) ગોવિન્દાચાર્ય અને (૨) ઉદયપ્રભસૂરિજી છે. આ બીજા કર્મગ્રંથનું 'બન્ધોદય-સદ્-યુક્ત સ્તવ' એવું બીજું નામ પણ છે.

(૩) **બન્ધસ્વામિત્વ** – આ ગ્રંથના કર્તાનું નામ પણ અનુપલબ્ધ છે. આ ગ્રંથ ૫૪ શ્લોક પ્રમાણ છે. આ ગ્રંથ ઉપર એક સંસ્કૃત ટીકા છે, જે ટીકાના કર્તા પૂ. શ્રી હરિભદ્રસૂરિજી છે. આ હરિભદ્રસૂરિજી બૃહદ્‌ગચ્છના શ્રી માનદેવસૂરિજીના શિષ્ય હતા. તેથી યાકિની મહત્તરાસૂનુથી અન્ય છે. આ ટીકાની રચના વિ. સં. ૧૧૭૨મા વર્ષમાં-વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે.

(૪) **ષડ્શીતિ** – આ ગ્રંથના કર્તા જિનવલ્લભગણિ છે. આ ગ્રંથ ૮૬ શ્લોક પ્રમાણ છે. તેથી જ તેનું નામ 'ષડશીતિ' રાખવામાં આવેલ છે. આ ગ્રંથની રચના વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ગ્રંથનું બીજું નામ 'આગમિક વસ્તુ વિચારસાર' પ્રકરણ છે. આ ગ્રંથ ઉપર અજ્ઞાતકર્તૃક બે ભાષ્યો છે જેની અનુક્રમે ૨૩ અને ૩૮ ગાથાઓ છે તથા ત્રણ સંસ્કૃત ટીકાઓ છે. (૧) શ્રી હરિભદ્રસૂરિજી કૃત ટીકા છે. (આ હરિભદ્રસૂરિ યાકિની મહત્તરાસૂનુથી જુદા છે.) (૨) પૂજ્યશ્રી મલયગિરિજી કૃત ટીકા અને (૩) પૂ. શ્રી યશોભદ્રસૂરિજી કૃત ટીકા. આ ત્રણે ટીકાઓ વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ચોથા કર્મગ્રંથના કર્તા શ્રી જિનવલ્લભગણિ શ્રી જિનેશ્વરસૂરિજીના શિષ્ય હતા અને અભયદેવસૂરિજી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા, ગ્રંથકર્તા વિ. સંવત ૧૧૬૭માં સ્વર્ગવાસી થયા છે.

(૫) **શતક** – આ પાંચમા કર્મગ્રંથના કર્તા પૂ. શ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ કમ્મપયડિના પણ કર્તા છે. આ કર્મગ્રંથ ૧૦૦ શ્લોક પ્રમાણ છે તેથી જ તેનું નામ 'શતક' રાખેલ છે. આ કર્મગ્રંથ ઉપર ત્રણ ભાષ્યો, એક ચૂર્ણિ અને ત્રણ ટીકાઓ છે. ત્રણ ભાષ્યોમાંથી બે લઘુભાષ્યો છે જેની ૨૪-૨૪ ગાથાઓ છે. તેઓના કર્તા અજ્ઞાત છે. પરંતુ ત્રીજું બૃહદ્ ભાષ્ય છે. જેની ૧૪૧૩ ગાથા છે. વિક્રમ સં. ૧૧૭૯ માં રચાયું છે. તેના કર્તા શ્રી ચક્રેશ્વરજી છે તથા ચૂર્ણિના કર્તા અજ્ઞાત છે. ત્રણ ટીકાઓમાં પહેલી ટીકાના કર્તા મલધારી શ્રી હેમચંદ્રાચાર્યજી છે. બીજી ટીકાના કર્તા શ્રી ઉદયપ્રભસૂરિજી છે અને ત્રીજી ટીકાના કર્તા શ્રી ગુણરત્નસૂરિજી છે. આ ત્રણે ટીકાઓ વિક્રમની અનુક્રમે બારમી, તેરમી અને પંદરમી સદીમાં રચાઈ છે.

**(૬) સપ્તતિકા** – આ ગ્રંથના કર્તા ચંદ્ર મહત્તરાચાર્ય છે. (અથવા શિવશર્મસૂરિજી હોય એમ પણ પ્રાચીન ઇતિહાસ સંશોધકોનું માનવું છે.) આ ગ્રંથની ૭૦ ગાથા છે. તેથી જ તેનું સપ્તતિકા નામ રાખેલ છે. આ ગ્રંથનો કેટલોક વિષય કઠીન છે. તેની સરળતા માટે તેના ઉપર રચયેલા ભાષ્યમાંથી કેટલીક ગાથાઓ પ્રક્ષિપ્ત કરાઈ છે. જેથી હાલ ૯૧ ગાથા જોવા મળે છે. આ ગ્રંથ ઉપર શ્રી અભયદેવસૂરિજીકૃત ૧૯૧ ગાથાનું ભાષ્ય છે. અજ્ઞાત કર્તૃક ચૂર્ણિ છે. ચન્દ્રર્ષિ મહત્તરાચાર્યકૃત પ્રાકૃતવૃત્તિ છે. શ્રી મલયગિરિજીકૃત સંસ્કૃત ટીકા છે. મેરૂતુંગાચાર્યની વિક્રમ સંવત ૧૪૪૯ માં રચાયેલી ભાષ્યવૃત્તિ છે. તથા શ્રી ગુણરત્નસૂરિજીની વિક્રમની ૧૫મી સદીમાં રચાયેલી અવચૂરિ પણ છે.

**સાર્ધશતક** – કર્મગ્રંથના જ વિષયને સમજાવતો શ્રી જિનવલ્લભ-ગણિજીનો બનાવેલો ૧૫૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે જેની રચના વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે. તેના ઉપર અજ્ઞાતકર્તૃક ભાષ્ય છે તથા એક ચૂર્ણિ અને બે ટીકાઓ પણ છે. (૧) વિક્રમ સંવત ૧૧૭૦માં, શ્રી મુનિચંદ્રસૂરિજીકૃત ૨૨૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ છે. (૨) વિક્રમ સંવત ૧૧૭૧માં, શ્રી ધનેશ્વરસૂરિજીકૃત ૩૭૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા છે અને (૩) વિક્રમ સંવત ૧૧૭૯માં શ્રી ચક્રેશ્વરસૂરિજી કૃત ૧૪૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ ટિપ્પણક પણ છે.

**મનઃસ્થિતિકરણ પ્રકરણ** – વિક્રમ સંવત ૧૨૮૪માં શ્રી મહેન્દ્રસૂરિજીએ ૧૬૭ શ્લોક પ્રમાણ આ ગ્રંથ, તથા ૨૩૦૦ શ્લોક પ્રમાણ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા તેઓએ જ બનાવી છે.

**સંસ્કૃત કર્મગ્રંથ ચાર** – વિક્રમની ૧૫મી સદીમાં કુલ ૫૬૯ શ્લોક પ્રમાણ, સંસ્કૃત ભાષામાં ચાર કર્મગ્રંથો શ્રી જયતિલકસૂરિજીએ બનાવ્યા છે.

**ભાવ પ્રકરણ** – વિક્રમ સંવત ૧૬૨૩માં શ્રી વિજય વિમલ ગણિજીએ ૩૦ શ્લોક પ્રમાણ 'ભાવ પ્રકરણ' નામનો ગ્રંથ તથા તેના ઉપર ૩૨૫ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા બનાવી છે.

**બન્ધહેતુદય ત્રિભંગી** – વિક્રમની ૧૬મી સદીમાં શ્રી વિજયહર્ષકુલ ગણિજીએ ૬૫ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા તેના ઉપર જ ૧૧૫૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા વાનરર્ષિગણિજીએ ૧૬૦૨માં બનાવી છે.

**બન્ધોદયસત્તા પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી

વિજયવિમલગણિજીએ ૨૪ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા આ જ ગ્રંથ ઉપર કર્તાએ પોતે જ ૩૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અવચૂરિ પણ બનાવી છે.

**કર્મસંવેધભંગ પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી દેવચંદ્ર-સૂરિજીએ ૪૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં સપ્તતિકાના અનુસારે સંવેધ ભંગાઓનું જ વર્ણન છે.

**ભૂયસ્કરાદિ વિચાર પ્રકરણ** – શ્રી લક્ષ્મીવિજયજીએ ૬૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં ભૂયસ્કાર-અલ્પતર-અવસ્થિત બંધ અને અવક્તવ્ય બંધનું સવિસ્તરપણે વર્ણન છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરિશ્વરજી મ.સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય -પ્રશિષ્યોએ (૧) બંધ વિદાણ મહાગ્રન્થ તથા (૨) ખવગસેઢી-ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રન્થો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય–પ્રશિષ્યોએ (૧) બંધવિહાણ મહાગ્રંથ તથા (૨) ખવગસેઢી–ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રંથો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા વળી પૂજ્યગણિ શ્રી અભયશેખરવિજયજી મ. સાહેબકૃત કર્મપ્રકૃતિ પદાર્થ ભાગ-૧-૨, તથા કર્મપ્રકૃતિ પ્રશ્નોત્તરી ભાગ-૩ ઇત્યાદિ સાહિત્ય પણ કર્મ ઉપર સુંદર છણાવટપૂર્વક રચાયેલું જોવા મળે છે.

કમ્મપયડિ અને શતક નામના પાંચમા કર્મગ્રંથ ઉપર પૂજ્ય મુનિચન્દ્રસૂરિજી મ.સા.ની બનાવેલી વિષમપદા નામની ટિપ્પણી પણ છે.

**અર્વાચીન કર્મગ્રંથો – પાંચ.** પૂર્વે પ્રાચીન છ કર્મગ્રંથોનો ઉલ્લેખ છે તે તે જ નામ અને વિષયોને જણાવતા સરળ ભાષામાં પ્રાકૃત પદ્યમય લિપિમાં પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ નવા પાંચ કર્મગ્રંથો બનાવ્યા છે. હાલ આ જ કર્મગ્રંથો વધારે અધ્યયન અધ્યાપનમાં પ્રચલિત છે.

આ પાંચે કર્મગ્રંથો ઉપર ગ્રંથકર્તાની જ સ્વોપજ્ઞ ટીકાઓ છે. પરંતુ કોઈ અગમ્ય કારણસર ત્રીજા કર્મગ્રંથની ટીકા અનુપલબ્ધ છે. આ પાંચે કર્મગ્રંથો ઉપર ૨૯૫૮ શ્લોક પ્રમાણ શ્રી મુનિશેખર-સૂરિજીએ ટીકા બનાવી છે તથા પાંચે કર્મગ્રંથો ઉપર થઈને ૫૪૦૭ શ્લોક પ્રમાણ આ. ગુણરત્નસૂરિજીએ ટીકા બનાવી છે તથા કમલસંયમ ઉપાધ્યાયજીએ ૧૫૦ શ્લોક પ્રમાણ માત્ર બીજા કર્મ સ્તવ પર ૧૫૫૯માં વિવરણ લખેલ છે તથા પાંચે કર્મગ્રંથો પર ત્રણ બાલાવબોધ લખાયેલ છે.(૧) વિક્રમની ૧૭મી સદીમાં શ્રી જયસોમસૂરિજીએ ૧૭,૦૦૦ શ્લોક પ્રમાણ. (૨) વિક્રમની ૧૭મી સદીમાં જ શ્રી મતિચંદ્રસૂરિજીએ ૧૨,૦૦૦ શ્લોક પ્રમાણ અને (૩) વિક્રમની ૧૯મી સદીમાં (સંવત ૧૮૦૩) શ્રી જીવવિજયજીએ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ બાલાવબોધ લખેલ છે.

**પૂજા સાહિત્ય** – શ્રી વીરવિજયજી રચિત ચોસઠ પ્રકારી પૂજામાં આઠ કર્મ નિવારણની આઠ દિવસની પૂજાવિધિ બતાવી છે. પ્રત્યેક દિવસે એક કર્મની વિધિ સહિત પૂજા કરવાની એ રીતે આઠ કર્મની આઠ દિવસમાં પૂજા પૂરી થાય.

**દિગંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો**

**(૧) ષટ્ખંડાગમ્** – આનું બીજું નામ સંતકમ્મપાહુડ છે. (સત્કર્મપ્રાભુત) (ઈ. સ. પહેલી-બીજી શતાબ્દિમાં) ગિરનાર (ગુજરાત)ની ચંદ્રગુફામાં ધ્યાનમગ્ન આચારાંગના પૂર્ણજ્ઞાતા ધરસેન આચાર્યએ પોતાનું જ્ઞાન લુપ્ત ન થઈ જાય એ આશયથી આંધ્રપ્રદેશમાં સ્થિત પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મુનિઓને બોલાવીને પોતાની પાસે રહેલું જ્ઞાન એમને પીરસ્યું. એમાંથી એ બંને મુનિઓએ ષડ્ખંડાગમની રચના કરી. પુષ્પદંતમુનિશ્રીએ ૧૭૭ સૂત્રોમાં સત્પ્રરૂપણા અને ભૂતબલિ મુનિશ્રીએ ૬,૦૦૦ સૂત્રોમાં શેષ ગ્રંથ લખ્યો. આ રીતે ૧૪ પૂર્વોની અંતર્ગત બીજા અગ્રાયણી પૂર્વના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃત અધિકારના આધારે ષટ્ખંડાગમના ઘણાખરા વિભાગ લખાણા છે. કર્મસ્વરૂપ સમજવા માટે ષટ્ખંડાગમ એક મહત્ત્વનો ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ લખાઈ છે. એમાં છ ખંડ છે માટે એનું નામ ષટ્ખંડાગમ છે.

(૧) જીવઠાણ નામક-પહેલા ખંડમાં–સત્ સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ અનુયોગ દ્વાર છે અને નવ ચૂલિકાઓ છે. એમાં ગુણસ્થાન અને માર્ગણાઓનું વર્ણન છે.

(૨) બીજો ખંડ-ક્ષુલ્લક બંધ–એના ૧૧ અધિકાર છે. જેના દ્વારા કર્મબંધ કરવાવાળા જીવોના કર્મબંધના ભેદો સહિત વર્ણન છે.

(૩) ત્રીજો ખંડ-બંધસ્વામીત્વવિચય–કર્મ સંબંધી વિષયોનો કર્મબંધ કરવાવાળા જીવોની અપેક્ષાથી વર્ણન છે.

(૪) ચોથો ખંડ-વેદના–એમાં કૃત અને વેદના નામના બે અનુયોગ દ્વાર છે. એમાં વેદનાના કથનની પ્રધાનતા છે.

(૫) પાંચમો ખંડ-વર્ગણા–આ ખંડનો પ્રધાન અધિકાર બંધનીય છે જેમાં ૨૩ પ્રકારની વર્ગણાઓનું વર્ણન છે.

(૬) છઠ્ઠો ખંડ-મહાબંધ–ભૂતબલિમુનિ અને પુષ્પદંત મુનિરચિત સૂત્રોને મેળવીને પાંચ ખંડોમાં ૬૦૦૦ સૂત્રો રચ્યા પછી મહાબંધની ૩૦,૦૦૦ શ્લોક પ્રમાણ રચના કરી. આ ગ્રંથરાજને મહાધવલથી ઓળખવામાં આવે છે. એમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનું ખૂબ જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીએ ષટ્ખંડાગમને એના ખંડોના આધાર પર જીવકાંડ અને કર્મકાંડ નામના બે વિભાગોમાં વિભાજન કર્યું.

**(૨) કષાયપ્રાભૃત** – પહેલી કે બીજી શતાબ્દીમાં ગુણધર નામના આચાર્યને દ્વાદશાંગી શ્રુતનું કેટલુંક જ્ઞાન હતું. એમણે કષાયપ્રાભૃત નામના દ્વિતિય સિદ્ધાંત ગ્રંથની રચના જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુમાંથી કરી. એમાં કર્મ અને કષાયના વિષયનું અતિશય વિસ્તારથી વર્ણન છે. ષટ્ખંડાગમ અને કષાયપ્રાભૃત ગ્રંથો આગમ જેટલા માનનીય અને વિસ્તૃત છે. આ ગ્રંથ પર ચાર ટીકાઓ છે. (૧) શામકુંડાચાર્યની (૨) તુંબૂલૂરાચાર્યની (૩) બપ્પદેવસૂરિજીની (૪) વીરસેનાચાર્યની ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલા નામની

મહાટીકા છે.

**(૩) મહાબંધ** – મહાધવલના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ ષટ્ખંડાગમનો જ છઠ્ઠો ખંડ છે. એમાં ૪૦ હજાર શ્લોક છે. સાત ભાગમાં વિભાજિત છે. (વિભાજન કર્યું છે.)

**(૧) પ્રકૃતિબંધ** – સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, અનુત્કૃષ્ટ બંધ આદિ અધિકારોનું પ્રરૂપણ છે.

**(૨) સ્થિતિબંધ** – એમાં મુખ્યત્વે મૂલપ્રકૃતિ સ્થિતિબંધ અને ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધ બે અધિકાર છે. મૂલપ્રકૃતિ બંધના મુખ્ય ચાર અતિચાર–(૧) સ્થિતિબંધ સ્થાન (૨) નિષેક (૩) અબાધાકંડક (૪) અને અલ્પબહુત્વ છે. આગળ વધીને અદ્ધાછેદ, સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, નોઉત્કૃષ્ટ બંધ આદિ અધિકારો દ્વારા મૂલપ્રકૃતિ સ્થિતિબંધનો વિચાર કર્યો છે. એ જ રીતે ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધનો પણ વિચાર કરવામાં આવ્યો છે.

**(૩) સ્થિતિબંધ** – નો શેષ વિભાગ છે. બંધ સન્નિકર્ષ વિવિધ જીવોની અપેક્ષાએ ભંગવિચય, ભાગાભાગપ્રરૂપણા, પરિમાણ પ્રરૂપણા, ક્ષેત્ર પ્રરૂપણા, સ્પર્શન પ્રરૂપણા, કાલ પ્રરૂપણા, ભાવ પ્રરૂપણા અને અલ્પબહુત્વ નામના અધિકાર દ્વારા વિષયનું વિવેચન કરવામાં આવ્યું છે.

**(૪) અનુભાગ બંધ** – મૂલપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિનો નિષેક અને સ્પર્દ્ધક પ્રરૂપણા આદિ દ્વારા વિવેચન છે.

**(૫) અનુભાગ બંધ** – અધિકારનો શેષ વિભાગ-સન્નિકર્ષ, ભંગવિચય, ભાગાભાગ, પરિમાણ, ક્ષેત્ર સ્પર્શન આદિ પ્રરૂપણાઓ દ્વારા વિવેચન છે.

**(૬) પ્રદેશ બંધ** – પ્રત્યેક સમયે બંધને પ્રાપ્ત થવાવાળા મૂળ અને ઉત્તર કર્મોના પ્રદેશોના આશ્રયથી મૂળપ્રકૃતિ પ્રદેશબંધ અને ઉત્તરપ્રકૃતિ પ્રદેશબંધનો વિચાર કરવામાં આવ્યો છે. અનેક અનુયોગ દ્વારોથી એનું પ્રરૂપણ કરવામાં આવ્યું છે.

(૭) **પ્રદેશ** – અધિકારના શેષ ભાગનું નિરૂપણ છે. એમાં ક્ષેત્ર-સ્પર્શ-કાળ-અંતર-ભાવ-અલ્પબહુત્વ પ્રરૂપણા, ભુજગારબંધ, પદનિક્ષેપ, મુત્કીર્તના, સ્વામીત્વ, અલ્પબહુત્વ, વૃદ્ધિબંધ, અધ્યવસાન, સમુદાહાર અને જીવસમુદાહાર નામના અધિકારો દ્વારા વિષયનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે સાત વિભાગમાં ચારે પ્રકારના બંધનું વિશદ વર્ણન આમાં જોવા મળે છે.

**(૪) ગોમ્મટસાર** - ના કર્તા ૧૧ મી સદીના દેશીયગણના નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છે. સિદ્ધાંતશાસ્ત્રના અદ્વિતિય પંડિત હોવાને કારણે સિદ્ધાંત ચક્રવર્તીથી પ્રસિદ્ધ હતા. એમણે પોતે જ લખ્યું છે કે જેમ કોઈ ચક્રવર્તી પોતાના ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડોને નિર્વિઘ્ન રૂપે પોતાને વશ કરી લે છે એમ મેં પણ મારા પોતાના મતિરૂપ ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડના સિદ્ધાંતનું સમ્યક્રૂપથી સંધાન કર્યું છે. એમણે પોતાના ગ્રંથની પ્રશસ્તિમાં વીરનન્દિ આચાર્યનું સ્મરણ કર્યું છે. ધવલાદિ મહાસિદ્ધાન્ત ગ્રંથોના આધારથી એમણે ગોમ્મટ-સારની રચના કરી છે. એનું બીજું નામ **પંચસંગ્રહ** (બંધ, બધ્યમાન, બંધસ્વામી, બંધહેતુ અને બંધભેદ આ પાંચ વિષયોનું વિવેચન હોવાને કારણે) ગોમ્મટસંગ્રહ અને ગોમ્મટસંગ્રહસૂત્ર પણ છે. એને પ્રથમ સિદ્ધાંતગ્રંથ કે પ્રથમ શ્રુતસ્કંધ પણ કહેવાય છે.

ગોમ્મટસાર બે વિભાગમાં વિભક્ત છે–જીવકાંડ અને કર્મકાંડ.

(૧) **જીવકાંડમાં**–મહાકર્મપ્રાભૃતના સિદ્ધાંત સંબંધી જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ અને વર્ગણાખંડ–આ પાંચ વિષયોનું વર્ણન છે. એમાં ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ૧૪ માર્ગણા અને ઉપભોગ એ ૨૦ અધિકારોમાં ૭૩૩ ગાથામાં જીવની અનેક અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે.

**(૨) કર્મકાંડમાં** – પ્રકૃતિસમુત્કીર્તન, બંધોદયસત્ત્વ, સત્ત્વસ્થાનભંગ, ત્રિચૂલિકા, સ્થાનસમુત્કીર્તન, પ્રત્યય, ભાવચૂલિકા, ત્રિકરણચૂલિકા અને કર્મસ્થિતિ રચના નામના નવ અધિકારમાં ૯૭૨ ગાથામાં કર્મોની અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ કર્મ વિષે સમજાવતો આ એક ઉલ્લેખનીય ગ્રંથ છે. ગોમ્મટસાર માટે કહેવાય છે કે ગંગવંશીય રાજા રાયમલ્લના પ્રધાનમંત્રી ચામુંડારાય આ. શ્રી નેમિચંદ્રજીના પરમભક્ત હતા. એક દિવસ જ્યારે તેઓ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા ત્યારે આચાર્યશ્રી શાસ્ત્રનો સ્વાધ્યાય કરી રહ્યા હતા. ચામુંડારાયને જોતાં જ તેમણે એ શાસ્ત્ર બંધ કરી દીધું. આથી ચામુંડારાયે બંધ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે કહ્યું કે આ શાસ્ત્ર વાંચવાના તમે અધિકારી નથી. ત્યારે એમની વિનંતીથી એના સંક્ષિપ્ત સાર રૂપ ગ્રંથની રચના કરી અને એને 'ગોમ્મટસાર' નામ આપ્યું. ચામુંડારાયે સુપ્રસિદ્ધ બાહુબલિ કે ગોમ્મટ (ચામુંડારાયનું ઘરનું નામ) સ્વામીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી, એટલે એ ગોમ્મટરાય પણ કહેવાતા હતા. માટે આ ગ્રંથનું નામ ગોમ્મટસાર રાખવામાં આવ્યું હતું.

**(૫) ક્ષપણાસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી દ્વારા વિરચિત મોહનીય કર્મના ક્ષપણ (ક્ષય) વિષયક ૬૫૩ પ્રાકૃત ગાથાનો ગ્રંથ છે. એના આધાર પર માધવચંદ્ર વિદ્યદેવે એક સ્વતંત્ર ક્ષપણાસાર નામનો ગ્રંથ સંસ્કૃત ગદ્યમાં લખ્યો હતો. એની એક ટીકા પં. ટોડરમલજી (ઈ. સ. ૧૭૬૦)કૃત ઉપલબ્ધ છે.

**(૬) લબ્ધિસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી (ઈ. સ. ૧૧નો પૂર્વાર્ધ) દ્વારા વિરચિત મોહનીય કર્મના ઉપશમ વિષયક ૩૯૧ પ્રાકૃત ગાથા બદ્ધ ગ્રંથ છે. આ ગ્રંથની નેમિચંદ્રકૃત સંસ્કૃત સંજીવની ટીકા તથા પં. ટોડરમલ (ઈ. સ. ૧૭૩૬)કૃત ભાષા ટીકા પ્રાપ્ત છે.

**નિષ્કર્ષ** – આમ કર્મવાદ પર વિશદ વિચારણા જૈન સાહિત્યમાં મળે છે. જો કે વૈદિક તથા બૌદ્ધ સાહિત્યમાં પણ કર્મ સંબંધી વિચારણા જરૂર જોવા મળે છે. પરંતુ તે થોડા પ્રમાણમાં છે જ્યારે જૈનદર્શનનું કર્મસાહિત્ય બેજોડ છે. જેથી સિદ્ધ થાય છે કે જૈનદર્શનમાં કર્મવાદ એક મહત્ત્વનો વિષય છે. ✶✶✶

***જૈનદર્શનનું કર્મસાહિત્ય બેજોડ છે. જેથી સિદ્ધ થાય છે કે જૈનદર્શનમાં કર્મવાદ એક મહત્ત્વનો વિષય છે.***

# કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય

જૈનદર્શનના વિશાળ કર્મસાહિત્યનો અભ્યાસ કરવાનું આપણું ગજું ન હોય તો માત્ર જેમાં કર્મવાદનો સંપૂર્ણ સાર આવી જાય છે એવા છ કર્મગ્રંથોનો અભ્યાસ કરીએ તો પણ આપણા સાતે કોઠે દીવા થઈ જાય એટલું વિલક્ષણ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

**જૈનદર્શનનું કર્મજ્ઞાન ખરેખર અદ્‌ભૂત છે.**

એટલે જ કદાચ વિવિધ સાહિત્યના સર્જક જૈનેતર એવા ચંદ્રહાસભાઈ ત્રિવેદીએ એમના કર્મસંબંધી કર્મસાર પુસ્તકમાં લખ્યું છે કે-

'કર્મ જેવા ગહન અને જટિલ વિષયને હું સરળતાથી સ્પર્શી શક્યો છું તેનું એક કારણ કે કર્મને સમજાવવા મેં જે સિદ્ધાંતનો આશ્રય લીધો છે તે જૈન કર્મગ્રંથોમાંથી લીધેલ છે જે વિશિષ્ટ અને વૈજ્ઞાનિક છે.'

અમે જ્યારે કર્મવાદના લેખ માટે એમને ફોન કર્યો ત્યારે આ જ વાતનું પુનરુચ્ચારણ કરતાં કહ્યું કે જૈનદર્શનનું કર્મજ્ઞાન ખરેખર અદ્‌ભુત છે.

એ જ્ઞાનથી આપણે વંચિત રહીએ એ કેમ ચાલે ? તેથી અહીં એ છ કર્મગ્રંથોનો અછડતો પરિચય રજૂ કરીએ છીએ.

કર્મ સંબંધી જેમાં ગૂંથણી કરવામાં આવી છે તેને કર્મગ્રંથ કહે છે. એવા છ કર્મગ્રંથો છે. જે કર્મની ઝીણામાં ઝીણી વિગતોનું ઉદ્‌ઘાટન કરે છે. એનું અધ્યયન કરવાથી સમભાવની પ્રાપ્તિ થાય છે. જીવન જીવવાની ચાવી મળી જાય છે. આપણને જે કાંઈ સુખદુઃખ પ્રાપ્ત થાય છે તે આપણે કરેલા કર્મબંધને કારણે જ છે એવું સમજાઈ જતાં આપણો જીવન માટેનો અભિગમ બદલાઈ જાય છે. પછી એવા કર્મ કરવા તત્પર થઈએ છીએ કે જેના ફળ આપણને અનુકૂળ બની રહે. જે કર્મોના ફળ માઠા મળે એવા કર્મોથી દૂર રહીએ છીએ અને કદાચ કરવા પડે તો એમાં રસ તો રેડતાં જ નથી. તેને કારણે આપણું જીવન શાંત સરળ વહે છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.

શ્રી ગર્ગર્ષિ વગેરે ભિન્ન ભિન્ન મુનિ ભગવંતોએ (૧) કર્મવિપાક (૨) કર્મસ્તવ (૩) બંધસ્વામીત્વ (૪) ષડશીતિ (૫) શતક (૬) સપ્તતિકા નામે પ્રાચીન છ કર્મગ્રંથો રચ્યા હતા એને જ સરળ ભાષામાં સમજાવીને અર્વાચીન પાંચ કર્મગ્રંથ પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ રચ્યા છે.

**કર્તાનો પરિચય**

૧૩મી કે ૧૪મી સદીમાં થઈ ગયેલા પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ આ પાંચ કર્મગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેમના ગુરુજીનું નામ શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી હતું. તેઓ સવિશેષ તપ આચરતા હોવાથી તેઓના તપ પ્રભાવથી પ્રસન્ન થઈ ચિત્તોડના મહારાજા જેત્રસિંહે તેમને 'તપા' બિરૂદ આપ્યું હતું. ત્યારથી આ ગચ્છ 'તપાગચ્છ'ના નામે પ્રસિદ્ધિ પામ્યો. ગ્રંથકર્તા વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગવાસી થયા હતા. તેઓનું **'ચંદ્રકુલ'** હતું. તેમણે આ પાંચ કર્મગ્રંથો ઉપરાંત શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ, સિદ્ધ પંચાસિકાવૃત્તિ, સુદર્શના ચરિત્ર, સિદ્ધદંડિકા આદિ અનેક ગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેઓએ બનાવેલી ટીકા આદિ ગ્રંથોનું સંશોધન વિદ્વદ્‌રત્ન શ્રી ધર્મકીર્તિસૂરિજી તથા વિદ્યાનંદસૂરિજીએ કર્યું છે. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીના આ પાંચે ગ્રંથ પ્રાકૃત ભાષામાં રચાયેલા છે. પછી એનાં જરૂરિયાત પ્રમાણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાંતર થયા છે. મુનિશ્રી નરવાહન વિજયજી, મુનિશ્રી મિશ્રીમલજી, પં. ભગવાનદાસજી, પં. સુખલાલજી, શ્રી સોમચંદ્ર શાહ, પં. શ્રી ધીરજલાલ મહેતા, સાધ્વી લલિતાબાઈ મ., વિદુષી સાધ્વી હર્ષગુણાશ્રીજી (રમ્યરેણુ) આદિએ ખૂબ પુરુષાર્થ કરીને એનું સુંદર વિવેચન કર્યું છે જે મનનીય છે.

આ છએ કર્મગ્રંથની વિષયવસ્તુ સાર રૂપે અહીં પ્રસ્તુત છે.

**(૧) કમ્મવિવાગ**–કર્મવિપાક–પ્રાકૃત ભાષામાં ૬૧ ગાથા પ્રમાણ રચાયેલો આ કર્મગ્રંથ કર્મશાસ્ત્રનું પ્રવેશદ્વાર છે. અહીંથી કર્મવાદની યાત્રા શરૂ થાય છે. જો એનું અધ્યયન બરાબર કરવામાં આવે તો આગળના કર્મગ્રંથો સમજવામાં સરળતા રહે છે. આ ગ્રંથની અનેક ટીકાઓ છે અને ભાષાંતરો છે.

એની પૂર્વભૂમિકામાં પ્રાયઃ બધા દર્શનોએ કર્મની માન્યતા સ્વીકારી છે એ બતાવીને વિવિધ દર્શનોના કર્મ-સ્વરૂપને બતાવ્યું છે. તેમ જ વર્ગણાનું સ્વરૂપ બતાવ્યું છે.

પછી પ્રથમ શ્લોકથી ભગવાન શ્રી મહાવીરને વંદન કરવારૂપ મંગલાચરણ કર્યું છે. પછી કર્મ કોને કહેવાય છે તે બતાવીને કર્મ કેવી રીતે બંધાય છે એ વિવિધ પ્રકારના મોદક (લાડુ)ના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. પાંચજ્ઞાનનું સ્વરૂપ સમજાવીને જ્ઞાનાવરણીય આદિ કર્મનું ઉપમા સહિત અને એની પ્રકૃતિઓ સહિત વર્ણન કર્યું છે. જેનું કોષ્ટક અહીં આ અંકમાં અન્યત્ર મૂક્યું છે. આઠ કર્મ કઈ કઈ પ્રવૃત્તિથી બંધાય છે એનું પણ અહીં વિગતથી વર્ણન છે. ૧૫૮ પ્રકૃતિ અર્થ સહિત સમજાવી છે તથા આઠ કર્મ ઉપમા સહિત સમજાવ્યા છે.

આ ગ્રંથમાં કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના વિપાક (કર્મના ફળ) કેવા હોય એનું વિગતે વર્ણન છે માટે એનું નામ 'કર્મવિપાક' છે.

આ ગ્રંથનો અભ્યાસ કર્યા સિવાય કર્મસ્તવાદિ બીજા ક્રમગ્રંથનો અભ્યાસ કરી શકાતો નથી. તેથી કર્મગ્રંથનો અભ્યાસ કરનાર કરાવનાર લોકો ઘણું કરીને આ ગ્રંથને 'પ્રથમકર્મગ્રંથ' કહે છે. કર્મને

સમજવા અવશ્ય આ ગ્રંથનું અધ્યયન કરવું જ જોઈએ.

(૨) **કર્મસ્તવ** – પ્રાકૃત ભાષામાં ૩૪ ગાથા પ્રમાણ આ કર્મગ્રંથ અર્ક સમાન છે. આ ભવસાગરમાં જીવ અનાદિકાળથી ગમનાગમન કરતા કરતા થાકી જાય છે ત્યારે દુઃખથી મુક્ત થવા માટે કે શાશ્વત સુખ મેળવવા માટેના પ્રયત્નો કરતો જ હોય છે. એમાં ય કર્મવિપાકથી જીવ કયા કયા કર્મો દ્વારા કેવા કેવા પ્રકારના સુખદુઃખ અનુભવે છે એ જાણ્યા પછી સ્વાભાવિક જીજ્ઞાસા થાય છે કે કર્મક્ષયનો ઉપાય શું છે? ગુણસ્થાનનું સુપેરે સ્વરૂપ જાણીએ તો એ ઉપાય જાણી શકાય છે, માટે ગુણસ્થાનનું સ્વરૂપ તેમજ સકલકર્મક્ષયવિધિ આ ગ્રંથમાં બતાવી છે. આ સકલકર્મક્ષયવિધિ ગ્રંથકાર ભગવંત જાણે મહાવીર સ્વામીના અપાયાગમ અતિશય ગુણની સ્તુતિ (સ્તવના) કરતાં કરતાં આપણને બતાવી રહ્યા હોય એ રીતે કરવામાં આવી છે માટે આ કર્મગ્રંથનું નામ કર્મસ્તવ છે અને સ્તુતિનો વિષય સકલકર્મક્ષય છે.

આ ગ્રંથમાં કયા કયા ગુણસ્થાને કઈ કઈ કર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ક્ષય થાય છે એનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. કર્મવિપાકમાં ૧૫૮ પ્રકૃતિનું સ્વરૂપ જાણ્યું એમાં બંધને યોગ્ય ૧૨૦, ઉદય-ઉદીરણા યોગ્ય ૧૨૨ અને સત્તાને યોગ્ય ૧૪૮ કે ૧૫૮ પ્રકૃતિઓ હોય છે. એનો સરળતાથી બોધ થઈ શકે માટે સર્વપ્રથમ કર્મવિપાક કહ્યો પછી કર્મસ્તવ કહ્યો છે.

સકલકર્મક્ષયનું કારણ સમ્યક્ત્વાદિ ગુણો છે તેથી સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. જેથી મિથ્યાત્વાદિ દોષો નાશ થશે અને કર્મબંધની પ્રક્રિયા અટકશે. કર્મબંધની પ્રક્રિયા અટકતાં જ સત્તાનો પણ અંત આવશે. જેવો સત્તાનો અંત આવશે એવી જ ઉદય-ઉદીરણા પ્રક્રિયાનો પણ અંત આવી જશે. ઉદય-ઉદીરણાનું કારણ કર્મસત્તા, કર્મસત્તાનું કારણ કર્મબંધ અને કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિ દોષો છે. જ્યારે જીવનું ગુણસ્થાન પર ચડાણ શરૂ થાય છે કે મિથ્યાત્વાદિ દોષો ક્રમશઃ નાશ પામતા જાય છે સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થતા જાય છે. તેથી બંધાદિ પ્રક્રિયાનો પણ અંત આવે છે. એટલે સર્વપ્રથમ ગુણસ્થાનનું સ્વરૂપ બતાવ્યું છે.

**ગુણસ્થાન** – મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચરિત્રગુણોની થવાવાળી તારતમ્ય અવસ્થાઓને ગુણસ્થાન કહેવામાં આવે છે. એની સંખ્યા ૧૪ છે. જેનું આ અંકમાં અન્યત્ર વિવરણ છે. ત્યારબાદ આ દરેક ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો બંધ, ઉદય-ઉદીરણા સત્તા હોય એનું વિસ્તૃત વર્ણન છે.

આમ આ કર્મગ્રંથમાં ગુણસ્થાન અને બંધાદિ પ્રકૃતિઓનું વિશ્લેષણ કરીને કર્મક્ષયસિદ્ધિ સમજાવી છે જે સમજ્યા પછી કર્મબંધ ઓછો કરવાનો પ્રયત્ન કરીએ તો સુખની પ્રાપ્તિ થાય છે. માટે આ કર્મગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જોઈએ.

(૩) **બંધસ્વામીત્વ** – ત્રીજો કર્મગ્રંથ સૌથી ઓછી ૨૪ ગાથામાં જ રચાયો છે. પ્રાકૃત ભાષામાં છે. આત્મા પરિણામી નિત્ય છે તેથી વિવિધ પર્યાયોમાં રૂપાંતરિત થયા કરે છે. ક્યારેક નારકી, ક્યારેક તિર્યંચ વગેરે ગતિમાં. વળી તિર્યંચમાં પણ પૃથ્વી, પાણી આદિ સ્થાવરમાં એકેન્દ્રિયપણે કે પછી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય વગેરે જાતિમાં, ક્યારેક જ્ઞાની અજ્ઞાની, ક્યારેક સંજ્ઞી અસંજ્ઞી એમ અનેક પર્યાયોમાં પ્રવર્તે છે. એટલે કે એક જ ગુણસ્થાનમાં જુદી જુદી પર્યાયવાળા જીવો હોય છે. એ સર્વ જીવોનું વ્યક્તિગત બંધસ્વામીત્વ જાણવું છદ્મસ્થ જીવો માટે અશક્ય છે એટલે પ્રત્યેક ગુણસ્થાનમાં રહેલા અનંતા-અસંખ્યાતા કે સંખ્યાતા જીવો કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે એ સહેલાઈથી જાણી શકાય એ હેતુથી સિદ્ધાંતમાં એક સરખી પર્યાયવાળા જીવોનું વર્ગીકરણ કરીને તે સર્વેને કુલ ૧૪ ભાગમાં વહેંચી આપ્યા છે. એ વિભાગને શાસ્ત્રીય ભાષામાં માર્ગણા કહે છે. એના પેટા ભેદ ૬૨ છે.

બંધસ્વામીત્વમાં એ ૬૨ ભેદનું બંધનું સ્વરૂપ બતાવ્યું છે એટલે કે જીવ જે માર્ગણામાં હોય ત્યાં એને જે જે ગુણસ્થાન પ્રાપ્ત થતા હોય તે તે ગુણસ્થાને જેટલી પ્રકૃતિ બાંધી શકે એનું વર્ણન છે માટે એનું નામ બંધસ્વામીત્વ છે. એનાથી ખ્યાલ આવે છે કે આપણે કેટલી પ્રકૃતિ બાંધતા હશું. ઓછી પ્રકૃતિ બાંધવા શું કરવું એનો પણ ખ્યાલ આવે છે. મનુષ્ય ગતિમાં કુલ બધા ગુણસ્થાને મળીને ૧૨૦ પ્રકૃતિ બંધાય છે પણ તે બધા મનુષ્યનો સમુચ્ચય વિચાર કરીને થાય છે. પણ વ્યક્તિગત તો વધારેમાં વધારે ૭૩ થી ૭૪ પ્રકૃતિ જ બાંધી શકાય છે. એક વ્યક્તિ એક સાથે ૧૨૦ ક્યારે પણ ન બાંધી શકે એ રહસ્ય અહીં જાણવા મળે છે. ગતિ બદલાય એની સાથે જ કર્મનો બંધ, ઉદય, ગુણસ્થાન વગેરે પણ બદલાઈ જાય છે એની સુવિસ્તૃત સમજણ આ કર્મગ્રંથથી પ્રાપ્ત થાય છે. જે તે ગુણસ્થાને આવ્યા પછી ત્યાં જેટલી પ્રકૃતિ બાંધી શકતો હોય એ કર્મપ્રકૃતિના બંધનો એને સ્વામી કહેવાય છે માટે આ ગ્રંથનું નામ બંધ સ્વામીત્વ રાખવામાં આવ્યું છે. આ ગ્રંથનો વિષય માર્ગણાને અનુસરીને છે માટે મંગલાચરણ પછી માર્ગણાની ગાથાથી શરૂઆત થઈ છે. માર્ગણાને પર્યાયબોધપીઠિકા પણ કહેવામાં આવે છે.

**માર્ગણા–**

गइ इन्दिए य काए, जोए वेए कसाय नाणे य।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ।।

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહારક એ ૧૪ માર્ગણા છે. તેના ૬૨ પેટાભેદ છે. જે નીચે મુજબ છે.

(૧) **ગતિ**-૪ (૨) **ઈન્દ્રિય**-૫. (૩) **કાય**-૬.(૪) **યોગ**-૩.(૫) **વેદ**-૩. (૬) **કષાય**-૪.(૭) **જ્ઞાન**-૮.(૫ જ્ઞાન+૩ અજ્ઞાન) (૮) **સંયમ**-૭. (૯) **દર્શન**-૪. (૧૦) લેશ્યા-૬. (૧૧) **ભવ્યાભવ્ય-૨.**

**(૧૨) સમ્યક્ત્વ**–૬. **(૧૩) સંજ્ઞી**–૨. **(૧૪) આહારક**–૨.

આ૧૪ માર્ગણાના કુલ પેટાભેદ ૬૨ થાય છે.

આ ૬૨ ભેદમાં જેને જે ગુણસ્થાન હોય એ દરેક ગુણસ્થાનમાં જેટલી કર્મપ્રકૃતિ બંધાય એનું સુપેરે વર્ણન આ કર્મગ્રંથમાં આવ્યું છે.

**(૪) ષડશીતિ**–ષટ્+અશીતિ ૬+૮૦=૮૬ ષડશીતિ એટલે કે જેમાં ૮૬ ગાથા છે તે ષડશીતિ નામનો ચોથો કર્મગ્રંથ છે. આ કર્મગ્રંથમાં સૂક્ષ્મદૃષ્ટિથી જીવસ્થાનકાદિ વિષયોની વિચારણા કરેલી હોવાથી આ ગ્રંથનું નામ **'સૂક્ષ્માર્થવિચાર'** પણ છે તેમ જ આ ગ્રંથમાં આગમમાં કરાયેલ પદાર્થની વિચારણાનો સાર હોવાથી બીજું નામ **'આગમિક વસ્તુ વિચાર સાર'** પણ છે.

આ ગ્રંથમાં કર્મના વિષય સાથે સંબંધ ધરાવતા અને કર્મનું જ્ઞાન પાકું થાય માટે કેટલાક પ્રકીર્ણ વિષયો ક્રમસર અને પદ્ધતિસર આપવામાં આવ્યા છે. જ્યારે પરિપક્વ બુદ્ધિવાળા સાધકને આગળના ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી વધુ ને વધુ જાણવાની ઈચ્છા જાગે છે. ત્યારે તે આગળ વધતા ચોથા-પાંચમા-છઠ્ઠા કર્મગ્રંથોનો અભ્યાસ કરવા પ્રેરાય છે. સામાન્ય જાણકારી માટે પ્રથમના ત્રણ ગ્રંથો પૂરતા છે.

આ ગ્રંથમાં (૧) જીવસ્થાનક (જેમાં જીવો રહે છે તે) (૨) માર્ગણાસ્થાન (જીવાદિ પદાર્થોની વિચારણા જેમાં છે તે) (૩) ગુણસ્થાન (૪) ઉપયોગ (ચેતનની ક્રિયા) (૫) યોગ (૬) લેશ્યા (૭) બંધ (૮) અલ્પબહુત્વ (કોણ કોનાથી ઓછા વધુ છે એની વિચારણા) (૯) ભાવ (જીવ અને અજીવનું સ્વાભાવિક વૈભાવિક રૂપે પરિણમન) (૧૦) સંખ્યાતાદિ માપ (ડાલા-પાલાનું સ્વરૂપ) વગેરેની સૂક્ષ્મ વિચારણા રજૂ કરવામાં આવી છે માટે એને **'સૂક્ષ્માર્થવિચાર'** કહેવામાં આવે છે. જેનું સારી રીતે અધ્યયન કરવું જરૂરી છે.

**(૫) શતક** – ૧૦૦ ગાથા હોવાને કારણે પાંચમા ગ્રંથનું નામ શતક થયું છે. અવસર્પિણીકાળના પાંચમા આરામાં જીવો અલ્પાયુ અને મંદબુદ્ધિવાળા હોય છે. તેથી તે જીવોને ધ્રુવબંધી વગેરે વિષયનો બોધ સહેલાઈથી કરાવવા માટે આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મ. સા. કમ્મપયડીના બંધનકરણ અને શતક પ્રકરણમાંથી શતક નામના પાંચમા કર્મગ્રંથની રચના કરી છે. એના વિષયો ગહન છે છતાં સારી રીતે સમજીએ તો આનંદની અનુભૂતિ પણ થાય છે. કમ્મપયડી અને શતક પ્રકરણની રચના પૂ. શ્રી શિવસૂરિ મ.સા. અગ્રાયણીપૂર્વ અને બંધવિધાનમાંથી કરી છે. તેને સરળ કરીને પાંચમા કર્મગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં ધ્રુવબંધી (બંધહેતુ પ્રાપ્ત થતાં અવશ્ય બંધાય), અધ્રુવબંધી (અધ્રુવ=ભજના), ધ્રુવોદયી, અધ્રુવોદયી, ધ્રુવ (નિયમા) સત્તા, અધ્રુવ સત્તા, ઘાતી-અઘાતી, પરાવર્તનમાન, અપરાવર્તમાન, પુણ્ય-પાપ, જીવવિપાકી, ભવ વિપાકી, પુદ્ગલ વિપાકી, ક્ષેત્રવિપાકી, વગેરેની વ્યાખ્યા સહિત પ્રકૃતિઓ બતાવી છે. ભૂયસ્કાર આદિ ચારબંધનું સ્વરૂપ પ્રકૃતિબંધમાં બતાવ્યું છે. સ્થિતિબંધમાં મૂળ અને ઉત્તર પ્રકૃતિના જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બતાવ્યા છે. કોઈ પ્રકૃતિ સતત કેટલો કાળ બંધાય અને અબંધકાળ કેટલો વગેરે બતાવ્યું છે. રસબંધમાં–જીવને રહેવાનો કાળ, રસસ્થાનના છઠ્ઠાણવડિયા, મંદ-તીવ્ર રસસ્થાન, જઘન્ય-ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી વગરે બતાવ્યું છે. પ્રદેશબંધમાં–વર્ગણાનું સ્વરૂપ, કર્મદલિકની વહેંચણી જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી અને ગુણશ્રેણીઓ, પલ્યોપમનું સ્વરૂપ, પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ, ક્ષપક= ઉપશમશ્રેણી ઘનીકૃત લોકાદિનું સ્વરૂપ વગેરે વિષયોનું આમાં વિવેચન છે.

**(૬) સપ્તતિકા** – છઠ્ઠો કર્મગ્રંથ અતિપ્રાચીન છે તે આ ગ્રંથ જોવાથી ખ્યાલ આવે છે. આ ગ્રંથમાં કર્મનું સર્વાંગી દૃષ્ટિએ વિવેચન થયું છે. જાણે સાગરને ગાગરમાં સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રાચીનગ્રંથના કર્તા કેટલા જ્ઞાની હશે તે આ ગ્રંથનું અવગાહન કરવાથી ખબર પડે છે. તીર્થંકર ભગવંતે જે અર્થદેશના આપી તેને ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથી જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમાં ૧૨મા દૃષ્ટિવાદ સૂત્રના પાંચ વિભાગ છે. (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા. એમાંથી પૂર્વગતમાં ૧૪ પૂર્વ છે તેમાં અગ્રાયણી નામના પૂર્વમાં ૧૪ વસ્તુ બતાવી છે. તેમાં ક્ષીણલબ્ધિ નામની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત બતાવ્યા છે. તેમાંથી ચોથા પ્રાભૃતનું નામ કર્મપ્રકૃતિ છે. તે સર્વે તીર્થંકરની વાણીરૂપ છે. તેનો જ અંશ એટલે છઠ્ઠો કર્મગ્રંથ. આ ગ્રંથમાં ૭૦ ગાથા છે માટે એનું નામ સપ્તતિકા છે. આ ગ્રંથના કર્તા પ્રાચીન આચાર્ય મહારાજ છે અને તેમણે સીધો જ બીજા અગ્રાયણી પૂર્વમાંથી એ ગ્રંથનો ઉદ્ધાર કર્યો જણાય છે. રચના ઘણી જ ગંભીર તથા પ્રસન્ન છે તે જ કાયમ રાખી છે. તે નવો રચવામાં આવેલ નથી. એમાં કર્મ પ્રકૃતિના બંધ-ઉદય-ઉદીરણા તથા સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે. સં+વેધ. સં=સમ્યક્ પ્રકારે, વેધ=ભેગા થવું. યથાયોગ્ય રીતે બંધ, ઉદય, સત્તાનું ભેગું થવું તેને બંધોદયસત્તાનો સંવેધ કહેવાય. જે ભાંગા કે વિકલ્પોના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ સ્થિતિ વગેરેના સંવેધો સમજવાની ભૂમિકા રચી આપે છે. આ ગ્રંથમાં મૂળકર્મનો બંધોદયસત્તાનો સંવેધ, જીવસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ગુણસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ઉત્તરપ્રકૃતિનો બંધોદયસત્તાનો સંવેધ, માર્ગણાદિમાં ઉત્તરપ્રકૃતિનો સંવેધ તેમજ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

આમ ઉત્તરોત્તર છએ કર્મગ્રંથો શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરવાથી જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે. ✷ ✷

*છએ કર્મગ્રંથો શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરવાથી જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.*

# અન્ય દર્શનોમાં કર્મવાદ

આ વિશ્વમાં વિવિધ દર્શનો છે. એ દરેક દર્શનોના પ્રત્યેક સિદ્ધાંતોમાં એકરૂપતા ન હોય એ સ્વાભાવિક છે. તો પણ કર્મ અને કર્મફળની માન્યતામાં સૌ પ્રાયઃ એકમત છે. જો કે એના નામ સ્વરૂપમાં ફરક જરૂર છે. પણ દરેક દર્શનોએ પોતાના શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન રીતે કર્મવાદ સમજાવ્યો છે. જેમકે-

**(૧) બૌદ્ધ દર્શન-**

તથાગત ગૌતમ બુદ્ધ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે રાગ-દ્વેષ મોહાદિ કર્મબંધના કારણ છે. જીવ એને કારણે મન, વચન અને કાયા દ્વારા જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે પણ કર્મ કહેવાય છે. એ પ્રવૃત્તિના કારણે ચિત્તમાં જે કાંઈ સંસ્કાર પડે છે તે પણ કર્મ કહેવાય છે. તેમાં માનસિક ક્રિયાજન્ય સંસ્કારને 'વાસના' કહે છે. અને વચન તથા કાયાજન્ય સંસ્કારને અવિજ્ઞપ્તિ કહે છે. એટલે બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' કે અવિજ્ઞપ્તિ કહે છે. કર્મ જ સંસાર પરિભ્રમણનું કારણ છે. તે કર્મના તેઓની દૃષ્ટિએ ચાર ભેદ છે. (૧) જનક (૨) ઉપસ્તંભક (૩) ઉપપીડક (૪) ઉપઘાતક.

**(૨) ન્યાય-વૈશેષિકદર્શન-**

નૈયાયિક દર્શનના સ્થાપક ગૌતમઋષિ છે. જ્યારે વૈશેષિકદર્શનના સ્થાપક કણાદઋષિ છે. એ બંનેની કર્મની માન્યતામાં ભેદ નથી. બંનેના મતે જગત્કર્તા ઈશ્વર જીવોને તેમના શુભ-અશુભ કર્મ પ્રમાણે સુખી-દુઃખી, રોગી-નિરોગી, રાજા-રંક બનાવે છે. ઈશ્વર જગત્કર્તા છે છતાં કર્મને તો માનવું જ પડે છે. જીવ રાગ-દ્વેષ અને મોહને કારણે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેનાથી ધર્મ-અધર્મની ઉત્પત્તિ થાય છે. તેમાં સારી પ્રવૃત્તિ દ્વારા ધર્મ અને ખરાબ પ્રવૃત્તિ દ્વારા અધર્મની ઉત્પત્તિ થાય છે. એ ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) શબ્દાંતરથી કર્મ જ છે. તેનું બીજું નામ અદૃષ્ટ છે. તેમની માન્યતા પ્રમાણે ક્રિયા ક્ષણિક છે તો પછી તેનું ફળ જન્માંતરમાં કેમ મળે? તેનું સમાધાન અદૃષ્ટની કલ્પનાથી કર્યું છે. ક્રિયા દ્વારા આત્મામાં અદૃષ્ટ જન્મે છે. ક્રિયાજન્ય અદૃષ્ટ આત્મામાં પડ્યું રહે છે તે ક્રિયા અને ફળની વચ્ચે કડીરૂપ હોવાથી વિપાકકાળે સુખદુઃખ રૂપે ફળનો અનુભવ કરાવીને ચાલ્યું જાય છે. પરંતુ અદૃષ્ટ પોતે પોતાની મેળે કાંઈ કરી શકતું નથી. માટે અદૃષ્ટને આધારે ઈશ્વર કર્મફળ આપે છે. મિથ્યાજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે.

**(૩) સાંખ્યદર્શન-**

કપિલઋષિ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે આત્મા કૂટસ્થ (જેમાં ફેરફાર ન થાય એવો) નિત્ય છે. અકર્તા છે. અભોક્તા છે. પરંતુ પ્રકૃતિના સંસર્ગથી આત્માને સંસારમાં ભટકવું પડે છે. આંધળા અને લંગડાના ન્યાયે પંગુતુલ્ય આત્મા નિષ્ક્રિય છે પણ અંધતુલ્ય પ્રકૃતિના સંસર્ગથી તેના ખભા પર બેસીને સક્રિય બનીને સંસારમાં ભટકી રહ્યો છે. એમ પુરુષ અને પ્રકૃતિ બે જ તત્ત્વ છે એમાં પ્રકૃતિ જ સંસારલીલાની સર્જક છે. પ્રકૃતિના સંયોગથી સંસાર અને વિયોગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે પ્રકૃતિ જ 'કર્મ' છે. પુરુષ-પ્રકૃતિના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે. જ્યારે પુરુષને પ્રકૃતિ ભિન્ન છે એવું ભેદજ્ઞાન થાય છે કે પ્રકૃતિ એને મુક્ત કરી દે છે.

**(૪) યોગદર્શન-**

આ દર્શનના આદ્યપ્રણેતા પાતંજલઋષિ છે. તેમની માન્યતાનુસાર જીવ કલેશપૂર્વક જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે તે સંસ્કારને કર્મ કહેવાય છે. તેમાં એક જન્મના સંચિત કર્મને 'કર્માશય' અને અનેક જન્મ સંબંધી કર્મ સંસ્કારની પરંપરાને 'વાસના' કહે છે. માટે કર્માશય અને વાસના 'કર્મ' છે.

**(૫) મીમાંસાદર્શન-**

આ દર્શનના સંસ્થાપક જૈમિનિય છે. એમની માન્યતા પ્રમાણે મનુષ્ય જે કાંઈ યજ્ઞાદિ અનુષ્ઠાન કરે છે તે ક્રિયારૂપ હોવાથી ક્ષણિક છે તરત નાશ પામી જાય છે અને તેનું ફળ તો જન્માંતરમાં મળે છે. જ્યાંસુધી ફળપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અપૂર્વ નામનું તત્ત્વ અંદર જ રહે છે. જે

## અન્ય દર્શનમાં કર્મબંધના કારણો

કર્મબંધ થવા માટે કંઈ ને કંઈ કારણ હોય છે. કારણ વગર કાર્ય થાય નહિ. આ કારણને હેતુ કહેવામાં આવે છે. ભારતીય દર્શનોમાં હેતુનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. જૈન દર્શનમાં કર્મબંધનું કારણ મુખ્યત્વે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ છે.
૨. બૌદ્ધ દર્શનમાં કર્મબંધનું કારણ રાગ-દ્વેષ, મોહાદિને માનવામાં આવે છે.
૩. સાંખ્ય-યોગ દર્શનમાં : પ્રકૃતિ પુરુષના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માન્યું છે.
૪ ન્યાય વૈશેષિક દર્શનમાં : કર્મબંધનું કારણ મિથ્યાજ્ઞાનને કહ્યું છે.
૫. વેદાંત આદિમાં : કર્મબંધનું કારણ અવિદ્યા બતાવ્યું છે.

આમ અન્ય દર્શનો પણ હેતુને માને છે. જ્યારે જૈનદર્શન હેતુ સાથે ક્રિયા પર પણ ભાર મૂકે છે.

કાલાંતરે ફળપ્રાપ્તિ કરાવે છે. તેથી અપૂર્વને કર્મ માને છે. વળી અવિદ્યાને પણ કર્મ તરીકે માને છે. વસ્તુના યથાર્થ સ્વરૂપનું અજ્ઞાન એ જ અવિદ્યા છે તે જ કર્મબંધરૂપ છે. માટે તે કર્મ છે.

**(૬) શીખધર્મ દર્શન-**

શીખધર્મદર્શનના આદ્ય-પ્રણેતા ગુરુ નાનક છે. એમની માન્યતા અનુસાર માનવી સ્વયં કર્મનું બીજ વાવે છે અને તેનું ફળ ભોગવે છે. એમણે કર્મવાદને સ્વીકાર્યો છે પણ નિયતવાદને સ્વીકાર્યો નથી. નિયતવાદને બદલે માનવીની ઈચ્છા-સ્વાતંત્ર્યને સ્વીકાર્યું છે. શીખ ધર્મના ચાર પાયા છે-કર્મ-સંસાર-જ્ઞાન-મુક્તિ. એ ચાર પાયામાંનો એક પાયો કર્મ છે. અર્થાત્ કર્મને કર્મ સ્વરૂપે જ સ્વીકાર્યું છે. પરંતુ કર્મ નિયામક તરીકે ઈશ્વરને માને છે.

**(૭) ઈસ્લામધર્મ-દર્શન-**

ઈસ્લામ ધર્મના પ્રવર્તક પયગમ્બર મોહંમદ સાહેબ છે, જે છઠ્ઠી, ૭મી શતાબ્દીમાં થઈ ગયા. એમના મતે ઈમાન (આસ્થા-વિશ્વાસ) અને આમાલ (કર્મ) દ્વારા માનવ માટે બનાવેલા પરમ લક્ષ્યને પ્રાપ્ત કરવું જોઈએ. ઈમાનના વિષયને વિશ્વાસ વચન કહી શકાય જે પાંચ કર્મકાંડો (Five Pillars) દ્વારા પ્રાપ્ત થાય છે. જે નીચે મુજબ છે-

(૧) ઈમાન-વિશ્વાસ વચનને અંગીકાર કરે.

(૨) નમાજ-દરરોજ પાંચ વખત નમાજ (પ્રાર્થના) પઢવી જોઈએ.

(૩) જકાત-પોતાની કમાણીનો ૪૦મો ભાગ અથવા અઢી ૨કા સમાજ સેવામાં વાપરવો જેને દરિદ્ર સેવા ટેક્સ પણ કહેવાય છે.

(૪) રોજા-રમજાન મહિનામાં રોજા (ઉપવાસ) રાખવા.

(૫) હજ-સામર્થ્ય હોવા પર જીવનમાં એક વાર મક્કા-કાબાના દર્શનની યાત્રા કરવી.

આ પાંચ સ્તંભ જ ઈસ્લામમાં કર્મકાંડ તરીકે ઓળખાય છે.

**(૮) પારસીધર્મ-દર્શન-**

આ દર્શનના પ્રવર્તક અષો જરથુષ્ટ્ર છે. જે ઈ. સ. પૂર્વે ૭મી સદીમાં થયા. પારસીધર્મમાં મુક્તિમાર્ગ માટે કર્મકાંડોમાં વિશ્વાસ, દાન, પશ્ચાતાપ, તપ તથા કરૂણા પર બળ આપ્યું છે. જો કે સાથે સાથે દરેક વ્યક્તિના કર્મ જ ઉત્તરદાયી ગણાય છે. જાતિ કે કુળ નહિ. પારસીધર્મમાં અહૂર મજદા (શુભ) અને અહરિમન (અશુભ) આ બંને તત્ત્વોને સ્વીકારીને અંતે અહિરમન પર વિજય મેળવવાનો હોય છે. પરંતુ પારસી ધર્મમાં કર્મવાદના સિદ્ધાંતનો અલગથી સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કે અનેક દુઃખો માનવોને પોતાના કરેલા કર્મ અનુસાર ભોગવવા પડે છે તે અનુસાર નરક અને સ્વર્ગની કલ્પના પણ કરવામાં આવી છે. એને માટે અહુર મજદા બધી વ્યક્તિને ઈચ્છા-સ્વાતંત્ર્યનું દાન કરે છે. અને ઈચ્છા દ્વારા થયેલા દરેક કર્મોનો જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે.

*પારસી ધર્મમાં કર્મવાદના સિદ્ધાંતનો અલગથી સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કે અનેક દુઃખો માનવોને પોતાના કરેલા કર્મ અનુસાર ભોગવવા પડે છે તે અનુસાર નરક અને સ્વર્ગની કલ્પના પણ કરવામાં આવી છે. એને માટે અહુર મજદા બધી વ્યક્તિને ઈચ્છા-સ્વાતંત્ર્યનું દાન કરે છે. અને ઈચ્છા દ્વારા થયેલા દરેક કર્મોનો જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે.*

**(૯) ઈસાઈ ધર્મ-દર્શન (ખ્રિસ્તી ધર્મ)**

આ ધર્મના પ્રવર્તક ઈસુ ખ્રિસ્ત છે જે ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં થઈ ગયા. એમનો મુખ્ય ધર્મગ્રંથ બાઈબલ છે. આ ધર્મમાં ઈશ્વરને નિમિત્ત અને ઉપાદાન કારણ માનવામાં આવ્યા છે. જો કે ઈશ્વર એક જ વાર સૃષ્ટિની રચના કરે છે. એટલે ઈસાઈ ધર્મમાં કેવળ એક જ જીવનના પાપફળ માટે પાપીને તેના પાપના નિમિત્ત પ્રતિકાર રૂપે દંડની વ્યવસ્થા કરી છે. જો કે તે અનંતકાળ સુધી ભોગવવું પડે છે. તેમના મતાનુસાર ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જ સંસારમાં પાપ આવે છે અને ઈસુની ભક્તિથી પાપ દૂર થઈ શકે છે. જોકે ઈસાઈ ધર્મમાં પ્રારંભથી જ માનવ કલ્યાણ અને દુઃખ નિવારણ પર જોર આપવામાં આવ્યું છે.

આમ ઈસાઈધર્મમાં કર્મ નહિ પરંતુ ઈશ્વરીય પ્રેમ અને તેના અનુગ્રહ પર વિશ્વાસ કરવાથી ક્ષમા અને પાપમોચન થઈ શકે એવું બતાવ્યું છે. તેમ જ અશુભ સમસ્યાનું સમાધાન ધાર્મિક રીતથી થઈ શકે છે.

**(૧૦) પાશ્ચાત્યદર્શન-**

આ દર્શનમાં કર્મવાદનું સ્પષ્ટ વિવેચન નથી પણ પાશ્ચાત્યદર્શન આચારદર્શનમાં સુખવાદી દાર્શનિક કર્મની ફળશ્રુતિના આધાર પર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. જ્યારે માર્ટિનન્યૂ કર્મપ્રેરક ઉપર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. તેમજ સામાજિક જીવનમાં બીજાઓ પ્રતિ વ્યવહારનો દૃષ્ટિકોણ સ્વીકૃત છે. જેવો વ્યવહાર તમે તમારા માટે ઈચ્છો છો તેવો બીજાઓ માટે કરો.

કાણ્ટે પણ કહ્યું છે કે કેવલ એ નિયમ અનુસાર કામ કરો જેને તમે એક સાર્વભૌમ નિયમ બનાવવા માંગતા હો. પ્રત્યેક પાશ્ચાત્ય વિચારકોએ નૈતિક જીવનની પૂર્ણતા માટે શુભાશુભથી પરે જવાનું જરૂરી માન્યું છે. કારણકે આત્મપૂર્ણતાની વ્યવસ્થામાં શુભ કે અશુભનો વિરોધ પણ રહેતો નથી. માટે પૂર્ણ આત્માના સાક્ષાત્કાર માટે શુભ-અશુભથી ઉપર ઉઠવું જરૂરી છે.

✷ ✷ ✷

# ઉપસંહાર

य : कर्त्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च ।
संसर्ता - परिनिर्वाता संह्यात्मा नान्यलक्षण: ।।

**ભાવાર્થ :** જે કર્મનો કર્તા છે અને કર્મફળનો ભોક્તા પણ છે તે જ સંસારી આત્મા-સંસારની ચારે ય ગતિઓના ચક્રમાં પરિભ્રમણ કરતો જ રહે છે. જીવોના સંસરણશીલ સ્વભાવના કારણે જ સંસાર છે. જીવોને જ સંસાર હોય છે. અજીવ-જડને સંસાર ન હોય, તે સુખીદુ:ખી પણ ન થાય કે કર્મ પણ બાંધે નહિ. કર્મ તો માત્ર જીવ જ બાંધે છે અને તે કર્મોના ઉદયથી સુખીદુ:ખી થાય છે.

पुनरपि जन्मं पुनरपि मरणं, पुनरपि जननि जठरे शयनम् ।
इह संसारे खलु दुस्तार....

અર્થાત્- ફરી ફરીને જન્મ, ફરી ફરી મૃત્યુ અને ફરી ફરી માતાની કુક્ષિમાં ઉત્પત્તિ એ જ સંસારનું ખરૂં દુ:ખ છે.

न सा जाइ, न तत् जोणी, न तत् कुलं, न तत्त ठाणं ।
तज्थ जीवो अणंतसो, न जम्मा, न मूआ।।

ભાવાર્થ – એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવ અનંતવાર જન્મ્યો ન હોય. મર્યો ન હોય. પણ જ્યાં સુધી કર્મની પરંપરા છે ત્યાં સુધી જન્મ-મરણની પરંપરા પણ ચાલુ જ રહે છે. એ જ વાત પ્રભુ મહાવીરે અંતિમ દેશના આપતી વખતે ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં કરી છે કે-'कडाण कम्माण न मोक्ख अत्थि।' અર્થાત્ જે કર્મો કર્યા છે (બાંધ્યા છે) તે ભોગવવા જ પડે છે. કર્મ ભોગવ્યા વગર છૂટકારો (મોક્ષ) નથી.

શાશ્વત નિયમ એ છે કે કરેલા પાપકર્મો ઉદયમાં આવે અને તેના વિપાકે જીવો દુ:ખ અનુભવે તેમ જ કરેલા પુણ્યકર્મો ઉદયમાં આવે એના વિપાકે જીવો સુખ-શાંતિ અનુભવે છે. બસ આટલો સાદો સિદ્ધાન્ત જીવમાત્ર સમજી જાય તો સંસારમાં સુખ કે દુ:ખ રહે નહિ. પરંતુ વિપરીત જ્ઞાનને લીધે જીવ હમેશાં સુખને ઝંખે છે અને સુખને મેળવવા તે વધુ ને વધુ સંસારની પરંપરામાં અટવાતો જાય છે. જેમ કરોળિયો પોતે જ પોતાની જાળમાં ફસાઈ જાય છે તેમ જીવ પણ સુખની ભ્રમણામાં પોતે જ ફસાતો જાય છે અને ચારે ગતિના ચક્રમાં ફર્યા કરે છે. પરંતુ જો આપણે કર્મવાદનો સિદ્ધાંત બરાબર જાણી લઈએ તો જરૂર એમાંથી છૂટવા પ્રયત્ન કરશું. કર્મબંધન છે તો કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે જે આપણને કર્મવાદથી જાણવા મળે છે.

કર્મવાદ એક વિશાળ અને ગહન વિષય છે. એમાંય જૈનદર્શનનો કર્મવાદ પાતાળી ગંગા જેવો ઊંડો અને ગહન છે. તેને ૨૫-૫૦ પાનામાં સમાવવો એટલે ગાગરમાં સાગર સમાવવા જેવું કાર્ય છે. છતાંય ગંગા નદીના પાણીનું આચમન પવિત્ર બનાવે છે એમ કર્મવાદની થોડી-સી છાલક અનાદિકાળથી મૂર્છામાં પડેલા આત્માને જાગૃત કરી દેશે. સત્યનો અહેસાસ કરાવી દેશે.

અપાર એવા કર્મવાદના સિદ્ધાંતોનો પાર તો ક્યાંથી પમાય પણ સાર પામીએ તો પણ અસાર સંસારમાંથી પાર પડી જવાય.

આ સાર પ્રાપ્ત કરવા ખૂબ મનોમંથન કરીને કેટલાય પુસ્તકોનો અભ્યાસ કરીને અહીં એની થોડી ઝલક આપી છે. એમાં પણ અમારી છદ્મસ્થતાને કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો વિદ્વાનોને ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**પાર્વતીબેન ખીરાણી–રતનબેન છાડવા**

# સંદર્ભ સૂચિ

૧. કર્મ તણી ગતિ ન્યારી–ભાગ-૧-૨, પં. અરુણવિજય મહારાજ
૨. રે કર્મ તારી ગતિ ન્યારી-પૂ. આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.
૩. કર્મપ્રકૃતિ અને ગુણ (જીવ) સ્થાનક-મુનિ મહારાજ શ્રી હર્ષચંદ્રજી
૪. કર્મગ્રંથ-ભાગ ૧ થી ૬ - રમ્યરેણુ
૫. જૈન કર્મ સિદ્ધાંત કા તુલનાત્મક અધ્યયન-ડૉ. સાગરમલ જૈન
૬. વિપાક સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન
૭. ઉત્તરાધ્યયન સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૮. ભગવતી સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૯. સ્થાનાંગ સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૧૦. પત્રો દ્વારા કરણાનુયોગ પરિચય-ડૉ. સૌ. ઉજ્જવલા દિનેશચંદ્ર શહા
૧૧. કર્મસાર-ચંદ્રહાસ ત્રિવેદી
૧૨. કર્મવાદના રહસ્યો-ચંદ્રહાસ ત્રિવેદી
૧૩. કર્મનો સિદ્ધાંત-હીરાભાઈ ઠક્કર
૧૪. બંધન અને મુક્તિ-પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.
૧૫. કર્મગ્રંથ-ભાગ-૧ થી ૬-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૬. બારતીય તત્ત્વદર્શન-ડાહ્યાલાલ શાસ્ત્રી
૧૭. પ્રશ્નોત્તરી-પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (પંડિત મ.સા.)
૧૮. કર્મસિદ્ધિ-શ્રી દામજી પ્રેમજી વોરા
૧૯. તત્ત્વાર્થ સૂત્ર-પંડિત સુખલાલજી
૨૦. જૈન પાઠાવલી–૧ થી ૪-શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ
૨૧. કર્મગ્રંથ ભાગ ૧ થી ૬-જીવવિજયજી મ.સા.
૨૨. કર્મગ્રંથ ભાગ-૧,૨,૩-પંડિત સુખલાલજી અનુ.-લલિતાબાઈ મહા.
૨૩. સૂત્રકૃતાંગ-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૪. પ્રજ્ઞાપના સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૫. જ્ઞાતાધર્મકથા સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૬. ચોસઠ પ્રકારની પૂજા-શ્રી ગુરુપ્રાણ વીર વિજયજી
૨૭. પાંત્રીસ બોલની વાંચણીની બુક-ચંદ્રકાંતભાઈ
૨૮. કમ્મપયડિ (કર્મપ્રકૃતિ) આચાર્ય શિવશર્મસૂરિજી
૨૯. જૈનેન્દ્ર સિદ્ધાંતકોષ-ક્ષુ. જિનેન્દ્રવર્ણી
૩૦. ભગવદ્ ગોમંડળ-પ્રવીણ પ્રકાશન
૩૧. હું – શ્રમિક સ્વામી યોગેશ્વર
૩૨. કંકણનો બોધ-આત્માની શોધ–ધીર ગુરુ

# પારિભાષિક શબ્દો

૧. કર્મબંધ : કર્મ રૂપે બનેલા કાર્મણ સ્કંધો આત્મપ્રદેશોની સાથે એકમેક થઈ જાય તેને કર્મબંધ કહે છે.

૨. પ્રકૃતિબંધ : સુખ દુ:ખાદિ આપવાની જે શક્તિ-સ્વભાવ ઉત્પન્ન થાય છે, તે પ્રકૃતિ કહેવાય. સ્વભાવનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ કહેવાય છે.

૩. સ્થિતિબંધ : તે તે સ્વભાવનો અમુક સમય સુધી કર્મદલિકોમાં રહેવાનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ કહેવાય છે.

૪. રસબંધ : ઓછા-વધતાં પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની શક્તિનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે રસબંધ કહેવાય છે.

૫. પ્રદેશબંધ : સ્વભાવદીઠ દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં મળેલા કર્મદલિકોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું, તે પ્રદેશબંધ કહેવાય છે.

૬. યોગ : મન, વચન, કાયા દ્વારા થતી પ્રવૃતિ યોગ એટલે આત્મપ્રદેશનું કંપન.

૭. ઉત્કૃષ્ટકાળ : મોટામાં મોટો કાળ (સમય)

૮. જઘન્યકાળ : સૌથી ઓછું, અલ્પતમ કાળ

૯. અંતમુર્હૂત : ૧ મુર્હૂત (૪૮ મિનિટ) કરતાં કાંઈક ઓછો સમય.

૧૦. સ્કંધ : કોઈ પણ અખંડ મૂલ્યને સ્કંધ કહેવાય. સ્કંધને જ આજનું વિજ્ઞાન molecule કહે છે.

૧૧. કર્મદલિકો : કર્મના પ્રદેશો.

૧૨. સત્તા-કર્મોનું આત્માની ઉપર રહેવું સત્તા કહેવાય છે.

૧૩. અબાધાકાળ-જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાતા નથી તેટલી સ્થિતિને અબાધાકાળ (બાધાસ્થિતિ) કહે છે.

૧૪. સ્વરૂપ સત્તા-જે કર્મ પોતાના મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તે સ્વરૂપ સત્તા કહેવાય.

૧૫. પરરૂપ સત્તા-જે કર્મોનું અન્ય સજાતીય કર્મ પ્રકૃતિમાં સંકર્મીને (પોતાના મૂળ સ્વભાવને છોડીને) પરરૂપે થઈને આત્માની સાથે રહે તે પરરૂપ સત્તા કહેવાય.

૧૬. પ્રદેશોદય : કર્મના ફળનો સ્પષ્ટ અનુભવ ન કરાવે તેને પ્રદેશોદય કહેવાય છે.

૧૭. વિપાકોદય : કર્મદલિકોને સ્વસ્વરૂપે (પોતાના મૂળસ્વભાવે) ભોગવવા તે વિપાકોદય કહેવાય છે.

૧૮. ઉદય : કર્મના ફળનો અનુભવ કરવો તે ઉદય કહેવાય.

૧૯. નિષેક : કર્મદલિકની સ્થાપના 'નિ-સિખ્ખ' ધાતુનો અર્થ સ્થાપવું થાય છે.

૨૦. ઘાતીકર્મ : જે કર્મ આત્માના મૂળભૂત ગુણને આવરે તેને ઘાતી-કર્મ કહે છે. ઘાતીકર્મના બે પ્રકાર છે. સર્વઘાતી અને દેશઘાતી.
સર્વઘાતી : જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય મૂળ ગુણનો (યોગ્ય ગુણનો) સંપૂર્ણ ઘાત કરે છે તે સર્વઘાતી.
દેશઘાતી : જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે ઘાત કરે છે, તે દેશઘાતી કર્મ કહેવાય છે.

૨૧. અઘાતીકર્મ : જે કર્મ પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે પણ ઘાત કરતી નથી, તે અઘાતી કર્મ કહેવાય છે.

૨૨. ધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદયવિચ્છેદ સ્થાન સુધી દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવોદયી કહેવાય છે.

૨૩. અધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદય વિચ્છેદ સ્થાન સુધી ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવોદયી કહેવાય છે.

૨૪. ધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો પ્રાપ્ત ન કર્યા હોય એવા દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવ સત્તાક કહેવાય છે.

૨૫. અધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો રહિત જીવોને કયારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવસત્તાક કહેવાય છે.

૨૬. જીવ વિપાકી : જે પ્રકૃતિ પોતાના ફળનો અનુભવ જીવને કરાવે છે, તે જીવ વિપાકી કહેવાય છે.

૨૭. ભવ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ નર-નારકાદિ ભવમાં જ બતાવે છે, તે ભવ વિપાકી કહેવાય છે.

૨૮. ક્ષેત્ર વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ આકાશમાં (વિગ્રહગતિમાં) બતાવે છે, તે ક્ષેત્રવિપાકી કહેવાય છે.

૨૯. પુદ્‌ગલ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ શરીર રૂપે પરિણમેલા પુદ્‌ગલ પરમાણુમાં બતાવે છે, તે પુદ્‌ગલવિપાકી કહેવાય છે.

૩૦. આલોચના-માફી માગવી, ક્ષમા માંગવી.

૩૧. અવ્યાબાધ સુખ-બાધા, પીડા, કષ્ટ ન પહોંચે તેવું. એટલે શાશ્વત સુખ.

૩૨. અગુરુલઘુ-હલકું પણ નહિ અને ભારે પણ નહિ.

૩૩. અરૂપી-અનામી-જેમાં રૂપ, રસ, ગંધ વગેરે હોય તે રૂપી અને જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ન હોય તે અરૂપી-અનામી કહેવાય છે.

૩૪. અનંતજ્ઞાન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને

એકી સાથે જણાવનારી આત્મશક્તિને અનંતજ્ઞાન કહે છે.

૩૫. અનંતદર્શન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને એકી સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે.

૩૬. અક્ષયસ્થિતિ-સદાકાળને માટે જીવવું, અથવા જન્મ મરણ રહિત જીવન.

૩૭. અક્ષય ચારિત્ર-શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયોગાદિ સ્વગુણમાં, સ્વભાવમાં રમવું તે અક્ષયચરિત્ર કહેવાય છે.

૩૮. સમ્યક્ત્વ-નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય તે, સાચી માન્યતા, વસ્તુને વસ્તુ તરીકે ઓળખવી તેનું નામ સમ્યક્ત્વ છે.

૩૯. ગુણસ્થાન-કષાય અને યોગના કારણે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોની વધ-ઘટવાળી અવસ્થા જ્ઞાનાદિ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન છે.


૪૦. પર્યાપ્તિ-આહાર આદિના પુદ્‌ગલોને ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય આદિમાં પરિણમાવવાની જીવની પૌદ્‌ગલિકશક્તિ વિશેષ.

૪૧. ગણધર-તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગ સૂત્ર) રચનારા શિષ્યો. ગણ-સમૂહ, ધર-ધારક ઘણાં શિષ્ય સમૂહના ધારક.

૪૨. પુદ્‌ગલ દ્રવ્ય-જે રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળું હોય તે પુદ્‌ગલ દ્રવ્ય કહેવાય છે.

૪૩. વર્ગણા–સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા કાર્મણાદિ સ્કંધોના સમૂહ (વર્ગ)ને વર્ગણા કહે છે.

કાર્મણ વર્ગણા–કર્મનો કાચો માલ, કર્મનું રૉ-મટીરીયલ.




સ્કંધ : અખંડ પદાર્થ

દેશ : સ્કંધ સાથે જોડાયેલો અપૂર્ણ હિસ્સો

પ્રદેશ: સ્કંધ સાથે જોડાયેલો પણ જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્‌ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ તે પ્રદેશ

૪૪. પરમાણુ-જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્‌ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ (અંશ) જે પરમ-અણુ હોય પરંતુ જે સ્કંધથી છૂટો પડેલો હોય તેને પરમાણુ કહેવાય.


૪૫. સંખ્યાતો કાળ-અંતમૂર્હુતથી પૂર્વક્રોડસુધીનો કાળ

૪૬. અસંખ્યાતો કાળ-પૂર્વક્રોડ ઝાઝેરાની સંખ્યા, પલ્યોપમ, સાગરોપમ વગેરે.

અનંત કાળ-અસંખ્યાતાકાળ પછીનો કાળ અનંતકાળ કહેવાય.

અનાદિકાળ-જેની આદિ નથી તે અનાદિકાળ કહેવાય.

૪૭. ઘનીકૃત લોક-કોઈ પણ સંખ્યાને ત્રણ વાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે સંખ્યા આવે છે તે ઘન કહેવાય. દા. ત. અસત્ કલ્પનાથી લોકને ડબાના આકારમાં ગોઠવતા લોક ૭ રાજ લાંબો, ૭ રાજ પહોળો અને ૭ રાજ જાડો થાય છે માટે તે ઘની-કૃત લોક કહેવાય છે.




૪૮. પરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદય અટકાવે છે તે પરાવર્તમાન કહેવાય છે.

૪૯. અપરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય અપરાવર્તમાન પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદયને અટકાવતી નથી તે અપરાવર્તમાન કહેવાય છે.

૫૦. પલ્યોપમ-પલ્ય-પાલો. એક વિશેષ પ્રકારનું માપ. તેની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને પલ્યોપમ કહેવાય છે.

૫૧ સાગરોપમ- સાગરની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને સાગરોપમ કહેવાય છે. દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. ક્રોડાક્રોડી એટલે ક્રોડને ક્રોડ વડે ગુણવું.

૫૨. મિથ્યાત્વ-આધ્યાત્મિક અજ્ઞાન, માયા, અવિદ્યા, તત્ત્વજ્ઞાનનો અભાવ વગેરે મિથ્યાત્વના અર્થ થાય છે. તત્ત્વવિષયક યથાર્થ શ્રદ્ધાનો અભાવ અને તત્ત્વની અયથાર્થ શ્રદ્ધા મિથ્યાત્વ કહેવાય.

૫૩. માર્ગણા-જીવાદિ પદાર્થોની વિચારણાને માર્ગણા કહે છે.

૫૪. આશ્રવ-જેનાથી નવા કર્મોની આવક થાય તે.

૫૫. સંવર-આવતા કર્મોને વ્રત પચ્ચક્ખાણ આદિ દ્વારા રોકવા તે.

૫૬. નિર્જરા-આત્માના પ્રદેશથી બાર પ્રકારના તપથી કર્મનું ઝરીને દૂર થવું.

૫૭.ઈરિયાવહિયા-રસ્તામાં આવતાં જતાં (લાગેલા દોષનું પ્રાયશ્ચિત)

# વિલક્ષણ બેન્ક કર્મ

## પૂ. અભયશેખર સૂરિ

• સમસ્ત વિશ્વવ્યાપી છે એક 'બેન્ક'...

• ખૂબ જ ન્યારી અને ખૂબ જ નિરાળી...

• લેણુ માફ કરવા બેસે ત્યારે **ઉદારતા-દયાળુતા** પણ એવી...

• લેણુ વસુલ કરવા બેસે ત્યારે **ક્રૂરતા-કઠોરતા** પણ એવી...

• પોતાની પાસે જમા-ઉધારની કોઈ નોંધ રાખે નહીં....

• પાસબૂકો ખાતેદાર પાસે જ રહે...

• ખાતેદારે સ્વયં એમાં જમા-ઉધારની નોંધ કરવાની....

• આની વિશિષ્ટતા એ જ છે કે, **બીજાના ખાતે જમા થયેલી રકમ પોતાના ખાતે જમા કરી શકે...છતાં બીજાના જમા ખાતેથી એ ઓછી ન થાય...અને બીજાના ખાતે ઉધરાયેલી રકમ પોતાના ખાતે ઉધારી પણ શકે છતાં બીજાના ખાતે ઉધારાયેલી રકમ ઓછી ન થાય.**

• પોતાના ખાતે કો'ક નવી રકમ જમા કરાવો એટલે **જૂની ઉધારાયેલી રકમમાંથી કેટલીક રકમ જમામાં ટ્રાન્સફર થઈ જાય. એ જ રીતે, નવી રકમ ઉધારતી વખતે જૂની જમા રકમમાંથી કેટલી રકમ ઉધારમાં ટ્રાન્સફર થઈ જાય.**

• જે કાંઈ રકમો ઉધારાઈ હોય તે ખાતેદાર ચાહે તો ભૂંસી શકે..પણ એને ભૂંસતા આવડવું જોઈએ...તો ઉધાર પાસાની બધી જ નોંધ ગાયબ થઈ જાય..બીજી રીતે કહીએ તો આ બેન્ક જ સામેથી ખાતેદારોને કહે છે કે માત્ર પાંચ-પચ્ચીસ હજારની રકમ નહીં પણ **કરોડો કે અબજોની રકમ અમારે લેણી નીકળતી હશે તો પણ જ્યાં સુધી એ Due નહીં થાય. અને બેન્ક વસૂલાત કરવાનું ચાલુ નહીં કરે ત્યાં સુધીમાં ખાતેદાર જો યોગ્ય રીતે અરજી કરે તો ભારે ઉદારતાપૂર્વક બેન્ક એ બધું લેણું માફ કરી દેશે..એક પૈસો પણ ચૂકવવો નહીં પડે...પણ જો ખાતેદાર એમ કરવામાં નિષ્ફળ રહે અને બેન્ક વસૂલાત ચાલુ કરી દે...તો પછી એક પાઈ માફ કરવામાં નહીં આવે. પૂરેપૂરા લેણાની વસૂલાત માટે જે કાંઈ કઠોરતા, કડકાઈ, ક્રૂરતા અપનાવવા પડે, એ બધું જ આ બેન્ક અપનાવી શકે છે.** ખાતેદારને એક નહીં...અનેક કરુણ મોત આવે તો પણ આ બેન્ક જરાય દયા દાખવતી નથી. દાખવશે પણ નહીં.

**હવે આપણે પણ આવી બેન્કના એકાઉંટ હોલ્ડર હોઈએ તો શું કરીએ...**

• આ 'નોખી' અને સાવ 'અનોખી' બેન્કનું નામ છે '**કર્મસત્તા**'....

• સંસારના સમસ્ત જીવો એના ખાતેદાર છે. ખાતુ ખોલાવવા માટે કોઈ ફૉર્મ ભરવાનું નહીં કે, કોઈની ભલામણની જરૂર નહીં, કારણ કે કોઈએ ખાતુ ખોલાવ્યું જ નથી **અનાદિકાળથી બધા ખાતેદાર જ છે.**

• ખાતેદારે જ બધી નોંધ કરવાની...'**જે કાંઈ સારું કામ કર્યું એ આત્માની પાસબૂકમાં પુણ્યરૂપે જમા થઈ ગયું' અને 'જે કાંઈ ગલત પ્રવૃત્તિ કરી તે પાપરૂપે ઉધરાઈ જાય...'**

• 'બીજાઓ સુકૃત કરીને જે કાંઈ પોતાના ખાતે જમા કરાવે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં જમા પણ કરી શકે.' અને 'બીજાઓ હિંસા વગેરે પાપ કરીને, જે કાંઈ પોતાના ખાતે ઉધારે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં પણ ઉધારી શકે.'

• જ્ઞાનીઓ કહે છે **જીવ શુભભાવમાં રહીને જ્યારે શાતાવેદનીય વગેરે પુણ્યકર્મ બાંધે છે ત્યારે પૂર્વે અશુભભાવથી બાંધેલું અશાતાવેદનીય વગેરે કેટલુંક પાપકર્મ પણ શાતાવેદનીય વગેરે પુણ્યકર્મમાં ટ્રાન્સફર થઈ જાય છે.**

• હિંસા વગેરે દુષ્ટ પ્રવૃત્તિ દ્વારા બંધાયેલા પાપો તરત ઉદયમાં નથી આવતા...એટલે કર્મસત્તા નામની એક જીવને ચાન્સ એ આપે છે...**જો એ વસુલાત ચાલુ થવા પૂર્વે પશ્ચાત્તાપપૂર્વક આલોચના, પ્રાયશ્ચિત્ત રૂપે જીવ અરજી કરે તો આ કર્મસત્તાની બેન્ક બધું જ દેવું માફ કરી દે છે.** પણ જો જીવ નફિકરો બની આ બાબતની ઉપેક્ષા દાખવે છે, તો આ બેન્ક જીવની કલ્પના પણ ન હોય એટલી કડક રીતે પઠાણી વ્યાજ સાથે પાઈએ પાઈની વસુલાત કરે છે. જીવના વિવિધ પ્રકારના સુખ પર ટાંચ આવે ને આફતોની વણઝાર ઉતરી પડે...અને તેથી જીવ રોવા બેસે, આક્રંદન કરે, કરુણવિલાપ કરે. આ પદ્ધતિથી થતી વસુલીમાંથી પોતાને મુક્ત કરવા હવે ગમે તેટલું કરગરે..આજીજી કરે...દીનતા દાખવે...પણ કશું જ વળતું નથી. તે વખતે ભારે મજબૂરીથી પણ બધો જ હિસાબ ચોક્ખો કરવો પડે છે...

• આ જીવડો પણ આજની ભારત સરકાર જેવો જ મૂઢ છે. જેમ આજની સરકાર લોન અને લોનના વ્યાજની ચૂકવણી માટે નવું મોટું દેવું કરતી રહે છે. તેમ આ જીવડો જૂનો હિસાબ ચોક્ખો કરતા કરતા ભારે હાયવોય વગેરે કરીને નવું ગંજાવર દેવું ઉભું કરી દે છે. એટલે અનાદિકાળથી 'દેવું', 'કડક વસુલાત', 'નવું દેવું' આ પરંપરા ચાલતી જ રહે છે...

• સાવ ચિત્ર અને વિચિત્ર જણાતી આ '**કર્મસત્તા નામની બેંકના આપણે સહુ પણ એકાઉનટ હોલ્ડરો જ છીએ.**' બેન્કની ઉદારતાનો લાભ ઉઠાવી લેવો કે અનાદિકાળથી એની કઠોરતાનો ભોગ બની રહ્યા છીએ એ જ પરંપરા ચાલુ રાખવી એ આપણી મરજીની વાત છે.

• જેઓ બેન્કની કરુણાનો લાભ ઉઠાવતા શીખી જાય છે તેઓ એ

દ્વારા ક્રમશઃ એક દિવસ બધો જ હિસાબ ચૂકતે કરી દે છે ને એ જ ક્ષણે એનું ખાતું ક્લોઝ થઈ જાય છે...ને જીવ કર્મબેન્કના ક્રૂર સકંજામાંથી મુક્ત થાય છે.

**• શું આવી નિરાળી બેંકના ખાતેદાર હોવું એ અનિચ્છનીય છે કે જેથી એમાંથી મુક્ત થવાની વાત કરો છો ?**

• હા...અત્યંત અનિચ્છનીય છે. આ બૅંકે કાંઈ મફતમાં જીવોને પોતાના ખાતેદાર નથી બનાવી દીધા... **'જીવના અનંત સુખને ડીપોઝીટ તરીકે રાખીને ખાતેદાર બનાવ્યા છે.'** એટલે તો આગળ કહી ગયા કે એ કોઈની ભલામણ ચીઠ્ઠી પણ માગતી નથી. અબજો રૂપિયથી પણ જેનું મૂલ્યાંકન ન થઈ શકે એવી પોતાની કેવળજ્ઞાન, શાશ્વતસુખ વગેરે મૂડી જીવે ડીપોઝીટ કરાવી રાખી હોય પછી બેન્ક અન્યની ભલામણ માગે પણ શા માટે ?

• આટલી જંગી બેલેન્સની સામે આ બેન્ક જીવને જે ક્રેડીટ આપે છે એનો વિચાર જો કરવામાં આવે તો જીવડાની મૂર્ખામી ભાસ્યા વગર ન રહે...અબજોની સામે ખાલી પાંચ-પચ્ચીસ રૂપિયા જેટલી લોન પણ આ બેન્ક સીધે સીધી નથી આપતી. એના કાંઈક સુકૃતને ગીરવે મૂકાવીને જ આપે છે. અને પાછી એ પાંચ-પચ્ચીસ રૂપિયાની વસુલાત કેવી રીતે કરે છે ? એ જાણવું છે ?

• મારું શાશ્વતસુખ બેન્કમાં બેલેન્સ પડેલું છે–ડીપોઝીટ રૂપે રહેલું છે. મારે એ પોતાનું (આત્મિક) સુખ જ ઉપાડવું જોઈએ–માણવું જોઈએ આ વાતને આ જીવડો સાવ ભૂલી ગયો છે...ગમાર છે ને ? વળી, આ બેન્કને આ મહત્ત્વની વાત ભૂલાયેલી રહે એમાં જ રસ છે, એટલે પછી જીવડો પૌદ્ગલિક સુખ માટે બેન્ક પાસે હાથ લંબાવે છે.

**સંભૂતિમુનિએ આત્મિકસુખ માંગી લેવાને બદલે ચક્રવર્તીના સ્ત્રી રત્નનું પૌદ્ગલિક સુખ માંગ્યું. બેન્કે કહ્યું... લોન એમ ને એમ નહીં મળે..ગીરવે શું મૂકે છે ?**

• બૅંકની દાદાગીરી તે જુઓ... અનાદિ શાશ્વત સુખ દબાવીને બેઠી છે એને યાદ પણ નથી કરતી...અને આ જીવડો થોડું પણ માંગે તો પૂછે છે કે બોલ ગીરવે શું મૂકે છે ? અને આ બેન્કની કુટિલતા પણ કેવી છે કે એ જે સુકૃતને ગીરો તરીકે લે છે એ, લોનની વસૂલાત કર્યા પછી પણ પાછી આપવાની તો વાત જ નથી કરતી.

**• સંભૂતિમુનિએ નિર્મળ સંયમ પાલન, અદ્ભુત ત્યાગ, કઠોર તપશ્ચર્યા, દીર્ઘકાલીન જ્ઞાન–ધ્યાનની સાધના... આ બધું જ ગીરવે મૂક્યું એટલે થોડાં વર્ષો માટે લોન મળી ગઈ. અને પછી વસુલાત શરૂ કરી...વસુલાત પેટે બે આંખો જ લઈ લીધી. એટલું જ નહીં છ ખંડનું સામ્રાજ્ય છીનવી લીધું, અતિદુર્લભ એવું મનુષ્યપણું ઝૂંટવી લીધું અને ૩૩ સાગરોપમના જંગી કાળસુધી હવા પાણીનું સુખ પણ ન માણી શકે એવા બેહાલ કરી દીધા.**

• રૂપસેને સુનંદાના રૂપદર્શનના સુખની લોન માંગી...અને વસુલાત માટે સાત સાત ભવ કરવા પડ્યા. દરેક વખતે અકાળે મરવું પડ્યું...

• આર્યમંગુએ સ્વાદનો આસ્વાદ માંગવાનું કર્યું...અને વસુલાત માટે વૈમાનિક દેવલોકની અદ્ભુત સમૃદ્ધિ છીનવાઈ ગઈ...નગરની દુર્ગંધ ભરેલી ગટરના અધિષ્ઠાયક યક્ષ બનવું પડ્યું...

• મરીચિએ કુલના અહંકારનું સુખ લીધું...અને વસુલાત માટે નીચકુળમાં ઉત્પન્ન થવું પડ્યું...એ પણ ચૂકવણી કરતાં કરતાં થોડું બાકી રહી ગયું એટલે પ્રભુ મહાવીરના ભવમાં ૮૨ દિવસ સુધી નીચકુળમાં રહેવું પડ્યું. આ બેન્ક તો કહે છે કે અનંતકાળે થનાર અચ્છેરું મને માન્ય છે, પણ દેવાનો હાથી નીકળી ગયો છે માત્ર પૂછડું રહી ગયું છે. એટલું પણ માફ કરી દેવું મને માન્ય નથી.

• શું એમ નથી લાગતું કે આ બેન્કની ચૂંગાલમાંથી શીઘ્રાતિશીઘ્ર છૂટી જવું જોઈએ ? જો કર્મસત્તા નામની બેન્કમાંથી છૂટવું હોય તો એ બેન્કના બધા કારનામા જાણવા જોઈએ. એ બેન્કે જીવડાની કેવી કેવી લખલૂંટ સમૃદ્ધિ જપ્ત કરી લીધી છે, એ સમજવું જોઈએ... વસુલાત કરવાની એની વિવિધ નિર્દય પદ્ધતિઓને પિછાણી લેવી જોઈએ.

• મન-વચન અને કાયાની કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી શાતાવેદનીય વગેરે શુભનામકર્મ રૂપે શું જમા થાય છે ? અને એનાથી વિપરીત કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી અશાતાવેદનીયાદિ અશુભનામ કર્મરૂપે શું શું ઉધાર થાય છે ? આ જમા કે ઉધાર થયેલી રકમમાં શી રીતે ફેરફાર થાય છે ? છેવટે આ બેન્કની ભેદી જાળમાંથી છૂટકારો મેળવવા માટે શું કરવું જોઈએ ? એ બાબતોને ઝીણવટથી સમજાવતું વિશાળ કર્મ સાહિત્ય આજે પણ આપણા પર અપરંપરા ઉપકાર કરી રહ્યું છે. ✷✷✷

## શ્રેણી આરૂઢ થવાનો ક્રમ

અનાદિનો મિથ્યાત્વી આયુષ્ય સિવાયના ૭ કર્મ અંતક્રોડાક્રોડી બાંધવાનું શરૂ કરી એમાંથી પણ પલ્યનો અસંખ્યાત્મો ભાગ અને એ અંતર્મુહૂર્ત હીન બાંધવા માંડે ત્યારે એને સમકિતની પ્રાપ્તિ થાય છે. પછી એમાંથી પણ બેથી નવ પલ્યોપમ હીન બાંધે ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય. પછી એમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે સર્વવિરતિ પ્રાપ્ત કરે. પછી પૂર્વેમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે અપ્રમત્તપણું પ્રાપ્ત થાય. પાછું એમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ઉપશમ શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ક્ષપક શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યાર પછી મોક્ષે જાય.

# આગમમાં કર્મનું સ્વરૂપ

❑ ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી

*[ ડૉ. ઉત્પલાબેન (M.A., Ph.D.) જૈન ધર્મના અભ્યાસુ છે. ભવન્સ સોમાની કૉલેજના ફિલોસોફીના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ છે. તેમનો 'જ્ઞાનસરિતા' ગ્રંથ પ્રગટ થયો છે. તેમજ જ્ઞાનસત્રોમાં અવાર નવાર ભાગ લે છે. ]*

કરમનો રે કોયડો અલબેલો (૨)
હે જી એને સંભળાવવો નથી, સહેલો, કરમનો રે...
એક માતાને પુત્ર બે એમાં એક ચતુર એક ઘેલો,
હે...જી, એકને માંગતા પાણી ન મળતું,
બીજાને દૂધનો રેલો...કરમનો રે...(૧)
ચંદનબાળા રાજકુમારી, ધરમ એને વરેલો,
હે...જી કંચનકાયા એની ચૌટે વેચાણી,
ત્યારે આતમ એનો રડેલો...કરમનો રે...(૨)
કરમને નહિ શરમ આવે ભલે તું ભણેલો,
હે...જી ગુરુનું કર્યું ગુરુજી ભોગવે,
ચેલાનું ભોગવે ચેલો..કરમનો રે...(૨)

ઉપરના કાવ્યમાં કર્મનો સાર સમજાઈ જાય છે. કાવ્યમાં બતાવેલા વિષમભાવોનું કારણ એક જ છે–જીવે પોતે બાંધેલા કર્મો! જો કે વિશ્વમાં અનંતાનંત જીવો છે તેના બે વિભાગ છે- (૧) સિદ્ધ–જે સંપૂર્ણ કર્મથી મુક્ત છે. (૨) સંસારી–જે કર્મથી બંધાયેલો છે. કર્મથી બદ્ધ જીવો આ સંસારમાં વિવિધ ગતિ-યોનિમાં વારંવાર જન્મ-મરણ કરીને દુઃખ પામે છે. કોઈ પણ શુભ કર્મનો ઉદય થાય તો તે દેવલોકમાં દેવપણે અવતરે છે. કોઈપણ અશુભ કર્મોના ઉદયથી નરક-તિર્યંચાદિમાં પણ જન્મ લે છે. જ્યાં સુધી તે કર્મના સ્વરૂપને સમજતો નથી, અને તેમાંથી મુક્ત થવા પુરુષાર્થ કરતો નથી, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. પોતાના કર્મથી જ તે સુખી-દુઃખી બને છે. આ રીતે કર્મનો કર્તા અને ભોક્તા જીવ સ્વયં છે. જૈનદર્શન કર્મપ્રધાન છે અને કર્મની સર્વોપરી સત્તામાં માને છે. એનું સ્વરૂપ આગમોમાં યથાર્થ જોવા મળે છે. એમાંના કેટલાંક આગમોમાં આવતું કર્મનું સ્વરૂપ અહીં આલેખ્યું છે.

જૈન આગમ સાહિત્યમાં પવિત્ર માનવામાં આવેલા અને શ્રી મહાવીર પ્રભુની અંતિમ દેશના રૂપ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૩૩મા કર્મપ્રકૃતિ નામના અધ્યયનમાં ૮ કર્મોની મીમાંસા કરવામાં આવી છે.

अट्ठ कम्माइं वोच्छामि, आणुपुव्विं जहाक्कम्मं ।
जेहिं बद्धे अयं जीवे, संसारो पूरिकतए ।। १ ।।
नाणस्सावरणिज्जं, दंसणावरण तहा ।
वेयणिज्जं तहा मोहिं, आउकम्मं तहेव य ।। २ ।।
नाणकम्मं च गोअं च अन्तराय तहेव य ।
उवमेयाइ कम्माइं, अट्ठेव य समासओ ।। ३ ।।
(उत्तरा. अ. - ३३ - श्लो १-३)

ઉપર આપવામાં આવેલા શ્લોકોમાં પ્રથમ જ ૮ કર્મોનો નામોલ્લેખપૂર્વક નિર્દેશ કરવામાં આવ્યો છે. 'अट्ठं कम्माई वोच्छामि, आणुपव्विं जहाक्कम्मं' આ પ્રથમ પંક્તિમાં જ કહેવામાં આવ્યું છે કે આઠ કર્મોને–જેમ આનુપૂર્વી ક્રમ છે એમ કહું છું-એવું કહીને આઠે ય કર્મોના નામ આગળ બે શ્લોકોમાં ગણાવ્યા છે. જેનો ક્રમ આ પ્રમાણે છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) વેદનીય કર્મ, (૪) મોહનીય કર્મ, (૫) આયુષ્ય કર્મ, (૬) નામ કર્મ, (૭) ગોત્ર કર્મ, (૮) અંતરાય કર્મ. આ રીતે આઠેય કર્મોના નામ જણાવ્યા છે અને એમનો ક્રમ આ રીતે રાખવામાં આવ્યો છે. પ્રાયઃ અન્ય પણ નાના મોટા શાસ્ત્રોમાં અને ગ્રંથોમાં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે 'પ્રશમરતિ' પ્રકરણ ગ્રંથ, કર્મગ્રંથ, નવતત્ત્વ પ્રકરણ અને 'તત્ત્વાર્થ ધિંગમ સૂત્ર'માં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. તથા આ પ્રકારના ક્રમના આધારે શ્રી વીર વિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજા પણ બનાવી છે.

જૈનાગમમાં 'ઉત્તરાધ્યન' સૂત્રમાં ત્રણ વાત કર્મને સ્પષ્ટ સમજાવનારી છે.

(૧) अज्झत्थ हेउं नियमस्स बंधो। –જીવના પોતાના જ પરિણામથી કર્મ બંધાય છે.

(૨) कत्तारमेव अणुजाइ कम्मं । –કર્મ કર્તાને જ અનુસરે છે.

(૩) कडाण कम्माण न मोक्ख अत्थि । –કરેલા કર્મ ભોગવ્યા વિના જીવનો તેનાથી છૂટકારો થતો નથી.

કર્મનો કર્તા અને ભોકતા જે રીતે જીવ છે તેમ કર્મનો સંહર્તા (નાશ કરનાર) પણ જીવ જ છે. માટે કર્મથી મુક્ત થવા માટે મુમુક્ષુએ કર્મ પ્રકૃતિઓને, અને કેવી રીતે કર્મનું બંધન થાય છે તેના સ્વરૂપને જાણવું જરૂરી છે.

કર્મના અચળ કાયદાથી પુનર્જન્મનો સ્વીકાર, જડ, માયા કે કર્મથી સંડોવાયેલું ચૈતન્ય જે જે જાતની ક્રિયા કરે છે તેનું ફળ તેને પોતાને જ ભોગવવું પડે છે.

કર્મનો કાયદો જ એવો છે કે જ્યાં સુધી બીજ બળી ન જાય ત્યાં સુધી શુભ કે અશુભરૂપે પરંપરાગત પરિણમન થતું રહેવાનું. અને જ્યાં સુધી કર્મથી સંબંધ રહે ત્યાં સુધી તે જીવાત્માના ભિન્ન ભિન્ન સ્થાને યોજાવાનાં નિમિત્ત બનવાના અને પુનરાગમન થતું જ રહેવાનું.

કર્મ એ આખા જગતનો અચળ કાયદો છે. આ કાયદાને વશ આખું જગત પ્રવર્તી રહ્યું છે. આ કાયદો જુગજુગ જૂનો છે. તેમાં

પરિવર્તન થતાં જ નથી. ગમે તેવું સમર્થ બળ ભલેને હો ! પરંતુ તેના પર તેનું ચાલી શકતું નથી.

અનેક સમર્થ શૂરવીરો, યોગી પુરુષો અને ચક્રવર્તીઓ થઈ ગયા પણ તે કાયદાને વશ તો તેમને રહેવું જ પડ્યું. અનેક દેવો, દાનવો, રાક્ષસો, વગેરે પાક્યા. પણ અહીં તો તેમને મસ્તક નમાવવું જ પડ્યું.

આ કર્મની રચના ગંભીર છે. કર્મને આધીન થયેલું ચૈતન્ય પોતાનું સ્વરૂપ સાથે હોવા છતાં તેને ભૂલી જાય છે. જડના ઘર્ષણથી વિવિધ સુખદુ:ખના અનુભવ કરે છે અને તન્મય બની જઈ અનેક ગતિઓમાં જડની સાથે ને સાથે પરિભ્રમણ કરે છે.

કર્મ એક છતાં ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ છે. સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને પ્રબળ રસસંવેદન કેવળ મોહનીય કર્મના મનાય છે. મોહનીય એટલે ચૈતન્યની ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું કર્મ. આઠ કર્મોનો સર્વોપરિ નૃપતિ છે. આ નૃપતિને જીત્યા પછી બીજા સામંતો વશ થઈ શકે છે.

આ બધાં કર્મોના પુદ્‌ગલ પરિણામ, તેની કાળસ્થિતિ તેને અંગે ચૈતન્યના થતાં પરિવર્તન, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓના પ્રચંડ પ્રકોપ વગેરે અધિકારો ઉત્તરાધ્યયન સૂત્રના તે તેત્રીસમા અધ્યયનમાં બહુસ્પર્શી વર્ણવ્યા છે. આવા ચિંતનથી જીવન પર થતી કર્મની અસરથી ઘણે અંશે છૂટી જવાનું બની શકે છે.

જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપી શુદ્ધ, બુદ્ધ અજર-અમર છે, પરંતુ સોનાની ખાણમાં સોનું અને માટી જેમ સહજ રીતે મિશ્રિત થયેલા હોય છે, તેજ રીતે જડ કર્મો અને જીવ પણ અનાદિકાળથી એકમેક રૂપે રહેલાં છે. જડ કર્મના સંયોગે જીવ પોતાનો સ્વભાવ છોડીને વિકાર ભાવને પ્રાપ્ત થાય છે. તે સ્વયં વીતરાગ સ્વરૂપ શુદ્ધ હોવા છતાં કર્મ સંયોગે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો કરે છે. રાગદ્વેષથી કર્મબંધ અને કર્મબંધથી જન્મમરણ થાય છે. જન્મ-મરણ કરતાં કરતાં જીવ કર્મોના ઉદયને ભોગવે, તેમાં પુન: રાગ-દ્વેષાદિ ભાવો કરે અને કર્મ પુન: કર્મબંધ કરે છે. આ રીતે જીવ કર્મના કારણે જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યાં સુધી કર્મરૂપ વિકારી તત્ત્વનો સંયોગ રહે છે ત્યાં સુધી જીવનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આ રીતે જીવના સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ કર્મનો સંયોગ છે.

કષાય અને યોગના નિમિત્તથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું લેશ્યાના સંયોગે ક્ષીર અને નીરની જેમ આત્મ-પ્રદેશોમાં એકમેક થઈ જવું, તેને કર્મબંધ કહે છે.

આ લોકમાં આઠ પ્રકારની વર્ગણાના પુદ્‌ગલો ભર્યા છે. તેમાં એક કાર્મણવર્ગણા–કર્મ યોગ્ય પુદ્‌ગલો છે. તે પણ સમગ્ર લોકમાં વ્યાપ્ત છે. કષાય અને યોગના નિમિત્તથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે. તે કંપન દ્વારા આત્મપ્રદેશો પર રહેલા કાર્મણવર્ગણાના પુદ્‌ગલો આત્મા સાથે એકમેક થઈને સંયોગ સંબંધથી બંધાઈ જાય છે. કાર્મણવર્ગણાના પુદ્‌ગલો જ્યાં સુધી જીવે ગ્રહણ કર્યા ન હોય, ત્યાં સુધી તે કર્મ કહેવાતા નથી. પરંતુ જીવ જ્યારે પોતાના વિકારી ભાવોથી તે પુદ્‌ગલોને ગ્રહણ કરીને આત્મા સાથે એકમેક કરે ત્યારે જ તે કર્મનું રૂપ ધારણ કરે છે.

**કર્મબંધના ચાર પ્રકાર**

કર્મ બંધાય તે પૂર્વે કાર્મણવર્ગણામાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનું કે અન્ય કોઈ પણ પ્રકારનું વિભાજન હોતું નથી. પરંતુ કર્મબંધ થાય તે જ સમયે તેના ચાર પ્રકાર થાય છે–(૧) કર્મોની પ્રકૃતિ (૨) કર્મોની સ્થિતિ (૩) કર્મોનો અનુભાગ–ફળ આપવાની તરતમતા (૪) કર્મવર્ગણાના પુદ્‌ગલોનો જથ્થો. તેને જ ચાર પ્રકારનો બંધ કહેવાય છે.

પૂર્વાચાર્યોએ ચાર પ્રકારના બંધની પ્રક્રિયાને મોદકના દૃષ્ટાંતથી સમજાવી છે. યથા-

(૧) પ્રકૃતિ બંધ : સૂંઠ, સાકર, ઘી વગેરે અનેક દ્રવ્યોનો સંયોગ કરીને મોદક બનાવ્યો હોય. તેમાં જો સૂંઠની પ્રધાનતા હોય, તો તે વાયુનો નાશ કરે, જીરું વગેરે ઠંડા પદાર્થોની પ્રધાનતા હોય, તો તે પિત્તનો નાશ કરે. આ રીતે મોદકમાં જે દ્રવ્યની પ્રધાનતા હોય, તે પ્રમાણે તેનો સ્વભાવ હોય. તે જ રીતે ગ્રહણ કરેલા કર્મ પુદ્‌ગલોનો સ્વભાવ કેવો થશે ? તે જ્ઞાનને આવરણ કરશે ? દર્શનનો આવરણ કરશે ? વગેરે તેના સ્વભાવાનુસાર તેનું કાર્ય નિશ્ચિત થાય છે; તેને પ્રકૃતિબંધ કહે છે. તેના મૂળ આઠ પ્રકાર છે-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

(૨) સ્થિતિ બંધ : મોદકની કાળમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક મોદક પંદર દિવસ સુધી રહે છે, કેટલાક આઠ દિવસમાં ખરાબ થઈ જાય છે. તે જ રીતે બંધાયેલા કર્મો આત્મા સાથે કેટલો સમય રહેશે તેની કાળમર્યાદા નિશ્ચિત થવી, તેને સ્થિતિ બંધ કહે છે. આઠે કર્મોની સ્થિતિ ભિન્ન ભિન્ન હોય છે.

(૩) અનુભાગ બંધ : મોદકમાં સ્વાદની તીવ્રતા અને મંદતા હોય છે. જેમ કે કોઈ મોદક અત્યાધિક મીઠો હોય અથવા કોઈ ઓછો મીઠો હોય. કોઈ મોદક અલ્પ મેથીના કારણે અલ્પ કડવો હોય, કોઈ અધિક મેથીના કારણે અધિક કડવો હોય છે. તે જ રીતે બંધાયેલા કર્મોની ફળ આપવાની શક્તિ, કર્મનો ઉદય તીવ્રપણે થશે કે મંદપણે થશે તે નિશ્ચિત થાય, તેને અનુભાગ બંધ કહે છે.

(૪) પ્રદેશ બંધ : મોદકના પ્રમાણમાં નાના મોટાપણું હોય છે. તે રીતે બંધાયેલા કર્મ પ્રદેશોના જથ્થાને પ્રદેશબંધ કહે છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના આધારે થાય છે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયના આધારે થાય છે.

**આઠ કર્મોની પ્રકૃતિનો સ્વભાવ :**

(૧) જ્ઞાનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ વિશેષ–વિશેષ રૂપે જાણવામાં આવે, તેનું નામ જ્ઞાન છે. જ્ઞાનોપયોગને ઢાંકનાર

કર્મનું નામ જ્ઞાનાવરણીય કર્મ છે. જેમ વાદળાંઓ સૂર્યને ઢાંકે તેમ જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે.

(૨) દર્શનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ સામાન્ય રીતે જોવામાં આવે અર્થાત્ પદાર્થનો સામાન્ય બોધ થાય, તે દર્શન ગુણ છે. આત્માના દર્શનોપયોગ ગુણને ઢાંકનાર કર્મનું નામ દર્શનાવરણીય કર્મ છે. જેવી રીતે દ્વારપાળ રાજાના દર્શન કરવા ન દે તેવી રીતે દર્શનાવરણીય કર્મ આત્માને પદાર્થોના દર્શન ન થવા દે. સંક્ષેપમાં આત્માનો દર્શનગુણ પોતાના વિષય પ્રમાણે પદાર્થોનું સામાન્ય રીતે દર્શન કરાવે છે. તત્સંબંધી અન્ય વિવિધ વિશેષતાઓનો બોધ જ્ઞાનગુણથી થાય છે. આ રીતે આત્મામાં સદા સહવર્તી આ બંને ગુણો મળીને પદાર્થોનો સમ્યક્‌બોધ કરાવે છે. તે બંને મુખ્ય ગુણોને આવર્તીત કરનાર બે કર્મોને આઠ કર્મોમાં અગ્રસ્થાન આપ્યું છે.

(૩) વેદનીય કર્મ–આત્માને ઈન્દ્રિયજન્ય સુખ અને દુઃખનો અનુભવ કરાવે, તેનું નામ વેદનીય કર્મ છે. જેવી રીતે મધ લગાડેલી તલવાર ચાટવા જતાં જીભ કપાઈ જાય છે, સાથે મધનો સ્વાદ પણ આપે છે, તેવી રીતે વેદનીય કર્મ દ્વારા આત્માને શારીરિક–માનસિક સુખ અને દુઃખનો અનુભવ થાય છે.

(૪) મોહનીય કર્મ–જે કર્મના પ્રભાવથી આત્મા મૂઢ બની જાય છે, જેને મોહનીય કર્મ કહે છે. જેવી રીતે મદિરાના નશામાં માણસ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી જાય છે, તેવી રીતે કષાય કે વેદ જેવા મોહનીય કર્મના પ્રભાવથી આત્માને હેય–ઉપાદેયનું ભાન રહેતું નથી.

(૫) આયુષ્ય કર્મ–જે કર્મના ઉદયથી જીવ એક ગતિમાં અથવા એકભવમાં પોતાની નિયત સમય મર્યાદા સુધી રોકાઈ રહે, તેને આયુષ્ય કર્મ કહે છે. જેવી રીતે જેલમાં રહેલા માણસના પગમાં બેડીનું બંધન, તેને નિયત સમય પહેલાં જેલની બહાર જવા દેતું નથી, તેવી રીતે આયુષ્યકર્મ જીવને નિયત સમય પહેલાં બીજી ગતિમાં જવા દેતું નથી.

(૬) નામ કર્મ–જે કર્મના ઉદયથી જીવના શરીર, અંગોપાંગ આદિની રચના થાય, તેને નામ કર્મ કહે છે. જેવી રીતે ચિત્રકાર અનેક પ્રકારના નાના-મોટા ચિત્રો બનાવે છે, તેવી રીતે નામ કર્મના પ્રભાવે જીવ શરીર, અંગોપાંગ આદિની વિવિધ પ્રકારની આકૃતિ વગેરેની રચના કરે છે.

(૭) ગોત્ર કર્મ–જે કર્મના ઉદયથી જીવાત્મા ઊંચ-નીચ સંજ્ઞાથી સંબોધિત થાય છે, તે ગોત્ર કર્મ છે. જેવી રીતે કુંભાર માટીને ઘીના ઘડા, મદિરાના ઘડા વગેરે ઊંચ-નીચ રૂપમાં પરિણત કરે છે; તેવી રીતે ગોત્ર કર્મ જીવને જાતિ, કુળ આદિની ઉચ્ચ-નિમ્ન અવસ્થાઓને પ્રાપ્ત કરાવે છે.

(૮) અંતરાય કર્મ–જે કર્મ દાન-ભોગ આદિમાં અંતરાય-વિઘ્ન ઉપસ્થિત કરે છે, દેનારની દેવાની અને લેનારની લેવાની ઇચ્છા હોવા છતાં બંનેની ઈચ્છા પૂર્ણ ન થવા દે, તેને અંતરાય કર્મ કહે છે. જેવી રીતે રાજા દ્વારા ભંડારીને કોઈને દાન દેવાનો આદેશ આપવામાં આવે, તો પણ ભંડારી પોતાની પ્રકૃતિ અનુસાર ઉક્ત વ્યક્તિને દાન દેવામાં અંતરાયરૂપ બને છે. તેવી રીતે અંતરાય કર્મ આત્માને દાનાદિ કરવામાં વિઘ્નકારક બને છે.

કર્મોના ઉદય સમયે પ્રકૃતિ બંધ – આત્માના ગુણને આવૃત કરે છે. સ્થિતિ બંધ – કર્મ પ્રકૃતિ અનુસાર નિયત કાળ સુધી ફળ આપે છે. અનુભાગ બંધ – કર્મ પ્રકૃતિ અનુસાર તીવ્ર અથવા મંદરૂપે ફળ આપે છે. અર્થાત્ અનુભાગ બંધ પ્રમાણે જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે. પ્રદેશબંધ – આત્મ પ્રદેશોમાં કર્મ પુદ્‌ગલોનો અનુભવ કરાવે છે.

આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ : જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે. શ્રુતજ્ઞાનાવરણીય, અભિનિબૌધિક (મતિ), જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાના-વરણીય. શાસ્ત્રો વાંચવા અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહે છે. અથવા મતિજ્ઞાન થયા પછી જેમાં શબ્દ અને અર્થની પર્યાવલોચના થાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનને આવરણ કરનાર કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આભિનિબોધિક જ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મન દ્વારા સન્મુખ આવેલા પદાર્થોનું જે જ્ઞાન થાય, તેને આભિનિબોધિક (મતિજ્ઞાન) કહે છે. મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે. અવધિજ્ઞાનાવરણીય–ઈન્દ્રિયો અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અમુક અવધિ કે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે. તેને આવરણ કરનાર કર્મ અવધિ-જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. મનપર્યવજ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અઢી દ્વિપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત વિચારોને જાણી લેવા, તે મનઃપર્યવજ્ઞાન છે. તેને આવરણ કરનાર કર્મ મનઃપર્યવ જ્ઞાનવરણીય કર્મ કહેવાય છે. કેવળ જ્ઞાનાવરણીય-વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. તે જ્ઞાનને આવરણ કરનાર કર્મ કેવળજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ જેમાં નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ. ઉદયરૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે અને શેષ ચાર ભેદ ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને કેવળદર્શનાવરણીય આવરણ રૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે. આ રીતે દર્શનાવરણીય કર્મની ૫+૪=૯ પ્રકૃતિ છે. જે કર્મના ઉદયથી જીવ સુખપૂર્વક સૂવે અને સુખપૂર્વક જાગી જાય તે નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને મુશ્કેલીથી ઊંઘ આવે અને મુશ્કેલીથી જાગે તે નિદ્રા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને બેઠા-બેઠા કે ઊભા-ઊભા પણ ઊંઘ આવી

જાય તે પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને ચાલતાં-ચાલતાં પણ ઊંઘ આવી જાય, તે પ્રચલા પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવ દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી લે, તેવી ગાઢતમ નિદ્રા સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા છે. તેવી ગાઢ નિદ્રામાં જીવને ઉત્કૃષ્ટ વાસુદેવનું અર્ધું બળ આવી જાય છે. જઘન્ય અને મધ્યમ બળમાં અનેક પ્રકારે હીનાધિકતા હોય છે. આ રીતે પાંચ પ્રકારની નિદ્રામાં આત્મા ક્રમશઃ ગાઢ, ગાઢતર અને ગાઢતમ બેભાન થતો જાય છે. પાંચે પ્રકારની નિદ્રામાં આત્માનો દર્શન ગુણ અવરુદ્ધ થઈ જાય છે. તેથી તેનો સમાવેશ દર્શનાવરણીય કર્મમાં થાય છે. ચક્ષુદર્શનાવરણીય કર્મ–ચક્ષુ દ્વારા ચક્ષુ વિષયગત પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય તેને ચક્ષુદર્શન કહે છે. તે ગુણને આવરણ કરનાર કર્મને ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અચક્ષુદર્શનાવરણીય કર્મ–આંખ સિવાયની ચાર ઈદ્રિયો અને મનથી પદાર્થોનું સામાન્ય બોધરૂપ જે પરોક્ષદર્શન થાય તેને અચક્ષુદર્શન કહે છે. તેનું આવરણ કરનાર કર્મ અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અવધિદર્શનાવરણીય કર્મ–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અવધિદર્શનના વિષયભૂત રૂપી પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય, તેને અવધિદર્શન કહે છે. તેને આવરણ કરનાર કર્મને અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય છે. કેવળદર્શનાવરણીય કર્મ–સંસારના રૂપી અને અરૂપી સંપૂર્ણ પદાર્થોનું સામાન્ય બોધરૂપે દર્શન થાય, તેને કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

વેદનીય કર્મના બે પ્રકાર છે-(૧) શાતા વેદનીય (૨) અશાતા વેદનીય. જે કર્મના ઉદયથી જીવાત્માને પાંચેય ઈન્દ્રિય વિષય સંબંધી સુખની તેમ જ શારીરિક, માનસિક કે સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય તે શાતાવેદનીય કર્મ છે અને જે કર્મના ઉદયથી જીવાત્માને ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું દુઃખ અનુભવવું પડે તેમ જ શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની પ્રતિકૂળતાની પ્રાપ્તિ થાય, તે અશાતાવેદનીય કર્મ છે.

મોહનીય કર્મના બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

**દર્શન મોહનીય**-તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તત્ત્વની અભિરૂચિને સમ્યગ્દર્શન કહે છે; તેનો ઘાત કરનાર કર્મ, દર્શન મોહનીય કહેવાય છે. દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે-સમ્યક્ત્વ-મોહનીય-જે કર્મના ઉદયથી આત્માને જીવાજીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા હોય, તત્ત્વરૂચિ હોય પરંતુ તેમાં કંઈક મલિનતા હોય, તેને સમ્યક્ત્વ મોહનીય કહે છે; જે રીતે ચશ્મા આંખોને આવરણરૂપ હોવા છતાં જોવામાં પ્રતિબંધક થતા નથી. તે જ રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મ આત્માના સમ્યગ્દર્શન ગુણના આવરણરૂપ હોવા છતાં, વિશુદ્ધ હોવાના કારણે તે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વિઘાતક થતું નથી.

સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી આત્માને ક્ષાયિક-સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, તેમ જ તેના પ્રભાવથી સમ્યક્ત્વમાં થોડી મલિનતા થાય છે. તેથી સૂક્ષ્મ તત્ત્વોની વિચારણા કરવામાં અનેક પ્રકારના સંશય થાય છે અને અલ્પ સમયમાં જ તે નષ્ટ થઈ જાય છે. મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ થયેલા દલિકો જ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

**મિથ્યાત્વ મોહનીય :** જે કર્મના ઉદયથી આત્માને પદાર્થોનું યથાર્થ દર્શન ન થાય, પદાર્થોના સ્વરૂપને વિપરીત રૂપે જાણે, હિતને અહિત અને અહિતને હિત સમજે, તે કર્મનું નામ મિથ્યાત્વ મોહનીય છે. મિથ્યાત્વ મોહનીય કર્મ અશુદ્ધ દલિક રૂપ છે.

**મિશ્ર મોહનીય :** જે કર્મના ઉદયથી આત્માને તત્ત્વ કે અતત્ત્વ બંને પ્રત્યે સમાન રીતે તત્ત્વ બુદ્ધિ થાય, જિનધર્મ કે અન્ય ધર્મોમાં સમાનતા લાગે, સર્વ ધર્મોને સત્યરૂપ સમજે, આ પ્રકારની મિશ્રાવસ્થા, મિશ્ર મોહનીય કર્મના ઉદયથી થાય છે. મિશ્ર મોહનીય કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધાશુદ્ધ દલિક રૂપ છે.

**ચારિત્ર મોહનીય :** આત્માના ચારિત્ર ગુણના વિઘાતક કર્મને ચારિત્ર મોહનીય કહે છે. જે કર્મના ઉદયથી આત્મા ચારિત્રના ફળને જાણવા છતાં ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી, ચારિત્ર વિષયક મૂઢતાને પ્રાપ્ત થઈ જાય તેનું નામ ચારિત્ર મોહનીય કર્મ છે. તેના બે પ્રકાર છે-કષાય ચારિત્ર મોહનીય અને નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય :**-કષ એટલે સંસાર અને તેની આય એટલે પ્રાપ્તિ. જેના દ્વારા સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે; સંસારની પ્રાપ્તિરૂપ ભવભ્રમણના કારણને કષાય કહે છે ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાય છે. જે કર્મના ઉદયથી જીવ આ ચાર કષાયમય બની જાય છે. ક્રોધાદિ કષાય રૂપે જેનું વેદન થાય, તેને કષાય ચારિત્ર મોહનીય કર્મ કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર મૂળ કષાય છે. તે દરેકની તીવ્રતા, મંદતાના આધારે તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન, એમ ચાર ચાર ભેદ થાય છે. જેમ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, અને લોભ; સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ આ રીતે કષાયના ૧૬ ભેદ થાય છે.

**અનંતાનુબંધી કષાય :** અનંત સંસારનો અનુબંધ કરાવનાર કષાય. જે કષાયની પરિણામ ધારાનો અંત દેખાતો નથી, જેની કોઈ સીમા કે મર્યાદા હોતી નથી તે અસીમ, અમર્યાદીત અંત વિનાના કષાયને અનંતાનુબંધી કહે છે. આ કષાયના પ્રભાવથી જીવાત્મા અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરતો રહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણનો ઘાત કરે છે. **અપ્રત્યાખ્યાની કષાય**- જે કષાયના ઉદયથી જીવને કોઈ પણ પ્રકારના પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ થતી નથી, તે અપ્રત્યાખ્યાની કષાય છે. **પ્રત્યાખ્યાનાવરણ કષાય**-જે કષાયના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થઈ શકતા નથી, તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **સંજ્વલન**-જે કષાય આત્માને વારંવાર ક્ષણિકરૂપે સંજ્વલિત કરતો રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે. જે કષાય, અનુકૂળ-

પ્રતિકૂળ સંયોગ-વિયોગના પ્રસંગે મુનિઓને કિંચિત્માત્ર સંજ્વલિત કરે છે, તેને સંજ્વલન કષાય કહે છે; તેમજ જે કષાયનો ઉદય યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિમાં બાધક થાય, તે સંજ્વલન કષાય છે.

**નોકષાય ચારિત્ર મોહનીય**-(૧) જે ભાવો ક્રોધાદિરૂપે ન દેખાતા છતાં સંસારવર્ધક હોય છે, જે સ્વયં કષાયરૂપ ન હોય પરંતુ કષાયની ઉત્પત્તિમાં નિમિત્ત બને, કષાયના સહચારી હોય, તેને નોકષાય ચારિત્ર મોહનીય કહે છે. જેમ એક વ્યક્તિનું હાસ્ય બીજા વ્યક્તિના ક્રોધનું કારણ બને છે. હાસ્ય સ્વયં કષાય નથી પરંતુ હાસ્યના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે. તેથી તેને નોકષાય કહે છે. (૨) જે મોહ, કષાયરૂપ નથી પણ કષાયથી ભિન્ન ચારિત્ર મોહનીય કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં ચારિત્રગુણને આવરિત કરનાર કર્મના બે રૂપ છે-કષાય અને નોકષાય. નોકષાયના સાત અથવા નવ ભેદ છે-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ, તે સાત ભેદ છે. વેદના પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણ ભેદ કરવામાં આવે તો (૬+૩) કુલ નવ ભેદ થાય છે.

આ ૧૬+૯=૨૫ પ્રકૃતિઓના ઉદયથી જીવાત્માને ચારિત્રધર્મમાં અંતરાય અથવા સ્ખલના ઉત્પન્ન થાય છે.

**આયુષ્ય કર્મ**

આયુષ્ય કર્મની ઉત્તર પ્રકૃતિઓ ચાર છે-(૧) દેવાયુ (૨) મનુષ્યાયુ (૩) તિર્યંચાયુ (૪) નરકાયુ. પૂર્વ જન્મમાં જીવ જેટલું આયુષ્ય બાંધીને આવ્યો હોય તેટલો કાળ જીવને તે તે ભવમાં રહેવું પડે છે. નરકગતિમાં રોકી રાખનાર કર્મ નરકાયુ છે. તે જ રીતે ચારે પ્રકારના આયુષ્ય સમજી લેવા જોઈએ.

**નામ કર્મ**

તેના મુખ્ય બે ભેદ છે–શુભ નામ કર્મ અને અશુભ નામકર્મ. (૧) શુભ નામ-જે નામ કર્મના ઉદયથી શ્રેષ્ઠ શરીરની રચના થાય, સુંદર, મનોહર, સર્વજનોને પ્રિય શરીરાદિ પ્રાપ્તિ થાય, તેને શુભ નામ કહે છે. (૨) અશુભ નામ-જે નામ કર્મના ઉદયથી હીન, સર્વજનોને અપ્રિય એવા શરીરાદિ પ્રાપ્ત થાય તેને અશુભ નામ કર્મ કહે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં નામ કર્મના શુભ, અશુભ બે ભેદ ન કરતાં સામાન્ય રીતે ૯૩ ભેદ કરીને તત્સંબંધી નિરૂપણ કરવામાં આવ્યું છે.

**ગોત્ર કર્મ**

તેના બે ભેદ છે-ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. (૧) ઉચ્ચ ગોત્ર-જે કર્મના ઉદયથી ઉચ્ચકુળમાં જન્મ થાય તેમજ શ્રેષ્ઠ જાતિ આદિ પ્રાપ્ત થાય, તેને ઉચ્ચગોત્ર કહે છે. તેના આઠ ભેદ છે-(૧) ઉચ્ચ જાતિ, (૨) ઉચ્ચ કુળ, (૩) શ્રેષ્ઠ બળ, (૪) શ્રેષ્ઠ રૂપ, (૫) શ્રેષ્ઠ તપ, (૬) શ્રેષ્ઠ ઐશ્વર્ય, (૭) શ્રેષ્ઠ શ્રુત, (૮) શ્રેષ્ઠ લાભ. (૨) નીચ ગોત્ર-જે કર્મના ઉદયથી જીવને હલકી જાતિ, કુળ આદિ પ્રાપ્ત થાય, તેને નીચ ગોત્ર કહે છે. તેના પણ આઠ ભેદ ઉચ્ચ ગોત્રની સમાન છે-(૧) હીન જાતિ, (૨) હીન કુળ, (૩) હીન બળ, (૪) હીન રૂપ, (૫) હીન તપ, (૬) હીન ઐશ્વર્ય, (૭) હીન શ્રુત, (૮) હીન લાભ. ઉક્ત આઠ પ્રકારે ઉચ્ચ ગોત્રનું ફળ ભોગવતાં તેનો મદ-ઘમંડ ન કરવાથી ઉચ્ચ ગોત્રનો બંધ થાય છે અને મદ કરવાથી નીચ ગોત્રનો બંધ થાય છે.

**અંતરાય કર્મ**

તેના પાંચ ભેદ છે-(૧) **દાનાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવને, દાનની ચીજો વિદ્યમાન હોવા છતાં, યોગ્ય પાત્ર ઉપસ્થિત હોવા છતાં અને દાનના ફળને જાણવા છતાં દાન કરવાનો ઉત્સાહ ન થાય તેને દાનાંતરાય કહે છે. (૨) **લાભાંતરાય :** જે કર્મના પ્રભાવથી, પદાર્થોના લાભમાં અંતરાય આવે, દાતામાં ઉદારતા હોય, દાનની વસ્તુ પાસે હોય અને યાચનામાં કુશળતા હોય તો પણ લાભ ન થાય, તેને લાભાંતરાય કહે છે. (૩) **ભોગાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવની પાસે સાધન-સામગ્રી હોવા છતાં રોગાદિના કારણે ભોગ્ય પદાર્થોને ભોગવી શકે નહીં, તે ભોગાંતરાય કર્મ છે. **(૪) ઉપભોગાંતરાય :** જે કર્મના ઉદયથી ઉપભોગની સામગ્રી પાસે હોય, તેને ત્યાગ પણ ન હોય, તેમ છતાં ઉપભોગ્ય વસ્તુઓનો ઉપભોગ ન કરી શકે, તેને ઉપભોગાંતરાય કર્મ કહે છે. જે પદાર્થ એકવાર ભોગવાય તેને ભોગ્ય કહે છે, જેમ કે ખાવાપીવાની વસ્તુઓ. જે પદાર્થ વારંવાર ભોગવાય તેને ઉપભોગ્ય કહે છે. જેમ કે પહેરવા-ઓઢવાની વસ્તુઓ, વસ્ત્ર, મકાન, આભૂષણ આદિ. (૫) **વીર્યાંતરાય :** વીર્યનો અર્થ છે સામર્થ્ય–શક્તિ. જે કર્મના પ્રભાવથી જીવ બળવાન, શક્તિશાળી હોવા છતાં તે કોઈ સાધારણ કામ પણ કરી શકે નહીં, તેમ જ જે કર્મના ઉદયથી સામર્થ્ય કે શક્તિની પ્રાપ્તિ થતી નથી તેને વીર્યાંતરાય કર્મ કહે છે.

કર્મબંધના કારણોનું કથન શ્રી ભગવતી સૂત્રમાં છે, અન્ય વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે તથા કર્મ સંબંધી સાંગોપાંગ વર્ણન કમ્મપયડી ગ્રંથમાં અને કર્મગ્રંથના છ ભાગોમાં છે.

જીવ સમયે-સમયે કષાય અને યોગના નિમિત્તથી અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. દ્રવ્યથી-એક સમયમાં ગ્રહણ થતાં તે અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્ગલો અભવ્ય જીવોથી અનંતગણા હોય છે અને અનંતાસિદ્ધના જીવોથી અર્થાત્ સિદ્ધોની સંખ્યાથી અનંતમાં ભાગે ન્યૂન હોય છે. ક્ષેત્રથી–જે રીતે અગ્નિ સ્વયં જે ક્ષેત્રમાં હોય, તે ક્ષેત્રમાં રહેલા પદાર્થોને અગ્નિરૂપ પરિણત કરે છે. તે જ આકાશ પ્રદેશો પર અવગાહિત કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા તે કર્મ પુદ્ગલો ક્ષીર-નીરની જેમ આત્મા સાથે એકમેક થઈ જાય છે અર્થાત્ તેનો બંધ સર્વાત્મ પ્રદેશોમાં થઈ જાય છે.

જ્ઞાનાવરણ આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી

સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની સ્થિતિ પણ સરખી છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ આઠ મૂહૂર્તની છે.

*જીવ ગમે તેટલો ભારે કર્મી હોય, અનંત સંસારમાં પરિભ્રમણ કરતો હોય, પણ જો તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠેય કર્મ કરી, હળવો ફૂલ બની સિદ્ધ બની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.*

કર્મની ફળ આપવાની શક્તિને અનુભાગબંધ કહે છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયના તીવ્ર-મંદભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગ બંધ છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયોના તીવ્ર-મંદ ભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગબંધ છે.

પ્રત્યેક કર્મ પોતાનું ફળ કર્મદલિકો દ્વારા જ પ્રગટ કરે છે. જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે. પરંતુ એક એક અધ્યવસાયસ્થાન દ્વારા અનંતાનંત કર્મદલિકો ગ્રહણ થાય છે અને અનંતાનંત દલિકો એક સાથે પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

એક સમયમાં અનુભવાતા કર્મદલિકો અભવ્ય જીવોથી અનંતગુણા અને સિદ્ધોથી અનંતભાગે ન્યૂન હોય છે. પરંતુ સર્વ અનુભાગ સ્થાનના કર્મદલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક હોય છે. કારણકે અનંત સંસારી જીવો સમયે-સમયે અનંતાનંત કર્મદલિકો ગ્રહણ કરે છે. તેથી તે દલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક થઈ જાય છે.

ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફળ વિરતિ છે. કર્મબંધના વિજ્ઞાન દ્વારા જીવ કર્મબંધથી વિરામ પામી સંવર અને નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. કર્મના પરિણામ તીવ્ર ભયંકર છે. કર્મનો સિદ્ધાંત અટલ છે. જે વ્યક્તિ જેવા પરિણામથી કર્મોનો બંધ કરે છે, તેવા ફળ તેને ભોગવવા પડે છે. શુભ કે અશુભ બંને પ્રકારના કર્મો જીવને બંધનરૂપ છે, સંસારરૂપ છે. આ પ્રકારે કર્મ સિદ્ધાંતની અચલતાને જે જાણે છે અને તે આ ભવમાં નવા કર્મબંધ ન થાય તેના માટે સાવધાન રહે છે. તે ધર્મ પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને આત્મશુદ્ધિ કરે છે.

આવી રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેત્રીસમાં 'કર્મ પ્રકૃતિ' નામના અધ્યયનમાં કર્મનું ભેદ-પ્રભેદ સહિત વિસ્તૃત સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

**શ્રી જ્ઞાતાધર્મકથા**

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી જીવનું ભારેપણું અને હળવાપણું સિદ્ધ કર્યું છે.

ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાં બિરાજમાન હતા ત્યારે ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે જીવ ગુરુ-ભારે કેમ થાય છે અને લઘુ-હળવો કેમ થાય છે ? જીવ ગુરુતા અને લઘુતાને કેવી રીતે પામે છે ?

પ્રભુએ તુંબડાના દૃષ્ટાંતથી સમજાવ્યું કે તુંબડાનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે. પરંતુ તેના ઉપર ઘાસ અને માટીના લેપ કરવામાં આવે તો તે ભારે બની જાય છે અને પાણીમાં ડૂબી જાય છે. તેમ પ્રાણાતિપાતાદિ પાપોના સેવનથી આઠ કર્મના લેપથી યુક્ત જીવ ભારે બને છે અને સંસારમાં ડૂબી જાય છે. અને જેમ તે લેપ દૂર થતાં તુંબડું હળવું બની પાણી ઉપર તરે છે તેમ આઠ કર્મના લેપથી રહિત થવાથી જીવ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

આ દૃષ્ટાંત દ્વારા સાધકોને એ સમજવાનું છે કે જીવ ગમે તેટલો ભારે કર્મી હોય, અનંત સંસારમાં પરિભ્રમણ કરતો હોય, પણ જો તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠેય કર્મ કરી, હળવો ફૂલ બની સિદ્ધ બની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

શ્રી ભગવતી સૂત્રમાં કાંક્ષામોહનીય કર્મનું વિસ્તૃત વિવેચન છે. કાંક્ષા એટલે અન્ય દર્શનની અભિલાષા. તે સમકિતનો અતિચાર છે. પરંતુ કાંક્ષામોહનીય શબ્દપ્રયોગ મિથ્યાત્વ મોહનીયના પર્યાય અર્થમાં પ્રયુક્ત છે. મિથ્યાત્વાભિમુખ થવામાં 'કાંક્ષા' મુખ્ય દ્વાર છે કારણકે શંકા અથવા અન્યમતના પરિચય આદિથી જ્યારે જીવ સ્વમતની શ્રદ્ધાથી ચલિત થાય અને પરમતની શ્રદ્ધામાં ખેંચાય કે તેની આકાંક્ષાવાળો થાય ત્યારે તેને મિથ્યાત્વનો ઉદય થાય છે. કાંક્ષા દ્વારા આત્મપરિણામોમાં મિથ્યાત્વ મોહનો ભાવ જાગૃત થાય છે તેથી 'કાંક્ષા'ની સાથે મોહનીય શબ્દ જોડી મિથ્યાત્વ મોહનીયને કાંક્ષામોહનીય કર્મ કહ્યું છે.

કાંક્ષામોહનીય કર્મનો બંધ સર્વથી સર્વ થાય છે. અર્થાત્ સમસ્ત આત્મ પ્રદેશથી એક સમયમાં ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત કર્મદલિકોને જીવ એક સાથે ગ્રહણ કરે છે અને તેનો બંધ પણ સમસ્ત આત્મપ્રદેશોમાં થાય છે. આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી તેની કોઈ પણ ક્રિયા સર્વાત્મપ્રદેશથી થાય છે બંધ આદિ પ્રત્યેકના ત્રૈકાલિક આલાપક થાય છે. કાંક્ષામોહનીય કર્મનો બંધ પ્રમાદ અને યોગથી થાય છે. પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય, યોગ વીર્યથી, વીર્ય શરીરથી અને શરીર જીવથી અને જીવ ઉત્થાનાદિ દ્વારા આ સર્વ ક્રિયા કરે છે તેથી જીવના ઉત્થાનાદિની સહજ સિદ્ધિ થઈ જાય છે.

સામાન્ય અપેક્ષાએ કાંક્ષામોહનીય કર્મનો સમાવેશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિદર્શન મોહનીયના એક ભેદ સમ્યક્ત્વ મોહનીયમાં થઈ શકે છે અને ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીયમાં તેનો સમાવેશ થાય છે. કાંક્ષામોહનીય કર્મના નાશનો સચોટ ઉપાય છે શ્રદ્ધા. જે પદાર્થો કે વિષયો, તર્કગમ્ય, બુદ્ધિગમ્ય, ઈન્દ્રિયગમ્ય કે

છદ્મસ્થ ગમ્ય ન હોય તેવા વિષયમાં તમેવ સચ્ચંણિસંકં જં જિણેહિં પવેઇયં । જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય છે. આ પ્રકારની દૃઢ શ્રદ્ધા રાખવાથી કાંક્ષામોહનીય કર્મનો નાશ થાય છે અને દૃઢ શ્રદ્ધાપૂર્વક આરાધના કરનાર જીવ આરાધક બને છે. સાધક કોઈ પણ નિમિત્ત સમયે શ્રદ્ધાને દૃઢ ન રાખે તો ક્રમશઃ તે સમ્યગ્દર્શનનું વમન કરી, મિથ્યાત્વી બની જાય છે.

'સમવાયાંગ સૂત્ર'માં નામકર્મ બેતાલીસ પ્રકારે જણાવ્યા છે. કર્મવિપાક સૂત્ર (કર્મના શુભાશુભ ફળ બતાવનાર અધ્યયન)ના તેંતાલીસ અધ્યયન કહેલા છે. ત્રીસમાં સમવાયમાં મોહનીયકર્મ બાંધવાના કારણભૂત ત્રીસ સ્થાન કહેલ છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમાં પદમાં કર્મસિદ્ધાંતની સંખ્યા, ૨૪ દંડકવર્તી જીવોમાં તેના સદ્ભાવની પ્રરૂપણા, સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકવર્તી જીવો, આઠ કર્મોની પરંપરાનું સર્જન કેવી રીતે કરે છે તેનું વર્ણન છે. એક કે અનેક સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકવર્તી જીવોમાં મૂળભૂત કારણરૂપ રાગ અને દ્વેષનું નિરૂપણ છે. તદ્ઉપરાંત ૨૫ પ્રકારના જીવો એકત્વ કે બહુત્વની અપેક્ષાએ આઠ કર્મોથી ક્યા ક્યા કર્મોનું વેદન કરે છે તેનું કથન છે. આઠ કર્મની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું વર્ણન છે. આઠ કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે અને ભેદ પ્રભેદોની સ્થિતિનું વર્ણન છે. આ રીતે કર્મબંધના કારણ, કર્મ પરંપરા તથા આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ (વિપાક) બંધ વગેરે કર્મ સિદ્ધાંતોનું વિશદ વિશ્લેષણ છે.

આ રીતે જુદાં જુદાં આગમોમાં કર્મ સંબંધી માહિતી પ્રાપ્ત થાય છે. ✷

વિશાલ એપાર્ટમેન્ટ, 'એચ' બિલ્ડિંગ, ફ્લેટ નં. ૪૦૨, ચોથે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૩૬૦૧૦. મોબાઈલ : ૮૮૭૯૫૯૧૦૭૯.

# ઉપમા સહિત કષાયની સમજણ

**૧૬ પ્રકારના કષાયને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે જે નીચે મુજબ છે:**

(૧) અનંતાનુબંધી– જેની સ્થિતિ જીવન પર્યંતની છે. ગતિ નરકની કરાવે અને સમકિત ન થવા દે
(૨) અપ્રત્યાખ્યાની– જેની સ્થિતિ એક વર્ષની છે. ગતિ તિર્યંચની કરાવે અને શ્રાવક ન થવા દે.
(૩) પ્રત્યાખ્યાની– જેની સ્થિતિ ચાર મહિનાની છે. ગતિ મનુષ્યની કરાવે અને સાધુ ન થવા દે.
(૪) સંજ્વલન– જેની સ્થિતિ ૧૫ દિવસની છે. ગતિ દેવની કરાવે અને વિતરાગી ન થવા દે.

**આ ચાર વિભાગના ૧૬ પ્રકાર છે જેને ઉપમા સહિત સમજાવ્યા છે.**

(૧) અનંતાનુબંધી ક્રોધ–પર્વતમાં પડેલી તિરાડ સમાન–જે ક્યારેય પૂરાય નહિ એમ આ ક્રોધ કોઈપણ રીતે શાંત ન થાય.
(૨) અનંતાનુબંધી માન–પથ્થરના સ્તંભ સમાન–સેંકડો ઉપાય કરવા છતાં વળે નહિ–એમ આ માનવાળો ક્યારેય નમે નહિ.
(૩) અનંતાનુબંધી માયા–વાંસના મૂળ સમાન-અત્યંત વક્રતા અગ્નિમાં બળે છતાં છૂટે નહિ એમ કોઈ પણ ઉપાયથી સરળતા આવે નહિ.
(૪) અનંતાનુબંધી લોભ–કરમજીના રંગ સમાન–વસ્ત્ર ફાટે તો પણ રંગ નીકળે નહિ એમ અનેક પ્રયત્નથી પણ દૂર ન થાય એવો લોભ.
(૫) અપ્રત્યાખ્યાની ક્રોધ–તળાવની તિરાડ સમાન–દુષ્કાળમાં સુકાયેલ તળાવમાં વર્ષ પછી વરસાદ પડતા તિરાડ પૂરાઈ જાય એમ મહામુશ્કેલીથી શાંત થાય એવો ક્રોધ, વર્ષભર રહે એવો ક્રોધ.
(૬) અપ્રત્યાખ્યાની માન–હાડકાના સ્તંભ સમાન–મહામુશ્કેલીથી વાળી શકાય એમ વર્ષ ભર રહે એવો માન.
(૭) અપ્રત્યાખ્યાની માયા–ઘેંટાના શિંગડા સમાન–મહામુશ્કેલીથી સીધા થાય એમ વર્ષ ભર રહે એવી માયા.
(૮) અપ્રત્યાખ્યાની લોભ-નગરની ગટરના કાદવ સમાન મુશ્કેલીથી કેમિકલ વગેરેથી ડાઘ દૂર થાય એમ વર્ષ ભર રહે એવો લોભ
(૯) પ્રત્યાખ્યાની ક્રોધ–રેતીમાં પડેલી લીટી સમાન–રણના વળાંકવાળા હુવાને કારણે જે લીટીઓ દેખાય છે તે ચાર મહિને પવનની દિશાથી બદલાઈ જાય એમ થોડા પ્રયત્ને શાંત થતો ક્રોધ.
(૧૦) પ્રત્યાખ્યાની માન–લાકડાના સ્તંભ સમાન–પાણીમાં પલાળીને મુશ્કેલીથી વાળી શકાય એમ થોડા પ્રયત્ને નમે.
(૧૧) પ્રત્યાખ્યાની માયા–ગોમુત્રિકા સમાન–રસ્તામાં ચાલતી ગાયની વાંકીચૂકી પડતી મૂત્રરેખા તડકાદિથી દૂર થઈ જાય એમ થોડા પ્રયત્નથી માયા દૂર થઈ સરળતા આવી જાય.
(૧૨) પ્રત્યાખ્યાની લોભ–ગાડાના ખંજન (ગ્રીસ) સમાન–એના ડાઘ સાબુથી દૂર થાય એમ થોડા પ્રયત્ને દૂર થાય એવો લોભ.
(૧૩) સંજ્વલનનો ક્રોધ–પાણીની લીટી સમાન–ભરતીથી કિનારે પાણીની લીટી રહી જાય જે પંદર દિવસે ફરીથી ભરતી આવે ત્યારે દૂર થાય એમ જલ્દીથી શાંત થાય એવો ક્રોધ.
(૧૪) સંજ્વલનનો માન–નેતરના સ્તંભ સમાન–સહેલાઈથી વળી જાય, એમ જલ્દીથી દૂર થાય એવો માન
(૧૫) સંજ્વલનની માયા–વાંસની છોઈ સમાન–જે સરળતાથી સીધી થઈ જાય એમ જલ્દીથી દૂર થાય એવી માયા.
(૧૬) સંજ્વલનનો લોભ–હળદરના રંગ સમાન–જે ધોવાથી નીકળી જાય એમ જલ્દીથી નાશ પામે એવો લોભ. **—સંપાદિકાઓ**

# ગુણસ્થાનક અને કર્મ

□ ડૉ. કેતકી યોગેશ શાહ

*[ ડૉ. કેતકીબહેને મુંબઈ યુનિવર્સિટીમાંથી 'ગુણસ્થાનક' જેવા ગહન વિષય ઉપર પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ કવયિત્રી તથા સંગીતજ્ઞ છે. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. ]*

જગતમાં દેખાતી વિષમતા અને વિચિત્રતાનું કારણ કર્મ છે. એક જ માના બે દીકરા હોવા છતાં એક વિદ્વાન અને એક મૂર્ખ હોય. એક જ સરખી મહેનત કરવા છતાં એક ધનવાન અને એક નિર્ધન હોય. આવી વિભિન્નતા અને વિવિધતાનું કારણ દાર્શનિક જગતમાં પૂર્વકૃત કર્મ છે.

આત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય અને પરિપૂર્ણ સુખમય છે પણ રાગ અને દ્વેષ આદિના કારણે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો આત્મા સાથે ચોંટી જાય છે, તે કર્મ છે. આ કર્મના કારણે આત્માનું સ્વરૂપ મલિન બને છે. જેમ કોઈ પ્રકાશિત રત્ન ઉપર ધૂળ છાંટવામાં આવે ને જો ધૂળનું પ્રમાણ વધુ હોય તો રત્નનો પ્રકાશ ઝાંખો લાગે છે અને જેમ જેમ ધૂળનું પ્રમાણ ઓછું થતું જાય તેમ તેમ રત્ન વધુ પ્રકાશિત લાગે છે. તેવી રીતે કર્મનો જથ્થો આત્મા પર વધુ લાગતા આત્મસ્વરૂપની ઝલક ઝાંખી પડે છે અને જેમ જેમ કર્મનો જથ્થો આત્મા પરથી દૂર થતો જાય તેમ તેમ આત્મા વધુ ને વધુ ઊજળો લાગે છે.

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના અધ્યયન-૬ માં ભગવાન કહે છે કે માટીના લેપથી ભારે થઈ ગયેલું તુંબડું પાણીના તળિયે બેસી જાય છે. તે જ તુંબડું માટીના લેપથી મુક્ત થઈ જતાં હળવું થઈને પાણી ઉપર તરવા લાગે છે. તેવી જ રીતે આત્મા પર લાગેલાં કર્મોના લેપથી ભારે થયેલો આત્મા સંસારરૂપ ભવસાગરમાં ડૂબવા લાગે છે પણ પોતાના પુરુષાર્થથી અને સતત જાગૃતિથી તે કર્મોના લેપથી મુક્ત થઈ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

કર્મથી લેપાયેલા અશુદ્ધ આત્માને કર્મમુક્ત શુદ્ધ આત્મા બનવા માટે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. જેમ કોઈ ચોક્કસ મુકામે જતાં રસ્તામાં સ્ટેશનો આવે છે, જેમ અમુક માળ ઉપર પહોંચવા માટે પગથિયાં ચડવા પડે છે તેવી જ રીતે મુક્તિરૂપી અચલ સ્થાને પહોંચવા જે અવસ્થાઓમાંથી જીવ પસાર થાય છે તે સર્વ અવસ્થાઓ જાણવી–સમજવી મુશ્કેલ હોવાથી તીર્થંકર ભગવંત તથા જૈન ધર્માચાર્યોએ એને સંક્ષેપમાં ૧૪ વિભાગમાં વર્ગીકૃત કરી 'ચૌદ ગુણસ્થાનક'ની સંજ્ઞા આપી છે.

આચાર્ય નેમિચંદ્રદેવ 'ગોમ્મટસાર'ની ગાથા ૩ અને ૮માં કહે છે–મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચારિત્ર ગુણોની થવાવાળી તારતમ્યરૂપ અર્થાત્ હીનાધિક અવસ્થાઓને ગુણસ્થાનક કહે છે. ટૂંકમાં આત્મવિકાસની ક્રમિક અવસ્થાઓ-Stages of Spiritual Development એટલે ગુણસ્થાનક.

આત્મિક વિકાસક્રમ–ગુણસ્થાનકનો મુખ્ય આધાર કર્મપ્રકૃતિ પર અવલંબે છે. જીવ જેમ જેમ કર્મપ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરતો જાય તેમ તેમ ક્રમશઃ ગુણસ્થાનકના એક એક પગથિયાં ચઢતો જાય છે. કર્મના બંધનમાંથી છૂટવાની પ્રક્રિયા ગુણસ્થાનકમાં રહેલી છે. ગુણસ્થાનકમાંથી જો કર્મનો છેદ કરવામાં આવે તો ગુણસ્થાનકમાં શેષ કાંઈ બચતું નથી અને કર્મમાંથી છૂટવા ગુણસ્થાનક સિવાય બીજો કોઈ રસ્તો નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માના સ્વાભાવિક ગુણો છે. તે ગુણો આવશ્યક કર્મોથી દબાયેલા છે. પહેલે ગુણસ્થાનકે આવરક કર્મો વધારે પ્રમાણમાં હોવાથી અશુદ્ધિ વિશેષ હોય છે ત્યારે જ્ઞાનાદિ ગુણો અલ્પ પ્રમાણમાં પ્રગટ થયેલાં હોય છે અને ઉપર ઉપરના ગુણસ્થાનકે પૂર્વ ગુણસ્થાનકની અપેક્ષાએ શુદ્ધિ વધારે વધારે હોવાથી જ્ઞાનાદિ ગુણો વધારે પ્રમાણમાં પ્રગટ થયેલા હોય છે.

આત્માના સમગ્ર વાસ્તવિક સ્વરૂપને પ્રગટ કરવામાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ અવરોધક બને છે. આ આઠ કર્મમાં મોહનીય કર્મ સૌથી વિશેષ બળવાન છે. જ્યાં સુધી મોહનીય કર્મનું આવરણ સઘન છે ત્યાં સુધી આત્માના ઉત્કર્ષ તરફ ગતિ નથી. જેમ જેમ આવરણ દૂર થાય છે તેમ તેમ જીવની ગતિ શુદ્ધિ તરફ વધતી જાય છે અને રાગ-દ્વેષજનિત મોહ સર્વથા ક્ષીણ થઈ જાય છે ત્યારે આત્મા પૂર્ણ શુદ્ધ દશાને પામી જાય છે.

શ્રી સમવાયાંગ સૂત્રના ૧૪મા સમવાયમાં ચૌદ ગુણસ્થાનક (જીવસ્થાનક) નામ છે તે આ પ્રમાણે છેઃ

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક
(૨) સાસ્વાદન સમ્યગ્‌દૃષ્ટિ ગુણસ્થાનક
(૩) મિશ્ર (સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ) ગુણસ્થાનક
(૪) અવિરત સમ્યગ્‌દૃષ્ટિ ગુણસ્થાનક
(૫) દેશવિરતિ ગુણસ્થાનક
(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનક
(૭) અપ્રમત્તસંયત ગુણસ્થાનક
(૮) નિવૃત્તિ બાદર ગુણસ્થાનક
(૯) અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક
(૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક
(૧૧) ઉપશાંત મોહનીય ગુણસ્થાનક

(૧૨) ક્ષીણમોહનીય ગુણસ્થાનક
(૧૩) સયોગીકેવળી ગુણસ્થાનક
(૧૪) અયોગી કેવળી ગુણસ્થાનક

કર્મબંધના પાંચ કારણ છે, તે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ છે. તેના પ્રતિપક્ષી સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ છે. તેની પ્રાપ્તિ અનુક્રમે જેમ જેમ થતી જાય તેમ તેમ જીવ તે ગુણસ્થાનક છોડીને ઉપર ઉપરના ગુણસ્થાનકે જાય છે. **મિથ્યાત્વ** છૂટતા જીવ પહેલું ગુણસ્થાનક છોડી ચોથે ગુણસ્થાનકે જાય છે. **અવ્રત** છૂટતા જીવ ચોથું ગુણસ્થાનક છોડી પાંચમે-છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે જાય છે. **પ્રમાદ** છૂટતા જીવ છઠ્ઠું ગુણસ્થાનક છોડી સાતમા ગુણસ્થાનકે જાય. **કષાય** છૂટતા જીવ દશમું ગુણસ્થાનક છોડી, ૧૧, ૧૨, ૧૩ મે ગુણસ્થાનકે જાય છે. **યોગ** છૂટતા જીવ ૧૩મું ગુણસ્થાનક છોડીને ૧૪મે ગુણસ્થાનકે જઈને ત્યાંથી પછી મોક્ષમાં જાય. જ્યાં જીવને કર્મ બાંધવાના કોઈ કારણ ઉપસ્થિત નથી. કર્મ ન હોવાના કારણે શરીર નથી, જન્મમરણ નથી, રોગ નથી, શોક નથી, દુઃખ નથી. તે આત્મા અનંત આત્મિક સુખમાં વિચરે છે.

**પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક**–'યથા નામ તથા ગુણ'ના ન્યાયે આ ગુણસ્થાનકે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયને કારણે જીવ કુદેવમાં દેવ, કુગુરુમાં ગુરુ અને કુધર્મમાં ધર્મ માને છે. દેવ, ગુરુ અને ધર્મના સત્ય સ્વરૂપથી અજાણ એવા જીવની અહીં પ્રારંભિક અજ્ઞાત અવસ્થા હોય છે. જેમ જન્માંધ મનુષ્ય જન્મથી જ કોઈ વસ્તુનું દર્શન નહીં કરવાથી તેનું સ્વરૂપ યથાતથ્ય જાણી શકતો નથી તેમ આ ગુણસ્થાનકે વર્તતો મિથ્યાત્વી જીવ નવ તત્ત્વોને જાણતો નથી. અને જો કોઈ જાણે તો પણ જેમ ધતુરાપાન કરવાથી અથવા કમળાના રોગથી ઘેરાયેલો મનુષ્ય વસ્તુને વિપરીત યા અન્ય રીતે દેખે છે તેમ મિથ્યાત્વની દૃષ્ટિ અવળી–વિપરીત હોય છે.


જેમ મણ દૂધમાં રતિ જેટલું ઝેર પણ હાનિકારક અને આરોગ્ય માટે બાધક છે તેમ મિથ્યાત્વનો ઓછામાં ઓછો અંશ પણ પહેલું ગુણસ્થાનક છોડવા દેતો નથી. મદિરા જેવું મોહનીય કર્મ આ ગુણસ્થાનકે ગાઢું હોવાથી સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જેવા સ્વરૂપે કહી છે, તે વસ્તુ તેનાથી વિપરીત સ્વરૂપે સ્વીકારે કે માને છે.

અનાદિકાળથી મિથ્યાત્વ મોહનીય કર્મથી બંધાયેલો જીવ જો અભવ્ય (મોક્ષ પામવાની યોગ્યતા ધરાવતો ન હોય) હશે તો આ ગુણસ્થાનકમાં જ રાચ્યા કરશે. આવા જીવો દ્રવ્યથી ચારિત્ર પાળીને તેના પુણ્યોદયે નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. પણ ભાવચારિત્રનો સ્વીકાર કર્યો ન હોવાથી તેમનો નિસ્તાર અશક્ય બની જાય છે.

જે જીવો મુક્તિપદ પામવાની યોગ્યતાવાળા છે તેવા ભવ્ય જીવો આ ગુણસ્થાનકના અંતે મિથ્યાત્વ મોહનીય કર્મથી છૂટવાનો પ્રયત્ન કરે છે. 'નદી ઘોલ પાષાણ ન્યાયે' એટલે જેમ નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પથ્થર પોતાની મેળે જ લીસો બની જાય છે તેમ સાહજિક રીતે જ આયુષ્ય સિવાયની સાતે કર્મની દીર્ઘ સ્થિતિની સત્તા કપાઈને અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમ થઈ જાય તેવું **યથાપ્રવૃત્તકરણ** થાય છે. ત્યારે જીવ ગ્રંથિદેશે-ગ્રંથિ પાસે આવ્યો કહેવાય છે.

જૈનદર્શનમાં અનાદિકાળથી જીવને વળગેલાં રાગદ્વેષના ગાઢ પરિણામને 'ગ્રંથિ' કહે છે. જ્યારે એ તીવ્રપરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડી (ભેદી) નાંખે છે ત્યારે 'ગ્રંથિભેદ' કર્યો કહેવાય છે.

અભવ્ય જીવો ઘણીવાર ગ્રંથિદેશે આવીને પાછા ફરી જાય છે. ગ્રંથિદેશે આવેલા બધા ભવ્ય જીવો ગ્રંથિભેદ કરે તેવું નથી કારણ કે ગ્રંથિભેદ કરવા માટે અત્યંત વીર્યોલ્લાસ ફોરવવો પડે છે. જે જીવમાં આધ્યાત્મિક વિકાસ સાધવાની યોગ્યતા પ્રગટી છે તેવા આસન્નભવ્ય જીવો દુર્ભેદ્ય કર્મગ્રંથિરૂપ મહાબળવાન પર્વતનો ગ્રંથિભેદ કરે છે. અપૂર્વકરણ રૂપ તીક્ષ્ણ ભાવ-વજ્રથી ભેદી નાંખે છે. જેમ જન્માંધ પુરુષને શુભ પુણ્યનો ઉદય થતાં ચક્ષુનો લાભ થતાં દૃષ્ટિ મળે છે તેવો આત્મિક તાત્ત્વિક આનંદ ઉપજે છે. જે જીવને પૂર્વે ક્યારેય નહીં આવેલો એવો જે વિશુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તેવા અપૂર્વકરણ પછી ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાય રૂપ **અનિવૃત્તિકરણ** છે, જે સમકિત પ્રાપ્ત કરાવ્યા વગર અટકતું નથી.




આ અનિવૃત્તિકરણ સુધી મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકો ઉદયમાં છે. અનિવૃત્તિકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે સ્થિતિમાં જ્યારે સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે અંતઃકરણની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયામાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મ જે ઉદયમાં આવવાનાં છે તેને આગળ-પાછળ કરી દે છે. કારણ કે જ્યાં સુધી મિથ્યાત્વના દલિકો એકસરખા ઉદયમાં ચાલુ જ હોય ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જો મિથ્યાત્વના દલિકોનો ઉદય અટકે તો જ સમકિતની પ્રાપ્તિ થઈ શકે. જેમ ખેતરમાં બધે જ એકસરખું ઘાસ પથરાયેલું હોય અને તેમાં જો કોઈ એક સ્થળે આગ લાગે તો તે આગ જ્યાં ઘાસ છે ત્યાં ત્યાં બધે જ ફેલાઈ જાય; પરંતુ વચ્ચે ક્યાંક જો ઘાસ વગરની જગ્યા હોય તો ત્યાં આગ રોકાઈ જાય છે.

અંતઃકરણની ક્રિયા પછી પહેલા જ સમયે જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે. મિથ્યાત્ત્વના ઘરમાં રહીને મિથ્યાત્વને હટાવીને જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસથાનકમાં પ્રવેશ કરે છે. અહીંથી જીવ મોક્ષમાર્ગની તૈયારી કરે છે. **મોક્ષનો માર્ગ એ મોહનીય કર્મના વિજયનો માર્ગ છે.** જેવી રીતે નવી ખરીદેલી ઘડિયાળમાં કાંટા ગોઠવ્યા ન હોય તો દરેક સમયે સમય ખોટો બતાવે છે. ઘડિયાળ ચાલે છે પણ સમય ખોટો. તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના કારણે કલાકના

કાંટારૂપ કાયા, મિનિટના કાંટારૂપ વચન અને સેકન્ડના કાંટારૂપ મન ચાલે તો છે પણ જિંદગીના, માનવભવના બધા સમય ખોટા પૂરવાર થાય છે. જ્યાં સુધી મોહનો પાવર ચાલુ હોય ત્યાં સુધી ચાર ગતિના પાંખિયાવાળો સંસારનો પંખો ચાલુ જ રહે છે.

મિથ્યાત્વ દશામાં એક પણ વાસ્તવિક ગુણ પ્રગટેલો ન હોવા છતાં તેને પ્રથમ ગુણસ્થાનક કહ્યું કારણ કે જીવની અશુદ્ધ માન્યતાવાળી સૌથી નીચલી કક્ષા બતાવવાની અપેક્ષાએ અને જીવનો વિકાસ જ્યાંથી શરૂ થાય છે તે શરૂઆત દર્શાવવા મિથ્યાત્વની ભૂમિકાને ગુણસ્થાનક કહ્યું. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીના કર્મ બાંધનાર જીવ અંતો ક્રોડાક્રોડી સાગરોપમ કર્મબંધ સુધી આવે પછી જ સમકિત પામી શકે છે એ જીવનો વિકાસ આ ગુણસ્થાનકે થાય છે.

**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે** જીવ અનંતાનુબંધી ચતુષ્ક (ક્રોધ, માન, માયા, લોભ) અને દર્શન મોહનીયની ૩ પ્રકૃતિ (મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીય) એમ દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે છે. છતાં કોઈ પણ પ્રકારના વ્રત-નિયમાદિ ધારણ કરી શકતો નથી. કારણ કે હજુ ચારિત્ર મોહનીય કર્મના ગાઢ આવરણ છે. તે જીવ પાપને પાપરૂપે જાણે છે, સ્વીકારે છે, માને છે પણ તે પાપકર્મનું આચરણ રોકી શકતો નથી.

જે જીવને ઉપશમ સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ હોય અર્થાત્ અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિનો ઉપશમ કર્યો હોય તે જીવને કોઈ નિમિત્ત મળતાં અનંતાનુબંધી કષાયનો ઉદય થાય તો તે સમકિતથી પતન પામે પરંતુ હજુ મિથ્યાત્વના પરિણામને પ્રાપ્ત થયો નથી તે **બીજા સાસ્વાદન ગુણસ્થાનકે** આવે છે. જેમ ખીરનું ભોજન કર્યા પછી વમન (ઊલટી) થઈ ગયું ત્યારે માત્ર ખીરનો સ્વાદ રહ્યો તે સમાન સાસ્વાદન સમકિત છે. જેમ ઘંટાનો નાદ, પહેલો જોરથી થયો, પછી રણકો રહી ગયો. જોરથી અવાજ થયો તે સમાન ઉપશમ સમકિત ગયું, રણકો રહી ગયો તે સમાન સાસ્વાદન સમક્તિ રહ્યું. આ ગુણસ્થાનક ઉપશમ સમકિતથી પાછાં ફરતા જીવને આવે છે. પ્રથમ ગુણસ્થાનકથી ચડતા પ્રાપ્ત ન થાય કારણ કે અનાદિકાળનો મિથ્યાત્વી જીવ પ્રથમ વાર સમકિત પ્રાપ્ત કરે ત્યારે પહેલે ગુણસ્થાનકથી ચોથે ગુણસ્થાનકે જાય. બીજા ગુણસ્થાનકેથી જીવ અવશ્ય પહેલે ગુણસ્થાનકે જાય.

અનાદિનો મિથ્યાત્વી જીવ ૧લે ગુણસ્થાનકેથી બીજે ગુણસ્થાનકે જતો નથી તેમ ૧લે ગુણસ્થાનકેથી ત્રીજે ગુણસ્થાનકે પણ જતો નથી. ત્રીજા ગુણસ્થાનકે મિશ્ર મોહનીય કર્મના ઉદયના કારણે પૂરેપૂરી સમ્યક્ત્વની શુદ્ધિ પણ નથી કે પૂરેપૂરી મિથ્યાત્વની અશુદ્ધિ પણ નથી. જેમ દહીંમાં સાકર ભેળવીને શ્રીખંડ બનાવતા તેમાં એકલા દહીંનો સ્વાદ પણ નથી અને એકલી સાકરનો સ્વાદ પણ નથી. તેમ તેને જિનવચન પ્રત્યે રુચિ કે અરુચિનો ભાવ હોતો નથી. તેને ગુણ પણ ગમે છે અને દોષ પણ ગમે છે. સંસાર પણ ગમે છે અને મોક્ષ પણ ગમે છે. અહીં દૃષ્ટિ હોય છે પણ નીર અને ક્ષીર વચ્ચેનો વિવેક કરવા જેટલી તે સ્પષ્ટ હોતી નથી.

ત્રીજા ગુણસ્થાનકની અપેક્ષા ચોથા ગુણસ્થાનકમાં જીવને સુસ્પષ્ટ થઈ જાય છે કે સાચું શું અને ખોટું શું ? અહીં સુધીના ગુણસ્થાનકોમાં દર્શન મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ હતો. પણ આનાથી આગળના ગુણસ્થાનકોમાં ચારિત્ર મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ છે.

આત્મ વિકાસના ક્રમમાં આગળ વધતો જીવ દર્શનસપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્ક કર્મનો ક્ષયોપશમ કરે અર્થાત્ તે એક નાનું પણ વ્રત-પચ્ચક્ખાણ ધારણ કરે **ત્યારે પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે** આવે તેવા જીવની દૃષ્ટિ સ્પષ્ટ થઈ, માર્ગ દેખાયો પણ પૂરેપૂરું ચલાય નહીં. તેનું કારણ ચારિત્ર મોહનીય કર્મ છે. જેમ અફીણને ઝેર માનતી વ્યસની વ્યક્તિ અફીણનું સેવન કરે છે તેમ આ ગુણસ્થાનકે વર્તતો શ્રાવક પણ આરંભ અને પરિગ્રહને ખોટા માનતો હોવા છતાં આત્મકાર્ય સાધતો મર્યાદાની અંદર પ્રવૃત્તિ કરે છે. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્કના ક્ષયોપશમના કારણે દેશ-અંશથી વિરતિને સ્વીકારે છે અને સાધુ બનવાના મનોરથ સેવે છે.

**છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકે** જીવ દર્શન સપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે તથા અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કનો ક્ષયોપશમ કરે છે. પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કના ક્ષયોપશમના કારણે પાપ વ્યાપારથી વિધિપૂર્વક સર્વથા નિવૃત્તિ લઈ, સંયત (સાધુ) બની પાંચ મહાવ્રત, ૧૦ યતિધર્મ, અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરે છે. તેમ છતાં યોગ ચપળ, કષાય ચપળ, વચન ચપળ અને દૃષ્ટિમાં ચપળતાનો અંશ રહેવાથી પ્રમાદપણાના કારણે આ ગુણસ્થાનકને પ્રમત્ત સંયત ગુણસ્થાનક કહે છે.

છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકની ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમની પ્રકૃતિ સરખી છે પણ **સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનક**ના સાધકે પાંચ પ્રમાદ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા) પૂર્ણપણે ખંખેરી નાંખ્યા હોય છે. ધ્યાન અને અનુષ્ઠાનમાં અપ્રમત્તપણે ઉદ્યત રહેતા શુભલેશ્યામાં જ રહે છે. આ ગુણસ્થાનકનો કાળ, કેવળ અંતર્મુહૂર્તનો છે પણ બહુ Critical – નાજુક છે. જો એ બે ઘડી સચવાઈ ગઈ તો મોક્ષ હાથવેંતમાં અને જો એ બે ઘડી વેડફાઈ ગઈ તો પાછાં ગબડી જવાય.

સાતમા ગુણસ્થાનક સુધી દૃષ્ટિ કરતાં પ્રતીત થાય છે કે દર્શન મોહનીય કર્મ અને ચારિત્ર મોહનીય કર્મ–એ બંનેને પરાસ્ત કર્યા વગર આગળ વધી જ ન શકાય. મોહનીય કર્મ જ સૌથી વધારે પ્રબળ છે. બીજાં બધાં જ કર્મો તો તેની છાયામાં જ પાંગર્યા હોય છે. એક વાર મોહનીય કર્મનું તોતિંગ વૃક્ષ પડ્યું કે પછી બીજાં કર્મો તો આપોઆપ સૂકાઈ જવાનાં કે તેના ભારથી જ કચડાઈ જવાનાં. મોહનીય કર્મનો જેમ જેમ પરાજય થતો જાય તેમ તેમ અન્ય કર્મો

જીર્ણક્ષીર્ણ થઈને પાતળાં પડતાં જાય છે.

**આઠમું નિવૃત્તિ બાદર સંપરાય અથવા અપૂર્વકરણ ગુણસ્થાનક છે.** ખવિતા પુવ્વ કમ્માઇં, સંજમેણ તવેણ ય'–પૂર્વ સંચિત કર્મનો ક્ષય સંયમ અને તપ દ્વારા થાય છે. તપમાં પણ શ્રેષ્ઠ એવું શુક્લધ્યાન છે. તે શુક્લધ્યાનની પ્રાપ્તિ જીવ આ ગુણસ્થાનકે કરીને મોક્ષે જવાની શ્રેણી માંડે છે. પ્રતિસમય અનંત ગુણ વિશુદ્ધિના પરિણામથી કર્મનો સ્થિતિઘાત, રસઘાત, ગુણ શ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિબંધ–એ પાંચ અપૂર્વકરણના કાર્યો કરે છે.

**કર્મનો સિદ્ધાંત અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમાધાન આપી શાંતિ-સમતાને સ્થાપે છે, સામાજિક જીવનને તંદુરસ્ત બનાવે છે તો આધ્યાત્મિક જીવનને ફળદ્રુપ બનાવે છે.**

સમ્યક્ત્વની પ્રાપ્તિ સમયે અપૂર્વકરણ થયું હતું તેના કરતાંય અપૂર્વ કાર્ય અહીં થાય છે. આ શ્રેણીનું અપૂર્વકરણ છે કારણ કે જીવ અહીંથી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી ઉપર ચડે છે. ઉપશમ-શ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ઉપશમ કરતો ૯મે, ૧૦મે થઈ ૧૧મે ગુણસ્થાનકે જાય છે. ક્ષપકશ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ક્ષય કરતો ૯મે, ૧૦મે થઈ ૧૨મે ગુણસ્થાનકે જાય છે.

**નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે** ક્ષપક શ્રેણીવાળો જીવ સંજ્વલનના લોભ સિવાયની નવ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ), સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા એ ૧૨ પ્રકૃતિ અને પૂર્વેની ૧૫ પ્રકૃતિ એમ કુલ મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરે છે. ઉપશમ શ્રેણીવાળો જીવ એ ૨૭ પ્રકૃતિનો ઉપશમ કરે છે. સંજ્વલનનો લોભ–જે મોહનીય કર્મની એક માત્ર પ્રકૃતિ રહી છે, જે લોભ પણ અત્યંત કૃશ બની ગયો છે.

**દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક**માં માત્ર સંજ્વલનના લોભ કષાયનો સૂક્ષ્મ ઉદય હોય છે, જ્યાં સૂક્ષ્મ, થોડીક, પાતળી સંપરાય (કષાય) ક્રિયા રહી છે. સંજ્વલનના લોભ સિવાયની મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરતો હોય તેવો જીવ દશમેથી બારમે ગુણસ્થાનકે જાય છે અને ઉપશમ કરતો હોય તેવો જીવ દશમેથી અગિયારમે ગુણસ્થાનકે જાય છે.

**અગિયારમા ઉપશાંત મોહ ગુણસ્થાનક**ના પ્રથમ સમયે સંજ્વલનના લોભનો ઉપશમ કરે છે. મોહનીય કર્મની સર્વ ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે. ઉપશાંત એટલે પાણી દ્વારા સંપૂર્ણ અગ્નિ બુઝાવ્યાની જેમ નહીં પણ રાખ વડે ઢાંકેલ અગ્નિની જેમ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને સર્વથા ઉપશાંત કરી છે.

જીવ રાગ-દ્વેષ આદિ વિભાવિક પરિણામથી ચાર કષાય દ્વારા કર્મ બાંધે છે. તેમાં દ્વેષના ઘરના ક્રોધ અને માન નવમા ગુણસ્થાનકે ગયા. રાગના ઘરના માયા લોભ છે તેમાં માયા નવમા ગુણસ્થાનકે ગઈ અને લોભ તે આ ગુણસ્થાનકે ગયો. રાગના ઘરનો લોભ ગયો હોવાથી અગિયારમા ગુણસ્થાનકે જીવ રાગદ્વેષથી રહિત થઈને 'વીતરાગી' બને છે પરંતુ જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો ઉદય હોવાથી 'છદ્મસ્થ' કહેવાય છે.

અગિયારમે ગુણસ્થાનકે મોહનીય કર્મ પાણીમાં તળિયે પડેલી અશુદ્ધિ જેવા હોય છે, દબાયેલી સ્પ્રિંગ સમાન હોય છે માટે આ ગુણસ્થાનકેથી જીવ અવશ્ય નીચે ઉતરે છે, ચડતા નથી.

**બારમા ક્ષીણ મોહ ગુણસ્થાનક** જીવ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો ક્ષય કરવાથી પામે છે. જેમ સમુદ્રમાં સ્વયંભૂરમણ સમુદ્ર સર્વથી મોટો છે તેમ કર્મમાં મોટો મોહનીય કર્મ રૂપ સમુદ્ર પાર કરીને જીવ આ ગુણસ્થાનકે પાણીથી અગ્નિ બુઝાવે છે તેમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે છે. આ ગુણસ્થાનકે આવેલો જીવ અવશ્ય તે જ ભવમાં મોક્ષ પામે છે.

મોહનીય કર્મ નામનો સેનાપતિ હવે હારી ગયો એટલે બીજા ત્રણ ઘાતી કર્મની સેના પણ હારી જવાની. **તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક**ના પ્રથમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ક્ષય થતા, જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટે છે. સાધનાકાળની સર્વોત્કૃષ્ટ અવસ્થા અને દરેક જ્ઞાની આત્માના ધ્યેય સમાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ જીવને મોક્ષ સમીપ લાવી દે છે.

આ ગુણસ્થાનકે જે જીવે પૂર્વના ત્રીજા ભવમાં વિશષ આરાધનાના બળ વડે તીર્થંકર નામ કર્મ બાંધ્યું હોય તેવા જીવોને તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે. તે તીર્થંકર કહેવાય છે. સર્વોત્તમ અને પરમોત્કૃષ્ટ પ્રકૃતિના ઉદયના કારણે તેઓ ભગવંત બની પૂજાય છે.

અહીં બિરાજિત કેવળી ભગવંતને હજુ શરીરનો યોગ હોવાથી વેદનીય, આયુષ્ય, નામ એ ગોત્ર–આ ચાર અઘાતી કર્મ બળેલી સિંદરી જેવા વિદ્યમાન છે. સિંદરી બળી ગયા પછી તેનો વળ, આકૃતિ દેખાય છે, પરંતુ તેમાં બળ નથી, રાખ છે તેવા અઘાતી કર્મો બની ગયાં છે.

જે કેવળી ભગવંતોની આયુષ્ય કર્મની સ્થિતિ કરતાં શેષ ત્રણ કર્મોની સ્થિતિ વધુ હોય તે 'કેવળી સમુદ્ઘાત' નામની પ્રક્રિયા કરી ચારેય કર્મોની સ્થિતિ સમાન કરી દે છે. જેથી આયુષ્ય પૂરું થાય ત્યારે કર્મનો એક પણ અશ બાકી રહે નહીં.

કર્મ મુખ્યત્વે યોગ અને કષાયના કારણે બંધાય છે. દશમા ગુણસ્થાનકે કષાયને દૂર કર્યા પણ હજુ રહેલા યોગનો નિરોધ જીવ આ તેરમા ગુણસ્થાનકના અંતિમ ભાગમાં કરે છે.

મન, વચન, કાયાના સૂક્ષ્મ કે સ્થૂળ કોઈ પણ પ્રકારના યોગના અભાવથી શૈલેશીકરણ કરી આત્માની મેરુ જેવી નિષ્કંપ અવસ્થા જ્યાં હોય છે તેવું **ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાનક** હોય છે. પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ કરતાં જેટલો સમય લાગે તેટલા સમયમાં આત્મા સર્વ કર્મરહિત થઈને કર્મના આશ્રયસ્થાન સમા દેહને છોડીને

મોક્ષને પ્રાપ્ત કરીને દેહાતીત થઈ જાય છે, ગુણસ્થાનકાતીત થઈ જાય છે. ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકને છોડ્યા પછી તત્કાળ આત્મા લોકાકાશના અગ્રભાગે સિદ્ધ બનીને વિરમે છે.

નવકારમંત્રના બીજા સિદ્ધપદના ૮ ગુણ છે. ૮ કર્મના ક્ષયથી તે ૮ ગુણ પામે છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પામે છે.

દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવળદર્શન પામે છે.

વેદનીય કર્મના ક્ષયથી અવ્યાબાધ આત્મિક સુખ પામે છે.

મોહનીય કર્મના ક્ષયથી વીતરાગતા પામે છે.

આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષય સ્થિતિ પામે છે.

નામ કર્મના ક્ષયથી અમૂર્ત ગુણ પામે છે.

ગોત્ર કર્મના ક્ષયથી અગુરુલઘુ ગુણ પામે છે.

અંતરાય કર્મના ક્ષયથી અનંત વીર્ય પામે છે.

પ્રાયઃ બધા ધર્મ દર્શનો કર્મને માન્ય કરે છે. પણ કર્મમુક્તિનો વ્યવસ્થિત પગથિયાંરૂપ પ્રવાસ ફક્ત જૈન ધર્મ દર્શનમાં મળે છે. આ ગુણસ્થાનકની અવધારણા આત્માની કર્મોના નિમિત્તથી થતા બંધનથી તેની વિમુક્તિ તરફ જતી યાત્રાને પ્રકાશિત કરે છે.

ગુણસ્થાનક સાપસીડીની રમત જેવું છે. ક્યારેક જીવ પોતાના સમ્યક્ પુરુષાર્થથી કર્મના સવળાં પાસાં ફેંકીને ગુણસ્થાનકની સીડી ચડી જાય છે. તો ક્યારેક જીવ મિથ્યા-પરાક્રમથી કે અપ્રમત્તતાથી કર્મનાં અવળાં પાસાં પાડીને ગુણસ્થાનક રૂપ સાપમાં નીચે ઊતરી જાય છે.

કર્મનો સિદ્ધાંત અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમાધાન આપી શાંતિ-સમતાને સ્થાપે છે, સામાજિક જીવનને તંદુરસ્ત બનાવે છે તો આધ્યાત્મિક જીવનને ફળદ્રુપ બનાવે છે. સાધક આત્માને પાપભીરુ અને ભવભીરુ બનાવવામાં સહાયક થાય છે. ભવભીરુ બનેલો સાધક જન્મ મરણના ફેરામાંથી, કર્મના વિષચક્રમાંથી છૂટવા મોક્ષ તરફનો સંવેગ વધારી, સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ કેળવી, ગુણસ્થાનકના સોપાનમાં આગેકૂચ કરે છે.

પહેલા ગુણસ્થાનકના અંતે જીવ કર્મરૂપી મહાપર્વતને સમ્યક્ત્વરૂપ સુરંગથી ભેદી નાંખે છે. ચોથા ગુણસ્થાનકે તેના મોટા મોટા ટુકડાઓ દૂર કરે છે, આઠમા ગુણસ્થાનકે તેનાથી પણ નાના નાના ટુકડાઓ દૂર કરે છે, દશમા ગુણસ્થાનકે નાની નાની કાંકરીઓ દૂર કરે છે, બારમા ગુણસ્થાનકે ઝીણી બારીક રેતી બનાવી દે છે. ચૌદમા ગુણસ્થાનકે તેને પણ દૂર કરીને ચોખ્ખો બનીને મોક્ખો (મોક્ષ) પ્રાપ્ત કરી લે છે.

જીવના ઉત્થાન અને પતન માટે જીવનાં કર્મો જ જવાબદાર છે. માટે મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરનાર જીવે કર્મને જ પોતાનું નિશાન બનાવીને તીર તાકવાનું છે. **કર્મ સાથે સંઘર્ષનો માર્ગ, એ જ મોક્ષ માર્ગ છે, એ જ ગુણસ્થાનક છે.** એ મોક્ષના સોપાનરૂપ ગુણસ્થાનકમાં અનુક્રમે પસાર થતા થતા જ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમ સાગરખેડુઓ પોતે સાગરમાં ક્યા અક્ષાંશ અને રેખાંશ ઉપર છે તેનું સતત ધ્યાન રાખે છે તેમ સાધકે પોતે સાધનાપથ ઉપરના પોતાના સ્થાનથી સતત માહિતગાર રહેવું જોઈએ.

ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક અને કુશળ ઉપદેષ્ટા છે. તેમણે પોતે સાધનાપથ ચાતરીને, તેના ઉપર ચાલીને, પાછળ આવનારાઓ માટે સીમાના પથ્થરો–milestone મૂક્યાં છે. ખુદ ભગવાન મહાવીરને પણ પૂર્વકૃત કર્મોએ છોડ્યાં નથી. તેમણે તે પ્રચુર કર્મોમાંથી છૂટવા જે પુરુષાર્થ કર્યો છે તેનાથી લગભગ દરેક જૈની માહિતગાર છે.

તો ચાલો...આપણે પણ અનાદિકાળના જથ્થાબંધ કર્મોથી છૂટવા, આસ્રવનો માર્ગ ત્યાગી, સંવર-નિર્જરાના માર્ગે મોહનીય કર્મ સામે જંગનું એલાન છેડી, ગુણસ્થાનકના પગથિયાં ચઢવા આત્માને કટિબદ્ધ કરીએ...તો શુભસ્ય શીઘ્રમ....

✱ ✱ ✱

૫/૫, સ્વામી લીલા શાહ સોસાયટી,
ગાર્ડન લેન, સંઘાણી એસ્ટેટ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
મોબાઈલ : ૯૩૨૩૫૬૮૯૯૯.
ફોન : ૦૨૨-૨૫૦૦૪૦૧૦.

## કર્મના ચાર બંધ સ્થાન

એક સાથે બંધાતા કર્મના સમૂહને 'બંધસ્થાન' કહે છે.

**(૧) આઠ કર્મનો બંધ :** ત્રીજું ગુણસ્થાનક વર્જીને એકથી સાત ગુણસ્થાનક સુધી આઠ કર્મનો બંધ થઈ શકે છે. એક ભવમાં આઠ કર્મબંધની સ્થિતિ જઘ. ઉત. અંતર્મુહૂર્તની જ હોય છે.

**(૨) સાત કર્મનો બંધ (આયુષ્ય વર્જીને) :** ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે એકાંત સાત કર્મનો જ બંધ થાય છે. સાત કર્મબંધની સ્થિતિ સમયે સમયે હોય છે. નિરંતર સાત કર્મબંધની સ્થિતિનો ઉત.કાળ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અને છ મહિના ન્યૂન ૩૩ સાગર હોય છે.

**(૩) છ કર્મનો બંધ (આયુષ્ય, મોહનીય વર્જીને) :** દસમા ગુણ સ્થાનકે ફક્ત છ કર્મનો જ બંધ થાય છે. નિરંતર છ કર્મબંધની સ્થિતિ જઘ., ઉત. અંતર્મુહૂર્તની હોય છે. એક ભવ આશ્રી છ કર્મનો બંધ, ઉત.ચાર વખત, ઉપશમશ્રેણી આશ્રી થઈ શકે છે.

**(૪) એક કર્મનો બંધ (શાતાવેદનીય) :** ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાનકે એક શાતાવેદનીય કર્મ અને તે પણ ફક્ત બે સમયની સ્થિતિનો જ બંધાય છે. એક કર્મનો બંધ છદ્મસ્થ આશ્રીને એક ભવમાં ઉત. બે વખત, ઘણાં ભવ આશ્રી પાંચ વત નિરંતર અંતર્મુહૂર્ત બંધાય છે. એક કર્મનો બંધ કેવળી આશ્રી જઘ. અંતર્મુહૂર્ત, ઉત. દેશે ઉણા ક્રોડપૂર્વ સુધી બંધાય છે.

# ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન

☐ ડૉ. અભયભાઈ દોશી

*[ વિદ્વાન લેખક મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સહયોગી અધ્યાપક, પીએચ.ડી.ની ઉપાધિ માટેના માર્ગદર્શક, જૈનધર્મ વિષયક પુસ્તકોના કર્તા, શોધનિબંધ 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય'ના લેખક તેમજ પ્રભાવક વક્તા છે. ]*

મધ્યકાળના અંતિમ કાળખંડમાં થયેલા પંડિત વીરવિજયજીએ અનેક પૂજાઓ, રાસાઓ, સ્તવન, ચૈત્યવંદન આદિ કૃતિઓ રચી છે. આ સર્વમાં તેમની લયમધુર પૂજાઓ ભવ્યજીવોને માટે વિશેષ આકર્ષણનો વિષય બની રહી છે. વિક્રમની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બ્રાહ્મણ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. જૈન મુનિ શુભવિજયજીના સંપર્કે વૈરાગ્યવંત બની દીક્ષા ધારણ કરી હતી.

તેમણે રચેલી અનેક પૂજાઓમાં ચોસઠપ્રકારી પૂજાનું સ્થાન વિશિષ્ટ છે. વાસ્તવમાં ચોસઠપ્રકારી પૂજા એક પૂજા નથી, પરંતુ આઠ પૂજાઓનો સમૂહ છે. આ ચોસઠપ્રકારી પૂજા કર્મસુદનતપના ઉજમણામાં મુખ્યરૂપે ભણાવવાની હોય છે. જે પૂજા આઠ દિવસ સુધી ચાલે છે. આ કર્મસુદનતપ અષ્ટકર્મના વિચ્છેદ કરવાના આશય સાથે કરવામાં આવતું હોય છે. એમાં એક એક કર્મને આશ્રીને ૧ ઉપવાસ, ૧એકાસણું, ૧ એકસીક્થ, ૧ એકલઠાણું, ૧ એકદન્તી, ૧ નીવી, ૧ આયંબિલ, ૧ અષ્ટકવલનો તપ કરવામાં આવતો હોય છે. આમ આઠ કર્મ માટે કુલ ૬૪ દિવસના તપની પૂર્ણાહુતિ થયે ઉદ્યાપનરૂપે આ પૂજા કરવાનું વિધાન છે. આ પૂજાઓની સુગેયતા તેમજ મંત્રાત્મકતાને લીધે અંતરાય તેમ જ વેદનીય કર્મની પૂજા વિશેષરૂપે સ્વતંત્ર ભણાવવાનું ચલણ રહ્યું છે.

કવિએ આ પૂજામાં આ આઠે કર્મોની સ્થિતિ, તેનો ઉદય, બંધ આદિનું કર્મગ્રંથમાં વર્ણિત તત્ત્વજ્ઞાનને રસિક રીતે વર્ણવવાનો ઉપક્રમ કર્યો છે. વળી, કવિની દૃઢ શ્રદ્ધા છે કે, આ જગતની સૌ સત્તા કરતાં કર્મસત્તા શક્તિશાળી છે, પરંતુ આ કર્મસત્તા કરતાં પણ ધર્મસત્તા વિશેષ શક્તિશાળી છે. કર્મના મર્મને ભેદવા માટે ધર્મથી વિશેષ સામર્થ્ય આ જગતમાં કોઈ પણ પદાર્થનું નથી. આથી આ ધર્મસત્તાના ભંડાર સમા પ્રભુની ભક્તિ માટેના વિવિધ દ્રવ્યોથી કર્મના નાશનું આલેખન કવિએ ભાવપૂર્ણ શૈલીમાં કર્યું છે. કવિએ આઠેય કર્મ માટે આઠ-આઠ ઢાળ અષ્ટપ્રકારી પૂજાને સંદર્ભે ફાળવી છે.

પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ પૂજાનો પ્રારંભ કવિ પોતાના પરમ આરાધ્યદેવ શંખેશ્વર પાર્શ્વનાથ, સરસ્વતી દેવી તથા ગુરુ શુભવિજયજીને પ્રણામ કરી આચારદિનકર ગ્રંથ અનુસાર કર્મસુદન તપની વિધિ દર્શાવી છે.

જ્ઞાનાવરણીયકર્મસુદન પૂજાની પ્રથમ પૂજામાં પરમાત્માને જળ-અભિષેક દ્વારા અજ્ઞાન દૂર કરવાનો માર્ગ દર્શાવ્યો છે. બીજી પૂજામાં જ્ઞાનાવરણીય કર્મની વિવિધ પ્રકૃતિઓની વિશેષતા ચર્ચી છે. ત્રીજી પૂજામાં પુષ્પ દ્વારા શ્રુતજ્ઞાનાવરણીય કર્મને દૂર કરવાની વાત આલેખી છે.

કવિએ આ વાતને મનોહર ધ્રુવપંક્તિ દ્વારા અભિવ્યક્ત કરી છે.

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર ફૂલની રાશે
સ્વામિ ! ફૂલની રાશે.[૧]

ચોથી પૂજામાં ધૂપ દ્વારા અવધિજ્ઞાન પાંચમીમાં દીપક દ્વારા મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરવાની વાત આલેખી છે.

છઠ્ઠી પૂજામાં અક્ષતપદ પ્રાપ્તિ માટે અક્ષતપૂજાને આલેખી છે. અહીં પરમાત્માને થતાં કેવલજ્ઞાનનું ચિત્તહારી વર્ણન કરવામાં આવ્યું છે.

ત્રિશલનંદન નિહાળીએ, બાર વરસ એક ધ્યાન.
નિંદ સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂર હોય.
દેખે ઉજાગર દશા, ઉજ્જવલ પાયા દોય.
લહી ગુણઠાણું તેરમું, ધુર સમયે સાકાર.
ભાવ જિનેશ્વર વંદીએ, નાઠા દોષ અઢાર.

પુનઃ સાતમી અને આઠમી પૂજામાં જ્ઞાનગુણનો મહિમા ગાવામાં કવિ જ્ઞાનમહિમાને બળદના દૃષ્ટાંતથી રજૂ કરે છે;

તેલી બળદ પરે કષ્ટ કરે, જીઉવિણ શ્રુતલહેર;
નિશદિન નયન મીંચાણે, ફરતો ઘેરનો ઘેર.

તેલીનો બળદ રાતદિવસ ફરે, કષ્ટ સહન કરે, પણ એ ઘરમાં ને ઘરમાં જ હોય એમ જીવો સમ્યક્ શ્રુતજ્ઞાનની લહેર વિના સંસાર સાગરનો પાર પામી શકતા નથી. એમના તપ, જપ, ક્રિયા આદિ નિષ્ફળ રહે છે.

કવિ જ્ઞાનાવરણીય કર્મ બાદ બીજે દિવસે કરવાની દર્શનાવરણીય કર્મ સુદનાર્થ પૂજા આલેખે છે. કવિ દર્શનાવરણીય કર્મના બંધના મુખ્ય કારણ રૂપે જિનાગમ અને જિનમૂર્તિના દર્શનમાં વિઘ્નકાર્યને ગણાવે છે. કવિ ચક્ષુ વડે પ્રભુદર્શનનો ઉલ્લાસ દર્શાવતાં કહે છે;

તુજ મૂરતિ મોહનગારી, રસિયા, તુજ મૂરતિ મોહનગારી.
દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી.

તારી મૂર્તિ મોહનગારી છે. આ મૂર્તિ નિમિત્ત તીર્થંકર પ્રભુના દ્રવ્ય, ગુણ પર્યાય અને મુદ્રા સાથે અનુસંધાન રચાય છે, માટે આ ચાર ગુણવાળી પ્રતિમા મનોહારી છે. આ પૂજામાં ચાર પ્રકારના દર્શન આચરણ તેમજ પાંચ પ્રકારની નિદ્રા અંગેના શાસ્ત્રની વિવિધ દૃષ્ટાંતોની રસિક શૈલીમાં રજૂઆત કરી છે,

દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિવયણે નિદ્રા લપેટી રે.
પૂરવધર પણ શ્રુતમેટી રે, રહ્યા નિગોદમાં દુઃખ વેંઢી રે.

કર્મસુદન તપના ઉદ્યાપનમાં ત્રીજે દિવસે વેદનીયકર્મ નિવારણ

પૂજા ભણાવવામાં આવે છે. સ્વતંત્ર રીતે જે પૂજાઓ ભણાવવામાં આવે છે, તેમાં વેદનીયકર્મ નિવારણ પૂજાનો પ્રચાર વિશેષ છે. એની પ્રથમ ઢાળમાં કવિએ લયાત્મક રીતે પરમાત્માના જન્મ-મહોત્સવનું આલેખન કર્યું છે;

ન્હવણની પૂજા રે, નિરમલ આતમારે.
તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેળાય. ન્હવણ.૧.

પહેલી ઢાળને અંતે કવિ એક માર્મિક વાત આલેખે છે;

'વેદની વિઘટે મણિ ઝલકંત.'

આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શનમાં ઘાતી-અઘાતી બન્ને કર્મો અવરોધક છે. એમ છતાં ઘાતિ ક્ષય થયા પછી પણ, અઘાતિનો સંપૂર્ણપણે ક્ષય ન થાય, ત્યાં સુધી આત્મા સિદ્ધ સ્વરૂપ બની શકતો નથી. આ અઘાતિમાં વેદનીય કર્મ પ્રધાન હોવાથી, કવિ વેદનીયકર્મ વિઘટે ત્યારે શુદ્ધ આત્મસ્વરૂપ મણિ ઝળકે છે, એમ જણાવે છે. આ પૂજાની ચોથી ઢાળમાં પ્રભુભક્તિ દ્વારા શુત શાતાવેદનીય કર્મ બાંધનારા અને બારમા દેવલોકે જનારા જીરણશેઠનું દૃષ્ટાંત આલેખ્યું છે. આ ઢાળ સ્વતંત્ર સ્તવનરૂપે પણ પ્રચલિત છે. પાંચમી ઢાળમાં લવસતમ મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં કેવું દિવ્ય-સંગીતનું સુખ અનુભવે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે. છઠ્ઠી ઢાળમાં અશાતાવેદનીય કર્મબંધના કારણો આલેખ્યા છે. સાતમી ઢાળમાં કર્મક્ષય અર્થે વિષય-વિકારનો ત્યાગ કરવાની વાત પરદેશી રાજાના દૃષ્ટાંતથી આલેખી છે. આઠમી ઢાળમાં પ્રભુ મહાવીરનું ચરિત્ર સંક્ષેપમાં આલેખી શાતાવેદનીય-અશાતાવેદનીય કર્મ હટાવવા માટે આત્મિક વીર્ય ફોરવવાની વાત આલેખી છે.

ચોથી મોહનીયકર્મ નિવારણપૂજામાં પણ મોહનીયકર્મની વિવિધ પ્રકૃતિઓના બંધ-ઉદય આદિના કારણો દર્શાવી નિવારણ માટે પ્રભુ ભક્તિનો માર્ગ દર્શાવ્યો છે.

કવિ પાંચમી આયુષ્યકર્મ નિવારણ પૂજાને પ્રારંભે આયુષ્યકર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે;

'પંચમકર્મતણી કરું, પૂજા અષ્ટપ્રકાર;
મોહરામ દરબારમાં, જીવિત કારાગાર.'

કવિએ વિવિધ આયુષ્યના બંધના કારણો તથા તે-તે આયુષ્યના નિવારણના ઉપાયો રસિક રીતે પૂજામાં આલેખ્યા છે. દા. ત. માયા અને અવિવેકથી તિર્યંચ આયુષ્ય બંધાય; એની વાત આલેખતાં કહે છે;

થઈ ધીરોલી સાધવી, શેઠ સુંદર હો વંદન મણિયાર કે,
એવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે.

એક સાધ્વીએ દીક્ષા બાદ માયાપૂર્વક કિંમતી રત્નને સાચવી રાખ્યું. અનેક તપશ્ચર્યા બાદ આયુષ્ય પૂર્ણ થયે એ સાધ્વીનો જીવ રત્નની બાજુમાં ગરોળીનો અવતાર પામ્યો. એ જ રીતે નંદન મણિયારે અવિવેકથી વાવડી-સરોવર વગેરેમાં આસક્તિ રાખી, માટે બીજા અવતારે દેડકાનો ભવ મળ્યો.

આમ, વીર વિજયજીએ કર્મગ્રંથના કઠિન વિષયને પણ કથા-દૃષ્ટાંતો તેમજ રસભરી ઢાળની ધ્રુવપંક્તિઓ દ્વારા યથાશક્ય રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

છઠ્ઠી નામકર્મની પૂજામાં નામકર્મની અનેક શુભ-અશુભ પ્રકૃતિઓ છે, આથી આ પૂજામાં કર્મગ્રંથમાં આલેખાયેલ પ્રકૃતિનું આલેખન પ્રધાનરૂપે આલેખાય છે. એ જ રીતે સાતમી ગોત્રકર્મની પૂજામાં શુભ-અશુભ ગોત્ર કયા કર્મોથી આત્મા પામે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે.

આઠમી અંતરાયકર્મ નિવારણ પૂજા જૈનસંઘમાં સવિશેષ પ્રચલિત છે. આ પૂજામાં પંડિત વીરવિજયજીનું દાર્શનિક તત્ત્વ તેમજ કવિત્વ પણ સવિશેષ ખીલ્યું છે.

અંતરાયકર્મની પૂજાને પ્રારંભે કવિ શંખેશ્વર પાર્શ્વનાથાય પ્રભુનું સ્મરણ તેમજ ગુરુદેવનું સ્મરણ કરે છે. કવિ અંતરાયકર્મની વ્યાખ્યા કરતાં કહે છે; એ ભંડારી સમાન છે. રાજા પ્રસન્ન થઈ આપવા ઈચ્છે, પણ ભંડારી નારાજ હોય તો કોઈ ને કોઈ પ્રકારે અવરોધ ઊભો કરે એ રીતે અંતરાયકર્મ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં અવરોધ ઊભો કરે છે.

કવિ પ્રથમ પૂજામાં અંતરાયકર્મ બાંધવાના કારણો વર્ણવે છે. તેમાં ઉત્તર ગુજરાતની બોલીની છાંટ જોવા મળે છે;

પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે.
અંતરાયકરમ ચમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે. (૧, ૮).

બીજી પૂજામાં દાનાંતરાયકર્મની વાત કરવામાં આવી છે. અહીં પ્રારંભે જ શાસ્ત્રપ્રસિદ્ધ શ્રેણિકરાજાની કપિલા દાસીનું દૃષ્ટાંત મૂક્યું છે. દાનાંતરાયકર્મના ઉદયવાળા કૃપણ જીવ પોતાની પાસે ઘણું ધન હોવા છતાં, અન્યને આપી શકતા નથી. અરે, પોતાની તો વાત જવા દો, અન્યની વસ્તુનું પણ તેની આજ્ઞા હોવા છતાં દાન આપી શકતા નથી. આવા કૃપણો સંસારમાં સન્માન પામી શકતા નથી. આ વાત રજૂ કરતાં કવિ કહે છે;

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર,
અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર.

ત્રીજી પૂજામાં કવિએ લાભાંતરાય કર્મની વાત રસિક રીતે વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી રજૂ કરી છે. રાજગૃહી નગરીમાં એક ભિક્ષુક ભોગાંતરાય કર્મથી પીડાતો હતો, તે આવી સમૃદ્ધ નગરીમાં ભિક્ષા માટે ફરતો હોવા છતાં, અંતરાયકર્મના ગાઢ ઉદયને કારણે માંડ પેટ ભરીને ભોજન મેળવવા સમર્થ થતો હતો. લોકોની કૃપણવૃત્તિ પર ચીડાયેલો, પોતાના કર્મને ન જાણતો ક્રોધિત થઈ લોકો પર શીલા પાડવાનું વિચારે છે. પરંતુ, એ શીલા પાડવામાં પોતે જ મરણ પામી સાતમી નરકે જાય છે. શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણ અણગાર પણ અંતરાયકર્મના ઉદયથી ભિક્ષા પામતા નથી. ભોજન સમયે પશુઓ દ્વારા અંતરાય પામ્યા હતા. પરંતુ, તેઓ જિનવાણીના જ્ઞાતા હોવાથી કર્મ ઉદયને સમભાવે સહન કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા બન્યા. આમ, પરિસ્થિતિ એક જ હોવા છતાં, મનુષ્યનો એ પરિસ્થિતિ પ્રત્યેનો

દૃષ્ટિકોણ બદલાઈ જતાં, પરિણામ કેટલું બદલાય છે, તેનું હૃદયસ્પર્શી ચિત્રણ આલેખાયું છે. ઋષભદેવ પ્રભુને પણ દીક્ષા લીધા બાદ એક વર્ષ સુધી ભોજન ન મળ્યું, પ્રભુએ સમતાભાવ ધારણ કર્યો. વર્ષાન્તે શ્રી શ્રેયાંસકુમાર દ્વારા ઈક્ષુરસનું ભોજન પ્રાપ્ત થયું. આમ, લાભાંતરાય કર્મના ઉદય સમયે જિનવાણીને સમજેલા લોકો સમતા ધારણ કરે છે અને સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષાધિકારી બને છે.

કવિ ચોથી પૂજામાં ભોગાન્તરાય કર્મની વાત કરે છે. જે વસ્તુ એક જ વાર વાપરી શકાય તે ભોજન, વિવિધ પીણાંઓ તેમજ વિલેપન આદિ ભોગ કહેવાય. જ્યારે એ વસ્તુઓ વારંવાર વાપરી શકાય, ત્યારે તેને ઉપભોગ કહેવાય. દાગીના, વસ્ત્રો આદિ પદાર્થો ઉપભોગમાં ગણાય છે. આ ભોગાંતરાય કર્મના દૃષ્ટાંત રૂપે શ્રીપાલ રાસમાં આવતી મયણાની બહેન સુરસુંદરીનું દૃષ્ટાંત રજૂ કરે છે. રાજકુળમાં પરણેલી હોવા છતાં, અંતરાયકર્મના ઉદયે નટડી બની નાચવું પડ્યું. અહો કર્મની ગતિ! આથી જ કવિ સુંદર ધ્રુવપંક્તિ દ્વારા આ વાત સમજાવે છે;

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગાજી.

કવિ શાસ્ત્રપ્રસિદ્ધ દૃષ્ટાંતની સાથે જ આ ઢાળમાં એક રસિક લોકકથા પણ ગૂંથે છે. નાના ગામમાં એક વેપારી રહેતો હતો. એની પાસે એક બાલિકા ખરીદી કરવા આવી. બાલિકા જાણી તેને કિંમતમાં છેતરી. આજે વધુ નફો થયો એથી પત્નીને ઘરે ઘેબર બનાવવાનો સંદેશો મોકલાવ્યો. પત્નીએ ઘેબર બનાવ્યા, પણ અચાનક જમાઈરાજ પધારવાથી એ ઘેબર તો જમાઈના ભોજનમાં વપરાઈ ગયા. પતિ ઘરે આવ્યો, ત્યારે તો સાદું જ ભોજન મળ્યું. આ કન્યા ગામના કોટવાલની દીકરી હતી, આથી કોટવાલે ભાવની તપાસ કરતાં, પોતાની દીકરી છેતરાયાની ખબર પડતાં વેપારીને જેલમાં નાખ્યો. આમ, સંસારી મનુષ્ય પોતાના સુખ-ભોગ માટે વધુ ધન કમાવવા ઈચ્છે છે. પરંતુ, પ્રાપ્ત થયેલું ધન તો કોઈ અન્ય ભોગવી લે છે, અને સંસારી જીવે તો તેની સજા જ ભોગવવી પડે છે. વીરવિજયજીએ આ રસિક કથાને ટૂંકાણમાં આલેખી છે.

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી;
જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી. (૪,૩)

ઉપભોગાંતરાયકર્મ નિવારણ માટેની પાંચમી પૂજામાં અંજના સતી, દમયંતી, સીતા આદિના દૃષ્ટાંતો વર્ણવ્યા છે. અંજના સતી બાવીસ વર્ષ સુધી પતિ વિયોગમાં ઝૂરી, સીતાએ છ માસ સુધી અશોકવનમાં પતિવિયોગમાં આક્રંદ કર્યું, એ જ રીતે દમયંતીને પણ વન-વન ભટકવાનું થયું. આવા ભયાનક કર્મને સમજી, આ કર્મ નિવારણના માર્ગરૂપ શ્રી જિનેશ્વરદેવની ઉત્કૃષ્ટ ભાવભક્તિથી ઉપાસના કરવાનું કહે છે. કવિ ઉપભોગાંતરાય કર્મ સંદર્ભે મમ્મટ શેઠનું દૃષ્ટાંત રસિક રીતે ટૂંકાણમાં આલેખે છે;

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિદંના રે;
શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણ શેઠ વિડંબના રે. (૫,૪)

પૂર્વભવમાં મમ્મણ શેઠના જીવે મુનિભગવંતને મોદક વહોરાવ્યા બાદ, પોતે કરેલા દાનની ઘણી નિંદા કરી. દાનને પરિણામે, બીજા ભવે ઘણો ધનિક બન્યો, પણ નિંદાને લીધે બંધાયેલા ઉપભોગાંતરાયકર્મને લીધે અતિકૃપણ બન્યો. એણે મહામૂલા રત્નોથી બળદની જોડ બનાવવાનું વિચાર્યું. આ રત્નો ભેગા કરવા દિવસ-રાત પરિશ્રમ કરવા લાગ્યો. કડકડતી ઠંડી પડતી હોય, એવી વરસાદી રાતે નદીમાંથી તણાઈને આવતા લાકડા લેવા નદીમાં પડ્યો. શ્રેણિકરાજા પોતાની પ્રજાને દુઃખી જાણી, દુઃખનિવારણ માટે ત્યાં પહોંચ્યા. પણ શેઠની અતિધનિક અવસ્થા અને બળદના શિંગડાના રત્નો માટેના આ પુરુષાર્થ સાંભળી, કર્મની વિચિત્ર ગતિના દર્શન કરી ચૂપ રહ્યા. આમ, જીવને ઘણું ધન હોવા છતાં પણ ભોગવી ન શકે, એ ઉપભોગાંતરાય કર્મનું પરિણામ છે.

એ જ રીતે, આત્મા અનંત શક્તિનો ભંડાર છે. પરંતુ વીર્યાંતરાય કર્મના ઉદયથી આત્માની શક્તિ રૂંધાયેલી છે. આ અંગે દૃષ્ટાંત આપતા કવિ કહે છે;

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ;
કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આતમ સતેજ. (૬, દુહા-૧)

વીર્યાંતરાય કર્મરૂપ વાદળોના પડળથી આત્માનું તેજ અવરોધ પામે છે. ગ્રીષ્મઋતુ સમાન તેજસ્વી જ્ઞાનથી આત્માનું તેજ પ્રગટ થાય છે. કવિ આ પૂજામાં ચક્રવર્તીથી વિશેષ બળવાન બાહુબલિ તેમ જ રાવણથી વિશેષ બળવાન વાલીકુમારનું દૃષ્ટાંત રજૂ કરે છે. આ પૂજામાં ક્ષાયિકભાવે આત્મગુણોના અનુભવને કવિ ભાવપૂર્વક યાચે છે.

સાતમી પૂજામાં પંચ-અંતરાયકર્મના વિનાશે પ્રગટેલ શુદ્ધ સિદ્ધ-સ્વરૂપનું આલેખન કર્યું છે. કવિ પૂજાની ઢાળને પ્રારંભે જ મનોહારી ધ્રુવપંક્તિથી રસિકજનોના મનને આકર્ષે છે.

'અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા.'

કવિ આ અવિકારીદશાનું રહસ્ય દર્શાવતાં કહે છે;

'શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા.'

આ પછી, કવિ સિદ્ધના ૩૧ ગુણોનું વર્ણન કરે છે. આઠમી ફળપૂજામાં પણ બારમા ગુણઠાણામાં સાધક કઈ રીતે અંતરાયકર્મનો ક્ષય કરે છે, તેની પ્રક્રિયા વર્ણવી છે. અંતે, પ્રભુ મહાવીરના સ્મરણ સાથે પૂજા પૂર્ણ કરી છે. કવિએ ગુરુપરંપરાનું સ્મરણ કર્યું છે, તેમજ રાજનગર (અમદાવાદ)માં સં. ૧૮૭૪માં આ પૂજા રચી છે. એમ કળશમાં જણાવ્યું છે.

કવિએ કર્મનું દાર્શનિક જ્ઞાન ખૂબ સુંદર રીતે પૂજાના માધ્યમથી રસિક રીતે આલેખ્યું છે. જે કઠિન તત્ત્વજ્ઞાન છે, તે પણ કવિએ કુશળતાથી કાવ્યના માધ્યમે શક્ય એટલું સરળ બનાવી પીરસ્યું છે. આ કર્મનું તત્ત્વજ્ઞાન આત્મા માટે કેટલું આવશ્યક છે, એ વાત પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પોતાની માર્મિક શૈલીમાં જણાવે છે;

'કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય છે.

એ નમ્રતા, જ્યાં સુધી જીવ કર્મથી સર્વથા મુક્ત ન થાય, ત્યાં સુધી ટકી રહે છે. મુક્તિ પર્યંત નમ્રતા પેદા કરનાર તત્વજ્ઞાન ન મળે, તો આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.'[૨].

આવા તાત્ત્વિક ધર્મને અપાવનાર કર્મના તત્ત્વજ્ઞાનને સરળ-રસાત્મક રીતે પૂજા અને ભક્તિના માધ્યમથી પીરસનાર કવિ વીરવિજયજીનો જૈનસંઘ પર અપાર ઉપકાર છે. ✱ ✱ ✱

આ લેખમાં ઉપયોગમાં લેવાયેલ સંદર્ભ :

૧. વિવિધ પૂજા સંગ્રહ (પૂજાના સર્વ અવતરણો માટે) ભાગ ૧ થી ૭, પ્રકાશક-જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ

૨. અજાત શત્રુની અમરવાણી : લે. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. સં. પૂર્ણચંદ્રવિજયજી મ. સા. પૃ. ૭૭. (પ્રકરણ-૨૮) પ્ર. જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાન પાઠશાળા, અંધેરી, મુંબઈ.

✱ ✱ ✱

એ-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ મહેતા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪. ફોન : (૦૨૨) ૨૬૧૦૦૨૩૫
મોબાઈલ : ૦૯૮૯૨૬૭૮૨૭૮.

# જિંદગીનું રહસ્ય

**આયુષ્ય કર્મબંધની વિશેષતા**-પરભવમાં જતાં પહેલાં જીવ છ બોલ સાથે આયુષ્ય નિદ્ધત (બાંધે) કરે છે. તે છ બોલ નીચે પ્રમાણે છે.

**(૧) ગતિ**-સુખદુઃખના ઉપભોગને યોગ્ય જે અવસ્થાની પ્રાપ્તિ થાય તે ગતિ કહેવાય છે. એના ચાર પ્રકાર છે. (૧) નરકગતિ-શારીરિક-માનસિક ઉગ્ર દુઃખવાળી અવસ્થા, (૨) તિર્યંચગતિ-શારીરિક માનસિક હીનાધિક દુઃખવાળી અવસ્થા. (૩) મનુષ્યગતિ-શારીરિક માનસિક હીનાધિક સુખવાળી અવસ્થા (૪) દેવગતિ-શારીરિક માનસિક ઉગ્ર સુખવાળી અવસ્થા. આ ચાર ગતિમાંથી જીવ કઈ ગતિમાં ઉત્પન્ન થશે એ નક્કી થઈ જાય. ગતિ નામકર્મના ઉદયથી જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે.

**(૨) જાતિ**-અનેક જીવોમાં રહેલ સમાન પરિણામવાળો (એકસરખી ચેતના શક્તિવાળો) વર્ગ-(વિભાગ) એવા પાંચ પ્રકારના વિભાગ છે. (૧) એકેન્દ્રિય-એક જ ઈન્દ્રિય હોવાથી જેની ચેતનાશક્તિ સૌથી થોડી અને પ્રાયઃ પરસ્પર સરખી હોય છે એવા વર્ગવાળા જીવો (૨) બેઈન્દ્રિય-બેઈન્દ્રિયવાળા જીવો જેની પાસે એકેન્દ્રિયથી અધિક અને પ્રાયઃ પરસ્પર સરખી ચેતના હોય છે. (૩) તેઈન્દ્રિય-ત્રણ ઈન્દ્રિયવાળા જીવ (૪) ચૌરેન્દ્રિય-ચાર ઈન્દ્રિયવાળા જીવ (૫) પંચેન્દ્રિય-પાંચ ઈન્દ્રિયવાળા જીવ. ક્રમશઃ ઈન્દ્રિય વધે એમ ચેતનાશક્તિ પણ વધે પણ પ્રાયઃ પરસ્પર સરખી હોય છે. પાંચ જાતિમાંથી જીવ કઈ જાતિમાં જશે એ નક્કી થઈ જાય.

**(૩) સ્થિતિ**-જે ગતિ જાતિ મળી એમાં કેટલો સમય જીવ રહેશે અર્થાત્ આયુષ્ય કેટલું હશે તે નક્કી થઈ જાય.

(૪) **અવગાહના**-કેટલા આકાશ પ્રદેશ રોકીને જીવ રહેશે અર્થાત્ શારીરિક ઉંચાઈ કેટલી મળશે એ નક્કી થઈ જાય.

**(૫) પ્રદેશ**-જીવને કર્મનો જથ્થો કેટલો મળશે એ નક્કી થઈ જાય. અનંત ભવની અનંત વર્ગણાઓ (કર્મસ્કંધો) જીવને સત્તામાં પડી હોય છે. તે બધી વર્ગણાઓ એક જ ભવમાં ઉદયમાં નથી આવતી. જેટલા કર્મની સ્થિતિ તે ભવમાં પાકતી હોય તેટલા જ કર્મની વર્ગણાઓનો કેટલો જથ્થો જીવને મળશે તે નક્કી થઈ જાય. આગામી ભવમાં જેટલા કર્મો ઉદયમાં આવવાના હોય એટલા કર્મ પ્રદેશનો જથ્થો જીવને મળે છે.

**(૬) અનુભાગ** એટલે રસ-આગામી ભવની જિંદગી કેવી જશે તેનું રહસ્ય આમાં છુપાયું છે. જિંદગીનો રસ દુઃખમય, વેદનામય કે સુખમય હશે, વૈરાગ્યમય કે વાસનામય હશે વગેરે નક્કી થાય છે. તેના છ વિભાગ છે. સુખ, દુઃખ, સંયોગ, વિયોગ, સંતતિ, સંપત્તિ. આ છનો નિર્ણય થાય છે.

આમ છ બોલ આગામી ભવના આયુષ્ય સાથે નક્કી થઈ જાય છે. **આમાંથી ગતિ અને જાતિ હોય એ જ પ્રમાણે ભોગવાય. બાકીના બોલમાં પુરૂષાર્થ પ્રમાણે ફેરફાર થઈ શકે.**

-ભગવતી સૂત્ર શતક-૬ ઉદ્દેશો-૮

આ છ બોલમાં સંપૂર્ણ જિંદગી આવી જાય છે. તેની પ્રાપ્તિ કે દુર્લભતા પૂર્વભવના જ શુભાશુભ કર્મ આશ્રિત છે. તો પછી આ ભવમાં આ બધું મેં કર્યું એ હુંકાર (અહંકાર) કેટલો બધો અજ્ઞાનજનક અને નિરર્થક છે. આ અહંભાવ જ જીવને સંસારની ચારે ગતિમાં ભમાવે છે.

આગામી ભવના આયુષ્યમાં ઋણાનુબંધ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક જીવને બીજા જીવ સાથે રાગદ્વેષાત્મક સંબંધો હોય છે જેને ઋણાનુબંધ કે લેણદેણના સંબંધો કહેવામાં આવે છે. તે સંબંધો પૂરા ન થાય ત્યાં સુધી જીવ સંસારચક્રમાં ભમે છે. ઋણાનુબંધ કેમ ભોગવાય એનું એક દૃષ્ટાંત જોઈએ. દા. ત. આંબાના ઝાડના જીવોએ કોઈ સમયે અન્ય જીવો સાથે વેરના બંધ બાંધ્યા હોય તો તે જીવો તેની બાજુમાં જ બાવળના ઝાડ તરીકે અનાયાસે ઉગે અને બાવળના કાંટાની શૂળો પવનના કારણે આંબાના પાંદડામાં ભોંકાય અને એ રીતે પૂર્વભવોના વેરનો બદલો વળે.

આ પ્રમાણે સંસારની દરેક ગતિના જીવો ક્યાંય આકસ્મિક જન્મતા નથી પણ પૂર્વભવના લેણદેણના સંબંધો પૂરા કરવા એક ભવમાં મળે છે અને લેણદેણ ચૂકવાઈ જતા પોતપોતાના માર્ગે પડે છે.

સુખદુઃખ, સંતતિ, સંપત્તિ, સંયોગ-વિયોગ, છૂટાછેડા, મૃત્યુ, વિદેશગમન વગેરે પરિસ્થિતિઓ ભોગવતા સમભાવ રાખી રાગદ્વેષ ઘટાડીએ તો નવી પરંપરા અટકે છે. માટે જિંદગીનું રહસ્ય જાણીને રાગ-દ્વેષ, આસક્તિભાવ ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**-સંપાદિકાઓ**

# જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ

□ ડૉ. રશ્મિબેન ભેદા

[ *શ્રાવિકા ગૃહિણી ડૉ. રશ્મિ ભેદા જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' એ વિષય પર શોધ પ્રબંધ લખી તેમણે મુંબઈ યુનુવર્સિટમાંથી પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધ પુસ્તક આકારે પ્રગટ થયો છે અને ટૂંક સમયમાં તેની બે આવૃત્તિ પણ થઈ છે.* ]

*'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?*
*કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?*
*એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કરે,*
*તો જાતિસ્મૃતિજ્ઞાનથી તે પૂર્વભવને અનુભવે.'*

જાતિસ્મૃતિ જ્ઞાન એટલે જીવનો પૂર્વ પર્યાય કે પર્યાયોનું જ્ઞાન. પૂર્વભવ અથવા ભવોના પ્રસંગો આદિની સ્મૃતિ થવી તેને જાતિસ્મરણ જ્ઞાન કહે છે. જૈન દર્શનમાં જ્ઞાનના પાંચ ભેદ બતાવ્યા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. પ્રથમ ભેદ મતિજ્ઞાનાવરણીય કર્મમાં નિર્મળતા આવવાથી આ જ્ઞાન પ્રગટ થાય છે. નિર્મળતાનું ન્યુનાધિકપણું અહંતા, મમતા અને પરમાં સુખબુદ્ધિના ત્યાગ પર અવલંબિત છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો છે. એમાં ધારણા નામના ભેદમાં આ જ્ઞાન સમાય છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો નીચે પ્રમાણે છે.

(૧) અવગ્રહ–ઇંદ્રિય સાથે વિષયનો સંબંધ થતાં 'કંઈક છે' એવો અવ્યક્ત બોધ થાય છે. આ અવ્યક્ત બોધને અવગ્રહ કહેવાય છે.

(૨) ઇહા–'કંઈક છે' એવો બોધ થયા બાદ 'તે શું છે' એવી જિજ્ઞાસા થાય છે. તેનો નિર્ણય કરવા માટે થતી વિચારણા તે ઇહા છે.

(૩) અપાય–વિચારણા થયા બાદ 'આ અમુક વસ્તુ છે' એવો જે નિર્ણય તે અપાય.

(૪) ધારણા–નિર્ણય થયા બાદ તેનો ઉપયોગ ટકી રહે તે ધારણા.

ધારણાના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદો છે.

અવિચ્યુતિ–નિર્ણય થયા બાદ તે વસ્તુનો ઉપયોગ ટકી રહે તે અવિચ્યુતિ ધારણા.

વાસના– અવિચ્યુતિ ધારણાથી આત્મામાં તે વિષયના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એ જ વાસના ધારણા.

સ્મૃતિ– આત્મામાં પડેલા જ્ઞાનના સંસ્કારો નિમિત્ત મળતા જાગૃત બને છે. તેથી આપણે પૂર્વાનુભૂત વસ્તુને કે પ્રસંગને યાદ કરી શકીએ છીએ. એનું કારણ ધારણાનો બીજો ભેદ વાસના ધારણા છે. જેનાથી આત્મામાં એ વિષયના સંસ્કાર પડે છે. જેના સંસ્કાર આત્મામાં ન પડ્યા હોય તેનું કદી સ્મરણ થતું નથી. જાતિસ્મૃતિ કે જાતિસ્મરણ પણ આ સ્મૃતિ ધારણાનો જ ભેદ છે.

જીવના ભવોભવના ભ્રમણ દરમ્યાન તેણે જે જે સાંભળ્યું હોય, વાંચ્યું હોય, જાણ્યું હોય, અનુભવ્યું હોય તે સર્વ મતિજ્ઞાનમાં આવે છે. આ બધામાંથી જે વિષયોની ઊંડી છાપ, ઊંડા સંસ્કાર આત્મામાં પડ્યા હોય તે સર્વ સંસ્કાર મતિજ્ઞાનના 'ધારણા' ભેદમાં આવે છે. દરેક જીવ પોતાનું વર્તન પૂર્વના સંસ્કાર અને અન્ય જીવો સાથેના સંબંધના આધારિત કરે છે. કેટલીક વખત આ પૂર્વના સંસ્કાર એટલા ગાઢ બને છે તે સ્મૃતિ પટ પર અંકાઈ જાય છે, અથવા તો કોરાઈ જાય છે અને વર્તમાન પ્રસંગ કે વર્તનાની કડી ભૂતકાળના કોઈ ભવમાં મળી આવે છે. એની સ્મૃતિ થવી તે જાતિસ્મરણ જ્ઞાન છે. જેનાથી પાછલા ભવ જાણી શકાય છે. આ જ્ઞાન જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ ચાલી શકે છે. આ જ્ઞાન મનુષ્ય, દેવ, નારક અને સંજ્ઞી તિર્યંચ એમ ચાર ગતિના જીવોને થઈ શકે છે.

આ જાતિસ્મરણ જ્ઞાન કોઈ વિરલા જીવોને જ થઈ શકે છે. પૂર્વભવનું, પૂર્વભવના જ્ઞાનનું સ્મરણ દરેકને થતું નથી. પૂર્વભવમાં ગમે એટલું જ્ઞાન સંપાદન કર્યું હોય તે છતાં એ ભવ પૂરો થઈ બીજા ભવમાં તેની વિસ્મૃતિ થાય છે. પૂર્વભવની આ વિસ્મૃતિ થવાનું કારણ જ્ઞાન ઉપર કર્મનું ગાઢ આવરણ આવી જાય છે. જે નિમ્ન કારણોથી છે.

(૧) પૂર્વદેહ છોડતા જીવનો ઉપયોગ દેહ અને બાહ્ય પદાર્થોમાં આસક્ત રહે અને એ સ્થિતિમાં જ દેહ ત્યાગ કરે અને નવો દેહ પામી એમાં જ આસક્ત રહે.

(૨) ગર્ભાવાસનું વેદન આસક્તિપૂર્વક થવું.

(૩) દેહ તે હું એ ભાવનું નિરંતર સ્મરણ.

એટલે જેટલા અંશે દેહાસક્તિપણું તીવ્ર હોય તેટલું જ્ઞાન પરનું આવરણ ગાઢ હોય છે, એનાથી ઉલ્ટું જેટલા અંશે દેહાસક્તિ મંદ હોય તેટલું જ્ઞાનાવરણ ઓછું હોય છે.

એટલે પૂર્વભવની સ્મૃતિ નીચેના કારણો હોય તો આવી શકે છે– પૂર્વદેહ છોડતા એટલે મરણ સમયે જીવનો ઉપયોગ દેહમાં તીવ્રપણે ન હોય, દેહાસક્તિની પ્રબળતા મંદ થઈ હોય તેમ જ નવો દેહ ધારણ કરી ગર્ભાવાસમાં રહેતા તથા જન્મ થતા દેહાસક્તિ જે અંશે મંદ હોય ત્યારે એ પ્રમાણમાં જાતિસ્મૃતિ જ્ઞાન પ્રગટવાની શક્યતા હોય. આ જ્ઞાન જો સાત વર્ષની ઉંમરના પહેલા થયું હોય તો તેની

વિસ્મૃતિ થોડા જ કાળમાં થાય છે. જ્યારે સાત વર્ષ પછી આ જ્ઞાન થાય તો તે જ્ઞાન ટકી રહે તેમ જ આગળ વધી એ વ્યક્તિ કે જીવને આત્મજ્ઞાન પણ થઈ શકે છે.

આવી રીતે સમકિતી જીવોના ભાવો દેહત્યાગને અવસરે ધર્મમય અને પ્રભુમય હોય છે, દેહાત્મભાવ હોતો નથી. તેથી તેમનું જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ હળવું થાય છે. જેટલી જ્ઞાન અને સ્વભાવદશા ઊંચી તેટલી પૂર્વભવની સ્મૃતિ જલ્દી આવે છે. અર્થાત્ જ્ઞાની પુરુષોને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. જો કે ક્યારેક મિથ્યાત્વસહિત અજ્ઞાન દશા હોય તો પણ પૂર્વોક્ત કારણસર જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે. આપણે શ્રીમદ્ રાજચંદ્રનું ઉદાહરણ જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર સાત વર્ષના હતા ત્યારે એક પરિચિતની બળતી ચિતા જોઈને તેમને વિચાર આવ્યો કે આમ શા માટે કરતા હશે ? શા માટે આ માણસને બાળતા હશે... વગેરે. ઊંડી વિચારણામાં ઉતરી ગયા. એ વખતે જ્ઞાન પરનું આવરણ તૂટી જતા તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મની ખાતરી આપતું એક પદ્ય તેમણે વિ.સં. ૧૯૪૫માં લખ્યું છે-

*'લઘુ વયથી અદ્ભુત થયા, તત્ત્વજ્ઞાનનો બોધ;*
*એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?*
*જે સંસ્કાર થવો ઘટે અતિ અભ્યાસે કાંય,*
*વિના પરિશ્રમે તે થયો, ભવશંકા શી ત્યાં ?'*

**જાતિસ્મરણ જ્ઞાનના પ્રકારો**

આ જ્ઞાનના સામાન્ય અને મુખ્ય એમ બે પ્રકારો છે.

સામાન્ય જાતિસ્મરણજ્ઞાનમાં આવેલ સ્મૃતિની અસર ઉપર ઉપરની, આછી અને તરત ચાલી જાય તેવી હોય છે. એનું કારણ ઘણી વખત જાતિસ્મરણ થાય ત્યારે તેના પર ધ્યાન દેવામાં આવતું નથી. તેના પ્રત્યે દુર્લક્ષ અપાય છે. આથી તે જ્ઞાનનો વિકાસ થતો અટકે છે. આપણે એના દૃષ્ટાંત જોઈએ તો કોઈ વખત કોઈ વ્યક્તિ તદ્દન નવા સ્થળે ફરવા ગઈ હોય, એ સ્થળની સુંદરતા માણતી હોય અને અચાનક એ સ્થળની જગ્યા, કોઈ રસ્તો પરિચિત ભાસે છે, ત્યાં પહેલા ગયા હોઈએ, આ દૃશ્ય પહેલા પણ જોયું છે એવું ભાસે છે, એવો સ્મૃતિમાં ઝબકારો થાય છે. ત્યારે 'ક્યાં' અને 'કેવી રીતે' જોયું છે એ જિજ્ઞાસાથી ઉહાપોહ થવાનો સંભવ હોય છે. ત્યારે જો જ્ઞાનાવરણીય કર્મ મંદ થયું હોય તો પૂર્વની સ્મૃતિ, પૂર્વનું દૃશ્ય સામે આવે છે પણ જો એ વખતે એવી વિશેષ વિચારણા ન કરતા તે સ્મૃતિની ઉપેક્ષા પણ કરાય છે. એવી જ રીતે કોઈ વખત રસ્તામાં જતા તદ્દન અજાણી વ્યક્તિ મળે છે ત્યારે તેનો ચહેરો પરિચિત લાગે છે, એને ક્યાંય પણ જોયો હોય તેવી ઝાંખી થાય છે, તે પૂર્વ પરિસ્થિતિની ઝાંખી પણ જાતિસ્મૃતિનો એક પ્રકાર છે. પરંતુ એ વખતે તેમને ક્યાંક જોયા હશે પણ યાદ રહેતું નથી અથવા સમાન મુખાકૃતિવાળા પણ ઘણા હોય છે, એમ વિચારી એ પ્રસંગની ઉપેક્ષા કરે છે અને તે પ્રસંગને વિસ્મૃત કરે છે. આ પૂર્વભવના પ્રસંગની ક્ષણિક સ્મૃતિ છે. જાતિસ્મરણ જ્ઞાનનો સામાન્ય પ્રકાર છે. આવી રીતે સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન એટલે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, પૂર્વે સાંભળેલ વાત અથવા પ્રસંગકથા આદિ બીજા ભવમાં પુનઃ અનુભવમાં આવવા. એના પ્રત્યે દુર્લક્ષ ન કરતા તે પ્રત્યે ઉપયોગ દેવામાં આવે, અનુભવી, જ્ઞાની પુરુષ પાસેથી માર્ગદર્શન મેળવી યોગ્ય દિશામાં પ્રયત્ન થાય તો તે જ્ઞાન વિકસિત કરી શકાય અને સત્ય જીવન તરફ પ્રયાણ કરી શકાય. જાતિસ્મરણ જ્ઞાનનો બીજો પ્રકાર છે મુખ્ય જાતિસ્મરણ જ્ઞાન.

આ પ્રકારના બે વિભાગ થઈ શકે છે-

(૧) આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મૃતિ જ્ઞાન

(૨) આત્મજ્ઞાન પછીનું જાતિસ્મૃતિ જ્ઞાન.

આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મરણજ્ઞાન સાત વર્ષની ઉંમર પહેલં થયું હોય, તે વય સુધીમાં પૂર્વ ભવની સ્મૃતિમાં પોતાનું જન્મસ્થળ, નામ, પોતાના કુટુંબીજનો વગેરેનું જ્ઞાન થાય છે, પણ તે ભૂલી જવાય છે. સાત વર્ષ પછી પ્રાપ્ત થયેલ જાતિસ્મરણજ્ઞાન આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અત્યંત ઉપકારી થાય છે. કારણ પ્રથમ જણાવ્યું તેમ આ જ્ઞાન જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ મંદ થવાથી થાય છે. એટલે આ જ્ઞાનના પ્રભાવથી પૂર્વે પોતે હતો, વર્તમાનમાં છે એમ જણાવાથી આત્માના અસ્તિત્વ અને નિત્યત્વની પ્રતીતિ થાય છે. વિશેષ વિચારથી પોતાને થતા શુભ, અશુભ ભાવો તેમ જ સુખ દુઃખનું વેદન જોતા પોતે જ કર્મોનો કર્તા ભોક્તા છે એમ શ્રદ્ધા થાય છે. આ જ ચિંતન આગળ વધતા આ શુભાશુભ ભાવોનો ક્ષય થઈ શકે છે એટલે મોક્ષ છે એવો શ્રદ્ધાભાવ આવે છે. એ માટે તપ, સંયમ, ધ્યાન દ્વારા સિદ્ધ પદ અર્થાત્ મોક્ષ મળી શકે છે. આ રીતે આત્માના છ પદ પર શ્રદ્ધા દૃઢ થતાં આત્મજ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનો માર્ગ સ્પષ્ટ થાય છે અને પુરુષાર્થ કરતા સહજ રીતે એ માર્ગ પર આગળ વધી શકે છે.

**જાતિસ્મરણ જ્ઞાન થવાના નિમિત્તો**

સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન તો સામાન્ય નિમિત્તો જેવા કે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, અથવા કોઈ વ્યક્તિ વગેરે જોવાથી થઈ શકે છે. (પૂર્વ ભવ યાદ આવી શકે છે.) જ્યારે મુખ્ય જાતિસ્મૃતિ જ્ઞાન ઉદ્ભવવાના નિમિત્ત કારણો છે – ઉત્કૃષ્ટ સંવેગ, જ્ઞાનયોગ અને સત્સંગ.

(અ) સંવેગ–એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની અર્થાત્ મોક્ષપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા. સંવેગ, નિર્વેદ આવવાથી પ્રાપ્ત થાય છે. નિર્વેદ એટલે આ સંસાર અને સંસારના વિષયોમાંથી મનનું ઉઠી જવું. જ્ઞાનીના વચનોથી આ સંસારનું અનિત્યપણું અને અશરણપણું

સમજાય છે અને સાથે જ અનંતકાળથી આ સંસારચક્રમાં રખડતા આત્માને એનું સહજાત્મસ્વરૂપ પ્રગટ કરવાની જીજ્ઞાસા, તાલાવેલી જાગે છે. એ જ ભાવમાં એ ચિંતન કરતાં કરતાં હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં? એ વિચારણા સતત ચાલે છે અને એક સુભગ પળે જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થાય છે.

(બ) જ્ઞાનયોગ – જ્ઞાન એટલે આત્મજ્ઞાન અને યોગ એટલે જોડાવું.

જ્ઞાનયોગ એટલે પોતાનું જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમાં જ રમણતા કરવી, તેની સાથે એકરૂપ થવું. જ્ઞાનયોગની પ્રાપ્તિ માટેનો જે પુરુષાર્થ છે તે પણ જ્ઞાનયોગમાં જ સમાય છે. જ્ઞાનયોગમાં ધ્યેય શુદ્ધાત્માની પ્રાપ્તિનું છે અને અવલંબન પણ શુદ્ધાત્માનું જ છે. એ માટેની સાધના કરતા જ્યાં ચિત્ત શાંત થાય છે ત્યારે ક્યારેક પૂર્વ ભવ અથવા ભવોનું સ્મરણ થાય છે.

(ક) સત્સંગ – જાતિસ્મરણ જ્ઞાનપ્રાપ્તિનું ત્રીજું નિમિત્ત કારણ છે સત્સંગ. સત્સંગનું મહાત્મ્ય અપાર છે. સત્પુરુષ કે જ્ઞાનપુરુષના પવિત્ર સત્સંગનો અપૂર્વ યોગ પ્રાપ્ત થવો એ દુર્લભ છે તો પણ કોઈ મહાન પરમાર્થ પુણ્યના ઉદયે તેવો યોગ થાય ત્યારે પૂર્વભવની સ્મૃતિ થવી સુલભ બને છે. જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ હળવા થયા હોય અને એવી પળે જ્ઞાની પુરુષના સત્સંગથી ચિત્ત શાંત થાય છે, રાગદ્વેષની પરિણતિરૂપ સાંકળ તૂટે છે, ચિત્ત એકાગ્ર અને સ્થિર થતાં પૂર્વભવનું જ્ઞાન પ્રગટ થાય છે.

આવી રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ, જે બાંધવાનું મૂળ કારણ છે જીવની આસક્તિ તેમ જ પરપદાર્થમાં મોહ અને સુખબુદ્ધિ. આ દોષો જેમ જેમ ઘટતા જાય, ઓછા થતા જાય તેમ જીવની વૃત્તિ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ વળે છે. જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે. દોષોની ન્યૂનતા અને ક્ષીણતા થવા માટેના નિમિત્ત કારણો છે સત્શ્રુત, સદ્‌વિચાર, સ્વાધ્યાય, સત્સંગ અને જ્ઞાની પુરુષનો સમાગમ યોગ. આ છેલ્લું કારણ સૌથી પ્રધાન નિમિત્ત કારણ છે. સદાચારનું હૃદયથી સેવન અને પૂર્વભવ જાણવાની વારંવારની પરમ જીજ્ઞાસા હોય ત્યારે જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થાય છે.

**જાતિસ્મરણ જ્ઞાન ચારે ગતિમાં થાય છે**

આ જ્ઞાન દેવ, નારકી મનુષ્ય અને તિર્યંચગતિના સંજ્ઞી જીવોને થઈ શકે છે. પણ બીજી ગતિની અપેક્ષાએ આ જ્ઞાન મનુષ્ય ગતિમાં વિશેષપણે અને સુલભતાથી થઈ શકે છે. કારણ મનુષ્યને આ જ્ઞાન પોતા થકી કે પરના નિમિત્તથી થઈ શકે છે, જ્યારે સંજ્ઞી તિર્યંચ જીવોમાં આ જ્ઞાન અધિકાંશપણે પરના બોધ અને આલંબનથી થાય છે. ક્યારેય કોઈ જ્ઞાની સત્પુરુષ પોતાના અદ્‌ભુત વચનોથી કોઈ સંજ્ઞી તિર્યંચને બોધ આપી તેના પૂર્વભવની સ્મૃતિ કરાવે છે અને એના આત્મકલ્યાણમાં સહાયભૂત થાય છે. જૈન ઈતિહાસમાં આપણને દૃષ્ટાંતો મળી આવે છે. મનુષ્યને પરના નિમિત્તથી જ્ઞાન પ્રાપ્ત થવા માટે મહાવીરસ્વામી અને મેઘકુમારનું દૃષ્ટાંત છે જ્યાં મહાવીરસ્વામીએ મેઘકુમારને એનો હાથીનો પૂર્વભવ યાદ કરાવી એને સંયમમાં સ્થિર કર્યો. જ્યારે સંજ્ઞી તિર્યંચના દૃષ્ટાંત માટે મહાવીર પ્રભુ અને ચંડકૌશિક સર્પનું ઉદાહરણ લઈ શકાય. દેવગતિના સર્વ જીવોને જન્મથી જ સહજ અવધિજ્ઞાન હોય છે એટલે એ જીવો પોતાના પૂર્વભવ જાણી શકે છે. એવી જ રીતે નારકીના જીવોને પણ અવધિજ્ઞાન દ્વારા પૂર્વભવનું જ્ઞાન થાય છે. પરંતુ આ જ્ઞાન તેમને પરમાર્થ માટે, આત્મકલ્યાણ માટે ઉપયોગી થતું નથી. કારણ એમને એ જ્ઞાન સહજ છે, એના માટે તેમને ઊંડા ચિંતનમાં નથી જવું પડતું કે કોઈ જીજ્ઞાસા કે ઉહાપોહ થતો નથી જે મનુષ્યને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થતાં પૂર્વે હોય છે. અધિકાંશપણે દેવગતિ અને નારકીના જીવોમાં વૈરાગ્યની ઝલક હોતી નથી તેથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણવા છતાં તે પ્રસંગોથી આત્મા પર કોઈ વૈરાગ્યભાવની અસર થતી નથી.

પૂર્વે કહ્યું તેમ જાતિસ્મૃતિજ્ઞાન એ મતિજ્ઞાનની નિર્મળતા થવાથી પ્રગટ થાય છે. પૂર્વભવો જાણવાની એની પણ મર્યાદા હોય છે. પૂર્વભવોમાં જ્યાં સુધી સંજ્ઞીપણું હોય ત્યાં સુધી જ તે ભવો દેખાય છે. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મરણ જ્ઞાન થતું નથી.

આવી રીતે જ્ઞાનાવરણીય કર્મની મંદતાથી પ્રગટ થતા જાતિસ્મરણ જ્ઞાનથી વ્યક્તિના વિચારમાં, આચારમાં કલ્યાણકારી પરિવર્તન આવી શકે છે. એને પરમાર્થ માર્ગે ગતિ કરવામાં આ જ્ઞાન ઉપયોગી થાય છે.

✶ ✶ ✶

૬૦૨, રીવર હેવન, ગુલમોહર ક્રોસ રોડ નં. ૫, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૪૯.
મો. : ૯૮૬૭૧૮૬૪૪૦

## કર્મવાદ શું છે ?

*પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નેમિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે એક વાક્યમાં કર્મવાદની સમજણ આપી છે.*

*'જો તમે કોઈને ગાળ આપો અને તે વ્યક્તિ તમને તમાચો મારે એ પ્રતિસાદ છે, તમારા કર્મનું ફળ નથી. પરંતુ કોઈ કારણ વિના તમને કોઈ દુઃખી કરે કે તમારા પર મહેરબાની કરે તો સમજી લેવું કે આ તમારા આગલા ભવના કર્મનું પરિણામ છે. આ શાંત ભાવે સહન કરી લો.'*

## જૈનદર્શન કર્મવાદ સંદર્ભે

# કર્મફળનું વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્ભુત ન્યાયતંત્ર

☐ ગુણવંત બરવાળિયા

*[ લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકૅઉન્ટન્ટ છે. ચાલીસ પુસ્તકોના લેખક, સંપાદક છે, વિશ્વવાત્સલ્ય તેમજ અન્ય સામયિકોના ભૂતપૂર્વ તંત્રી છે, પ્રખર વ્યાખ્યાતા છે ને પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંયોજક છે. હાલમાં તેઓએ જૈન વિશ્વકોશનું વિરાટ કાર્ય હાથ ધર્યું છે.]*

જૈનદર્શનનો કર્મવાદ અદ્ભુત અને વિશિષ્ટ છે. કર્મનું ગણિત ચોક્કસ અને પારદર્શક છે.

કર્મસત્તાનું એક સુપર કૉમ્પ્યુટર છે જે જીવાત્માના સારા કે નરસા કર્મોનો હિસાબ રાખે છે અને આ અદૃશ્ય કૉમ્પ્યુટર સ્વયંસંચાલિત છે, જેને જૈનદર્શનનું કર્મવિજ્ઞાન કહે છે. આ કૉમ્પ્યુટર કર્મના હિસાબમાં કદી ભૂલ કરતું નથી.

વ્યક્તિને સારાં કે નરસાં કર્મનું ફળ અચૂક મળે જ છે. વ્યક્તિ દુષ્ટ કર્મ કરે તે ક્ષણે જ અચૂક તેની સજા નક્કી થઈ જાય છે. નિર્જરા થઈ શકે તેવું કર્મ હોય તો તેની સજામાં બાહ્યાભ્યાંતર તપના પુરુષાર્થ દ્વારા સજામાં ફેરફાઈ થઈ શકે છે એ પણ એટલું જ નિશ્ચિત છે. અને જો કર્મ નિકાચિત હોય તો નક્કી થયેલી સજા અવશ્ય ભોગવવી જ પડે છે. જૈન દંડનીતિ એ કર્મસિદ્ધાંતનું જ સંતાન છે. જૈનદર્શનની દંડનીતિનો અર્થ છે કર્મપ્રતિના યુદ્ધમાં વ્યૂહરચના.

સત્‌યુગમાં કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતાં હતાં. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઈ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શક્તિ ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાંતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ અવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં 'હકાર' નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળુ હતો. તેં આમ કર્યું ? બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનો દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે હાકાર અને મોટા અપરાધ માટે માકાર એટલે આવું ન કરો એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્ય કાર્યનું દુઃખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજજીવન, રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યાં. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો એટલે નકકી કરેલા ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો. આ નીતિ ડૉક્ટર દ્વારા પ્રસ્તાવેલી ઔષધિ જેવી છે.

શ્રી સોમદેવસૂરિજીના મતે–**દંડ આપવાનો હેતુ અપરાધીનું વિશુદ્ધિકરણ એટલે કે દોષમુક્તિ હોઈને તે પર્યાપ્ત માત્રામાં જેમ ઔષધિ લેવામાં આવે તેમજ આપવો જોઈએ,** તેથી લાગે છે કે પૂર્વે દોષમુક્તિ માટેના અધિકારનું સામર્થ્ય એ માત્ર દંડ માટેનું પ્રયોજન ન હતું. ભગવાન ઋષભદેવે સામ-દામ-દંડ-ભેદ આ ચાર પ્રકારે રાજનીતિની સ્થાપના કરી જે જગતના ચાર માર્ગોનું મિલનસ્થાન કે સંગમસ્થાન હતું.

જૈનદર્શનના કર્મવાદ અને તેના ફળને સચોટ રીતે, જૈન આગમ ગ્રંથો વિપાક સૂત્ર, દુઃખવિપાક અને સુખ વિપાક રજૂ કરે છે. ઉંબટદત, સોટીરયદત, અંજુશ્રી, મૃગાપુત્ર, દેવદતા, સુબાહુકુમાર, જિનદાસ વિગેરે કથાઓનો અભ્યાસ કરવો જોઈએ.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઈ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

**_જૈન દંડનીતિ એ કર્મસિદ્ધાંતનું જ સંતાન છે. જૈનદર્શનની દંડનીતિનો અર્થ છે કર્મ પ્રતિના યુદ્ધમાં વ્યૂહરચના._**

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર

પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજ્યો કે રાજાઓને નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્ય ન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓએ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઇતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પ્રવૃત્તિ અને સમગ્ર જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા-કૂટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, જેમ સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય આપવા કાર્યરત છે તેમ એક વિશ્વવ્યાપી અદ્ભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કૉમ્પ્યુટર આવ્યાં નથી, પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કૉમ્પ્યુટરથી સ્વયં સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારને સજા થઈ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઈ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઈ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામા પક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલ કરી. ન્યાયાધીશે પેલા વકીલને કહ્યું કે હવે તમે દલીલ કરો, પણ આશ્ચર્ય ! એણે દલીલ જ ન કરી. છેવટે ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે 'હેન્ગ હીમ'. પેલા વકીલે મલકાઈને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે ચિંતા ન કરીશ. તને બચાવી લઈશ. ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઈને વકીલ બોલ્યો : સજામાં માત્ર 'હેન્ગ હીમ' આ જ આદેશ છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય, માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર ન કરી શકાય ! ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડ્યો કે, 'હેન્ગ હીમ ટીલ ડેથ' એટલે કે મૃત્યુ પામે ત્યાં સુધી લટાકવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટીઘૂંટી, લાંચરુશ્વત કે બુદ્ધિના વ્યભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે. પરંતુ એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય !

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતાં નથી, અહીં શંકાને જોરે શંકાને છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઈ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો કર્મબંધ એજ સજા છે. માનવી મન, વચન કે કાયા વડે કોઈ પણ ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારના ન્યાયાલયોમાં અપરાધીને સજા ગુનો થયા પછી ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થાય ત્યારે થાય છે. આરોપી ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખ ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો કે, 'હું તને મારી નાંખીશ, છોડીશ નહીં' એવાં ક્રૂર રીતે ક્રોધપૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા ને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે. આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલા કર્મો ઉદયમાં ન આવે તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાળ પણ હોઈ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોય શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીશ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક-બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ

મૃત્યુદંડ દઈ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુ:ખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાંનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂંકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા હળવી બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ. જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદીકિનારે ફરવા જાય. નદીતટના વૃક્ષોના ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી. હત્યારો ભાગી છૂટ્યો. જજસાહેબે ખૂનીને આંખોઆંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવ્યો. આરોપી હાથમાં ન આવતાં પોલીસે ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો ! ન્યાયાધીશે તેનો ચહેરો જોઈને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી, પરંતુ પોલીસે પોતાની ઈજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી-પીટીને ખૂની તરીકે કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઈ ગયા. આંખો ના પાડે છે કે આ વ્યક્તિ હત્યારો નથી, કાયદો કહે છે કે હત્યારો જ છે. નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા, પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી. તે જાણાત હતા કે મનુષ્ય ભૂલ કરે પરંતુ કર્મસત્તાનું સુપર કૉમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઈ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતા તે રડી પડ્યો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછ્યું, આ પૂર્વે તેં કોઈનું ખૂન કરેલ ? આરોપીએ કહ્યું હા. મેં બે ખૂન કરેલાં, પરંતુ હોંશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો. આ સાંભળી જજના મનને શાંતિ થઈ. સાથે વિશ્વના અદૃશ્ય અદ્‌ભુત કર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દૃઢ બની.

ડૉ. રમેશ લાલને જૈનદર્શનના કર્મવાદ સંદર્ભે દંડનીતિ અંગે કેટલાક ચિંતનસભર મુદ્દાઓ ટાંક્યા છે.

- જૈન આગમો બધા ગુનાશાસ્ત્રીઓ અને દંડનીતિકારોને ઉપયોગી પદાર્થો પૂરું પાડે છે.
- જૈન શાસ્ત્રો દંડનીતિનો ઉદ્‌ગમ અને વિકાસ સાત દંડનીતિમાંથી કરે છે.
- જૈન પુરાણોમાં દંડનીતિનો વિકાસ સાત દંડનીતિ ઉપરાંત વિવિધ પ્રકારના ગુનાઓ અને કસોટીની સાથે સજાઓથી શોધી શકાય છે.
- જૈન શાસ્ત્રોની કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા અનંતા જન્મો સુધી ચાલતી વ્યક્તિગત જવાબદારીઓ અને પ્રતિકૂળ બાબતોને કર્મ-સિદ્ધાંતની પ્રતિક્રિયાના પરિણામરૂપી દર્શાવી છે.
- ગુનેગારોને નાથવા માટે અપાતા સજાના પ્રકાર અને સ્વરૂપ તથા નરકની યાતનાઓનું જેલની યાતનાઓ સાથેના સાદૃશ્યતાનું વર્ણન, ગુનો તથા સજાની અસરની માહિતી મેળવવા સતત પ્રેરે છે અને કદાચ સજાની નાબૂદી માટે જોરદાર દલીલ તરફ દોરે;
- કર્મ, જીવ જેવું કરે તેવું પામે એ ભૂમિકા ઉપરાંત ગુનાના કારણ માટે યથાર્થ સ્પષ્ટીકરણ પૂરું પાડે છે.
- ધર્મ, વ્યક્તિને પાંચ મહાવ્રતો કે અણુવ્રતો દ્વારા સંવરને ધારણ કર્યા પછી તેને જાળવવામાં લાગતા અતિચાર અને દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત એ એક શક્તિશાળી પ્રક્રિયા છે.

આ મુદ્દાઓના પરિપ્રેક્ષ્યમાં જૈન દંડનીતિના યથાર્થ ફાળાનું મૂલ્યાંકન કરતા એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે આ સિદ્ધાંત કેવળ તત્ત્વજ્ઞાન નથી, પરંતુ તે કર્મની ઉત્પત્તિ અને પરિણામની ભયાનકતા સામે યુદ્ધ કરવા માટે વ્યવહારમાં મૂકી શકાય એવો માર્ગ બતાવે છે.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતા ન્યાયાલયો જરૂરી છે જ, પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે. એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણશે. એથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશે. સંયોગોથી સ્વભાવ પર દૃષ્ટિ જશે તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાને સમાજસેવકની હત્યા થઈ, તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા વ્યક્ત કરી હતી કે ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે ? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું-વધવાનું એને કારણ મળે છે તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ટો એમાંથી પાંગરે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદયપરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહીં કે સ્થાયી પણ બની શકે નહીં. એક

સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદયપરિવર્તન લક્ષણ અને બન્ને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શકશે. વ્યવસ્થા બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઈ શકે.

અધ્યાત્મયોગિની પૂ. લલીતાબાઈ મહાસતીજીએ પ્રાયશ્ચિતના ભાવો સમજાવતાં કહ્યું છે કે, ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય. તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિતની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું પ્રતિક્રમણ છે. જે રાજ્ય દંડ, ભય અને લાલચથી ન થઈ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરી પ્રવચનમાં ઈશુએ દસ આજ્ઞાઓ કરી...જો કોઈ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે... ! એનો અર્થ એ કે જનસમાજમાં મોટા ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે. પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઈ પણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસાચલિત અદ્ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણાં હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે. ✱ ✱ ✱

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

## જૈનીઝમના અહિંસા અને હિન્દુ ધર્મનો કર્મનો સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ છે

જૈનીઝમના જીવદયા અને અહિંસાના સિદ્ધાંતો અને હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો માનસિક શાંતિની પ્રાપ્તિ માટે અને એક ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવા માટે સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ છે. માનસિક શાંતિની સંપત્તિ જ સાચી મૂડી છે. બાકી ભૌતિક સુખો તો માત્ર સ્થુળ સંપત્તિ સમા છે. આ કથન કોઈનું નહીં પરંતુ અમેરિકાના વિખ્યાત એકેડેમીશીયન પ્રોફેસર ડૉ. ક્રિસ્ટોફર ક્રેય ચેપલનું છે. ડૉ. ચેપલ અત્યારે લોસ એન્જલસની લોયોલો મેરીમાઉન્ટ યુનિવર્સિટીના એકેડેમીક વાઈસ પ્રેસિડન્ટ છે અને વિખ્યાત હારવર્ડ યુનિવર્સિટીની કલ્ચર અને રીલીજીયસ સ્ટડીની કમિટિના સૌથી સિનિયર સભ્ય છે. તેઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ધર્મોના ઊંડા ચાહક બની ગયા છે. તેઓ કહે છે. 'ભારત જેવી પવિત્ર ભૂમિની સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જુની છે જ્યારે અમેરિકાની સંસ્કૃતિ તો માત્ર ૨૦૦ વર્ષ જૂની છે. આ બન્ને સંસ્કૃતિની કોઈ હિસાબે સરખામણી ન થઈ શકે.'

જૈનીઝમ, ઉપનિષદ, મહાભારત અને રામાયણનો ઊંડો અભ્યાસ કરનાર ડૉ. ચેપલે કર્મના સિદ્ધાંતો ઉપર અનેક લેખો લખ્યા છે અને તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય ધર્મોની શ્રેષ્ઠતા વિષે પ્રચાર કરવાનું કદી ચૂકતા નથી.

ડૉ. ચપલ જૈનીઝમથી બહુ જ પ્રભાવિત થયા છે. તેઓ સ્પષ્ટ પણે કહે છે કે જે અહિંસાની વાત અત્યારના છીછરા રાજકારણીઓ પોતાના સ્વાર્થ ખાતર કરે છે તે વાત સોના જેવા સાચા અર્થમાં ભગવાન મહાવીર સ્વામીએ ૨૪૦૦ વર્ષ પહેલાં કરી હતી. જૈનીઝમના જીવદયા અને અહિંસાના ગુણો તો માણસને પાપ મુક્ત કરનાર છે.

હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો વિષે ડૉ. ચેપલ કહે છે. અત્યારની ફાસ્ટ લાઈફમાં બહુ જુજ વ્યક્તિઓ જીવનના કર્મોના સિદ્ધાંતોને સમજે છે. હિંદુ ધર્મમાં કર્મ વિષે જે ભગવાન રામ અને કૃષ્ણએ હજારો વર્ષો પહેલાં કહ્યું છે તે આજના ભૌતિક સુખોથી ખરડાયેલા જીવનમાં પણ બહુ જ સબલ રીતે લાગુ પડે છે.' ડૉ. ચેપલના કહેવા પ્રમાણે અમેરિકામાં એક બાજુ યુવા વર્ગે ભૌતિક સુખોનો આનંદ માણવા દોટ મુકી છે. જ્યારે બીજી બાજુ 'વોર કલ્ચર'નો સાપ ફુંફાડા મારી રહ્યો છે.

ડૉ. ચેપલે સ્પષ્ટપણે કહ્યું કે અત્યારે અમેરિકામાં લગભગ ૫૦ ટકા લોકો યુદ્ધની વિરૂદ્ધ થઈ ગયા છે અને તાજેતરમાં ઠેર ઠેર હજારો લોકોએ 'વોર કલ્ચર'ની વિરૂદ્ધ બેનરો સાથે ભારે દેખાવો કર્યા હતા. અમેરિકામાં મોટા ભાગના એકેડેમીશીયનો, ડૉક્ટરો, વકીલો, વિજ્ઞાનીઓ અને સ્ટુડન્ટો વોરની વિરૂદ્ધ થઈ ગયા છે. વોર કલ્ચરે સોશિયલ ફેબ્રિકનો નાશ કરી નાખ્યો છે. અમેરિકામાં લોકોને હવે માનસિક શાંતિની ભારે ઝંખના છે. તેથી કરીને જ ઘણાં ઘણાં અમેરિકનો ભારતીય ધર્મો તરફ આકર્ષાયા છે.

સૌથી રસપ્રદ વાત એ છે કે **ડૉ. ચેપલ વેજીટેરીયન છે અને ભાગ્યે જ કાંદા કે લસણ ખાય છે.** તેઓ સાત્ત્વિક શાકાહારી ભોજન લેવામાં જ માને છે અને નિયમિત યોગાસનો કરે છે.

તેમના પત્ની મૌરીન પણ એકેડેમીશીયન છે અને રસપ્રદ વાત એ છે કે મૌરીન ભારતીય સ્ટાઈલમાં સાડી પહેરે છે અને ઘરે આવેલા મહેમાનોની ભારતીય પ્રથા પ્રમાણે આગતા સ્વાગતા કરે છે. A true American Indian academic couple par excellence.

# કર્મ નિર્જરાનો હેતુ પરીષહ

□ પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી

*[ લેખિકા 'જૈન સિદ્ધાંત આચાર્ય', એમ. એ. (સંસ્કૃત), શ્રી રાજેમતી મહિલા મંડળમાં તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતના માનદ શિક્ષિકા છે, જૈન સાહિત્ય સમારોહ માટે સંશોધન પત્ર લખે છે, જૂની લિપિ ઉકેલી લિપ્યાંતર કરવામાં કૌશલ્ય ધરાવે છે. ]*

પરીષહ અને કર્મ પરસ્પર સંકળાયેલા છે. કર્મના ઉદયથી સાધકના જીવનમાં પરીષહ આવે છે. જો સાધક પરીષહને જીતી જાય તો તેના અનંત કર્મોની નિર્જરા થાય છે. નવા કર્મ બંધાતા નથી અને મોક્ષ નજીક થાય છે. પરંતુ જો તે પરીષહોથી પરાભૂત થાય તો ચતુર્વિધ સંસારના ચક્રથી બચી શકતા નથી. આ પરીષહ શું છે?

**પરીષહનું સ્વરૂપ**

પરીષહ જૈન પારિભાષિક શબ્દ છે. પરીષહ શબ્દ સંસ્કૃત परि + षह પરથી આવ્યો છે. परि એટલે ચારે બાજુ અથવા વિશેષપણે અને सह એટલે સહન કરવું. परि + सह ની સંધિ થતાં परिषह થાય છે. વિકલ્પે પરીસહ, પરિષહ કે પરિસહ પણ લખાય છે. परिसह्यते इति परिषह । સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી તીર્થંકર તેમ જ ગણધરાદિ સાધકાત્માઓ દ્વારા જે સહન કરવામાં આવે છે તેનું નામ પરીષહ છે. બીજા શબ્દોમાં જેના નિમિત્તથી ધર્મારાધનામાં – મોક્ષમાર્ગના સાધનમાં તથા કર્મોની નિર્જરાના ઉપાયભૂત તપશ્ચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરી શકે એવા કષ્ટ વિશેષને પરીષહ સમજવો જોઈએ. આ કર્મ શું છે?

**કર્મનું સ્વરૂપ**

વ્યવહારિક ભાષામાં વપરાતો શબ્દ 'પ્રારબ્ધ' તેમાં કોઈક નિયમ પ્રવર્તતો હોય છે તે છે કર્મસિદ્ધાંત. જૈન ધર્મ કર્મવાદમાં માને છે. क्रियते इति कर्म: । જીવ દ્વારા થતી મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું ફળ તે કર્મ. જીવ જ્યારે રાગદ્વેષ કરે છે ત્યારે આત્મપ્રદેશોમાં થતાં સ્પંદનોથી આકર્ષાઈને કાર્મણવર્ગણાના અનંત અનંત સ્કંધો આત્મપ્રદેશો સાથે ચોંટી જાય છે, તેને કર્મ કહે છે. તે શુભ અને અશુભ એમ બે પ્રકારના હોય છે. તેનો ઉદય થાય ત્યારે તેને તેવા સ્વરૂપે ભોગવવા જ પડે છે.

હકીકતમાં રોગ, વ્યાધિ કે ઈજા થઈ હોય ત્યારે આપણે ઇંજેકશન લેતાં, દવા પીતાં કે ઓપરેશન સમયે મન મજબૂત રાખીને મનેકમને સહન કરતા આવ્યા છીએ. પણ અહીં વાત થાય છે સ્વેચ્છાએ રાજીખુશીથી થોડા કે વધુ સમય માટે અચાનક આવી પડેલા કષ્ટને જરાપણ ઉચાટ કર્યા વગર સ્વાભાવિક્તાથી, સ્થિરતાથી સહન કરવાની. આવા પરીષહની વાત જૈન ધર્મમાં સાધક આત્માઓ - સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકાને લક્ષમાં રાખીને કહેવામાં આવી છે.

શ્રી ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન દ્વારા સાક્ષાત્ કરીને કહ્યું છે કે આ જિનશાસનમાં નિશ્ચયથી ૨૨ પરીષહો છે. તેમાં સર્વ પ્રકારના સહન કરવા યોગ્ય કષ્ટો - પરીષહોનો સમાવેશ થઈ જાય છે. આના વિષે શ્રી ઉત્તરાધ્યયનમાં બીજા અધ્યયનમાં ફરમાવેલું છે. આ ૨૨ પરીષહોનો નામોલ્લેખ કરતું સૂત્ર આચાર્ય ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં નવમા અધ્યયનમાં નીચે પ્રમાણે આપેલ છે.

'क्षुत्पिपासा शीतोष्णदंशमशकनागन्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोश-वधयाचनालाभरोगतृष्णस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि।।'

કર્મની નિર્જરા હેતુ આ બધા પરીષહોને સહન કરવા જોઈએ એવો ઉપદેશ જિનશાસનમાં જ છે. અન્યત્ર નથી.

**પરીષહ અને કર્મનો સંબંધ**

આ ૨૨ પરીષહોને ધર્માચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરવાનું કારણ શું? તો કહે છે કે જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ઉદય જ એનું અંતરંગ કારણ છે. જેમ કે,

(૧) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી (૧) પ્રજ્ઞા અને (૨) અજ્ઞાન પરીષહ

(૨) વેદનીય કર્મના ઉદયથી (૧) ક્ષુધા=ભૂખ, (૨) પિપાસા= તરસ, (૩) શીત=ઠંડી, (૪) ઉષ્ણ=ગરમી, (૫) દંશમશક, (૬) ચર્યા, (૭) શય્યા, (૮) વધ, (૯) રોગ, (૧૦) તૃણસ્પર્શ, (૧૧) મલ એમ ૧૧ પરીષહ

(૩) મોહનીય કર્મના ઉદયથી (૧) અચેલ (૨) અરતિ (૩) સ્ત્રી (૪) નિષધા=બેસવાનો, (૫) આક્રોશ, (૬) યાચના, (૭) સત્કાર પુરસ્કાર એ ૭ પરીષહો ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી અને (૮) દર્શન પરીષહ દર્શન મોહનીય કર્મના ઉદયથી.

(૪) અંતરાય કર્મના ઉદયથી (૧) અલાભનો પરીષહ

આ ૨૨ પરીષહોમાંથી કેટલાક શારીરિક છે. કેટલાક માનસિક છે. કેટલાક અનુકૂળ પરીષહ છે તો કેટલાક પ્રતિકૂળ છે. જે અનુકૂળ પરીષહ હોય તે અનુકૂળતા કરીને કે પ્રમાદી ચિત્તમાં ગમવાનો ભાવ ઉત્પન્ન કરીને સાધુને સંયમ માર્ગથી ચલિત કરાવનાર છે. જે પ્રતિકૂળ પરીષહ હોય તે કષ્ટો આપીને ચલિત કરાવનાર છે, પરંતુ કોઈપણ

પરીષહથી વિચલિત ન થવું અને સંયમમાર્ગમાં દૃઢ રહેવું તે જ સાધકનું કર્તવ્ય છે. તેથી પરીષહોને સમભાવથી સહન કરવા જોઈએ. પરીષહ સાધકાત્માની કસોટી છે. તેના દ્વારા કસાયા પછી સાધુ મોક્ષમાર્ગથી ચલિત નથી થતા અને વિર્યોલ્લાસ પ્રગટ કરીને કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે.

**જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) જ્ઞાન, જ્ઞાની અથવા જ્ઞાનીના સાધનો સંબંધી દૂષિત પરિણામો થવા, (૨) જ્ઞાન પાસે હોવા છતાં ભણાવવાનું ટાળવું, ગુરુનું નામ છુપાવવું, (૩) ઇર્ષ્યાભાવથી બીજાને ન ભણાવવું કે ન ભણવા દેવું, (૪) જ્ઞાનાભ્યાસમાં વિઘ્ન ઊભું કરવું, (૫) જ્ઞાનીનો અસત્કાર, અનાદર કરવો. સાચા જ્ઞાનીનું જ્ઞાન પ્રગટ થતું અટકાવી દેવું. (૬) પ્રશસ્તજ્ઞાનમાં પણ દૂષણ લગાવવું, આળસ કરવી. આ તથા એવા અન્ય કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. સાધકાત્માને સાધના દરમ્યાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો બે પ્રકારના આવે.

(૧) **પ્રજ્ઞા પરીષહ** : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધુ હોય તો પ્રગટ થયેલ બુદ્ધિ વિશેષને પ્રજ્ઞા કહે છે. જે સમયે આત્મામાં પ્રજ્ઞાની હીનતા હોય ત્યારે સાધુને એવો વિચાર આવે કે હું કાંઈ જાણતો નથી, મૂર્ખ છું, મારો પરાભાવ થાય છે. તે પ્રજ્ઞા પરીષહ છે. અથવા શ્રુતજ્ઞાનની વિશિષ્ટતા આત્મામાં થવાથી તે સમયે તે સાધુને તેનો મદ થાય કે હું વિશિષ્ટ જ્ઞાનસંપન્ન છું. પ્રત્યેક વ્યક્તિ મારી પાસે પોતપોતાની જિજ્ઞાસાનું સમાધાન કરવા આવે છે. તે પ્રજ્ઞા પરીષહ છે. આ રીતે પ્રજ્ઞાનો ઉત્કર્ષ અને અપકર્ષના ભેદથી આ પરીષહ બે પ્રકારનો છે. પ્રજ્ઞાનો અપકર્ષ હોય ત્યારે સાધુ એવું વિચારે કે મારા જ્ઞાનાવરણીયાદિક કર્મોનો કેટલો તીવ્ર ઉદય છે કે જ્ઞાનના સાધન હોવા છતાં પણ મને જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકી નથી. મારા જ કરેલાં કર્મ છે એથી મારે જ ભોગવવા પડશે. આવી પરિણતિથી આત્મા પ્રજ્ઞાપરીષહને ધૈર્યપૂર્વક સહન કરી શકે છે. પ્રજ્ઞાનો પ્રકર્ષ હોય ત્યારે એમ વિચારે કે જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ છે. જો તેનો મદ કરીશ તો નવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થશે અને એનો જ્યારે ઉદય થશે ત્યારે યથાર્થ જ્ઞાનથી પણ હું વંચિત થઈ જઈશ. મતિશ્રુતરૂપ પરોક્ષ જ્ઞાનને આશ્રિત આ બંને પ્રકારના પરીષહોને સાધુએ સહન કરવા આવશ્યક છે.

જેવી રીતે પુષ્પદંતાચાર્યના ભદ્રમતિ નામના મંદમતિ શિષ્યને એકની એક ગાથા ગોખતાં વર્ષો વીતી ગયા છતાં તેઓએ ખેદ કર્યા વગર ધૈર્યપૂર્વક પ્રજ્ઞાપરીષહ સહન કરતાં કરતાં પ્રશસ્ત ધ્યાનથી ક્ષપક શ્રેણી પર આરુઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(૨) **અજ્ઞાન પરીષહ** : અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ જ્ઞાન છે તેના અભાવ રૂપ આ પરીષહ છે. મુનિએ પોતાના આત્મા માટે એવો વિચાર કરી ખેદ ન પામવું જોઈએ કે હું મોક્ષમાર્ગમાં જ વિચરણ કરી રહ્યો છું છતાં મને હજી સુધી અવધિ, મનઃપર્યવ રૂપ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી તો આ ધર્માચરણ કરવાથી મને શું લાભ થયો ? અથવા અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તો થયું પણ હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનની પ્રાપ્તિના અભાવમાં વિષાદ ન કરવો જોઈએ. આનું જ નામ અજ્ઞાન પરિષહને જીતવો એ છે.

**વેદનીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) દુઃખ=પીડારૂપ પરિણામ, (૨) શોક=ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી થતો ખેદ, (૩) તાપ=કોઈ અનુચિત કાર્ય થઈ ગયા પછી જ્યારે નિંદા આદિ થાય અથવા એનો ભય રહે તો સંતાપ થવો, (૪) આક્રંદન= અશ્રુપાત કરવો, (૫) વધ=દશ પ્રકારના પ્રાણોમાંથી કોઈના એકપણ પ્રાણ નષ્ટ કરવાની પ્રવૃત્તિ, (૬) પરિદેવન=જોર જોરથી રડવું. આ છએ કારણ ત્રણ પ્રકારે થાય. સ્વને વિષે, પરને વિષે તથા ઉભયને વિષે. તેમ થવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે. સાધના દરમિયાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો ૧૧ પ્રકારના આવે.

**(૧) ક્ષુધા પરીષહ :**

*'પથિકને માટે જરા સમાન કોઈ દુઃખ નથી,*
*ગરીબી જેવો કોઈ અનાદર નથી,*
*મરણ સમાન કોઈ ભય નથી અને*
*ક્ષુધા સમાન કોઈ વેદના નથી.'*

ભૂખ રૂપનો નાશ કરે છે, સ્મૃતિનો ધ્વંશ કરે છે. પાંચ ઇંદ્રિયોની શક્તિઓને ક્ષીણ કરે છે. ક્લેશના પરિણામોને જાગ્રત કરે છે. ધૈર્યને જડમૂળથી ઉખેડી નાખે છે. છેલ્લે છેલ્લે આ ભૂખ પ્રાણીઓના પ્રાણોનું પણ હરણ કરે છે. સઘળા સદગુણોનો નાશ કરે છે.

સમસ્ત પરીષહોમાં ક્ષુધા પરીષહ સૌથી દુષ્કર છે. (સાધુ) ભિક્ષુ ક્ષુધા સંતોષવા માટે ગૌચરીએ જાય ત્યારે શાસ્ત્રમાં બતાવેલ ૪૨ દોષરહિત એવી ભિક્ષા ગ્રહણ કરે. કોઈ વખત અંતરાય કર્મના ઉદયે શાસ્ત્રાજ્ઞાનુસાર નિર્દોષ ગોચરી પ્રાપ્ત ન થાય ત્યારે વેદનીય કર્મના ઉદયથી ક્ષુધાપરીષહ સહન કરવો પડે છે. તે સમયે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દોષિત ગોચરી ગ્રહણ ન કરે. ભૂખથી પીડાવા છતાં સાધુ એષણા સમિતિમાં દોષ ન સેવે કિન્તુ દીન બન્યા વિના અપ્રમત્તપણે નિર્દોષ આહારાદિ માટે ફરે.

*'પહેલા આદિ જિનેશ્વર સમરીએ વર્ષ એક ફર્યા નિત્ય ગોચરીએ,*
*નહિ ભોજન જલ મલિયું જરીએ, જુઓ અનંતરાય કર્મની એવી ગતિ.'*

સાધકાત્મા મનમાં ખિન્નતા ન આણે પરંતુ એવો ભાવ કરે કે જો યોગ્ય ગોચરી મળશે તો સંયમની વૃદ્ધિ અને જ્ઞાનની આરાધના થશે અને જો નહિ મળે તો તપની વૃદ્ધિ અને ક્ષુધાવેદનીય કર્મનો ક્ષય થશે.

(૨) **તૃષા પરીષહ :** ક્ષુધા શાંત કરવા આહાર કર્યા પછી તરસ લાગે. તરસને સહન કરવી જોઈએ. ગામાકર, નગર વગેરેથી બહારના રસ્તા ઉપર વિચરતા સાધુને માર્ગમાં તરસ લાગે ત્યારે સાધુ ભગવંત દોષરહિત અચેત પાણી જ વાપરે. તે ન મળે તો તૃષા સહન કરે પરંતુ ગમે તેટલી તીવ્ર તરસ લાગી હોય તો પણ દોષથી યુક્ત કે સચિત્ત કે અચેત હોવા છતાં અદત્ત પાણી વાપરે નહિ. અદીન બની રહે. પરંતુ એ પાણી વાપરવાની મનમાં ઈચ્છા પણ સેવે નહિ.

**શીત પરીષહ :** જ્યારે શીતકાળ એટલે કે હેમંત અને શિશિર ઋતુ હોય ત્યારે ખૂબ ઠંડી પડે છે, ત્યારે દુર્બળ શરીરવાળાને, સ્નિગ્ધાહાર, તૈલમર્દન આદિના ત્યાગથી ધૂસર શરીરવાળા મુનિને ઠંડીથી બહુ પીડા થાય છે. ઠંડા પવનના સ્પર્શથી શીતપરીષહ આવે છે. ત્યારે સાધકાત્માઓ ઠંડીથી બચવા માટે પોતાના વસ્ત્રની મર્યાદા ઉપરાંત વધુ વસ્ત્રો, કામળા, કામળી રાખે નહિ કે અકલ્પનીય વસ્ત્રો ગ્રહણ કરે નહિ. અગ્નિની સહાય પણ ન લે. પોતાના મનને સ્થિર અને સ્વસ્થ રાખીને શીત પરીષહનો પ્રબળતાપૂર્વક સામનો કરે.

(૪) **ઉષ્ણ પરીષહ :** ગ્રીષ્મ જ્યારે સૂર્યના પ્રખર કિરણોથી પ્રબળ તાપની વર્ષા વરસે છે ત્યારે તેનાથી તપી ગયેલી ધૂળ અને પાષાણવાળી ભૂમિ પર ચાલવાથી થતા કષ્ટથી, ગરમ થયેલા વાયુની લૂથી, અથવા દાહજવર આદિથી થનાર આંતરિક તાપથી અને અત્યંત ગરમીથી અતિશય પીડિત સાધુ ગભરાય નહિ. શીતળ પવન આદિનો સંયોગ મળવાથી શાંતિ થાય એવા ભાવ ન કરે, કે ન તે ભીના કપડાંથી લૂંછે. શરીર ઉપર વીંઝણા વગેરેથી પવન પણ ન નાખે. પરંતુ તેનાથી ગભરાયા વગર સમભાવે ઉષ્ણ પરીષહ સહન કરે.

(૫) **દંશમશક પરીષહ :** ચોમાસાના સમયમાં ડાંસ, મચ્છર, માખી, માકડ વગેરેની ઉત્પત્તિ થાય છે. તે શરીર પર બેસીને પીડા કરે છે. વેદનીય કર્મનો ઉદય હોય ત્યારે સાધક આત્મા તેના દ્વારા પીડિત થાય છે છતાં સમભાવથી સહન કરી લે. કષાયભાવ ન લાવે ચિત્તમાં ઉદ્વેગ ન લાવે. એક સ્થાનથી બીજે સ્થાન ન જાય. ડાંસ મચ્છરને પોતાના શરીર પરથી હટાવે નહિ. તેના કરડવાથી મનને કલુષિત કરે નહિ. અને વચનાદિકને પણ પ્રદુષ્ટ ન કરે. અને તે જીવો વિષે મનથી પણ અશુભ ન ચિંતવે. માધ્યસ્થભાવ રાખે.

(૬) **ચર્યા પરીષહ :** ગ્રામાનુગ્રામ વિહાર કરવો તેનું નામ ચર્યા છે. ચર્યા સાધુનો કલ્પ છે. પણ આ કલ્પ કષ્ટદાયી હોવાથી સહન કરવો પડે છે. ચાતુર્માસ કલ્પને છોડીને મુનિ માટે એક સ્થળે સ્થિર રહેવું જૈનશાસનની આજ્ઞાથી બહાર છે. પ્રાસુક એષણીય આહારથી પોતાનો નિર્વાહ કરવાવાળા મુનિ ક્ષુધા, તૃષા આદિ પરીષહોને જીતતા રાગદ્વેષથી રહિત બનીને ગામ નગર નિગમમાં સમુદાય સાથે કે એકાકીપણે વિચરે છે. પોતાના કલ્પનું પ્રમાદથી આચરણ ન કરવું તે પરીષહજનિત પરાજય છે માટે પ્રમાદનો ત્યાગ કરીને અનિયતવાસ કરવાવાળા અપ્રતિબંધ વિહારી મુનિ આસક્તિરહિત બનીને વિચરવારૂપ ચર્યા કરવાથી ચર્યા પરીષહ જીતે છે.

(૭) **શય્યા પરીષહ :** વિહારમાં કે ચાતુર્માસ દરમ્યાન પોતાને બેસવા કે સૂવા માટે મળેલી જગ્યા (શય્યા) ઊંચીનીચી હોય, બહુ તડકો, તાપ, ટાઢ કે પવનવાળી જગ્યા હોય તો પણ તે માટે મનમાં જરાપણ ઉદ્વેગ ન આણવો અને ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રસન્નચિત્તથી તેનો સ્વીકાર કરી લેવો તે શય્યા પરીષહ છે. અનુકૂળ કે પ્રતિકૂળ સ્થાનમાં રાગદ્વેષ કરે છે તે પાપદૃષ્ટિ મુનિ સમતાભાવ રૂપ, મર્યાદાનો નાશ કરીને સંયમથી પતિત થઈ જાય છે. માટે મુનિ સમભાવે શય્યા પરીષહ સહન કરે.

(૮) **વધ પરીષહ :** વધ-તાડન, તર્જન, હનન કોઈ દુષ્ટ વ્યક્તિ આવેશમાં આવીને મુનિરાજને લાકડી આદિનો પ્રહાર કરીને, માર મારીને, ગદડાપાટુ કરીને તાડન કરે ત્યારે મુનિ ક્રોધથી તપી ન જાય, મનને દૂષિત પણ ન કરે. પરંતુ તે સાધુ ઉત્તમ ક્ષમાદિરૂપ કર્તવ્યનો તથા આત્મસ્વરૂપનો વિચાર કરે કે ક્ષમા એ જ ધર્મ છે. આ તો મને પૂર્વોપાર્જિત કર્મોનું ફળ મળી રહ્યું છે. એમાં એ બિચારાનો કોઈ જ દોષ નથી. આમ પ્રતિકારની ભાવના ન રાખે પણ તેના માટે કરુણા ઉપજે કે આજે મને નિમિત્ત બનાવીને તે કર્મોનો ઉપચય કરે છે. મુનિ વિચારે કે આ શરીર પુદ્‌ગલનું છે મારો આત્મા તેનાથી ભિન્ન છે. તે અજર અમર છે.

(૯) **રોગ પરીષહ :** વાત, પિત્ત અને કફ એ ત્રણની વિષમતાથી થતા રોગ તેમ જ વેદનીય કર્મના ઉદયથી શ્વાસ આદિ ૧૬ પ્રકારના રોગ સંબંધી દુઃખ ઉત્પન્ન થાય છે. તેને સાધકાત્મા શાંતિપૂર્વક સહન કરે. તે એવી રીતે કે હું આ સમયે જે વ્યાધિથી પીડિત થઈ રહ્યો છું એ મારા પૂર્વ ભવના કરેલાં કર્મનો બદલો છે. અશુભ કર્મોનું ફળ છે. તેને સહન કરે. નિરવદ્ય ચિકિત્સા ઈચ્છે તો કરાવે અને ન ઈચ્છે તો ન કરાવે. કદાચ ઔષધ કરે તોય સંયમના જ ધ્યેયથી કરે. પોતાના અશુભ કર્મ ભોગવાઈ રહ્યા છે એમ ચીંતવી રોગ સહન કરી લેવો જોઈએ.

(૧૦) **તૃણસ્પર્શ પરીષહ :** મુનિને તેલ આદિનું માલીશ કરવાનું વર્જિત હોવાથી અને અનશન આદિ તપ કરવાનું હોવાથી તેમનું શરીર રૂક્ષ અને કૃશ થઈ જાય છે. રૂક્ષ શરીરમાં લોહી ઓછું હોવાથી દર્ભાદિક તૃણના આસન અથવા પથારીમાંની ઘાસની અણીઓ વાગે અથવા સૂતાં બેસતાં ખરબચડી જમીનનો કઠણ સ્પર્શ થાય ત્યારે વેદના થાય છે. તથા ગરમીના કારણે શરીરમાં જે પરસેવો થાય છે તે તૃણસ્પર્શથી ઉત્પન્ન થયેલા ઘાવમાં લાગે ત્યારે અધિક વેદના થાય છે. ત્યારે સાધુનું કર્તવ્ય છે કે તેણે ચિત્તમાં સમતા, સ્વસ્થતા, ધારણ કરવી જોઈએ કે જેથી નવા અશુભ કર્મ બંધાય નહિ અને

ઉદયમાં આવેલ અશુભ કર્મો ભોગવાઈ જાય તે સિવાય અન્ય અનંત કર્મોની નિર્જરા થાય.

**(૧૧) મેલ પરીષહ :** મેલ એ તો સાધુની શોભા છે, કારણકે સ્નાન પરિત્યાગ રૂપ મર્યાદામાં મુનિ રહે છે. ઉનાળાની ઋતુમાં તથા શરદકાળ અને વર્ષાકાળમાં ઉષ્ણ સ્પર્શ દ્વારા ઉત્પન્ન થયેલા પરસેવાથી શરીરનો મેલ ઢીલો પડે છે અને શરીરથી છૂટો પડે છે. ફરી એ જ સ્થળે ઉડતી રજ આવીને ચોંટે છે. તેનાથી શરીરમાં આકુળતા થતી રહે છે. છતાં પણ મારા આ મેલનું નિવારણ કેમ અને ક્યારે થશે એવો વિચાર કરી વિલાપ ન કરે. પણ એવું ચિંતવન કરે કે આ શરીર તો અશુચિથી ભરેલું–અશુચિનું જ બનેલું છે. તો હજારોવાર સ્નાન કરવા છતાં પણ એમાં નિર્મળતા આવવાની નથી તો એવી સાવદ્ય ક્રિયાઓની અભિલાષા શા માટે રાખવી? વળી હું – આત્મા તો સદાને માટે પવિત્ર જ છું. શરીર અને આત્મામાં અંતર છે તો હું સ્નાનાદિથી મેલ કાઢી કોની શુદ્ધિ કરું. આત્મા પવિત્ર હોવાથી એની શુદ્ધિ કરવાનો પ્રયાસ વ્યર્થ છે. હા, આત્મા કર્મથી મલિન થાય છે તો તે મલિનતા દૂર કરવા ઉદયમાં આવેલા કર્મને ભોગવીને દૂર કરું અને સમભાવે સહન કરીને અનંત કર્મની નિર્જરા કરું.

**મોહનીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

સર્વ કર્મનો રાજા મોહનીય કર્મ છે. જે કર્મ આત્માને મોહિત કરે છે અર્થાત્ સારા નરસાના વિવેકથી શૂન્ય બનાવી દે છે તે મોહનીય કર્મ. તેના મુખ્ય બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. કેવળી ભગવાન, શ્રુત, ચતુર્વિધ સંઘ, પંચમહાવ્રતોના ત્યાગ રૂપ ધર્મ અને ચાર પ્રકારના દેવ–આ બધાના અવર્ણવાદ એટલે કે અસદ્ભૂત દોષોનું આરોપણ કરાવવાળા જે ભાવ થાય તે તીવ્ર પરિણામ કહેવાય. તેનાથી દર્શનમોહનીય કર્મનો બંધ થાય છે. (૧) જે કર્મ તત્ત્વ રુચિરૂપ સમ્યક્ત્વમાં બાધક તો ન હોય પરંતુ આત્મ સ્વભાવરૂપ ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ થવા ન દે, જેનાથી સૂક્ષ્મ પદાર્થોનું સ્વરૂપ વિચારવામાં શંકા ઉત્પન્ન થાય, સમ્યક્ત્વમાં મલિનતા આવી જાય, ચલ મલ અગાઢ દોષ ઉત્પન્ન થઈ જાય તે સમ્યક્ત્વ મોહનીય કર્મ. (૨) જેના ઉદયથી જીવને તત્ત્વના યર્થાથ સ્વરૂપની રુચિ ન થાય, તત્ત્વ પર શ્રદ્ધા ન થાય તે મિથ્યાત્વ મોહનીય કર્મ (૩) જિન પ્રણિત તત્ત્વમાં રુચિ પણ ન હોય અને અરુચિ પણ ન હોય, શ્રદ્ધા ન હોય અને અશ્રદ્ધા પણ ન હોય તે મિશ્ર મોહનીય કર્મ. રાગદ્વેષ અથવા ક્રોધ, માન, માયા, લોભ આદિથી વશીભૂત થઈને જીવના એવા પરિણામ થઈ જાય છે કે જેનાથી તે ધર્મ કે ધર્મના સાધનોને પણ નષ્ટ કરવા લાગે છે અથવા એમાં અંતરાય ઉત્પન્ન કરે છે. વ્રતપાલનમાં શિથીલ બનાવી દે છે. આવા ભાવને તીવ્ર પરિણામ કહેવાય છે. તેનાથી ચારિત્ર મોહનીય કર્મનો બંધ થાય છે. આ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સાધકને ૭ પરીષહ આવે છે.

**(૧) અચેલ પરીષહ :** જિનકલ્પી સાધુ અને દિગંબર સાધુ નિર્વસ્ત્ર જ હોય છે. બાકીના સાધુઓ પ્રમાણોપેત તથા અલ્પમૂલ્યવાળા વસ્ત્રોને ધર્મબુદ્ધિથી જ પરિધાન કરે છે, મૂર્છા ભાવથી નહિ. તેથી તે અચેલક તુલ્ય જ છે. સાધુના વસ્ત્રો જીર્ણ શીર્ણ થઈ ગયા હોય કે ચોર વગેરે કોઈ ઉઠાવી ગયા હોય ત્યારે તે લજ્જા, ચિંતા, ખેદ કરે નહિ. મનમાં ક્ષોભ કે હીનતાનો ભાવ આવવા દે નહિ. જે પરિસ્થિતિ ઊભી થાય છે તે પૂર્વે બાંધેલ કર્મનું જ ફળ હોય છે માટે રાગદ્વેષ ન કરે કે કુવિકલ્પ ન કરે.

**(૨) અરતિ પરીષહ :** સંયમ વિષયક અપ્રીતિનું નામ અરતિ છે. મોહનીય કર્મના ઉદયથી થનારી સંયમ અરુચિરૂપ આત્મ પરિણતિનું ફળ ચીકણા કર્મબંધ રૂપ છે. તેનાથી જીવનું ચતુર્ગતિ રૂપે સંસારમાં પરિભ્રમણ થાય છે એમ સમજીને આ અરતિને સાધુએ મનથી પણ હટાવવી જોઈએ અને સ્વાધ્યાય અને શુભ ધ્યાનમાં પોતાની આત્મપરિણતિને જોડવી જોઈએ. અરતિ પરીષહ જીતવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા વગર મુનિ અવસ્થા આવતી નથી.

**(૩) સ્ત્રી પરીષહ :** સ્ત્રી પર્યાય નિંદનીય, પરાધીન પર્યાય છે. બ્રહ્મચર્યનો ભંગ કરવા આદિની અપેક્ષાથી દુરાચારી છે. સ્ત્રી તરફના રાગપૂર્વક ગમન, વિલાસ, હાસ્ય, ચેષ્ટા તથા ચક્ષુનો વિકાર, કટાક્ષ આદિના અવલોકનથી પુરુષોમાં વિષયાસક્તિ રૂપ રાગ ઉત્પન્ન થાય છે. તે વિષયરાગ ઉત્પન્ન થવાથી પુરુષ તેને વશીભૂત બની જાય છે. ચારિત્રની મર્યાદામાં રહેવાવાળા મુનિ બ્રહ્મચર્ય રૂપ આરામ ઉદ્યાનમાં જ વિચરણ કરે. બ્રહ્મચર્ય વ્રતનું નવવાડથી રક્ષણ કરવું જોઈએ. આ સ્ત્રી પરિષહ અનુકૂળ પરીષહ છે. આ પરીષહથી ન આકર્ષાતા ચિત્તને દઢતાથી ચારિત્રશુદ્ધિમાં એકાગ્ર કરી દેવું જોઈએ અને સ્ત્રી પરીષહને જીતવો જોઈએ.

**(૪) નિષદ્યા પરીષહ :** પાપકર્મોની અને ગમનાદિ ક્રિયાઓની નિવૃત્તિરૂપ નિષેધ જેનું પ્રયોજન હોય તે નૈષેધિકી છે અથવા નિષદ્યા. એ કાયોત્સર્ગની ભૂમિ સ્વરૂપ કે સ્વાધ્યાયની ભૂમિ સ્વરૂપ હોય. એટલે કે સ્વાધ્યાય કરવા માટે અથવા કાયોત્સર્ગ કરવા માટે સ્ત્રી-પશુ-પંડક રહિત સ્મશાન આદિને આસન માનીને નિર્ભયતાપૂર્વક શરીરના મહત્ત્વ રહિત તે મુનિ ત્યાં રહે અને ઉપસર્ગ વગેરે સઘળું સહે. પરંતુ એક સ્થાનથી બીજા સ્થાન પર ન જાય. ઉપસર્ગ મારું શું કરી શકવાના છે? નિશ્ચલ ચિત્તે એવો વિચાર કરી સહન કરે.

**(૫) આક્રોશ પરીષહ :** આક્રોશવચન એટલે અસભ્ય વચન. સાધુ ભગવંતોનો વેશ એવો છે કે તે જોઈને જ કૂતરા ભસે. અજ્ઞાનીઓ અપમાન કરે, પરધર્મી મનુષ્યો કઠોર વચન કહે. કોઈ તુચ્છકારે, કોઈ આળ ચઢાવે કે અપશબ્દ બોલે, કોઈ દંભી, પાખંડી કહી ગુસ્સો કરે. આવા દુર્વચનો કે જે ક્રોધરૂપી અગ્નિ ઉત્પન્ન કરનાર

હોય છે, તે સાંભળી તેનો પ્રતિકાર કરવામાં સમર્થ હોય પણ મુનિ પોતાના અશુભ કર્મનો ઉદય છે એમ સમજીને પોતાના હૃદયમાં ક્રોધને સ્થાન ન આપે. સમભાવથી સહન કરી લે. તેથી આક્રોશ પરીષહ પર વિજય પ્રાપ્ત કરે છે

**(૬) યાચના પરીષહ :** ગૃહરહિત અણગારની સમસ્ત વસ્તુઓ યાચિત જ હોય છે. માટે સંયમ જીવન ઘણું દુષ્કર છે. સાધુજીવનમાં ગોચરી, ઔષધ, ઉપકરણ વગેરેની યાચના કરવાના પ્રસંગે અભિમાન, ક્ષોભ કે લજ્જાનો ભાવ આણવો ન જોઈએ. વિનમ્રતાથી યાચના કરવી જોઈએ. વળી આવશ્યકતા વિના માગવાના સ્વભાવવાળા પણ ન બની જવું જોઈએ. એથી આત્માનું સત્ત્વ હણાય છે. તૃષ્ણા કે વાસના વધે છે. સંયમશીલ સંકોચ ચાલ્યો જાય છે. માગવામાં શરમ આવવાથી ગૃહસ્થાશ્રમને સારો માને તો તે પણ ઠીક નથી, કારણકે ગૃહસ્થાશ્રમ ઘણા સાવદ્ય કર્મોથી ભરેલ છે.

**(૭) સત્કાર પુરસ્કાર પરીષહ :** અન્ય દ્વારા વસ્રપાત્રાદિના આપવારૂપ સત્કાર અને અભ્યુત્થાન, આસન પ્રદાન તથા વંદના આદિ કરવા રૂપ પુરસ્કાર. આ બન્ને પ્રકારનો પરીષહ છે. સાધુને સત્કાર પુરસ્કારની પ્રાપ્તિ હોવાથી ગૃદ્ધિ અને તેના અભાવમાં દ્વેષ ન કરવો જોઈએ. વસ્રપાત્રાદિકનો લાભ હોય અગર ન હોય, કોઈ વંદના આદિ કરે કે ન કરે એ તરફ લક્ષ ન આપવું અથવા આ વિષયમાં હર્ષ વિષાદ ન કરવો. સ્વાગત માટે કોઈ ન આવે તો ખેદ ન થવો જોઈએ અને બહુ બધા આવે તો ગર્વ ન કરવો જોઈએ. ગમો અણગમો થાય નહિ તો તે બન્ને પ્રકારના પરીષહને જીતી શકાય.

દર્શન મોહનીય કર્મના ઉદયથી સાધુ જીવનમાં ૧ પરીષહ આવે છે

**(૧) દંસણ પરીષહ :** દંસણ પરીષહને સમ્યક્ત્વ પરીષહ પણ કહે છે અને અદંસણ પરીષહ પણ કહેવાય છે. તેનો અર્થ થાય છે શ્રદ્ધામાંથી ચલાયમાન કરવા માટેનો પ્રયત્ન. શરીર અને મનનું બળ કેળવેલું હશે તો ગમે તે વ્યક્તિ કે પ્રસંગ ઊભો થાય તો પણ સુદેવ, સુગુરુ, સુધર્મમાં રહેલી શ્રદ્ધા ડગે નહિ. દેવતાના ડગાવ્યા ડગે નહિ. ચળાવ્યા ચળે નહિ. ક્રિયાવાદી આદિ અનેકવિધ સિદ્ધાંતોને શ્રવણ કરવાથી તર્કવિતર્ક ઉભા થાય પરંતુ અડગ શ્રદ્ધા ધરાવનારને- સમકિતીને- સાધક આત્માને તર્કવિતર્ક થાય નહિ અને પોતાની શ્રદ્ધામાં દૃઢ રહે.

આ ૨૨ પરીષહોને સાધક આત્મા સહન કરીને, કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે. જ્યારે પરીષહ આવી પડે ત્યારે તેની પ્રત્યે મિત્રબુદ્ધિથી જુએ અને પોતાના ઉપર ઉપકાર થઈ રહ્યો છે એવી ઉપકારબુદ્ધિથી વિચરે.

અંતરાય કર્મના ઉદયથી ૧ પરીષહ આવે છે. તે છે

**(૧) અલાભ પરીષહ :** સાધુ જ્યારે ગૃહસ્થના ઘરે જાય અને આહારાદિકની યાચના કરે તો લાભાંતરાય કર્મનો ઉદય હોય તો સાધુને આહારનો લાભ ન થાય ત્યારે તે પોતાના આત્માને કલુષિત ન કરે. અભિલાષિત વસ્તુની અપ્રાપ્તિથી મનમાં વિકૃતિ લાવે નહિ. સમચિત બની રહે તેનાથી અલાભ પરીષહ જીતી જવાય છે.

ધર્મપ્રાપ્તિમાં મોટામાં મોટી દખલગીરી રૂપ કોઈ કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ છે. જીવ ખૂબ માર ખાઈને તડકા તાપ વેઠીને નરકના ઘોર દુઃખો ભોગવીને બાળતપ વગેરે કરીને ગમે તે રીતે મોહનીય કર્મની સ્થિતિ કપાઈને અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ થાય ત્યારે જ સમ્યક્ત્વભાવ થાય છે. આ સ્તરે પહોંચતા જે કષ્ટ સહન કર્યા તે કષ્ટો જ કહેવાશે પરીષહ નહિ કહેવાય. જ્યારે જીવ મોક્ષ માર્ગની સાધના શરૂ કરશે ત્યાર પછી જ કર્મોના ઉદય પ્રમાણે પરીષહરૂપ કસોટી થાય છે. અને કર્મોની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી.

**ગુણસ્થાનવર્તી જીવોના પરીષહો**

**૧થી ૪ ગુણસ્થાનવર્તી :** આ જીવોને ૨૨ પરીષહો હોય પણ તે દુઃખરૂપ હોય છે નિર્જરારૂપ નહિ.

**૫થી ૯ ગુણસ્થાનવર્તી :** બાદર કષાયયુક્ત આ જીવો અષ્ટવિધ કર્મબંધક હોય કે સપ્તવિધ બંધક હોય, ઉપશમક હોય કે ક્ષપક હોય તેઓને ૨૨ પરીષહોનો સંભવ છે. એક કાળમાં એક જીવ અધિકમાં અધિક **૨૦ પરીષહ**નું વેદન કરી શકે છે કારણકે પરસ્પર વિરોધી એવા શીત અને ઉષ્ણમાંથી એક અને ચર્યા અને શય્યા પરીષહમાંથી એકનું જ વેદન થાય છે.

**૧૦, ૧૧, ૧૨ ગુણસ્થાનવર્તી :** જ્યાં લોભ કષાય અત્યંત મંદ છે અથવા મોહનીય કર્મ શાંત અથવા ક્ષીણ થઈ ગયું છે તે જીવોને મોહનીય કર્મ નિમિત્તના **૮ પરીષહો** વર્જીને ૧૪ પરીષહ લાભે છે.

**૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી :** માત્ર વેદનીય કર્મના નિમિત્તવાળા ૧૧ પરીષહ લાભે અને એક સમયે વધુમાં વધુ ૮ પરીષહો વેદે.

સાધુ ભગવંતોએ બધા પરીષહો સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઈએ. તેમને માટે પરીષહ આર્ત કે રૌદ્રધ્યાનનું નિમિત્ત ન બનવા જોઈએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ પરનો વિજય સરળ થતો જાય. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી મન વચન કાયાનું બળ મળે અને તેનાથી પરીષહને જીતી લે.

* * *

*સાધુ ભગવંતોએ બધા પરીષહો સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઇએ. પરીષહ આર્ત કે રૌદ્રધ્યાનનું નિમિત્ત ન બનવા જોઇએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ પરનો વિજય સરળ થતો જાય. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી મન વચન કાયાનું બળ મળે અને તેનાથી પરીષહને જીતી લે.*

૨૯૬, જાદવજી ભુવન, ભીમાણી સ્ટ્રીટ, માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯. મોબાઈલ : ૦૯૮૯૨૧૧૭૭૭૮

# જૈન ધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ

☐ ડૉ. મધુબહેન જી. બરવાળિયા

*[ ડૉ. મધુબેન બરવાળિયા હિંદી સાહિત્યમાં એમ. એ., પીએચ. ડી. છે. મહિલા મંડળ આદિનું નેતૃત્વ કરે છે અને જૈન સાહિત્ય સમારોહમાં સંશોધનપત્ર રજૂ કરે છે. ]*

કર્મવાદ અને પુનર્જન્મ પર દરેક દર્શન, વૈજ્ઞાનિકો, ફિલોસોફર, આધ્યાત્મિક ગુરુ, સંતો, વિચારકો દ્વારા પ્રાચીન સમયથી આજ દિન સુધી નવા નવા વિચારો, સંકેતો મળતા રહ્યા છે. પુનર્જન્મ જેની સાથે જોડાયેલો છે તેવા અસીમ તત્ત્વ આત્માને વિષે તર્ક-વિતર્ક થયા જ કરે છે. એ અગોચર આત્માતત્ત્વ દરેક દર્શનમાં અનુભવાયું છે, દૃષ્ટિમાન થયું નથી. ગીતામાં આત્માની સાબિતી આપતા શ્લોક છે.

'विनाशमन्ययस्यास्य न कश्चित कर्तुं मर्हति ।'

અવિનાશીનો વિનાશ કરવા કોઈ શક્તિમાન નથી. ચેતના એ આત્માનું લક્ષણ છે. જડ પદાર્થથી અને જીવ ચેતન તત્ત્વથી ઓળખાય છે. ચૈતન્યમય આત્મા છે તેનો કદી નાશ થતો નથી.

'नेनं छिदन्ति शस्त्राणि, नैनं दहति पावक:
नचैनम् कलेन्दयन्त्याप:, न शोषयति मारुत:'

આત્માને કોઈ પણ શસ્ત્ર છેદી શકતાં નથી, અગ્નિ આત્માને બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, પવન તેને સુકવી (શોષી) શકતો નથી.

શરીર જેને જૈનદર્શનની પરિભાષામાં પુદ્ગલનો પિંડ કહીએ છીએ એ નાશ પામે છે, પણ તેની સાથે રહલું આત્મતત્ત્વ જેને અજર-અમર-અવિનાશી કહેવાય છે તેનો જ કર્માનુસાર પુનર્જન્મ થયા કરે છે. જ્યાં સુધી તે કર્મમુક્ત થતો નથી ત્યાં સુધી જન્મ-મરણ થયા જ કરે છે. 'अजो नित्य: शाश्वतोयं पुराण:।' અર્થાત્ મનુષ્યનો આ આત્મા જન્મરહિત, મૃત્યુરહિત શાશ્વત અને નિત્ય છે.'

આત્મતત્ત્વ એ દરેક શરીરથી ભિન્ન અને અમર છે. તે સિદ્ધાન્ત વૈદિક પરંપરામાં પણ વિશેષ વ્યાપક થયો છે. પુનર્જન્મ વિશે હિન્દુ તત્ત્વવેત્તાઓ કહે છેઃ આત્મા ભૌતિક દૃષ્ટિએ જુદા જુદા દેહમાંથી પસાર થતો હોય છે અને આધ્યાત્મિક દૃષ્ટિથી કહીએ તો જુદી જુદી માનસિક ભૂમિકાઓમાંથી તે પસાર થતો હોય છે. વસ્તુતઃ નવો જન્મ લેતાં પ્રાણીઓ અને જીર્ણ થઈને મૃત્યુને વશ થતાં પ્રાણીઓને જોતાં પુનર્જન્મ જેવું ભાસિત થાય છે. જૈન સિદ્ધાન્તની દૃષ્ટિએ જન્મનું પ્રમાણ મૃત્યુના પ્રમાણની સાથે હંમેશાં મેળ રાખે છે, તેથી સર્વ સ્થળે જન્મ અને મૃત્યુની વૃદ્ધિ હ્રાસ હંમેશાં સમતોલ પ્રમાણમાં રહે છે. કહે છે સમગ્ર લોકમાં એક પણ જીવ વધતો નથી, એક પણ જીવ ઘટતો નથી. માત્ર પર્યાય બદલાય છે.

જૈનદર્શન કર્મવાદને વધુ મહત્ત્વ આપે છે. કર્મ પ્રમાણે આત્માની ગતિ બદલાતી જાય છે. આત્મા દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને **'તે નિત્ય'** છે. આવો આત્મા **'કર્મનો કર્તા'** પણ છે. કર્મની રજકણો સમગ્ર લોકમાં ઠાંસીઠાંસીને ભરી છે જેને આત્મા પોતાના મન, વચન, કાયાના ઉપયોગ દ્વારા સતત ગ્રહણ કરતો રહે છે. રાગાદિ ભાવોના ચુંબકીય તત્ત્વ દ્વારા કર્મરૂપી રજકણો આત્માને સતત ચોંટતા રહે છે. આ રજકણો કર્મના પરિપાક રૂપે આત્મા ભોગવ્યા જ કરે છે. પુનર્જન્મ થયા જ કરે છે. જ્યાં સુધી તે કર્મરહિત થઈ સિદ્ધગતિ પ્રાપ્ત ન કરે. ફલિત એ થાય છે કે આત્મ કર્મને (રજકણોને) પોતાના પર ચોંટાડવાની ક્રિયા કરતો હોવાથી (વિભાવમાં રહેવાથી) તે કર્મનો કર્તા છે અને જ્યારે એ રજકણો એના ફળ આપે ત્યારે આત્મા ભોગવે પણ છે માટે એ **કર્મનો ભોકતા** પણ છે.

કર્મવાદની જંજીરમાંથી મુક્ત થવાના જૈનદર્શનમાં ઉપાય પણ સચોટ બતાવ્યા છે. જેમ આત્મા કર્મનો કર્તા છે, ભોકતા છે, તો કર્મબંધનથી મુક્તિ થવાના અને **મોક્ષપ્રાપ્તિના ઉપાય** પણ છે. કર્મથી મુક્ત થવાનો માર્ગ જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો છે. એ છે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. આ ત્રણ અગ્નિની ભઠ્ઠી સમાન છે, જેમાં આત્મા સુવર્ણ કર્મરજથી છૂટો થઈ એકદમ શુદ્ધ બની જાય છે અને એ આત્માનો મોક્ષ સહજ થઈ જાય છે. આચાર્ય ઉમાસ્વાતિના ગ્રંથ તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યયનમાં જ એમણે મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરતાં કહ્યું છે-

'सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्ग:'

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્ચારિત્ર એ આત્માનો મોક્ષ માર્ગ છે, એટલે મોક્ષનો ઉપાય છે અને અંતે આત્મા અખંડ અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. આમ જૈનદર્શનમાં આત્મા અને કર્મવાદ અંગે આ છ પદ બતાવ્યાં છે. શ્રીમદ્

***જૈનદર્શન કર્મવાદને વધુ મહત્ત્વ આપે છે. કર્મ પ્રમાણે આત્માની ગતિ બદલાતી જાય છે. આત્મા દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને 'તે નિત્ય' છે. આવો આત્મા 'કર્મનો કર્તા' પણ છે.***

રાજચન્દ્રની આત્મસિદ્ધિમાં, તત્ત્વાર્થ સૂત્રમાં આગમ ગ્રંથોમાં બતાવ્યું છે કે આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોકતા છે. કર્મમુક્ત થવાના ઉપાયો છે અને આત્માનો મોક્ષ છે.

જિનેન્દ્ર પ્રભુએ વિશ્વદર્શનમાં સર્વે જીવાત્માઓનું દર્શન કર્યું. પોતે જે ઉચ્ચત્તમ આત્મસ્થિતિ પ્રગટ કરી એ જ સ્થિતિ દરેક જીવાત્માઓમાં અપ્રગટ રૂપે પડેલી છે. દરેક જીવાત્મા શુદ્ધ સ્વરૂપ પરમાત્મા જ છે, પરંતુ કાર્મિક રજકણોથી તેનું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. એના જ કારણે જીવાત્મા ભવભ્રમણમાં ભટક્યા કરે છે.

- હૃદયમાં સત્ય પ્રત્યેના કટ્ટર પક્ષપાતનો અભાવ (મિથ્યાત્વ).
- જીવમાં સત્યના જીવંત આચરણનો અભાવ (અવિરત).
- જીવાત્મામાં ઉત્પન્ન થતાં રહેતાં અતંદુરસ્ત ખળભળાટ (કષાય).
- મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ (યોગ).

અનંત કરુણાના કરનારા જિનેશ્વર દેવોએ કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે અને તે છે સુધર્મનું આચરણ.

જૈન દર્શનનો કર્મવાદ માને છે કે જીવાત્મા પર લાગેલાં કર્મો જ્યાં સુધી ભોગવાઈ ન જાય, કર્મોની નિર્જરા ન થાય ત્યાં સુધી એ જન્મ જન્માંતર આત્મા સાથે જ ચોંટેલા રહે છે. આમ જૈનદર્શનનો કર્મવાદ પુનર્જન્મને સ્વીકૃતિ આપે છે.

જૈનધર્મના ચોવીસ તીર્થંકરોના ચરિત્ર સહિત ત્રિષષ્ટિશલાકામાં પુરુષના ચરિત્રોમાં આ મહાપુરુષોના અનેક ભવની વાત આવે છે. ઉપરાંત જૈન કથાનુયોગમાં પુનર્જન્મને સાંકળતી અનેક કથાઓ અંકિત છે. જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે,

- જ્ઞાનનો આધાર દેહ નથી.
- દેહથી પોતાનું સ્વતંત્ર તત્ત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે (આત્મા).
- દેહના નાશ સાથે એ તત્ત્વનો નાશ થતો નથી.

ગત જન્મોની સ્મૃતિ હકીકત આ ત્રણ વાત પુરવાર કરે છે. જૈનદર્શન આવી સ્મૃતિને જાતિસ્મરણ 'જ્ઞાન' કહે છે.

જૈન ધર્મ આત્મવાદી ધર્મ છે. આત્માને તે શાશ્વત માને છે, આથી પુનર્જન્મમાં તેને દૃઢ વિશ્વાસ છે.

પુનર્જન્મ એટલે આત્મા સાથે જ્યાં સુધી કર્મોથી સંલગ્ન છે ત્યાં સુધી આત્માનું પુનઃ પુનઃ દેહધારણ થયા કરે છે. મતલબ કે ફરી જનમ, ફરી મરણ. વારંવાર જન્મ-મરણ એટલે પુનર્જન્મ, ભવભ્રમણ.

નવજાત શિશુને સ્તનપાન કરવાનું કોણ શીખવે છે? કોઈ જ નહીં, છતાં ગતજન્મની આહારસંજ્ઞાના પ્રભાવે શિશુ ધાવણ માટે વલખે છે. પૂર્વજન્મની સંસ્કારજન્ય સ્મૃતિનું પરિણામ છે. તાજા જન્મેલા બાળકને સુખ-દુઃખની અનુભિતિ થાય છે, તે પણ તેના જન્મજન્માંતરના સંસ્કારને આભારી છે.

પુનર્જન્મ એ કર્મબદ્ધ જીવાત્માની અવસ્થાનું પરિવર્તન છે. આત્મા ક્યારેય મરતો નથી, મરે છે તેનો માત્ર દેહ. દેહ મરતા આત્મા એના સૂક્ષ્મ શરીર સાથે, પોતાના કર્માનુસાર બીજો જન્મ લેવા પ્રયત્નશીલ બને છે અને નવો જન્મ ધારણ કરી લે છે.

એવો એકાંતિક નિયમ નથી કે આ જન્મમાં કરેલા શુભ-અશુભ કર્મના ફળ આ જીવાતા જીવનમાં જ મળે. તેના ફળ તેને બીજા ભવોમાં પણ મળતાં હોય છે. કરેલાં કર્મના ફળ ભોગવવાં જ પડે છે. તે માટે પુનર્જન્મ થતો જ રહે છે.

પરલોક-પુનર્જન્મ આજના વિજ્ઞાનીઓ માટે સજ્જડ પુરાવાઓ સાથે પડકાર બન્યા છે. આ માટે આધુનિક વિજ્ઞાનીઓ પાસે પરામાનોવિજ્ઞાન Para Psychology નામનું વિશિષ્ટ વિજ્ઞાન છે. ભારતમાં અને વિદેશોમાં આ વિષય પર વિશદ અને મહત્ત્વપૂર્ણ સંશોધન થયાં છે, થઈ રહ્યાં છે અને ઘણા વિજ્ઞાનીઓ જાહેરમાં પુનર્જન્મનો સ્વીકાર કરી રહ્યા છે.

પુનર્જન્મની યાદના અનેક કિસ્સાઓ બન્યા છે. પુનર્જન્મની સત્ય ઘટનાઓ નોંધપાત્ર સંખ્યામાં બની છે. પૂર્વજન્મોની ઘટનાઓ આ જન્મમાં યાદ આવવી તેને જૈનદર્શન 'જાતિસ્મરણ જ્ઞાન' કહે છે. આ જ્ઞાનના હજારો પ્રસંગો ધર્મગ્રંથોમાં અને આજના અખબારો અને સામયિકોમાં ગ્રંથસ્થ થયાં છે.

જ્યૉર્જ બર્નાડ શૉ પ્રખર બુદ્ધિવાદી હતા. જગવિખ્યાત બ્રિટિશ નાટ્યકાર હતા. મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીની સાથેના એક વાર્તાલાપમાં એમણે કહ્યું હતું કે, 'મારી ભાવના આવતા ભવે ભારતના કોઈ જૈન પરિવારમાં જન્મ લેવાની છે.' આ વાર્તાલાપમાં પુનર્જન્મનો સિદ્ધાંત દૃષ્ટિગોચર થાય છે.

અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર પૂર્વ દેહ ધારણ થયો હોય અને તેનાં ચિન્હો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈ પણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ સંભવે છે; અથવા જાતિસ્મૃતિજ્ઞાનવાન કરતાં જેનું વિશેષ જ્ઞાન છે તે જાણે; અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના (અથવા સ્ત્રીના) સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે, વિશેષ કરીને આવ્યો છે તેને સંબંધ જણાવતાં કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આપે.

જે પુરુષો યોગધ્યાનાદિકના અભ્યાસબળ વડે સ્થિત હોય તેમાંના ઘણા પુરુષો ભવાંતર જાણી શકે છે, અને એમ બનવું એ કાંઈ કલ્પિત પ્રકાર નથી. જે પુરુષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે, હોય છે. કવચિત્ જ્ઞાનના તારતમ્ય ક્ષયોપશમ ભેદે તેમ નથી પણ હોતું; તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે, તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનને જાણે છે, ભવાંતરને જાણે છે. આત્મા નિત્ય છે, અનુભવરૂપ છે, વસ્તુ છે. ભગવતી સૂત્રમાં ભવાંતરનું વર્ણન કર્યું છે.

મતિની નિર્મળતાને કારણે પાછળના અને પછીના ભવનું જ્ઞાન સંભવી શકે છે તેમ બની શકે છે. વાદળાં વગેરેનાં ચિન્હો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ ભવની ચેષ્ટા પરથી તેના પૂર્વકારણ કેવાં હોવાં જોઈએ એ પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય તેમ જ ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશે વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

નવજાત, શિશુના હાસ્ય, કંપ અને રુદનના કાર્યો તેના વર્તમાન જીવનના કોઈ પણ શિક્ષણ કે અનુભવ વિના પણ થતાં જોવામાં આવે છે. આ કાર્યો તેનામાં ઉત્પન્ન થયેલાં હર્ષ, ભય અને શોકને પ્રદર્શિત કરે છે. જો અમુક અનુભવ પૂર્વનો ન માનીએ તો અનુકૂળ સંજોગોમાં હર્ષ, મોટો અવાજ આદિ થતાં, ભય અને ભૂખ લાગતાં શોકનો અનુભવ તેને ક્યાં કારણોથી સમજી શકાય? સ્તનપાન કરવાની ઈચ્છાથી પ્રેરાઈને જ તે શિશુ ભૂખની નિવૃત્તિ અર્થે સંકલ્પપૂર્વક પ્રવૃત્તિ કરે છે, જેથી આ કાર્ય ભૂખનિવર્તક છે એમ તેને પૂર્વ અનુભવ હોવો જોઈએ તેમ સાબિત કરે છે. આવા પૂર્વસંસ્કાર આ જન્મમાં તો પ્રાપ્ત થયા નથી, તે પૂર્વજન્મમાં પ્રાપ્ત થયા હોવા જોઈએ એમ સ્વીકારતાં પૂર્વજન્મ સાબિત થાય છે અને તેથી પુનર્જન્મ પણ આપોઆપ સાબિત થઈ જાય છે.

### પુનર્જન્મ દર્શાવતાં જીવનવૃત્તાંતો

પુનર્જન્મને દર્શાવતા અને પૂર્વભવનું સ્મરણ થયું હોય તેવા મનુષ્યોને લગતી અનેક વાતો અવારનવાર પ્રગટ થતી રહે છે અને માનસશાસ્ત્રીઓ Psychologists તથા વર્તમાનપત્રોના સંવાદદાતાઓ અનેક પ્રસંગોને રજૂ કરે છે. અહીં તો આપણે ત્રણ મનુષ્યોના જીવનપ્રસંગોનો ટૂંકમાં વિચાર કરીશું. જેઓની પ્રસિદ્ધિ પોતપોતાના ક્ષેત્રમાં, ભારતના જ નહિ પણ સમસ્ત વિશ્વના પ્રથમ પંક્તિના પુરુષોમાં થયેલી છે.

### પુનર્જન્મનાં વિશિષ્ટ દૃષ્ટાંતો

વિક્રમના સોળમાં સૈકામાં બિહારમાં શંકર મિશ્ર નામના એક વિદ્વાન કવિ થઈ ગયા. તેમના બાળપણનો આ પ્રસંગ છે.

એક વાર તેમના ગામ પાસેથી ત્યાંના રાજાની સવારી પસાર થઈ. સામાન્ય રીતે રાજાની સવારી જોવા સૌ માણસો જાય તેવો તે વખતે રિવાજ હતો એટલે તે પણ ગામની ભોગાળે જઈને ઊભો રહ્યો. તે વખતે શંકરની ઉંમર પાંચ વર્ષની હતી, પરંતુ શરીર ખૂબ સ્વરૂપવાન હતું. હાથી પર બેઠેલા રાજાની દૃષ્ટિ આ બાળક પર પડી. રાજાએ તે બાળકને સંસ્કૃતમાં પૂછ્યું, 'વત્સ! કેમ, એકાદ કવિતા સંભળાવી શકીશ?' બાળકે ઉત્તર આપ્યો, 'રાજન! મેં પોતે રચેલી સંભળાવું કે અન્યની રચેલી?' રાજાએ કહ્યું, 'તને કવિતા રચતાં પણ આવડે છે?' બાળકે ઉત્તર આપ્યો,

'बालोऽहं जगदानन्द न मे बाला सरस्वती ।
अपूर्णे पंचमे वर्षे वर्णयामि जगत्त्रयम् ।।'

'અર્થાત્ જગતને આનંદ આપનાર હે નરેશ! હું બાળક છું, પણ મારી વિદ્યા કાંઈ બાળક નથી. હજુ તો મને પાંચમું વર્ષ પણ પૂરું થયું નથી, પરંતુ હું ત્રણે લોકનું વર્ણન કરી શકું છું.'

આ શ્લોક સાંભળી હર્ષિત થયેલા રાજાએ બાળકને અન્ય દ્વારા રચાયેલું પદ સંભળાવવા કહ્યું. તે વખતે શંકર મિશ્ર, વેદની એક ઋચા બોલ્યો અને તેના પૂર્વાર્ધમાં સુંદર પદ રચી રાજાની સ્તુતિ કરી. પાંચ વર્ષની ઉંમર પૂરી થયા પહેલાં વેદની ઋચાનું જ્ઞાન અને સંસ્કૃત ભાષામાં ઉત્તમ કવિત્વ તેને કેવી રીતે પ્રાપ્ત થયું? વર્તમાન જીવનમાં તેવા પ્રકારના શિક્ષણના અભાવમાં પૂર્વભવના સંસ્કાર વડે જ તે પ્રાપ્ત થયું એમ ન્યાયથી માનવું પડે છે.

ગઈ સદીમાં આપણા દેશના મદ્રાસ રાજ્યમાં શ્રીનિવાસ રામાનુજમ્ નામના એક મહાપુરુષ થઈ ગયા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. અત્યંત નાની વયથી જ ગણિત પ્રત્યે તેમને અગાધ રુચિ હતી અને સૂઝ પણ અસામાન્ય હતી. પ્રસિદ્ધ અંગ્રેજ વૈજ્ઞાનિક જુલિયન હક્સલે (Jullian Huxely)એ તેમને આ સદીના સૌથી મહાન ગણિતકાર તરીકે બિરદાવ્યા છે. ભારતીય ગણિતજ્ઞ સોસાયટી સમક્ષ તેમણે રજૂ કરેલા સાઠ પ્રશ્નોમાંથી વીસ પ્રશ્નો હજુ અણઊકલ્યા જ રહ્યા છે. તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે ઈ. સ. ૧૯૧૭માં તેમને ઈંગ્લૅન્ડમાં Fellow of Royal Society માનદ્ બિરુદ એનાયત કરવામાં આવ્યું હતું.

કોઈ પણ પ્રકારની કેળવણી આ જન્મમાં પ્રાપ્ત કર્યા વગર પોતાની આગવી બુદ્ધિપ્રતિભાથી સમસ્ત વિશ્વના ગણિતજ્ઞોમાં સર્વશ્રેઠ પદવી પ્રાપ્ત કરનાર આ પુરુષનું જીવન તેના અદ્‌ભુત પૂર્વસંસ્કાર અને પૂર્વાભ્યાસને સ્વયં સિદ્ધ કરી દે છે.

મહાત્મા ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે ગણેલ શ્રીમદ્ રાજચંદ્રજી (કવિ રાયચંદભાઈ) પણ એક મહાસમર્થ પુરુષ થઈ ગયા છે. સાત વર્ષની ઉંમરે તેમને જાતિસ્મરણ જ્ઞાન (આગલા ભવોનું સ્પષ્ટ સ્મરણ) થયેલું. તેમણે દસ વર્ષની ઉંમરે લખેલી 'મોક્ષમાળા' મોટા મોટા પંડિતોના ગર્વને પણ ગાળી નાખે તેવા જ્ઞાનનો, નીતિનો, ન્યાયનો, સિદ્ધાંતનો, ભાષાસૌષ્ઠવનો, કવિત્વનો, વચનાતિશયનો, વિચારગાંભીર્યનો અને પૂર્વભવમાં તેમણે સાધેલી સાધનાનો સ્પષ્ટ પરિચય કારવી દે છે. તેઓએ પોતે જ કરેલાં કેટલાંક વિધાનો આપણને પુનર્જન્મની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

વર્તમાનમાં આપણે જે દેહમાં રહીએ છીએ તે દેહની અવધિ પૂરી થયે આપણું અસ્તિત્વ નષ્ટ નથી થતું અર્થાત્ આ શરીર છોડીને પણ બીજું શરીર ધારણ કરવું પડે છે એ હકીકતનો જે સ્વીકાર કરે છે તેને આસ્તિક કહેવામાં આવે છે અને પુનઃ દેહધારણરૂપ જે અવસ્થા તેને પુનર્જન્મ કહેવામાં આવે છે. ચાર્વાક (નાસ્તિક) દર્શન સિવાયના બધા જ આર્યદર્શનકારોએ એકમતે પુનર્જન્મ સિદ્ધાંતને સ્વીકારીને પોતપોતાના દર્શનોમાં તેની પુષ્ટિ કરી છે.

એક જ માતા-પિતાના જુદાં જુદાં બાળકોનું બાહ્યાંતર વ્યક્તિત્વ જુદું જુદું સ્પષ્ટપણે દેખાય છે. બધાયનો ઉછેર, કેળવણી અને સંયોગો સરખા હોવા છતાં એક હોંશિયાર અને એક ઠોઠ હોય છે, એક ગોરો અને એક કાળો હોય છે, એક લૂલો, લંગડો, બહેરો કે એકાદ અંગ વગરનો હોય છે, તો બીજો સૌમ્ય, સુંદર અને સર્વાંગસંપૂર્ણ હોય છે.

એક જ વર્ગના એ જ શિક્ષકો અને એ જ વિદ્યાર્થીઓ હોવા છતાં એક વિદ્યાર્થી ઊંચા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય છે, જ્યારે બીજો ત્રણ વર્ષ થવા છતાં પણ ઉત્તીર્ણ થઈ શકતો નથી.

પશુઓમાં અનેક પ્રકારનું જન્મજાત વેર જોવામાં આવે છે. ઉંદર-બિલાડી, સાપ-નોળિયો, મોર-સાપ વગેરે પ્રાણીઓ સામા પક્ષના પ્રાણીઓને જોતાંવેંત જ કોઈ પણ પ્રકારની બાહ્યચેષ્ટા કે કારણ વગર સામા પ્રાણી સાથે વેરભાવથી પ્રેરાઈને લડવા લાગી જાય છે.

જન્મથી જ અતિશય વિચક્ષણ બુદ્ધિ ધારણ કરનારા મનુષ્યો ઇતિહાસપ્રસિદ્ધ પણ છે અને નજીકના ભૂતકાળમાં પણ થયેલા દેખાય છે. જે પ્રકારની અને જે પ્રમાણની બુદ્ધિ અમુક વયમાં કે અમુક સંજોગોમાં સંભવી જ ન શકે તેવી અતિ વિરલ અને અતિ વિશિષ્ટ પ્રજ્ઞાસંપન્નતા દેખી આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આનાં દૃષ્ટાંત હવે પછી આપણે જોઈશું.

કોઈક વ્યક્તિને આગનો ભયંકર ડર લાગે તો કોઈકને ઊંડા પાણીનો ખૂબ જ ભય લાગે.

વશીકરણના વિદેશી નિષ્ણાત એલેકઝાંડર કેનોને વશીકરણના ઘણા પ્રયોગો કર્યા. તેમણે 'ધ પાવર વીધીન' નામનું પુસ્તક લખ્યું છે.

તેમણે કરેલા પ્રયોગો પરથી જણાય છે કે ઊંડા વશીકરણના પ્રયોગથી પૂર્વજન્મની સ્મૃતિ થઈ શકે છે અને તે પુનર્જન્મને સિદ્ધ કરે છે. એલેકઝાંડરે તેના ગ્રંથમાં અનેક ઘટનાઓ નોંધી છે, તેમાંથી બે ઘટના જોઈશું.

એક માણસ લિફ્ટનો ઉપયોગ ન કરે. તેને લિફ્ટ પડી જવાનો ડર લાગતો. તે હિપ્નોટિસ્ટની પાસે ગયો. ઊંડા વશીકરણ દ્વારા પૂર્વજન્મની સ્મૃતિ જગાડતાં તેણે કહ્યું કે, તે ચાઈનીઝ જર્નલ હતો. ઊંચા મકાનથી અકસ્માતે પડી જતાં ખોપરી ફાટતાં મૃત્યુ થયું હતું. પૂર્વજન્મના પડી જવાના દૃઢસંસ્કારે તેને લિફ્ટથી ભયભીત કર્યો હતો.

એક સ્ત્રી પાણીથી ડરે. હિપ્નોટિસ્ટે ઊંડા વશીકરણ દ્વારા તેની પૂર્વની સ્મૃતિ જાગૃત કરી. પૂર્વે તે પુરુષગુલામ રોમ દેશમાં હતી. અપરાધને કારણે સાંકળ બાંધી તેને ઊંડા પાણીમાં ઉતારવામાં આવતાં ગૂંગળામણથી મૃત્યુ થયેલું. આ સંસ્કારનું સંક્રમણ થયેલું.

આ ઉપરથી ફલિત થાય છે કે જૈનદર્શન માટે ભૂતપૂર્વ જન્મ વગેરેની સ્મૃતિની વાત જરાય આશ્ચર્યજનક નથી.

પરંતુ આધુનિક વૈજ્ઞાનિક માનસ આ વાતોને સાંભળતાં જ ચમકી ઊઠે છે. 'અસંભવ' કહી દેવા ઉતાવળું થઈ જાય છે, કેમકે વિજ્ઞાન એ ઘણું કરીને જડનું વિજ્ઞાન છે. એણે જડ પરમાણુ વગેરેના સંબંધમાં કેટલુંક સંશોધન કરીને એ વિષયમાં જ કેટલીક કહેવાતી પ્રગતિ સાધી છે. વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાન નથી, વિજ્ઞાન તો માત્ર જડનું એક વિષયનું–વિસ્મૃત કહી શકાય તેવું જ્ઞાન છે. તત્ત્વજ્ઞાનના જડ અને ચેતન તત્ત્વના તમામ પાસાંઓને સાંભળતાં જ આજનો વૈજ્ઞાનિક મૂંઝાઈ જાય તે તદ્દન સહજ છે.

આવી મૂંઝવણમાંથી જ કેમ જાણે; આજના વૈજ્ઞાનિકોએ આ વિષયમાં પણ સંશોધન-કાર્ય આરંભ્યું છે.

આ વિષયમાં પદ્ધતિસરનું સંશોધન કરવા માટે ભારત સરકારે પણ આ પ્રયત્નો આદર્યા છે. એવા પ્રયત્નોના એક ફળરૂપે જયપુરમાં આવેલી રાજસ્થાન યુનિવર્સિટીમાં પેરા-સાયકોલોજી વિભાગ ખોલવામાં આવ્યો છે. તે વિભાગમાં પુનર્જન્મની માહિતીનું સંશોધન કરવા માટે ડૉ. એચ. એન. બેનરજીએ રોકવામાં આવ્યા છે. ઘણાં વર્ષોથી ડૉ. બેનરજી પુનર્જન્મની માન્યતાની સત્યતા અંગે ભારે જહેમત ઉઠાવી રહયા છે.

તેમણે આજ સુધીમાં પુનર્જન્મની સ્મૃતિ થઈ હોય તેવી લગભગ ૫૦૦ વ્યક્તિઓ તપાસી છે. જ્યાં ક્યાંય પણ કોઈને પુનર્જન્મની સ્મૃતિ થયાની વાત તેમને જાણવા મળી જાય કે તરત જ તેઓ ત્યાં દોડી જાય છે. વિશ્વના ખૂણેખૂણામાં ફરીવળીને આ માન્યતાનું સત્ય પામવા તેઓ સાબદા બન્યા છે.

જો કે હજુ સુધી ડૉ. બેનરજીને કશોયે અંતિમ ઉત્તર પ્રાપ્ત થયો નથી. છેલ્લાં બાર-બાર વર્ષની સાધના પછી પણ તેઓ હજી આ પ્રશ્ન અંગે મથામણ જ અનુભવી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓએ એવો નિર્ણય તો નથી લીધો કે હવે, 'માનવી એ કેવળ જડયંત્ર છે કે પછી આધ્યાત્મિક શક્તિઓ ધરાવતો ઉચ્ચ આત્મા છે?' એવા જુગજૂના વિવાદ અંગેનું સત્યાન્વેષિત્વ ત્યાગી જ દેવું! ના, હજી તેમનું મંથન અને મથામણ બેય ચાલુ જ છે. તેમની સામે ઘણાં તોફાનો પણ ઊભાં થાય છે, પરંતુ હજુ સુધી તેઓ જાણે કે એક કર્મયોગીની અદાથી કામ કરી જ રહ્યા છે.

રાજસ્થાનના આ મનોવૈજ્ઞાનિક સમક્ષ જે સમસ્યા આવી ઊભી

છે તે એ છે કે કોઈ ઉચ્ચકક્ષાના સ્મૃતિકોષોની કાર્યવાહીની કે મસ્તિષ્કની કોઈ અચેતન પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી શી રીતે આપવી? અને આ સમજૂતી પૂર્વાનુમાનોની ઉપેક્ષા કર્યા વગર કેમ રજૂ કરવી?

જેમનામાં પરોક્ષ દર્શન કરવાની શક્તિની કે વિચારસંક્રમણ (Telepathy) કરવાની શક્તિ સાંભળવા મળી કે તરત જ બેતાલીસ વર્ષના આ પ્રાધ્યાપક એ વ્યક્તિની રૂબરૂ મુલાકાત લેવા ઊપડી જ ગયા હોય.

કેટલાક તો એવા પણ કિસ્સા તેમણે સાંભળ્યા હતા કે જે સાંભળવા માત્રથી માની જ ન શકાય, પરંતુ જ્યારે તેમણે જાતતપાસ કરી ત્યારે તેઓ વિમાસણમાં મુકાઈ ગયા હતા કેમકે એવી જાતિસ્મૃતિ જેમને થઈ હતી તેમણે ભૂતપૂર્વ જીવનના પ્રસંગોને બહુ ચોકસાઈથી રજૂ કર્યા હતા.

વિદ્યાભૂષણ શ્રીરશ્મિ પોતે આ વિષયમાં શું કહે છે તે જોઈએ. તેઓ કહે છે કે, 'મૃત્યુ આપણું શરણ શોધે છે. તમે કદાચ આ વાતને સાવ નકારી દઈને કહેશો કે એવું તે શી રીતે બને? મૃત્યુ ક્યાં આપણું શરણ શોધે છે? પણ હું વિનમ્રપણે કહીશ કે તમે અહીં જરાક ભૂલ્યા છો કેમકે ખરી રીતે મૃત્યુ જ તમારી પાસે આશ્રય માગે છે. અસંખ્ય વર્ષોથી સતત પ્રયત્નશીલ રહેવા છતાં એ તમને-તમારા આત્માને જાણી શક્યું નથી. સમયના આટલા લાંબા ગાળામાં પણ એ એક આત્માનો નાશ કરવામાં સફળ થઈ શક્યું નથી. તો પરાજય કોનો? તમારો કે મૃત્યુનો? પહેલાં પાશ્ચાત્ય જગત માનતું હતું કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જાય છે–જીવન ઉપર મૃત્યુનો વિજય થાય છે–પણ હવે એ કહેવા લાગ્યું છે કે, 'જીવન અપરાજેય છે. મૃત્યુ પછી પણ જીવન હયાત રહે છે- તે ક્યારેય મરતું નથી.'

ખ્રિસ્તી લોકોને માન્ય બાઈબલમાં પુનર્જન્મની વાતોને નકારી નાખવામાં આવી છે. આમ છતાં અદ્યતન ખ્રિસ્તી જગતના વિખ્યાત ધર્મપ્રચારક, નોર્મન વિન્સેન્ટ પીલનું કહેવું છે કે, 'પચાસ વર્ષ દરમિયાન જીવન-મરણની સમસ્યાઓને ઉકેલવાનો પ્રયત્ન કરતાં મને જે અનુભવો થયા છે તેના આધારે હું કહી શકું છું કે, **'મૃત્યુ એ જીવનની સમાપ્તિ નથી પરંતુ વધુ મોટા વિસ્તારની ઉપલબ્ધિ છે; મૃત્યુ તો માત્ર બે જીવન વચ્ચેની સીમારેખા જ છે.'**

જાણીતા માનસશાસ્ત્રી ડૉ. કેનેથ વોકર કહે છે કે, 'પ્રાણી ફરી ફરી જન્મે છે. પુનર્જન્મનો અસ્વીકાર નહીં કરી શકાય, પણ મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે જે તૂટેલી કડી છે તેનું રહસ્ય જ્યાં સુધી વૈજ્ઞાનિકો નહીં પામી શકે ત્યાં સુધી પુનર્જન્મના બધા પાસા સ્પષ્ટ નહીં થાય.'

માનસશાસ્ત્રી ગણાતા ફ્રોઈડ કહે છે કે, 'જન્મ સમયની વ્યથા અને યંત્રણા એટલી બધી તીવ્ર હોય છે કે એને કારણે માનસપટ હંમેશને માટે શૂન્ય થઈ જાય છે. જન્મવેળાની આ વેદના માનસશાસ્ત્રીય વિશ્લેષણમાં ઘણીવાર ઉપર આવે છે. આ જ રીતે યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં થતો પ્રવેશ પણ અતિ કપરો હોય છે. કેટલાક એવા આઘાત-પ્રત્યાઘાતો આવે છે, જેના કારણે પહેલાની ઘણી વાતો સ્મૃતિમાંથી સરી પડે છે.'

'જનશક્તિ' દૈનિકમાં પ્રગટ થયેલો શેઠ કૃષ્ણગોપાલના પુનર્જન્મનો કિસ્સો રસપ્રદ છે.

બરેલીના કાયસ્થ સજ્જન શ્રી બદામીલાલ સક્સેનાને ત્યાં સુનીલ નામનો ચાર વર્ષનો એમને પુત્ર હતો. ચાર વર્ષે પણ બોલતાં ન શીખ્યો એટલે માતા-પિતા તેને બહેરો અને મૂંગો સમજવા લાગ્યા.

એક વાર પિતાએ સુનીલને કોઈ કામ સોંપ્યું. તેણે તરત કહ્યું, 'મારા નોકરને બોલવો, હું કામ નહીં કરું.'

સુનીલને એકાએક આ રીતે બોલતાં સાંભળીને સહુ આશ્ચર્ય સાથે આનંદ પામી ગયાં. પણ સાથે એ વિશેષ કુતૂહલ પણ થયું કે ઘરમાં એક પણ નોકર ન હોવા છતાં સુનીલે નોકરની શી વાત કરી?

જ્યારે તેણે પોતાની વાત કરી ત્યારે પણ તેણે જણાવ્યું કે, 'હું મારી પોતાની નિશાળમાં જ ભણીશ.' પિતાએ ગુસ્સામાં કહ્યું, 'તારા બાપની નિશાળ ક્યાં છે? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું.'

સુનીલ તરત બોલ્યો, 'તમારી નિશાળ ન હોય તો કાંઈ નહીં, પણ મારી પોતાની નિશાળ બદાયુમાં છે. હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું. મારી બે નિશાળો અને શ્રીકૃષ્ણ ઈન્ટર કૉલેજ છે, ત્યાં પ્રિન્સિપાલ ડૉ. પાઠક છે.'

આ બધી વાત સાંભળીને તેના પિતા ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સ્વજન-સંબંધીઓને બોલાવ્યા. ગામનો કેટલોક અધિકારી વર્ગ પણ બોલાવ્યો. તેમની સમક્ષ સુનીલે ફરી બધી વાત કરી.

ત્યાર બાદ બે-ત્રણ લબ્ધપ્રતિષ્ઠ ગૃહસ્થોની સાથે સુનીલને બદાયુ લઈ જવામાં આવ્યો.

કૉલેજ પાસે આવતાં જ સુનીલ અંદર દોડી ગયો અને પ્રિન્સિપાલની ખુરશી ઉપર પાઠકને બદલે બીજા કોઈને જોતાં જ તે હેબતાઈ ગયો. તેણે કહ્યું, 'આ પ્રિન્સિપાલ નથી.'

સુનીલના પિતાએ તે ભાઈને પૂછ્યું કે, 'શ્રી પાઠક ક્યાં છે?'

ત્યારે તે નવા પ્રિન્સિપાલે કહ્યું કે, 'હું તો બે વર્ષથી જ અહીં નિયુક્ત થયો છું. મારી પહેલાં પ્રિન્સિપાલ પાઠક હતા. તેમણે આ કૉલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કૉલજના સ્થાપક શેઠ શ્રી કૃષ્ણગોપાલ યુવાનીમાં જ હાર્ટફેઈલ થતાં મૃત્યુ પામ્યા હતા. તેઓ સંતાનહીન હોવાથી તેમના પત્નીએ એક છોકરો દત્તક લીધો છે, જે બધો વહીવટ સંભાળે છે.'

ત્યાર પછી બાળકને પહેલાના પ્રિન્સિપાલના ઘેર લઈ જવામાં

આવ્યો. પ્રિન્સિપાલને જોતાં જ સુનીલ તેમને વળગી પડ્યો. પછી કૉલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી. બાળકના મોઢેથી આ બધી વાતો સાંભળીને લોકો દંગ થઈ ગયા.

પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાંઓ અને નોકરોને ઓળખી કાઢ્યા. બે વર્ષ પહેલાં જ મૃત્યુ પામેલા ડ્રાઈવર વફાતની બાબતમાં પણ ઝીણી પૂછપરછ કરી.

જૈન ધર્મના દાર્શનિક કર્મવાદના સિદ્ધાંતો દ્વારા પુનર્જન્મ સિદ્ધ થાય છે. માત્ર ભારતીય દાર્શનિકો જ નહીં પરંતુ વિશ્વની અન્ય દાર્શનિક પરંપરાઓ પણ હવે માને છે કે પુનર્જન્મ છે.

હિપ્નોટિઝમ અને અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા પુનર્જન્મને નક્કર પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

ત્રિષષ્ટિશલાખા પુરુષ, જૈન આગમોની કથાઓ પુનર્જન્મને પુષ્ટિ આપે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયમાં ભગવાન મહાવીરનો જીવ ત્રિદંડી રૂપે હતો એ જ જીવ પરમ તીર્થંકર રૂપે પ્રગટે છે. આ ઘટના કરોડો વર્ષના કાળચક્ર કર્મ અને પુનર્જન્મના અનુબંધને સિદ્ધ કરે છે.

**સંદર્ભ ગ્રંથ :**

વિજ્ઞાન અને ધર્મ : પ. પૂ. ચંદ્રશેખર વિજયજી મ.
વિજ્ઞાન અને અધ્યાત્મ : પ. પૂ. અમરેન્દ્ર વિજયજી
સાધક સાથી ભાગ-૧-૨ : પૂ. આત્માનંદજી
જૈન ધર્મ : પૂ. ભદ્રબાહુ વિજયજી
સંક્ષિપ્ત જૈન દર્શન : શ્રી દિનેશભાઈ મોદી
જૈન દર્શનમાં કર્મવાદ : પ. પૂ. ચંદ્રશેખર વિજયજી મ.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

# જાતિ સ્મરણના કારણો

કોઈક મનુષ્યોને નિમિત્ત પ્રાપ્ત થતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેમાં કેટલાંક કારણો મહત્ત્વનો ભાગ ભજવે છે, જેમ કે – (૧) મોહનીય કર્મનો ઉપશમ (૨) અધ્યવસાય શુદ્ધિ અને (૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી.

**(૧) ઉપશાંતમોહનીય :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયન 'નમિ પ્રવ્રજ્યા'માં મોહનીય કર્મનો ઉપશમ થતાં નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું.

'चइऊण देवलोगाओ, उववन्नो माणुसम्मि लोगम्मि।
उवसन्तमोहणिज्जो, सरई पोराणियं जाइं ।। १ ।।

**ભાવાર્થ :** નમિરાજા દેવલોકથી ચ્યવીને આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા અને મોહનીયકર્મના ઉપશાંત થવાથી એમને પોતાના પાછલા જન્મનું સ્મરણ થયું.

અર્થાત્ પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરવા માંડ્યા.

આનાથી સિદ્ધ થાય છે કે જે જીવનું મોહનીયકર્મ ઉપશાંત થઈ જાય છે એ આત્મા પોતાના પાછલા જન્મોને જ્ઞાન દ્વારા જોઈ લે છે. પરંતુ જે જીવના મોહનીયકર્મનો ઉદય થાય છે એ પાછલા જન્મને તો શું, આ જન્મના કરેલાં કાર્યોને પણ ભૂલી જાય છે.

**(૨) અધ્યવસાન શુદ્ધિ :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયન 'મૃગાપુત્ર'માં સાધુના દર્શન થવાથી, મોહનીય કર્મ દૂર થવાથી તેમ જ અધ્યવસાન શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

साहुस्स दरिसणे तस्स, अज्जवसाणंमि सोहणे ।
मोह गयस्स सन्तस्स, जाईसरमं

ભાવાર્થ : દર્શન થયા બાદ, મોહકર્મ દૂર થવાથી અંતઃકરણમાં અધ્યવજ્ઞાનની શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

**(૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી**–શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના પ્રથમ અધ્યયન 'મેઘકુમાર'માં મેઘકુમાર ભગવાન મહાવીર પાસેથી પૂર્વભવ સાંભળી, તેનું ચિંતન કરતાં તેમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું.

तए णं तस्स मेहस्स अणगारस्स, समणस्स जावओ महावीरस अंतिए
हयमट्ठं सोच्चा णिसम्म सुभेहिं परिणामेहिं, पसत्थेहिं अज्झवसाणेहिं,
लेस्साहिं विसुज्झमाणीहिं, तयावरणिज्जाणं कम्माणं रवओपसमेणं
ईहा पोह-मग्गण-गवेसणं करेमाणस्स सण्णिपुव्वे जाइसरणे समुरप्पण्णे,
एयमट्ठं-सम्मं अभिसमेइ ।

ભાવાર્થ : ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વૃત્તાંત સાંભળીને હૃયમાં ધારણ કરીને મેઘકુમાર અણગારને શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધ લેશ્યાઓ અને જાતિસ્મરણને આવૃત્ત કરનારા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમના કારણે ઈહા, અપેહ, માર્ગણા અને ગવેષણા કરતાં, સંજ્ઞી જીવોને પ્રાપ્ત થતું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને જાતિસ્મરણ જ્ઞાન દ્વારા મેઘમુનિએ પોતાના પૂર્વભવની જીવન ઘટનાને સમ્યક્ પ્રકારે જાણી લીધી.

**—સંપાદિકાઓ**

# કર્મવાદ અને વિજ્ઞાન

**☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી**

*[ વ્યવસાયે C.A. થયેલાં રશ્મિભાઈ ઝવેરીએ પાંસઠ વર્ષની ઉંમરે જૈનોલોજીમાં M.A. કર્યું અને ત્યારબાદ 'પ્રેક્ષાધ્યાન' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ ગ્રહણ કરી. જૈન જગત, મંગલયાત્રા અને શ્રી જીવદયાના એક સમયે તંત્રી, આચાર્ય મહાપ્રજ્ઞના સૂત્રકૃતાંગના ગુજરાતી અનુવાદક, જૈન પ્રચાર ક્ષેત્રે વિદેશોમાં જૈન ધર્મનાં આરાધક, પ્રેક્ષાધ્યાનના સંચાલક અને પ્રચારક તેમજ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપરના પ્રભાવક વક્તા અને ઊંડા તત્ત્વચિંતક છે. ]*

વિશ્વના બહુમતી ધર્મો-ઈસાઈ, ઈસ્લામ, વેદાંત, આદિ – ઈશ્વર કર્તૃત્વવાદમાં માને છે. તેઓ ઈશ્વરને જગતનો કર્તા, હર્તા, નિયંતા માને છે. જૈન દર્શન ઈશ્વર કર્તૃત્વવાદનો સ્વીકાર નથી કરતું. એ આત્મકર્તૃત્વવાદ, પુરુષાર્થવાદ અને કર્મવાદનો સ્વીકાર કરે છે. આચાર્ય હરિભદ્ર 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'માં કહે છે કે, 'આત્મામાં પરમ ઐશ્વર્ય અને અનંત શક્તિ છે, એટલે એ જ ઈશ્વર છે અને એ જ કર્તા છે.'

વિજ્ઞાન પણ 'ઈશ્વર' નામના કોઈ તત્ત્વનો સ્વીકાર નથી કરતું, પરંતુ વિશ્વના વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ વિશ્વની ઉત્પત્તિ, એનો આકાર, આદિ વિષયો પર અવારનવાર શોધ-ખોળ કરતા રહ્યા છે. 'કર્મવાદ' એ વિજ્ઞાનનો વિષય નથી; એ દર્શનનો વિષય છે. છતાં પણ વિજ્ઞાનના સિદ્ધાંતો કર્મવાદના સિદ્ધાંતોને સમજવામાં સહાયરૂપ બને છે. આ લઘુ-શોધ લેખમાં આ વિષયની ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રી ભગવતી સૂત્ર, શ્રી પન્નવણા સૂત્ર, શ્રી રાયપ્રશ્નીય સૂત્ર, આદિ જૈનાગમોમાં વિજ્ઞાનની અનેક શાખાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. લોક (universe), આકાશ (space), કાળ (time), પુદ્‌ગલ (matter), જીવ વિજ્ઞાન (biology), આદિ પર વિશદ ચર્ચા કરવામાં આવી છે. પુદ્‌ગલના પ્રકાશ (light), ધ્વનિ (sound), પરમાણુ (atom), આદિ metaphysical વિષયો પર પણ ગહન ચિંતન આમાં જોવા મળે છે.

ભગવતીસૂત્ર (૧/૬/૩૧૨-૩૧૩) માં જીવ અને કર્મ (પુદ્‌ગલ)ના સંબંધમાં વિશદ ચર્ચા છે. જીવ અને કર્મ બંનેમાં અત્યંતાભાવ છે. જીવ ચેતન છે; કર્મ પુદ્‌ગલ છે, અચેતન છે. બંનેના અસ્તિત્વની ત્રૈકાલિક સ્વતંત્રતા છે, કારણ ચેતન કયારેય પણ અચેતન નથી થતું અને અચેતન ક્યારે પણ ચેતન નથી થતું. તો પછી આ બંનેનો સંબંધ કેમ અને કેવી રીતે થઈ શકે ? ભગવાને કહ્યું છે કે સંસારી જીવ અને પુદ્‌ગલ (કર્મ) પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ , અવગાઢ, સ્નેહ-પ્રતિબદ્ધ અને એક ઘટકમાં રહે છે. દૂધ અને પાણીની જેમ પરસ્પર ઓતપ્રોત રહે છે. આ સંબંધ ભૌતિક છે. ભગવતી સૂત્ર અનુસાર આ સંબંધ કેવળ જીવ અથવા કેવળ પુદ્‌ગલની (કર્મ)ની તરફથી જ નથી થતો, પણ બંને બાજુથી થાય છે.

આ સિદ્ધાંત હવે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ. આ સંબંધને 'સ્નેહ-પ્રતિબદ્ધ' કહેવાય છે. જીવમાં સ્નેહ (ચીકણાપણું) છે–આશ્રવ. પુદ્‌ગલમાં સ્નેહ છે–આકર્ષિત થવાની યોગ્યતા. બે ભિન્ન તત્ત્વો (elements)નો પરસ્પરમાં સંબંધ (fusion) થઈ શકે છે. તેવી જ રીતે જીવ અને કર્મ પરસ્પરમાં દૂધ-સાકરની જેમ એકાકાર બની શકે છે.

વિજ્ઞાન 'આત્મા' નામના તત્ત્વનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારતું નથી. વિજ્ઞાન ગૂઢવાદ (mysticsm) કે ઈશ્વરકર્તૃત્વવાદ (theology)નો સ્વીકાર નથી કરતું. વિજ્ઞાન તો માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલા સિદ્ધાંતોને જ માન્યતા આપે છે. વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને દાર્શનિકોએ વિશ્વની ઉત્પત્તિ, આત્મા, કર્મવાદ, ઈશ્વરકર્તૃત્વવાદ, આદિ વિષયો પર ચિંતન કર્યું છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સ્ટીફન હોકીંગે (Stephen Hawking) એના બે વિશ્વવિખ્યાત પુસ્તકો–'અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઈમ' (A Brief History of Time) અને સાંપ્રત પ્રકાશિત 'ધ ગ્રાંડ ડિઝાઈન' (The Grand Design)માં વિશ્વની ઉત્પત્તિ વગેરે વિષયો પર ગંભીર ચર્ચા કરી છે. એમણે 'વિશ્વની ઉત્પત્તિ કેમ અને ક્યારે થઈ ? કોઈ ઈશ્વરે એને બનાવ્યું છે ? તો પછી ઈશ્વરને કોણે બનાવ્યો ? આપણે આ વિશ્વમાં ક્યાંથી આવ્યાં ?' આદિ પ્રશ્નોની ચર્ચા કરી છે. આ બધાં પ્રશ્નો કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા કરવા પ્રેરે છે.

આ પુસ્તકોમાં એમણે ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલ (Aristotle-340 B.C.), ટોલેમી, (Ptolemy-2nd century A.D.), પોલીશ પાદરી નિકોલસ કોપરનીક્સ (Nicholas Copurnicus-1514), ઈટલીનો ગેલિલીયો (Galileo Galilei 1600), બ્રિટનનો સર આઈઝેક ન્યૂટન (Sir Issac Newton 1687), ઈમેન્યુએલ કાંટ (Immanual Kant 1781), અલ્બર્ટ આઈન્સ્ટીન (Albert Einstein 1905) વગેરે પ્રસિદ્ધ વિજ્ઞાનીઓના વિચારોની છણાવટ કરી છે. એમણે તારણ કાઢ્યું છે કે સમય જતાં એક પછી એક ધુરંધર વિજ્ઞાનીઓની ધારણાઓ આંશિક અથવા સમગ્રપણે ખોટી પડતી ગઈ છે. અર્થાત્ વિજ્ઞાન પણ કોઈ અંતિમ સત્યની સ્થાપના કરવા

અસમર્થ છે.

આની સામે જૈન દર્શનનો કેવળજ્ઞાનનો સિદ્ધાંત દૃઢતાપૂર્વક કહે છે કે કેવલજ્ઞાની–સર્વજ્ઞ સમગ્ર સત્યને જોઈ શકે છે. એટલે જ એમણે રચેલા શાસ્ત્રો કોઈ પ્રયોગો પર આધારિત નહીં પણ આત્માના નિરાવરણ–પરમ વિશુદ્ધ જ્ઞાનના આધારે રચાયેલાં છે. આ ચર્ચાના આધારે કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા આ લેખમાં કરવામાં આવી છે.

શ્રી ભગવતી સૂત્ર (૨૫/૧/૧૭)માં જણાવ્યું છે કે જીવ પુદ્ગલને (matter) ભોગવે છે, નહીં કે પુદ્ગલ જીવને. પણ પુદ્ગલ (કર્મ)થી જીવ પ્રભાવિત થાય છે. જીવ અને પુદ્ગલની આ અરસપરસની અસર માત્ર દાર્શનિક દૃષ્ટિથી જ નહીં પણ આધ્યાત્મિક દૃષ્ટિથી પણ અગત્યની છે. અનંત શક્તિમાન આત્મા પોતાના 'અકર્મવીર્ય'થી કર્મની શક્તિ ઉપર વિજય મેળવી શકે છે. આત્માની આ શક્તિ જાગૃત કરવા માટે આધ્યાત્મિક અનુષ્ઠાનોની સાથે સાથે વિજ્ઞાનની કેટલીક શાખાઓનો અભ્યાસ પણ આવશ્યક છે. શરીર-વિજ્ઞાન (Anatomy), મગજ (Brain-neuroscience), અંતસ્રાવી ગ્રંથિતંત્ર (Endocrine-System), એનો મગજ સાથેનો સંબંધ (Neuro Endocrine-System), પરિધિગત નાડી સંસ્થાન (Peripheral Nervous System), સ્વતઃ સંચાલિત નાડી-સંસ્થાન (Autonomous Nervous System), જૈવિક વિજ્ઞાન (Genetics Science) આદિનો ઊંડો અભ્યાસ કરવાથી આધુનિક વિજ્ઞાન અને કર્મવાદની તુલનાત્મક સમીક્ષા થઈ શકે છે.

દર્શન અને વિજ્ઞાન વચ્ચે હંમેશાં મોટી ખાઈ રહેતી આવી છે. કારણકે વિજ્ઞાન માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલાં સિદ્ધાંતો જ માન્ય રાખે છે. જ્યારે દર્શન જ્ઞાનીઓના વચનોને શ્રદ્ધાથી સ્વીકારી લે છે. દર્શનશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો જો એકબીજાના સિદ્ધાંતોને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તો વિશ્વના ઘણાં પ્રશ્નોના હલ થઈ શકે છે.

બીજી દૃષ્ટિએ જોઈએ તો વિજ્ઞાન પાસે માનવના સર્વાંગીણ યોગક્ષેમ માટે કોઈ અસરકારક ઉપાયો નથી. કારણ વિશ્વની પ્રત્યેક ક્રિયા કેવી રીતે (How) થાય છે, તે જ વિજ્ઞાન જણાવી શકે છે. જ્યારે કર્મવાદ આ ક્રિયાઓ શા માટે (Why) થાય છે તે સમજાવી શકે છે. આ બંને સિદ્ધાંતોને– 'કેવી રીતે' (How) અને 'શા માટે' (Why) એકબીજાના પૂરક બનાવીએ (Supplementary and Complementary) તો જ કર્મવાદના ગહન સિદ્ધાંતો સહેલાઈથી સમજી શકાશે.

દશવૈકાલિક સૂત્રના ચતુર્થ 'ષડ્જિવનિકાય' અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન પછી દયા (આચરણ).' એમાં આગળ કહ્યું છે કે જે માણસ જીવ કોને કહેવાય અને અજીવ કોને કહેવાય એ નથી જાણતો તે સંયમનું પાલન કેવી રીતે કરી શકે? અહિંસાના પાલન માટે જીવ, જીવની જાતો, જીવની ખાસિયતો, આદિ માટે જીવવિજ્ઞાનનો અભ્યાસ કરવો આવશ્યક છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (ભાગ/૨ અધ્યયન ૩/૪), શ્રી જીવાજીવાભિગમ સૂત્ર (૧/૧૦) આદિ આગમોમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ એકેન્દ્રિય (સ્થાવર)થી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનું વિશદ્ વર્ણન છે. આને માટે આધુનિક વિજ્ઞાનના વિષયો–પ્રાણીશાસ્ત્ર (Zoology), વનસ્પતિશાસ્ત્ર (Botany), અને સૂક્ષ્મજીવશાસ્ત્ર (Microbiology) આદિનો અભ્યાસ ઉપયોગી થઈ શકે છે. જૈન દર્શનના કર્મવાદના સિદ્ધાંતની અને આધુનિક જીવવિજ્ઞાનની ગંભીર સમીક્ષા `Jain Biology' માં (લેખક-સ્વ. જેઠાભાઈ ઝવેરી અને મુનિ મહેન્દ્રકુમાર) કરવામાં આવી છે.

## નિશ્ચય નયમાં કર્મવાદ

નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા અને કર્મ બંને તદ્દન ભિન્ન તત્ત્વો છે. શુદ્ધાત્મા કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. વ્યવહાર નયની દૃષ્ટિથી સંસારી આત્મા કર્મનો કર્તા કહેવાય છે. તેનું મૂળ પણ અજ્ઞાન જ છે. શ્રી સમયસારમાં કુન્દકુન્દાચાર્ય સ્પષ્ટ કહે છે કે આત્મા પુદ્ગલકર્મનો નિમિત્ત નૈમિત્તિક ભાવથી પણ કર્તા નથી. કર્મ પુદ્ગલ દ્રવ્ય છે, જડ છે, અચેતન છે; જ્યારે આત્મા ચેતન તત્ત્વ છે અને જ્ઞાન એનો સ્વભાવ છે. આ બંને પર દ્રવ્યોને પરસ્પર કર્તૃકર્મભાવ નથી.

## વિજ્ઞાનથી (કર્મબંધનમાંથી આત્માની) વિમુક્તિ

કર્મ શબ્દ ભારતીય દર્શનનો બહુ જાણીતો શબ્દ છે. જૈન, બૌદ્ધ અને વૈદિક–બધા દર્શનો દ્વારા એ માન્ય કરવામાં આવ્યો છે. આ ક્રિયાની પ્રતિક્રિયા છે; તેથી તેનો અસ્વીકાર પણ કરી શકાતો નથી. પ્રસ્તુત લેખમાં જૈન દર્શનમાં કર્મની જે વિલક્ષણ વ્યાખ્યા છે તેની અને આધુનિક વિજ્ઞાનની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

કર્મ શબ્દ એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમાસ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે–'સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલનાદત્તે' (૮/૨). અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિદ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે–'આત્મપ્રવૃત્ત્યાકૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદગલાઃ કર્મઃ' (૪/૧). અર્થાત્ આત્માની (સત્-અસત્, શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મવર્ગણાનાં વિશિષ્ટ પુદ્ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે, ત્યારે તે કર્મ કહેવાય છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌદ્ધ દર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મવર્ગણાને યોગ્ય પુદ્‌ગલો સમસ્ત લોકમાં ફેલાયેલા છે. સામાન્ય પુદ્‌ગલ-સ્કંધ આઠ સ્પર્શયુક્ત હોય છે, પણ કર્મવર્ગણાનાં પુદ્‌ગલ-સ્કંધો માત્ર ચાર સ્પર્શ જ ધરાવે છે–સ્નિગ્ધ/રૂક્ષ અને શીત/ઉષ્ણ. તે ચતુઃસ્પર્શી હોવાથી અતિસૂક્ષ્મ છે અને ચર્મચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકાતા નથી. પણ એમાં સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (Charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્‌ગલો ન્યુટ્રલ (Neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ શક્તિશાળી બને છે, Charge થાય છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે–મનની, વચનની અને કાયાની. આ ત્રણ પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં 'યોગ' કહેવાય છે–મનયોગ, વચનયોગ અને કાયાયોગ. યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. આત્મા અને કર્મનો સંબંધ થાય તેને બંધ કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય–ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ એની સમયમર્યાદા, અનુભાગ એની તીવ્રતા/મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ (સમૂહ) નિશ્ચિત કરે છે.

કર્મોની મૂળ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકૃતિઓ, કર્મોની સ્થિતિ, કર્મોનો અનુભાગ અને કર્મોના પ્રદેશાગ્ર માટે ઉત્તરાધ્યાન સૂત્રનું તેંત્રીસમું અધ્યયન અને કર્મોની વિવિધ ઉત્તર પ્રકૃતિઓ માટે પ્રજ્ઞાપના સૂત્રનું પદ ૨૩ પઠનીય છે.

હવે આપણે આ કર્મ–બંધ–ઉદય–પ્રવૃત્તિ–પુનઃબંધના વિષચક્રની વ્યવસ્થાને દાર્શનિક–વૈજ્ઞાનિક રૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે–ચારિત્ર મોહનીયકર્મ. મોહનીયકર્મ તો બાકીના સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે. પોતાનું ભાન ભૂલી જાય છે. પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વીસરી જાય છે. કર્મની આ પ્રકૃતિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે. પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે–ચારિત્ર મોહનીયકર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે–

પૂર્વજનિત ચારિત્ર મોહનીયકર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્મામાં સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પૂરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ-અશુભ અધ્યવસાયરૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીયકર્મોનો ઉદય આત્મામાં રાગ-દ્વેષના સંદેશ આપે છે. જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે–ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે–હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

હવે આ કષાય–નોકષાયો (સૂક્ષ્મ સ્પંદન રૂપમાં) વિવિધ ભાવોનો–ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ્ શરીર (Bio-Electric Body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ્ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયાદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મીડિયા બોડી (Media Body) છે જે વિદ્યુત્–ચુંબકીય ક્ષેત્ર (Electro-Magnetic Field)ના કિરણો (Radiation) દ્વારા કર્મજનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (Aura) રૂપમાં પ્રગટીકરણ (Manifestation) થાય છે. આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત–આ ત્રણ અશુભ–માઠી લેશ્યાઓ છે અને પદ્‌મ, તેજસ્ અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળા–ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભામંડળ પરથી–એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે. નરી આંખે ન જોઈ શકાતા આ રંગો–તરંગો–ક્રિલિયન કેમરા વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ–તરંગ રૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવતંત્રને પ્રભાવિત કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવંશિક સિદ્ધાંત અનુસાર માતા-પિતાના જીન (genes)નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એકસરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડીએનએ (DNA)ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે. પણ બન્નેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે–બન્નેએ કરેલાં પોતપોતાના કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

## કર્મ અને ન્યૂરોસાયન્સ

અત્યાર સુધી સૂક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (Urges, Impulses) સ્થૂળ જગતમાં પ્રવેશે છે, અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કૉમ્પ્યુટર (Super Computer)ને સક્રિય કરી એને નિર્દેશ (Command) આપે છે. આ આપણી મસ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લિમ્બિક સિસ્ટમ (Limbic Sys-

tem) કહેવાય છે.

હવે જે લાગણીઓ–વૃત્તિઓ (feelings-emotions-passions) ઉત્પન્ન થાય છે, એ આપણા ગ્રંથિતંત્રને (neuroendocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતરણ થાય છે, જે આપણી અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવો દ્વારા મોટર નર્વસ (motor nerves)ને પહોંચાડે છે, જે આપણી અદ્‌ભુત નર્વસ સિસ્ટમ (નાડીતંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. આમ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે. યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે. અને નવા કર્મોને બંધ થાય છે. એ સમયે કષાયાદિની તીવ્રતા–મંદતાના આધારે નવા કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવા કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછાં ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવા કર્મો બંધાય છે. આમ કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ–મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

હવે આ લેખમાં આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા વિશે ચર્ચા કરવામાં આવી છે. આમાં પણ વિજ્ઞાનની વિવિધ શાખાઓનું જ્ઞાન ઉપયોગી છે. આપણાં શરીરમાં બે પ્રકારની નાડીઓ છે–જ્ઞાનવાહી નાડી (Sensory Nerves) અને ક્રિયાવાહી નાડી (Motor Nerves). જ્ઞાનવાહી નાડીઓ આપણી પાંચ ઈન્દ્રિયોથી ગ્રહણ કરેલા સંદેશા મગજ (Brain)ને પહોંચાડે છે. જેનાથી મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત મનની અંદર પણ સતત ચાલતા ચિંતન– મનન–સ્મૃતિ–કલ્પના આદિ પણ મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન કરે છે. આ વૃત્તિઓ પ્રમાણે મગજ ક્રિયાવાહી નાડીઓ (Motor Nerves)ને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. હવે જો અશુભ વૃત્તિ થાય પણ અશુભ પ્રવૃત્તિ ન થાય તો નવું કર્મબંધન પણ નથી થતું. આ કેવી રીતે શક્ય છે ? એને માટે આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા આ પ્રમાણે છે.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે, 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે–કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એ જ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન–વચન–કાયાની પ્રવૃત્તિ. તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે જે હવે આ પ્રવૃત્તિઓનો એક માત્ર ઉદ્દેશ હશે–આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સર્વપ્રથમ પગલું છે–સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે 'સાવજ્જં જોગં પચ્ચખામિ.' સર્વ પ્રકારના સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું અર્થાત્ ચોક્કસ સમય (૪૮ મિનિટ) સુધી હું કોઈપણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિ નહીં કરું. મારા મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એકપણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

બીજું પગલું છે–કાયોત્સર્ગ. શરીરને શાંત સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને હવે બહિર્ત્માંમાંથી અંતર્ત્મામાં પ્રવેશ કરવો. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંતર્મુખ બનાવો. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવા ચિત્તને ત્યાં લઈ જાઓ.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

**(Endocrine Gland)**

| ચૈતન્યકેન્દ્ર | ગ્રંથિતંત્ર | સ્થાન |
|---|---|---|
| હાયપોથેલોમસ | (Hypothelemus) | મસ્તકનો ઉપરનો ભાગ |
| જ્યોતિ કેન્દ્ર | પિનિયલ (Pineal) | લલાટની મધ્યમાં |
| દર્શન કેન્દ્ર | પિચ્યુટરી (Pituitary) | બે ભ્રુકુટિઓની વચ્ચે |
| વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (Thyroid) | ગળું-કંઠ |
| આનંદ કેન્દ્ર | થાઈમસ (Thymus) | છાતીની મધ્યમાં |
| તેજસ્ કેન્દ્ર | એડ્રીનલ (Adrenal) | નાભિની પાછળ |
| શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ (gonads) | કરોડરજ્જુનો અંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે. જે આપણાં નાડીતંત્ર (nervous System)ને વિવિધ પ્રકારના રાસાયણિક સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય-મગજમાં રહેલી લિમ્બિક સિસ્ટમ (Central limbic system) મોટર નાડી દ્વારા અલગ અલગ અંગોમાં અલગ અલગ જાતની પ્રવૃત્તિ કરાવે છે. જો ગ્રંથિતંત્ર પર એકાગ્રચિત્તે વિધાયક શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે. આમ પ્રભાવશાળી Counter Command દ્વારા અશુભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે કે અવચેતન મન (Sub-Conscious Mind)ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે. સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભામંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે–લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આભા મંડળની શુદ્ધિ થવાથી ભાવતંત્રની શુદ્ધિ થાય છે. આ એક પરિવર્તન (Transformation)ની પ્રક્રિયા છે. અલગ અલગ શુભ રંગોના તરંગોને સક્રિય કરવા નીચેના વૈજ્ઞાનિક પ્રયોગો કરવા જેવા છે.

લલાટના મધ્યભાગથી મસ્તિષ્કના મધ્યભાગ સુધી ચિત્તને લઈ જઈ, જ્યોતિકેન્દ્રમાં એકાગ્ર કરી, ત્યાં જો પૂર્ણિમાના ચન્દ્રમા જેવા ચમકતા સફેદ રંગનું ધ્યાન કરવામાં આવે–પૂરા આભામંડળમાં ચમકતા સફેદ રંગના પરમાણુઓના તરંગો બનાવી–ધ્યાનની પ્રક્રિયા દ્વારા વિકૃત ભાવો (Psychological Distortions)ને, જેવા કે ક્રોધ, માન, માયા, લોભ તથા ઈર્ષ્યા અને વેરની વૃત્તિઓને–શાંતિ, ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ તથા મૈત્રીના શુભ ભાવોમાં પરિવર્તન કરી શકાય છે.

✷ ✷ ✷

**સંદર્ભ ગ્રંથ સૂચિ:**


૧. કર્મવાદ–આચાર્ય મહાપ્રજ્ઞ (જૈન વિશ્વભારતી, લાડનૂ)
૨. ધ્યાન ચિકિત્સા પદ્ધતિ–અરુણ અને મયૂરી ઝવેરી (અર્હમ્ સેન્ટર, મુંબઈ)
3. Scientific Vision of Lord Mahaveera (Dr. Samani Chaitanya Pragya)
4. A Briaf History of Time' and `The Grand Design'– Stephen Hawking (Bantam Books – New York)
5. (i) `Neuro Science and Karma – Jain Doctrine of Psycho-Physical Force'
(ii) Microcosmology :
Atom in Jain `Philosophy and Modern Science'
(iii) Jain Biology
All by - Late Jethalal S. Zaveri and Prof. Muni Mahendra Kumar (Jain Vishva Bharti Institute, Ladnu)
6. An Enigma of an Universe
Prof. Muni Mahendra Kumar
(Jain Vishva Bharti Institute, Ladnu)



અર્હમ્, ભોંયતળીએ, પ્લોટ નં. ૨૬૬, ગાંધી માર્કેટની બાજુમાં, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૪૬. ટેલિફોન : ૦૨૨-૨૪૦૪ ૨૦૩૨, ૦૨૨-૨૪૦૪ ૨૦૩૩


## KARMA (PSYCHO-PHYSICAL FORCE) AND SCIENCE

1. The chasm between Religion / Philosophy and Science is both deep and well-established. This is because the scientific mind does not accept anything that cannot be experimentally proved while the religious mind needs no proof for anything laid down in the sacred canonical books. The chasm has, unfortunately, prevented each of them to be benefited by a constructive study of the other side of the chasm.
2. In India, science has never been able to completely subjugate the religious sensitivities unlike in Western countries. Mysticism and transcendence remain as important as (sometimes even more) rationality, logic and sensible perceptions. Here, man's personality is not entirely denatured by the scientific objectivity nor has sacredness been taken away by its rationality. In fact, science, inspite of its spectacular achievements, has never been able to attract religious personalities and never had a chance to become a new religion here, as it did in the West.
3. Science will not, because it cannot, answer all the questions of great interest to human mind and for human welfare. But science has made tremendous progress during last hundred years the fields of psychology, endocrinology and neuroscience. Neuroscientists have carefully and precisely mapped out centres of pain and pleasure, besides indentifying the limbic system in the brain which is the seat of our emotions. Discovery of the centres of anger and aggression by electric stimulation has clarified hitherto mysterious significance of self – generated anger in canonical literature. In short, science can show us methods and methodology for expanding and elucidating the secrets of much ancient wisdom contained in the sacred canons. In other words the synthesis of the ancient wisdom and modern scientific knowledge can help us integrate the spiritual insight with the scientific approach for creating a spiritual-cum-scienfific personality.

(`Neuroscience & Karma--the Jain Doctrine of Psycho'-Physical Force by Late Shri Jethalal S. Zaveri and Muni Mahendra Kumar–Jain Vishwa Bharti Institute, Ladnun.)

☆ ☆ ☆

# કર્મ વિષેની સજ્ઝાય

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજ

(૧)

સુખદુઃખ ભોગવવા જીવે પડે,
કર્યું દૈવ ક્ષણમાં આવીને અડે. ૧

કનક કોટી પ્રાપ્ત કરવા, કોઈક દ્વીપ સંચરે
વહાણમાંહી બેસી જાતાં, અર્ધ પંથમાં મરે
કર્યું. ૨

એક પિતાના પુત્ર બેને જનની સાથે જેણે
એક નિરક્ષર મુર્ખ રહેવે, જ્ઞાની જન એમ ભણે,
કર્યું ૩

લુમ્બ આંબા કેરી લેવા, કોઈક ઝાડ ચડે
આયુષ્ય અવધિ આવી હોય તો, પલકમાંહી પડે,
કર્યું. ૪

થનારું હોય તે થાય જીવડા શીદને ચિન્તા કરે,
બુદ્ધિસાગર આતમ ધ્યાને, વંછિત કારજ સરે,
કર્યું. ૫

જૈનદર્શનમાં કર્મનું તત્ત્વજ્ઞાન અજોડ છે. આ બંને સજ્ઝાયનો મર્મ જીવનમાં પરિવર્તન લાવવા સમર્થ છે, સદ્ગતિ આપવા સમર્થ છે.

કર્યાં કર્મ ભોગવવા જ પડે, એમાં કોઈનું ન ચાલે. કર્મ વિષયક આ સજ્ઝાય છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ કૃતિમાં કર્મનું વરદાન ક્ષણમાં આવી પડશે તેમ કહે છે. કર્મનું એવું જ છે. વરદાન કે અભિશાપ કેવા રૂપે આવી ટપકશે, કંઈ કહેવાય નહિ. પણ આવી તો પડે જ. સુખ, દુઃખ ભોગવવા જ પડે. સારું કે ખોટું જે કંઈ બાંધ્યું હશે, અચૂક તે આવી પડશે અને ભોગવવું પડશે. એ મિથ્યા નહિ થાય.

પ્રત્યેક પરિસ્થિતિનું અંતિમ સ્મિત દૈવાધીન, કર્માધીન છે. પ્રત્યેક ઈચ્છાનો અંતિમ પ્રત્યુત્તર કર્માધીન હોય છે.

નસીબના ખેલ ગજબ છે. બિલ ગેટ્સ કે ધીરુભાઈ અંબાણી કે એવા અનેકનામો આપણી આસપાસના વિશ્વમાં ઉપલબ્ધ છે જ. ગઈકાલ એમની શૂન્ય હતી, એમની પાસે કંઈ જ નહોતું. આજે વિશ્વભરના લોકોમાં એમનું નામ છે. એવાંય ઘણાં નામ છે કે જે ગઈકાલે સમગ્ર વિશ્વમાં છવાયાં હતાં, આજે કોઈ જ જાણતું નથી : એક જૂની કડી યાદ આવે છે : સગાં દીઠાં મેં શાહ આલમના, ભીખ માંગતાં શેરીએ. કિસ્મતના ખેલ નિરાળા છે. કવિ કહે છે : કરોડો રૂપિયા કમાવાની આશાથી વહાણ લઈને પરદેશ ખેડવા જાય, એ વહાણ જ સમુદ્રમાં અર્ધ રસ્તે બેસી જાય છે, ત્યાં જ વ્યક્તિનું મરણ થાય. એક જ માતા-પિતાના બે પુત્રો હોય. બંને સાથે જન્મ્યા, ભણ્યા અને મોટા થયા. એક જ્ઞાની થાય, બીજો નિરક્ષર રહે! નસીબ પોતાના ખેલનું રહસ્ય કદીય કોઈને કહેતું નથી. સફળતા મળતાં વર્ષો થાય છે, નિષ્ફળતા પળમાં છાતી પર ચઢી બેસે છે. વૃક્ષને પાંગરતાં વર્ષો જાય છે. પણ પળમાં ખરી પડે છે. કિસ્મતની આખીય લીલા અકળ છે. કવિ આ સજ્ઝાયની ચોથી કડીમાં ગાથામાં વર્ણવે છેઃ

લુમ્બ આંબા કેરી લેવા, કોઈક ઝાડે ચડે,
આયુષ્ય અવધિ આવી હોય તો પલક માંહિ પડે.

આંબાની ડાળ પર મધુર ફળ લેવા ચડે ને એ જ વખતે જો આયખું પૂરું થતું હોય તો એ જ ઢળી પડે. જે કર્મમાં છે તે અચૂક થાય છે.

પણ તેની ચિંતા કરીને હેરાન થવાની જરૂર નથી. કવિ યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી સીધી છે : જે થવાનું હોય તે થવા દો. તેની ચિંતા જ શા માટે કરવી? અંતિમ પંક્તિમાં કવિ ધર્મનો સાર આપી દે છે : નિરર્થક મહેનત કરવી નહિ અને જે થવાનું હોય તે થાય, ફોગટ ચિંતા પણ કરવી નહિ. આપણે તો આતમધ્યાનમાં રહેવું. સારું કાર્ય કરવું અને જો કર્યું હશે તો જ ઈચ્છીશું તે થશે. સારા કર્મના કરનારને દુઃખ, આપત્તિ આવી પડતાં નથી, મૂળમાં ક્ષતિ સત્કર્મની છે. કલ્યાણનો કરનાર કદી દુર્ગતિમાં જતો નથી, એ ધર્મવચન ભૂલવા જેવું નથી. ફૂલનો છોડ વાવ્યો હશે તો સુગંધ જરૂર મળશે.

(૨)

સુખદુઃખ સરજ્યાં પામીએ રે, આપદ સંપદ હોય,
લીલા દેખી પરતણી રે, રોષ ન ધરજો કોય રે;
પ્રાણી મન નાણો વિષનાદ, એ તો કર્મતણા પરસાદ રે. પ્રાણી.૧

ફળને આહારે જીવિયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મતણા એ કામ રે. પ્રાણી. ૨

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચતણે ઘર જળ વહ્યો રે, શીશ ધરી હરિચંદ રે. પ્રાણી. ૩

નળે દમયંતિ પરિહરી રે, રાત્રિ સમય વન બાળ;
નામ-ઠામ-કુળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રાણી ૪

રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત્કુમાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રાણી. ૫

સુર નર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબિયાં રે, તો માણસ કેઈ જાત રે. પ્રાણી. ૬

દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર;
દાનમુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી. ૭

સંતનું કાર્ય વડના વૃક્ષની જેમ સૌને શાંતિ આપવાનું હોય છે, સંતનું કાર્ય પરબની જેમ સૌને શીતળતા આપવાનું હોય છે, સંતનું કાર્ય સૌને ફૂલની જેમ સુગંધ આપવાનું હોય છે. કર્મ વિશેની આ સજ્ઝાયમાં સંતોના એ સત્કાર્યની સૌરભ પ્રાપ્ત થાય છે. કવિ દાનમુનિ આ સજ્ઝાયમાં જીવનમાં આવી પડતાં દુઃખ કે કલેશથી મૂંઝાઈ ન જઈએ પણ આપણે જ બાંધેલા કર્મનો પ્રસાદ છે તેમ સમજીએ તેવો મીઠપભીનો ઉપદેશ આપે છે. વિદ્યમાન વિશ્વમાં એક પણ વ્યક્તિ એવી નથી કે જેણે નાનું અથવા મોટું સુખ કે દુઃખ જોયું ન હોય. એવા સમયે સ્વસ્થતા જાળવી રાખવી અને મનમાં નિરાશા પ્રવેશવા ન દેવી તે ડહાપણનું કામ છે.

સુખ, શાંતિ કે સમૃદ્ધિ પ્રાપ્ત થાય કે દુઃખ, આપત્તિ કે વિરોધ આવી પડે ત્યારે હરખાઈ જવા જેવું નથી કે પરેશાન થઈ જવા જેવું નથી. બીજાનું સુખ જોઈને મનમાં રોષ કે ઈર્ષ્યા પ્રગટવા ન દેવાય. આ સમયે મનમાં વિષાદ ધરવો ન જોઈએ પણ સમજવું જોઈએ કે આ કર્મનો પ્રસાદ છે, કર્મનો ખેલ છે.

આ જગતમાં કર્મથી કોણ મુક્ત રહ્યું છે? બાર બાર વર્ષ સુધી રામ વનમાં ફળાહાર કરીને જીવ્યા, સીતાને રાવણ ઉપાડી ગયો. આ બધું કેમ થયું? આ બધાં કર્મના વિકટ કાર્ય છે.

જંગલમાં મુકુંદનું એકલા રહેવું, વૃક્ષ વૃક્ષ ભટકવું તથા હરિશ્ચંદ્રનું નીચના ઘરમાં જળ ભરવા રહેવું અને નીચે મુંડીએ જીવવું, નળરાજાએ રાત્રિના સમયમાં દમયંતિને પહિહરી અને નામ, ઠામ, કુળ ગોપવીને રાજા નળે સમય વિતાવવો પડ્યો : આ બધું કોણે કર્યું? કર્મનો જ એ બધો ખેલ છે.

જગતમાં સૌથી રૂપવાન ચક્રવર્તી સનતકુમારની વાત જાણો છો? રૂંવાડે રૂંવાડે સાત પ્રકારની પીડા જાગી ને સાતસો વરસ એ વેદના તેમણે ભોગવી! દેવ જેવા રૂપાળા, રાજકુમાર ને વળી પરાક્રમી પાંચે પાંડવ બંધુઓ : વન વન ભટક્યા, ભુખ્યા-તરસ્યા રખડ્યા! આ બધું કેમ થયું? કર્મના જ કડવા કામ!

જેની હંમેશાં દેવો, મનુષ્યો સેવા કરે છે, પૂજે છે, સર્વત્ર ખમ્મા ખમ્મા થાય છે અને ત્રિભુવનપતિ છે, વિખ્યાત છે એવા મહાપુરુષોને પણ કર્મની વિટંબણા સહન કરવી પડી છે, તેમને પણ કર્મોએ છોડ્યા નથી તો સામાન્ય માનવીની શું વિસાત?

જિંદગીમાં દુઃખ આવી પડે ત્યારે કોઈને દોષ ન અપાય. બીજાં સૌ તો નિમિત્ત છે. સાચો દુઃખનો દેનાર તો છે કર્મ. આવા સમયે કોઈને દોષ આપવા કરતાં, ધર્મના શરણે જવું જોઈએ. સાચું સુખ તો ધર્મના શરણમાંથી જ સંપ્રાપ્ત થશે.

દુઃખથી અકળાતા અને પળવારમાં સૌને દોષ દેતા માનવીને લગામ તાણતી આ સજ્ઝાય છે. આ આણે કર્યું અને આ તેણે કર્યાની વાત રટતા માનવીને કવિ સમજાવે છે કે જે કંઈ થયું તે કોઈએ કર્યું નથી પણ આપણે જ બાંધેલા કર્મથી થયું છે! કર્મ કોઈને છોડતું નથી. પરમાત્માને પણ નહિ અને પામર જીવને પણ નહિ. સૌને જ્યારે તેનો સમય આવે ત્યારે ભોગવવું જ પડે. એ સમયે દલીલ ન ચાલે. એ સમયે ફક્ત એક જ ઉપાય છે. ધર્મનું શરણ. ધર્મ એવું કલ્પવૃક્ષ છે જ્યાં વિપત્તિ અને વિષાદ નાશ પામે છે, સંપત્તિ અને શાંતિ આવી મળે છે, સુખ અને સમૃદ્ધિ વધે છે.

✶ ✶ ✶

# કોણ ચડે? આત્મા કે કર્મ?

❑ પૂ. રાજહંસ વિજયજી મ. સા.

આ સંસારમાં એક પ્રશ્ન અનાદિકાળથી ચાલ્યો આવે છે. અને આવનારા અનંતાનંત કાળ સુધી આ પ્રશ્ન ચાલતો જ રહેવાનો છે...

અનંતકાળ વીતી ચૂક્યો છે અને અનંતકાળ હજુ વીતી જવાનો...પણ આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો છે...

આ પ્રશ્ન છે–'પહેલું કોણ? મરઘી કે ઈંડું?'

આ સંસારમાં સર્વપ્રથમ શું આવ્યું? પહેલાં મરઘી આવી કે પહેલાં ઈંડું આવ્યું?

જવાબમાં જો 'મરઘી' કહે તો પ્રશ્ન એ ઊઠે કે ઈંડા વિના મરઘી આવી શી રીતે? અને જો 'ઈંડુ' જવાબ તરીકે રજૂ કરે તો પ્રશ્ન ઉઠે કે મરઘી વિના ઈંડું આવ્યું શી રીતે?

સરવાળે 'પહેલું કોણ? મરઘી કે ઈંડું?' પ્રશ્ન અનુત્તર જ રહે છે.

x x x

આધ્યાત્મિક જગતનો પણ આવો જ એક પ્રશ્ન છે–આ સંસારમાં પહેલાં કોણ આવ્યું? આત્મા કે કર્મ?... પહેલાં આત્મા આવ્યો કે પહેલાં કર્મ આવ્યું?...

જો એમ કહેવામાં આવે કે પહેલાં આત્મા આવ્યો તો પ્રશ્ન એ ઉઠે કે કર્મ વિના આત્મા આ સંસારમાં પરિભ્રમણ કરે જ શી રીતે?

અને જો એમ કહે કે પહેલાં કર્મ આવ્યું તો પ્રશ્ન એ છે કે આત્મા વિના કર્મનું સર્જન થયું શી રીતે?

સરવાળે આ પ્રશ્ન પણ અનુત્તર જ ફર્યા કરે છે...

x x x

જગતમાં જે કંઈ પણ થાય છે, તે બધું જ ઈશ્વરકૃત છે. આવી એક માન્યતા જગતમાં જોર-શોરથી પ્રવર્તે છે...

જગત ઈશ્વરસર્જિત હોય તો જ ઉપરોક્ત પ્રશ્ન ઊભો થાય છે...કારણ કે જે નવસર્જન પામ્યું હોય, એની Birth date હોય અને જ્યાં Birth date હોય ત્યાં જ પ્રશ્ન થાય કે પહેલું કોણ? પહેલું કોણ જન્મ્યું–પહેલું કોણ સર્જન પામ્યું? અને પછી ઊભી થાય તેના આનુષંગિક પ્રશ્નોની બોછાર!!...

છેવટની પરિસ્થિતિ એ આવે કે એ પ્રશ્ન નિરુત્તર જ રહે!!...

x x x

આ આખુંય જગત અનાદિ છે...આજે જે રીતે આ જગત શ્વસી રહ્યું છે, તે જ રીતે તે અનંતકાળ પૂર્વે પણ શ્વસી રહ્યું હતું અને અનંતકાળ પછી પણ ધબકતું જ રહેશે... આ જગતની કોઈ આદિ નથી, અને ક્યારેય તેનો અંત નથી... અનાદિ-અનંત છે આ જગત!!

કોઈ વસ્તુની આદિ હોય તો Birth dateનો પ્રશ્ન અને 'પહેલું કોણ'નો પ્રશ્ન માથામાં વાગે...પણ જ્યારે આદિ જ ના હોય, અનાદિરૂપેણ તે પ્રવાહિત જ હોય તો આવા વાહિયાત પ્રશ્નો ઊભા થાય ક્યાંથી?

અનેકાંતવાદની આ જ વિશેષતા છે... ત્યાં સમસ્યા ક્યારેય નિરુત્તર ન રહે...સમસ્યાનું સમાધાન કરે તેનું નામ જ છે – સ્યાદ્વાદ, અનેકાંતવાદ...

અનેકાંતવાદ પાસે સમાધાન છે, જ્યારે એકાંતવાદ પાસે સમસ્યા છે... જ્યાં માત્ર એકાંતે સમસ્યા છે તે એકાંતવાદ...

અને જ્યાં સમસ્યા સાથે સમાધાન પણ છે તેનું નામ છે–અનેકાંતવાદ....

આવા અનેકાંતવાદની શૈલીમાં આગળ વધીએ...

આ સિલસિલામાં એક નવો પ્રશ્ન છે–કોણ ચડે? આત્મા કે કર્મ?... કોણ બળવાન? કોની તાકાત વધારે–આત્માની કે કર્મની?

અનંતજ્ઞાનનો માલિક છે આત્મા...

અક્ષય શક્તિનો સ્રોત છે આ આત્મા...

અક્ષય સુખનો ભંડાર છે આત્મા...

આત્મા લોકને અલોકમાં અને અલોકને લોકમાં ફેરવી નાખવાની શક્તિ ધરાવે છે....

માત્ર લોકાકાશમાં જ નહિ, અનંત અલોકમાં પણ જોવાનું સામર્થ્ય ધરાવે છે આ આત્મા...

આવી અંશમાત્ર પણ અંત વિનાની અનંત શક્તિ ધરાવતો આત્મા બળવાન જ હોય ને!!...

x x x

સામા પક્ષે કર્મની તાકાત પણ કાંઈ ઓછી ન આંકી શકાય...

અનંતજ્ઞાનના માલિક આ આત્માને પણ કર્મસત્તા નીચે દબાયો હોવાને કારણે બારાખડી શીખવી પડે છે...દરેક ભવે નવેસરથી ભણવું પડે છે...

અનંત શક્તિનો સ્રોત ગણાતો આ જીવ કર્મસત્તાની એડી નીચે કચડાયેલો હોવાથી માયકાંગળો બની ગયો છે...થોડુંક વજન ઊંચકતા તેની કમર લચકી જાય છે...જરાક વાગી જતાં ફ્રેક્ચર થઈ જાય છે...

અવ્યાબાધ સુખનો ભોક્તા ગણાતો આત્મા કર્મવશ દુઃખી દુઃખી થઈ જાય છે. પેટમાં દુઃખે છે...B.P., ડાયાબિટીસ જેવા રોગોથી ઘેરાઈ જાય છે...

આત્માના પ્રદેશ–પ્રદેશ પર કર્મસત્તાએ પોતાનો અડ્ડો જમાવ્યો છે...આત્માના એક–એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોનો ખડકલો

થઈ ગયો છે.

આત્માના એક એક પ્રદેશને અનંત-અનંત કર્મપ્રદેશોએ ઘેરી લીધો છે...

આત્માના અસંખ્ય પ્રદેશો સામે કર્મના અનંતાનંત પ્રદેશો ખડે પગે ઊભા છે.

આત્માના એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોની સત્તા ધરાવનાર કર્મ બળવાન ગણાય જ ને!!

x x x

હવે વિચારણા એ મુદ્દે આવે છે કે વધુ બળવાન કોણ? આત્મા કે કર્મ?

પહેલી નજરે જોતાં લાગે છે કે કર્મ વધુ બળવાન છે!! આત્માના એક એક પ્રદેશ સામે કર્મના અનંતાનંત પ્રદેશો ચોકી પહેરો ભરે છે!!

પણ જરા ઊંડાણથી વિચારશો તો સમજાશે કે કર્મ નહીં, પણ આત્મા જ બળવાન છે...

આત્માને એક પ્રદેશને બંધક બનાવવા કર્મના અનંતાનંત પ્રદેશોને કામે લાગવું પડે છે...કર્મના અનંતાનંત પ્રદેશો ભેગા થાય ત્યારે આત્માના એક પ્રદેશને વશીભૂત કરી શકે!

તાત્યા ટોપે, મંગલ પાંડે જેવા એક ક્રાંતિકારીને પકડવા માટે અંગ્રેજ લશ્કરને સેંકડો નહિ, હજારોની પલટન ખડી કરવી પડી હતી...હજારોની પલટન ભેગી થયા પછીયે, દગાથી જ્યારે એક ક્રાંતિકારી પકડાતો, ત્યારે અંગ્રેજ ગવર્નરને પણ કહેવું પડતું કે અમારા અંગ્રેજો કરતાં આ ભારતીય ક્રાંતિકારીઓ હજારો ગણી શક્તિ ધરાવે છે...અંગ્રેજના બળ અને બુદ્ધિ કરતાંયે ભારતીઓનાં બળ અને બુદ્ધિ અનેકગણી વધુ શક્તિ ધરાવતા હતા.

આત્માના એક પ્રદેશને બંદી-બંધક બનાવવા કર્મસત્તાને પોતાના અનંતાનંત પ્રદેશને કામે લગાડવા પડે છે...

આ વાત એ જ જણાવે છે કે આત્માની શક્તિ કર્મ કરતાં અનંતાનંત ગણી વધારે છે....અનંતાનંત શક્તિનો ધણી છે આ આત્મા...

અનંત શક્તિનો ધણી આત્મા જ્યારે શક્તિ ફોરવવા માંડશે ત્યારે કર્મસત્તા ધમધણી ઉઠશે...

આત્મા જ્યારે પોતાની શક્તિનો પરચો બતાવવાની શુભ શરૂઆત કરશે, ત્યારે કર્મસત્તાના અનંતાનંત પ્રદેશોના ફુરચેફુરચા ઊડી જશે...

આત્મા જ્યારે પોતાની શક્તિને કામે લગાડશે, ત્યારે કર્મસત્તાના કોઈ પ્રદેશો તેને બંધક નહીં બનાવી શકે...

x x x

આ આત્મા અનાદિકાળથી કર્મ પ્રદેશોથી જકડાયેલો છે...કર્મોએ તેને ક્યારેય શરૂઆતથી નથી જકડ્યો...

મુક્ત આત્માની તાકાત સામે કર્મ લાચાર છે...કર્મ ગમે તેટલા ધમપછાડા મારે તો ય મુક્ત આત્માને તે પછાડી શકે તેમ નથી...

અનાદિકાલીન કર્મબંધનમાં બંધાયેલ આત્મા પણ કર્મની તાકાતને તોડી શકે તેમ છે, તો મુક્ત આત્માની તો વાત જ શી કરવી?!

આ વાત પણ આત્માની પડખે ઊભી રહીને કર્મસત્તાને કમજોર સાબિત કરે છે!

x x x

વળી, અનાદિકાળથી કર્મના બંધનમાં જકડાયેલ આત્માના તમામે તમામ પ્રદેશોને બંધક બનાવવાની તાકાત કર્મસત્તા નથી ધરાવતી...

તે ગમે તેટલું જોર કરે તો ય આત્માના આઠ રૂચક પ્રદેશોને કદી દબાવી શકે તેમ નથી...

આત્માના આ આઠ રૂચક પ્રદેશો અનાદિકાળથી કર્મમુક્ત છે...તે કોઈ કાળે કર્મના બંધનમાં બંધાયા નથી... બંધાતા ય નથી અને બંધાશે પણ નહીં...

અને માટે જ તો આત્મા પોતાનું આત્મત્વ ટકાવી શક્યો છે...

આ આઠ રૂચક પ્રદેશોના કારણે જ તો શાસ્ત્રમાં કહેવાયું છે કે- अक्खरस्स अनंतमो भागो निच्चं उग्घाडिओ चिढई । અક્ષરનો અનંતમો ભાગ તો હંમેશ ઉઘાડો રહે છે... કર્મ ગમે તેટલું જોર કરે તો ય આત્મા આગળ કમજોર જ રહે છે. આ આઠ રૂચક પ્રદેશો મગરોલીયા પથ્થરની જેમ ક્યારેય કર્મબંધનના સકંજામાં આવતા નથી...

જ્ઞાનાવરણી કર્મ ગમે તેટલું ભયંકર હોય તો ય અક્ષરનો અનંતમો ભાગ તો સદાકાળ માટે ઉઘાડો જ રહે છે...આત્માને જ્ઞાનનો પ્રકાશ તે આપતો જ રહે છે...

આ પણ આત્માની બળવતર વાતને જ પુરવાર કરે છે...

x x x

આત્માના દબાયેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ ફરી પ્રકાશિત થઈ શકે છે. સીમિત જ્ઞાનાદિને અસીમ-નિઃસીમ બનાવતા કોઈ રોકી શકે તેમ નથી....આત્માની અનંતતા સામે કર્મસત્તા વામણી પૂરવાર થાય છે.

આત્માની તાકાત સામે તે (કર્મ) નિર્બળ છે...

આત્માની લાયકાત સામે તેની (કર્મની) કોઈ ઔકાત જ નથી.

અને એટલે જ તો અનંતા સિદ્ધો અત્યારે વિદ્યમાન છે... દરેક કાળચક્રે અનેકાનેક આત્માઓ સિદ્ધત્વદશાને પામે છે. અનાદિકાલીન કર્મબંધનદશાથી મુક્તિ મેળવે છે...

x x x

આત્મપદ - 'કર્મ છો રહ્યો બહુ મોટો રોગ,
પણ તેને કાઢી, તું આત્મત્વ આરોગ...' ✶✶✶

# સમુદ્ઘાત–કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા

## પન્નવણાના ૩૬મા પદને આધારે સમુદ્ઘાતનું સ્વરૂપ

જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી (ફફડાવી) તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્ઘાત નામની ક્રિયા કરે છે.

આત્મપ્રદેશોમાં સંકોચ–વિસ્તારનો ગુણ હોય છે. તેથી જ સામાન્ય રીતે આત્મા પોતાના નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા નાના-મોટા શરીર પ્રમાણે સ્થિત થઈ જાય છે. તેમ છતાં ક્યારેક, કેટલાક કારણોથી, અલ્પ સમય માટે પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્ઘાત કહે છે. વેદનીય અને કષાય સમુદ્ઘાતમાં શરીરની અંદરના પોલાણમાં જ આત્માના પ્રદેશો બહાર નીકળે છે. બાકીનામાં શરીરની બહાર.

**સમુદ્ઘાત**

(૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે. (૨) સમ=એકી સાથે, ઉદ્=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–ક્ષય થાય તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**(૧) વેદના સમુદ્ઘાત :** વેદનાના નિમિત્તે જે સમુદ્ઘાત થાય તેને વેદનાસમુદ્ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત (અશાતા વેદનીય) કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે. તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખભાની વચ્ચેના અંતરાલોને ભરી દઈને, લંબાઈ અને પહોળાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે. આ ક્રિયાનું નામ વેદના સમુદ્ઘાત છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના ઘણા પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. શાતાવેદનીય સમુદ્ઘાત ન થાય.

**(૨) કષાય સમુદ્ઘાત :** ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્ઘાતને કષાય સમુદ્ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે. તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ તથા કાન અને ખભાની વચ્ચેના ભાગમાં વ્યાપ્ત કરે છે. વ્યાપ્ત થઈને આત્મપ્રદેશો શરીરપ્રમાણ લાંબા-પહોળાં ક્ષેત્રમાં અંતર્મુહૂર્ત પર્યંત સ્થિર રહે છે. આ ક્રિયા કષાય સમુદ્ઘાત છે. તે સમયમાં કષાય મોહનીય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. આ સમુદ્ઘાતનો સંબંધ કષાય સાથે હોવાથી ચારિત્ર મોહનીય કર્મમાં જ થાય છે.

**(૩) મારણાંતિક સમુદ્ઘાત :** મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને શરીરમાં મુખ, ઉદર વગેરે પોલાણ તથા શરીરની બહાર કાન અને ખભાની વચ્ચેના આકાશપ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં જ્યાં ઉપજવાના છે તે નવા સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે. આ ક્રિયાને મારણાન્તિક સમુદ્ઘાત કહે છે. તે સમયે આયુષ્ય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે.

આ સમુદ્ઘાત એક ભવ દરમિયાન વધારેમાં વધારે બે વખત થઈ શકે. પ્રથમ વખતની સમુદ્ઘાતમાં મરણ પામે અથવા પાછો આવે તો પછીના અંતર્મુહૂર્તમાં સ્વાભાવિક રીતે અવશ્ય મૃત્યુ પામે અથવા બીજી વખતે મારણાંતિક સમદ્ઘાત કરીને તેમાં અવશ્ય મરણ પામે. એક વખત આ સમુદ્ઘાત થાય પછી વધારેમાં વધારે અંતર્મુહૂર્તથી વધારે વખત જીવ તે ભવમાં ન રહે અવશ્ય મૃત્યુ પામે. સમુ.માં મરણ પામે તેને સમોહિયા મરણ કહેવાય. આયુષ્યનો બંધ નિયમા સમુદ્ઘાત પહેલા પડી ગયેલો હોય તો જ આ સમુ. થાય. આયુષ્ય કર્મના દલિકો આયુ.ની સ્થિતિ કરતાં વધારે હોય તો જ આ સમુ. થાય છે. મરણનો અંત બાકી રહે ત્યારે જ આ સમુ. થાય માટે મારણાંતિક સમુ. કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત :** વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિય શરીર નામકર્મને આશ્રિત જે સમુદ્ઘાત થાય તેને વૈક્રિય સમુદ્ઘાત કહે છે. વૈક્રિય લબ્ધિ સંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં સ્થિત રહીને વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. આ વૈક્રિય સમુદ્ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત :** તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ

સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે, તેને તૈજસ સમુદ્ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડાકારે આત્મપ્રદેશોને ફેલાવે છે અને તદ્યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ (સંરક્ષક-શીતળતા) અને નિગ્રહ, (બાળવું-સંહારક) આ બંને પ્રકારનો સંભવે છે. અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે. આ સમુ.નો સીધો સંબંધ તૈજસ શરીર નામકર્મ સાથે છે. આ સમુ.ને તેજોલેશ્યા સાથે કોઈ સંબંધ નથી. (૭ થી ૧૨ દેવલોકના દેવો તેજોલેશ્યા ન હોવા છતાં તૈજસ સમુ. કરી શકે છે જ્યારે યુગલિક તેજોલેશ્યા હોવા છતાં સમુ. ન કરી શકે.)

**(૬) આહારક સમુદ્ઘાત :** ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્ઘાતને આહારક સમુદ્ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને તે ક્ષેત્રમાં સ્થિત આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે આહારક સમુદ્ઘાત છે.


**(૭) કેવલી સમુદ્ઘાત :** અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્ઘાત કરે તેને કેવલી સમુદ્ઘાત કહે છે. વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્ઘાત કરે છે, જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને (પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણમાં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે કપાટને લોકાંતપર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આકર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે, કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થાય છે. આઠ સમયમાં આ ક્રિયા પૂરી થતાં નવમા સમયે આત્મા શરીરસ્થ બની જાય છે.

**કેવલી સમુદ્ઘાત :** જેમને નિર્વાણથી છ મહિના પૂર્વે કેવળજ્ઞાન થયું હોય એવા જીવોના આયુષ્યકર્મની સ્થિતિ કરતાં નામ-ગોત્ર-વેદનીયની સ્થિતિ વધારે હોય તેને સમ કરવા માટે નિર્વાણથી અંતર્મુહૂર્ત પહેલા આ સમુદ્ઘાત કરે. આ પ્રક્રિયામાં નામ-ગોત્ર-વેદનીયના કર્મોનો ક્ષય થાય છે. માટે એ ત્રણ કર્મ આશ્રી છે.

- પ્રથમ પાંચ સમુદ્ઘાતમાં મરણ થઈ શકે છે. શેષ બેમાં નહિ.
- મારણાંતિક અને કેવળ વર્જીને શેષ પાંચ સમુદ્ઘાતમાં આયુષ્યનો બંધ થઈ શકે છે.

**કેવલી સમુદ્ઘાતનું સ્વરૂપ**




- પ્રથમ ત્રણ સમુદ્ઘાત ઈરાદાપૂર્વક કરી શકાતી નથી. શેષ ચાર સમુદ્ઘાત સ્વેચ્છાએ કરે છે.
- ઔદારિક શરીરવાળા કેટલાક જીવો ભવ દરમિયાન એકેય સમુદ્ઘાત ન કરે એવું પણ બની શકે છે.
- પહેલી પાંચ સમુ. મિથ્યાત્વી અને સમકિતી બંને કરી શકે છે. છેલ્લી બે સમકિતી જ કરી શકે છે.

**–સંપાદિકાઓ**

* * *

# કર્મવાદ અને મોક્ષ

❑ ચંદ્રહાસ ત્રિવેદી

*[ લેખક અર્થકારણ અને રાજકારણમાં એમ. એ. થયેલા છે, અધ્યાપક, આકાશવાણી પર ઉદ્‌ઘોષક, વિવિધ સાહિત્યના સર્જક અને 'ગુજરાત સમાચાર' માં 'અગમ-નિગમ' સ્તંભ અને 'ધર્મલોક'માં 'વિમર્શ' સ્તંભના લેખક છે. સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું પરિશિલન કરનાર અને વિવિધ ધર્મોના પ્રખર ઊંડા અભ્યાસી છે. ]*

ભારતીય ધર્મધારાઓમાં મોક્ષની વાત કરવામાં આવે છે અને તેને ચરમ લક્ષ્ય માનવામાં આવે છે. વિવિધ ધર્મોએ મોક્ષ અંગે જે વિચાર કર્યો છે તેમાં થોડીક ભિન્નતા દેખાય છે પણ એક વાતનું તો સામ્ય છે કે મોક્ષ એ કૃતકૃત્ય અવસ્થા છે. તે પ્રાપ્ત થયા પછી જીવે બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. મોક્ષના વિચારને સમજવા માટે કેટલાક વિચારકોએ તેને ભૌગોલિક સ્થળ તરીકે સ્થાપ્યો જ્યાં જીવને માત્ર સુખાનુભવ જ રહે. મોક્ષ ભૌગોલિક સ્થાન છે કે નહીં એની ચર્ચામાં આપણે ન પડીએ તો પણ આપણે એક વાત તો સ્વીકારવી પડશે કે મોક્ષ મુક્ત થવાની વાત કરે છે. મોક્ષ શબ્દનો અર્થ જ મુક્તિનો દ્યોતક છે. જ્યાં બંધન છે ત્યાં સુખાનુભવ કેવો ? મુક્ત શેમાંથી થવાનું ? મુક્ત કોણે થવાનું ? મોક્ષની અભિલાષા, મોક્ષનું લક્ષ્ય એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ક્યાંક બંધાયેલા છીએ અને તેમાંથી આપણે મુક્ત થવાનું છે.

આમ, કર્મવાદ મોક્ષ સાથે ગાઢ રીતે સંલગ્ન છે. જીવ કર્મથી બંધાયેલો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી બંધન છે અને બંધન છે ત્યાં દુઃખ છે, વેદના છે, પરાધીનતા છે. કર્મનું એવું ચક્કર ચાલ્યા જ કરે છે કે તે ક્યાંય અટકતું નથી. પૂર્વકર્મ ભોગવાતાં જાય અને નવાં બંધાતાં જાય. આમ, કર્મનો સ્ટોક ક્યારેય ખાલી થતો નથી. કર્મ માત્ર બંધન છે, કારણ કે તેમાં પરાધીનતા છે છતાંય આપણને પુણ્યકર્મ ગમે છે કારણ કે તેમાં સુખાભાસ થાય છે. તત્ત્વજ્ઞોએ તો પુણ્યકર્મને પણ બંધન ગણ્યું છે અને તેનાથી પણ મુક્ત થવાની વાત કરી છે. સુખાનુભવ મુક્તિમાં છે. સુખાભાસમાં નહીં. આ વાતને ધીરજથી સમજવાની છે. પુણ્યકર્મનો એમાં નિષેધ નથી કારણ કે પુણ્યકર્મને સહારે મનુષ્ય પાપકર્મોને હઠાવે છે. પણ પુણ્યકર્મ અંતે તો છોડી દેવા જેવું છે. કારણ કે તે પણ બંધન તો છે જ. જેમ ઉપર ચડનાર માણસ દોરડાનો સહારો લે પણ નિસરણી ચડી ગયા પછી દોરડું છોડી દે છે, તેને પકડી રાખતો નથી તેમ છેવટે પુણ્યકર્મ પણ છોડી દેવાનું છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. રેશમની દોરીથી બાળકને બાંધો કે લોખંડની સાંકળથી બાંધો પણ બંધન એ બંધન એમાં કોઈ શંકા નથી. **પુણ્યને પણ છોડવાની વાત સાધનાના છેલ્લા પગથિયે છે નહીં કે પહેલે પગથિયે.** ઘણીવાર મોટા મોટા ચિંતકોએ પણ આ બાબતે ઉતાવળે અભિપ્રાય આપ્યા છે જેથી તે અંગે ઘણી ગેરસમજ પ્રવર્તે છે.

આમ, મોક્ષ જીવ માત્રનું ચરમ લક્ષ્ય હોવું જોઈએ કારણ કે તેમાં અનંત સુખાનુભવ છે. મોક્ષની નિષેધાત્મક કલ્પના આપણને માન્ય નથી. જો મોક્ષ કંઈ જ ન હોય તો પછી મેળવવા જેવું શું રહ્યું ? હવે જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો કર્મના બંધનમાંથી છૂટવું જોઈએ. જો આપણને કોઈએ બાંધ્યા હોય તો તે કર્મે. કર્મનું બંધન તૂટતાં જ હંસલો મુક્ત થઈને માનસરોવરને કાંઠે બેસી ક્ષીરનું-અમૃતનું પાન કરવાનો.

**માટે જ કોઈ વિચાર, ભાવ કે ક્રિયા કર્મના વિષચક્રને તોડે તે સાધના છે.** કર્મવાદનો અભ્યાસ આપણને કર્મના કોઠાઓનું જ્ઞાન આપે છે કે જેને સહારે આપણે સાતેય કોઠા જીતી બહાર આવી જઈ શકીએ. આપણે કર્મબંધ વિષે જાણ્યું, કર્મના ભોગવટાનો વિચાર કર્યો, નિમિત્તોની પ્રબળતા સમજ્યા, કર્મનો વિપાકોદય અને પ્રદેશોદય ચર્ચી ગયા એ બધાનો સાર એટલો જ છે કે કર્મ બાંધો થોડાં, પણ તોડો ઘણાં. સાધનાનો અર્થ એટલો જ છે કે ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ બનાવો, નવાં કર્મોને આવવા ન દો, બાંધેલાં કર્મોને ખંખેરી નાખો, ઝાટકી નાખો. ગમે તેમ કરી કર્મને કાઢો. છેવટે ભોગવીને પણ કર્મને કાઢો.

તેથી ઘણી વાર આરાધકો સામે ચાલીને નિમિત્તો આપીને કર્મોને ખેંચી લાવી ભોગવવાનું પસંદ કરે છે. કર્મનું દેવું ચૂકવ્યા વિના કોઈ તેના સામ્રાજ્યની સરહદ ઓળંગી શકે તેમ નથી. તેથી જ્યારે મનુષ્યભવ મળ્યો છે, ધર્મની અનુકૂળતા છે, દેવ-ગુરુની નિશ્રા સુલભ છે ત્યારે કર્મનો હિસાબ ચોખ્ખો કરી નાખો. પણ અહીં એક વાતે સાવધ રહેવાનું છે કે સામેથી કર્મને ખેંચી લાવી ભોગવવાની પ્રક્રિયા ધર્મશૂરાઓએ કરવા જેવી છે, સામાન્ય જીવોએ નહિ, કારણ કે વગર તાકાતે આ પ્રયોગ કરનાર ઊલટાનો કુટાઈ જાય.

જો કર્મ ભોગવીને કાઢવાનાં હોય તો તો કરોડો વર્ષો તો શું કરોડો જન્મો જોઈએ. વળી કર્મના ભોગવટા વખતે નવાં કર્મ બંધાતા જાય તેનું શું ? તેથી સાધના એનું નામ કે જે કરોડો વર્ષ ચાલે એટલાં કર્મનો સ્ટોક બે-ત્રણ જન્મમાં ખતમ કરી નાખે અને મુક્ત થઈ જાય.

આમ જોઈએ તો કાળ ઉપર આપણો બહુ કાબૂ નથી પણ સાધનામાં કાળ બહુ જાગતી ચીજ છે. સાધનામાં તો કર્મની સ્થિતિને-મુદતને ઉત્તરોત્તર તોડીને ટૂંકી કરવાની છે. કર્મની સ્થિતિ જેટલી તૂટે એટલી પ્રગતિ, એટલી ગુણપ્રાપ્તિ વધારે. સાધનામાં જ્યારે પ્રવેગની– એક્સીલરેશનની સ્થિતિ સર્જાય છે તેને ક્ષપકશ્રેણી કહેવામાં આવે છે તે કાળનો ઘાત કરીને જ મંડાય છે. તે સમયે કરોડો વર્ષે કે જન્મે જેનો ભોગવટો થઈ શકે તેવાં કર્મોની

સ્થિતિ–કાળમર્યાદા, લાખ્ખો નહિ, હજારો નહિ, અરે, સેંકડો નહિ પણ છેવટે બે-ત્રણ ઘડી સુધી આવી જાય છે. ઉત્કૃષ્ટ આરાધના કરનાર તો કર્મોને એક જ જન્મમાં પૂરાં કરી નાખવાની પેરવી કરે છે. આત્માના ગુણો પ્રગટ થતા જાય તેમ કર્મની સ્થિતિ તૂટતી જાય. કર્મની સ્થિતિ તૂટે એટલે તેનો ભોગવટાકાળ તૂટે, પણ તેના પરમાણુઓ તો એટલા ને એટલા જ રહે. જે કર્મ-પરમાણુઓ લાંબા કાળમાં ભોગવવાના હોય તે પછી અલ્પકાળમાં પ્રદેશોદયથી ભોગવાઈ જાય. કર્મ-પરમાણુઓ જીવ સાથે ચોંટેલા હોય છે જે બે રીતે તેનાથી વિમુક્ત થાય. એક તો કર્મ ભોગવાય એટલે તે ખરી પડે. બીજી રીત છે પ્રદેશોદયની. જેમાં કર્મની અસર ન વર્તાય અને તે ખરી પડે.

કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય છે તે કર્મના પરમાણુઓની અપેક્ષાએ જપ-તપ-વ્રત-દાન-ધર્મ-સદાચાર-ધ્યાન-યોગ-ભક્તિ બધાંનો ગૂઢાર્થ એ છે કે કર્મને તોડો-ખંખેરી નાખો. આ બધાં અનુષ્ઠાનો કર્મની સ્થિતિ અને રસને તોડી નાખવામાં સહાય કરે છે. કર્મનો રસઘાત થતાં કર્મ તાકાત વગરનાં બની જઈને ખરવા લાગે છે. રસઘાતની પ્રક્રિયા તો સ્થિતિઘાત કરતાંય ઝડપી હોય છે. સાધનાની અંતિમ કક્ષાએ સાધક બધા જ કર્મદલિકોને પ્રદેશોદયથી સૂકવીને, તપ્ત કરીને ખંખેરી નાખે છે જેને કેળળી **સમુદ્‌ઘાત**ને નામે ઓળખવામાં આવે છે – બસ ત્યાર પછી જીવ મુક્ત થઈ જાય છે – કર્મથી મુક્ત થઈ જાય છે અને અનંત સુખાનુભવમાં તેની સ્થિતિ થઈ જાય છે.

બીજી એક મહત્ત્વની બાબત છે ચૈતન્યની સત્તાની. આપણે જોઈ ગયા કે આમ તો કર્મ એક જડ પદાર્થ છે. પદાર્થમાં અનર્ગળની શક્તિ રહેલી છે તો સામે ચૈતન્યમાં અનંત શક્તિ રહેલી છે. કર્મની શક્તિ એટલે જડની શક્તિ. જે ચૈતન્યમાં અનંત શક્તિને આવરીને–દબાવીને બેઠી છે અને તેનો આ સંસાર છે. પણ એ બાબત નિર્વિવાદ છે કે **જડ ક્યારેય ચૈતન્ય બની શકતું નથી અને ચૈતન્ય ક્યારેય જડ બની જતું નથી. છતાંય બન્નેનો એકબીજા ઉપર પ્રભાવ છે.** કર્મની જે કંઈ જંજાળ છે, તેનો જે કંઈ વિસ્તાર છે તે જડ અને ચેતનના પરસ્પર થતા સંબંધોને કારણે. કર્મની હાજરીમાં ચૈતન્ય અમુક રીતે વર્તે છે પણ જો કર્મ નષ્ટ થઈ જાય, ચેતનને જડ એવાં કર્મોનો સંસર્ગ ન રહે, તો પછી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપે વિલસી રહે છે. જડને પોતાનો સ્વભાવ છે અને તેની આગવી શક્તિ છે તો ચૈતન્યને પણ પોતાનો વિશિષ્ટ સ્વભાવ છે અને તેની પાસે વિશિષ્ટ શક્તિ છે. આમ તો ચૈતન્યની તાકાત, જડની તાકાત કરતાં અનેકગણી છે. પણ ગમે તેવી તાકાતવાળો જંગલને ધ્રુજાવનાર સિંહ પાંજરે પુરાયો હોય તો પછી તેની તાકાત ક્યાં રહી? **આપણું ચૈતન્ય કર્મરૂપી પાંજરામાં પુરાયેલું છે તેથી અસહાય બનીને કર્મ આપે છે એટલું લે છે અને કર્મ નચાવે તેમ નાચે છે.** પણ એક વાર ચૈતન્ય જાગી ઊઠે, આળસ ખંખેરીને પૂર્ણ બળથી, પૂર્ણ શ્રદ્ધાથી પાંજરાને તોડીને બહાર આવી જાય તો પછી તે પોતાના સ્વભાવમાં આવી જઈ શકે છે. મૂળ વાત છે ચૈતન્ય એવા જીવ અને જડ એવા કર્મના સંબંધોને તોડવાની.

ઘણા લોકો એમ કહે છે કે ચૈતન્ય શુદ્ધ-બુદ્ધ છે. તેને જડ એવાં કર્મ કંઈ કરી શકે નહિ. આ વાત સાંભળવામાં સારી લાગે છે, સાંભળવી ગમે તેવી છે પણ વાસ્તવિક્તા ઊલટી છે. જો ચૈતન્ય ઉપર કર્મનો પ્રભાવ ન પડતો હોય તો મદારી જેમ રીંછને નચાવે તેમ ચૈતન્ય એવા આપણે, સંસારમાં કર્મના નચાવ્યા કેમ નાચ્યા કરીએ છીએ? જેમ ગળે સાંકળ બાંધેલ કૂતરો, સાંકળની ઢીલ પ્રમાણે ફરતાં ફરતાં કહે કે હું સ્વતંત્ર છું તેના જેવી આ વાત લાગે છે. જો જીવ સ્વતંત્ર છે તો પછી તેને આ સંસાર કેમ? આ પરાધીનપણું, આ અસહાયતા કેવી? મૂળ વાત છે જીવે કર્મની ચુંગાલ ફગાવી દઈને સ્વતંત્ર થવાનું છે. **સ્વભાવથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને અનંત સામર્થ્યવાળો છે પણ તેના તે ગુણો કર્મથી આવૃત્ત છે**–ઢંકાયેલા છે, કર્મથી દબાયેલા છે જે તેણે પ્રગટાવવાના છે. આ ગુણોનો આવિર્ભાવ કરવા માટે જીવે પુરુષાર્થ કરવાનો છે.

કરોડોની સંપત્તિનો માલિક જ્યાં સુધી પોતાની સંપત્તિથી અજાણ હોય કે જ્યાં સુધી તે મેળવી ન શકે ત્યાં સુધી તો તે દરિદ્ર જ છે. આપણો ઘાટ આના જેવો છે. આપણે અનંતના સ્વામી છીએ પણ અત્યારે તો કર્મના માર્યા અને દોર્યા સંસારમાં અથડાઈએ છીએ – કુટાઈએ છીએ. જ્યાં સુધી કર્મનો ધ્વંસ નહિ કરીએ ત્યાં સુધી આપણા ભાગ્યમાં કુટાવાનું જ છે. પણ આશા એટલી છે કે **ચૈતન્યમાં અનંત શક્તિ છે અને જો તેને જગાડવાનો, જીવ પુરુષાર્થ કરે તો જડ એવા કર્મનો પરાભવ કરીને પોતે અવશ્ય મુક્ત થઈ જાય.**

ઘણા લોકો તો ઠેરથી જ વાત કરે છે કે જડ એવું કર્મ ચૈતન્યને અસર ન કરી શકે. અરે, જડ એવી દવાઓનું સેવન કરવાથી આપણા ઉપર કેટલી બધી અસર થાય છે? દારૂ જડ છે અને બ્રાહ્મી પણ જડ છે;પણ એક બુદ્ધિને ભ્રમિત કરે છે તો બીજું બુદ્ધિને સચેત કરે છે. જડ એવા પદાર્થો ઉપર ચેતનાથી ધબકતો જીવ કેટલી આસક્તિ રાખે છે? જડ પદાર્થો ઉપર જીવ નભે છે અને તેને મેળવવા જીવનભર દોડ્યા કરે છે. મંગળ અને ગુરુના ગ્રહો ઉપર જ્યાં જીવન નથી ત્યાં જડનું અસ્તિત્વ તો છે પણ કોઈ મારા-મારી નથી, કોઈ સંસાર મંડાયો નથી. **જ્યાં જડ છે અને ચેતન છે ત્યાં જ સંસાર છે. સંસાર એટલે જડ અને ચેતનની રમત.** ત્યાં જડની અસર ચેતન ઉપર ન થાય એ વાત ગળે કેમ ઊતરે?

પણ હા, આપણે એટલું અવશ્ય સ્વીકારવું જ રહ્યું કે જડ એ જડ છે, તે ક્યારેય ચેતન બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બનવાનું નથી. બંનેને પોતપોતાની શક્તિ છે તો બંનેને પોતપોતાની મર્યાદા પણ છે. જડનું સંસાર ઉપર સાર્વભૌમત્વ નથી તો ચેતનનું પણ સાર્વભૌમત્વ નથી. બંને પોતપોતાની સીમામાં રહીને જ કામ કરે છે અને પરસ્પરને અસર કરે છે. કોઈ વખત આપણે જડ એવાં કર્મોની વધારે અસર નીચે આવી જઈએ છીએ તો કોઈ વખત

ચેતનાના ગુણોનો પ્રભાવ વધી જાય છે. જડ પાસે પુરુષાર્થની શક્તિ નથી, જે ચેતન પાસે છે. જો ચેતના જાગી ઊઠે અને પુરુષાર્થ આદરે તો આજે નહીં તો કાલે, આ ભવે નહીં તો આવતે ભવે જડ કર્મોને ફગાવી દઈને પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી અનંત સુખમાં સ્થિત થઈ શકે છે.

આ પુરુષાર્થ જગાવવા માટે અને પુરુષાર્થ ક્યાં કરવાનો છે, કેવી રીતે થઈ શકે તે જાણવા માટે તો કર્મની વ્યવસ્થા–સિદ્ધાંત સમજવાનો છે. કર્મના સિદ્ધાંતોનું રહસ્ય સમજીને, તેનો ભેદ જાણીને, તેનો ઘાત કરીને ચૈતન્ય સ્વભાવમાં આવી જવાનું છે. નવાં કર્મોને ન બાંધવાં, બાંધેલા કર્મો તોડવાં તથા ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ કરવાં એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. અહીં ભાગ્યને આધીન નથી રહેવાનું– પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. **આ પ્રક્રિયા ત્રણ રીતે થાય છે.** એક તો કર્મ સમતાથી ભોગવી લેવાં, ઉદયમાં ન આવ્યાં હોય તેને પણ ખેંચી લાવીને નિર્જરવાં – ખંખેરી નાખવાં આ છે **ક્ષાયિક ભાવ** જેમાં કર્મોનો ક્ષય થાય છે. બીજો ભાવ છે **ઔપશમિક ભાવ.** જેમાં કર્મોનું શમન કરી દેવાનું. તેને ટાઢાં પાડી દેવાનાં. આ અવસ્થા લેણદારને સમજાવી– મુદ્દત પાડી પાછો કાઢવા જેવી છે. આજે તો લેણદાર પાછો વળ્યો પણ આગળ ઉપર દેવું તો ઊભું જ છે. ત્રીજો માર્ગ, વચલો માર્ગ છે જેમાં કર્મના રસને તોડતાં જવાનો, કર્મની સ્થિતિનો – મુદ્દતનો ઘાત કરતા જવાનો અને કર્મના દલિકોને – પરમાણુઓને નિર્જરતા જવાના– ખેરવતા જવાના અને તેમનું શમન પણ કરતા જવાનું. આ છે **ક્ષાયોપશમિક ભાવ.** જ્યારે **ઔદાયિક ભાવમાં** એટલે કર્મના ઉદયથી પ્રવર્તનાર ભાવમાં તો કર્મને આધીન થવાનું. એમાં તો જીવ ઊંઘતો જ ઝડપાઈ જાય છે. કર્મ જે માગે તે બધું સામે ધરી દેવાનું. પછી ગમે તેટલા રડો કે કકળો તેની કર્મસત્તાને કંઈ પડી નથી. આમ, ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિક ભાવ આરાધનાના ઘરના છે. ઔપશમિક ભાવમાં આરાધના ખરી પણ તે પ્રશ્નનું નિરાકરણ ન લાવે, ફક્ત તાત્કાલિક સમાધાન કરાવે પણ પ્રશ્ન તો ઊભેલો જ રહે; જ્યારે ઔદાયિક ભાવ તો શરણાગતિનો ભાવ છે.

આમ, કર્મસિદ્ધાંતનો અભ્યાસ, કર્મવ્યવસ્થાની સમજણ આ ભવ અને પરભવ બંનેને સુધારી લેવાનો તેમ જ ભવભ્રમણમાંથી બહાર નીકળી જઈને અનંત સુખમાં જવાનો માર્ગ બતાવે છે. તેનું પ્રાથમિક લક્ષ્ય છે – કર્મથી બચો, અને કર્મ બાંધો તો સારાં – શુભ કર્મો જ બાંધો અને અંતિમ લક્ષ્ય છે કર્મનું ઉપાર્જન બંધ કરો અને બાંધેલાં કર્મોને ખંખેરી નાખી – નિર્જરી, સ્વરૂપમાં આવી જાવ અને સ્વભાવમાં રમણ કરો.

✷ ✷ ✷

'સુહાસ',
૬૪, જૈન નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૮-૨૬૬૨ ૦૬૧૦

## મોક્ષ વિચાર ભારતીય દર્શનની વિરલ વિશેષતા છે

૧. ન્યાય દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'तदत्यन्तविमोक्षोऽपवर्गः।' અર્થાત્ બધા દુઃખોનો આત્યંતિક છેદ થઈ જવો તે મોક્ષ.

૨. વૈશેષિક દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'तदभावे संयोगाभावोऽप्रादुर्भावश्च मोक्षः।' અર્થાત્ શરીરધારક મન, કર્મ, બુદ્ધિ વગેરેનો અભાવ થવાથી વર્તમાન શરીરના સંયોગોનો અભાવ થઈ જાય છે એટલે નવું શરીર ઉત્પન્ન થતું નથી, તે મોક્ષ છે.

૩. સાંખ્ય દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'प्रकृतिपुरुषान्यत्त्वख्यातौ प्रकृत्युपरमे पुरुषस्य स्वरुपेणव्यवस्थानं मोक्षः।' અર્થાત્ વિવેક ખ્યાતિ થવા પર પુરુષને એ જ્ઞાન થઈ જાય છે કે પુરુષ નહિ કે પ્રકૃતિ કે તેનો વિકાર (છે) તેનું આ વિવેક જ્ઞાન જ વસ્તુતઃ તેનો મોક્ષ છે.

૪. યોગ દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरुप प्रतिष्ठा वा चितिशक्तेरिति।' અર્થાત્ પુરુષાર્થ શૂન્ય ગુણોનું પુનઃ ઉત્પન્ન ન થવું, સાંસારિક સુખ દુઃખોનો આત્યંતિક છેદ એટલે કે પોતાના સ્વરુપમાં પ્રતિષ્ઠાન થવું તે મોક્ષ છે.

૫. મીમાંસા દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'नित्यनिरतिशयसुखाभिव्यक्तिर्मुक्तिः।' અર્થાત્ નિરતિશય સુખોની અભિવ્યક્તિ જ મોક્ષ છે.

૬. બૌદ્ધ દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'धर्मिनिवृत्तौ निर्मलज्ञनोदयो महोदयः।' અર્થાત્ જ્ઞાનનો ધર્મી આત્મા જ્યારે નિવૃત્ત થઈ જાય છે ત્યારે નિર્મળ જ્ઞાનનો ઉદય થાય તે જ મોક્ષ છે.

૭. જૈન દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'कृत्स्नकर्मक्षयो मोक्षः।' અર્થાત્ સંપૂર્ણ કર્મોનું આત્યંતિક તેમ જ નિરન્વય વિનાશ જ મોક્ષ છે.

૮. ચાર્વાક્ દર્શન (આધુનિક સમાજનું જીવનગત દર્શન)માં મોક્ષનું સ્વરૂપ : 'पारतन्त्रयं बन्धः स्वातंत्र्यं मोक्षः।' અર્થાત્ જ્યાં જ્યાં સ્વતંત્રતા છે ત્યાં સુખ છે અને તે જ મોક્ષ છે.

૯. વેદાંત (રામાનુજ મુજબ) દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : ઈશ્વરની આજ્ઞાઓનું પૂર્ણ રીતે પાલન કરવું, પોતાની ઈચ્છાઓને ઈશ્વરને સમર્પિત કરી દેવી; એ જ માનવની પૂર્ણ સ્વતંત્રતા અને તેની મોક્ષ ગતિ છે.

૧૦. વેદાંત (શંકરાચાર્ય મુજબ) દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : શંકરાચાર્ય મુજબ જીવ અને બ્રહ્મ એક જ છે. (जीवो ब्रह्मैव नापरः) એટલા માટે 'ब्रह्मविद् ब्रह्मैव भवति।' અર્થાત્ સાધકનો અહંભાવનો વિલય થઈ જાય અને તે માયાથી મુક્ત થઈ બ્રહ્મમાં પૂર્ણ થઈ જાય છે તે મોક્ષ છે.

૧૦. ગીતા અનુસાર મોક્ષનું સ્વરૂપ : જ્ઞાનાગ્નિમાં નાખેલાં તમામ પ્રકારના શુભ-અશુભ, ક્રિયમાણ, પ્રારબ્ધ તથા તમામ સંચિત કર્મો બળીને ખાક થઈ જાય છે અને જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે. એટલે કે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત થાય છે. —સંપાદિકાઓ

# કર્મયોગનું વિજ્ઞાન

□ ભાણદેવજી

*[ અધ્યાત્મપથના પથિક વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્ત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશ ભ્રમણ કર્યું છે. લગભગ ૩૫ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે. ]*

**૧. પ્રસ્તાવ**

कर्मणोह्यपि बोद्धव्यं बोद्धोव्यं च विकर्मण: ।
अकर्मणश्च बोद्धव्यं गहनी कर्मणो गति: ।

-श्रीमद् भगवत् गीता 4-17.

'કર્મનું સ્વરૂપ જાણવાયોગ્ય છે. વિકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે અને અકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે. કર્મની ગતિ ગહન છે.'

જે શબ્દ સતત કાને પડતો હોય, જેના સંપર્કમાં આપણે સતત રહેતા હોઈએ તેની ગહનતા અંગે આપણે બેપરવાહ બની જઈએ છીએ. અતિ પરિચયને લીધે તેની ગહનતા તરફ આપણું ધ્યાન જતું નથી. કર્મ આપણા જીવન સાથે ગાઢ રીતે એકરસ થઈ ગયું છે. જીવવું અને કર્મો કરવા બન્ને સાથે સાથે જ છે.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् (गीता-3-5)

'કોઈ પણ જીવ ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહેતો નથી.'

કર્મ માનવજીવન સાથે આટલું ઓતપ્રોત થયેલું છે. છતાં આપણે કર્મના યથાર્થ સ્વરૂપને ન જાણતા હોઈએ એમ બની શકે; એટલું જ નહિ પણ તેને લીધે આપણને કર્મના રહસ્ય અંગે જાણવાની ઈચ્છા પણ ન થાય એમ પણ બની શકે ! કર્મની ગહનતાનો ખ્યાલ પણ ન આવે !

**૨. કર્મ એટલે શું ?**

કર્મનો શાબ્દિક અર્થ તો સૌ જાણે છે. કર્મ=કૃ (કરોતિ) કરવું તે = To do. પણ આટલાથી કર્મનો અર્થ જાણી ગયા એવું નથી. કર્મના પર્યાયવાચક શબ્દો જાણવા, તેની વ્યુત્પત્તિ જાણવી અને તેના યથાર્થ રહસ્યને આત્મસાત્ કરવું તે બંને અલગ અલગ બાબતો છે.

કર્મ એટલે મહાચૈતન્યની અભિવ્યક્તિ (Manifestation)ની ઘટના. સૃષ્ટિના પ્રારંભે મૂલ પ્રકૃતિ (ગતિહીન શાંત પ્રકૃતિ) તરફ મહાચૈતન્યની દૃષ્ટિ પડતાં મૂલ પ્રકૃતિમાં ચૈતન્ય પ્રગટે છે. મૂલ પ્રકૃતિની ત્રિગુણાત્મિકા સમુતાલાનો ભંગ થાય છે. ગતિહીન પ્રકૃતિમાં ગતિ પ્રગટે છે. આ પ્રથમ ગતિ એ જ આદિ કર્મ છે. કર્મની આ સાંકળ ચાલુ જ રહે છે. સર્ગ પ્રક્રિયા એટલે શું ? સર્ગ એટલે ચૈતન્યની અભિવ્યક્તિની પ્રક્રિયા. જેમ જેમ સર્ગક્રમ વિકસતો જાય છે તેમ તેમ સૃષ્ટિમાં પરમાત્મા વધુ ને વધુ અભિવ્યક્ત થતો જાય છે. આખો સર્ગક્રમ કર્મની જ પ્રક્રિયા છે તેથી મૂલત કર્મ મહાચૈતન્યની અભિવ્યક્તિની ઘટના છે. સામાન્યતઃ આપણે કર્મના યથાર્થ સ્વરૂપના અનુસંધાનને ચૂકી જતા હોઈએ છીએ પણ એ અનુસંધાન પુનઃ જોડી શકાય તેમ છે અને એ જ કર્મયોગની ચાવી. કર્મમાત્ર ચૈતન્યના ધક્કાથી પ્રગટે છે. અચેતન દ્વારા કર્મ પ્રગટી શકે નહિ, તેથી કર્મનું ચૈતન્ય સાથે અનુસંધાન છે જ. કર્મ કરતી વખતે કર્મ જે મહાચૈતન્યના ધક્કાથી પ્રગટે છે તેની સાથેના અનુસંધાન અંગે જાગૃત રહી શકાય તો કર્મનું કર્મયોગમાં રૂપાંતર થાય છે. કર્મયોગનું આ રહસ્ય છે.

**(૩) કર્મનાં સ્વરૂપો**

**(૧) સાધન કર્મ :** દરેક અધ્યાત્મ પ્રણાલિમાં બહિરંગ સાધનપદ્ધતિ હોય છે. તેને જ સાધનકર્મો કહે છે. તેને જ ક્રિયાકાંડ, ક્રિયાયોગ કે બહિરંગ યોગ પણ કહે છે. યજ્ઞયાગ, પૂજાપાઠ, નામજપ, પ્રાણાયામ, પ્રણવોપાસના, સ્તોત્રપાઠ આદિ સાધનકર્મો છે. સાધનકર્મોને કર્મયોગનું સ્વરૂપ આપવું, તેમને અધ્યાત્મપ્રેરક રૂપ આપવું સરળ છે. કેમકે તેવાં કર્મો મૂલતઃ અધ્યાત્મના સાધનો છે. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેમનું મુખ મહાચૈતન્ય તરફ છે. સાધનકર્મના અનુષ્ઠાનથી જીવનમાં જ્ઞાનભક્તિ પ્રગટે છે. સાધનકર્મો ચિત્તશુદ્ધિ અને અધ્યાત્મપ્રાગટ્યના ઉત્તમ સાધનો બની શકે તેવી તેમાં ક્ષમતા છે.

**(૨) સેવાકર્મ :** કોઈ પણ વ્યક્તિ કે સમૂહના કલ્યાણ માટે, બદલાની અપેક્ષા વિના થતા કર્મને સેવાકાર્ય કહે છે. સેવા માનવી કે માનવેતર પ્રાણીની પણ હોઈ શકે છે. સેવાકાર્યો પણ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. સેવાકર્મોને પણ સાધનાનું સ્વરૂપ આપી શકાય તેમ છે. નિષ્કામભાવે અન્યને ઉપયોગી થવા માટે થતાં કર્મો વ્યક્તિના વિકાસનું માધ્યમ બની શકે તેમ છે.

**(૩) ભગવત્પ્રીત્યર્થકર્મ :** એક એવી અવસ્થાએ સાધક પહોંચે છે જ્યાં તેના બધા કર્મો ભગવત્પ્રીત્યર્થ થાય છે. તે અવસ્થામાં કોઈ પણ કર્મ તેના માટે ભાગવત સેવાકાર્ય બની જાય છે. આ અવસ્થામાં સાધકના ચિત્તમાં કર્મનું મૂળ અનુસંધાન પ્રગટે છે અને તેના ચિત્તમાં કર્મના યથાર્થ સ્વરૂપનું ઉદ્‌ઘાટન થાય છે.

**(૪) ભાગવતકર્મ :** વિરલ

***કર્મમાંથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે પહેલી આવશ્યકતા એ છે કે કર્મો આસક્તિયુક્ત ન હોવાં જોઈએ. આસક્તિથી કરેલું કર્મ બાંધે છે અને તેવું કર્મ મુક્તિમાં સહાયક બની શકે નહિ, તેથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે કામનામાંથી મુક્ત થવું જોઈએ.***

પ્રસંગમાં ભાગવતચેતના વ્યક્તિ પાસે કર્મ કરાવે છે. વ્યક્તિ ભગવાનના કાર્યોનું વાહક બને છે. આવાં કર્મોને ભાગવતકર્મો કહે છે. ભગવાન પોતે જ કોઈ કર્મ વ્યક્તિ દ્વારા કરાવે ત્યારે તે વ્યક્તિ ધન્ય બને છે. ભાગવત કર્મોના સાધન બનવું પરમ સદ્ભાગ્ય છે, પણ એમ બનવું એ ભગવતકૃપા પર અવલંબે છે. પોતાની પસંદગી કે પુરુષાર્થથી મેળવી શકાય તેવી સિદ્ધિ નથી. કોઈ પણ કર્મ નિષ્કામભાવથી અને ભગવત્ સમર્પણભાવે કરીએ તો તેવાં કર્મો ભાગવતકર્મો ગણાય કે નહિ? ના. એ બધાં કર્મો ભાગવતકર્મો ન ગણાય. ભગવાન પોતે જ પોતાના કાર્ય માટે વ્યક્તિને પસંદ કરે અને તેની પાસે કર્મ કરાવે તે જ ભાગવતકર્મો ગણાય. એમ થયા વિના સત્કર્મો, સાધનકર્મો, નિષ્કામકર્મો, ભગવત્પ્રીતિકર્મો પણ ભગવતકર્મો ગણાય નહિ. પણ બધાં જ કર્મો ભગવાનના જ કર્મો છે એમ ન ગણાય? એમ કોઈ પૂછે તો તેનો જવાબ શો? પરોક્ષ રીતે, પ્રકૃતિ દ્વારા બધાં કર્મો ભગવાન કરાવે છે એ સાચું, પણ સાક્ષાત્ અને અપરોક્ષ ભાગવત્કર્મોની તો કક્ષા જ જુદી છે.

નિષિદ્ધકર્મોનો સમાવેશ આપણે ઉપરોક્ત વર્ગીકરણમાં કર્યો નથી કેમ કે નિષિદ્ધકર્મો સાધન કર્મો બની શકે નહિ. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેનો ત્યાગ જ ઈષ્ટ છે. જેમ કે વ્યભિચાર, લૂંટ, ખૂન, ચોરી વગેરે કર્મોનો ત્યાગ જ ઈષ્ટ છે.

તે જ રીતે ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં નથી. કેમ કે સાધનાના અર્થમાં ભોગકર્મોને કર્મો ગણી શકાય નહિ. બધાં ભોગ કર્મો પાપકર્મ કે નિષિદ્ધકર્મ હોતાં નથી. છતાં ભોગ માનવીને બાંધે જ છે, તેથી ભોગકર્મોનો સમાવેશ કર્મયોગમાં ન કરી શકાય.

વળી કામ્યકર્મ પણ વ્યક્તિને બાંધે છે અને તેથી મુક્તિ કે આધ્યાત્મિક વિકાસનું સાધન આવાં કામ્યકર્મો બની શકે નહિ. તેથી કામ્યકર્મોને પણ કર્મયોગ ગણી શકાય નહિ. સત્કર્મો પણ જો કામ્યકર્મો હોય તો તેમાંથી કામનાનો અંશ જાય પછી તે સાધનકર્મ બની શકે છે. ક્રમ બાંધતું નથી, કામના બાંધે છે, તેથી કામનાથી દૂષિત થયેલું કર્મ બહિરંગ દૃષ્ટિએ ગમે તેટલું મહાન સત્કર્મ હોય તો પણ તે વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષનું સાધન બની શકે નહિ.

**૪. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કર્મ**

કર્મને ચિત્તશુદ્ધિનું સાધન ગણવામાં આવે છે. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કેવી રીતે થાય છે તે આપણે આધુનિક મનોવિજ્ઞાનની પરિભાષામાં સમજવા પ્રયત્ન કરીએ.

(૧) કર્મ દ્વારા વ્યક્તિ લઘુતાગ્રંથિમાંથી મુક્ત થાય છે. નાના સરળ કાર્યોમાંથી મોટાં કઠિન કાર્યો તરફ જવાય છે. અને વ્યક્તિ પુરુષાર્થ દ્વારા કર્મના ક્ષેત્રમાં જેમ જેમ વિકસતી જાય છે તેમ તેમ તેનો આત્મવિશ્વાસ વધતો જાય છે. પરિણામે લઘુતાગ્રંથિની પકડ તેના ચિત્ત પરથી ખસવા લાગે છે.

(૨) કર્મ દ્વારા વ્યક્તિ પાપગ્રંથિમાંથી પણ મુક્ત થઈ શકે તેવી સંભાવના છે. પાપગ્રંથિ એટલે પોતે પાપી છે, ગુનેગાર છે તેવો ભાવ. કર્મ દ્વારા વ્યક્તિના ચિત્તમાં કંઈક સારું કર્યાનો સંતોષ, કંઈક બીજાને ઉપયોગી થયાનો સંતાષ ઉત્પન્ન થાય છે. પરિણામે વ્યકિતના ચિત્ત પરની પાપગ્રંથિની પકડ ઢીલી પડવા લાગે છે. સેવાકર્મો કે સત્કર્મો-પુણ્યકર્મોમાં પાપગ્રંથિમાંથી છોડાવાની ક્ષમતા વધુ છે. કારણ પુણ્યકર્મોના અભ્યાસથી વ્યક્તિને પોતે સારું કર્યાનો સંતોષ વધુ વધુ મળે છે જે પાપગ્રંથિના બોજને હળવો કરે છે.

(૩) કર્મ વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે. વૈફલ્ય એટલે હતાશાની સ્થિતિ. કર્મ દ્વારા વ્યક્તિમાં આત્મવિશ્વાસ, આશા, સફળતાનો સંતોષ, નવું સાહસ કરવાની વૃત્તિ આદિ પ્રગટે છે જે વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે.

(૪) કર્મ વ્યક્તિને સાર્થકતાનો અનુભવ આપે છે. પોતે ઉપયોગી છે, બોજારૂપ કે નિરર્થક નથી, એવો સંતોષ વ્યક્તિને કર્મ દ્વારા મળે છે. કર્મ દ્વારા વ્યક્તિના જીવનને કંઈક અર્થ, કંઈક ગતિ, કંઈક દિશા મળે છે. આ સાર્થકતાનો અનુભવ વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે બહુ મૂલ્યવાન છે.

(૫) કર્મ વ્યક્તિને સ્વાશ્રયી બનાવે છે. જે કંઈ કરતો નથી તેને પોતાના જીવનવહન માટે પરાશ્રયી રહેવું પડે છે. વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે, મનની પ્રસન્નતા અને સ્વતંત્રતા માટે સ્વાશ્રયી હોવું એ બહુ મૂલ્યવાન પરિબળ છે.

(૬) કર્મ પોતાની જાતને જોવાના અરીસાનું કામ આપી શકે છે. પલંગમાં સૂતા સૂતા વ્યક્તિને પોતાના ચિત્તમાં શું ભરેલું છે તેની જાણકારી ન મળે તેવો સંભવ છે, પરંતુ વ્યક્તિ જ્યારે કર્મના ક્ષેત્રમાં ઊતરે ત્યારે ચિત્તની પ્રક્રિયાઓને જાણવાની-સમજવાની તક મળે છે. જાગૃત વ્યક્તિ કર્મને પોતાની જાતને જોવાના અરીસા તરીકે લઈ શકે અને એ રીતે કર્મ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. પોતાના ચિત્તને જાણવું એ ચિત્તશુદ્ધિ માટે ઘણું મૂલ્યવાન પરિબળ છે.

(૭) કર્મ દ્વારા વ્યક્તિની અનેકવિધ ક્ષમતાઓ વિકસે છે. અને જે વ્યક્તિના વિકાસની પ્રક્રિયા ચાલુ છે તેવું મનોસ્વાસ્થ્ય જળવાઈ રહે છે. જે વ્યક્તિના જીવનવિકાસની પ્રક્રિયા બંધ પડી જાય તેનું જીવન બંધિયાર બની જાય છે અને બંધિયાર જીવન ગંધિયાર બને છે. એવો સિદ્ધાંત છે કે જેનો ઉપયોગ થાય તે શક્તિનો વિકાસ થાય અને જેનો ઉપયોગ ન થાય તે શક્તિ અદૃશ્ય થાય છે. કર્મ જીવનવિકાસની ગતિને સહાય કરે છે અને એ રીતે ચિત્તશુદ્ધિની પ્રક્રિયામાં સહાયક બને છે. દરેક વ્યક્તિમાં શક્તિનો ઝરો છે. કર્મના અભાવમાં આ ઝરો બંધિયાર બની જાય તેવું જોખમ છે. કર્મ આ

ઝરાને વહેતો રાખે છે. મન અને શરીરના સ્વાસ્થ્ય માટે આ ઝરાનું વહેવું બહુ ઉપયોગી છે. કર્મ દ્વારા વ્યક્તિની શક્તિના પ્રવાહો મુક્ત થાય છે. તેથી કર્મ દ્વારા શક્તિના પ્રવાહોની રચના, પદ્ધતિ અને ગતિ તંદુરસ્ત રહે છે અને બને છે.

(૮) કર્મ દ્વારા અકર્મણ્યતા, પ્રમાદ, જડતા, દીર્ઘસૂત્રીપણું આદિ તમોગુણની અવસ્થાઓનું ભેદન કરી શકાય છે. તમોગુણ અધ્યાત્મપથમાં બાધારૂપ છે. કર્મ દ્વારા તમોગુણનું ભેદન થતાં વ્યક્તિની અધ્યાત્મયાત્રા સુકર બને છે.

**૫. કર્મ દ્વારા આધ્યાત્મિક વિકાસ**

(૧) કર્મ સમર્પણનું માધ્યમ બની શકે છે. અધ્યાત્મપથ પર ભગવત્ સમર્પણનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે, પણ સમર્પણનું પણ કોઈક માધ્યમ હોઈ શકે છે. કર્મ સમર્પણનું માધ્યમ બનીને સાધનાનું સ્વરૂપ ધારણ કરે એવી તેમાં ક્ષમતા છે.

(૨) પ્રકૃતિગત રીતે વ્યક્તિ સ્વકેન્દ્રી હોય છે. સ્વકેન્દ્રીપણું એ બહારથી અંદર લેવાનું મનોવલણ છે. સ્વકેન્દ્રીપણામાં આપવાની નહિ લેવાની મનોવૃત્તિ હોય છે. કર્મ એ અંદરથી બહાર જવાની ઘટના છે. તેથી કર્મયોગના અનુષ્ઠાનથી સ્વકેન્દ્રીપણું તૂટે છે. આ રીતે કર્મ વ્યક્તિને સ્વકેન્દ્રીપણામાંથી મુક્ત થવા માટે સહાય કરે છે.

(૩) કર્મના માધ્યમથી વ્યક્તિ ચેતનાનાં ઉચ્ચત્તર સ્તરો સાથે અનુસંધાન કરી શકે છે. કર્મનો ધક્કો ચેતનાના ઉચ્ચત્તર સ્તરોમાંથી આવે છે, તેથી કર્મનું જોડાણ ચેતનાના ઉચ્ચતર સ્તરો કે સત્ત્વો સાથ હોય છે. જાગૃત સાધક ઉપયુક્ત અભિગમ રાખે તો કર્મના માધ્યમથી ચેતનાના ઉચ્ચત્તર સ્તરોના સંપર્કમાં આવી શકે છે.

(૪) કર્મના માધ્યમથી વ્યક્તિ દ્વારા ઉચ્ચતર ચેતનાનાં પરિબળોની અભિવ્યક્તિ થાય એવી સંભાવના છે. દૃશ્યમાન જગત અસ્તિત્વની ઈતિશ્રી નથી. દૃશ્યમાન જગત કરતાં અદૃશ્ય જગત ઘણું મોટું છે. આ અદૃશ્ય જગતમાંનું ઘણું આ દૃશ્યમાન જગતમાં અભિવ્યક્ત થવા આતુર હોય છે. કર્મ આ અભિવ્યક્તિનું સાધન બની શકે છે. એટલું જ નહિ પણ વ્યક્તિની પોતાની ચેતનાની અભિવ્યક્તિ માટે પણ કર્મ માધ્યમ બની શકે તેવી કર્મમાં ક્ષમતા છે. અભિવ્યક્તિ એ જીવનની ઉચ્ચત્તર પ્રેરણા છે. આ પ્રેરણાની પરિતૃપ્તિ જીવનવિકાસમાં સહાયક છે અને કર્મ તેનું માધ્યમ છે.

**૬. સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા**

જો ઉપયુક્ત મનોવલણપૂર્વક કરવામાં આવે તો બધાં કર્મો ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે, પરંતુ આ બંને હેતુની સિદ્ધિ માટે સાધનકર્મોનું વિશિષ્ટ પ્રદાન છે. સાધનકર્મોનું વિશિષ્ટ આધ્યાત્મિક સ્વરૂપ છે. તેમનું પ્રયોજન જ ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ છે. તેથી સાધનકર્મોની વિશિષ્ટ મહત્તાનો સ્વીકાર કરવો જોઈએ. એટલું જ નહિ, સાધનકર્મોના અનુષ્ઠાનથી અન્ય કર્મોનું અનુષ્ઠાન સાધનભાવે કરવાની કળા હાથ લાગે છે અને તેમ કરવાની સાધકની યોગ્યતા સાધનકર્મોના અનુષ્ઠાનથી કેળવાય છે. દૃષ્ટાંતઃ વિષ્ણુસહસ્રનામનો પાઠ, દરદીની સેવા અને ખેડૂતનું ખેતીકાર્ય–આ ત્રણ કર્મો છે. પ્રથમ કર્મ સાક્ષાત્ સાધનકર્મ છે. બીજું કર્મ સેવાકર્મ છે. ત્રીજું કર્મ સ્વધર્મરૂપકર્મ છે. દ્વિતીય અને તૃતીય કર્મ નિષ્કામભાવે અને ભગવત્પ્રીત્યર્થ કરી શકાય તેવી શક્યતા છે અને તેમ થાય તો તેઓ બંને સાધનકર્મો બની જાય તેવી સંભાવના છે, પરંતુ કર્મ તો સાક્ષાત્ સાધનકર્મ છે. સ્વરૂપતઃ જ સાધનકર્મ છે. તેથી આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું વિશિષ્ટ પ્રદાન અને મહત્ત્વ છે. એટલું જ નહિ પણ દ્વિતીય અને તૃતીય કર્મ આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરે તે માટે પ્રથમ કર્મ સહાયક બની શકે છે. એટલે સાધકે સાક્ષાત્ સાધનકર્મોના અનુષ્ઠાનની કદી ઉપેક્ષા કરવી નહિ. સાક્ષાત્ સાધનકર્મો એ આધ્યાત્મિક જીવનનો આધાર છે અને એ જ સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા છે.

**અધ્યાત્મપથનાં ત્રણ સોપાન છે, ત્રણ તબક્કા છે.**

| | | |
|---|---|---|
| ૧. કર્મકાંડ | -બહિરંગ સાધના | યજ્ઞ, પૂજા, પાઠ, જપ, પ્રાણાયામ વગેરે |
| ૨. ઉપાસનાકાંડ | -અંતરંગ સાધના | ચિંતન, માનસજપ, ધ્યાન વગેરે |
| ૩. જ્ઞાનકાંડ | -સાક્ષાત્કારની અવસ્થા. | |

એ સમજવું આવશ્યક છે કે આ સોપાન શ્રેણી વિશેષતઃ સાધનકર્મોને ખ્યાલમાં રાખીને બતાવવામાં આવે છે. તેથી સેવાકર્મ કે સ્વધર્મકર્મ સાથે સાધનકર્મનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ. માત્ર કર્મો કરવાથી કર્મયોગ બની જાય છે એવું નથી. કર્મ અને કર્મયોગ બંને એક નથી. ગમે તેવા મહાન સત્કર્મો પણ સાધનકર્મ ન બને તેમ બની શકે છે. સેવા કે સ્વધર્મને નામે સાધકે સાધનામાંથી કદી વિમુખ ન થવું. અન્યથા કર્મનો વેગ માયાનો વેગ બની શકે છે. ગહના કર્મણો ગતિઃ ।

**૭. નિષ્કામ કર્મ :**

સામાન્યતઃ એમ મનાય છે કે કર્મનો જન્મ કામનામાંથી થાય છે એટલે કે નિષ્કામ કર્મ શક્ય નથી. આ વિધાન પ્રાકૃત દૃષ્ટિથી થયેલું વિધાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી વિચારીએ તો દર્શન જુદું છે. એ વાત સાચી છે કે કર્મ અકારણ હોતું નથી. પણ એ કારણ કામનામય જ હોય એવું નથી.

***કર્મોમાંથી કર્મયોગ નિષ્પન્ન થાય એ માટે એ બહુ આવશ્યક છે કે સાધક જપ, ધ્યાન, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન પણ કરે. કેમ કે આવાં સાધનો દ્વારા સાધકના ચિત્તને સાધનપ્રવણ ભૂમિકા ઊભી થવામાં સહાયતા મળે છે.***

કારણ અને કામના પર્યાયવાચક નથી. તેથી નિષ્કામ કર્મ પણ શક્ય છે. અંગત એષણા કે ઇચ્છા વિના કર્મ શક્ય બની શકે છે. જો નિષ્કામ કર્મ શક્ય જ ન હોય તો કર્મબંધનમાંથી મુક્તિ શક્ય જ ન બને કેમ કે કામના બાંધે છે, કર્મ નહિ. જે કોઈ કર્મ કામનાથી થાય છે તે કર્મ તેની સાથે રહેલી કામનાને લીધે બંધનનું કારણ બને છે. કર્મ વિના જીવન શક્ય નથી અને કામના વિના કર્મ શક્ય જ નથી, કેમ કે કામના-કર્મ-કર્મફળ-બંધન-કામના-આ સાંકળ તો અખંડ ચાલુ જ રહે. પરંતુ આ સાંકળને ભેદવાનો ઉપાય પણ છે. કેમ કે સદ્ભાગ્યે કામના વિના કર્મ શક્ય છે અને જેમ કામ્યકર્મો બંધનનું કારણ બને છે તેમ નિષ્કામ કર્મો મુક્તિનું કારણ બને છે. કેમ કે કામના નીકળી જતાં કર્મ ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. નિષ્કામતાને લીધે કર્મમાં નવું પરિમાણ ઉમેરાય છે.

હવે પ્રશ્ન એ છે કે કામના વિના કર્મ શક્ય બને કેવી રીતે? કર્મનું યથાર્થ સ્વરૂપ જોઈએ તો કર્મનો કર્તા અને કર્મનો માલિક ભગવાન છે. વ્યક્તિ પોતાને કર્તા માને છે તે અજ્ઞાનજન્ય અહંકારયુક્ત દૃષ્ટિને લીધે. બધાં કર્મો પરમાત્મામાંથી નીકળે છે. વ્યક્તિ નિમિત્ત બને છે. તેથી વ્યક્તિ નાહં કર્તા હરિઃ કર્તા। આ સત્યનું દર્શન કરે તો કર્મ સાથે કામના જોડ્યા વિના કર્મ શક્ય બને છે. કામના વિનાનું કર્મ જ યથાર્થ કર્મ છે. કર્મ સત્ય છે, મહાચૈતન્યની લીલાનો ભાગ છે. કામના અજ્ઞાનને કારણે ઊભું થયેલું ભ્રામક જોડાણ છે. એ જોડાણ છૂટી જતાં કર્મ એના યથાર્થ સ્વરૂપે પ્રગટ થાય છે, જે વ્યક્તિને ભગવાન તરફ દોરી જાય છે.

**૮. કામનાનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો :**

**(૧) બહિરંગ ફળની કામના :** ખેડૂત ખેતી કરે અને પાકની સ્પૃહા રાખે તો તે કર્મ બહિરંગ–સ્થૂળ–પ્રથમદર્શી ફળની સ્પૃહા છે. સામાન્યતઃ કર્મ તેના આ દેખીતા સ્થૂળ પરિણામ માટે કરવામાં આવતું હોય છે અને તેના સ્થૂળ ફળને પામવાની સ્પૃહાને વાજબી–વ્યાવહારિક રીતે વાજબી ગણવામાં આવે છે. તેવી કામના પણ કામના તો છે જ.

**(૨) સફળતાની કામના :** કર્મના બહિરંગ કે સ્થૂળ ફળની કામના ન હોય તો પણ સફળાતની કામના પણ હોઈ શકે છે. સફળતાની કામના એ માનસિક ફળની કામના છે, સૂક્ષ્મફળની કામના છે. દૃષ્ટાંતતઃ એક ખેલાડીને ખેલમાં વિજય મેળવીને ધનની સ્પૃહા ન હોય તેમ બની શકે છે, પણ સફળ થવાની સ્પૃહા હોઈ શકે છે. સફળતા અહંની તૃપ્તિ માટે હોઈ શકે છે.

**(૩) કોઈને ખુશ કરવાની કામના :** વ્યક્તિને કર્મ દ્વારા ભૌતિક રીતે કશું મેળવવું ન હોય છતાં કોઈ અન્ય વ્યક્તિને ખુશ કરવા, તેની કૃપાદૃષ્ટિ મેળવવાની કામના, તેના કર્મ પાછળ હોય તેમ બની શકે છે. એક પ્રધાનની કૃપાદૃષ્ટિ મેળવવા માટે કોઈ વ્યક્તિ કર્મ કરે ત્યાં આ પ્રકારની–અન્યને ખુશ કરવાની કામના હોઈ શકે છે.

**(૪) પદ કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિની કામના :** ઘણી વાર એવું જોવામાં આવે છે કે વ્યક્તિમાં કર્મના બહિરંગ ફળની કામના ન હોય પણ કોઈ પદ કે પ્રતિષ્ઠા માટે કર્મ થતું હોય છે. આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય. કેમ કે પદ-પ્રતિષ્ઠાની કામના પણ કામના તો છે જ.

**(૫) આંતરિક અભાવપૂર્તિની કામના :** વ્યક્તિ પોતાના આંતરિક અભાવની પૂર્તિ માટે કર્મ કરે તેવું પણ બની શકે છે. કર્મના બાહ્ય ફળની ભલે સ્પૃહા ન હોય પણ આંતરિક અભાવની પૂર્તિની કામના પણ કામના તો છે જ. તેથી આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય.

**(૬) પુણ્યપ્રાપ્તિની કામના :** પુણ્યપ્રાપ્તિ, સ્વર્ગપ્રાપ્તિ કે એવા પારલૌકિક લાભ મેળવવાની ઇચ્છાથી કર્મ થતાં હોય તેમ પણ બને છે. આવા કર્મો પણ નિષ્કામ કર્મો નથી, કેમ કે તેમાં પણ કામના તો છે જ.

**(૭) સલામતીની કામના :** ભયને લીધે પોતાના જીવનની સલામતી માટે પણ વ્યક્તિ કર્મો કરે તેમ પણ બની શકે છે. સલામતીની કામના પણ એક કામના જ છે. તેથી આવાં કર્મો પણ સકામકર્મોની કક્ષામાં જ આવશે.

(૮) આધિપત્ય જમાવવાની વૃત્તિમાંથી પણ કર્મો આવતાં હોય એમ બની શકે છે. કર્મ દ્વારા સત્તા કે આધિપત્ય જમાવી દેવાની ગણતરીથી કર્મો થાય તો તે કર્મો પણ કામનાજન્ય કર્મો જ ગણાય.

(૯) કેટલીક વાર પરિસ્થિતિની વિંટબણાને કારણે કર્મોમાંથી પાછા હઠી શકાય તેમ જ ન હોય એટલે વ્યક્તિ નછૂટકે, લાચારીપૂર્વક કર્મો કરે તેમ બની શકે છે. આવા કર્મો પણ સકામ કર્મો ગણાય કેમ કે નછૂટકે લાચારીપૂર્વક કરેલા કર્મ પાછળ પણ કોઈક કામના જ કામ કરી રહી હોય છે. આવાં કર્મો નિષ્કામ કર્મો ગણાય નહિ.

(૧૦) કેટલીક વાર એવું જોવામાં આવે છે કે વ્યક્તિ કર્મ દ્વારા કશું મેળવવા ઈચ્છતી ન હોય પણ કર્મની જ આસક્તિ હોય. કર્મફળની આસક્તિ ન હોય પણ કર્મની આસક્તિ હોઈ શકે. કર્મફલાસક્તિ અને કર્માસક્તિ બંનેમાં કામના તો છે જ. તેથી કર્માશક્તિને પણ કામનામાં જ ગણવી જોઈએ.

આ સિવાય અન્ય પણ સ્થૂળ-સૂક્ષ્મ કામનાઓ હોઈ શકે છે જે જાણ્યેઅજાણ્યે કર્મ પાછળ કામ કરતી હોય છે. નિષ્કામ કર્મ સહેલી વાત નથી અને કામનાઓનાં પ્રગટ કે છદ્મ સ્વરૂપ હોઈ શકે છે.

**૯. કર્મ અને કર્મયોગ**

કોઈ પણ કર્મ કર્મયોગ ક્યારે બને?

(૧) કર્મમાંથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે પહેલી આવશ્યકતા એ છે કે કર્મો આસક્તિયુક્ત ન હોવાં જોઈએ. આસક્તિથી કરેલું કર્મ બાંધે છે અને તેવું કર્મ મુક્તિમાં સહાયક બની શકે નહિ, તેથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે કામનામાંથી મુક્ત થવું જોઈએ.

(૨) કર્મ ભગવત્પ્રીત્યર્થ થાય, ભગવત્સમર્પણભાવથી થાય તો જ કર્મો કર્મયોગ બની શકે છે. કર્મો ઓછાં થાય તેનો વાંધો

નહિ. જેટલાં કર્મો થાય તેટલાં કરવાં પણ ભગવાનને સમર્પિત થઈને કર્મ કરવામાં આવે ત્યારે તેવાં કર્મોને કર્મયોગ સંજ્ઞા મળી શકે છે.

(૩) કર્મયોગ નિષ્પન્ન થવા માટે ત્રીજી આવશ્યકતા છે–કર્મ દરમિયાન ચૈતસિક અનુસંધાન જળવાઈ રહેવું જોઈએ. આ ચૈતસિક અનુસંધાનને લીધે કર્મ નવું જ પરિમાણ ધારણ કરે છે.

(૪) કર્મોયોગનો પથિક-સાધક જાગરૂક હોય એ આવશ્યક છે. આ સતત વહેતું જાગૃતિનું ઝરણું સાધકની રક્ષા કરે છે. બેભાન અવસ્થામાંથી પાપ નીકળે છે અને અવધાનયુક્ત જીવનપદ્ધતિમાંથી અધ્યાત્મ સંપ્રસાદ ઉત્પન્ન થાયછે.

(૫) કર્મોમાંથી કર્મયોગ નિષ્પન્ન થાય એ માટે એ બહુ આવશ્યક છે કે સાધક જપ, ધ્યાન, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન પણ કરે. કેમ કે આવાં સાધનો દ્વારા સાધકના ચિત્તને સાધનપ્રવણ ભૂમિકા ઊભી થવામાં સહાયતા મળે છે. આવા સાધનકર્મોનું અનુષ્ઠાન કર્મોનું કર્મયોગમાં રૂપાંતર કરવામાં ઘણું ઉપયોગી છે.

**૧૦. કર્મમાર્ગની મર્યાદા**

(૧) કર્મ સ્વયંપર્યાપ્ત સાધન નથી. કર્મને જ્ઞાન અને ભક્તિના પુટ આપવા જોઈએ. જ્ઞાન અને ભક્તિની ઉપેક્ષા કરીને માત્ર કર્મયોગમાં જ રમમાણ રહીએ તો કર્મમાર્ગની અનેક મર્યાદાઓ ઊભી થાય છે.

(૨) કર્મ ઘણું મૂલ્યવાન સાધન છે. છતાં કર્મ એ જીવનની ઈતિશ્રી નથી. સત્કર્મો કે સાધનકર્મો પણ જીવનની ઇતિશ્રી નથી. ભગવત્પ્રાપ્તિ એ પરમ ધર્મ છે અને એની તુલનાએ અન્ય ધર્મો ગૌણ ધર્મો છે. કર્મ ચિત્તશુદ્ધિમાં સહાયક છે, કર્મ આધ્યાત્મિક વિકાસમાં પણ સહાયક છે, કર્મજીવનની અભિવ્યક્તિ છે, છતાં કર્મ જીવનની પરમકૃતાર્થતા નથી. કર્મ જીવનનો અંતિમ ઉદ્દેશ નથી. જીવન માત્ર કર્મો કરવા માટે જ નથી.

(૩) બધા માણસોનો જીવનમાર્ગ કર્મપરાયણ જ હોય એવું નિશ્ચિત નથી. પ્રકૃતિ ભેદે કર્મનું પ્રમાણ અને સ્વરૂપ ભિન્નભિન્ન રહેવાના જ. ગાંધીજી કર્મપરાયણ જીવન જીવ્યા. રમણ મહર્ષિના જીવનમાં આવી કર્મપરાયણતા જોવા મળતી નથી, તેથી રમણ મહર્ષિની જીવનપદ્ધતિ ગલત ગણી શકાય નહિ.

(૪) સાધનાના કોઈ તબક્કે કર્મોનો ત્યાગ કરવાનું આવશ્યક બને તો સાધકે તેમ કરતાં અચકાવું ન જોઈએ. જેમ કર્મ કરવાની શક્તિ જરૂરી છે તેમ કર્મત્યાગની શક્તિ પણ જરૂરી છે. કર્મફલાસક્તિનો ત્યાગ આવશ્યક છે તેમ કર્માસક્તિનો ત્યાગ પણ આવશ્યક છે.

(૫) કર્મમાત્રની એક મર્યાદા એ છે કે વ્યક્તિ કર્મની જાળમાં ફસાતી જાય છે અને કર્મયોગ બનતો નથી. માત્ર કર્મોની જંજાળને જ કર્મયોગ જાહેર કરી દેવાની વૃત્તિ સર્વત્ર જોવા મળે છે અને કર્મ જંજાળીઆોને કર્મયોગીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. કર્મો કરવાં અને કર્મયોગનું અનુષ્ઠાન કરવું તે બંને એક નથી. માનવસહજ નબળાઈને લીધે તે કર્મમાં જ રમમાણ રહે છે અને યથાર્થ કર્મયોગ બાજુએ રહી જાય છે.

જ્યારે આંતર-ચેતનામાં પ્રભુનો સ્પર્શ મળે ત્યારે જ વ્યક્તિના જીવનમાં કર્મયોગની ઘટના ઘટી શકે છે.

✷ ✷ ✷

સૌજન્ય 'ભૂમિપુત્ર'

✷ ✷ ✷

ફોન નં. : ૦૨૮૨૨-૨૯૨૬૮૮

મોબાઈલ : ૦૯૩૭૪૪૧૬૬૧

## કર્મ

| | |
|---|---|
| સંચિત : | પૂર્વ જન્મજન્માંતરમાં થયેલાં કર્મો તે પૈકીમાંથી તેના નહિ ભોગવાયેલા ફળ તે બાકી રહેલા કર્મ |
| ક્રિયામાણ કર્મ : | વર્તમાન શરીર વડે નવા થતાં કોઈ પણ કર્મ |
| પ્રારબ્ધ કર્મ : | સંચિત કર્મો પૈકીમાંથી વર્તમાન શરીરથી ભોગવવા માટે ફાળવેલ કર્મો |
| પ્રકૃતિજન્ય કર્મ : | પ્રકૃતિ દ્વારા ઉપસ્થિત થતાં કર્મો |
| અંતઃકરણ જન્ય કર્મ : | અહંકાર અને મન દ્વારા ઉપસ્થિત થતાં કર્મો |
| નિષેધ કર્મ : | શાસ્ત્રએ અમાન્ય કરેલાં કર્મો |
| વિહિત કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલાં કર્મો |
| સામાન્ય કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલા પરંતુ તે હું કર્તા ભાવમાં થયેલાં કર્મો |
| કર્મ યોગ : | પૂણ્ય કર્મો |
| ઈચ્છિત કર્મ : | આસક્તિ ભાવે સંકલ્પથી કરેલા કર્મો |
| અનિચ્છિત કર્મ : | ઈચ્છા ન હોવા છતાં સંકલ્પથી કરવા પડેલ કર્મો |
| પરેચ્છિત કર્મ : | અન્યની ઈચ્છાથી કરેલાં કર્મો– આ કર્મો સંકલ્પરહિત થયાં તે |
| સ્માર્ત કર્મ : | વર્ણાનુસાર બ્રાહ્મણાદિને સ્વધર્માનુસાર થયેલાં કર્મો |
| શ્રોત કર્મ : | શાસ્ત્રો અનુસાર યજ્ઞયાગ વગેરે પૂણ્ય કર્મો કરવામાં આવે તે. |
| કામ્ય કર્મ : | ફળની ઈચ્છા રાખીને કરેલા પૂણ્ય કર્મો |
| નિષ્કામ કર્મ : | ફળની ઈચ્છા રાખ્યા વગર કરેલ પૂણ્ય કર્મો —'હું' |

# કર્મયોગનું અર્થઘટન – 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના સંદર્ભે

❑ ડૉ. નિરંજન એમ. પંડ્યા

*[અર્થશાસ્ત્રમાં Pd. D.ની પદવી પ્રાપ્ત કરી. ૨૦૦૧માં મ. સ. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિવૃત્તિ. અત્યારે ગ્રાહકોના પ્રશ્નો અંગે કામ કરતી સંસ્થામાં કાર્યરત છે. એક સહકારી બેન્કમાં ચેરમેન છે.]*

ભારતે, વિશ્વને આપેલો તત્ત્વચિંતનનો શ્રેષ્ઠ ગ્રંથ છે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'. ગાંધીજીએ કહ્યું છે કે દુનિયાનાં બધાં પુસ્તકોમાંથી મને કોઈ એક શ્રેષ્ઠ પુસ્તક પસંદ કરવાનું કહે તો હું નિઃસંકોચપણે શ્રીમદ્ ભગવદ્ ગીતાને પસંદ કરું. આપણા દેશમાં સેંકડો વર્ષોથી પોતાના અસ્તિત્વનાં મૂળિયાં શોધવાની અને માનવજીવનનો ઉદ્દેશ તેમ જ સાર્થકતા જાણવા– સમજવાની મથામણ ઋષિમુનિઓ દ્વારા થતી રહી છે. એ મૂળભૂત બ્રહ્મજિજ્ઞાસામાંથી જે સમૃદ્ધ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું તેનો સાર એટલે મહર્ષિ વ્યાસ દ્વારા રચાયેલા મહાભારતમાં સમયને સ્થગિત કરી દઈને ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે અર્જુનને ઉપદેશરૂપે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર આપવામાં આવેલું ગીતાજ્ઞાન.

મહાભારતના મહાસંહાકર યુદ્ધના આરંભની ક્ષણોમાં, સામે પક્ષે ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ તેમ જ કૃપાચાર્ય જેવા સ્વજનો અને વડીલોની સાથે યુદ્ધ માટે પ્રતિબદ્ધ બંને પક્ષના લાખો સૈનિકોને જોઈને અર્જુન ઊંડો વિષાદ અનુભવે છે. યુદ્ધને અંતે થનારા વિનાશ અને તેને આનુષંગિક ઉદ્ભવતાં સામાજિક દુષણોના વિચારથી તે અત્યંત ખિન્ન બને છે. તે શ્રીકૃષ્ણને કહે છે – 'કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં સમસ્ત કુળમાં પાપ ફેલાઈ જાય છે. (અધ્યાય ૧, શ્લોક ૪૦). હે કૃષ્ણ! પાપ ઘણું વધી જતાં કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. (અધ્યાય ૧, શ્લોક ૪૧). અર્જુન આવું દુઃખદ પરિણામ ઈચ્છતો નથી. આમ અર્જુન વિષાદ યોગથી ગીતાનો આરંભ થાય છે. વડીલો, ગુરુજનો તેમ જ લાખો સૈનિકોના સંહારને અંતે પ્રાપ્ત થનારા વિજય અને હસ્તિનાપુરના સિંહાસનનું અર્જુનને કોઈ આકર્ષણ નથી. શસ્ત્રો હેઠાં મૂકી યુદ્ધ નહીં કરવાના નિર્ણય સાથે હતાશ થઈને રથમાં બેસી જતો અર્જુન, પોતાના સારથિપદે સ્થિત શ્રીકૃષ્ણને પ્રશ્નો અને પરિપ્રશ્નો કરતો રહે છે. એના પ્રત્યુત્તરમાં માનવ જીવનને ઊર્ધ્વગામી કે નિમ્નગામી બનાવતાં સર્વ પરિબળોને સમાવી લેતો શ્રીકૃષ્ણનો ઉપદેશાત્મક સંવાદ છે શ્રીમદ્ ભગવદ્ ગીતા.

ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા।।

નથી હું ઈચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું શું?
અધ્યાય ૧, શ્લોક ૩૨

આવી ઘેરી હતાશાની પરિસ્થિતિમાંથી અર્જુનને બહાર કાઢીને, સમજણપૂર્વક યુદ્ધ માટે તૈયાર કરવા શ્રીકૃષ્ણે કુલ અઢાર અધ્યાયના ૭૦૦ શ્લોકો દ્વારા, અર્જુનના નિમિત્ત દ્વારા સમસ્ત માનવજાતને જ્ઞાન આપ્યું છે. આ ઉપદેશથી અર્જુનના મનનું સમાધાન થાય છે, મોહ દૂર થાય છે અને સ્વધર્મનું જ્ઞાન થતાં અંતે 'કરિષ્યે વચનં તવ' કહી શસ્ત્ર ગ્રહણ કરે છે.

કોઈને પણ પ્રશ્ન થાય કે આવા ભયાનક સંહારક યુદ્ધના આરંભમાં ગૂઢ જ્ઞાનોપદેશ માટે આટલો બધો સમય શી રીતે ફાળવી શકાય? વ્યાસ મુનિએ કૃષ્ણ-અર્જુન સંવાદ દ્વારા આ તત્ત્વજ્ઞાનને પ્રત્યેક માનવ સુધી પહોંચાડવાનું ઉચ્ચ કોટિનું નિમિત્ત ઊભું કર્યું છે. બીજી રીતે જોઈએ તો દરેક વ્યક્તિ અને દરેક સમાજમાં ઈષ્ટ અને અનિષ્ટ, શુભ અને અશુભ તેમજ મંગળ અને અમંગળ વચ્ચે સદાય તુમુલ યુદ્ધ ચાલતું જ હોય છે. પોતાના દ્વારા થતી ભૂલો અને તેનાથી આગળ વધીને સંપૂર્ણ ગણતરી તેમ જ સમજ સાથે થતાં પાપો સામે માનવનું આંતરિક મન વિરોધ કરે છે અને એ વિરોધને ધ્યાનમાં લઈને અધ્યાત્મ વિકાસના માર્ગે જેટલો આગળ વધે તે પ્રમાણે પોતાના જીવનમાં ઉપકારક ગણાય તેવું પરિવર્તન લાવે છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવવા પ્રયત્નશીલ રહે છે. આનાથી વિપરીત, મોટા ભાગના માણસો આંતરમન દ્વારા થતા વિરોધને અવગણીને કે દબાવી દઈને, ખરાબ પ્રકારના અંગત સ્વાર્થ માટે થતાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. દુનિયામાં આવા બે પ્રકારના માણસો વસે છે. ભગવદ્ગીતા એમને યોગી અને સામાન્યજન એમ બે વિભાગમાં વહેંચે છે.

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યનો મુનેઃ।।

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધા ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.
(અધ્યાય - ૨, શ્લોક ૬૯)

ગીતાના રચનાર શ્રીકૃષ્ણને આ શ્લોકનો સૂક્ષ્મ અર્થ અભિપ્રેત છે. આ બંને પ્રકારના લોકોના માર્ગો ભિન્ન છે કારણકે જીવનના ધ્યેય અંગેની એમની સમજણ તદ્દન જુદી જુદી છે. જે મોક્ષમાર્ગનો યાત્રી છે તે ખૂબ સમજણપૂર્વક અને તેથી સંભાળપૂર્વક જીવન જીવે છે. પંચેન્દ્રિયો કહે તે પ્રમાણે કર્મો કરવાને બદલે, ઇન્દ્રિયોને વશમાં રાખીને, પરમાત્માની પરમકૃપાથી મળેલા આ માનવ જીવનને મોક્ષગામી બનાવવા માટે જરૂરી એવાં કર્મોમાં જ રચ્યાપચ્યા રહે છે. શ્રીમદ રાજચંદ્ર તો હીરાનો વેપાર કરતા હતા છતાં સરોવરમાં ખીલેલું

કમળ જેમ જળથી અસ્પૃશ્ય રહે છે તે પ્રમાણે તેમણે સ્વધર્માચરણનાં કર્મોથી જરાપણ દૂષિત થયા વગર, અધ્યાત્મ ક્ષેત્રે એટલી પ્રગતિ કરી કે મહાત્મા ગાંધીજીને પણ હિંદુધર્મ અંગે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થયા તેમનું શ્રીમદે સારી રીતે સમાધાન કરી આપ્યું. આથી વિરુદ્ધ, મોટા ભાગના લોકો પંચેન્દ્રિયોના વશમાં રહીને, અત્યંત સ્વાર્થમય જીવન જીવ્યા કરે છે. આ બધા લોકો ગીતાના શ્લોકમાં બતાવેલા સર્વભૂતાનામ અથવા ભૂતાનિમાં આવી જાય છે. આમ બંનેનું ધ્યેય જુદું એટલે માર્ગ જુદા અને ધ્યેય સિદ્ધિ માટેનાં સાધનોની ગુણવત્તા પણ તદ્દન ભિન્ન. યોગીનાં સાધનો અત્યંત સાત્વિક વૃત્તિથી, નિષ્કામ ભાવથી થયેલાં કર્મો છે. જ્યારે સર્વભૂતાનામ એટલે સામાન્યજનોનાં કર્મો, રજસ અને તમસ્ ગુણો દ્વારા આચરાયેલાં કર્મો છે જેનાથી આવા માનવોને જીવનની અંતિમ અવસ્થામાં વૈફલ્યની તીવ્ર લાગણી થાય છે. એમનાં જીવનકર્મોથી સમગ્ર માનવજાતને કે એના નાના સમૂહને ફાયદો થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

આપણા દેશમાં સર્વસામાન્ય માન્યતા એવી છે કે ઈશ્વરપ્રાપ્તિ માટે ત્રણ માર્ગો છે – ભક્તિમાર્ગ, કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ. અનન્ય ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં કેટલાંક જ્વલંત ઉદાહરણો આપણે જાણીએ છીએ. મીરાંબાઈ, નરસિંહ મહેતા, સુરદાસ, તુલસીદાસ અને અન્ય ભક્તોએ ઉત્કૃષ્ટ ભક્તિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિ કરી. જ્ઞાનમાર્ગ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં જ્વલંત ઉદાહરણોમાં અદ્વૈત તત્ત્વચિંતનના સમર્થ ઉદ્ગાતા શંકરાચાર્ય અને તે પછી મધ્યયુગમાં થયેલા તેજસ્વી તત્ત્વચિંતકો જેવા કે મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય તેમ જ વલ્લભાચાર્યને ગણી શકાય. આ બધા તત્ત્વચિંતકોમાં જ્ઞાન ઉપરાંત ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિનું ઊર્ધ્વગામી તત્ત્વ તો ખરું જ. એથી પણ આગળ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં સ્થપાયેલા બૌધ્ધધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધ અને જૈનધર્મના પ્રવર્તક મહાવીર સ્વામીના પ્રેરણાદાયી જીવનમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનનો સુભગ સમન્વય આપણે જોઈ શકીએ છીએ. ગાંધીજીની ગણના વિશ્વભરમાં મહાન કર્મયોગી તરીકે થાય છે, પરંતુ સાથે સાથે ઈશ્વરની એટલી જ અવિચળ ભક્તિ એમનામાં હતી. શ્રી રમણ મહર્ષિ અને શ્રી અરવિંદો ગાંધીજીની જેમ કર્મયોગના યાત્રી નહીં, પરંતુ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના અનન્ય પ્રવાસીઓ હતા. (શ્રી રમણ મહર્ષિનું સમગ્ર વેદાંતનું ચિંતન માત્ર ત્રીસ શ્લોકોમાં સમાવી લેતું નાનું પુસ્તક ઉપદેશસાર જોવા જેવું છે.)

ગીતામાં કર્મયોગ અત્યંત મહત્ત્વનું સ્થાન એટલા માટે ધરાવે છે કે અર્જુન યુદ્ધ ન કરવાની વાત કરીને, એનું સહજ કર્મ કરવાની ના પાડે છે. શ્રી કૃષ્ણને સહજ કર્મમાંથી પાછા હટી જવાની આ વાતમાં ક્ષત્રિયને ન શોભતી કાયરતા જણાય છે. આ ઉપરાંત, પોતાના સ્વજનો તરફની આસક્તિમાંથી જન્મેલો મોહ આ માટે કારણભૂત છે. અર્જુનનું આ મોહનિરસન થાય તે માટે શ્રીકૃષ્ણ ભગવદ્ગીતા આપે છે.

ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા।
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ।।

આમ આ ગોપનીયથીય અતિ ગોપનીય જ્ઞાન મેં તને કહી દીધું; હવે આ રહસ્યયુક્ત જ્ઞાન વિષે પૂરું મનન કર અને પછી તું જેમ ઈચ્છે એમજ કર.

(અધ્યાય ૧૮, શ્લોક ૬૩)

આ પછીના એમના ઉપદેશના છેલ્લા શ્લોકમાં શ્રીકૃષ્ણ પૂછે છે–હે પાર્થ! શું આ ગીતાશાસ્રને તેં એકાગ્રચિત્તે સાંભળ્યું ? અને હે ધનંજય! શું તારો અજ્ઞાનમાંથી ઉપજેલો મોહ નાશ પામ્યો ?

(અધ્યાય ૧૮, શ્લોક ૭૨)

અર્જુનને પોતાની દલીલોમાં રહેલી વિસંગતતાની પ્રતીતિ થઈ એટલે શ્રીકૃષ્ણને કહે છે-

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત।
સ્થિતોઽસ્મિ ગીતસન્દેહઃ કરિષ્યે વચનં તવ।।

હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો અને મેં સ્મૃતિ મેળવી લીધી છે. હવે હું સંશયરહિત થઈને સ્થિત છું, માટે આપની આજ્ઞાનું પાલન કરીશ.

(અધ્યાય ૧૮, શ્લોક ૭૩)

આપણે સામાન્ય રીતે સમજીએ છીએ તે પ્રમાણે કર્મકાંડ એટલે યજ્ઞયાગાદિ માટે જરૂરી પૂજન કર્મો. શ્રીકૃષ્ણ કર્મકાંડના આ મર્યાદિત અર્થને છોડીને કર્મયોગને ઘણું ઊંચું સ્થાન આપે છે. આ દૃષ્ટિએ જોઈએ તો કર્મ એ કર્મયોગ નથી. આપણે રોજબરોજની પ્રવૃત્તિના ભાગરૂપે અનેક કાર્યો કરીએ છીએ. આ બધાં કામોને કર્મયોગ એવું ઉચ્ચકોટિનું નામ ન આપી શકાય. આમ જુદાં જુદાં કર્મો–કાર્યો અને કર્મયોગ વચ્ચે કોઈ સામ્ય નથી. કર્મયોગની સમજણ આપતો શ્લોક આ પ્રમાણે છે-

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ।।

તને તારું નિયત કર્મ કરવાનો અધિકાર છે, પરંતુ કર્મના ફળમાં કદાપિ નહિ. માટે તું પોતાની જાતને કદાપિ પોતાનાં કર્મોનાં ફળોનું કારણ માનીશ નહિ અને સાથે સાથે સ્વકર્મ ન કરવામાં પણ કદી તારી આસક્તિ ન હો.

(અધ્યાય ૨, શ્લોક ૪૭)

મોટા ભાગના માણસોની બાબતમાં તેમણે કરેલાં કર્મોને કર્મયોગ ન બનવા દેવામાં સૌથી મુખ્ય અને પ્રારંભિક બાધા તેમના દ્વારા કર્મોના ફળમાં રખાતી આસક્તિ છે. પરંતુ ગીતાકાર તો આથી પણ એક ડગલું આગળ જઈને એમ કહે છે કે આસક્તિનો ત્યાગ કરવા માત્રથી એ કર્મયોગ બનતો નથી. બીજી રીતે કહીએ તો નિષ્કામ કર્મ અને કર્મયોગ પણ સમાનાર્થી શબ્દો નથી. આમ નિષ્કામ કર્મ પણ કર્મયોગ બને એટલા માટે હજુ થોડા પગથિયાં અધ્યાત્મ માર્ગે આગળ વધવાનાં છે.

કર્મફળ સાથે જોડાયેલી આસક્તિનો ત્યાગ કર્યા પછીનું બીજું પગથિયું છે – બધાં જ કર્મો ઈશ્વરને સમર્પણ કરવાં. શ્રીકૃષ્ણ કહે છે-

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા।

નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ।।

અંતર્યામી પરમાત્મામાં સંલગ્ન ચિત્ત રાખીને, બધાં જ કર્મો મને સમર્પીને, ઈચ્છા વિનાનો અને મમત્વ વિનાનો થઈને તું યુદ્ધ કર.

(અધ્યાય ૩, શ્લોક ૩૦)

આપણે કરેલાં બધાં જ નિષ્કામ કર્મો પણ ઈશ્વરને અર્પણ કરી દેવાનાં છે. ઈશ્વર સમર્પણભાવથી કર્મનું સ્વરૂપ બદલાઈ જાય છે અને સાથે સાથે કર્મ કરનારની ચેતના પણ બદલાઈ જાય છે. ભગવદ્ સમર્પણ ભાવથી કર્મમાં ભક્તિનો ઉમેરો થાય છે. કર્મ એકનું એક હોવા છતાં ભાવનાના ભેદને લીધે ફરે પડે છે. સંસારી જીવનું કર્મ આત્માને બાંધનારું બને છે. જ્યારે સંતનું, પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારું સાબિત થાય છે. કોઈ કર્મયોગી ગોરક્ષાનું કામ કરે તો એની દૃષ્ટિ કેવી હશે ? ગાયની સેવા કરવાથી ગામનાં અન્ય કુટુંબોને દૂધ પૂરું પાડી શકાશે, ગૌસેવાના કર્મની સાથે સાથે આખી પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકાશે. આમ ભગવાન સમર્પિત કર્મયોગી ગૌસેવકને અન્ય ગૌસેવકની જેમ પગાર તો મળશે પરંતુ એને મળતા આનંદમાં પરમાર્થની દિવ્યભાવના ઉમેરાય છે. આસક્તિ વિનાના કર્મયોગમાં પણ ઈશ્વરને ફળ સમર્પણ કરવાની ભાવનાની ભીનાશ હોવી જોઈએ. આપણા બૃહદ્ સમાજમાં એક બીજો ખ્યાલ પણ ખૂબ પ્રચલિત થઈ ગયો છે. તે એ કે પરમાર્થીએ, સાધુસંતોએ કોઈ સામાન્ય માણસ જેવું કામ કરવાનું રહેતું નથી. એટલે સામાન્ય લોકો સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન પૂછે છે કે જે ખેતી કરે, ગૌસેવા કરે, ખાદી કાંતે અને વણે તેને કેવી રીતે સાધુ કહેવાય ? પરંતુ આપણે ત્યાં તો સંતોએ મહાન કર્મયોગી શ્રીકૃષ્ણની મૂર્તિ ઊભી કરી છે. તે તો મોરલી વગાડતો વગાડતો ગાયો ચારતો હોય, ઘોડાની ચાકરી કરતો હોય, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એઠાં પતરાળાં ઊંચકતો હોય અને મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથિ તરીકેનું કામ કરતો હોય, તેવી છે. તે જ પ્રમાણે જે સંતોને પોતાનાં આસક્તિરહિત ઈશ્વરસમર્પિત કર્મોથી ઈશ્વર પ્રાપ્તિ થઈ હોય એમાંના કોઈ સંત દરજીકામ, તો કોઈ કુંભારકામ, તો કોઈ મરેલાં ઢોર ખેંચી જનારા ખાલપાનું કામ કરતા હોય છે. વિનોબાજી જ્યારે ગાંધીજીને એમના અમદાવાદ આશ્રમમાં પહેલી વાર મળ્યા ત્યારે ગાંધીજીને શાક સમારતા જોઈને એમને આશ્ચર્ય થયેલું.

દિવ્ય કર્મયોગના માર્ગ પરથી પણ કોઈકવાર સાધુસંતોની પતનના માર્ગે ચાલ્યા જવાની શક્યતા રહે છે. તેના મૂળમાં આપણી ઇન્દ્રિયોનો ખાસ સ્વભાવ છે. ખાસ કરીને સતત વિચારતું અને વિહરતું રહેતું માનવમન રાગદ્વેષના દ્વંદ્વમાં રોકાયેલું હોય છે. જે વ્યક્તિ કે વિચાર આપણને ગમે તે માટે તીવ્ર રાગ અને ન ગમે તેના તરફ એટલો જ તીવ્ર તિરસ્કાર અને દ્વેષ હોય છે. ઈશ્વર સમર્પણયુક્ત, નિષ્કામ કર્મયોગ તો દિવ્ય આનંદની અનુભૂતિ કરાવનારો હોય છે, પરંતુ રાગદ્વેષના ચક્કરમાં સપડાઈને આપણે તે ગુમાવી બેસીએ છીએ. શ્રીકૃષ્ણ નીચેના શ્લોક દ્વારા આપણને સજાગ – સતર્ક થવાનું કહે છે –

ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ।

તયોર્ન વશમાગચ્છેન્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ।।

પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છુપાઈને રહેલા છે પરંતુ મનુષ્યે ઈન્દ્રિયોના વિષયોના નિયંત્રણમાં આવવું જોઈએ નહીં કારણકે તે બંને આત્મસાક્ષાત્કારના કલ્યાણ માર્ગમાં વિઘ્નો ઊભા કરનારા મહાશત્રુઓ છે – આ માર્ગમાં અવરોધક છે.

(અધ્યાય ૩, શ્લોક ૩૪)

કર્મયોગની વધારે વિસ્તૃત ચર્ચા શ્રીકૃષ્ણ 'જ્ઞાનકર્મસંન્યાસ યોગ' નામના ચોથા અધ્યાયમાં આગળ ચલાવે છે. અહીં કર્મ, વિકર્મ અને અકર્મના સ્વરૂપની સમજણ આપવામાં આવી છે.

કર્મણો હ્યપિ બોદ્ધવ્યં, બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।

અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ।।

કર્મ, વિકર્મ અને અકર્મનું સ્વરૂપ જાણવું જોઈએ કારણ કે કર્મની ગતિ અતિ ગહન છે.

(અધ્યાય ૪, શ્લોક ૧૭)

કેટલાક શબ્દો આપણે રોજબરાજના જીવનમાં સાંભળતા હોઈએ છીએ પરંતુ એના ગહન અર્થનો ખ્યાલ હોતો નથી. કર્મ પણ આવો જ એક શબ્દ છે જે જન્મથી મૃત્યુ પર્યંત માનવજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. આમ હોવાથી જીવન જીવવું અને વિવિધ કર્મો કરવાં એ બંને એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે.

કર્મોનું વર્ગીકરણ – સાધન કર્મ, સેવા કર્મ, ભગવત્પ્રીત્યર્થ કર્મ, ભાગવતકર્મ – આ રીતે કરવામાં આવ્યું છે. સર્વ પ્રકારનાં કર્મોમાં ભાગવતકર્મનું મૂલ્ય સૌથી વધારે ઊંચું ગણાયું છે. ઈશ્વર સ્વયં પોતાના કાર્ય માટે કોઈ વ્યક્તિની પસંદગી કરે અને તેની પાસે માનવજીવન ઊર્ધ્વગામી બને તેવું કર્મ કરાવે તે ભાગવતકર્મ. મહાત્મા ગાંધીજી, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ દ્વારા સ્વયં ઈશ્વરે જે કામો કરાવ્યાં તે ભાગવતકર્મ ગણાય. રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચતાં આપણે જોઈએ છીએ કે ઘણા પ્રસંગોએ એમણે સ્વામી વિવેકાનંદને કહ્યું છે કે આ હું ક્યાં બોલું છું ? કાળીમાતા બોલાવે છે તે પ્રમાણે હું બોલું છું. એ જ પ્રમાણે સ્વામી વિવેકાનંદનું વિશ્વધર્મ પરિષદમાં જવું અને હિંદુ ધર્મની ઊંડી સમજણ ધરાવતું વક્તવ્ય આપવું એ આ પ્રકારનું ભાગવતકર્મ ગણાય.

માનવ જીવનમાં કેટલાંક ન કરવા યોગ્ય અનીતિપૂર્ણ અને અપ્રમાણિક્તા પ્રચુર કાર્યો થતાં આપણે જોઈએ છીએ. તેમને વિશે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ ત્યારે આપણે ખિન્નતા અને નિરાશા અનુભવીએ છીએ. રોજબરોજ દૈનિકપત્રોમાં ખૂન, ચોરી, લૂંટ,

વ્યભિચાર વગેરે અંગેના સમાચાર વાંચીએ છીએ. જે નિષિધ્ધકર્મો ગણવામાં આવ્યા છે અને ઉપરના વર્ગીકરણમાં સ્થાન પામતાં નથી. નિષિધ્ધકર્મોની જેમ ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં થતો નથી. નિષિધ્ધકર્મોની સરખામણીમાં ભોગકર્મો ઓછાં અનિષ્ટપૂર્ણ હોવા છતાં, સાધનાના ઊર્ધ્વગામી માર્ગ પર પ્રગતિ કરનાર માટે વર્જ્ય છે. આ જ પ્રમાણે દરેક પ્રકારની ઈચ્છાઓ અને કામનાઓ, પાપકર્મો અને નિષિધ્ધકર્મો જેટલી હાનિકારક ન હોવા છતાં એમાંથી અહંકાર, રાગ, દ્વેષ જેવાં તત્ત્વો નીકળી જાય પછી જ સાધન કાર્ય બને છે. નિષ્કામ કર્મ બાંધતું નથી. પરંતુ કામનાઓ પૂર્ણ કરવા માટે થયેલાં કર્મો બાંધે છે અને સમાધનમાર્ગમાં અવરોધક બને છે.

આપણું કર્મ નિષ્કામ રહે એટલા માટે સ્વધર્મના આચરણની ખૂબ આવશ્યક્તા રહે છે પરંતુ સ્વધર્મનું આચરણ પણ સકામ હોય એમ બને. કોઈ વ્યક્તિ બહારથી અહિંસક દેખાતી હોય પરંતુ મનની અંદર હિંસક હોઈ શકે કારણકે હિંસા મનનો ધર્મ છે. આમ હોવાથી બાહ્ય દૃષ્ટિએ હિંસા કર્મ ન કરનાર વ્યક્તિ અહિંસામય બની ગઈ છે એમ માનવું અત્યંત ભૂલભરેલું છે. બાહ્ય દૃષ્ટિએ કોઈ વ્યક્તિનું કર્મ કામભાવનાથી પ્રેરિત ન હોવાનું દેખાતું હોવા છતાં, મનની અંદર કામભાવના પ્રજ્વલિત હોઈ શકે છે. માટે જ કામદેવને મનસિજ માનવામાં આવે છે. આમ નિષ્કામતા મનનો ધર્મ હોવાથી સ્વધર્મના આચરણની સાથે સાથે સૂક્ષ્મ આત્મપરીક્ષણ દ્વારા મનનો મેલ કાઢી નાખવો ખૂબ જરૂરી છે. ગીતામાં કર્મનો અર્થ સ્વધર્માચરણનો કરવામાં આવ્યો છે. પરંતુ સ્વધર્માચરણ રૂપી કર્મને નિષ્કામ કર્મ સુધી લઈ જવા માટે રાગદ્વેષ, કામક્રોધને જીતવાની આવશ્યક્તા છે. આમ આત્મપરીક્ષણ અથવા ચિત્તના સંશોધન માટે જે કર્મ કરવાનું છે તેને ગીતામાં વિકર્મ ગણવામાં આવ્યુ છે. થોડા પુનરાવર્તનના ભોગે એમ કહેવું જરૂરી છે કે બાહ્ય સ્વધર્માચરણની સ્થૂળ ક્રિયા તે કર્મ પરંતુ એને મનના ઊંડાણમાંથી સંપૂર્ણ રીતે સ્વચ્છ કરવું, રાગદ્વેષથી મુક્ત કરવું તેનું નામ વિકર્મ. ગાંધીયુગની આપણા દેશને મળેલી આધ્યાત્મિક ક્ષેત્રની એક મૂલ્યવાન દેણ તે વિનોબા ભાવે. તેઓ લખે છે, 'બહારથી શંકરના લિંગ પર એકસરખી ધાર કરી હું અભિષેક કરું છું, પણ પાણીની એ ધારની સાથે સાથે માનસિક ચિંતનની અખંડ ધાર ચાલતી નહીં હોય તો એ અભિષેકની કિંમત શી? પછી તો સામેનું શિવનું લિંગ એ એક પથ્થર ને હું પણ પથ્થર. પથ્થર સામે પથ્થર બેઠો છે એટલો જ અર્થ થાય. બહારના કર્મની સાથે અંદરનું ચિત્તશુદ્ધિનું કર્મ જોડાય તો જ નિષ્કામ કર્મયોગ પ્રાપ્ત થાય. (ગીતા પ્રવચનો, પરંધામ પ્રકાશન, પવનાર, પાન ૩૪) આમ હોવાથી, નિષ્કામ કર્મમાં કર્મ શબ્દ કરતાં નિષ્કામ શબ્દ વધારે મહત્ત્વનો છે. તેથી માત્ર સ્વધર્માચરણનું કર્મ કરવા સાથે નિષ્કામ મન, રાગદ્વેષ રહિત મન, કામક્રોધરહિત મનનું વિકર્મ જોડાયેલું નહીં હોય તો એક માત્ર કર્મમાં મોટું જોખમ રહેલું છે. એ કર્મયોગના અભ્યાસીએ સમજી લેવાની ખૂબ આવશ્યક્તા છે.

એટલા માટે બાહ્યકર્મમાં હૃદયની ભીનાશ ઉમેરાય તો સ્વધર્માચરણ ભારરૂપ બનતું નથી. કોઈ માણસ માંદાની સારવાર કરવાનું કામ હાથમાં લે પરંતુ આ સેવાકાર્ય સાથે મનનો સાચો સેવાભાવ ન હોય, કોમળ દયાભાવ ન હોય તો સેવા કરનારને આ કામ કંટાળારૂપ લાગશે અને સામા પક્ષે રોગીને પણ એ ભારરૂપ લાગશે. મનની ઊંડી સમજણ અને પ્રતીતિ વગરની સેવામાંથી અહંકાર પણ પેદા થઈ શકે. ઉપરાંત એ રોગી પાસેથી ભવિષ્યમાં આપણી સેવા એણે કરવી જોઈએ એવો સ્વાર્થભાવ પણ મનમાં જાગે. વિનોબાજી તુલસીદાસ કૃત રામાયણનો એક પ્રસંગ ટાંકે છે.-

'રાક્ષસો સાથે લડ્યા પછી વાનર પાછા આવે છે. તે બધા જખમી થયેલા હોય છે. તેમના શરીરમાંથી લોહી વહેતું હોય છે. પણ પ્રભુ રામચંદ્રે તેમના તરફ પ્રેમપૂર્વક જોયું તેની સાથે તે બધાયની વેદના શાંત થઈ ગઈ. તે વખતે રામે ઉઘાડેલી આંખનો ફોટો પાડી લઈ તે પ્રમાણે બીજું કોઈ પોતાની આંખ ઉઘાડે તો એવી અસર થાય ખરી કે? એવું કોઈ કરે તો હસવાનું થાય.' (ગીતા પ્રવચનો, પાન ૩૭)

આમ કર્મની સાથે વિકર્મ જોડાવાથી શક્તિ સ્ફોટ થાય છે અને તેમાંથી અકર્મ પેદા થાય છે. આનો અર્થ એમ કરી શકાય કે કર્મ કર્યાનો કોઈ ભાર લાગતો નથી અને મનની શુદ્ધિને લીધે કર્મનું કર્મપણું નીકળી જાય છે. અનાસક્ત ભાવે ચિત્તશુદ્ધિથી કરેલું કર્મ સર્વબંધનોથી કર્મ કરનારને મુક્ત રાખે છે અને પાપ કે પુણ્ય કશું જ બાકી રહી જતું નથી. કર્મમાં વિકર્મ ભેગું થતાં કોઈ રાસાયણિક કે અધ્યાત્મિક ક્રિયાથી અકર્મ થઈ જાય છે તે સમજાવતાં ઘણાં ઉદાહરણો આપ્યા પછી પણ, સંતોષ ન થતાં, શ્રીકૃષ્ણ અર્જુનને નીચે પ્રમાણે કહે છે.

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ।।

સદ્‌ગુરુને શરણે જઈને સત્યને જાણવાનો પ્રયાસ કર, એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમ જ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી તે પ્રબુદ્ધ મહાત્માઓ તને જ્ઞાનોપદેશ કરી શકશે કારણકે તેમણે સત્યનું દર્શન કર્યું છે.

(અધ્યાય ૪, શ્લોક ૩૪)

આવો જ ભાવ પ્રદર્શિત કરતું શ્રીમદ રાજચંદ્રનું એક કથન છે-

'લોકો ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણી લેવા દોડાદોડી કરી તૃષા છિપાવવા ઈચ્છે છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થવાથી પરિભ્રમણ પ્રાપ્ત થયું છે.

'આવા અશરણવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના તે તાપ કે તૃષા છેદાય તેમ નથી.'

(શ્રીમદ્ રાજચંદ્ર-૧, ૮મી આ. પણ ૨૬)

✱ ✱ ✱

સી/૫, ડૉ. સી. એમ. પટેલ એન્ક્લેવ, ૩, પ્રતાપ ગંજ, વડોદરા-૩૯૦ ૦૦૨. મોબાઈલ : ૯૮૨૫૩ ૧૯૯૩૦.

# અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધદર્શનમાં કર્મસિદ્ધાંત

□ ડૉ. કલા શાહ

*[ ડૉ. કલાબેન શાહ મુંબઈ યુનિવર્સિટીના જૈન ધર્મ અને ફિલોસોફી વિભાગ માટે નિયુક્ત ગાઈડ છે. ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક ઘણાં પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ જૈન ધર્મ વિષયક લેખો લખે છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૨ વ્યક્તિઓએ પીએચ. ડી. કર્યું છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે. ]*

**ભગવાન બુદ્ધ : (૫૬૦ થી ૪૮૦ ઇ.સ.પૂ.)**

બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન અને માતાનું નામ માયાદેવી હતું. શુદ્ધોધન ઈક્ષવાકુ વંશના શાક્ય શાખાના એક શાસક હતા. તેઓનું નાનપણનું નામ સિદ્ધાર્થ હતું અને તેમણે 'બોધિજ્ઞાન' પ્રાપ્ત કર્યા પછી લોકો તેમને 'બુદ્ધ'ના નામથી સંબોધવા લાગ્યા.

યુવાન થતાં તેમણે બીમાર, વૃદ્ધ અને મૃતને જોયા અને માનવની આ ત્રણ દશા તેમને દુઃખમય લાગી. અને તેઓએ પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલને ત્યજીને ગૃહત્યાગ કર્યો અને આ દુઃખોમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ શોધવા ચાલી નીકળ્યા. સંન્યાસ ધારણ કરીને તેમણે આલાર કલામના ગુરુત્વમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ ગુરુ ઉદક રામપુત્ર પાસે ગયા. તેમણે ગૌતમ બુદ્ધને તપસની શિક્ષા આપી અને ગૌતમે ગયાનગરના વટવૃક્ષ નીચે એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું જેના દ્વારા મુક્તિ પ્રાપ્ત થઈ શકે.

તે સમયે શ્રમણ પરંપરાની બે શાખાઓ અસ્તિત્વમાં હતી. આ બે વિશાળ શાખાઓ – જૈન અને બૌદ્ધ ધર્મમાં આશ્ચર્યજનક સામ્ય પ્રતીત થયું. તેથી એક જ નદીની બે ધારાઓ વહી રહી છે તેવો અનુભવ થવા લાગ્યો.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ બન્ને શ્રમણ, તીર્થ તથા ધર્મચક્રના પ્રવર્તક, લોકભાષાના પ્રયોક્તા અને દુઃખમુક્તિની સાધનાના સંગમસ્થાન હતા.

ભગવાન મહાવીર કઠોર તપશ્ચર્યા અને ધ્યાન દ્વારા કેવલી બન્યા. મહાત્મા બુદ્ધ છ વર્ષની કઠોર તપશ્ચર્યાથી સંતુષ્ટ ન થયા ત્યારે તેઓ ધ્યાનમાં લીન થયા અને તેમને સંબોધિ લાભ પ્રાપ્ત થયો. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ મહાવીરે જે કહ્યું તે દ્વાદશાંગ ગણિપિટકમાં ગૂંથાયું છે.

બોધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાત્મા બુદ્ધે જે કહ્યું તે **ત્રિપિટક**માં ગૂંથવામાં આવ્યું છે.

ભગવાન બુદ્ધના મત મુજબ દુઃખ, દુઃખસમુદય, નિરોધ, માર્ગ આ ચાર આર્યસત્યો છે. જન્મ લેવો એ દુઃખ છે, વૃદ્ધ થવું દુઃખ છે, વ્યાધિ દુઃખ છે અને મરવું એ પણ દુઃખ છે.

ભગવાન બુદ્ધે બૌદ્ધ ધર્મની સ્થાપના કરી અને તેનો પ્રચાર કર્યો. બૌદ્ધ ધર્મ લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં અસ્તિત્વમાં હતો પણ હવે બૌદ્ધ ધર્મ મોટે ભાગે તિબેટ, ચીન, જાપાન, થાઇલેંડ, સિલોન વગેરે દેશોમાં છે. બૌદ્ધોએ ભારતમાં નાલંદા, વિક્રમશીલ, તક્ષશિલા વગેરે મોટા મોટા વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં રહેલી કૃતિઓ પરથી ખ્યાલ આવે છે કે બૌદ્ધધર્મના સાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો.

**ધર્મશાસ્ત્ર :** બૌદ્ધ ધર્મશાસ્ત્ર લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં હતો. બૌદ્ધોએ ભારતમાં મોટા મોટા વિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં ધર્મસાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો. ભગવાન બુદ્ધે પોતાના જીવનકાળ દરમ્યાન કોઈ પણ બુદ્ધવચન સંભવતઃ નથી લખ્યા. પરંતુ તેમના મૃત્યુ બાદ રાજગૃહમાં ૪૭૭ ઇ.સ. પૂ.માં એક સભા ભરાઈ હતી જેમાં બુદ્ધ પ્રવચનોને લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી સો વર્ષ બાદ ૩૭૭ ઇ.સ.પૂ.માં વૈશાલીમાં સભા થઈ. ત્રીજી સભા ૩૪૧ ઇ.સ.પૂ.માં પાટલીપુત્રમાં થઈ જેમાં ધર્મશાસ્ત્રોની પ્રામાણિક્તા સ્થિર કરવામાં આવી. જેને **ત્રિપિટક** એટલે ત્રણ બોક્સ (પેટી) કહેવામાં આવ્યા. ત્યાર બાદ તેને હીનયાન તથા થોરાવાદિયાનના ધર્મપુસ્તક માનવામાં આવ્યા અને મહાયાનોના વૈપુલ્યસૂત્ર તથા ત્રિલિન્દ પ્રશ્ન મુખ્ય પુસ્તકો છે. તે ઉપરાંત ત્રિપિટક, વિનયપિટક, મુત્તપિટક અને અભિધર્મપિટક છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

સર્વપ્રથમ ભારતીય દર્શનમાં કર્મસિદ્ધાંતની રૂપરેખા તપાસીએ તો જણાય છે કે ભારતીય જન-જીવનમાં કર્મ શબ્દ બાળક, યુવાન અને વૃદ્ધ બધાંની જીભ પર રહેલો હોય છે. ભારતના વિચારકો, દાર્શનિકો, મનોવૈજ્ઞાનિકો, તત્ત્વચિન્તકો વગેરે બધાં કર્મને એક અથવા બીજા રૂપે માને છે.

'કર્મ' શબ્દ ભારતમાં બધાં આસ્તિક ધર્મગ્રન્થો, દર્શનો અથવા ધર્મશાસ્ત્રોમાં યોજાયેલ છે. ભારતના બધાં આસ્તિક દર્શનો અને ધર્મોએ 'કર્મ' અથવા તેના જેવી એક એવી સત્તાનો સ્વીકાર કર્યો છે જે આત્માની વિભિન્ન શક્તિઓના ગુણો અથવા શુદ્ધત્તાને પ્રભાવિત, આવૃત્ત અને કુંઠિત કરી દે છે. કર્મના સ્થાન પર આ ધર્મદર્શનોએ તેના વિભિન્ન નામો આપ્યા છે.

**વેદાન્તદર્શન** તેને 'માયા' અથવા 'અવિદ્યા' કહે છે. સાંખ્યદર્શન તેને 'પ્રકૃત્તિ' અથવા સંસ્કારની સંજ્ઞા આપે છે. યોગદર્શનમાં તેને માટે 'કર્મ-આશય' અથવા 'ક્લેશ' વગેરે શબ્દો પ્રયોજાયા છે.

**ન્યાય દર્શનમાં** 'અદૃષ્ટ' અને 'સંસ્કાર' શબ્દ વપરાયો છે. બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' અને 'અવિજ્ઞપ્તિ' કહ્યો છે. વૈશેષિક દર્શનમાં 'ધર્માધર્મ' શબ્દ છે. જૈન દર્શનમાં 'કર્મ' શબ્દ વપરાય છે.

જૈન દર્શનમાં, જૈનાગમોમાં કર્મની સાથે કર્મમલ, કર્મરજ વગેરે શબ્દપ્રયોગો થયેલા જોવા મળે છે.

**વેદોમાં કર્મસિદ્ધાન્ત :** ઋગ્વેદમાં કેટલાંક સ્થળો પર 'કર્મ'નો અર્થ છે ધાર્મિક કૃત્ય (યજ્ઞ, દાન વગેરે). વૈદિક પરંપરામાં વેદોથી લઈને બ્રાહ્મણ સુધી યજ્ઞ-યાગ અને નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓ કર્મ કહેવાય છે.

વૈદિક ધર્મમાં કર્મને ત્રણ પ્રકારમાં વિભાજિત કર્યો છે. (૧) સંચિત કર્મ (૨) પ્રારબ્ધ અને (૩) ક્રિયમાણ (સંચીયમાન)

**સંચિતકર્મ :** આ કર્મ અતીતના અસ્તિત્વના કર્મના યોગફળ છે. જેના પ્રતિફળની અનુભૂતિ અત્યારે કરી શકાતી નથી.

**પ્રારબ્ધ :** પ્રારબ્ધ કર્મ એ છે કે જે વર્તમાન જીવનમાં શરૂ થયા પહેલાં પૂર્વસંચિત કર્મોમાં સર્વથી પ્રબળ હતા અને જેનાથી એવું પરિકલ્પન કરવામાં આવ્યું છે કે તેના આધાર પર વર્તમાન જીવન નિશ્ચિત થાય છે.

**ક્રિયમાણ :** વર્તમાન જીવનમાં વ્યક્તિ જે કંઈ સંગ્રહિત કરે છે તે ક્રિયમાણ કર્મ છે. આગળ આવનાર જીવન સંચિત અને ક્રિયમાણના ભેગા કરેલા કર્મોમાં અત્યંત પ્રબળ કર્મ દ્વારા નિર્ધારિત અને નિશ્ચિત હોય છે.

**પાતંજલ યોગદર્શનમાં કર્માશય :** મહર્ષિ પતંજલિ લખે છે – 'ક્લેશમલ, કર્માશય–કર્મ સંસ્કારોના સમુદય વર્તમાન અને ભવિષ્ય બન્ને જન્મોમાં ભગોવવા પડે છે.'

કર્મોના સંસ્કારોનું મૂળ – જડ, અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ અને અભિનિવેશ – આ પાંચ ક્લેશ છે. આ ક્લેશમૂલક કર્માશય જે પ્રકારે આ જન્મમાં દુઃખ આપે છે એ પ્રકારે ભવિષ્યમાં થનાર જન્મોમાં પણ દુઃખ આપે છે.

જ્યારે ચિત્તમાં કલેશોના સંસ્કાર જામેલા હોય ત્યારે તેનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. રજોગુણ વિના કોઈપણ ક્રિયા થતી નથી. આ રજોગુણનો જ્યારે તમોગુણમાં મેળ થાય છે ત્યારે અજ્ઞાન, અધર્મ, અવૈરાગ્ય અને ઐશ્વર્યના કર્મોમાં પ્રવૃત્તિ થાય છે. આ બન્ને પ્રકારના કર્મ શુભ-અશુભ, પાપ-પુણ્ય અથવા શુકલ-કૃષ્ણ કહેવાય છે.

કર્મવાદ અને જન્માન્તર અનુસાર મહર્ષિ પતંજલિ લખે છે, 'કર્મ અને ભોગની સાથે સેંકડો–હજારો જાતિઓ દૂર-દૂરના દેશો અને કરોડો કલ્પ સમયનું અંતર રહી જાય છે, પરંતુ તેનાથી તેના આનંતર્યમાં કોઈ નુકસાન થતું નથી. તેનું સામંજસ્ય બની રહે છે કારણકે સ્મૃતિ અને સંસ્કાર એક જેવા બની રહે છે.'

**ઉપનિષદ્‌માં કર્મ :** મનુષ્યો પોતાના કર્મો એટલે કે પોતાના આચરણ વડે પોતાનું ભવિષ્ય બનાવે છે. જેવું આચરણ કરે છે તેવું ફળ પામે છે. સારા કર્મો કરનાર સારો જન્મ મેળવે છે. દુષ્ટ કર્મો કરનારા ખરાબ જન્મ પામે છે. પુણ્યકર્મોથી વ્યક્તિ પવિત્ર થાય છે અને દુષ્કર્મોથી દુષ્ટ-ખરાબ થાય છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ફલાકાંક્ષા રહિત થઈને નિષ્કામ ભાવે અથવા સમર્પણ ભાવથી કરેલ કર્મ અથવા સહજકર્મ, જ્ઞાનયુક્તકર્મ, કર્મકૌશલ વગેરે સર્વ-પ્રકારના ક્રિયા વ્યાપારો વ્યાપક અર્થમાં કર્મ કહેવાય છે.

**યોગવશિષ્ઠમાં કર્મફળ :**

યોગવશિષ્ઠમાં લખ્યું છેઃ- 'એવો કોઈ પર્વત નથી, એવું કોઈ સ્વર્ગ નથી જ્યાં આપણે કરેલા કર્મનું ફળ ન મળતું હોય. એમ કહેવાય છે કે મનના સ્પંદન જ કર્મરૂપી વૃક્ષનું બીજ છે. અને જાતજાતના ફળવાળી વિવિધ ક્રિયાઓ તેની શાખા છે. પરબ્રહ્મથી બધા જીવ અકારણ જ ઉદિત થાય છે. પછી તેનાં કર્મ, તેના સુખ દુઃખનું કારણ બની જાય છે. બધી ક્રિયાઓ કામનારહિત થવાથી ફળદાયિની–બંધકારક નથી હોતી. તે અશુભ ફળ આપવાવાળી કેમ ન હોય ? જે રીતે ફળ આપનારી લતાઓ પણ સીંચવાથી દોષ મનાય છે. કારણ કે મોહના લીધે જ અવિદ્યા, રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. જેથી દેહાદિ અનાત્મક વસ્તુઓમાં આત્માની પ્રતીતિ થવા લાગે છે.'

વૈશષિક દર્શનમાં અવિદ્યાના ચાર મરણ બતાવ્યા છે. સંશય, પિપર્થય, અનવધ્યાવસવ અને સ્વપ્ન.

**યોગદર્શનમાં કર્મબંધનું કારણ :**

યોગદર્શન અનુસાર ક્લેશ સંસારનું અર્થાત બંધનું મુખ્ય કારણ છે. બધાં ક્લેશનું મૂળ અવિદ્યા છે. સાંખ્યદર્શનમાં જેને વિપર્યય કહેવામાં આવ્યું છે. યોગદર્શનમાં તેને ક્લેશ કહ્યો છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

બૌદ્ધ દર્શનમાં શારીરિક, વાચિક અને માનસિક આ ત્રણ પ્રકારની ક્રિયાઓના અર્થમાં કર્મ શબ્દનો પ્રયોગ થયો છે. ત્યાં કેવળ ચેતનાને એ ક્રિયાઓમાં પ્રમુખતા આપી છે. 'ચેતના'ને કર્મ કહીને ભગવાન તથાગત બુદ્ધે કહ્યું છે,

'ભિક્ષુઓ, ચેતના જ કર્મ છે.' એવું હું કહું છું. ચેતના દ્વારા જ (જીવ) કર્મને વાણી દ્વારા, કાયા

## કર્મ જ અંતિમ સમયે સાથે આવે છે

પ્રાચીન ભારતમાં એક વ્યક્તિને ચાર પત્ની હતી. એક વખત તે ગંભીર રીતે બિમાર પડીને મરણપથારીમાં પડ્યો. તેણે પ્રથમ પત્નીને પોતાની સાથે બીજી દુનિયામાં આવવા કહ્યું. પ્રથમ પત્નીએ કહ્યું કે, તમે મને હંમેશાં પ્રેમ આપ્યો છે, પરંતુ હવે વિખુટા પડવાનો સમય આવી ગયો છે. બીજી પત્નીએ કહ્યું કે, જ્યારે પહેલી નથી આવતી તો હું શા માટે આવું. ત્રીજી પત્નીએ આંખમાં આંસુ સાથે કહ્યું કે, મારા પ્રિય પતિ, મારી તમારા પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ છે. હું તમારી સાથે સ્મશાન સુધી ચાલી શકું છું. જે મારી અંતિમ ફરજ છે. ચોથીની સાથે તેણે હંમેશાં ગુલામો જેવો વ્યવહાર કર્યો હતો. તેને એમ હતું કે આ તો ના જ પાડશે. ચોથીએ જવાબ આપ્યો, મારા પ્રિય, હું તમારી સાથે જરૂર આવીશ. મેં તમારી સાથે રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. હું તમારાથી વિખૂટા પડી શકું નહિં.'

ભગવાન બુદ્ધે આ કથાનો સાર સમજાવતાં કહ્યું, પ્રથમ પત્ની શરીર છે, બીજી પત્ની ધન, સંપત્તિ, પદ પ્રતિષ્ઠા છે, ત્રીજી પત્ની સાંસારિક સંબંધો છે અને ચોથી પત્ની આપણા કર્મ છે. **–સંપાદિકાઓ**

દ્વારા, અથવા મનથી કરે છે. અર્થાત્ ચેતનાના હોવાપણાથી જ બધાં કર્મ-ક્રિયાઓ સંભવ છે.

**કર્મના પ્રકારો :**

કર્મના મુખ્યત્વે બે પ્રકાર છે.

(૧) ચિત્તકર્મ – માનસિક કર્મ

(૨) ચૈતસિક કર્મ – (કાયા અને વચનથી ઉત્પન્ન થતાં કર્મ)

આમાં પણ ચિત્તકર્મ પ્રધાન છે. કર્મ પ્રથમ 'કૃત' હોય છે અને પછી 'ઉપચિત' હોય છે. કર્મ કરવાની પૃષ્ટભૂમિમાં ચિત્તભાવનાનો આધાર હોય છે.

કર્મ એ જ પુનર્જન્મનું મૂળ કારણ છે, સદ્ગતિ અને અસદ્ગતિનો આધાર કર્મને જ માનવામાં આવે છે. એ જ તેનો વિપાક છે.

બૌદ્ધદર્શનમાં અન્ય રીતે પણ ત્રણ પ્રકારના કર્મ દર્શાવ્યા છે.

(૧) અવ્યક્ત અથવા અશુક્લ અકૃષ્ણ (૨) કુશલ અથવા શુકલ કર્મ (૩) અકુશલ અથવા કૃષ્ણકર્મ એટલે કે અનૈતિક નૈતિક અને અતિનૈતિક કર્મને ક્રમશઃ અકુશલ, કુશલ અને અવ્યક્ત કર્મ કહ્યા છે.

**અકુશલકર્મ :** પાપનું વર્ગીકરણ – બૌદ્ધ દર્શનના મતાનુસાર કાયિક, વાચિક અને માનસિક આધાર પર નીચેના દસ પ્રકારના અકુશલ કર્મો અથવા પાપોનું વર્ણન મળે છે.

**(ક) કાયિક પાપ :** (૧) પ્રાણાતિપાત (૨) અદત્તાદાન (ચોરી), (૩) કામેસુમિચ્છાચાર (કામભોગ સંબંધી દુરાચાર)

**(ખ) વાચિક પાપ:** (૪) મૃષાવાદ (અસત્ય ભાષણ), (૫) પિશુનાવાચા (પિશુનવચન), (૬) ફરુસાવાચા (કઠોર વચન), (૭) સપ્રમાપ (વ્યર્થ આલાપ)

**(ગ) માનસિક પાપ :** (૮) અભિજજા (લોભ), (૯) વ્યાપાદ (માનસિક હિંસા), (૧૦) મિચ્છા દિટ્ઠી (મિથ્યા દૃષ્ટિ)

તેમજ 'અભિધમ્મત્થસંગહો'માં ચૌદ અકુશલ ચૈતસિક કર્મ બતાવ્યા છે, જેમ કે (૧) મોહ (૨) પાપકર્મમાં ભય ન માનવો (૩) ચંચળતા (૪) તૃષ્ણા (લોભ), (૫) નિર્લજ્જતા (૬) મિથ્યાદૃષ્ટિ (૭) અહંકાર (૮) દ્વેષ (૯) ઈર્ષ્યા (૧૦) માત્સર્ય (૧૧) કૃત-અકૃતના વિષયમાં પશ્ચાતાપ ન થવો (૧૨) થીન (૧૩) મિદ્ધં (આળસ) અને (૧૪) વિચિકિત્સા (સંશય).

**બૌદ્ધદર્શનમાં કુશલકર્મ**

'સંયુક્ત નિકાય'માં કહેવાયું છે કે અન્ન, વસ્ત્ર, શય્યા, આસન અને ચાદરના દાની પંડિત પુરુષમાં પુણ્યની ધારાઓ વહે છે. તેવી જ રીતે 'અભિધમ્મત્થસંગહો'માં કુશલ ચૈતસિક બતાવ્યા છે; જેમ કે (૧) શ્રદ્ધા (૨) અપ્રમત્તતા (સ્મૃતિ) (૩) પાપકર્મ પ્રત્યે લજ્જા (૪) પાપકર્મ પ્રત્યે ભય (૫) અલોભ (ત્યાગ) (૬) અદ્વેષ (મૈત્રી)

**મહાકર્મ વિભંગમાં કર્મની કૃત્યતા અને ઉપચિતતાના સંબંધને લઈને કર્મનનું ચતુર્વિધ વર્ગીકરણ પ્રસ્તુત કર્યું છે, જેમ કે**

*(૧) તે કર્મ જે કૃત (સમ્પાદિત) નથી પરંતુ ઉપચિત (ફળપ્રદાતા) છે*

*(૨) તે કર્મ જે કૃત પણ છે અને ઉપચિત પણ છે.*

*(૩) તે કર્મ જે કૃત છે પણ ઉપચિત નથી.*

*(૪) તે કર્મ જે કૃત પણ નથી અને ઉપચિત પણ નથી.*

**આવી રીતે પ્રથમ બે વર્ગોના કર્મ જીવને બંધનમાં નાંખે છે અને અંતિમ બે પ્રકારના કર્મ જીવને બંધનમાં નાંખતા નથી.**

(૭) સમભાવ, (૮) મનની પવિત્રતા (૯) શરીરની પ્રસન્નતા (૧૦) મનનું હળવાપણું (૧૧) શરીરનું હળવાપણું(૧૨) મનની મૃદુતા (૧૩) શરીરની મૃદુતા (૧૪) મનની સરળતા (૧૫) શરીરની સરળતાને પણ ચૈતસિક કહ્યા છે.

**અવ્યક્ત-કર્મ – અનુપચિત-કર્મ**

જેવી રીતે જૈનદર્શનમાં જે ક્રિયાઓ સંવર અને નિર્જરાના હેતુ છે તે અકર્મ છે. જેને ઇર્યાપથિક ક્રિયા પણ કહે છે. અકર્મ એટલે રાગદ્વેષ તેમ જ મોહરહિતથી કર્તવ્ય અથવા તો શરીર નિર્વાહ માટે કરેલું કર્મ. એવી જ રીતે બૌદ્ધદર્શનમાં પણ તેને અનુપચિત અવ્યક્ત અથવા અકૃષ્ણ- અકુશલ કર્મ કહે છે. તેવી જ રીતે આસક્ત વ્યક્તિની ક્રિયાઓ જે બંધનકારક છે તેને ઉપચિત કર્મ અથવા કૃષ્ણ-કુશલ કર્મ કહે છે. ઉપચિત કર્મ સંચિત થઈ ફળ આપવાની ક્ષમતા યોગ્ય હોય છે. જૈન પરંપરાના વિપાકોદયીકર્મની બૌદ્ધદર્શનના અનુચિતકર્મ સાથે તેમ જ જૈનપરંપરાના પ્રદેશોદયકર્મની બૌદ્ધદર્શનના ઉપચિત કર્મ સાથે સરખામણી કરી શકાય.

**કર્મની ઉત્પત્તિનો હેતુ :** મહાત્મા બુદ્ધે કહ્યું છે, 'ભિક્ષુઓ કર્મોની ઉત્પત્તિના ત્રણ હેતુ છે.'

લોભ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. દ્વેષ કર્મોની ઉત્પત્તિના હેતુ છે. મોહ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. જો મૂર્ખ કોઈ પણ કર્મ કરે છે જે લોભ, દ્વેષ અથવા મોહથી પ્રેરાયેલ હોય તો તે તેને ભોગવવું પડે છે. એટલે બુદ્ધિશાળી ભિક્ષુએ લોભ, દ્વેષ અને મોહનો ત્યાગ કરીને વિદ્યા પ્રાપ્ત કરીને સર્વ દુર્ગતિમાંથી મુક્ત થવું જોઈએ.

**કર્મનું સ્વરૂપ :** બુદ્ધની દૃષ્ટિએ કર્મ એક ચિત્ત સંકલ્પ છે તેઓ ન તો તેને વૈદિક સિદ્ધાન્ત અનુસાર અદષ્ટ શક્તિ માને છે કે જૈનોની જેમ પૌદ્ગલિક શક્તિ માને છે.

બૌદ્ધો કર્મને અનાદિ અને અવિચ્છિન્ન પરંપરામાં ઘટિત ઘટના માત્ર માને છે. તેઓના મતાનુસાર સ્વકૃત કર્મોના ફલનો ભોક્તા પ્રાણી સ્વયં હોય છે. અન્ય કોઈ નહીં. ફળ ભોગવવાની બાબતમાં બુદ્ધ કહે છે, 'મેં એકાવન કલ્પ પહેલાં એક પુરુષનો વધ કર્યો હતો. એ કર્મના ફળરૂપે મારા પગ બંધાઈ ગયા છે. હું જે સારા અથવા ખરાબ કર્મ કરું છું તે સર્વનો હું ભાગીદાર છું. સમગ્ર પ્રાણી કર્મની પાછળ ચાલે છે. જેવી રીતે રથ પર ચઢેલ વ્યક્તિ રથની પાછળ ચાલે છે.'

કર્મ સંસરણનું મૂળ કારણ છે. સંસરણનો અર્થ છે સંસારમાં જન્મમરણ ગ્રહણ કરવા. ભગવાન બુદ્ધના શિષ્યોને પુનર્જન્મના વિષયમાં જ્ઞાન હતું. તેમનું આ જ્ઞાન સ્વયં સંવેદ્ય અનુભવનું પરિણામ

હતું.

**જૈન અને સમ્મત બૌદ્ધ કર્મસિદ્ધાંતની તુલના**

બૌદ્ધ ધર્મની કુશલ અને અકુશલ કર્મની તુલના જૈન ધર્મમાં વર્ણિત પાપ પુણ્ય સાથે કરવામાં આવે છે. જૈન દર્શનમાં બંધનું કારણ જડ અને ચેતન બંને છે. બૌદ્ધ દર્શનમાં બંધનું કારણ ચેતન છે. જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનના મુખ્ય કારણ છે. બૌદ્ધ દર્શનમાં પણ અવિદ્યા, વાસના, તૃષ્ણા, આસક્તિ વગેરે ચૈતસિક તત્ત્વો ઉપરાંત ક્રોધ, દ્વેષ અને મોહને પણ બંધનના કારણ જણાવ્યા છે. આમ બંનેમાં સમાનતા છે. બન્ને દર્શનોમાં આશ્રવને બંધનનું કારણ માનવામાં આવ્યું છે. બૌદ્ધોમાં આશ્રવના ત્રણ ભેદ છે. (૧) કામ, (૨) ભવ (૩) અવિદ્યા. 'અંગુત્ત નિકાય'માં 'દૃષ્ટિ'ને પણ આશ્રવ કહેવામાં આવે છે. 'ધમ્મપદ'માં પ્રમાદને આશ્રવ કહ્યો છે. આમ બંને દર્શનોમાં પ્રમાદ પણ આશ્રવ છે.

**કર્મ-મુક્તિ :** આત્માના અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્યશક્તિ વગેરે ગુણોને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય અને મોહનીય આદિ કર્મો આવૃત્ત કરે છે.

જૈન દર્શન પ્રમાણે સમગ્ર કર્મનો ક્ષય મોક્ષ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જો કર્મોદ્ધાર આવૃત્ત હોય, કર્મક્ષય થઈ જાય પછી તે પ્રગટ થાય છે. આ આત્માની અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત સુખમય અવસ્થા છે. જૈન દર્શન અનુસાર મુક્તાવસ્થાનો આનંદ શાશ્વત, નિત્ય, નિરુપમ, નિરતિશય અને વિલક્ષણ છે.

મોક્ષપ્રાપ્તિના બે ઉપાય છે. (૧) સંવર દ્વારા નવા કર્મોનો નિરોધ તથા (૨) નિર્જરા દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરવો. ઉદાહરણ તરીકેઃ

એક નાવ છે. તેની વચમાં કાણું છે. તેથી તેમાં પાણી ભરાયા કરે છે. જો કાણાને બંધ કરી દેવામાં આવે તો પાણી ન ભરાય. એ જ રીતે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ વગેરે આશ્રવો દ્વારા નિરોધ કરી દેવાથી જીવમાં કર્મોનો પ્રવેશ નથી થતો. પ્રવેશ અટકી જવાથી નવો સંચય નથી થતો. સંચિત કર્મો તપ દ્વારા જીર્ણ થાય છે. એ જીવની મુક્તાવસ્થા અથવા સિદ્ધાવસ્થા છે.

બંધનથી મુક્તિની બાબતમાં જૈન, બૌદ્ધ તથા અન્ય પરંપરાઓએ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણને મુક્તિના માર્ગરૂપે સ્વીકાર કર્યો છે. વૈદિક પરંપરામાં તેને મનોયોગ, ભક્તિયોગ અને કર્મયોગ કહેવામાં આવ્યા છે. બૌદ્ધ પરંપરામાં તેને શ્રદ્ધા, પ્રજ્ઞા અને શીલના રૂપમાં ઓળખાય છે. જૈન દર્શનમાં તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચરિત્રના રૂપમાં શ્રદ્ધા અને ભક્તિને પ્રધાનતા આપી છે. બૌદ્ધ દર્શનમાં પ્રજ્ઞાને પ્રધાનતા આપી છે. જૈનોએ ત્રણેયના સમન્વયને મુક્તિમાર્ગ માન્યો છે. આમ જૈન અને અન્ય પરંપરાઓમાં આંશિક સમાનતા અને વિષમતા છે. ✶ ✶ ✶

બી-૪૨, દયાનંદ સોસાયટી,
ગોકુલધામ,
ગોરેગામ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## બૌદ્ધ ધર્મના કમ્મભવ અને ઉત્પત્તિભવ-અર્થાત્ ઘાતી-અઘાતી કર્મ

બૌદ્ધ દર્શનમાં આત્માના સ્વભાવને આવરણ કરવાવાળા ઘાતી અને અઘાતી કર્મોના સંબંધમાં તો કોઈ વિચાર ઉપલબ્ધ નથી, પરંતુ પુનર્જન્મ ઉત્પાદક કર્મની દૃષ્ટિથી કમ્મભવ અને ઉત્પત્તિભવનો વિચાર અવશ્ય ઉપલબ્ધ છે. (જોવા મળે છે.) પ્રતીત્યસમુત્પાદની બાર કડીઓમાં અવિદ્યા, સંસ્કાર, તૃષ્ણા, ઉપાદાન અને ભવ– આ પાંચ કમ્મભવ છે. તેના કારણથી જન્મ-મરણની પરંપરાનો પ્રવાહ ચાલુ રહે છે. શેષ વિજ્ઞાન, નામરુપ, ષડાયતન, સ્પર્શ, વેદના, જાતિ અને જરામરણ ઉત્પત્તિભવ છે. કમ્મભવમાં અવિદ્યા અને સંસ્કાર, ભૂતકાલીન જીવનના અર્જિત કર્મ સંસ્કાર અથવા ચેતના સંસ્કાર છે. તે સંકલિત થઈ વિપાકરૂપમાં વર્તમાન જીવનની ઉત્પત્તિભવનો નિશ્ચય કરે છે. ત્યારપછી વર્તમાન જીવનના તૃષ્ણા, ઉપાદાન અને ભવ સ્વયં કમ્મભવના રૂપમાં ભાવી જીવનના ઉત્પત્તિભવના રૂપમાં જાતિ અને જરામરણનું નિશ્ચય કરે છે. વર્તમાન જીવનના તૃષ્ણા, ઉપાદાન અને ભવ ભાવીજીવનના અવિદ્યા અને સંસ્કાર બની જાય છે. અને વર્તમાનમાં ભાવી જીવન માટે નિશ્ચિત થયેલ જાતિ અને જરામરણ ભાવી જીવનમાં વિજ્ઞાન, નામરુપ અને ષડાયતનના કારણ થાય છે.

આ પ્રકારે કમ્મભવ રચનાત્મક કર્મશક્તિના રૂપમાં જૈનદર્શનના મોહકર્મની જેમ જન્મ મરણની શ્રૃંખલાનો સર્જક છે અને ઉત્પત્તિભવ શેષ નિષ્ક્રિય કર્મ અવસ્થાઓની જેમ છે. આમ કમ્મભવના અભાવમાં જન્મ-મરણની પરંપરાનો પ્રવાહ ચાલુ રાખવો અશક્ય છે.

| બૌદ્ધ પરંપરા | | જૈન પરંપરા |
|---|---|---|
| કમ્મભવ | ૧. અવિદ્યા<br>૨. સંસ્કાર | મોહ કર્મની સત્તાની અવસ્થા |
| | ૩. તૃષ્ણા<br>૪. ઉપાદાન<br>૫. ભવ | મોહ કર્મનો વિપાક અને નવા કર્મ બંધની અવસ્થા |
| ઉત્પત્તિભવ | ૬. વિજ્ઞાન<br>૭. નામ રુપ<br>૮. ષડાયતન<br>૯. સ્પર્શ<br>૧૦. વેદના | જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય કર્મના વિપાકની અવસ્થા |
| | ૧૧. જાતિ<br>૧૨. જરા-મરણ | ભાવી જીવન માટે આયુષ્ય, નામ, ગોત્ર વગેરે કર્મોની બંધની અવસ્થા. |

–સંપાદિકાઓ

# ન્યાયદર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ

❑ ડૉ. નરેશ વેદ

*[ વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી , પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદે ગુજરાત યુનિવર્સિટી તેમ જ ભાવનગર યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ શોભાવ્યું છે. પોતાની ૪૫ વર્ષની શૈક્ષણિક કારકીર્દિમાં ગુજરાતની કૉલેજોમાં પ્રાધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે. ]*

ભારતીય તત્ત્વચિંતકોએ પિંડ અને બ્રહ્માંડ, સત્ અને અસત્, ઈશ્વર અને અવતારો, પાપ અને પુણ્ય, બંધન અને મોક્ષ, જન્મ અને પુનર્જન્મ, દૈવીતત્ત્વ અને દુરિતતત્ત્વ જેવી કેટલીક મહત્ત્વની દાર્શનિક સમસ્યાઓઉપર મનનચિંતન કરીને સૈદ્ધાન્તિક વિચારણા રજૂ કરી છે, તેમ કર્મ અને પ્રારબ્ધ જેવી સમસ્યા વિશે પણ વિચારણા રજૂ કરી છે. એવી વિચારણા કરતાં એમણે કર્મ એટલે શું ? કર્મનો કર્તા કોણ છે ? કર્મની અવસ્થા કેવી હોય છે ? જીવ અને કર્મનો શો સંબંધ છે ? કર્મના આકર્ષણના હેતુઓ ક્યા છે ? કર્મબંધનાં કારણો ક્યાં છે ? કર્મ કેટલા પ્રકારના છે ? કર્મનાશના ઉપાયો ક્યા છે ? કર્મ અને પુનર્જન્મ વચ્ચે શો સંબંધ છે ? –એમ આ વિષયની વિશદ અને વ્યવસ્થિત વિચારણા કરી છે.

ભૌતિક જગતમાં આપણો અનુભવ છે કે કારણ વગર કોઈ કાર્ય થતું નથી. એ બાબત લક્ષમાં લઈને ભારતીય દાર્શનિકોએ એ વાત ઉપર ચિંતન મનન કર્યું કે આ જગતમાં જીવોની ઉત્પત્તિ થાય છે, આ જીવોત્પત્તિ જો કાર્ય છે તો એનું કોઈ કારણ હોવું જોઈએ, એ કારણ શું છે ? વળી, એ જીવ પોતાના જીવનમાં સફળતા-નિષ્ફળતા અને સુખ-દુઃખનો અનુભવ કરે છે એનાં કારણો ક્યાં છે ? જન્મતા, જીવતા કે મરતા જીવાત્માના જીવનમાં જે કાંઈ બને છે એ શા કારણે બને છે, એના વિશે વિચાર કરતાં એમને જે કાંઈ તાર્કિક ખુલાસો મળ્યો, એનું નિરૂપણ એક સિદ્ધાન્તરૂપે એમણે કર્યું છે. એ સિદ્ધાન્તને કર્મનો સિદ્ધાન્ત કહીને ઓળખાવવામાં આવ્યો છે. એ સિદ્ધાન્ત એવું સમજાવે છે કે જીવ જેવાં કર્મો કરે, તેવાં તેમનાં ફળ પામતો રહે. જેવું વાવો તેવું લણો, જેવું કૃત્ય કરો તેવું પરિણામ પામો એવો ભારતીય જીવન દર્શનનો એક મૂળભૂત ખ્યાલ એની પાછળ પીઠિકારૂપે રહેલો છે. આવો સૈદ્ધાન્તિક ખ્યાલ ભારતીય દર્શનગ્રંથોમાં પડેલો છે.

આપણા દેશમાં જેમ જગતના બાર પ્રમુખ ધર્મો વિદ્યમાન છે, તેમ ધર્મતત્ત્વ દર્શનો પણ બાર છે. એ છે : (૧) ચાર્વાકદર્શન (૨) જૈનદર્શન (૩) વૈભાષિકદર્શન (૪) સૌત્રાંતિકદર્શન (૫) યોગાચાર-દર્શન (૬) માધ્યમિકદર્શન (૭) સાંખ્યદર્શન (૮) યોગદર્શન (૯) ન્યાયદર્શન (૧૦) વૈશેષિકદર્શન, (૧૧) મીમાંસાદર્શન અને (૧૨) વેદાન્તદર્શન. આ બારેય દર્શનોમાંથી અપવાદ રૂપે એક ચાર્વાકદર્શનને બાદ કરતાં બાકીના બધાં દર્શનોએ કર્મનો સિદ્ધાન્ત સ્વીકારીને તેના વિશે વિચારણા કરીને માર્ગદર્શન આપ્યું છે.

ભારતીય દર્શનોમાં રજૂ થયેલા આ કર્મસિદ્ધાન્તની શાસ્ત્રીય અને સાંગોપાંગ ચર્ચા ઘણી રસપ્રદ અને ઉપયોગી બને પણ એમ ન કરતાં, મને સોંપાયેલી કામગીરી અનુસાર હું અહીં ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન આ વિષયની વિચારણા કઈ બાબતો પર પ્રકાશ ફેંકે છે તેની હું સંક્ષેપમાં વાત કરીશ. ન્યાય અને વૈશેષિક એ બે દર્શનોના પ્રણેતાઓ હતા ગૌતમઋષિ અને કણાદઋષિ. આ બે દાર્શનિકોની અને તેથી તેમના દર્શનની વિશેષતા એ છે કે અન્ય દાર્શનિકોએ જ્યારે જગતની ઉત્પત્તિમાં પ્રકૃતિ અથવા પ્રકૃતિથી વિશિષ્ટ પરમાત્માને કારણરૂપ માન્યા હતા, ત્યારે આ બે દાર્શનિકોએ જગતની રચના પ્રકૃતિથી નહીં પણ પરમાણુઓથી થયેલી છે એમ જણાવીને આ ખ્યાલને વૈજ્ઞાનિક ધરાતલ ઉપર મૂકી આપ્યો હતો. આ બે દર્શનો વિશે અત્યંત સંક્ષેપમાં ખ્યાલ આપવો હોય તો એમ કહેવાય કે આત્મા અને અનાત્માના વિશેષ ધર્મો નક્કી કરનાર દર્શન તે વૈશેષિક દર્શન અને તે માટે જોઈતા અનુમાન વગેરે પ્રમાણની યોજના આપનાર દર્શન તે ન્યાયદર્શન. આ બે દર્શનોએ આ રીતે પ્રમેય અને પ્રમાણની યોજના ઘડી આપી તેથી તેમનું દાર્શનિક ચિંતનધારામાં ઘણું અગત્યનું સ્થાન છે. શાસ્ત્ર પ્રતિપાદનોને પણ તર્ક, બુદ્ધિ, વાદ-વિવાદ વગેર કસોટીએ ચઢાવી તેમની તર્કશુદ્ધતા ચકાસવાનો આ બે દર્શનોએ મહત્ત્વનો ઉદ્યમ કર્યો છે. તેથી તેમનું મહત્ત્વ પણ ઘણું છે.

આ બંને દર્શનો જણાવે છે કે મનુષ્ય શરીરથી, મનથી અને વાણીથી જે ક્રિયાઓ કરે છે એને એની પ્રવૃત્તિ કહેવાય. મનુષ્ય આવી જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર તેના ચિત્તમાં પડે છે. આમાંથી જે અનુભવજન્ય સંસ્કાર છે તે વાસના છે અને પ્રવૃત્તિજન્ય સંસ્કાર છે તે કર્મ છે. માણસની પ્રવૃત્તિ બે જાતની હોય છેઃ (૧) સત્પ્રવૃત્તિ અને (૨) અસત્પ્રવૃત્તિ. સત્પ્રવૃત્તિ એટલે સારું કર્મ અને અસત્પ્રવૃત્તિ એટલે ખરાબ કર્મ. આવી સત્‌અસત્ પ્રવૃત્તિના ફળ રૂપે પુણ્યપાપ કે ધર્માધર્મ રચાય છે. આ ધર્માધર્મના સમૂહને 'અદૃષ્ટ' કહેવામાં આવે છે. આ અદૃષ્ટને કારણે મનુષ્યને સારું કે નઠારું શરીર પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવની પ્રવૃત્તિના સંસ્કારો જીવીત રહે ત્યાં સુધી જીવે

કર્મફળ ભોગવવા માટે શરીર ધારણ કરવું પડે. એ રીતે જન્મ-પુનર્જન્મનું ચક્ર ચાલ્યા કરે. જીવનો જન્મ થાય એટલે ફરી પ્રવૃત્તિઓ થવાની, તેથી ફરી કર્મો કર્યા કરવાના, તેથી તેના અદૃષ્ટમાં ઉમેરો થતો રહેવાનો. જ્યાં સુધી જીવનો વાસનાક્ષય ન થાય ત્યાં સુધી આમ ચાલ્યા જ કરે. વાસના જાય તો અદૃષ્ટમાં થતી વૃદ્ધિ અટકે. પરંતુ બધાં કર્મો ભોગવાઈ ન જાય ત્યાં સુધી જીવે સંસારમાં રહેવું પડે. જીવનું સર્જન ભલે પરમાણુમાંથી થાય, ભલે એનો કર્તા ઈશ્વર હોય, પણ ઈશ્વરેય જીવનું સર્જન એના અદૃષ્ટ મુજબ જ કરે. મતલબ કે જીવસર્જન કર્માનુસાર છે. જીવસર્જન થાય ત્યારે દરેક જીવાત્માને પોતપોતાના અદૃષ્ટ અનુસાર પોતાનાં કર્મફળ ભોગવવાની અનુકૂળતા રહે એવો દેહ મળે. અદૃષ્ટનું બંધન ઈશ્વરની સર્જનશક્તિને પણ સાંકળે છે. તેથી જીવને નિર્લેપ એવો આત્મા મળે પણ સાથોસાથ અણુપરમાણુ વડે મન પણ મળે અને દરેકને આત્મા એકસરખો મળે પણ મન અલગ અલગ મળે.

આ બંને દર્શનો આત્માને નિત્ય અને અનાદિ ગણે છે. મતલબ કે આત્મા નાશ પામતો નથી. એ માણસના જન્મ પહેલાં અને મૃત્યુ પછી પણ અસ્તિત્વ ધરાવે છે. એટલે કે મનુષ્યને પૂર્વજન્મ અને પુનર્જન્મ બંને છે. જીવના પૂર્વજન્મને પુરવાર કરવા આ દર્શનો એક સચોટ ઊદહરણ આપે છે. કોઈ અબુધ શિશુના ચહેરા ઉપર ક્યારેક હાસ્ય તો ક્યારેક ડર અને રુદનના ભાવો જણાય છે. આવું એ કારણે બને છે કે એની સામે પોતાના પૂર્વજન્મનું કોઈ ઈષ્ટ કે અનિષ્ટ વિષયનું સ્મરણ ઊભરી આવે છે. આવું સ્મરણજ્ઞાન પૂર્વજન્મના કોઈ અનુભવોને કારણે આવે છે. પૂર્વેના એવા અનુભવોના સંસ્કારો એ જીવના આત્મામાં પડ્યા હોય છે, તે જ આ શિશુને સ્મરણભાન આપે છે. અન્યથા આવું નાનું અને અબુધ બાળક વિષયને ઈષ્ટ કે અનિષ્ટ કેવી રીતે સમજી શકે ? બાળક એ સમજી શકે છે એનું કારણ આ જન્મમાં નહિ પરંતુ ગત જન્મોમાં ક્યારેક એવો અનુભવ થયેલો હોય. એ અનુભવના પૂર્વજન્મના સંસ્કાર આ બાળકમાં હોવાથી એ હસે અથવા રડે છે. બાળકના આ ઉદાહરણથી એ સિદ્ધ થાય છે કે પૂર્વજન્મ છે. જો પૂર્વજન્મ સાબિત થાય છે તો પુનર્જન્મ પણ પુરવાર થાય છે. કારણ કે જન્મમરણનો પ્રવાહ તો નિત્ય અને અનાદિ છે.

અહીં કોઈના મનમાં શંકાપ્રશ્ન ઉદ્ભવી શકે જો આવો જન્મપ્રવાહ નિત્ય અને અનાદિ હોય તો તે જીવે અસંખ્ય વખત મનુષ્ય, પશુ, પંખી કે જંતુનો જન્મદેહ ધારણ કર્યો હોવો જોઈએ અને એ બધા જન્મોના સંસ્કાર પણ તેનામાં હોવા જોઈએ. એ બધા સંસ્કારો જીવાત્માના ચાલુ (વર્તમાન) જન્મમાં જાગવા જોઈએ. એને પરિણામે એ જીવને અન્ન, ઘાસ, ચણ કે જીવડાં તરફ પણ અનુરાગ થવો જોઈએ, પરંતુ ખરેખર એમ થતું નથી એનું કારણ શું ? આ દાર્શનિકોનો ઉત્તર છે કે જીવ જ્યારે નવો દેહ ધારણ કરે છે તે દેહ (જાતિ)ને અનુરૂપ કર્મોનો જ વિપાક થાય છે. તેથી તેના વર્તમાન દેહ (જાતિ)ને અનુરૂપ સંસ્કારો જ જાગ્રત થાય છે, બાકીના અભિભૂત રહે છે. જો માનવાવતાર પછી ફરી પશુસૃષ્ટિમાં જીવનો જન્મ થાય તો પશુને અનુરૂપ કર્મસંસ્કારો ઉદ્‌બુદ્ધ થાય, બાકીના અભિભૂત રહે. મતલબ કે જીવમાં જે રાગદ્વેષ જન્મે છે એનું કારણ પૂર્વજન્મના સંસ્કારો છે અને એ સંસ્કારોની જાગૃતિનું મુખ્ય કારણ જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ) છે.

વળી, જીવોનાં જાતજાતનાં શરીરો, જાતજાતના સ્વભાવો અને જુદી જુદી જાતની શક્તિઓનું જીવોમાં વૈચિત્ર્ય દેખાય છે, એનું શું કારણ હોઈ શકે ? એનો ઉત્તર આ દાર્શનિકો આ રીતે આપે છેઃ એનું કારણ જીવે પૂર્વજન્મમાં કરેલાં જુદી જુદી જાતનાં કર્મો છે. જીવ જીવ વચ્ચે જે ભેદ જણાય છે તેનો ખુલાસો પૂર્વજન્મના એ જીવોનાં વિચિત્ર કર્મોને માન્યા-સ્વીકાર્યા વિના થઈ શકતો નથી. એક માબાપના એકસમાન પરિસ્થિતિમાં ઉછરેલાં જોડિયા બાળકોનું ઉદાહરણ જુઓ. એ બંને વચ્ચે કેટલી ભિન્નતા દેખાય છે ! એનું કારણ એ બંને જીવોના પૂર્વજન્મમાં એમણે કરેલાં કર્મો અને એની આ જન્મમાં પડતી અસરો સિવાય બીજું કાંઈ નથી.

કોઈને એવો પણ પ્રશ્ન થાય કે પૂર્વજન્મ છે એ સ્વીકારીએ તો પૂર્વજન્મના અમુકતમુક વિષયનું જ વર્તમાન જીવનમાં સ્મરણ કેમ થાય છે, બધા વિષયોનું સ્મરણ કેમ થતું નથી. ? મતલબ કે, પૂર્વજન્મમાં પોતે કોણ હતો, ક્યાં હતો, કેવો હતો વગેરે વાતોનું સ્મરણ વર્તમાન જીવનમાં કેમ થતું નથી ? એનો ઉત્તર આપતાં આ દર્શનો એમ કહે છે કે આત્મગત જે સંસ્કારો આ જન્મમાં ઉદ્‌બુદ્ધ થાય તે સંસ્કારો જ સ્મૃતિ ઉત્પન્ન કરે. જે સંસ્કારો અભિભૂત રહે છે તે સ્મૃતિ જન્માવતા નથી. સંસ્કાર હોય એટલે સ્મૃતિ થાય જ એવું નથી. સ્મૃતિ-સ્મરણ થવા માટે પૂર્વસંસ્કારની જાગૃતિ થવી જરૂરી છે. દા. ત. બાળપણમાં અનુભવેલ બધી ઘટનાઓનું સ્મરણ આ જન્મમાં પણ, વૃદ્ધાવસ્થામાં આપણને ક્યાં થાય છે ? જેમ દુઃખના ઓથારથી કેટલીક પરિચિત વ્યક્તિને કેટલીક વ્યક્તિ ભૂલી જાય છે તેમ. દુઃખના ઓથારે તે પરિચિત વ્યક્તિ વિશેના સંસ્કારો તિરોહિત કરી દીધા હોય છે. જેમ દુઃખ તેમ મૃત્યુ પણ જીવના અનેક સંસ્કારોને તિરોહિત કરી દે છે. તેથી વર્તમાન જીવનમાં પુર્વાવતારોમાં પોતે કોણ, કેવો, ક્યાં હતો તેનું સ્મરણ થતું નથી. પૂર્વજન્મમાં પોતે કોણ હતો, કેવો હતો, ક્યાં હતો એ બધી વાતની સ્મૃતિને જાતિસ્મરણ કહે છે. આવું જ્ઞાન કોઈકને જ થાય છે અને જેને થાય છે તેના સંસ્કાર ઉદ્‌બોધકરૂપે ધર્મકામ કરતો હોય છે.

સંસ્કાર ઉદ્‌બુદ્ધ કરનાર ઉદ્‌બોધકમાં એક છે ધર્મ અને બીજો છે જે જાતિમાં થાય તે જન્મ. જીવ જે જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ)માં

જન્મ પ્રાપ્ત કરે તેને અનુરૂપ જ સંસ્કારો જાગૃત થાય.

કોઈને એવો પ્રશ્ન પણ થાય કે જીવના મૃત્યુ સાથે આત્માનું મૃત્યુ અને એના જન્મ સાથે આત્માનો જન્મ થતો હોય છે કે એમ નથી હોતું ? આ દર્શનો આ અંગે સ્પષ્ટ છે. એ કહે છે જો શરીરની ઉત્પત્તિ અને નાશ સાથે આત્માની ઉત્પત્તિ અને નાશને સ્વીકારીએ તો આખી વિચારણામાં બે દોષ આવે. એ છે કૃતહાન અને અકૃતાભ્યાગમ્. શરીર સાથે જો આત્માનોય નાશ થઈ જતો હોય તો જીવને તેણે કરેલાં કર્મોનું ફળ ભોગવવા મળે નહિ. અને જો શરીર સાથે આત્મા ઉત્પન્ન થતો હોય તો જે ભોગવશે તે તેના પોતાના કર્મોનું ફળ કેવી રીતે ગણી શકાય ?

જીવનો જન્મ કેમ થાય છે ? દેહોત્પત્તિનું કારણ શું છે ? આ દર્શનો સ્પષ્ટ કહે છે, પૂર્વ શરીરમાં કરેલાં કર્મોનાં ફળરૂપ ધર્માધર્મ જ જન્મ અને દેહોત્પત્તિનું કારણ છે. ધર્માધર્મરૂપ અદૃષ્ટથી પ્રેરાઈને ભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે, ભૂતો પોતે દેહને ઉત્પન્ન કરતાં નથી. જો કોઈ ભૌતિકવાદી દૃષ્ટિબિંદુ ધરાવનાર એમ કહે કે સ્ત્રી-પુરૂષના દેહમિલનથી થતાં શુક્રશોણિત સંયોગને પરિણામે દેહ ઉત્પન્ન થાય છે તો તે વાત પણ પૂર્ણ સત્ય નથી. એવા સંયોગથી હંમેશાં ગર્ભાધાન અને દેહોત્પત્તિ થતી નથી. માટે બરાબર સમજવું જોઈએ કે શુક્રશોણિત સંયોગ દેહોત્પત્તિનું એક માત્ર નિરપેક્ષ કારણ નથી. કોઈ બીજા કારણની પણ એમાં અપેક્ષા રહે છે, અને એ બીજું કારણ છે પૂર્વકર્મ. પૂર્વકર્મ વિના શુક્રશોણિત સંયોગ શરીરોત્પત્તિ માટે સમર્થ બનતો નથી. એટલું જ નહીં, સ્ત્રી-પુરુષ, વ્યંઢળ એવા શરીરભેદનો ખુલાસો પણ પૂર્વજન્મ કર્મોને માનવાથી જ મળે છે. પૂર્વકર્મને ન માનીએ તો અમુક આત્માને પુરુષનું, અમુકને સ્ત્રીનું તો અમુકને વ્યંઢળનું શરીર એવી જે વ્યવસ્થા દેખાય છે એનું માનસિક સમાધાન કેવી રીતે થશે ? પૂર્વકર્મને માનીએ તો જ આ વ્યવસ્થાનું તંત્ર સમજી સ્વીકારી શકાય. કહેવાનો મતલબ એ છે કે દેહોત્પત્તિમાં જીવનાં કર્મોને નિમિત્તકારણરૂપ માનવા જોઈએ.

રાગદ્વેષપૂર્વક કરાતી ક્રિયા અથવા પ્રવૃત્તિ પોતાનું ફળ આપે જ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે ક્રિયા તો શરીર કે મન કરે છે પણ અદૃષ્ટ અને તેનું ફળ આત્મામાં ઉત્પન્ન થાય છે, એમ શા કારણે ? આ દર્શનો કહે છે, અદૃષ્ટની ઉત્પત્તિમાં ક્રિયા કારણરૂપ નથી, કારણરૂપ છે રાગદ્વેષ. આ રાગદ્વેષનો આશ્રય આત્મા છે, અદૃષ્ટ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે અને એનું ફળ સુખદુઃખ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે. માણસ પાસે તર્કબુદ્ધિ, સારાસાર વિવેક અને ઔચિત્યભાન બધું છે. તેથી પોતાને કર્મ કરવા માટે મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, કેટલો કરવો તે મનુષ્યે ખુદે નક્કી કરવું જોઈએ. ઈશ્વરે મનુષ્યને કર્મો કરવા માટે શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણ આપ્યાં, વિવેકબુદ્ધિ આપી, કર્મ કરવાની સ્વતંત્રતા આપી તો પછી મનુષ્ય જે કર્મો કરે છે તેની જવાબદારી તેની ખુદની રહે છે. ઈશ્વર નામક કોઈ સત્તા ન્યાયાધીશ થઈ તેનાં સદ્‌કૃત્યો-દુષ્કૃત્યો અનુસાર એને સજા કે શરપાવ આપતો નથી. ઈશ્વર મનુષ્યનાં કર્મોના લેખાજોખાં કરી એનો ન્યાય તોળનારો ન્યાયાધીશ નથી. એનો ન્યાયાધીશ એનો અંતરાત્મા જ છે. મનુષ્ય પોતાના કર્મોના જે ફળ પામે છે તે તેના રાગદ્વેષના પરિણામરૂપ હોય છે. જે મનુષ્ય રાગ-દ્વેષ વગેરે દોષોથી મુક્ત થઈ જીવનપ્રવૃત્તિ કરે છે તે જીવનમુક્ત બને છે.

**જ્યારે જ્ઞાની યોગીઓ પોતાની યોગસિદ્ધિના બળે પોતાના છેલ્લા જન્મમાં અનેક શરીરો નિર્માણ કરી પૂર્વકર્મોના વિપાકોને ભોગવી લઈને જીવનમુક્ત બની જાય છે.**

સારામાઠાં કર્મોના ભોગવટાથી કર્મોનો ક્ષય થતો જાય છે, પણ કર્મક્ષય માટે આટલી સમયાવધિ હોવી જોઈએ. એવો કોઈ નિયમ નથી. પૂર્વેના અનંત જન્મોમાં જેમ કર્મોનો સંચય થતો જાય છે તેમ જન્મજન્માંતરમાં એના ભોગથી તેમનો ક્ષય પણ થતો રહેતો હોય છે. મનુષ્ય સમજપૂર્વક રાગદ્વેષ જેવા દોષોથી અલિપ્ત રહી નવા કર્મો બાંધવામાંથી મુક્ત થતો જઈ શકે અને બાકી રહેલાં કર્મોનો સમજપૂર્વક ભોગવટો કરી કર્મફળના પરિણામરૂપ જન્મમરણના ફેરામાંથી મુક્તિ પણ મેળવી શકે. જ્યારે જ્ઞાની યોગીઓ પોતાની યોગસિદ્ધિના બળે પોતાના છેલ્લા જન્મમાં અનેક શરીરો નિર્માણ કરી પૂર્વકર્મોના વિપાકોને ભોગવી લઈને જીવનમુક્ત બની જાય છે.

કોઈ એમ માને છે કે કર્મ અને કર્મફળ વચ્ચે કોઈ નિયત સંબંધ નથી. ફળ કર્મ ઉપર નહીં પણ ઈશ્વર ઉપર આધાર રાખે છે તેનો આ દર્શનના પ્રણેતાઓ વિરોધ કરીને જણાવે છે કે કર્મની બાબતમાં ઈશ્વર ફક્ત ઉપદ્રષ્ટા, માર્ગદર્શક અને કર્મફળના નિયત સંબંધનું જ્ઞાન કરાવનાર છે. ઈશ્વર ક્યાં કોઈ પાસે બળજબરીથી કોઈ કાર્ય કરાવે છે ? જેમ વૈદ્ય માત્ર દવા બતાવે છે છતાં આપણે એમ કહીએ છીએ કે વૈદ્યે રોગ મટાડ્યો, તેમ ઈશ્વર પણ રાગ-દ્વેષ વગેરે રોગનો ઈલાજ બતાવનાર છે, છતાં આપણે કહીએ છીએ ઈશ્વરે ફળ આપ્યું. આટલા મર્યાદિત અર્થમાં જ ઈશ્વર ફળનો કર્તા કે ફળનો સંપાદક છે. **વાસ્તવમાં કર્મ અને એનાં ફળનો કર્તા અને ભોક્તા તો જીવ પોતે જ છે.**

આમ, આ બે દર્શનોમાં કર્મવિચારણા ઘણી વિશદ અને વ્યવસ્થિત રૂપે થયેલી છે. એ જેટલી રોચક છે એટલી જ દ્યોતક છે. ✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર. ફોન નંબર્સ : લેન્ડલાઈન ૦૨૬૯૨–૨૩૩૭૫૦. સેલફોન ૦૯૭૨૭૩૩૩૦૦૦.

આ લેખમાં આ વિષયના પ્રબુદ્ધ વિદ્વાનો–સ્વામીશ્રી કાશીકાનંદગિરિ, શ્રી નગીનભાઈ શાહ અને શ્રી જયંતભાઈ ઠાકરનાં લખાણોનો મેં આધાર લીધો છે. એ સૌનો હું ઋણભાર સ્વીકારું છું.

# ઉપનિષદમાં કર્મવિચાર

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદો જીવનવિજ્ઞાનના ગ્રંથો છે, એટલે મનુષ્યનાં જન્મ, આયુષ્ય અને તેની સ્થિતિ-ગતિનો વિચાર પણ કરે છે. મનુષ્યને ક્યા સ્થળ-કાળમાં, કઈ જાતિમાં, ક્યા માતા-પિતાને ત્યાં શા કારણે જન્મ મળે છે, પોતાના આયુષ્યકાળ દરમ્યાન એ જે કાંઈ કર્મો કરે છે તે શા કારણે કરે છે, એ કર્મોને કારણે એણે પોતાના જીવન દરમ્યાન સુખ-સુઃખના વારાફેરા કેમ અનુભવવા પડે છે, એના જીવનકર્મો એને ક્યા માર્ગે કઈ યોનિમાં લઈ જાય છે અથવા એને મુક્તિ અપાવે છે – એ બધી બાબતોનો વિચાર કરવાનું પણ ઉપનિષદના સ્રષ્ટાઓએ ટાળ્યું નથી. એક ચાર્વાક દર્શન સિવાય બાકીના લગભગ બધાં ભારતીય દર્શનોએ જે રીતે કર્મના સિદ્ધાન્તનો વિચાર અને સ્વીકાર કર્યો છે, તેમ ઉપનિષદોએ પણ કરેલો છે. જોકે ઉપનિષદો કોઈ એક ઋષિમુનિનું સર્જન નથી, અનેક ઋષિઓ દ્વારા એમની રચના થયેલી છે અને એ બધાને મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો અધ્યાત્મ અને બ્રહ્મવિદ્યા હતી તેથી અન્ય વિષયોની માફક કર્મસિદ્ધાન્તની ચર્ચા પણ ઉપનિષદમાં સળંગ, સાંગોપાંગ રૂપે મળતી નથી, મુખ્ય વિષયની ચર્ચાના અનુષંગે અને અનુસંધાને થયેલી છે. એટલે કર્મસિદ્ધાન્તની વિચારણા અશેષ અને પૂર્ણરૂપે એમાં મળતી નથી, પણ જેટલી મળે છે તેટલી પણ ઘણી રોચક અને દ્યોતક છે. કર્મ વિશેની આ વિચારણા મુખ્યત્વે ઈશ, પ્રશ્ન, મુંડક, છાંદોગ્ય, મૈત્રાયણી, કૌષીતકી વગેરે ઉપનિષદોમાં થયેલી છે.

તેમનું માનવું છે કે જન્મ લઈને કોઈ પણ મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી. જેમ આ દુનિયામાં લોકો જે જગ્યા કે ખેતર રાખે તેની ઉપર તે રાજશાસનના હુકમ પ્રમાણે જ ભોગવટો કરી શકે છે, તેમ માણસને પણ ભગવાનના નિયમ પ્રમાણે પોતે જે કાંઈ કર્મો કરે તેનાં ફળો ભોગવવા પડે છે. મનુષ્ય આત્મા જેવું કર્મ કરે છે, જેવું આચરણ કરે છે તેવો તે બને છે. જો જીવનમાં તે સત્કર્મો કરે છે તો સારો બને છે, પાપ કર્મો કરે છે તો પાપી બને છે, પુણ્ય કર્મ કરે છે તો પુણ્યશાળી બને છે. મનુષ્ય જેવી ઈચ્છા કરે છે તે મુજબ તેનો સંકલ્પ થાય છે. જેવો સંકલ્પ તે કરે છે તે અનુસાર એનું કર્મ થાય છે અને જેવું કર્મ તે કરે છે તે અનુસાર તે ફળ પામે છે. પરંતુ ઋષિઓનું કહેવું છે કે ફળની ઈચ્છા રાખ્યા વિના પોતપોતાનાં કર્મો કરતા રહીને જ મનુષ્યે સંસારમાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ. એના કરતાં એના માટે બીજો કોઈ સારો માર્ગ નથી. મતલબ કે કર્મસિદ્ધાન્ત સ્વીકારીને જ મનુષ્યે પોતાની અભિલાષાઓની સિદ્ધિ માટે શતાયુ બનવું જોઈએ. વળી, જો તે પોતાને પ્રાપ્ત ભોગોનો ઉપભોગ, જે ભોગો પણ ધર્મયુક્ત કર્મોને કારણે પ્રાપ્ત થયાં હોય, અનાસક્તિપૂર્વક કરે તો તેના ઉપર કર્મનું બંધન ચડતું નથી. પણ મનુષ્યે એટલું સમજી લેવું જોઈએ કે પોતાના પૂર્વભવના પૂર્વકર્મોને પાછાં વાળી શકાતાં નથી. જીવાત્મા સત્ અને અસત્ કર્મોનાં સત્ અને અસત્ ફળરૂપી પાશથી બંધાયેલો છે. મતલબ કે તે કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ તેના ફળ ભોગવવામાં કોઈ કેદીની જેમ અસ્વતંત્ર છે.

આગળ ચાલતાં તેઓ કહે છે, આ સંસારમાં બે પ્રકારનાં કર્મો છે: એક અમૃત કર્મ અને બીજું સત્ય કર્મ. જે મનુષ્યનાં કર્મ (વાસના) અમૃત (મરે નહિ તેવાં) છે તેને લોકો ત્રાસ આપે છે, પરંતુ જે વ્યક્તિ સત્યકર્મી છે (એટલે કે જે વ્યક્તિ વાસનાથી પ્રેરાઈને નહિ, પણ સત્યની પ્રાપ્તિને માટે કર્મ કરે છે) તેનું અસ્તિત્વ અખંડ રહે છે.

કર્મોનું બીજી રીતે વર્ગીકરણ કરીને તેઓ અન્ય બે જાતના કર્મોની વાત કરે છે. (૧) ઈષ્ટ કર્મો અને (૨) આપૂર્ત કર્મો. ઈષ્ટ કર્મો એટલે માણસ પોતાની ભલાઈ માટે જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમકે, અગ્નિહોત્ર, તપશ્ચર્યા, સત્ય આરાધના, અહિંસા પાલન, અતિથિ સત્કાર, ઈષ્ટદેવની ઉપાસના વગેરે. જ્યારે આપૂર્તકર્મો એટલે બીજાની ભલાઈને માટે મનુષ્ય જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમ કે, વાવ, કૂવા, તળાવ ખોદાવીને બંધાવા, દેવમંદિરો અને ધર્મશાળાઓ બાંધવી, સદાવ્રતો ચલાવવા, જાહેર જનતા માટે બાગબગીચા બનાવવા વગેરે. આવાં ઈષ્ટ અને આપૂર્ત કર્મોને જ શ્રેષ્ઠ માનનારા લોકો મૂઢ છે. કેમકે તે કર્મો સિવાય જીવનમાં એમને બીજું કાંઈ શ્રેય દેખાતું નથી. જે લોકો આવાં કર્મોની પાછળ જ મંડ્યા રહે છે, તેઓ દક્ષિણાયન દ્વારા ચંદ્રલોકમાં જાય છે અને તેઓ અહીં જ પુનર્જન્મ લઈને પાછા આવે છે. તેઓ સ્વર્ગલોકમાં પોતાનાં સત્કર્મોનાં ફળ ભોગવીને આ મનુષ્યલોકને અથવા તેનાથી પણ નીચા એવા કોઈ લોકને પામે છે. બધાય લોક (સ્વર્ગ વગેરે) કર્મ વડે મેળવાય છે એમ સમજીને જે લોકો બ્રહ્મજ્ઞાની છે તેઓએ વૈરાગ્યવાળા થવું અને એમ સમજવું જોઈએ કે અકૃત (એટલે કે કર્મથી ઉત્પન્ન ન થનારા) એવા બ્રહ્મને કર્મ વડે પહોંચાતું નથી. આ સત્ય છે જે કર્મોને મંત્રો દ્વારા મહર્ષિઓએ જોયાં તે કર્મોનો ત્રણ વેદોમાં (અથવા ત્રેતાયુગમાં) અનેક પ્રકારે વિસ્તાર થયો છે. એ કર્મોનું મનુષ્યે આચરણ કરવું જોઈએ. સત્કર્મથી મેળવાતા બ્રહ્મલોકમાં જવાનો એ જ માર્ગ છે. જેમનું અગ્નિહોત્ર પૂનમ-અમાસ-ચાતુર્માસ અને આગ્રયણ નામની ઈષ્ટિઓ (યાગો) વિનાનું રહે છે, તેમ જ અતિથિ વિનાનું, હોમ

**ફળની ઈચ્છા રાખ્યા વિના પોતપોતાનાં કર્મો કરતા રહીને જ મનુષ્યે સંસારમાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.**

વિનાનું, વિશ્વદેવના બલિ વિનાનું અથવા અવધિપૂર્વકની આહુતિવાળું રહે છે, તેના સાતેય લોકનો એ અગ્નિહોત્ર નાશ કરે છે. મતલબ કે કાળની કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફુર્લિંગની અને વિશ્વરૂપા જિહ્‌વાના કોળિયા થઈ જાય છે. પરંતુ જે મનુષ્યો સમજદાર થઈને કાળજિહ્‌વાને સમયસર યથાયોગ્ય આહુતિઓ આપીને જીવન ગુજારે છે, તેને એ બ્રહ્મલોકમાં લઈ જાય છે.

આ ઉપરાંત અઢાર જાતના એક અવરકર્મની વિચારણા પણ આ ઋષિઓએ કરી છે. એ અઢાર જાત એટલે યજ્ઞકર્મ (જેમાં યજ્ઞ કરાવનારા ૧૬ ઋત્વિજો હોય અને યજમાન તેમ યજમાનપત્ની હોય) અથવા અઢાર ગ્રંથો (એટલે મંત્ર, બ્રાહ્મણ અને સૂક્ત એમ ત્રણ ભાગ સાથેના ચાર વેદો અને છ વેદાંગો હોય) અથવા અઢાર પ્રકારના યજ્ઞો. આવું અવર જાતનું કર્મ કરનારાએ એ સમજવું જોઈએ કે આ બધા તરાપાઓ પણ અસ્થિર છે. કેવળ મૂઢ લોકો જ એમાં કલ્યાણ સમજે. આવું અવરકર્મ કરનાર ફરીવાર ઘડપણ અને મરણને આધીન થાય છે. અવિદ્યાની વચમાં રહેનારા અને પોતાને બુદ્ધિમાન અને પંડિત માનનારા મૂઢો આંધળા વડે દોરાયેલા આંધળાની જેમ અહીંથી તહીં ભટકતા ફરે છે. અનેક પ્રકારની અવિદ્યામાં રહેલા અને બાળકબુદ્ધિવાળા મૂઢો 'અમે કૃતાર્થ છીએ' એમ ફાંકો રાખે છે. પરંતુ આવા કર્મના અનુયાયીઓ આસક્તિને લીધે જ્ઞાન મેળવી શકતા નથી, અને તેથી જ કર્મ વડે મેળવેલા સ્વર્ગ વગેરે લોકમાં તેમનો નિવાસ પૂરો થતાં તેઓ આકુળવ્યાકુળ બનીને નીચે પડે છે.

અહીં ખાસ જોવાનું એ છે કે બ્રહ્મ ઉર્ફે આત્મા જ એક સત્ તત્ત્વ છે એવું માનનારા ઉપનિષદના ઋષિઓનો દૃષ્ટિકોણ વ્યવહારુ છે. તેઓ વ્યવહારુ ભૂમિકાએ જગતને, જીવનવ્યવહારોને અને એ નિમિત્તે કરવા પડતાં કર્મોને સાવ અસત્ કહેવા કે માનવાનું પસંદ કરતા નથી. તેઓ તો એમ માને છે કે જ્યાં સુધી જગત છે, સંસાર છે, જીવનવ્યવહારો છે ત્યાં સુધી કર્મો છે જ. એ કર્મો ખરેખર તો જ્ઞાનની ઉચ્ચોચ ભૂમિકાએ પહોંચાડનારા સોપાનો છે. તેથી જ કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની આશા રાખવી એવી ભલામણ તેમણે કરી છે.

તેમનું તો સ્પષ્ટ મંતવ્ય છે કે જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે, મતલબ કે જેઓ અણસમજુ અને અવિવેકી થઈને કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ ગાઢ અંધકારમાં જાય છે અને જેમને માત્ર વિદ્યામાં જ રસ પડે છે તેઓ તો વળી વધારે ગાઢ અંધકારમાં ઊતરે છે. પરંતુ જેઓ અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંનેને એકી સાથે જાણેસમજે છે, તે અવિદ્યા વડે મરણને તરી જઈને વિદ્યા વડે અમરપણું મેળવે છે.

આના અનુસંધાનમાં ઋષિઓએ જીવાત્માની મૃત્યુ પછી બે માર્ગોએ ગતિ કલ્પી છે: (૧) પિતૃયાન અને (૨) દેવયાન. કર્મો અને યજ્ઞોનું સામર્થ્ય જીવને પિતૃયાનને માર્ગે પિતૃલોકમાં લઈ જવા જેટલું જ છે, દેવલોકમાં જીવાત્માને લઈ જવા તે સમર્થ નથી. તેથી યજ્ઞ વગેરે ક્રિયાકાંડો અને વિધિવિધાનો કરવાવાળા મનુષ્યો પિતૃયાનને માર્ગે ચંદ્રલોકમાં પહોંચી, પોતાનાં સત્કૃત્યોના સુખપ્રદ ફળ ભોગવી, ફરી પાછા કર્મશેષ મુજબ ઊંચી યા નીચી મનુષ્યયોનિમાં અવતરે છે; પણ જેમણે જ્ઞાન માર્ગનો આશ્રય લઈ, શ્રદ્ધાપૂર્વક તપસ્યા અને વિધિવત્ ઉપાસના કરી હોય એવા જીવાત્મા દેવયાનના જ્યોતિર્મય માર્ગે થઈ બ્રહ્મલોકમાં જાય છે અને ક્રમમુક્તિ પામે છે.

આખી ચર્ચાના સારરૂપે છાંદોગ્ય ઉપનિષદના ઋષિ કહે છે: આ જગતમાં જેનાં આચરણ પવિત્ર અને સારાં હોય છે, તેઓ ફરીથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરેને ઘરે પવિત્ર અને સારે ઠેકાણે જન્મે છે. જેના આચરણ કૂડાં અને નઠારાં હોય છે, તેઓ ભૂંડ, કૂતરા કે ચાંડાળનો અવતાર પામે છે. જે મનુષ્ય પશુ જેવું ઈન્દ્રિયપરાયણ જીવન જિવતાં જિવતાં અશુભ અને અમંગળ કર્મો કરે છે તેઓ ઉપર નિર્દેશ કર્યો એવા પિતૃયાન કે દેવયાન માર્ગોમાંથી કોઈપણ માર્ગે જતા નથી, તેઓ ચાંચડ, માંકડ, મચ્છર વગેરે જીવજંતુઓનો અવતાર પામે છે અને તેઓ જન્મ-મરણ પામ્યા જ કરે છે. જીવાત્માની આ, પેલી બે ઉપરાંત, ત્રીજી ગતિ છે. આ ત્રીજી ગતિના જીવાત્માઓને કારણે જ પરલોક ભરાઈ જતો નથી.

ભૌતિક જગતમાં જેવો કારણ-કાર્યનો સિદ્ધાન્ત કામ કરે છે તેવો નૈતિક જીવનમાં કર્મ અને તેનાં ફળનો નિયમ કામ કરે છે. જનસામાન્યની સાધારણ સમજ મુજબ કતૃમ્, અકતૃમ, સર્વથા કતૃમ્ ઈશ્વર જીવાત્માને એના સારાં-માઠાં કર્મોનું ફળ આપવા એનાં જે તે કર્મોની પુરાંત જોઈને ન્યાય તોળે છે. પરંતુ ઉપનિષદો એમાં ઈશ્વરનું કોઈ કતૃત્વ નિહાળતાં નથી. ઈશ્વર મનુષ્યોનાં સત્કૃત્યો અને દુષ્કૃત્યોનાં લેખાંજોખાં કરી ન્યાય તોળનારો આવો કોઈ ન્યાયાધીશ નથી. નથી કોઈ ચિત્રગુપ્ત નામનો કોઈ દેવઅધિકારી, જે જીવાત્માઓના કર્મોની નોંધ પોતાના ચોપડામાં કર્યા કરતો હોય. વાસ્તવમાં એ ચિત્રગુપ્ત નથી પણ ગુપ્તચિત્ર છે, જે પ્રત્યેક મનુષ્યના અંતરમાં પડતું હોય છે. મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે પણ એના અંતરાત્મામાં જે તે વ્યક્તિનાં શુભ-અશુભ કર્મોની નોંધ થયા કરતી હોય છે. જેવું વાવો, તેવું લણો, જેવું કરો, તેવું પામો– એ સનાતન નિયમ એટલે જ કર્મનો સિદ્ધાંત. એની આછીપાતળી જે ચર્ચાવિચારણા ઉપનિષદોમાં થઈ છે તે એટલી સૂચક અને દ્યોતક છે કે એ ક્યારેય અપ્રસ્તુત કે અપ્રાસંગિક નહીં જણાય. જીવનવિજ્ઞાનની સમજ આપતાં એના એક ભાગરૂપે જીવનના સનાતન નિયમની સમજૂતી આપવી પણ આવશ્યક હોઈ, ઉપનિષદોમાં કર્મસિદ્ધાન્તની, આ રીતે, ખપપૂરતી વિચારણા થયેલી છે.

✷✷✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.
ફોન : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. મોબાઈલ : ૦૯૭૨૭૩૩૩૦૦૦.

# સાંખ્ય–યોગ દર્શન–કર્મવાદ

☐ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[ વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી, પીએચ.ડી. વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રાધ્યાપિકા અને પ્રભાવક વક્તા છે. જૈન સાહિત્ય સમારોહમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. ]*

ભારતની પવિત્ર ભૂમિ દર્શનોની જન્મભૂમિ છે. જેમાં આધ્યાત્મિક ચિંતન અને દાર્શનિક વિચારધારાની પ્રધાનતા છે. ભારતના દરેક દર્શનકારે એક અથવા બીજા રૂપે કર્મના વિષય પર વિચાર કર્યો છે. કર્મનો વિષય ઘણો વિશાળ છે. ભારતીય દર્શનો જે આત્માના અસ્તિત્વમાં માને છે તે બધાએ જ કર્મની સત્તાનો સ્વીકાર કર્યો છે, અલબત્ત કર્મ અને આત્માના સંબંધ વિષે ભિન્ન ભિન્ન વિચારધારા જોવા મળે છે. ભારતના છ દર્શનો છે–ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત. આ આસ્તિક દર્શનો ઉપરાંત ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન નાસ્તિક દર્શનો છે કારણકે તેઓ વેદ-ઉપનિષદોની સત્તાનો સ્વીકાર કરતા નથી. તેમનું તત્ત્વજ્ઞાન તેઓના પોતાના સ્વતંત્ર શાસ્ત્રો પર આધારિત છે. દર્શનોમાં ચાર્વાક દર્શન સિવાય લગભગ બધા જ દર્શનો અધ્યાત્મવાદી છે. તેમાં આત્મા, પરમાત્મા, જીવ અને કર્મ સંબંધી ગંભીર અધ્યયન અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. કર્મવાદનું એમાં વિશિષ્ટ સ્થાન છે. કર્મ જ આત્માને પરતંત્ર બનાવે રાખે છે. કર્મ અને પુરુષાર્થને સીધો સંબંધ છે.

જેમ ભૌતિક જગતમાં કાર્યકારણનો નિયમ કાર્ય કરે છે તેમ નૈતિક જગતમાં પણ કાર્યકારણનો નિયમ વ્યાપ્ત છે જેને આપણે કર્મસિદ્ધાંત કહીએ છીએ. આ કર્મનો નિયમ સર્વવ્યાપી છે. કર્મ એટલે ક્રિયા. કર્મવાદ પ્રમાણે દરેક ક્રિયાને તેનું ફળ હોય છે. 'જેવું કરશો તેવું પામશો'–આ નિયમ છે. કર્મસિદ્ધાંતની પાયાની વાત આ જ છે. પરંતુ આ સિદ્ધાંત કેવી રીતે કામ કરે છે તે સમજવું જરૂરી છે. કાર્યનું ફળ મળે જ છે–આ જન્મમાં નહીં તો પછીના જન્મમાં. કેટલાક કર્મો આ જન્મમાં ફળે છે, કેટલાક પછીના જન્મમાં. કરેલું કોઈ પણ કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી–આ કર્મવાદનો નિયમ જન્મજન્માંતર સુધી વિસ્તરે છે. તેમજ આ જ નિયમ આપણા ભૂત, ભાવિ અને વર્તમાનને સમજાવે છે.

આમ કર્મનો સિદ્ધાંત પુનર્જન્મના સિદ્ધાંત સાથે સંકળાયેલો છે. પુનર્જન્મ હકીકત છે.

**સાંખ્યદર્શનમાં કર્મવાદ**

ભારતીય ષડ્દર્શનોમાં સાંખ્ય-યોગનું વિશિષ્ટ સ્થાન છે. સાંખ્ય-યોગ બંને વાસ્તવવાદી દર્શનો છે. સાંખ્યના તત્ત્વજ્ઞાનને યોગ સ્વીકારે છે. સાંખ્ય ભારતીય દર્શનોમાં મહત્ત્વનું દર્શન છે જેના પ્રવર્તક દાર્શનિક મહર્ષિ કપિલ માનવામાં આવે છે. સાંખ્ય શબ્દનો અર્થ છે. જ્ઞાન અર્થાત્ પ્રકૃતિ, પુરુષ અને એના ભેદોનું યથાર્થ જ્ઞાન એટલે સાંખ્ય. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે. પુરુષ અને પ્રકૃતિ બે તત્ત્વો છે. પુરુષ ચેતન છે જ્યારે પ્રકૃતિ જડ છે. પણ મહત્ત્વનું તત્ત્વ છે. શબ્દાન્તરથી એ જ કર્મ છે. સાંખ્યનો અર્થ છે વિવેકજ્ઞાન. પ્રકૃતિ તથા પુરુષના વિષયમાં અજ્ઞાન હોવાથી આ સંસાર છે અને જ્યારે તે બન્નેની ભિન્નતા સમજાય છે–જડ અને ચેતન તત્ત્વો ભિન્ન છે ત્યારે મોક્ષપ્રાપ્તિ થાય છે. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે કારણકે આ બંને તત્ત્વોને તે મૂળ તત્ત્વો માને છે જેના પરસ્પર સંબંધથી આ જગતનો આવિર્ભાવ થાય છે. પ્રકૃતિ જડ તથા એક છે જ્યારે પુરુષ ચેતન તથા અનેક છે. જગતના બીજા પદાર્થો મન, શરીર, ઈન્દ્રિય, બુદ્ધિ આદિની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી થાય છે. પ્રકૃતિ ત્રિવિધ ગુણાત્મક છે. આ દર્શનમાં સમસ્ત જગતનું મૂળ ઉપાદાન કારણ પ્રવૃત્તિ માનવામાં આવે છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રકૃતિ છે. આ સાંખ્યનું વિશિષ્ટ પ્રદાન છે–ત્રણ ગુણો જે પ્રકૃતિનું સ્વરૂપ છે. પ્રકૃતિ એક છે પણ તેના વિકાર અનેક છે. અહંકાર બુદ્ધિ વગેરે.

ભૌતિક સૃષ્ટિનો કોઈપણ પદાર્થ આ ત્રણ ગુણોનો બનેલો છે. એટલે તે ત્રણ પ્રકારની વૃત્તિ ઉત્પન્ન કરે છે–સુખ, દુઃખ અને મોહની. પ્રત્યેક કાર્યનું કારણ હોય છે અને પ્રકૃતિ મૂળ કારણ છે. બધી જ બૌદ્ધિક પ્રક્રિયાનો આધાર બુદ્ધિ તત્ત્વ છે. તે સાત્ત્વિક હોવાથી પુરુષનું પ્રતિબિંબ ગ્રહણ કરી શકે છે. બુદ્ધિમાં જ્યારે ઈચ્છાશક્તિ પ્રવેશ કરે છે ત્યારે તે અહંકાર બને છે. અહંકાર અકર્તા પુરુષમાં કર્તાપણાના અધ્યવસાયનું આરોપણ કરે છે.

અન્ય દર્શનમાં જેને જીવ કહે છે તે પ્રાણશક્તિ સાંખ્યદર્શનમાં કોઈ અલગ તત્ત્વ નથી. પરંતુ મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અંતઃકરણની વૃત્તિઓ છે. ચિત્ત એટલે મન, બુદ્ધિ અને અહંકાર તે પરિણામશીલ છે. પુરુષ મૂળથી શુદ્ધ, ચૈતન્યરૂપ તથા શરીર-મનના બંધનોથી સ્વતંત્ર છે. પરંતુ અજ્ઞાન દશામાં ચિત્તથી તે સંબંધિત રહે છે. ચિત્ત વાસ્તવમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયું હોવાથી અચેતન તત્ત્વ છે, પરંતુ પુરુષનું પ્રતિબિંબ પડવાથી ચેતન લાગે છે. હકીકતમાં, સુખદુઃખ ભોગવે છે બુદ્ધિ જ પરંતુ પુરુષ એના સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. આખી સૃષ્ટિનો વ્યાપાર પુરુષ માટે છે. તે ચૈતન્ય છે, નિષ્ક્રિય છે. પ્રકૃતિની લીલાનો તે કેવળ સાક્ષી અથવા ભોક્તા જ છે. એનું પ્રતિબિંબ જડ બુદ્ધિને પ્રકાશિત કરે છે, જેથી બુદ્ધિ ક્રિયાવાન બને છે. પુરુષ અકર્તા અને કેવળ દૃષ્ટા છે અને તે બુદ્ધિ દ્વારા ભોક્તા બને છે.

પુરુષ સ્વયં શુદ્ધ ચૈતન્ય છે. જ્યારે પુરુષ પ્રકૃતિથી અલગ છે એ જ્ઞાન થાય છે એ જ મહત્ત્વનો પુરુષાર્થ છે. મોક્ષ એ જ પરમ ધ્યેય છે. બુદ્ધિમાં રહેલ જ્ઞાનરૂપ ભાવ દ્વારા વ્યક્તિને મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ એટલે પૂર્વકૃત કર્મોના ક્ષય બાદ અનન્તર શરીરપાત થવાથી જ્ઞાનીનું સૂક્ષ્મ શરીર પુનઃ નવું શરીર ધારણ નથી કરતું– બીજા શબ્દોમાં સંશરણ નથી કરતું પણ પોતાના મૂળ કારણ પ્રકૃતિમાં લય થઈ જાય છે અને પુરુષ પોતાના મૂળ આત્મ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય છે. તે જ કૈવલ્ય છે. આમ જ્ઞાન એ જ મોક્ષનું કારણ છે.

## સાંખ્ય દર્શનમાં તત્ત્વ સ્વરૂપ

સાંખ્ય દર્શનમાં મુખ્ય બે તત્ત્વ છે. પુરુષ અને પ્રકૃતિ.

મૂળ પ્રકૃતિ અવ્યક્ત છે. પ્રકૃતિના વિકારોને અવ્યક્ત કહેવાય છે. અવ્યક્ત પ્રકૃતિ દૃષ્ટિગોચર થતી નથી પરંતુ એની સત્તાનું અનુમાન કરી શકાય છે.

પ્રકૃતિ ત્રિગુણાત્મિકા–સત્વ, રજત અને તમસ એમ ત્રણ ગુણોવાળી છે. આ ત્રણ ગુણોમાં વૈષમ્ય થવા પર એ વ્યક્ત થઈ જાય છે. વ્યક્તમાંથી મહત્ તત્ત્વ, મહત્ તત્ત્વમાંથી સહકાર, સહકારમાંથી પાંચ તન્માત્રા (રુપ,રસ, ગંધ, સ્પર્શ,શબ્દ), પાંચ મહાભૂત (તૈજસ, જળ, પૃથ્વી, વાયુ, આકાશ), મન, પાંચ કર્મેન્દ્રિય (વાક્, પાણિ, પાદ, પાંચ, ઉપસ્થ), પાંચ જ્ઞાનેન્દ્રિય (શ્રોત્ર, નેત્ર, ઘ્રાણ, ત્વચા, રસના) એમ કુલ ૨૪ તત્ત્વો ઉત્પન્ન થાય છે. અને પુરુષને ગણતા સાંખ્ય મતમાં ૨૫ તત્ત્વ માનવામાં આવ્યા છે.

અર્થાત્ જેનાથી દુઃખની પ્રાપ્તિ થાય તે દ્વેષ છે.

આમ, કર્મબંધનું કારણ કલેશ છે. જે યોગીઓમાં કલેશ નથી તેમને માટે કર્મ એ કર્તવ્ય માત્ર છે. તેથી તેને કર્મનું ફળ ભોગવવું પડતું નથી. જ્યારે કલેશોના સંસ્કાર ચિત્તમાં જન્મ લે છે ત્યારે એનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. યોગદર્શન પ્રમાણે એ કલેશમૂલક કર્માશય જન્મ, આયુ અને ભોગ-સુખ-દુઃખ ફળને આપનારું છે. કારણકે તેનું પુણ્યકર્મ અને પાપકર્મ બંને કારણ હોય છે.

મહર્ષિ, પાતંજલિએ કહ્યું છે-

આમ, સાંખ્ય તત્ત્વોના ચિંતનથી સાધકને સ્વયં કર્તા, ભોકતા નથી એવો અનુભવ થવો એ જ અનુભૂતિ વિવેકજ્ઞાનની ઉત્પત્તિ કરાવે છે–ત્યારે પ્રકૃતિ પોતાના સમગ્ર વ્યાપારોને સમેટી લે છે. ભાવો બુદ્ધિને આશ્રય છે. ધર્માદિ ભાવકરણ દ્વારા ઉર્ધ્વગતિ અને અધર્મથી અધોગતિ મળે છે. ભાવો બુદ્ધિસ્થિત છે. બુદ્ધિમાં સ્થિત ધર્મ પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે કે તેને ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે અને બુદ્ધિસ્થિત અધર્મના પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે જે થકી તેને અધોગતિની પ્રાપ્તિ થાય છે. કલેશથી બુદ્ધિમાં કર્મબોજ ઉત્પન્ન થાય છે.

હકીકતમાં સુખદુઃખને ભોગવે છે બુદ્ધિ જ. પરંતુ પુરુષ એની સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. સાંખ્ય-યોગદર્શન પ્રમાણે જીવ જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે જેને કર્મ કહેવામાં આવે છે. યોગદર્શન સાંખ્યદર્શનની તત્ત્વમીમાંસા સ્વીકારે છે.

**યોગદર્શનમાં કર્મવાદ**

પાતંજલ યોગદર્શનમાં બંધન અને દુઃખના મૂળ કારણરૂપ પાંચ કલેશ કહ્યા છે–અવિદ્યા, અસ્મિત, રાગ, દ્વેષ અને અભિનિવેશ. (પાતંજલ યોગદર્શન-૨૩). સાંખ્યદર્શનમાં આ પાંચે તમસ, મોહ, મહામોહ, તામસ્ત્ર અને અંધતામિસ્ત્રને નામે ઓળખાય છે. મહર્ષિ પાંતજલિ અનુસાર કલેશમૂલક કર્માશય–કર્મસંસ્કારો વર્તમાન અને ભવિષ્ય બંને જન્મમાં ભોગવવાના હોય છે. યોગદર્શનમાં ભવબંધનું સર્વપ્રથમ કારણ છે અવિદ્યા. અવિદ્યા એટલે અનિત્યમાં નિત્યનું જ્ઞાન, દુઃખમાં સુખનું જ્ઞાન, જડમાં ચેતનનું જ્ઞાન. પાતંજલના મત પ્રમાણે સુખને ભોગવવાની ઈચ્છા એટલે રાગ. જ્યારે દુઃખના અનુભવ પછી જે ઘૃણાની વાસના ચિત્તમાં રહે છે તેને દ્વેષ કહે છે.

'યોગ ચિત્તવૃત્તિ નિરોધઃ (યોગદર્શન ૧-૨). અર્થાત્ ચિત્તની વૃત્તિઓને રોકવી તે યોગ છે. ચિત્તની વૃત્તિઓ જે બાહ્ય તરફ જાય છે–તે બહિર્મુખી વૃત્તિઓને સાંસારિક વિષયો પરથી હટાવીને અંતર્મુખ કરીને ચિત્તમાં લીન કરવી તે યોગ છે. સમાધિની સાધના માટે યોગના આઠ અંગ સહાયક બને છે. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ. યોગદર્શનમાં પાંચ યમ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. જે જૈનદર્શનમાં પાંચ અણુવ્રત અને મહાવ્રત છે. આ અષ્ટાંગયોગથી અશુદ્ધિનો નાશ થાય છે, જ્ઞાનનો પ્રકાશ થાય છે અને વિવેકજ્ઞાન પ્રગટે છે, જે સંસાર સમુદ્રથી તારે છે. સમાધિના ફલસ્વરૂપ પુરુષ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત બનીને કૈવલ્યની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે બંધ હેતુઓનો અભાવ અને નિર્જરાથી કર્મોનો આત્યંતિક ક્ષય થાય છે ત્યારે સંપૂર્ણ કર્મોનો ક્ષય થાય છે અને તે જ મોક્ષ છે.

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ સાંખ્ય દર્શનની દાર્શનિક વિચારધારા સ્વીકારે છે. સાંખ્ય જે ૨૫ તત્ત્વોને સ્વીકારે છે તે જ તત્ત્વોને યોગદર્શન પણ માને છે–પુરુષ અને પ્રકૃતિના ભેદજ્ઞાન માટે યોગ આવશ્યક છે. સાંખ્ય નિરીશ્વરવાદી છે. જ્યારે યોગદર્શન સમાધિની સિદ્ધિ માટે ઈશ્વરને માને છે.

જીવોને પ્રાપ્ત સુખ અને દુઃખ સ્વકૃત કર્મફળથી અતિરિક્ત બીજું કંઈ નથી. આમ કર્મવાદની પ્રસ્થાપનામાં ભારતના સર્વદર્શનોએ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે.

* * *

**સંદર્ભ સૂચિ :** આચાર્ય હરિભદ્રસૂરિ-ષડ્દષ્ટિ સમુચ્ચય.

મોબાઇલ નંબર : ૯૩૨૩૦૭૯૯૨૨.

# હિંદુ પૂર્વ–મીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ

☐ ડૉ. હંસાબેન એસ. શાહ

*[ ડૉ. હંસાબેન એસ. શાહે તત્ત્વજ્ઞાન-ફિલોસોફિના વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ જ્ઞાનસત્ર સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. જૈન તત્ત્વજ્ઞાન તથા સાહિત્ય ક્ષેત્રે તેઓ વિદેશમાં પણ સંશોધનકાર્ય તથા જૈનદર્શનની પ્રભાવના કરે છે. ]*

**પરિચય**

વેદની ઋચાઓની અસ્પષ્ટતાઓને સ્પષ્ટ કરવા જે દર્શનો રચાયા તેમનાં નામ પૂર્વ-મીમાંસા તથા ઉત્તર-મીમાંસા પડ્યાં. કર્મકાંડને લગતી શ્રુતિઓના સમાધાન માટે પૂર્વ મીમાંસા તથા જ્ઞાન ઉપાસનાને લગતી શ્રુતિઓ માટે ઉત્તરમીમાંસા રચાયાં. અહીં આપણે પૂર્વ મીમાંસાનો વિચાર કરીએ. એના માટે હવે માત્ર મીમાંસા અને તેને માનનારને મીમાંસકો કહીશું.

'મીમાંસા' શબ્દનો અર્થ કોઈ વસ્તુ કે સ્વરૂપનું યથાર્થ વર્ણન. વેદના બે ભાગ છે–કર્મ કાંડ અને જ્ઞાન કાંડ. યજ્ઞયાગાદિની વિધિ તથા અનુષ્ઠાનનું વર્ણન કર્મકાંડનો વિષય છે. એમાં મુશ્કેલીઓ દેખાઈ આવે તો વિરોધોને દૂર કરવા એ મીમાંસકોની પ્રવૃત્તિ છે. મીમાંસા બે પ્રકારની છે–કર્મ મીમાંસા અને જ્ઞાન-મીમાંસા. કર્મવિષયક વિરોધોનો પરિહાર કરે છે તે કર્મ મીમાંસા અને જ્ઞાન વિરોધોનો પરિહાર કરે છે તે જ્ઞાન-મીમાંસા. કર્મ મીમાંસા કે પૂર્વ મીમાંસાના નામથી ઓળખાતું દર્શન તે મીમાંસા કહેવાય છે. જ્ઞાન મીમાંસા અને ઉત્તર મીમાંસાના નામથી ઓળખાતું તે પ્રખ્યાત દર્શન 'વેદાન્ત' કહેવાય છે. 'મીમાંસા'નું મુખ્ય તાત્પર્ય સમીક્ષા છે અને આ તત્ત્વ પૂર્ણતયા વૈદિક છે. સંહિતા, બ્રાહ્મણ તથા ઉપનિષદમાં એવું વર્ણન મળે છે કે કોઈ વૈદિક તથ્ય ઉપર સંદેહ થયો હોવાથી ઋષિઓએ યુક્તિઓ અને તર્કોના સહારાથી ઉચિત વસ્તુનો નિર્ણય કર્યો હતો. મુખ્યતઃ આ પુરોહિત બ્રાહ્મણોનું શાસ્ત્ર છે. પરસ્પરમાં વિરોધી હોય અથવા વૈકલ્પિક હોય તેવી બધી શ્રુતિઓનો સમન્વય કરી કર્મકાંડને નિશ્ચિત કરવું તે તેનું લક્ષ્ય છે. યજ્ઞ, હોમ, વગેરે અનેક લાંબા તથા જટિલ કર્મો, તેના કર્તા, તેના અધિકારી, તેનો કાળ, વગેરે બાબતોના નિર્ણય માટે આ શાસ્ત્ર રચાયું છે. આ શાસ્ત્ર કર્મકાંડી પુરોહિતો સિવાય બાકીના સમાજને ખાસ સ્પર્શતું નથી. બ્રાહ્મણ ધર્મના અધિકારવાદનું આમાં મૂળ છે અને 'સ્વાહા...સ્વાહા' કરતાં જ જીવન પૂરું કરવું જોઈએ તેવા કર્મવાદનું તે આગ્રહી છે. 'याज्जीवेत अग्निहोत्रम् जुहुयात्' અર્થાત્ જ્યાં સુધી જીવો ત્યાં સુધી રોજ અગ્નિહોત્ર કર્યા જ કરો.

મીમાંસાશાસ્ત્રના કર્તા મહર્ષિ જૈમિનિ છે પરંતુ પ્રવર્તક નહીં. ક્લેવરની દૃષ્ટિએ આ દર્શન સહુથી મોટું છે. તેનું વિશાળ કદ સોળ અધ્યાયોમાં વહેંચાયેલું છે. જેમાં પ્રથમ ૧૨ અધ્યાય 'દ્વાદશલક્ષણી'ના નામથી અને અંતિમ ૪ અધ્યાય 'સંકર્ષણ કાંડ'ના નામથી પ્રખ્યાત છે. 'उदति होतव्यम्, अनुदति होतव्यम'. હોમના વિષયમાં કૌષીતકી બ્રાહ્મણ પ્રશ્ન ઉઠાવીને તેના સમીક્ષકજનોને નિર્દેશ કરે છે. 'મીમાંસતે' ક્રિયાપદ અને 'મીમાંસા' સંજ્ઞાપદ– બન્નેનો પ્રયોગ બ્રાહ્મણ તથા ઉપનિષદ ગ્રંથોમાં મળે છે. તેથી મીમાંસા દર્શનની ઉત્પત્તિ પ્રાચીન કાળથી સિદ્ધ થઈ ગયેલી પ્રતીત થાય છે.

**કર્મકાંડનો સિદ્ધાંત**

દર્શન ઉપર ધર્મ પ્રતિષ્ઠિત રહે છે. વૈદિક કર્મકાંડ પોતાની સત્તા અને સ્થિતિ ટકાવી રાખવા ક્યારેક સિદ્ધાંતોને માન્યતા આપે છે. આત્માના અમરત્વની ભાવના એવી જ છે. મૃત્યુની પછી પણ આત્મા વિદ્યમાન રહે છે અને પોતે કરેલા શુભ કર્મોનું ફળ સ્વર્ગમાં ભોગવે છે. કર્મના ફળને સુરક્ષિત રાખવાવાળી શક્તિમાં વિશ્વાસ, બીજો માન્ય સિદ્ધાંત છે. વેદ વિદ્યાને સનાતન માની અપૌરુષેય કહી છે. વેદ રચનાનો સમય અજ્ઞાત છે. પણ જગત વસ્તુતઃ સત્ય છે. આ તથ્યમાં પૂર્ણ વિશ્વાસ તથા માનવ જીવનને માર્મિક નહીં માનીને નિતાન્ત સત્ય-યથાર્થ માનવો એવો સિદ્ધાંત છે જેના ઉપર કર્મકાંડનો પૂરો મહેલ ઊભો છે.

મીમાંસકો ઈશ્વર વિષે અસ્પષ્ટ છે અર્થાત્ ઈશ્વર છે જ તેવો તેમનો આગ્રહ જણાતો નથી. બહુદેવવાદના તેઓ સંરક્ષકો છે. જુદાં જુદાં દેવો, ગ્રહો, યક્ષો, રાક્ષસો, ભૂત પ્રેતો, વગેરેને વિવિધ કર્મકાંડ દ્વારા પ્રસન્ન કરવાં, તેઓને બલિ આપવા અને તેમની નડતર દૂર કરવી એ વાતમાં તેઓ માને છે. તેત્રીસ કરોડ દેવો હોવાની હિંદુ સમાજમાં જે માન્યતા છે તે મૂળમાં મીમાંસકોએ જગાડેલી છે. પ્રત્યેક વિશેષ દેવ વિશેષ કાર્ય કરવાનું સામર્થ્ય ધરાવે છે અને કોઈ વિશેષ કાર્ય પૂરું કરવા તે તે દેવની અમુક વિધિઓ દ્વારા ઉપાસના કરી તેને પ્રસન્ન કરવાની રીતો તેમણે બતાવી છે. કર્મ વિચારણામાં વૈદિક મતે યજ્ઞ કર્મમાં તેના ફળ માટે પ્રથમ દેવની અપેક્ષા હતી. પણ પછી તો એ દેવતાઓને મંત્રમયી સ્વીકારવામાં આવ્યા. અને તેથી કર્મનું ફળ વાસ્તવિક દેવતાને આધીન ન રહ્યું પણ મંત્રને આધીન રહ્યું આથી મંત્રના જ્ઞાતાનું મહત્ત્વ વધ્યું અને તેઓ જ સર્વ શક્તિમાન મનાવા લાગ્યા. આમ મીમાંસકો એકેશ્વરવાદી ન રહેતા બહુ દેવવાદી બન્યા. તેથી યજ્ઞો પુરોહિતના આશ્રય કે સહાય વગર થાય નહીં. તેઓએ અનેક મંદિરો–પૂજા આદિ ભક્તિ નિમિત્તે ઉભાં કર્યાં. તેમાં બિરાજમાન ભગવાન ભક્તની ભક્તિથી પ્રસન્ન થાય અને અભક્તિથી નારાજ થાય. ઈશ્વર બીજાનું કલ્યાણ કરવા કે તેને દંડ દેવા શક્તિમાન છે. તેમના આશીર્વાદ સિવાય કશું થાય નહીં એ વિશ્વાસ લોકોમાં જગાવ્યો. આજે ધર્માચરણમાં યજ્ઞોના અનુષ્ઠાનમાંથી હિંસા લગભગ

નિરસ્ત થઈ ગઈ છે.

ઉપર જોયું તેમ મીમાંસાશાસ્ત્ર કર્મવાદી શાસ્ત્ર છે. કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે એ વાતને તેઓ ચોક્કસપણે માને છે. તેઓ માને છે કે કર્મ થાય તેવું અદૃષ્ટ બને છે અને અદૃષ્ટ સમય આવ્યે ફળ આપે છે. આચાર્ય બાદરાયણ ઈશ્વરને કર્મના ફલદાતા માને છે, પરંતુ આચાર્ય જેમિની, જે મીમાંસા દર્શનના આદિ આચાર્ય છે તે કર્મને જ ફલદાતા માને છે-યજ્ઞથી જ તત્કાલ ફળની ઉત્પત્તિ થાય છે. અનુષ્ઠાન અને ફળના સમયમાં વ્યવધાન દૃષ્ટિગોચર થાય છે. કર્મનું અનુષ્ઠાન આજ થઈ રહ્યું છે પણ તેના સ્વર્ગાદિની પ્રાપ્તિ કાલાન્તરમાં સમ્પન્ન થાય છે. આ વૈષમ્યને દૂર કરવા માટે મીમાંસા દર્શનમાં 'અપૂર્વ' નામનો સિદ્ધાંત પ્રતિપાદિત છે. કર્મથી ઉત્પન્ન થાય છે અપૂર્વ (પુણ્ય અથવા અપુણ્ય) અને અપૂર્વથી ઉત્પન્ન થાય છે ફળ. આ પ્રમાણે અપૂર્વ જ કર્મ અને કર્મફળને બાંધવાવાળી શ્રૃંખલા છે. વેદ નિત્ય છે અને તેને સિદ્ધ કરવા માટે મીમાંસાએ અનેક યુક્તિઓ આપી છે. તેથી જ ફળ નિયામક ઈશ્વર હોવાની તેમને જરૂર લાગતી નથી. કર્મનું ફળ સુખ હોય અથવા દુઃખ હોય. વેદવિહિત (મીમાંસકોની દૃષ્ટિ પ્રમાણે) કર્મ સુખ આપે અને વેદનિષિદ્ધ કર્મ તે પાપ છે અને દુઃખ આપે. સુખ ભોગવવાના સ્થળનું નામ સ્વર્ગ અને દુઃખ વિશેષ ભોગવવાનું સ્થળ તે નર્ક. આના પણ સાત પ્રકાર પાડવામાં આવ્યા છે, જેમાં સામાન્ય, મધ્યમ, તીવ્ર, અતિતીવ્ર સુખદુઃખ ભોગવી શકાય છે. આમ મીમાંસકોના મતે આ લોક સિવાય પણ સ્વર્ગ, નર્ક જેવા પરલોક છે; પણ મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નથી. તેઓ માને છે કે કોઈ પણ આત્માનો કદી પણ મોક્ષ થતો નથી. કારણકે જે આત્માઓ સ્વર્ગાદિમાં જાય છે તે તેમના કર્મના કારણે જ જાય છે. કર્મનું ફળ અનંત હોઈ શકે જ નહિ–લાંબા સમય પછી પણ ફળ પૂરું તો થાય જ. ફળ ભોગ પૂર્ણ થયા પછી જીવાત્મા પાછો અન્ય ભોજ્ય કર્મો પ્રમાણે જન્મ ધારણ કરતો રહે. આમ મીમાંસકોના મતે કોઈપણ જીવાત્માનો કાયમના માટે મોક્ષ થતો નથી. સ્વર્ગાદિમાં અમુક સમય પુરતું જ જવાય છે. મીમાંસકોએ તો માત્ર કર્મવાદના કારણે જ મોક્ષને માન્યો નથી.

કર્મ અને જ્ઞાનના વિષયમાં કર્મ મીમાંસા અને વેદાન્તે વિભિન્ન દૃષ્ટિકોણ અપનાવ્યો છે. વેદાન્ત અનુસાર કર્મ ત્યાગ પછી જ આત્મા જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી થાય છે. કર્મથી કેવળ ચિત્ત-શુદ્ધિ થાય છે. મોક્ષની પ્રાપ્તિ તો જ્ઞાન દ્વારા જ થાય છે, પરંતુ કર્મ મીમાંસા અનુસાર 'कुर्वनेवेह कर्माणजिजिविषिच्छतं समा' મંત્રોનું કુળ મુમુક્ષુ જનોએ પણ કરવું જોઈએ. પરંતુ કર્મ અને તેના ફળની ચર્ચા અત્યંત ગૌણ હતી, એટલે જ કર્મ સિદ્ધાંતની ચર્ચા ઉપનિષદ સુધી તો ગુહ્ય વિદ્યા બની રહી. જેની ચર્ચા સહુ સમક્ષ નહીં પણ એકાંતમાં કરવી પડતી. પણ વેદવિહિત કર્મોના અનુષ્ઠાનથી કર્મ બંધન સ્વતઃ સમાપ્ત થઈ જાય છે. તેથી કર્મોનું અનુષ્ઠાન અભિષ્ટ છે. કર્મનો પરિત્યાગ નહીં. મીમાંસાનો આ નિશ્ચિત મત છે. આમ વૈદિક દર્શનનો મુખ્ય પ્રાણ મીમાંસા દર્શન છે.

મીમાંસકો સંન્યાસને પણ આવશ્યક માનતા નથી. સંન્યાસ જ્ઞાન માટે છે અને જ્ઞાન મોક્ષ માટે છે. આ બંને વાતો તેમને નિરર્થક લાગે છે. તેઓ કહે છે કે શાસ્ત્રમાં એટલે વેદોમાં જે વિધિ-નિષેધાત્મક વાક્યો છે તેટલા જ પ્રમાણભૂત વાક્યો છે. બાકીના (વિધિ-નિષેધ વિનાનાં) જે છે તે માત્ર અર્થવાદ છે, તેની વિશેષ મહત્તા નથી. ખૂબીની વાત તો એ છે કે વેદાન્તીઓ જેને મહાવાક્ય તરીકે માને છે તેવા વાક્યો મીમાંસકોના મતે માત્ર અર્થવાદ છે અને મીમાંસકો જેને પ્રમાણભૂત વાક્યો માને છે તેને વેદાન્તીઓ અજ્ઞાનીઓ માટેના અંતઃકરણની શુદ્ધિ માટેનાં વાક્યો માને છે.

આમ પૂરું જીવન અગ્નિહોત્રાદિમાં વ્યતીત કરવાનું હોવાથી અને સંન્યાસમાં અગ્નિહોત્રાદિ કર્મ થતાં ના હોવાથી મીમાંસકો સંન્યાસનો સ્વીકાર કરતાં નથી. ગૃહસ્થાશ્રમી રહીને સ્વર્ગ પ્રાપ્તિ માટે યજન કરતા જ રહેવું જોઈએ. સ્વર્ગ જ પરમ પુરુષાર્થ છે એમ તેઓ માને છે.

મીમાંસાનો વિષય ધર્મનું વિવેચન છે. 'धरमाख्य्म वषियं मीमासायाः प्रयोजनम' (શ્લોકવાર્તિક શ્લોક ૧૧). વેદના વિરોધીઓના પ્રબળ પ્રહારોથી બચાવવું, એ જ મીમાંસકોનું મુખ્ય કાર્ય રહ્યું છે. પોતાના સિદ્ધાંતોની રક્ષા કરવા માટે તથા તેની પ્રમાણિકતા બતાવવા માટે મીમાંસકોએ પોતાના માટે એક નવીન પ્રમાણશાસ્ત્ર બનાવી રાખ્યું છે જે ન્યાયના પ્રમાણશાસ્ત્રથીય અનેક બાબતોમાં વિલક્ષણ તેમજ સ્વતંત્ર છે. એના પ્રતિષ્ઠાયક તથા વ્યાખ્યાતા આચાર્યોની એક દીર્ઘ પરમ્પરા છે. મીમાંસાનું પ્રાચીન નામ 'ન્યાય' છે. મીમાંસક લોકો જ પ્રથમ નૈયાયિક છે.–તર્ક દ્વારા વિષયનો નિર્ણય કરવાવાળું દાર્શનિક.

મીમાંસા દર્શનની ત્રણ ધારાઓ માનવામાં આવે છે. ત્રણે પ્રવર્તકોના નામ છેઃ કુમારિકલ ભટ્ટ, પ્રભાકર મિશ્ર અને મુરારિ.

**કુમારિલ ભટ્ટ**

કુમારિલ ભટ્ટનું નામ મીમાંસાના ઇતિહાસમાં મૌલિક સૂઝ, વિશદ વ્યાખ્યા તથા અલૌકિક પ્રતિભાના કારણે હંમેશ માટે સ્મરણીય રહેશે. આદ્ય શંકરાચાર્ય પહેલા કુમારિલ ભટ્ટે જૈન અને બૌદ્ધો સામે વિરોધનો ઝંડો ફરકાવેલો અને બૌદ્ધોને સખ્ત પરાજય આપી વેદિક ધર્મની મર્યાદાનું સંરક્ષણ કર્યું. કુમારિલ ભટ્ટની જે વ્યવહારિત માન્યતાઓ છે તેને વેદાન્તીઓ પણ લગભગ સ્વીકારે છે. 'व्यवहारे भाट्टनयः' તેમના શાબર ભાષ્ય પર વૃત્તિરૂપ ત્રણ ગ્રંથો પ્રખ્યાત છે (૧) કારિકાબદ્ધ વિપુલકાય 'શ્લોકવાર્તિક'; (૨) ગદ્યાત્મક 'તંત્રવાર્તિક'; (૩) ટુપ્ટીકા. પાંડિત્યની દૃષ્ટિથી પ્રથમ બંને વાર્તિક અસાધારણ વિદ્વત્તાના પરિચાયક છે જેમાં બૌદ્ધોના સિદ્ધાંતોનું માર્મિક ખંડન અને વેદ ધર્મના તથ્યોનું માર્મિક મંડન છે. સમય સાતમી સદીનો અંત (૬૫૦-૭૨૫ ઈ.).

કુમારિલ ભટ્ટ મેથિલી બ્રાહ્મણ હતા. મીમાંસા વિદ્વાન અસામમાંથી બન્યા અને કુમારિલ ભટ્ટા તરીકે ઓળખાયા. એક માન્યતા પ્રમાણે ભટ્ટ નાલંદામાં બુદ્ધવાદ ભણવા એટલા માટે ગયા હતા કે બુદ્ધના

સિદ્ધાંતોનો વેદના ધાર્મિક કર્મકાંડના સિદ્ધાંતો દ્વારા વિરોધ કરી શકે. અને કહેવાય છે કે તેમણે ત્યાં જઈ ત્યાંના શિક્ષક ધરમકીર્તિ સામે વિરોધ કર્યો અને વૈદિક કર્મકાંડનું મહત્ત્વ બતાવ્યું. કહેવાય છે કે તેમને મહાવિદ્યાલયના ટાવર પરથી ફેંકી દેવામાં આવ્યા. પણ તેમને આંખમાં ઈજા થઈ અને બચી ગયા.

બીજી માન્યતા પ્રમાણે તેમને કહેવામાં આવ્યું કે તમને જો વેદમાં શ્રદ્ધા છે તો એ બતાવવા વેદનું શરણું લઈ નામ બોલતાં બોલતાં ડુંગર પરથી કુદકો મારો. તમને કંઈ પણ ઈજા નહીં થાય. તેમણે કુદકો મારી બતાવ્યો. જરાપણ ખરચ ન આવી પણ તેમની એક આંખમાં ઈજા થઈ.

આ પછી તેમણે નાલંદા છોડ્યું અને પ્રયાગ (આજના અલ્હાબાદ) માં ઠરીઠામ થયા. ભટ્ટ ઘણાં રાજ્યોમાં ફર્યા અને બુદ્ધના પંડિતો સાથે ધર્મની બાબતમાં ખૂબ ચર્ચાઓ કરી. જે કોઈ ચર્ચામાં જીતી જાય, તો તે રાજ્યના રાજાએ તથા પ્રજાએ એ ધર્મનો સ્વીકાર કરવો પડે.

કહેવાય છે કે ભટ્ટનું મૃત્યુ વારાણસીમાં તેમના ૮૦મા વર્ષે થયું.

**પ્રભાકર મિશ્ર**

ગુરુમતના સંસ્થાપક પ્રભાકર મિશ્રનો કાળ તથા વ્યક્તિત્વના વિષયમાં આલોચકોમાં એક મત નથી. કેટલાંક તેને કુમારિલના શિષ્ય માને છે, પણ અન્ય આલોચક એને નવીન સંપ્રદાયના સંસ્થાપકના રૂપમાં કુમારિલથી પ્રાચીન માને છે. ભાટ્ટમત તથા ગુરુમતમાં સિદ્ધાંત અનેક મૌલિક મળી આવે છે. એમણે શાબર ભાષ્ય પર બે ટીકાઓ લખી છે - (૧) બૃહતી (બીજું નામ 'નિબંધન') તથા લધ્વી (બીજું નામ 'વિવરણ'). આ બન્નેમાં 'બૃહતી' પ્રકાશિત છે, 'લધ્વી' આજ સુધી પ્રકાશિત નથી થયું. એમની વ્યાખ્યા સરળ, સુબોધ તથા ભાષ્યાનુંસારિણી છે. કુમારિલની જેમ ભાષ્યની વિષય આલોચના અહીંયાં નથી.

**મુરારિ મિશ્ર**

'મુરારેસ્તૃતીય પન્થાઃ' મુરારિ મિશ્રને મીમાંસાના ત્રીજા સંપ્રદાયના પ્રવર્તક હોવાનું અલૌકિક ગૌરવ પ્રાપ્ત થયું છે. મુરારિએ ભવનાથ (૧૦ શતક)ના મતનું ખંડન કર્યું છે તથા પ્રખ્યાત ગંગેશ ઉપાધ્યાય અને તેનો આત્મજ વર્ધમાન ઉપાધ્યાય દ્વારા ઉધ્ધૃત કર્યા છે. આમ એમનો સમય ૧૨મી શતાબ્દીનો પ્રતીત થાય છે. એમના ગ્રંથો લુપ્તપ્રાય છે.

**મીમાંસક અચારમીમાંસા**

આપણે ઉપર જોયું તેમ મીમાંસા દર્શનનો પ્રધાન ઉદ્દેશ્ય ધર્મની વ્યાખ્યા કરવાનો છે. જૈમીનીએ ધર્મનું લક્ષણ આપ્યું છે. 'ચોદનાલક્ષણોઽઅર્થોં ધરમઃ।' 'ચોદના' દ્વારા લિખિત અર્થ ધર્મ કહેવાય છે. ચોદનાનો અર્થ છે–ક્રિયાનું પ્રવર્તક વચન, અર્થાત્ વેદનું વિધિ વાક્ય. ચોદના ભૂત, ભવિષ્ય, વર્તમાન, સૂક્ષ્મ, વ્યવહિત અથવા વિપરીત પદાર્થોને બતાવવામાં જેટલું સામર્થ્ય છે તેટલું સામર્થ્ય ન તો ઈન્દ્રિયોમાં છે ના કોઈ અન્ય પદાર્થમાં. મીમાંસકોની માનવીય સંમતિમાં ભગવતી શ્રુતિનું તાત્પર્ય ક્રિયા પ્રેરક છે. વિધિનું પ્રતિપાદન જ વેદવાક્યોનું મુખ્ય તાત્પર્ય છે. તેથી જ્ઞાનપ્રતિપાદક વાક્ય ક્રિયાની સ્તુતિ અથવા નિષેધનું પ્રતિપાદન કરવાનું કારણ પરંપરાગત ક્રિયાકારક છે. તેને સામાન્યતઃ 'અર્થવાદ' કહે છે. એટલે કોઈ પ્રયોજનના ઉદ્દેશ્યથી વેદ દ્વારા વિહિત યાગાદિ અર્થ 'ધર્મ' કહેવાય છે. આ અર્થોનું વિધિવત્ અનુષ્ઠાન કરવાથી પુરુષને નિઃસંદેહ દુઃખોથી નિવૃત્તિ કરવાવાળી સ્વર્ગની ઉપલબ્ધિ મળે છે. યથા 'સ્વર્ગકામો યજેત' (સ્વર્ગની કામનાવાળા પુરુષ યજ્ઞ કરે). આ વાક્યમાં 'યજેત' ક્રિયાપદ દ્વારા 'ભાવના' શબ્દની ઉત્પત્તિ મનાય છે.

વેદવિહિત કર્મોના ફળોના વિષયમાં મીમાંસકોમાં બે મત પ્રવર્તે છે. એ ખરું જ છે કે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ પ્રત્યેક પ્રાણીનું લક્ષ્ય હોય છે. પ્રાણીઓની કર્મવિશેષ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ ત્યારે થાય છે જ્યારે તેનાથી કોઈ ઈષ્ટ, અભિલક્ષિત પદાર્થ સિદ્ધ થવાનું જ્ઞાન થાય છે. આમ કુમારિલની દૃષ્ટિએ ધાર્મિક કૃત્યોનું અનુષ્ઠાન 'ઈષ્ટસાધનતાજ્ઞાન' કારણ છે. પરંતુ પ્રભાકર 'કાર્યતાજ્ઞાન'ને કારણ તરીકે અપનાવે છે. અર્થાત્ વેદવિહિત કૃત્યોનું અનુઠાન કર્તવ્યબુદ્ધિથી કરવું જોઈએ એનાથી ન સુખ પામવાની આશા રાખે, ન અન્ય ફળ પામવાની ચાહ રાખે. કુમારિલનું કથન છે કે કામના કર્મ વિશેષ ઈચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવે છે, પણ પ્રભાકરનો મત છે કે કામના કર્મમાં કામનાનો નિર્દેશ સાચ્ચા અધિકારીની પરીક્ષા કરવા માટે છે. આવી કામના કરવાવાળો પુરુષ એ કર્મનો સાચો અધિકારી સિદ્ધ થાય છે.

કુમારિલ ભટ્ટ અને પ્રભાકર મિશ્ર, એ બંનેના નિત્ય કર્મ વિષયમાં મત મતાંતર એકદમ સ્પષ્ટ છે. કુમારિલના મતમાં નિત્યકર્મ (જેમ સંધ્યા વંદન આદિ)ના અનુષ્ઠાનથી પાપનો નાશ થાય છે, અને અનુષ્ઠાનના અભાવમાં પાપ ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રભાકરની સંમતિમાં નિત્યકર્મોનું અનુષ્ઠાન વેદવિહિત હોવાને કારણે જ કર્તવ્ય છે. વેદની અનુલંઘનીય આજ્ઞા છે કે 'અહરહઃ સંધ્યામુપાસિત' એટલે કે દિન પ્રતિદિન સંધ્યાની ઉપાસના કરવી જોઈએ. આ ઉદ્દેશ્યથી, કર્તવ્ય કર્મની કરવાની દૃષ્ટિથી આ કૃત્યોનું સંપાદન કરવું જોઈએ. નિષ્કામ-કર્મ-યોગની દૃષ્ટિએ કાર્યો કરવા પાછળની ભાવના નિસ્પૃહતાથી થાય તે પ્રભાકરને માનનીય છે.

**કર્મના પ્રકાર**

વેદ પ્રતિપાદ્ય કર્મ ત્રણ પ્રકારનું છે-(ક) કામ્ય-કોઈ કામના વિશેષ માટે કરવાનું કાર્ય જેમ કે, 'સ્વર્ગકામો યજેત'; (ખ) પ્રતિષિદ્ધ–અનર્થ ઉત્પાદક હોવાથી નિષિદ્ધ જેમ કે, (ઝેરથી ભરેલાં શસ્ત્રોથી મરેલા પશુનું માંસ નહીં ખાવું જોઈએ); નિત્ય નૈમિત્તિક–અહેતુક કરણીય કર્મ, જેમ સંધ્યા વંદન નિત્યકર્મ છે અને અવસર વિશેષ પર અનુષ્ઠેય શ્રદ્ધાદિ કર્મ નૈમિત્તિક. અનુષ્ઠાન કરતાં જ ફળની નિષ્પત્તિ જલ્દી નથી મળતી, કાલાન્તરમાં મળે છે. હવે સવાલ એ થાય છે કે ફળ-કાળમાં કર્મના અભાવમાં એ ફળ કેવા પ્રકારનું હોય

છે ? મીમાંસકોનું કહેવું છે કે 'અપૂર્વ'થી. દરેક કર્મોમાં અપૂર્વ (પુણ્યાપુણ્ય) ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે. કર્મથી થાય છે અપૂર્વ અને અપૂર્વથી ફળ થાય છે. 'અપૂર્વ' કલ્પના મીમાંસકોની કર્મ વિષયક એક મૌલિક કલ્પના મનાય છે.

કર્મ મીમાંસાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે વેદ દ્વારા પ્રતિપાદિત અભિષ્ટ સાધક કર્મોમાં લાગ્યો રહે અને પોતાનું વાસ્તવિક કલ્યાણ સંપાદન કરતો રહે. યજ્ઞ યાગાદીમાં કોઈ દેવતા વિશેષ (જેમ કે ઈન્દ્ર, વિષ્ણુ, વરૂણ આદિ) ને લક્ષ્ય કરીને આહુતિ દેવાય છે. વેદમાં આ દેવોના સ્વરૂપનું પૂરું વર્ણન મળી આવે છે. પરંતુ મીમાંસાને મતે દેવતા સંપ્રદાનકારક સૂચક પદમાત્ર જ છે. એનાથી વધીને એની કોઈ સ્થિતિ નથી. દેવતા મંત્રાત્મક હોય છે અને દેવતાઓની પૃથક સત્તા આ મંત્રોને છોડીને અલગ નથી હોતી, જેના દ્વારા તેમના માટે હોમનું વિધાન છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે વેદિક કર્મનું અનુષ્ઠાન શા માટે કરવું જોઈએ ? સામાન્ય મત એ છે કે કોઈ કામનાની સિદ્ધિ માટે, પણ વિશેષ મત એ છે કે કોઈ પણ કામના વગર જ આપણે વૈદિક કર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ. ઋષિઓને દીવ્ય ચક્ષુઓથી દેખાતું વૈદિક મંત્રોમાં ગૂઢ રહેલો ધર્મ લોકોના કલ્યાણ માટે છે. તેથી લોકોએ કોઈપણ અનુષ્ઠાન સિદ્ધિના પ્રયોજન વગર સ્વયં કરતાં જ રહેવું જોઈએ. આ પ્રકારે નિષ્કામ કર્મ અનુષ્ઠાનની શિક્ષા દેવી તે મીમાંસાના કર્તવ્યશાસ્ત્રનો ચરમ ઉદ્દેશ્ય છે. જર્મન તત્ત્વજ્ઞ કાંટ પણ કર્તવ્યના વિષયમાં મીમાંસા મતની સમાન જ મત રાખે છે. એનું કહેવાનું છે કે પ્રાણીઓએ કર્તવ્યનું સંપાદન સ્વાર્થ બુદ્ધિથી નહીં કરીને નિરપેક્ષ બુદ્ધિથી કરવું જોઈએ. આ બંનેમાં થોડું અંતર છે. જ્યાં કાંટના મતમાં કર્મના ફળનો દાતા ઈશ્વર છે, ત્યાં મીમાંસક કર્મમાં જ ફળ દેવાની યોગ્યતા છે એમ માને છે. કાંટની દૃષ્ટિએ ઈશ્વર જ માનવને કર્તવ્ય કરવા માટે પ્રેરિત કરે છે, પરંતુ મીમાંસામાં કર્તવ્યનો મૂળ સ્રોત અપૌરુષેય વેદ જ છે. એ જ લોકોને નિષ્કામ કર્મ કરવાનો આદેશ આપે છે અને આપણે તેની આજ્ઞાનું પાલન કર્તવ્ય બુદ્ધિથી કરવું જોઈએ.

આ દાર્શનિક વિવેચનના અનુશીલનમાં મીમાંસાની દાર્શનિકતામાં કોઈ પ્રકારનો સંદેહ નથી રહેતો. મીમાંસાનો મુખ્ય અભિપ્રાય યજ્ઞ યાગાદિ વેદિક અનુષ્ઠાનોની તાત્ત્વિક વિવેચના છે, પણ આ વિવેચનની ઉત્પત્તિ માટે એણે જ સિદ્ધાન્તોને શોધી કાઢ્યા છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મીમાંસકોએ અનેક મૌલિક સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે, જેનો ઉપયોગ સ્મૃતિ ગ્રંથોના અર્થ નિર્ણય કરવામાં કરાય છે. સ્મૃતિઓનું ક્ષેત્ર વિશાળ છે તથા એમાં નાના પ્રકારના વિરોધસૂચક સિદ્ધાંત ઊભા થાય છે. દેખાવમાં આ વિરોધ ખૂબ જ માર્મિક પ્રતીત થાય છે, પરંતુ મીમાંસાની વ્યાખ્યા શૈલીનો ઉપયોગ કરવાથી આ વિરોધોનો પરિહાર સારી રીતે થઈ શકે છે. એટલે સ્મૃતિના મર્મજ્ઞાન માટે 'કર્મ મીમાંસા'નો ઉપયોગ ખૂબ જ કરાય છે. તેથી જ મીમાંસાનું અનુશીલન નિઃસંદેહ વેદિક ધર્મની જાણકારી માટે અત્યંત આવશ્યક છે. કુમારિલનું આ કથન યથાર્થ છે-'धर्माख्यं विषयं वस्तु मीमांसायाः पर्योजनम्:'।।

✷ ✷ ✷

૨૦૨, સોમ ટાવર,
ચીકુવાડી,
ગુલમોહર સોસાયટી,
બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦ ૦૯૨.
સેલ નં. : ૯૮૧૯૭૨૦૩૯૮.
ઈમેલ :
hansajainology@gmail.com.

## ઈશ્વર કે કર્મ – મોટું કોણ ?

એકવાર વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી પૃથ્વીની પરિક્રમા કરવા નીકળ્યા. ફરતાં ફરતાં એક નગરના પાદરે આવ્યા ત્યારે તેમણે રસ્તામાં એક ગરીબ કઠિયારાને જોયો. આ કઠિયારો વિષ્ણુ ભગવાનનો ભક્ત હતો. રોજ સવારે પૂજા-પાઠ કરે, વિષ્ણુ ભગવાનની સ્તુતિ આદિ કરીને પછી જ પોતાનું કામ શરૂ કરતો હતો. ત્યારે લક્ષ્મીજીને આ ગરીબ કઠિયારા ઉપર દયા આવી. તેમણે વિષ્ણુ ભગવાનને કહ્યું કે, આ તો તમારો ભક્ત છે, તો શું તમારા ભક્તની આવી દશા ! ત્યારે વિષ્ણુ ભગવાન મલક મલક હસવા લાગ્યા. પરંતુ લક્ષ્મીજી તેનો મર્મ સમજી શક્યા નહિ. તેમણે તો વિષ્ણુ ભગવાનને કઠિયારાને મદદ કરવાનું સૂચન કર્યું. ભગવાન પણ લક્ષ્મીજીની ઈચ્છાનો અનાદર કરી શક્યા નહિ. આથી વિષ્ણુ ભગવાને એક રત્નની પોટલી કઠિયારો જતો હતો એ રસ્તા પર મૂકી દીધી. પરંતુ એ જ વખતે કઠિયારાને કુબુદ્ધિ સૂઝી, વિચાર્યું લાવ જોઉં કે જો હું આંધળો હોત તો મને રસ્તો દેખાય છે કે નહિ ? આમ વિચારી આંખો બંધ કરી ચાલવા લાગ્યો અને રત્નોની પોટલી રસ્તામાં હોવા છતાં તેને મળી નહિ.

બીજે દિવસે ફરી વિષ્ણુ ભગવાને કઠિયારો જે ઝાડ કાપતો હતો તે ઝાડને ચંદનનું ઝાડ બનાવી દીધું. કઠિયારો તો લાકડા કાપી તેનો ભારો બનાવી બજારમાં આવ્યો પણ તે દિવસે તેનો ભારો વેચાયો નહિ. લાકડાનો ભારો લઈ ઘરે આવ્યો. ઘરે બીજા લાકડાં હતાં નહિ આથી રસોઈ કરવા માટે તે જ લાકડાં બાળી નાખ્યાં. આમ બીજો દિવસ પણ નકામો ગયો.

લક્ષ્મીજીના આગ્રહથી વિષ્ણુ ભગવાને એક મોકો વધુ આપ્યો. તેમણે એક પારસમણિ કઠિયારાને આપ્યો. કઠિયારો તો ખુશ ખુશ થઈ ગયો. લાકડાં કાપવાનું કામ બાજુ ઉપર મૂકી ઝાડ નીચે સૂઈ ગયો. પરંતુ ઝાડ ઉપર બેઠેલો કાગડો કા...કા... કરી તેની ઊંઘ બગાડતો હતો. આથી ચીડાઈને કઠિયારાએ તે કાગડાને હાથથી ઊડાડવાનો પ્રયત્ન કર્યો પણ કાગડો ઊડ્યો નહિ ત્યારે તેણે ભગવાને આપેલ પેલો પારસમણિ તેની પાસે હતો તેનો જ છૂટો ઘા કર્યો. કાગડો તો ઊડી ગયો પરંતુ પારસમણિ ક્યાં પડ્યો તે ખબર ન પડી. કઠિયારો પારસણિને આમ તેમ શોધવા લાગ્યો પણ તેને પારસમણિ મળ્યો નહિ. ત્યારે વિષ્ણુ ભગવાને હસતાં હસતાં કહ્યું કે, મેં તો તેને આપ્યું પરંતુ તેના કર્મમાં હતું જ નહિ માટે તેને કાંઈ પણ મળ્યું નહિ.

–સંપાદિકાઓ

# ઈસ્લામ અને કર્મવાદ

☐ ડૉ. મહેબૂબ દેસાઈ

*[ ડૉ. મહેબૂબ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ છે. ૫૫ જેટલા ઈતિહાસ, સાહિત્યઅને આધ્યાત્મિક વિષય પરનાં તેમના પુસ્તકો પ્રકાશિત થયેલ છે. શ્રી મુંબઈ યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તા છે. ગુજરાતમાં બિનસાંપ્રદાયિક વિચારક, વક્તા અને લેખક તરીકે જાણીતા છે. ]*

*'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ*
*નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ.'*

શાયરીના પ્રથમ મત્લામાં કર્મની વાત છે. સારા કર્મ કરનાર માટે નસીબ તેની દાસી સમાન બની રહે છે. અર્થાત્ તે નસીબનો બળવાન હોય છે. ઈશ્વર તેના પર ખુશ રહે છે. તે ઈશ્વર પાસે જે માગે છે તે પ્રાપ્ત કરે છે. જો કે આ માન્યતા દરેક ધર્મમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે.

દરેક ધર્મમાં કર્મનો સિદ્ધાંત નૈતિક મૂલ્યોના પાયા પર આધારિત છે. સેવાકીય અને સદ્કાર્યો તંદુરસ્ત વ્યક્તિ અને સમાજ માટે અનિવાર્ય છે. એટલે જ ઈસ્લામ અને હિંદુ બંને ધર્મમાં કર્મનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. ઈસ્લામમાં માનવીના કર્મના આધારે જ જન્નત અને દોઝખનો વિચાર કુરાને શરીફમાં આપવામાં આવ્યો છે. એ જ રીતે હિંદુધર્મમાં પણ સ્વર્ગ અને નર્કની પરિકલ્પનાના મૂળમાં પણ કર્મનો સિદ્ધાંત પડેલો છે. આ જ વિચારને આધ્યાત્મિક અભિગમથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ સમજાવ્યો છે. ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મયોગ તરીકે તેનું વિસ્તૃત આલેખન થયું છે. કર્મના સિદ્ધાંતને સાકાર કરતો જે શ્લોક વિશ્વભરમાં પ્રસિદ્ધ છે તે ગીતાનો, બીજા અધ્યાયનો ૪૭મો શ્લોક છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

*'કર્મણ્યેવાધીકારસ્તે મા ફલેષુ કદાચન,*
*મા કર્મફલહેતુર્ભુમા તે સંગોડસત્વકર્મણી.'*

આ એક શ્લોકમાં શ્રીકૃષ્ણ ચાર બાબતો તરફ નિર્દેશ કરે છે.

૧. કર્મ કરવા તું સ્વતંત્ર છે.
૨. પરંતુ તેનું ફળ ભોગવવા તું પરતંત્ર છે.
૩. ફળનો હેતુ જ લક્ષમાં રાખીને કર્મ ના કરીશ.
૪. તારો અકર્મમાં સંગ ના થશો.

અર્થાત્ ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કર્યે જા. કારણ કે સારા કે ખરાબ કર્મ કરવાનું તારા હાથમાં છે. તેનું ફળ તારા હાથમાં નથી. તને તારા કર્મનું ફળ તારા ફળને અનુરૂપ જ ઈશ્વર આપશે.

ઈસ્લામમાં કર્મને **'આમાલ'** કહેલ છે. કુરાને શરીફમાં વારંવાર **'આમાલનામા'** શબ્દ વપરાયો છે. **'આમાલનામા'**નો અર્થ થાય છે 'કર્મપત્રિકા'. દુનિયામાં આપણે જે કંઈ સારા નરસા કર્મો કરીએ છીએ તેની નોંધ ખુદાને ત્યાં રાખવામાં આવે છે. એ નોંધ મુજબ જ વ્યક્તિના કર્મોનો ઈન્સાફ થાય છે. કુરાને શરીફમાં કહ્યું છે.

'કયામતને દિવસે લોકો જુદી જુદી સ્થિતિમાં કબરોમાંથી નીકળશે અને તેમને દરેકને તેમના આમાલનામા બતાવવામાં આવશે.'

કુરાને શરીફમાં આ વાતને વિસ્તૃત રીતે સમજાવતાં કહેવામાં આવ્યું છે.

'જેનું આમાલનામું તેના જમણા હાથમાં આપવામાં આવશે તે લોકો ખુશ હશે. તેમને જન્નતમાં મનમાની મોજ પ્રાપ્ત થશે. જન્નતના બાગો તેમના માટે ખુલ્લા હશે. તેમાં મીઠા મેવા તેમને આપવામાં આવશે. આ તમામ તેમના સદ્કાર્યોનો બદલો છે. જે તેમણે દુનિયામાં કર્યા છે.'

કુરાને શરીફમાં એક અન્ય વાક્યનો પણ વારંવાર ઉલ્લેખ છે.

**'અલ્ આમલો બિન્ નિય્યતે'** અર્થાત્

'કર્મનું ફળ તેના સંકલ્પ પર આધારિત છે' અથવા

'સદ્કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.'

દા. ત. મારી પાસે જે થોડાં નાણાં છે તે મારી જરૂરિયાત માટે છે. પણ જો તેની મારે જરૂરત ન હોત અથવા તે મારી જરૂરત કરતાં વધારે હોત તો હું તે જરૂરતમંદને અવશ્ય આપી દેત. આવો વિચાર માત્ર પુણ્ય-સવાબ છે. એ જ રીતે અન્ય એક શબ્દ પણ કુરાને શરીફમાં અનેક વાર વપરાયો છે. તે છે **'ફી સબીલિલ્લાહ'** અર્થાત્ **'ખુદાના માર્ગે કર્મ કર.'**

આમાલ અર્થાત્ કર્મ મુખ્યત્વે કરીને ઈમાન અર્થાત્ વિશ્વાસ સાથે સંકળાયેલ છે. ઈમાન એ ખુદા પરના વિશ્વાસને કહે છે. જેને ખુદામાં વિશ્વાસ છે તેને ખુદાના આમાલ કે સદ્કાર્યોના આદેશમાં પણ વિશ્વાસ છે. ખુદાએ દરેક મુસ્લિમને ત્રણ પ્રકારના સદ્કાર્યો કરવાનો આદેશ આપ્યો છે. જકાત (ફરજીયાત દાન) અને ખેરાત અને સદકો (મરજિયાત દાન). આ ત્રણે દાનના માર્ગો ઈસ્લામના કર્મવાદના સિદ્ધાંતને સ્પર્શે છે. દરેક મુસ્લિમ ઈસ્લામના પાંચ સ્તંભોને માને છે. ઈમાન, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ. આ પાંચે સિદ્ધાંતોને તે ફરજીયાત રીતે અનુસરે છે. ઝકાત તેમાંનો એક સ્તંભ છે. દરેક મુસ્લિમ

**'આમાલનામા'નો અર્થ થાય છે 'કર્મપત્રિકા'**

માટે તે તે ફરજીયાત છે. પોતાની સ્થાવર જંગમ મિલકતના અઢી ટકા રકમ દરેક મુસ્લિમ દર વર્ષે ગરીબો, અનાથો કે જરૂરતમંદો માટે ફરજીયાત કાઢે છે. તેને ઝકાત કહેવામાં આવે છે. આ સ્તંભ સાથે કર્મવાદનો સિદ્ધાંત સંકળાયેલો છે. ઈસ્લામના કર્મવાદની સૌ પ્રથમ શરત ખુદા પરનું ઈમાન છે. ઈમાન એટલે વિશ્વાસ, શ્રદ્ધા, આસ્થા. જેને ખુદા અને તેના અસ્તિત્વમાં આસ્થા છે, વિશ્વાસ છે, શ્રદ્ધા છે તેને જ તેના સદ્‌કાર્યોના આદેશમાં વિશ્વાસ છે. સદ્‌કાર્યોની બીજી કપરી શરત તેની ગુપ્તતા છે. તેમાં દાન કે સદ્‌કાર્યોની અભિવ્યક્તિને ઝાઝું પ્રાધાન્ય નથી. દાન કે સદ્‌કાર્યોની અભિવ્યક્તિ કોઈ મુસ્લિમ કરે તો તે ગુનોહ નથી પણ તેનો દેખાડો જરૂરી નથી. કુરાને શરીફમાં કહ્યું છે.

> *કુરાને શરીફમાં એક વાક્યનો પણ વારંવાર ઉલ્લેખ છે.*
> ***'અલ્ આમલો બિન્ નિય્યતે'*** *અર્થાત્*
> *'કર્મનું ફળ તેના સંકલ્પ પર આધારિત છે'*
> *અથવા*
> *'સદ્‌કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.'*

***'તમારા દાનને ઉપકાર જતાવી કે દુ:ખ આપીને વ્યર્થ ન કરો. જે પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચે છે, તેને ખુદા પર વિશ્વાસ નથી. અને અંતિમ ન્યાયના દિવસનો પણ તેને ડર નથી.'***

હઝરત મહંમદ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે.

'તે માણસના ખુદાના પડછાયા નીચે છે, જેણે એટલી ગુપ્તતાથી દાન કર્યું કે તેના ડાબા હાથને પણ તેની જાણ ન થઈ.'

**'જો તમે જાહેરમાં દાન કરો તો તે સારી વાત છે. પણ જો તમે અત્યંત ખાનગીમાં દાન કરો તો તે અતિ ઉત્તમ છે.'**

**'ત્રણ પ્રકારના કૃત્યો તમારા મૃત્યુ પછી પણ તમારી સાથે રહે છે. એ ત્રણમાં પ્રથમ છે વ્યક્તિએ કરેલ દાન-સખાવત. તેનો લાભ મૃત્યુ પછી પણ મળતો રહે છે.'**

ઈસ્લામમાં લાભની પ્રાપ્તિ કે ફળની પ્રાપ્તિ માટે કરેલા દાનને પણ ઝાઝું સ્થાન નથી. એક કરોડપતિ બે લાખનું દાન કરે છે પણ તે બે લાખનું દાન મૂડી રોકાણના હેતુથી કરે અથવા આર્થિક લાભ માટે કરે તો તે એ દાનના અધ્યાત્મિક લાભથી વંચિત રહે છે. અર્થાત્ સદ્‌કાર્યો બદલાની અપેક્ષા વગર નિજાનંદ માટે કરો. ફળની અપેક્ષાએ કરવામાં આવેલ સદ્‌કાર્યોનું આધ્યાત્મિક મૂલ્ય અવશ્ય નહીંવત્ હોય છે. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે.

**'અને જે શખ્સ દુનિયામાં પોતાના કર્મોનો બદલો ચાહે છે તેને અમે તેનો બદલો અહિંયા જ આપીએ છીએ. અને જે શખ્સ આખિરતમાં પોતાના કર્મોનો બદલો ઈચ્છે છે, અમે તેને તેનો બદલો ત્યાં જ આપીશું. અને જે લોકો પોતાના કર્મોના બદલા માટે માત્ર અલ્લાહના શુક્રગુઝાર છે, તેમને અમે તેનો તુરત બદલો આપીશું.'**

**'જે કોઈ એક નેકી (સદ્‌કાર્યો) લાવશે તેને તેથી દસ ગણું મળશે. અને જે કોઈ એક એક બદી (અપકૃત્યો) લાવશે, તેને તેના પ્રમાણમાં સજા મળશે. પણ તેના ઉપર ઝુલ્મ કરવામાં આવશે નહિં.**

**'એ લોકોને એવો જ બદલો આપવામાં આવશે જેવા કામ તેમણે કર્યા હશે.'**

ગીતામાં આજ વાતને વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે.

'આ લોકમાં કર્મના ફળ ઈચ્છનારાઓ દેવતાઓને પૂજે છે, કેમ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થનારી સિદ્ધિ તરત પ્રાપ્ત થાય છે.'

ઈસ્લામ અને હિન્દુ ધર્મના ઉપરોક્ત આદર્શોને જીવનમાં સાકાર કરનાર મહાનુભાવો બન્ને ધર્મમાં થયા છે. મહંમદ સાહેબે પોતાના સમગ્ર જીવન દરમિયાન સદ્‌કાર્યોની સુવાસ દ્વારા અરબસ્તાનની જંગલી પ્રજામાં ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. એ યુગમાં અરબસ્તાનમાં બાગાયતની જમીન અને મિલકત દુર્લભ ગણાતા. મખૈરિક નામના એક ધનવાને હઝરત મહંમદ સાહેબને પોતાની જમીનમાંથી સાત બગીચા ભેટ આપ્યા. મહંમદ સાહેબે એ તમામ બગીચા **'વકફ'** કરી દીધા. અર્થાત્ તે તમામ બગીચા લોકહિતાર્થે અર્પણ કરી દીધા. અને એ બાગોની તમામ ઉપજ ગરીબો અને હાજતમંદોની ઉન્નતિ માટે ઉપયોગમાં લેવાનો આદેશ કર્યો. **એકવાર મુસાફરીમાં મહંમદ સાહેબના જોડાનો પટ્ટો તૂટી ગયો. એક સહાબીએ કહ્યું, 'લાવો, હું તે સાંધી આપું.'**

આપે ફરમાવ્યું, 'એ તો વ્યક્તિ પૂજા થઈ, તે મને પસંદ નથી.'

મહંમદ સાહેબની વફાત (અવસાન) પછી ઈસ્લામના ચારે ખલીફાઓએ પણ તેમના આવા ઉત્તમ આદર્શોને જીવનમાં સાકાર કર્યા હતા. ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમરનું જીવન સદ્‌કાર્યોના બોધ સમાન હતું. લોકોના સુખદુ:ખ જાતે જાણવા રાત્રે શહેરમાં ગુપ્ત વેશે ફરતા. દુષ્કાળમાં લોકોને ભોગવવી પડતી તંગીને ધ્યાનમાં રાખી પોતે પણ ઘી-દૂધનો ત્યાગ કરી સૂકી રોટી ખાતા. ગુલામોને પણ પોતાના જેવું જ ભોજન, વસ્ત્રો અને સવારી આપતા. તેમની સાથે જ ભોજન લેતા. પરધર્મીઓને રાજ્યમાં રક્ષણ આપતા. પોતાના ખર્ચનો બોજો રાજ્ય પર ન નાખતા અને કુરાને શરીફની નકલો કરી પોતાનું ગુજરાન ચલાવતા. આવા સદ્‌કર્મો જ.

*'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ,*
*નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ'*

ઉક્તિને સાચી ઠેરવવા અનિવાર્ય છે.

✷ ✷ ✷

પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. મોબાઈલ : ૦૯૮૨૫૧૧૪૮૪૮
૮, મીતલ કો. હાઉસિંગ સોસાયટી, રોયલ અકબર ટાવરની પાછળ,
સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

# ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત

☐ ડૉ. થોમસ પરમાર

*[ અમદાવાદના પીએચ. ડી.ના ગાઈડ. એમણે ગુજરાતના મંદિરો-સ્થાપત્ય પર પીએચ. ડી. કર્યું છે. એચ. કે. આટ્ર્સ કૉલેજના પૂર્વ પ્રોફેસર, ગુજરાતી વિશ્વકોશ અને જૈન વિશ્વકોશ સાથે સંકળાયેલા, અષ્ટાપદ સંશોધન સમિતિમાં કાર્યરત. એમના ૧૧ પુસ્તકો પ્રકાશિત થયા છે. ]*

પશ્ચિમ એશિયામાં ઉદ્ભવેલા યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ ધર્મ સેમેટીક રીલીજિયન્સ તરીકે ઓળખાય છે. આ ત્રણે ધર્મોની ઘણીખરી માન્યતાઓ અને સિદ્ધાંતો વચ્ચે સામ્ય જોવા મળે છે. આ ત્રણેય સેમેટીક ધર્મો ભારતીય ધર્મો–હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોથી ઘણાં જુદાં પડે છે. આમાંનો એક સિદ્ધાંત છે કર્મનો સિદ્ધાંત. ભારતીય દાર્શનિક પરંપરામાં કર્મનો સિદ્ધાંત ઘણો અગત્યનો છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ તો કર્મપ્રધાન ધર્મ છે. માણસે કર્મ કરવું જ પડે છે અને એ કર્મના ફળ ભોગવવા જ પડે છે. કર્મના ફળ સારાં કે ખોટાં ભોગવવા ફરીથી જન્મ લેવો પડે છે. કર્મના બંધનને કારણે માણસે જન્મ અને મરણના ચકરાવામાં ફરરવું જ પડે છે. આમ કર્મની સાથે પુનર્જન્મની માન્યતા સ્વીકારેલ છે. ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં નિષ્કામ કર્મ પર ભાર મૂકવામાં આવ્યો છે. માણસે ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવું જોઈએ.

ખ્રિસ્તી ધર્મમાં ભારતીય પરંપરા પ્રમાણેનો કર્મનો સિદ્ધાંત પ્રત્યક્ષ સ્વરૂપે જોવા મળતો નથી. ખ્રિસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ બાઈબલમાં કર્મ વિશેના અનેક ઉલ્લેખ આવે છે. પણ ત્યાં જન્મ અને મૃત્યુને કર્મ સાથે કોઈ સંબંધ નથી. બાઈબલ અંતર્ગત જૂનો કરાર (Old Testament) અને નવો કરાર (New Testament)માં કર્મ અને તેનાં ફળ વિશે નીચે પ્રમાણેના ઉલ્લેખો જોવા મળે છે.

**કર્મનું મહત્ત્વ**

ખ્રિસ્તી ધર્મમાં કર્મનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જીવન દરમ્યાન સતત કર્મ કરવાનું જણાવવામાં આવ્યું છે. બાઈબલમાં જણાવ્યું છે કે, 'કામ કરતાં કરતાં ઘરડો થા' (ઉપદેશમાળા, ૧૬:૧૪). ઈશાવસ્ય ઉપનિષદનો મંત્ર कुर्वन्न पेट कर्माणि जिजिविशेत शतम् समाः (માણસે કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.)ને બાઈબલનું આ વાક્ય પ્રતિબિંબિત કરતું જણાય છે. માણસે કર્મ કરવું જોઈએ એટલું પૂરતું નથી, તેણે તેના કર્મોનું પરીક્ષણ પણ કરવું જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ માટે બાઈબલમાં વિધાન છે કે, 'દરેક માણસે પોતાના કર્મોનું પરીક્ષણ કરવું; તો તે પોતાની યોગ્યતા જોરે ગૌરવ લઈ શકશે.' આવી પડેલા કર્તવ્યો નિષ્ઠાપૂર્વક અને કોઈપણ પ્રકારની ફરિયાદ વિના બજાવવા જોઈએ. એમ કરવાથી ઈશ્વરના નિષ્કલંક સંતાન બની શકાય છે અને જીવનનો સંદેશ વિશ્વમાં પ્રસારી શકાય છે. આ અંગે બાઈબલ જણાવે છે કે, 'કોઈપણ જાતના બબડાટ કે આનાકાની વગર બધાં કર્તવ્યો કર્યે જજો, તો જ તમે આ કુટિલ અને આડા લોકો વચ્ચે નિર્દોષ, સરળ અને ઈશ્વરના નિષ્કલંક સંતાન બની રહેશો અને જીવનનો સંદેશ આગળ ધરીને વિશ્વમાં જ્યોતિની જેમ પ્રકાશશો.' (ફિલિપ્પી, ૨ઃ ૧૪-૧૫). વધુમાં જણાવ્યું છે કે, 'પ્રત્યેક સત્કાર્ય માટે તૈયાર રહેવું. કોઈનું ભૂંડું બોલવું નહિ, ઝઘડો કરવો નહિ, દિલ મોટું રાખવું અને સઘળા માણસો પ્રત્યે સતત નમ્ર વ્યવહાર કરવો. (તિતસ, ૩ઃ૨). કર્મના આનંદનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જેમકે; 'માણસ પોતાના કામમાં આનંદ માણે એના જેવું સુખ બીજું એકે નથી. (તત્ત્વદર્શી, ૩ઃ૩૨). માણસ જે કંઈ કરે છે તે ઈશ્વરના ધ્યાનમાં છે. બાઈબલ જણાવે છે કે, 'માણસ જે કંઈ કરે છે તે બધું પ્રભુની આગળ દીવા જેવું સ્પષ્ટ હોય છે અને તે સતત તેમના કાર્યો ઉપર નજર રાખ્યા કરે છે. (ઉપદેશમાળા, ૧૭ઃ૧૯). જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર ન હોવાથી માણસના કર્મની ઉપર દેખરેખ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ખ્રિસ્તી ધર્મમાં શ્રદ્ધા કરતાં પણ કાર્યને મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રદ્ધાની સાથે કાર્યનો આગ્રહ રાખવામાં આવ્યો છે. બાઈબલમાં જણાવ્યું છે કે, 'માણસ કાર્યોથી પુણ્યશાળી ઠરે છે, કેવળ શ્રદ્ધાથી નહિ.' (યાકોબ, ૨ઃ૨૪) વધુમાં જણાવે છે, 'કાર્યો વગરની શ્રદ્ધા પણ મરેલી છે.' (યાકોબ, ૨ઃ૨૬)

**કર્મનું ફળ**

બાઈબલમાં કર્મના ફળની પણ વાત કરવામાં આવી છે. ઉપદેશમાળામાં સ્પષ્ટ જણાવ્યું છે કે, 'દરેક માણસને તેના કર્મનું ફળ મળે જ છે.' (ઉપ. ૧૬ઃ૧૪). હઝકિયેલમાં પણ જણાવ્યું છે કે, 'કરે તે ભોગવે' (હઝકિયેલ, ૩૩ઃ૧૦-૨૦). હઝકિયેલમાં જ આગળ નોંધ્યું છે કે, પુણ્યશાળી માણસ પોતાના પુણ્યકર્મોનાં અને

ભૂંડો માણસ પોતાની ભૂંડાઈના ફળ ભોગવશે (હઝકિયેલ, ૧૮:૨૦). 'પુણ્યશાળી માણસ ધર્મનો રસ્તો છોડીને ભૂંડા માણસની જેમ અધમ કૃત્ય કરે તો તેણે પહેલાં કરેલાં પુણ્યકર્મો લક્ષમાં લેવામાં નહિ આવે.' (હઝ:૧૮:૨૪) અર્થાત્ પાછળના ભૂંડા કર્મો પ્રમાણે જ બદલે મળશે. બીજી રીતે કહીએ તો ભૂંડા કર્મોની અગાઉ કરેલાં પુણ્યકર્મોના ફળનો લોપ થાય છે. 'તારા ઘૃણાજનક કૃત્યોના ફળ તારે ભોગવવા પડશે.' (હઝ. ૭:૪). કર્મના ફળને ઈશ્વરની બક્ષિસ માનવામાં આવી છે. 'ખરેખર માણસ ખાય, પીએ અને પોતાના કામના ફળ ભોગવે એ જ તેને મળેલી ઈશ્વરની બક્ષિસ છે.' (તત્ત્વદર્શી ૩:૧૩) આમ **ખ્રિસ્તી ધર્મમાં કર્મના ફળની માન્યતાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.** કર્મનું ફળ એની મેળે મળતું નથી પરંતુ ફળ આપનાર ઈશ્વર છે. જેમ કે, 'હું તમારા દુષ્કર્મોનો હિસાબ માંગનાર છું. તમારા દુષ્કર્મોની હું તમને સજા કરનાર છું.' દુષ્કર્મનું ફળ એ ઈશ્વરની સજા છે, જ્યારે પુણ્યકર્મનું ફળ એ ઈશ્વરની બક્ષિસ છે. ટૂંકમાં બંને પ્રકારના કર્મનું ફળ આપનાર ઈશ્વર છે.

માણસે જીવન દરમ્યાન કરેલાં સારાં કે ખોટાં કર્મોનો ન્યાય ઈશ્વર તરફથી છેલ્લા દિવસે કરવામાં આવશે. આ દિવસને Day of Judgement–ન્યાયનો દિવસ અથવા છેલ્લો દિવસ માનવામાં આવે છે. ત્યારે ઈશ્વર પોતે આ પૃથ્વી પર પધારશે. આકાશ તેજોમય થઈ જશે અને આકાશમાં ઈશ્વરના દેવદૂતો રણશિંગા વગાડશે અને મૃત્યુ પામેલાં સૌ માનવીઓ ફરી પાછા સજીવ થશે. તેઓ પુનરુત્થાન પામશે અને ઈશ્વર સૌના કાર્યોનો ન્યાય તોળશે. (પીતર, ૧:૧૭) સારાં કાર્ય કરનારને સદાકાળ સ્વર્ગનું સુખ મળશે અને દુષ્કર્મો કરનારને સદાકાળ નરકના અગ્નિમાં તપવું પડશે. આ પુનરુત્થાન એ પુનર્જન્મ નથી. કર્મને કારણે વ્યક્તિ પુનરુત્થાન પામતી નથી બલ્કે કર્મોના ન્યાય માટે ઈશ્વરની ઈચ્છાથી તે પુનરુત્થાન પામે છે. અહીં પણ આપણે જોઈ શકીએ છીએ કે માણસના કર્મનું ફળ આપોઆપ મળતું નથી પરંતુ ઈશ્વર દ્વારા મળે છે. આમ ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત છે પરંતુ જૈન અને બૌદ્ધ ધર્મની જેમ તેમાં પુનર્જન્મનો સિદ્ધાંત સંકળાયેલો નથી.

✷ ✷ ✷

૨૩, મહાવીરનગર,
એલ. જે. કોમર્સ કોલેજ પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.
મો : ૯૮૨૫૩૮૪૬૨૩.

## ઈશુના 'ગિરિપ્રવચન'

જગતને ખૂણે ખૂણે ખ્રિસ્તીધર્મ ફેલાયો છે. કદાચ વિશ્વમાં સૌથી મોટી સંખ્યામાં આ ધર્મના અનુયાયીઓ હશે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત છે. ઈસુને 'માનવ પુત્ર' અને 'ઈશ્વર પુત્ર' ગણવામાં આવે છે. જો કે ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત સાંગોપાંગો જોવા મળતો નથી. તેમ છતાં **'ગિરિ પ્રવચન' ઇસુના ઉપદેશોમાં શિરોમણિરૂપ છે, તેમાં અત્ર, તત્ર નૈતિકતાની દૃષ્ટિએ કર્મ સિદ્ધાંત જોવા મળે છે.**

### ઈસુનો ઉપદેશ :

*૧. આ સંસારમાં જેઓ નમ્ર, સદાચારી, દયાળુ, પવિત્ર અને સંપ તથા શાંતિને વધારનાર છે, તેઓ ધન્ય છે.*

*૨. જ્યારે લોકો તમારી નિંદા કરે, જુલમ કરે ત્યારે તમે તમારી જાતને નસીબદાર સમજો, કારણ કે તેથી તમારું કલ્યાણ જ થવાનું છે.*

*૩. પૈસા તમને શાંતિ નહિ આપે, એનું બળ નહીં માનો. એ જશે ત્યારે તમને સંતાપ થશે.*

*૪. તમે તમારા શત્રુ ઉપર પણ પ્રેમ કરજો, કદી કોઈનો દોષ તો કરશો જ નહિ, જે તમને હેરાન કરે તેમનું હિત ઈચ્છજો.*

*૫. તમે પોતાને દીન કે દયા પાત્ર માનશો નહિ, તમે તો આ દુનિયાનું નૂર છો, જગતનો પ્રાણ છો.*

*૬. તમારા કર્મ અને વાણી તમારા હૃદયનું પ્રતિબિંબ છે.*

*૭. તમે તમારા પરસેવાની રોટી ખાજો. કાલની ફિકર કરશો નહિ. શ્રદ્ધાપૂર્વક પ્રભુને ચરણ જીવન અર્પણ કરજો. હૃદયથી ઈશ્વરભજન કરવું એ જ પ્રભુપ્રાપ્તિનો સાચો માર્ગ છે.*

બાઈબલમાં શ્રદ્ધા, આશા અને ઉદારતા આ ત્રણ બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ મૂસાના જૂના કરારોની દશ આજ્ઞાઓમાં પણ હિંસા, ચોરી, વ્યભિચાર, જૂઠ આદિને નિંદનીય માન્યા છે. ઈસાઈઓ માટે પ્રલોભનોમાં ન પડે. તથા પરીક્ષામાં નાપાસ ન થાય તે માટે પ્રાર્થના બતાવવામાં આવી છે કે જેનાથી મનની શાંતિ અને શુદ્ધિ પ્રાપ્ત કરી શકે. શ્રીમંત અને ગરીબ વચ્ચેના ભેદભાવ વગર સર્વને સમાન ગણ્યાં છે. સહુ ઈસાઈ પોતાની સ્વતંત્ર ઈચ્છાને ઈશ્વરની આજ્ઞાઓને લગાવી દે, જેથી ઈશ્વર સમાન પવિત્ર અને સત્ય-સંકલ્પી થઈ જવાય અને ઈશ્વરની સહભાગ્યતાના અધિકારી થઈ શકાય. તેથી દરેક વ્યક્તિએ ન્યાય, દાન, પ્રામાણિકતા, નૈતિક મૂલ્યો અને સદાચારી જીવન જીવવા માટે પુરુષાર્થ તેમજ સારા શુભ કર્મો કરવા જોઈએ. આ તેમના મૂળભૂત સિદ્ધાંતો છે.

**–સંપાદિકાઓ**

# શીખ ધર્મ અને કર્મવાદ

❑ વર્ષા શાહ

[ *વિદુષી લેખિકા કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ-મુંબઈમાં રીસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કોર્સના પ્રાધ્યાપિકા છે.* ]

**મધ્યકાલીન યુગ અને શીખ ધર્મની ઉત્પત્તિ**

૧૫મી-૧૬મી શતાબ્દી ક્રાન્તિઓનો યુગ હતો. ક્રાન્તિ એટલે આમૂલ પરિવર્તન અર્થાત્ વસ્તુ કે વસ્તુજનિત પરિસ્થિતિએ સર્જેલાં નવાં મૂલ્યાંકનો. માનવજીવન ઘણાં પાસાવાળું હોવાથી વિવિધ ક્ષેત્રે ક્રાન્તિ થયેલી જેવી કે વૈજ્ઞાનિક ક્રાન્તિ, રાજનૈતિક ક્રાન્તિ, સામાજિક ક્રાન્તિ ઇત્યાદિ. આવી જ રીતે ધાર્મિક ક્ષેત્રે પણ વિશ્વમાં ઘણી વિભૂતિઓ થઈ ગઈ જેમણે અજ્ઞાન, કુરિવાજો, મિથ્યા આચાર, ખોટી પ્રણાલિકાઓ, ધર્માંધતા, નૈતિક પતન અને તેને પરિણામે સમાજમાં પેસી ગયેલો સડો દૂર કરવા ભગીરથ પુરુષાર્થ કરી માનવજાતને સુખ અને શાંતિનો સાચો રાહ બતાવ્યો છે. જે ક્રાન્તિથી માનવજાતની સુખ અને શાંતિ વધે તે જ શ્રેષ્ઠ ક્રાન્તિ કહેવાય. આજથી ૫૦૦ વર્ષ પહેલાં શીખ ધર્મનો ઉદય શ્રી ગુરુ નાનકદેવની શિક્ષાઓ (બોધ) સાથે થયો છે. ગુરુ નાનકદેવનો જન્મ ઈ.સ. ૧૪૬૯ લાહોરના તલબંડી (હાલે નાનકના સાહિબ)માં થયો હતો.

જે સત્ય તત્કાલીન રાજનીતિક, ધાર્મિક અને સામાજિક રૂઢિઓ અને કુસંસ્કારો રૂપી અંધકારમાં ડૂબેલું હતું તેને ગુરુ નાનકદેવ પોતાના અંતરંગમાં ઉદિત જ્ઞાન પ્રકાશથી બહાર કાઢ્યું છે. વર્ણભેદ, મૂર્તિપૂજા, અવતારવાદ, જેવા ક્રિયાકાંડમાં ધર્મ મનાઈ રહ્યો હતો ત્યાંથી લોકોને છોડાવી સત્યના પંથે વાળ્યા છે. તેઓ નારીને સન્માનથી જોતા હતા. સતી પ્રથા, પડદા જેવા રિવાજોનો વિરોધ કર્યો.

ગુરુ નાનક એક સારા કવિ પણ હતા. એમની વાણી 'વહેતા નીર' હતી જેમાં ફારસી, મુલ્તાની, પંજાબી, સિંધી, ખડીબોલી, અરબી, સંસ્કૃત અને વ્રજ ભાષા સમાઈ ગઈ હતી. તેઓ પંજાબ, મક્કા, મદીના, કાબુલ, સિંહલ, કામરુપ, પુરી, દિલ્હી, કાશ્મીર, કાશી, હરિદ્વાર જેવા સ્થળો પર જઈને લોકોને ઉપદેશ આપવા લાગ્યા. અધ્યાત્મિક તેમ જ સ્વાનુભાવથી ઓતપ્રોત વાણીથી લોકો આકર્ષિત થતા ગયા.

ગુરુ નાનકનું કહેવું હતું કે હિન્દુ-મુસ્લિમ અલગ નથી અને બધા લોકોને એક જ ભગવાને બનાવ્યા છે. ઈશ્વરનો સાક્ષાત્કાર બાહ્ય સાધનોથી નહીં પણ આંતરિક (ક્રોધ, મોહ, કામ, અહંકાર પર વિજય) સાધનથી સંભવ થઈ શકે. ગુરુનાનક સર્વેશ્વરવાદી હતા. મૂર્તિપૂજાને તેઓ નિરર્થક માનતા હતા. એકેશ્વરવાદની શિક્ષા આપતા ગુરુનાનક આ પ્રમાણે કહે છે–

'(ੴ) ઈક ઓંકાર સતનામ કરતા પુરખ
અકાલ મૂરત નિરભઉ નિરવૈર અજૂની સૈભં ગુરુ પ્રસાદિ.'

જેનો શબ્દાર્થ આ પ્રકારે છે-

ઈક ઓંકાર – ઈશ્વર એક છે
સતનામ – એમનું નામ જ સત્ય છે.
કરતા પુરખ – બધાને બનાવનાર
અકાલ મૂરત – નિરાકાર
નિરભઉ – નિર્ભય
નિરવૈર – કોઈના દુશ્મન નહીં
અજૂની – જન્મ-મરણથી પર
સૈભં – પોતાની સત્તા કાયમ રાખનારા
ગુરુ પ્રસાદિ – ઈશ્વરની કૃપાનું પ્રાપ્ત થવું.

આમ ઈશ્વરને નિર્ગુણ, દયાળુ, કૃપાળુ અને જગતના કર્તા તરીકે સ્વીકાર્યા છે. આ શ્લોક શીખોનો મૂળમંત્ર છે જેમાં પરમાત્માનું વર્ણન છે. જપુજી/ જપ(ઉ)જીમાં મૂળમંત્ર અથવા મહામંત્રનું વિસ્તૃત વિવેચન છે. શીખોનું દૈનિક પઠન નિતનેમ ૫ વિભાગોમાં વિભાજીત છે. તેમાં પહેલો દૈનિક પઠન જપ(ઉ)જી છે.

**ગુરુ નાનકનો સ્વભાવ** – તેઓ કોમળ, માધ્યસ્થ, ન્યાય, અવિરુદ્ધ, વિશાળ, નિઃસ્પૃહ, નિડર, ભાવના, તથા ભક્તિથી ભીંજાયેલું અતંરપટ ઇત્યાદિ અનેક ગુણોથી સુશોભિત સુધારક હતા.

શીખ ધર્મમાં ગુરુને આદરભાવથી જુવે છે-

गुरु गोविंद दून्यँ खडे काके लागुं पाई
बनिहारी गुरु आपणै निमि गोविंद दिया दिखाई।।

શીખ ધર્મનો મર્મ સમજાવવાનું અનેરું કાર્ય એમના ૯ શિષ્યોએ કર્યું જેઓ ગુરુ નાનકની યશકલગી સમાન હતા.

**૧૦ ગુરુઓના નામ ક્રમથી આ પ્રમાણે છે.**

ગુરુ નાનક (સન ૧૪૬૯ - ૧૫૩૯)
ગુરુ અંગદ (સન ૧૫૦૪ - ૧૫૫૨)
ગુરુ અમરદાસ (સન ૧૪૭૯ - ૧૫૭૪)
ગુરુ રામદાસ (સન ૧૫૩૪ - ૧૫૮૧)
ગુરુ અર્જન (સન ૧૫૬૩ - ૧૬૦૬)
ગુરુ હરગોબિન્દ (સન ૧૫૯૫ - ૧૬૪૫)
ગુરુ હર રાય (સન ૧૬૩૧ - ૧૬૬૧)
ગુરુ હર કૃષ્ણ (સન ૧૬૫૬ - ૧૬૬૪)
ગુરુ તેગબહાદુર (સન ૧૬૨૨ - ૧૬૭૫)
ગુરુ ગોવિન્દ સિંહ (ડિસે. ૨૬, ૧૬૬૬- ઑક્ટોબર ૭. ૧૭૦૮)

ગુરુ ગોવિન્દસિંહે સંત અને સિપાહી બન્નેના રુપ ધારણ કરી ભક્તિ અને શક્તિ (ખાલસા)નું સૃજન કરી ભારતીય ચિંતન અને યુદ્ધ કૌશલમાં એક અપૂર્વ યોગદાન આપ્યું.

**શીખોનું ચિન્હ**

વચ્ચે અકાલ પુરખ અને બન્ને બાજુ તલવાર છે. એક તરફ તલવાર

પીરી (ધર્મ-રક્ષા) અને બીજી તરફ તલવાર નીરી (રાજનીતિક લક્ષથી રક્ષા) વચ્ચે ચક્ર છે.

**શીખના બે પ્રકાર**



(૧) **અમૃતધારી (દીક્ષિત)** શીખ, પાંચ ક્કાર હંમેશાં પોતાની સાથે રાખે છે. ૫ ક્કાર છે. (૧) કેશ (વાળ) (૨) કંઘા (કાંસકી) (૩) કડા, (૪) કછહિરા (એક જાતનો શાહી પોશાક), (૫) કૃપાણ (તલવાર)

**(૨) સહેજધારી શીખ** પાંચ ક્કારમાં નથી માનતા.

શીખ દેહધારી ગુરુમાં વિશ્વાસ નથી કરતા. ગુરુ ગ્રંથસાહિબ (ગુરુવાણી)ને ગુરુ તરીકે સ્વીકારે છે.

ગુરુ નાનકના વિવિધ લખાણોનું ક્રમબદ્ધ સંકલન કરનાર પાંચમા ગુરુ અર્જુનદેવ હતા.

**ગ્રંથસાહિબ**

૧૪૩૦ પૃષ્ઠોનો આ બૃહદ ગ્રંથ ૫૮૬૭ શબ્દોમા ૫ ગુરુના લખાણ સાથે નામદેવ, મીરાબાઈ જેવા ભક્તો, કબીર જેવા સૂફી, સંતો, ભટ્ટોની કવિતાઓથી સભર છે. આ બૃહદ ગ્રંથ મૂળ પંજાબી ભાષામાં ગુરુમુખી લિપિમાં લખાયો છે. આ ગ્રંથસાહેબને ગુરુદ્વારા, શીખમંદિર તથા શ્રીમંત શીખોના ઘરોમાં સ્થાપિત કરાય છે. સિદ્ધાન્ત અને ક્રિયાત્મક રૂપથી શીખના બધા જ સાંસારિક અને અધ્યાત્મિક કાર્યો ગુરુદ્વારામાં સંપન્ન થાય છે. ગુરદ્વારાનો અર્થ થાય છે ગુરુનું દ્વાર અથવા ઘર જ્યાંથી વાહિગુરુનું દર્શન થઈ શકે છે. અમૃતસરમાં શીખોનો પ્રમુખ પવિત્ર ગુરુદ્વારા છે. દરેક ઉત્સવ પછી લંગરથી કાર્યક્રમ સંપન્ન થાય છે. લંગર એટલે ભેદ-ભાવ વિના સામૂહિક ભોજન ગ્રહણ કરવું. શીખોનું મુખ્ય કર્તવ્ય છે નિઃસ્વાર્થભાવે સેવા, લંગર અને સંગત (સત્સંગ)

**'वाहेगुरुजी का खालसा वाहेगुरुजी की फतहि.'**

આ વાક્યથી શીખભાઈ આપસમાં એકબીજાને સંબોધે છે.

શીખ પરમાત્મા-શક્તિને તર્ક અને પ્રમાણનો આધાર લઈને સમજાવવાનો પ્રયત્ન નથી કરતા. પણ પરમાત્મામાં રહેલા અલૌકિક, અનાદિ સત્ય ઉપસ્થિતિનો જાતઅનુભવ કરે છે. એટલા માટે વાહે ગુરુજી... ફતહિ ઉદ્ગાર સરી પડે છે.

**શીખમત (ગુરુમત) હુકમ – કર્મ સિદ્ધાન્ત**

ગુરુ ગ્રન્થ સાહિબના જપુ જી અધ્યયનમાં કર્મ (અવિદ્યા), સંસાર પરિભ્રમણ (આવાગમન), જ્ઞાન (ભક્તિ) અને મોક્ષ આ ચતુષ્પદી સ્તંભનો તાત્ત્વિક દૃષ્ટિએ ઉલ્લેખ કર્યો છે.

ચેતન સત્તા સર્વવ્યાપી છે. માયા અને અજ્ઞાનના કારણે ચરાચર સૃષ્ટિમાં દ્વંદ્વ અને સર્વત્ર ભેદ દેખાય છે. અહમ્‌ના કારણે જીવાત્મા અલગ વ્યક્તિત્વ ધારણ કરી પોતાને કર્તૃત્વ માને છે. પરિણામે કર્મ બંધન કરે છે. જેના કારણે વિવિધ જન્મ-મરણ ધારણ કરે છે. જે જીવો પર ગુરુ અને વાહિગુરુની કૃપા (નદરે-કરમ) રહે છે તેઓના સંસાર પરિભ્રમણ મટી જાય છે.

*'હું કંઈક છું'માંથી 'હું કંઈ જ નથી'ના ભાવો સર્જાય છે ત્યારે જ હુકમના ચરણમાં સ્થાન મળે છે.*

ગુરુમત અનુસાર નિમિત્ત અને ઉપાદાન કારણ પરમાત્મા જ છે, એટલા માટે એ સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશ્રેષ્ઠ છે. કાર્ય-કારણવાદ સિદ્ધાન્તમાં 'હુકમ'ને પ્રધાનતા આપી છે. 'હુકમ' ફારસી શબ્દ છે. જેનો અર્થ થાય છે ઈશ્વરીય–દિવ્ય–ડિવાઇન આદેશ, દિવ્ય ફરમાન, રઝા, ભાણા, કુદરત ઇત્યાદિ શબ્દ વ્યાપક અર્થમાં પ્રયુક્ત થાય છે. કર્મનો સિદ્ધાન્ત પણ હુકમના સિદ્ધાન્તમાં સમાઈ જાય છે. હુકમને કારણોના કારણ પણ કહી શકાય.

जो धुरि लिखिआ लेखु से करम कमाइसी ।।

(ગૂજરીવાર મહલા-રૂ. પૃ. ૫૧૦)

**ભાવાર્થ :** હુકમની પરિધિમાં કર્મ કરવાની સ્વતંત્રતા મળે છે. જેમ માછલી નદીની સીમામાં રહીને સ્વતંત્ર રીતે તરી શકે છે તેમ હુકમમાં રહીને જીવાત્માને વિવેકબુદ્ધિથી કર્મ કરવાની સ્વતંત્રતા છે.

શીખ ધર્મ મનુષ્ય જન્મને શ્રેષ્ઠ માને છે કારણ આત્મિક વિકાસની ક્ષમતા એનામાં જ છે.

મનુષ્ય ચાર પ્રકારના કર્મ કરે છે

સ્વાર્થ માટે, કર્તવ્ય સમજીને, નિષ્કામ કર્મ (સેવા-ભક્તિ), વ્યર્થ કર્મ–ચોરી, જુગારાદિ વ્યસનમાં પડવું.

जेहा बीजै सो लुणै करमा संदड़ा खेतु।।

(બારહ માહા, પૃ. ૧૩૪)

**ભાવાર્થ :** માનવ દેહ ! શરીર ખેતર સમાન છે. જેવું વાવેતર (કર્મ) કરવામાં આવે તેવું ફળ પાક (ફસલ) મળે છે.

સારા કર્મ કરવાથી ફક્ત માનવ શરીર મળે છે પણ લેખ લખનારા વિધાતા જ છે. અહમ્ વિસર્જન અને પ્રભુ સ્મરણ (સુમિરન)થી જ મુક્તિ મળે છે. શ્રી ગુરુ નાનક અનુસાર સારા કર્મ સામાજિક અને નૈતિક જીવનનો આધાર મનાય છે. શુભ-સારા કર્મ થકી મનુષ્યના હૃદયમાં શુદ્ધતા-પવિત્રતા આવે છે જેના કારણે સ્વસ્થ અને સારા સમાજની સ્થાપના થાય છે.

ददै दोसु न देऊ किसै दोसु करंमां आपणिआ।
जो मैं कीआ सौ मै पइआ दोसु न दीजे अवर जना।।

(આસા મહલા, પૃ. ૪૩૩)

**ભાવાર્થ :** પોતાના કર્માનુસાર ફળ મળે છે, બીજાને દોષ આપવો વ્યર્થ છે. આ છટકબારી નિષ્ક્રિયતાની સૂચક છે.

'હું કંઈક છું'માંથી 'હું કંઈ જ નથી'ના ભાવો સર્જાય છે ત્યારે જ હુકમના ચરણમાં સ્થાન મળે છે. નમ્રતાના ભાણામાં રહીને અકાલ પુરખની કૃપા અથવા અનન્ય પ્રેમની દિવ્ય અનુભૂતિ જીવાત્માને થાય છે ત્યારે જ એનું અસ્તિત્વ ઓગળવાની શરૂઆત થવા લાગે છે.

उतम से दरि ऊतम कहीआहि नीच करम बहि रोई।

(સિરી રાગુ મહલા-૧, પૃ. ૧૫)

**ભાવાર્થ** – ઈશ્વરના દરબારમાં નીચ કર્મ કરનાર રડે છે. જે લોકો અકાલ પુરખની આજ્ઞાથી વિરુદ્ધ કાર્ય કરે છે તેઓને ભવ

પરિભ્રમણના ચક્કરમાં ૮૪ યોનિઓમાં ભટકવું પડે છે. એને જ ગુરુમત નર્ક કહે છે.

સ્વર્ગ-નર્કની ઈચ્છા કરવી અહમ્‌ને પોષણ આપવા બરાબર છે.

*શીખ ધર્મમાં સ્વર્ગ–નર્ક માટે કોઈ સ્થાન નથી. બન્ને બંધનરૂપ છે. કર્તૃત્વ ભાવનો ત્યાગ કરી વાહિગુરુ સાથે લીન થવું એ જ સ્વર્ગ છે અને હુકમ આજ્ઞા વિરુદ્ધ અશુભ કર્મ કરવાથી ૮૪ યોનિઓમાં પરિભ્રમણ (આવાગમન) કરવું એ જ નર્ક છે.*

શીખ ધર્મમાં સ્વર્ગ–નર્ક માટે કોઈ સ્થાન નથી. બન્ને બંધનરૂપ છે. કર્તૃત્વ ભાવનો ત્યાગ કરી વાહિગુરુ સાથે લીન થવું એ જ સ્વર્ગ છે અને હુકમ આજ્ઞા વિરુદ્ધ અશુભ કર્મ કરવાથી ૮૪ યોનિઓમાં પરિભ્રમણ (આવાગમન) કરવું એ જ નર્ક છે.

મધ્યકાલીન યુગમાં ભક્તિમાર્ગમાં પેસેલા ક્રિયા-કાંડ, અંધશ્રદ્ધા, નિષ્ક્રિયતા જેવા દોષોનો અંત કરવા શીખોને ત્રણ જીવન-સૂત્રો અર્પણ કર્યા છે.

'नाम जपणा', 'किरत करनी' અને 'वंड छवणा'.

નામ જપણા એટલે પ્રભુ સ્મરણ – ખાલી શબ્દ ઉચારણ નથી. સતનામ સ્મરણમાં અંતર્ગામી તત્ત્વ સમાયેલ છે. જે જડ-પૂજાથી પર આત્માભિમુખ ધ્યાન આકર્ષિત કરીને સત્ કર્મ કરવાની પ્રેરણા આપે છે. સંસારથી અલિપ્ત રહીને સંસારની જવાબદારીઓને સફળતાથી પાર પાડવાની એ કળા છે. શીખ સંન્યાસ ગ્રહણ, યાત્રા, ઇત્યાદિ બાહ્યાચાર માન્ય કરતા નથી કારણ અમુક સદ્‌કર્મોથી અહંની પુષ્ટી થાય છે.

'કિરત કરના' - શારીરિક અને માનસિક શક્તિથી ધન ઉપાર્જન કરવું. સ્વાવલંબી જીવન જીવવું.

'વંડ છકણા' - સ્વકમાણીનો દસમો ભાગ જનકલ્યાણ માટે ખર્ચ કરવો.

અહમ્ (કર્તૃત્વભાવ) ત્યાગ કરી પરોપકાર હેતુ જીવન અર્પણ કરીને લક્ષ તરફ આગળ વધવાનું અને વાહે ગુરુ સાથે એક થવું એજ શીખધર્મ બોધ આપે છે.

શીખ ધર્મે મોક્ષ-માર્ગની સાધના માટે વિવેકબુદ્ધિપૂર્વક ભક્તિમાર્ગને મહત્ત્વ આપ્યું છે કારણ શરણાગતિ ને સમર્પણના ભાવો ભક્તિમાં સમાયેલા છે.

हुकमि रजाई चलणा नानक लिखिआ नालि।।

और प्रेमपूर्वक वचन किया: जाइ पुछहु सोहागणी

શીખમત (ગુરુમત)નો કર્મ-હુકમ સિદ્ધાંત

वाहे किनी बाती सहु पाईऔ ?

एक कहाहि सोहागणी भैणे इनी बाती सहु पाईऐ।

आपु गवईऐ ता सहु पाईऔ अउरु कैसी चतुराई।।

(તિલંગ મહલા-૧, પૃ. ૭૨૨)

**ભાવાર્થ :** પ્રસ્તુત પદમાં જીવાત્માનું પરમાત્મા સાથે મધુર મિલનનું ચિત્રણ કર્યું છે.

ગુરુ નાનક 'હુકમ'ને વિસ્મય-આશ્ચર્ય સ્વરૂપ બતાવીને પ્રેમિકાને પૂછે છે કે તારા પ્રેમીને કેવી રીતે મેળવી લીધો. પ્રેમિકા જવાબમાં કહે છે મારા અસ્તિત્વને પ્રેમીમાં સમર્પિત કરી નાખીને મેળવી લીધો. અર્થાત્ વિભાવ જ્યારે સદ્‌ભાવમાં પરિવર્તિત થાય છે ત્યારે જ સતના સાંનિધ્યને માણી શકાય છે. જે પરમાત્મા પ્રત્યે ભક્તિરસમાં ભીંજાય છે તેના આત્મગુણો સ્વયં ખીલવા લાગે છે.

સચખંડની અવસ્થા સ્વરૂપનું વર્ણન કરતાં ગુરુ ગ્રન્થસાહિબ કહે છેઃ

'सुख सहज आनंद भवन साथ संगी गुण गावाहि

तह रोग सोग नहीं जनम मरण'।।

(રામકલી મહલ-૫, પૃ ૮૮૮)

એવી કોઈ અલગ જગ્યા નથી જ્યાં આત્મા (રુહ–Spirit) રહે છે. જીવાત્મા તુરિયા અવસ્થાને પ્રાપ્ત કરે જ્યાં રોગ-શોક જન્મ-મરણથી પર સહુજાનંદ સ્વરૂપમાં રમણા હોય છે.

જપુજીના અંતમાં ધર્મખંડ, જ્ઞાનખંડ, સરમખંડ, કર્મખંડ બતાવીને છેલ્લે સચખંડ બતાવ્યું છે. સચખંડ એ આત્મા-વિકાસની ચરમ અવસ્થા છે.

સ્થૂળ રીતે બન્ને સિદ્ધાન્ત 'કર્મ' અને 'હુકમ' પરસ્પર વિરોધી પ્રતીતિ થાય છે. જો બધું ઈશ્વરીય આદેશ અનુસાર થતું હોય તો પછી શુભ કાર્ય કરવાનો ઉત્સાહ રહેતો નથી અને જો કેવલ કર્મ સિદ્ધાન્ત માન્ય કરવામાં આવે તો પછી ઈશ્વરીય શક્તિનું શું પ્રયોજન ? ગુરુ નાનકજી બન્ને સિદ્ધાન્તનો સમન્વય કરીને કહે છે હુકમનું રહસ્ય જાણવાથી સત્યનો સાક્ષાત્કાર થાય છે. માનવ જન્મ, કર્મફલનો નિયમ, સંસાર સ્વરૂપ (અનંત પ્રસાર) અને રહસ્યને સમજવા એ જ શીખ માટે પુરુષાર્થ છે.

**સંદર્ભ સૂચિ :**


૧. શીખ ધર્મ ફિલોસફી- ભાગ-૫, શીખ મિશનરી કૉલેજ લુધિયાના, ૨૦૦૦

૨. ઇસ્સન્સ ઓફ વર્લ્ડ રિલીજીયનસ્, સંપાદક પ્રવીણભાઈ શાહ, જૈન સ્ટડી સેન્ટર, નોર્થ કેરોલીના, ૧૯૯૪

૩. શ્રી ગુરુ ગ્રન્થસાહિબ, સંપાદક મેદ સિંહ, શીખ હેરિટેજ પબ્લિકેશન, પટીયાલા, ૨૦૧૧

૪. રીલીજીયન્સ ઓફ ઇન્ડિયા, સંપાદક પ્રો. રમેશચન્દ્ર, કોમનવેલ્થ પબ્લીકેશન, દિલ્હી, ૨૦૦૪

૫. સેક્રડ નિતનેમ, હરબન સિંહ ડાઉબીયા (Doabia) સિંહ બ્રધર્સ, અમૃતસર, ૨૦૧૪

૬ તુલનાત્મક ધર્મ-દર્શન (શીખ ધર્મ)

૭. http://www.sikhiwiki.org/index.php/karma


* * *

બી-૩/૧૬, પરેરા લદન, એમ. વી. રોડ, નટરાજ સ્ટુડિયો સામે, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. મોબાઈલ : ૦૯૭૫૭૧૨૪૨૮૨.

# જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને કર્મવાદ

❑ શ્રી બરજોર. એચ. આંટિયા

*[ પ્રતિષ્ઠિત મુલ્લા એન્ડ મુલ્લા કુંપનીના પાર્ટનર શ્રી બરજોર એચ. આંટિયા ગુજરાતમાંથી કરીને બોમ્બે હાઈકોર્ટમાં એડવોકેટ કરીકે જોડાઈ ઈ. સ. ૧૯૬૨માં સોલિસીટર બન્યા. તેઓ ગોલ્ડ મેડાલિસ્ટ છે. પારસી ધર્મનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે અને તેના પર એક વિશદ પુસ્તક પણ બહાર પાડ્યું છે. ]*

**(૧) દુનિયાનો સૌથી જૂનો ધર્મ : (૭૦૦૦ વર્ષ જૂનો)**

રાજ્યો અને શહેરો નાશ થયા. રાજકીય વિચારો બદલાયા. સંસ્કૃતિઓ નાશ પામી, પણ ધર્મના સિદ્ધાંતો આજ સુધી ટક્યા છે મહાન વિદ્વાન Victor Hugo ના કહેવા પ્રમાણે જરથોસ્તી ધર્મનો પ્રભાવ બીજા ધર્મો પર પડ્યો. (Judaism & Christainity), જરથોસ્તી શબ્દનો અર્થ-સોનેરી પ્રકાશ કે સોનેરી તારા થાય. જરથોસ્તી ધર્મએ એના જમાના અને પછીના આવનારા જમાનામાં આધ્યાત્મિક પ્રકાશ ફેલાવ્યો.

**(૨) જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો**

જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો તેમણે રચેલા ગાથામાંથી મળે છે. જેમ હિંદુભાઈઓનું ધાર્મિક પુસ્તક ગીતા છે. તે પ્રમાણે જરથોસ્તી માટે ગાથા છે.

(A) જરથોસ્ત સાહેબ જન્મ્યા ત્યારે લોકો જાદુ અને મૃગાદેવીની પૂજા કરતા હતા. તેથી જરથોસ્ત સાહેબે ગાથામાં શીખવ્યું કે ફક્ત એક જ અદામાં માનવું અને એનું નામ પાડ્યું અહુરા મજદા એટલે ડહાપણના સૂત્રધાર. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાને ચલાવનાર, નિભાવનાર, પાલનહાર, રક્ષણ કરનાર અને તેનો નાશ કરનાર પણ ખુદા છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે ખુદા બધું જાણે છે. અને તેઓ બધે હાજર છે. એક ખુદામાં માનવું એ જરથોસ્તી ધર્મનો પહેલો સિદ્ધાંત છે.

***જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર રચાય છે.***

(B) બીજો અને અગત્યનો સિદ્ધાંત એ અશોઈ છે. અશોઈ એટલે ફક્ત પવિત્ર જ નહીં પણ સચ્ચાઈ, સંયમ અને ઈન્સાફ છે. જે અશોઈનું પાલન કરે છે તે ખુદાને પહોંચે છે.

(C) જરથોસ્તી ધર્મ મહેનત અને મજૂરીને ઘણું વજન આપે છે. જરથોસ્ત સાહેબના વખતના ઈરાનીઓની કફોડી સ્થિતિ જોઈને સખત મહેનતથી જીવન જીવવું જરૂરી બન્યું. અને તેથી જરથોસ્તી ધર્મ ખેતીવાડી અને મહેનતને જરૂરી ગણે છે. વંદીદાદ (૩-૩૦-૩૧) જરથોસ્ત સાહેબ સવાલ પૂછે છે કે, જરથોસ્તી ધર્મ કેમ ખીલે છે ? એનો જવાબ એ છે કે જે ખેતી કરે છે તે અશોઈનું પાલન કરે છે.

(D) જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર આધાર રાખે છે અને એ આધારે માનવીને મળે છે. ટૂંકમાં જરથોસ્તી ધર્મનું શિક્ષણ છે કે તમે જેવું વાવશો તેવું લણશો.

***જેવું વાવશો તેવું લણશો.***

આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, જરથોસ્તી ધર્મ દરેક માનવીને મહાન અને સમાજને ઉપયોગી કામ કરતા શીખવે છે. ભલાને ભલું, બુરાને બૂરું.

(E) જરથોસ્તી ધર્મની બીજી ખૂબી એ છે કે માનવીને દુનિયામાં રહીને દુનિયાને આબાદ બનાવવા કહે છે અને એક બાલકને નાનપણથી એની ફરજો જે બજાવવાની છે તેની કેળવણી આપે છે. વંદીદાદે કહ્યું છે કે જે માનવી પોતાની ફરજો નહીં બજાવે તે ફરજનો ચોર ગણવામાં આવશે. જરથોસ્તી કુટુંબી જીવન પસંદ કરે છે કે તેથી દાદાર હોરમજદ જરથોસ્ત સાહેબને કહે છે કે હું કુંવારા કરતાં બાળબચ્ચાંવાળાને વધુ પસંદ કરું છું.

(F) જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયા અને દુનિયાની દરેક વસ્તુ પ્રગતિ કરે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાની પ્રગતિના છ તબક્કા છે અને છેલ્લા તબક્કે માનવી આવે છે તેની પહેલા ઝાડ-પાન, પ્રાણી, ધરતી, પાણી, આકાશ અને પ્રગતિના તબક્કામાં માનવી છેવટે આવે છે. માનવી પોતાની અક્કલ હોંશિયારીથી બાકીના પાંચ તત્ત્વોની સારી રીતે વ્યવસ્થા કરી શકે છે. જરથોસ્તી ધર્મના સિદ્ધાંત પ્રમાણે દુનિયા પ્રગતિ તરફ આગળ વધે છે.

(G) જરથોસ્તી ધર્મ કહે છે કે દુનિયામાં બે શક્તિઓ છે. (ભલી અને બૂરી). સ્પેનતા અને અંગ્રેજ મેઈન્યુ એ બે શક્તિઓ વચ્ચે હંમેશાં ઝગડા ચાલ્યા કરે છે. અને આખરમાં માનવીની ભલી શક્તિ જ બૂરી શક્તિ પર વિજય મેળવી, સારા કાર્યો કરી અંતે દુનિયા અને પોતાના આત્માનું કલ્યાણ કરે છે. દા. ત. ૨૦ મી સદીમાં માનવીઓએ ટેલીફોન, Fax, Computer અને Internet ની શોધ કરી જેથી દુનિયા એક નાના ગામડા જેવી થઈ ગઈ છે અને ચંદ્ર પર પહોંચ્યા જેવી અદ્‌ભુત સિદ્ધિઓ પણ મેળવી. જે કામના ૨૦૦ થી ૩૦૦ વર્ષ પહેલાં મહિનાઓ લાગતા હતા તે માત્ર એક મિનિટમાં થવા લાગ્યા. એવી મહાન સિદ્ધિઓ માનવીએ ૨૦મી સદીમાં પ્રાપ્ત કરી પણ એની સાથે બૂરી શક્તિનું પણ સંશોધન થયું અને એકબીજાને હરાવવાની અને થોડા કલાકમાં દુનિયાનો નાશ થાય એવી બુરી શક્તિની પણ શોધ થઈ. દુનિયા ભલાઈ અને બુરાઈથી ભરેલી છે. ૩૦૦૦ વર્ષ પહેલાંનો જરથોસ્તી ધર્મ કહે છે કે તમે તમારી ફરજ સમજો અને તમને જે વ્યાજબી લાગે તે અપનાવજો. ભલાઈનો રસ્તો અપનાવશે. તેનું પોતાનું અને બીજા સૌનું ભલું થશે, અને તે વૈકુંઠ પામશે, અને જો બુરાઈ તરફ જશો તો નરક પામશો. જરથોસ્ત સાહેબે ગાથામાં આ બે શર્તો ઉપર વાત કરી છે. અને એમના પછીના ધર્મો દા. ત. ઈસાઈ અને જગુડા ધર્મ

અપનાવી છે.

**(૩) એક સંપૂર્ણ નૈતિક ધર્મ છે :**

જરથોસ્તી ધર્મ માનવીને નૈતિક રીતે જીવતા શીખવે છે. જરથોસ્તી ધર્મ માનવીને પવિત્ર અને પરોપકારી બનવા માટે શીખવે છે કે જેથી એ પ્રગતિ પામે; અને દુનિયામાં પવિત્ર બનવા જરથોસ્તી ધર્મ ત્રણ મુખ્ય શિખામણો આપે છે. હુ:ખત, હુ:ખત, હુ:વશ્ત-સારા વિચારો, સારા વચનો અને સારા કાર્યો, જરથોસ્તી ધર્મ મનની શક્તિ પર ખાસ ભાર મૂકે છે; કારણ કે મનના વશથી માનવી એની જીંદગીનું કોઈ પણ શિખર કબજે કરી શકે છે. મન એના વિચારોથી બહેરાત કે દોજખ પામે છે. વંદીદાદ એટલે બુરાઈની સાથેનો કાયદો છે.

*જરથોસ્તી ધર્મ કર્મવાદના સિદ્ધાંતોને માન્ય રાખે છે.*

૨૦મી સદીના કોઈપણ સંસ્કૃતિ પામેલા દેશના કાયદામાં જે લખેલું છે તે જરથોસ્ત ધર્મના ૩૦૦૦ વર્ષ જૂના વંદીદાદમાં કહેલું છે. જેમકે ખૂન, ચોરી, માલનું વજન કરવામાં ગોટાળો, ખોટા વચનો આપવા, કોઈની બદબોઈ કરવી, લાંચ લેવી, કામદારોના પગાર નહીં ચુકવવા, જૂઠું બોલવું, કોઈના પૈસા ખાઈ જવા, ગેરઅહેવાલ કરવો અથવા સંસ્થાના પૈસા ગેરવ્યાજબી રીત વાપરવા. આ બધી વાતો વંદીદાદમાં નોંધાયેલ છે.

ધર્મની નજરે નીચે જણાવેલા કર્મો પણ એક ગુનો છે. દા. ત. એક બૈરી પોતના ધણીને તરછોડે અથવા એક બાપ પોતાની ઓલાદને પોતાના છોકરા તરીકે કબુલ નહીં રાખે અથવા એક રાજા પોતાની રૈયત પર ક્રૂરતા બતાવે, લાલચ, અદેખાઈ, રાખે- આ રીતે પોતાના વંદીદાદ એક સંપૂર્ણ નૈતિક કાયદો છે. વધુમાં જરથોસ્તી ધર્મ પ્રાણી પર દયા રાખતા શીખવે છે. આ રીતે Society for prevention to Animals ના ધ્યેયોને આ ધર્મે ૩૦૦૦ વર્ષ પૂર્વે અપનાવ્યા છે.

**(૪) જરથોસ્ત એક પર્યાવરણના હિમાયતી :**

૨૦મી સદીમાં ગ્રામ પંચાયત કે પશ્ચિમના દેશો પર્યાવરણ અને પ્રદૂષણ પર ભાર મૂકે છે; ત્યારે આપણા પૂજ્ય પયગમ્બર જરથોસ્ત સાહેબે ૩૦૦૦ વર્ષ પૂર્વે કુદરતી સત્ત્વો જેવાં કે પાણી, હવા, આકાશને સાચવી રાખવા અને તેને માન સાથે પૂજવાનું શીખવ્યું છે. ગ્રીકના ફિલસૂફો જેવા કે હીરો દોતસ, સ્ટોલે, પલુગરદે લખ્યું છે કે જરથોસ્તીઓ સૂરજ, આકાશ, પાણી, જમીન, હવા અને અગ્નિની આરાધના કરતા હતા એ પાણીમાં નહાતા ન હતા. થૂંકતા ન હતા કે કપડાં ધોતા ન હતા. એ જ રીતે ચેપી રોગથી દૂર રહેવાના કાયદાઓ વંદીદાદમાં હજારો વર્ષ પહેલા લખ્યા છે કે એક માણસના મરણ પશ્ચાત પાંચ કલાકમાં એના શરીરમાંથી રોગો બહાર આવે છે. અને તેથી મરેલા માણસના શરીરને જો હાથ લગાડે તો સ્નાન કરવું જોઈએ. આ જ સિદ્ધાંત વીસમી સદીમાં પણ અપનાવ્યો છે કે જે માનવી પીળીયોના દેશમાંથી આવે છે, જેવા કે આફ્રિકાના દેશમાંથી આવે છે અને એની પાસે પ્રમાણ પણ નીહં હોય તો ૯ દિવસ જુદો રાખવામાં આવે છે. જરથોસ્તી ધર્મ અશોઈ પર રચાયો છે. તેની મહત્ત્વતા નીચેની લીટીઓમાંથી માલુમ પડશે.

*‘જીવનનો સરવાળો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે.’*

- *જો તમારા જીવનમાં સચ્ચાઈ હશે, તો તમારી વર્તણુંક સારી બનશે.*
- *જો તમારી વર્તણૂંક સારી હશે, તો તમારા ઘરમાં સલાહસંપ વધશે.*
- *જો તમારા ઘરમાં સલાહસંપ હશે તો દેશમાં શિસ્ત આવશે અને જો તમારા દેશમાં શિસ્ત હશે તો વિશ્વમાં શાંતિ આવશે.*

**(૫) જરથોસ્તી ધર્મ અને કર્મવાદ**

જરથોસ્તી ધર્મ કર્મવાદના સિદ્ધાંતોને માન્ય રાખે છે, જરથોસ્તી જરથોસ્તી ધર્મનું પુસ્તક ગાથા છે જે જરથોસ્ત સાહેબની વાણી છે. અહુનપંદ ગાથાના ત્રીસમા હાના અગિયારમા ફકરામાં દાદર અહરમનદ જરથોસ્ત સાહેબને કહે છે કે જેઓ સચ્ચાઈના (અષોઈ) માર્ગ પર ચાલશે તેનું કલ્યાણ થશે અને જેઓ સચ્ચાઈનો માર્ગ છોડશે તેઓ લાંબા સમય સુધી અહેરાન થશે. ટુંકમાં જેઓએ આ જગતમાં સુખી થવું હોય તો સચ્ચાઈનો માર્ગ પકડી રાખવો જોઈએ.

**કર્મવાદને માટે જરથોસ્તી ધર્મમાં બીજા ધાર્મિક સુચનો નીચે જણાવ્યા પ્રમાણે છે.**

(૧) ‘અશેમ વોહુ વહિશ્તેમ અસ્તી ઉશ્તા અસ્તી’ યાને અશોઈની બક્ષેશ એ ઉત્તમમાં ઉત્તમ ન્યામત છે; અને તેમાં જ ખરૂં સુખ સમાયું છે:- તેથી અશોઈનો નિયમ (Law of Righteousness) આદમીને સીધે માર્ગે દોરવી તેના આત્માને આનંદ આપે છે.

(૨) ‘અકેમ અકાઈ વં ધહુઈમ અશીમ વં ધહવે’ જે ભુંડાઈ કરશે તેનું ભુંડું થશે અને જે ભલાઈ કરશે તેને ભલા આશીર્વાદ મળશે: As you sow, so shall you reap કરેગા સોહી પાવેગા! માટે ભલાઈની ખેતી કરો તો ભલાઈ પામો, અને બીજાનું ભુંડું કરો તો તમારી જ જીંદગીમાં અણગમતો નતીજો આવી ઊભો રહેશે. ભુંડાઈ કરી કોઈ સુખી થનાર નથી.

(૩) ‘વીસ્પ દુશ્મત, વીસ્પ દુઝુખ્ત વીસ્પ દુઝવર્શ્ત નોઈત બઓધો વર્શ્ત... અચીશ્તેમ અં ધુહીમ અશએત’... યાને આદમી જે કાંઈ ખરાબ વિચાર, વચન અને કામો કરે તેનું મૂળ કારણ તેનું અજ્ઞાન (Ignorance) છે, અને તેના પરિણામે દોઝખ યાને બહુ કંગાલ હાલત તરફ આપણે ઘસડાઈ જઈએ છીએ. દોજખ તો જીવતાં જીવત તેમજ મરણ બાદ થતી દુ:ખી હાલતનું નામ છે.

(૪) ‘ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહમાઈ ચીત’...યાને તમોને સુખ જોઈતું હોય તો બીજા કોઈને પ્રથમ સુખ આપો; અને પરોપકાર વડે તમોને પોતાને સુખ પણ મળશે.

(૫) ‘અશ વહીશત અશ.સ્ત્રએશ્ત દરેસામ થ્વા...હમેમ થ્વા હખ્મ’ ય્યાને અશોઈનો ઉત્તમ સુંદર નીયમ પાલ્યે તો ખુદાનાં દર્શન થાય અને તે પછી પરવરદેગાર ના દોસ્ત બનીને તેમની અંદર સમાઈ જઈએ.

ટુંકમાં જરથોસ્તી ધર્મ દુનિયાના લોકોને સલાહ આપે છે કે ‘જીવનનો સરવાળો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે’

તથાસ્તુ!

✶ ✶ ✶

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના તા. ૨૬-૮-૨૦૦૬ આપેલ પ્રવચન)

# 'કર્મ સિદ્ધાંત' – જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ

❑ છાયાબેન શાહ

*[ ડૉ. છાયાબેન પી. શાહે પંડિત પ્રભુદાસ બેચરદાસના જીવન ઉપર પીએચ. ડી કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠના જૈન કેન્દ્રમાં સેવા આપી રહ્યા છે. પર્યુષણમાં યોજાતી વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપે છે. સારા કવયિત્રી છે. તેમના બે કાવ્ય સંગ્રહ પ્રગટ થયા છે.સારા લેખક છે તેમજ જૈન ધર્મના અભ્યાસુ છે. ]*

દરેક ભારતીય દાર્શનિક અને નૈતિક વિચારધારાએ કર્મવાદને એક યા બીજી રીતે સ્વીકાર્યો છે. વેદ તેને માયા કહે છે. વૈશેષિક તેને અદૃષ્ટ કહે છે. બૌદ્ધ દર્શન તેને વાસના કે અવિજ્ઞપ્તિ કહે છે. દરેકે પોતાની રીતે કર્મવાદનું પૃથ્થકરણ કર્યું છે. જૈન દર્શને કર્મસિદ્ધાંતનું તદ્દન આગવી શૈલીથી નિરૂપણ કર્યું છે. જૈન દર્શને કર્મ સિદ્ધાંતનું સૂક્ષ્મ કાંતણ કર્યું છે. આથી ઈતર દર્શનો પણ કોઈ મત-મતાંતર વગર એ વાત સ્વીકારે છે કે જૈન દર્શને કર્મ સિદ્ધાંતની જે બુદ્ધિગમ્ય, હૃદયસ્પર્શી અને ન્યાયપુરઃસર સમાલોચના કરી છે તે અન્ય ક્યાંય નથી.

આમ તો જૈન દર્શનના આ કર્મ સિદ્ધાંતને સમજવો હોય તો પાત્રતા પામવી પડે, આરાધના કરવી પડે અને ઉપાસના આદરવી પડે. પરંતુ આ લેખમાં માત્ર એક સીમિત દૃષ્ટિકોણ રાખી આ કર્મ સિદ્ધાંતની સમજ રોજીંદા જીવનમાં કેવી રીતે ઉપયોગી છે ? જીવનની વિવિધ શંકાઓ અને સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરે છે ? જીવનના મૂલ્યો કેવી રીતે સમજાવે છે, ઉન્નતિનો માર્ગ કેવી રીતે બક્ષે છે તેની વાત કરવી છે. કર્મ સિદ્ધાંતની વાસ્તવિકતાને સ્પર્શવી છે.

જૈન દર્શન અનુસાર 'કર્મ' એટલે કોઈ કર્તવ્ય, ક્રિયા કે પુરુષકૃત પ્રયત્ન નહીં, પરંતુ કર્મ એટલે માત્ર 'પુદ્ગલ પરમાણુઓનો પિંડ', માત્ર ભૌતિક પુદ્ગલોનો જથ્થો, જે આત્માની શક્તિઓને આવરી લે છે. આચ્છાદિત કરે છે અને તેના વિપાકો ભોગવવા મજબૂર કરે છે. કર્મ સિદ્ધાંતની આ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને એ સિદ્ધાંત વાસ્તવિક રીતે કેવી રીતે સાંપ્રત સમયમાં ઉપયોગી છે, તેની ચર્ચા કરીશું.

સાંપ્રત સમય માત્ર ભૌતિક પ્રગતિને પોતાનું લક્ષ્યાંક માને છે. તેની આડઅસર રૂપે માનવી કેટલીક સમસ્યાનો ભોગ બન્યો છે.

પહેલી સમસ્યા છે 'નિષ્ફળતા'. સાંપ્રત સમયમાં ભૌતિક સુખો પામવાની ઘેલછામાં વ્યક્તિ શક્તિથી ઉપર પામવાનો પ્રયત્ન કરે છે. પરિગ્રહ તેને અંધ બનાવે છે. ગજા ઉપરાંત પામવાની ઘેલછા તેને ક્યારેક નિષ્ફળ બનાવે છે. વ્યક્તિને જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તે બધી રીતે ભાંગી પડે છે. તેની પ્રવૃત્તિ નિષ્પ્રાણ બની જાય છે. પોતાની જાતે જ આશાના દ્વાર બંધ કરી દઈ, નિરાશાના બંધ બારણે તદ્દન એકલો બની જઈ ગુંગળામણ અનુભવે છે. આવા સમયે કર્મ સિદ્ધાંતની સમજ તેને હાથ પકડીને બહાર લાવે છે. તેને સમજાવે છે કે તેને મળેલ નિષ્ફળતા એ પોતે જ બાંધેલા કર્મોનો વિપાક છે. ઉદયમાં આવેલા કર્મોનો બીજો કોઈ પ્રત્યાઘાત આપવાને બદલે તેને સમતા અને સ્થિરતાથી સહન કરી લેવાનું કહે છે. પૂર્વે બાંધેલા કર્મને, સત્કૃત્યોના આચરણથી નિર્જરીત કરી શકાય છે. એ રીતે આ નિષ્ફળતાને સફળતામાં ફેરવવી એ તારા હાથમાં જ છે. કર્મ સિદ્ધાંતની આ સમજથી પેલી વ્યક્તિમાં નવી આશાનો સંચાર થાય છે. જેમ જેમ આ મળેલી સમજ અનુસાર સત્કૃત્યોના આચરણ દ્વારા પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કરતો જાય છે તેમ તેમ તેના સફળ પરિણામો પ્રાપ્ત કરતો જાય છે. અંતે નિષ્ફળતાની વેદનામાંથી સંપૂર્ણ પણે મુક્ત થઈ આનંદના આકાશમાં વિહરણ કરે છે.

વર્તમાન સમયમાં માનવી વધુ ને વધુ એકલો થતો જાય છે. આ યોગીની એકલતા નથી. મૉબાઈલ, કૉમ્પ્યુટર વગેરેના અતિરેકથી માનવી તદ્દન એકલો થતો જાય છે. માનવી સામાજિક પ્રાણી છે તે વાત ભૂલાતી જાય છે. અમુક હદ પછીની એકલતા અનેક અનર્થો ઊભા કરે છે. તે ભયભીત બનતો જાય છે. લઘુતાગ્રંથિથી પીડાય છે. ગુંગળામણ અનુભવે છે. દુઃખી બનતો જાય છે. અહીં કર્મ સિદ્ધાંતની સમજ આખી બાજી પલટાવી શકે છે. કર્મ સિદ્ધાંત આવી વ્યક્તિ સામે આત્મશક્તિનું દર્પણ ધરી દે છે. આ દર્પણમાં તે વ્યક્તિને તેનું શક્તિમય સ્વરૂપ બતાવે છે. તેને પ્રતીતિ કરાવે છે કે તું કોઈ સામાન્ય પ્રાણી નથી. તારી અંદર રહેતો આત્મા અનંત શક્તિનો માલિક છે. તને જો અવધિજ્ઞાન થાય તો તારો આત્મા ત્રણેય લોકમાં રહેલા રૂપી (પુદ્ગલ) પદાર્થોને જોઈ શકે છે. તને જો મનઃપર્યવજ્ઞાન થાય તો તારો આત્મા અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના સમગ્ર મનોગત ભાવોને જાણી શકે છે. અંતે જો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તો તે સર્વ ક્ષેત્ર, દ્રવ્ય અને કાળ એક સાથ સામટું ગ્રહી શકે છે. તારો આત્મા અનંત શક્તિનો માલિક છે. તો પછી તું આવી માનસિક પીડાઓ શા માટે ભોગવે છે ? તારી અંદર રહેલા આત્મામાં તો ત્રણેય ભુવન પર સામ્રાજ્ય કરવાની શક્તિ રહેલી છે. માટે 'ઊઠ', ઊભો થા. શાસ્ત્રકારોએ બતાવેલો પુરુષાર્થ આદરી પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કર, શુભકર્મો બાંધી આત્મશક્તિને જાગૃત કર.

દર્પણમાં પોતાના આત્માનો આવો વૈભવ જોઈ પેલી વ્યક્તિને પ્રથમવાર આનંદની પ્રતીતિ થાય છે. તે પોતાની એકલતાને આત્મશક્તિ જાગૃત કરવામાં પલટાવી નાખે છે. કર્મસિદ્ધાંત એને

સમજાવી દે છે કે તારું હિત તારા હાથમાં જ છે. આવી સમજ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિ આત્મશક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવા માંડે છે. જેમ જેમ આત્મશક્તિઓ પ્રાપ્ત થતી જાય છે તેમ તેમ બધી જ માનસિક પીડાઓમાંથી બહાર નીકળતો જાય છે અને નિજાનંદમાં મસ્ત બનતો જાય છે.

કર્મસિદ્ધાંતની સમજ વ્યક્તિને અંધશ્રદ્ધાના વમળમાંથી બહાર કાઢે છે. વ્યક્તિ પોતાના વિઘ્નો, સમસ્યા, મુસીબતો વગેરેથી મુક્તિ પામવા ક્યારેક ચમત્કાર, દોરા, ધાગા, ભોગ વગેરે અંધશ્રદ્ધાના રવાડે ચઢી જાય છે. તેમાં ક્યારેક પૈસા, પ્રતિષ્ઠા ગુમાવે છે તો ક્યારેક નિર્દોષ જીવોનો ભોગ આપે છે. આવી વ્યક્તિ જો કર્મસિદ્ધાંત સમજે તો આ અંધશ્રદ્ધાનો ભોગ બને જ નહીં. પોતે જ બાંધેલા ક્રમ પોતે ભોગવી રહ્યો છે, એટલું જ નહીં પણ સત્કૃત્યો કરીને પૂર્વબંધકૃત કર્મોને તે શુભકર્મમાં પરિવર્તીત કરી શકે છે. એ રીતે પોતાના વિઘ્નોને પોતે જ સફળ રીતે દૂર કરી શકે છે. આવી સમજ મળતા તે સ્વયં જ જાગૃત થઈ જાય છે.

વિશ્વમાં કોઈ દુ:ખી, કોઈ સુખી, કોઈ બુદ્ધિશાળી તો કોઈ અજ્ઞાની, કોઈ રોગી તો કોઈ સ્વસ્થ–આવી વિવિધ તરતમ્યતાઓ છે. આનું કારણ શું ? ઈતર ધર્મો ઈશ્વરને એ જવાબદારી સોંપે છે. ઈશ્વરેચ્છા પ્રમાણે બધું થાય છે. જ્યારે જૈન ધર્મનો આ કર્મ સિદ્ધાંત ઈશ્વરને 'સૃષ્ટિનો બનાવનાર નહીં પરંતુ સૃષ્ટિનો બતાવનાર' તરીકે બતાવે છે. જે તરતમત્યાઓ અને વૈવિધ્યતાઓ છે તે માત્ર અને માત્ર કર્મને જ આભારી છે. સ્વકૃત કર્મ જ બધી વ્યવસ્થા ચલાવે છે. આનો અર્થ એ થયો કે વ્યક્તિને ઈશ્વરની મહેરબાની કે ઈશ્વરના પ્રકોપના ભોગ બનવાની મજબૂરી છે જ નહીં. વ્યક્તિ સ્વપુરુષાર્થ કરી પોતાનું કલ્યાણ કરી શકે છે. આ સ્વપુરુષાર્થ કરી શકવાની શક્યતા વ્યક્તિને નવું જોમ આપે છે. પોતે શુભ કર્મો કરી સ્વ-પર કલ્યાણ કરી શકે છે તે વિચાર તેને ઉત્સાહ આપે છે ને તેથી જ જેને આ કર્મ સિદ્ધાંત સમજાયો છે તેવા અનંતા આત્માઓ સ્વપુરુષાર્થ દ્વારા પોતાનું કલ્યાણ કરી ગયા છે અને બીજાને પ્રેરણા આપતા ગયા છે. આ રીતે કર્મ સિદ્ધાંત વ્યક્તિને સ્વપુરુષાર્થ કરવાની પ્રેરણા આપી જીવનને નંદનવન સમું બનાવી શકે છે.

અંતમાં જેને સ્વયંકૃત કર્મોને સંપૂર્ણપણે નિર્જરીત કરી નાખ્યા છે અને જેઓ મુક્તાત્મા બની ગયા છે એવા આત્માઓનું શરણ લેવાથી, એમની ભક્તિ કરવાથી જીવનમાં શાંતિ, સૌભાગ્ય અને સુખની પ્રાપ્તિ થાય છે.

આમ કર્મ સિદ્ધાંત વાસ્તવિક જીવનને સ્પર્શી જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ બને છે.

✱ ✱ ✱

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૧૨૮૬૦. મોબાઈલ : ૦૯૯૯૮૩૩૬૯૯૨

## લાલચ બૂરી ચીજ છે!

એક ન્યાયાધીશ, ઘણાં પવિત્ર અને પરોપકારી. વેકશનનો સમય આવ્યો અને ફરવા જવાનું મન થયું. પરિવાર સહિત શેઠ ફરવા ગયા. ફરીને પાછા આવતા સ્ટેશન ઉપર ઉતર્યાં. ગામથી થોડે દૂર તેમનું ઘર હતું. એક ઘોડાગાડીને ઊભી રાખી. પત્ની તથા બાળકોને બેસાડ્યાં અને પોતે પ્રભાતનો સમય છે સ્ફૂર્તિવાળું હવામાન છે, તેથી ચાલતા ચાલતા આગળ વધે છે. ઘોડાગાડી આગળ ચાલવા લાગી. રસ્તામાં વાડીઓ આવી. એ વાડીના છેડે ઝાડમાં લટકતી કેરીઓ જોઈને શેઠાણીને મોંમાં પાણી આવી ગયું. ઉનાળાનો સમય છે, અથાણું કરવા કામ લાગશે, તેમ વિચારી ઘોડાગાડીવાળાને ઊભો રાખ્યો.

ગમે તેવા પૈસાદાર હોય, તેને મફતનું મળે તો મૂકે ખરા ? માણસનું મન સદાય અતૃપ્ત જ છે. કેરી જોઈને શેઠાણીનું મન લલચાયું. ઘોડાગાડીવાળો કહે: 'શેઠાણીબા, કેરી જોઈતી હોય તો ચાબૂક મારીને ઉતારી દઉં ?' શેઠાણી તો ખોળો પાથરીને બેસી ગયાં. કેટલીય કેરી ભેગી થઈ, પણ હજુ શેઠાણી ના નથી પાડતા. એક કેરી જોરથી પછડાઈને શેઠાણીના હાથમાં રહેલી બંગડી ઉપર પડી. તે બંગડીમાંથી હીરા છૂટા પડી વેરાઈ ગયા અને કાંટાની વાડમાં ફસાઈ ગયા. હવે હીરા કેમ વીણી શકાય ? શેઠાણીનું મોંઢું ઢીલું થઈ ગયું.

ઘોડાગાડીમાં બેસી માંડ માંડ ઘેર પહોંચ્યાં. ન્યાયાધીશ તો આનંદમાં છે. પણ શેઠાણી બહુ ઉદાસ છે. પૂછે છે: 'કેમ આજે તમારું મોંઢું પડી ગયું છે ? મુસાફરીનો બહુ થાક લાગ્યો છે ?'

'ના...ના...' શેઠાણીએ બધી વાત કરી. શેઠ કહે: 'તારું મન બગડ્યું તેનો જ આ દંડ છે.' જ્ઞાની કહે છે: 'જો જો, ખોટામાં ક્યાંય લલચાશો નહિ. જો લલચાશો તો ક્ષણિક આનંદ આવશે, પણ તમારું મન બગડ્યું અને તેનાથી જે કર્મ બંધાયાં તેનો દંડ પણ તમારે ભોગવવો પડશે. સરકારી માણસો ધાડ પાડવા આવ્યા અને માણસને એમ થાય કે-'કોઈને ખબર ન પડી. બધું સગેવગે થઈ ગયું અને બચી ગયા,' પરંતુ અન્યાય, અનીતિથી ઉપાર્જન કરેલી સંપત્તિ અંતે ખોટે રસ્તે જ ચાલી જાય છે.

*ખોટા રસ્તે જે આવે રકમ, ખોટા રસ્તે તે ચાલી જવાની*
*ટીપે ટીપે તિજોરી ભરી, ખોબે ખોબે એ ખાલી થવાની...*

'કંકણનો બોધ–આત્માની શોધ'માંથી ઉધ્ધૃત

પુસ્તકનું નામ : **રાયપસેણિસુત્તં**
આચાર્ય પ્રવર શ્રી મલયગિરિ સૂરિરચિત વૃત્તિયુતં સ્થવિર ભગવંત વિરચિતમ્
સંશોધક-સંપાદક : આચાર્ય વિજય મુનિચન્દ્ર સૂરિ
પ્રકાશક : ૐકારસૂરિ આરાધના ભવન ગોપીપુરા, સુરત
મૂલ્ય-૪૦૦/-, પાના-૩૫૬,
આવૃત્તિ-વિક્રમ સંવત-૨૦૭૦, ઈ. સ. ૨૦૧૪.
પ્રાપ્તિસ્થાન :
આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર,
સેવંતીલાલ એ. મહેતા,
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૧.
ફોનઃ ૨૬૬૭૫૧૧. મો.:૯૮૨૪૧૫૨૭૨૭

પૂ. આ. ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરિજી મ.સા. સંપાદિત સંશોધિત રાજપ્રશ્નીયસૂત્રનું આ. મલયગિરિસૂરિજીની ટીકા સાથે રચાયેલ પ્રકાશન છે. આ ગ્રંથના સંપાદનમાં પ્રાચીન તાડપત્રીય પ્રતોનો ઉપયોગ થયો છે.

વિક્રમના બારમા અને તેરમા સૈકામાં જિનાગમોના અને અન્ય પ્રકરણ ગ્રન્થોના આઠ મહાન વ્યાખ્યાકારો થયા. તેમાંના એક મહાન વ્યાખ્યાકાર આ. મલયગિરિ છે. તેમણે વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું છે. એમની ટીકાને માના ધાવણની ઉપમા આપવામાં આવી છે. દરેક વસ્તુને તેમણે સરસ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. કોઈપણ જટીલ વસ્તુને સમજાવવા તેમણે અનેકવિધ રીતે ચર્ચા કરી છે. ક્યારેક એક ગાથાની વ્યાખ્યા ૫૦૦ શ્લોક પ્રમાણના વિસ્તાર સુધી કરી છે. આ. મલયગિરિસૂરિએ ગ્રન્થમાં છેડે પોતાનો પરિચય કે ગુરુ પરંપરાની કોઈ વિગત આપી નથી. એક બે અપવાદ સિવાય તેઓએ પોતાની આચાર્ય પદવીનું સૂચન કરવાનું પણ ટાળ્યું છે. મોટે ભાગે મલયગિરિણા એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

તેઓ શ્રી સૌ પહેલાં મૂલસૂત્ર કે શ્લોકના શબ્દાર્થની વ્યાખ્યા કરતાં જે સ્પષ્ટ કરવાનું હોય તે સાથે કહી દે છે. ત્યાર પછી જે વિષયો પર સ્પષ્ટીકરણની આવશ્યકતા હોય ત્યાં વક્તવ્યનો સાર કહી દે છે. સાથે તેઓ વિષમ શબ્દોના અર્થો અને ભાવાર્થ લખવાનું પણ ભૂલતા નથી. તેમજ ભાષાની પ્રાસાદિકતા અને

# સર્જન –સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

અર્થ તેમજ વિષય પ્રતિપાદન કરવાની વિશદ પદ્ધતિને લીધે શ્રી મલયગિરિની ટીકાઓ સમગ્ર જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામ્યા છે. આ મલયગિરિ એકાન્ત નિવૃત્તિ માર્ગના ધોરી અને નિવૃત્તિ માર્ગ પરાયણ હોઈ આપણે તેમને નિવૃત્તિ માર્ગ પરાયણ જૈન ધર્મની પરિભાષામાં આગમિક અને સૈદ્ધાન્તિક યુગ પ્રધાન આચાર્ય તરીકે ઓળખીએ છીએ એ જ યોગ્ય છે.

x x x

**પુસ્તકનુ નામ : સદ્‌ગુરુ શરણં મમ:**
લેખક : આચાર્ય યશોવિજયસૂરિ
પ્રકાશક : આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
મૂલ્ય : રૂા. ૨૨૫/-, આવૃત્તિ-વિ. સં. ૨૦૭૦, મહાસુદ-દસમ.
પ્રાપ્તિસ્થાન : (૧) સેવંતીલાલ એ. મહેતા
૪-ડી સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવા લાઈન્સ, સુરત. ફોન : ૨૬૬૭૫૧૧.
(મો.) ૯૮૨૪૧૫૨૭૨૭.
(૨) સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આચાર્ય યશોવિજયસૂરિએ આ ગ્રંથ ગુરુદેવ પૂજ્યપાદ શ્રીમદ્ વિજય અમૃતસુરિશ્વજી મહારાજાના સંયમ જીવનના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં પ્રકાશિત કર્યો છે.

લેખકે આ ગ્રંથમાં પોતાના ગુરુદેવ માટે લખ્યું છે કે 'ગુરુદેવનું મૌનના લયમાં રહેતું પ્રવચન સાધકને પેલે પાર પહોંચાડી દે છે.'

ભક્તને અનન્ય, પ્રભુમય બનાવે તે જ સદ્‌ગુરુ. સદ્‌ગુરુ આપણાં હાથને ઊંચકીને પ્રભુ જોડે આપણું મિલન કરાવે છે.

લેખક શ્રી સદ્‌ગુરુની મહત્તા સમજાવવા માટે આ ગ્રંથના બાવીસ પ્રકરણોમાં આનંદઘનજી, સંભૂતિવિજયજી, ગુરુ ગૌતમ સ્વામી, માઈકલ એન્જેલો, શ્રીકૃષ્ણ, પૂ. મુક્તિવિજયજી મહારાજ, વિદ્વાન ઓસ્પેન્સ્કી, યોગનન્દજી, આ. હરિભદ્ર સૂરિ, આ. જમ્બૂવિજયજી વગેરેના જીવન પ્રસંગો સમજાવ્યા છે.

સદ્‌ગુરુની મહત્તા સમજવા માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે.

x x x

**પુસ્તકનુ નામ : પ્રસંગબિંદુ**
**લેખક : આ. મુનિચન્દ્રસૂરિ**
અનુવાદ : ડૉ. કરણસિંહ
શ્રીમતિ અનુપા ચૌહાન
પ્રકાશક : આ. ઓમકારસૂરિ જ્ઞાન મંદિર, ગ્રંથાવલી, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૧૩૦.
પ્રાપ્તિસ્થાન : આ. ઓમકારસૂરિ જ્ઞાન મંદિર, આ. ઓમકારસૂરિ આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા સુરત.
ફોન : (૦૨૬૧) ૨૬૬૭૫૧૧.
મો. : ૯૮૨૪૧૫૨૭૨૭

પૂ. આ. ભ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજ સાહેબ પાંત્રીસ વર્ષથી 'પ્રસંગ પરિમલ' કોલમના માધ્યમ દ્વારા પ્રસંગ કથાઓ લખતાં રહ્યાં છે.

આ પુસ્તકમાં વાર્તાકારે ૪૩ વાર્તાઓનું સર્જન કરી પ્રકાશિત કરી છે. વિશ્વવિખ્યાત ચિત્રકાર લિયોનાર્ડો-દ વિન્ચીના જીવનની ઘટના પર વાર્તા, ઈરાનના બાદશાહ હારૂન-અલ-રશીદની વાત, અહમદશાહ બાદશાહની ન્યાયપ્રિયતા બર્નાર્ડ શૉનો વ્યંગ્ય, મહાકવિ હર્ષ, દલીચંદ શેઠ, ટૉમસ આલ્વા એડીસન, ભક્ત કુંભનદાસ, ગાંધીજીનો આચાર વાણીનો વિવેક, પ્રજાવત્સલ રાજા ભીમસેનનો પ્રજાપ્રેમ, ભારતેન્દુની દાનપ્રિયતા, ડૉ. લોહિયાની ભાષાશુદ્ધિ પ્રિયતા, શેઠ હુસેનની ધર્મપ્રિયતા, શેઠ કાલિદાસની ક્ષમાશીલતા વગેરે સરળ અને સચોટ વાણીમાં અભિવ્યક્ત થઈ છે એ જ લેખકશ્રી આ. મુનિચન્દ્રની વિશેષતા છે.

નાનકડી કથાઓ જ્ઞાનપ્રેરક છે અને અસીમ આનંદનો અનુભવ કરાવનારી છે.

x x x

**પુસ્તકનું નામ : આત્મા એ જ પરમાત્મા**
**લેખક : ડૉ. જે. એમ. શાહ**
પ્રકાશક : શ્રીમતિ પ્રેમિલાબહેન જયંતીલાલ શાહ પરિવાર, 'પ્રેમ જ્યોતિ' બંગલો, ૭-બી જીવન સ્મૃતિ સોસાયટી, મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન :
(૦૭૯) ૨૭૪૩૫૪૧૮, ૨૭૪૭૦૫૯૪.

મો. : ૯૩૨૭૫૪૦૯૫૬. ડૉ. જે. એમ. શાહ
મૂલ્ય : સ્વાધ્યાય, પાના : ૧૦૨, આવૃત્તિ : પ્રથમ, જાન્યુઆરી-૨૦૧૫.

'આત્મા એ જ પરમાત્મા' પુસ્તક એટલે ગાગરમાં સાગર સમાવવાનો ઉત્તમ પ્રયત્ન. આ પુસ્તકમાં ભારતીય તત્ત્વજ્ઞાનના પાયામાં રહેલી ખોજની વાત છે. આ પ્રયત્નમાં અભ્યાસની સાથે નિરીક્ષણ, અનુભવ, તર્ક અને શાસ્ત્રજ્ઞાન સઘળું સુપેરે ગૂંથાયેલું છે.

આ પુસ્તકમાં લેખકે અમૂલ્ય એવા મનુષ્ય જન્મની ભૂમિકા આપીને આત્માના શુદ્ધ સ્વરૂપની જાણકારી માટેનો માર્ગ દર્શાવ્યો છે. શુદ્ધાત્માનું ભાન અને જ્ઞાન એ બંને પર ભાર મૂકે છે. શુદ્ધાત્માના ભાન સાથે કર્મજનિત અશુદ્ધિઓ દૂર કરીને પરમતત્ત્વના પ્રાગટ્યનો પંથ દર્શાવે છે. ત્યારબાદ શુદ્ધાત્માનાં લક્ષણો અને આત્મજ્ઞાનની વાત કરે છે. 'આત્માને ભવભ્રમણમાંથી બહાર કાઢનારું જ્ઞાન એ આત્મજ્ઞાન છે.' એ વાત પર ઝોક આપે છે અને એ સંદર્ભમાં ચૌદ ગુણસ્થાનની ચર્ચા કરે છે. આત્માના ત્રણેય સ્વરૂપ-બહિરાત્મસ્વરૂપ, અંતરાત્મસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપનો પરિચય આપીને 'નય'ના સંદર્ભમાં આત્માની ઓળખ આપે છે. લેખકની આત્મ જાગૃતિમાંથી સર્જાયેલું આ આત્મચિંતન છે.

આત્માના વિકાસની કેડી કંડારનાર આ પુસ્તક વાચકના આત્માને અજવાળે એવું છે

x x x

**પુસ્તકનુ નામ : સાસુ મા વંદના**
લેખિકા-લેખક :
શ્રીમતિ રાજુલબેન – રમેશકુમાર શાહ
મૂલ્ય : અમૂલ્ય-હૃદયપરિવર્તન. પાના : ૧૫૦.
પ્રાપ્તિસ્થાન : શ્રીમતી રાજુલ બહેન રમેશકુમાર શાહ, ૬, ત્રિપાઠી સદન, એસ.વી. રોડ, જોગેશ્વરી (પૂર્વ), ફોન : ૨૬૭૯૬૩૩૯.

જીવનનાં પ્રત્યેક વ્યવહારમાં જ્યારે જ્યારે એક સાસુ-માતાની ભૂમિકા સફળતાપૂર્વક નીભાવી શકતી હોય અને એક વહુ દીકરી બનીને રહી શકતી હોય ત્યારે ત્યારે-રચાય છે અને રચાય છે અને સર્જાય છે –'સાસુ મા વંદના.'

એક પ્રતિભાસંપન્નસ જાજરમાન, આકર્ષક વ્યક્તિત્વ ધરાવનાર પરમ સન્માનીય સન્નારી અને સમાજસેવિકા શ્રીમતી રાજુલ રમેશકુમાર શાહ રચિત 'સાસુ મા વંદના' આવકાર્ય છે.

આ પુસ્તકના લખાણમાં તેઓશ્રીએ હૃદયની ઉર્મિના ભાવોને પ્રકટ કર્યા છે. મેઘધનુષના સાત રંગ સમાન, પ્રેમ, લાગણી, વાત્સલ્ય, સેવા, હેત, માનમર્યાદા, વિવેક, વિનય, સમાન, સંગીતના સાત સૂરોના સથવારે અને સાસુમા-પરત્વેના પોતાના મનોભાવોને પ્રગટ કરી સાસુમા વંદના પુસ્તિકાના માધ્યમ દ્વારા સમાજના બહુ ચર્ચિત અને બહુ કલ્પીત ગંભીર વિષય ઉપરનું આ પુસ્તક ખૂબ જ પ્રશંસનીય અને મનનીય છે.

સાસુમાના વહાલના દરિયામાં તરબોળ થવાનો આ અદ્ભુત પ્રસંગ છે. 'મા' માટે ઘણાં પુસ્તકો લખાયા છે. પરંતુ 'સાસુ'મા માતાના દર્શન અને જગતની સમક્ષ નવી વિચારધારા ફેલાવવાનો આ વિચાર અભિનંદનને પાત્ર છે.

x x x

**પુસ્તકનુ નામ : જ્ઞાન વર્ષા**–જ્ઞાનની અવિરત ધારા
સર્જન-સંકલન : કિશોર દવે
પ્રકાશક : કિશોર દવે
પ્રાપ્તિસ્થાન : કિશોર દવે, ૭૦૧, પિતૃ-છાયા, સ્વસ્તિક સોસાયટી, રોડ નં. ૨, જુહુ સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૧૫ ૩૨૨૫.
મૂલ્ય : રૂા. ૧૬૦/-, પાના : ૧૭૨.
આવૃત્તિ : પ્રથમ, ડિસેમ્બર.

જ્ઞાનવર્ષા એટલે જ્ઞાનની અવિરત ધારા. આ પુસ્તક જીવનના ગાઢ અંધકારમાં પ્રકાશ પાથરતા ચિંતન લેખો ધરાવતું એક અનોખું સર્જન છે. આ પુસ્તકમાં પ્રશ્નોતરી દ્વારા વિવિધ વિષયોની માહિતી તથા સામાન્ય જ્ઞાન, રામાયણ-મહાભારત-ભાગવત-ઇતિહાસ, ભૂગોળ, રમતગમત, ફિલ્મ, નાટકો, કહેવતો, ગુજરાતી સાહિત્ય તથા વિશ્વમાં બનતા રોજબરોજના બનાવો અને સામાન્ય જ્ઞાન પર આધારિત પ્રશ્નોત્તરી તેના સાચા જવાબો સાથે આપવામાં આવ્યા છે.

જ્ઞાનવર્ષાના લેખક શ્રી કિશોરભાઈ દવે ૯૦ વર્ષના છે; અભિવ્યક્તિના માધ્યમ દ્વારા જૈફ વયના આ લેખક માલામાલ થયા છે. લેખકશ્રીએ નાના મોટા સર્વ ગુજરાતી વાચકને રસ પડે એની માહિતીનો ભંડાર અથાક પરિશ્રમપૂર્વક એકઠો કર્યો અને પ્રકાશિત કર્યો, અને લેખકશ્રીને નિવૃત્તિમાં પણ સક્રિયપણે પ્રવૃત્તિ પરાયણ રહેવાનો કીમિયો જડી ગયો. આ પુસ્તકમાં લેખકે તેમના સંસ્મરણાત્મક, ચિંતનાત્મક અને પ્રેરણાત્મક લેખોનો સમાવેશ કર્યો છે.

નિરંતર વરસતી જ્ઞાનવર્ષાની લહાણી સર્વને તરબતર કરે તેવી છે.

x x x

**પુસ્તકનું નામ : પ્રકાશની પગદંડીઓ**
**લેખક-ડૉ. પ્રકાશ આમટે**
અનુવાદક : સંજય શ્રીપાદ ભાવે
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૨૦૦/- , પાના : ૧૭૨.
આવૃત્તિ : ૩, માર્ચ--૨૦૧૪.

ગુજરાતના વાચકો બાબા આમટેના નામથી પરિચિત છે. મૂળમાં બાબા એક ધનવાન કુટુંબના છકી ગયેલા નબીરા ગણાતા હતા. એમનું નામ મુરલીધર. પણ આ છેલબટાઉ છોકરો સેવા કાર્યમાં ડૂબી ગયો. કુષ્ટ રોગીઓના ઉપચાર અને પુનવર્સન માટે અભ્યાસ અને તાલીમ મેળવ્યાં. ખાસ આશ્રમ ઊભો કર્યો જે 'આનંદવન' તરીકે જાણીતો થયો. તેમના કામ માટે એશિયાનો નોબેલ પુરસ્કાર ગણાતો મૅગસેસ અવૉર્ડ એમને મળ્યો.

બાબા આમટેના સેવા કાર્યો અનેકવિધ છે. તેમાં તેમણે **હેમલકસાના** વેરાન વિસ્તારમાં પ્રાણીઓ અને જંતુઓની જેમ જીવન ગુજારતા માડિયા અને ગૉન્ડ જાતિના આદિવાસીઓની તબીબ સેવાઓનું અને એમને મનુષ્ય જેવું જીવન બક્ષવાનું કામ ઉમેર્યું. આ કામની કથા પ્રસ્તુત અનુવાદિત પુસ્તકમાં આલેખાઈ છે. બાબાએ પોતાના આખાય કુટુંબ કબીલાને આ કામમાં જોતર્યા અને સર્વે આદિવાસીઓમાં તબીબી અને સેવા શિક્ષણ કાર્ય કરે છે. વેરાન પ્રદેશમાં ઘર, શાળા, દવાખાનુ, કામચલાઉ

આ અંકની છુટક
નકલની કિંમત
રૂા. ૬૦

હૉસ્પિટલ ઊભી કરી. એમના બાળકો ત્યાં જંગલમાં જ ઉછર્યાં. સાધનાતાઈ અને કુટુંબીજનો વેરાન પ્રદેશમાં ચીજવસ્તુઓ અને સાધનો પહોંચાડતા રહે છે.

આ રીતે ડૉ. પ્રકાશદંપતિ જંગલમાં માનવજીવન લાવ્યા. ડૉ. પ્રકાશની લોકબિરાદરીના કામને પણ મૅગસેસ ઍવૉર્ડ એનાયત થયો.

આપણા ભગિનીપ્રદેશની આ સાહસકથા ગુજરાતીઓ અવશ્ય વાંચ અને બિરદાવે.

દ દ દ

**સાભાર સ્વીકાર**

**૧. 'હૃદયની ક્ષિતિજો'-**

લેખક : સુવર્ણા જૈન, પ્રકાશન : સુવર્ણા જૈન, ૨૫૦૧, મોન્ટ્રીઅલ ટાવર, બિલ્ડિંગ નં. ૩૧, ૨૫મે માળે, શાસ્ત્રીનગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૫૩. મૂલ્ય રૂા. ૫૦/-

**(૨) સૌંદર્ય તન મનનું-**

લેખક : સુવર્ણા જૈન. સરનામું ઉપર પ્રમાણે. મૂલ્ય : રૂા. ૧૭૦/-

**(૩) વિરોધ, વિદ્રોહ, પછી વિસ્ફોટ-**

લેખક : સુવર્ણા જૈન, સરનામું ઉપર પ્રમાણે. મૂલ્ય : રૂા. ૧૭૦/-

**(૪) જિંદગીના વિવિધ રંગો-**

લેખક-સુવર્ણા જૈન, પ્રકાશક : એન. એમ. ઠક્કરની કંપની. ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. : ૨૨૦૧૦૬૩૩.
કિંમત : રૂા. ૧૦૦/-

**(5) Whether Soul, Super Soul, Evil Soul Exists?**
**Religion in Prac tical life.**
Authour – Suvarna Jain
Publisher : N. M. Thakkar & Co.
140, Shamaldas Gandhi Marg,
Mumbai-400008.
Phone : 22010633. Price : Rs. 150/-

**(૬) દીવાથી પ્રગટે દીવો :** (બાલનાટ્યસંગ્રહ)

લેખક : પ્રકાશ ગાલા. પ્રકાશક : અમર પ્રકાશન, ૨૧, મંગલ પાર્ક, નવા વિકાસ ગૃહ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. કિંમત : રૂા. ૮૦/-

**(૭) સફળતાનો અભિગમ-**

લેખક-દક્ષા પટેલ-રાજેન્દ્ર પટેલ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતન પોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.


(૮) आगम निबंध माळा : भाग १
लेखक : आगम मनीषी श्री त्रिलोकचन्द जैन, राजकोट.
ऑमसिद्धि मकान, ६, वैशैाली नगर, राजकोट-३६००७. (गुजरात).
मूल्य : रू. ५०/-,

* * *


બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ- સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**



**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**



**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**• પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- • ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

• બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# અને છેલ્લે...

## તથાગત બુદ્ધ અને માણવક વચ્ચેનો સંવાદ

જગતની વ્યવસ્થા-નિયમના રૂપમાં બુદ્ધ સ્પષ્ટરૂપથી કર્મ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. સુત્તનિપાતમાં સ્વયં બુદ્ધ કહે છે કે, કોઈનું કર્મ નષ્ટ થતું નથી. કર્તા એને (કર્મને) પ્રાપ્ત કરે જ છે. પાપકર્મ કરવાવાળો પરલોકમાં પોતાને દુખમાં પડેલો જુએ છે. સંસાર કર્મથી ચાલે છે. પ્રજા કર્મથી ચાલે છે. રથનો ચક્ર જેવી રીતે (ધરી) અણીથી બંધાયેલો રહે છે એવી રીતે પ્રાણી કર્મથી બંધાયેલો રહે છે. વિશ્વની વિચિત્રતા ઈશ્વરકૃત નથી પરંતુ લોક વિચિત્ર્ય કર્મ જ છે. આ વિષય પર તથાગત બૌદ્ધ સાથે શુભ માણવક થયેલો વાર્તાલાપ મનનીય છે. જેમ કે,

શુભ માણવક : હે ગૌતમ, શું હેતુ છે? શું પ્રત્યય છે, કે મનુષ્ય હોવા છતાં પણ મનુષ્ય રૂપમાં હીનતા અને ઉત્તમતા જોવા મળે છે? વળી અહીં મનુષ્ય અલ્પાયુ જોવા મળે છે, તો કોઈ દીર્ઘાયુ પણ, બહુ રોગી તો અલ્પરોગી પણ, કુરૂપ તો કોઈ સ્વરૂપવાન પણ, માટે હે ગૌતમ, શા કારણથી આ પ્રાણીઓમાં આટલી હીનતા અને ઉત્તમતા દેખાય છે? તથાગતબુદ્ધ : હે માણવક! પ્રાણી કર્મસ્વયં (કર્મ જેના પોતાના) કર્મવાદ, કર્મયોનિ, કર્મબન્ધ અને કર્મપ્રતિશરણ છે. કર્મ જ પ્રાણીઓને તે હીનતા અને ઉત્તમતામાં વિભક્ત કરે છે. કર્મના કારણે જ આચાર, વિચાર તેમજ સ્વરૂપની આ વિવિધતા છે.

આ પ્રકારે બૌદ્ધ ધર્મના કારણે માનીને પ્રાણીઓને હીનતા તેમજ ઉત્તમતાનો ઉત્તર ઘણો જ સુંદર રીતે સ્પષ્ટ રૂપમાં આપ્યો છે.

❑ સંપાદિકાઓ

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | આશિકાબેન મહેતા અને અંકેશભાઈ કોઠારી હસ્તે : પુષપાબેન |
| ૫૦૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી દિગંબર જૈન વિશા મેવાડા ભગિનિ મંડળ-વિલેપાર્લે હસ્તે : દમયંતીબેન શાહ |
| ૫૦૦ | એક ભાઈ તરફથી |
| ૫૦૦ | શ્રી રમેશચંદ્ર પી. શાહ |
| ૨૧૦૦૦ | કુલ રકમ |

**દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન**

| | |
|---|---|
| ૧૨૫૦૦ | શ્રી અભય કાલીદાસ મહેતા |
| ૯૦૦૦ | કામધેનુ એગ્રો-કેમ ઈન્ડ |
| ૨૧૫૦૦ | કુલ રકમ |


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| ૩૫ | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૯ | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | રૂા. ૨૨૫ |

**જૈન ધર્મના પ્રારંભિક અભ્યાસ માટે દેશ-વિદેશના વિશ્વ વિદ્યાલયોમાં માન્ય પુસ્તક આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત જૈન ધર્મ** (કિંમત રૂા. ૭૦)

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# Thus He Was Thus He Spake : The Karma

***'Even chance meetings are the result of karma… Things in life are fated by our previous lives. That even in the smallest events there's no such thing as coincidence'-***

The above line is written by prominent Japanese writer Haruki Murakami but a thought which most constantly stays with me in all my vulnerable moments is my ***Guru Shrimad Rajchandra's …' je pan thaychey ae vyavasthit kaaran na lidhej thay chey- Each moment , event, good or disaster is perfect as is..'***

Karma is the most quoted word in the Indian subcontinent- more misquoted also. So as I dwell into my obsession with everything karmic, I would like to share the personal views of my two best friends' on what Karma means to them. The three of us really are chalk and cheese yet love each other to death and constantly try to strive to be good, better human beings.

***Lina Mathias*** is a Catholic, steers clear from concepts like rebirth, yet occasionally ponders over concepts like Karma.

***Alpana Lath Sawai*** grew up with stories of Hindu mythology, was deeply moved by her Buddhist Vipassana experiences but has chosen to be an agnostic- she cannot bear it if people don't take complete responsibility for their actions, no solace of "Karma thinking" for her.

I on the other hand - live, drink, breathe, quote Karma in all the situations of life. My conscious, subconscious all constitute the branches and balances of Karmic debts.

**Lina Mathias expresses her views on Karma:**

"As somene who was born into a Roman Catholic family and grew up in a totally Hindu-dominated neighbourhood, participating in all the Hindu festivals and religious ceremonies, my spiritual knowledge is a rich mixture of felt and read content from both these religions.

The word 'Karma' has so many meanings for different people conjuring up words and images like rebirth, fruit of one's actions, what goes around comes around etc For me, primarily Karma would mean "action", what I do and why I do it. Even though Christianity does not believe in rebirth and neither do I, I do believe that what you do and say does have ripple effects far beyond and more significant than merely the immediate consequence. For example, while I might not think of it consciously, the Biblical line "The sins of the fathers are visited upon the children" would be at the back of my mind when I wonder if a certain unkind action of mine would rebound on my son especially if I have been impatient and intolerant of a young person.

While I am definitely not qualified to comment upon Christian theology, I do believe that Christianity is an outward looking religion. In the sense, that it is your actions, your deeds, what you do, that take on great importance and though Christian mystics are venerated, it is the saints who went out and worked among the lepers and the sick and the widows and orphans who are the most worshiped.

Christ said ***"Whatsoever you do unto the least of my brethren, you do unto me"*** Meaning that what you do for the lowliest of the low is actually what you do for me. I would like to think that that is a form of karma—what you do for the marginalised and the underprivileged actually bears fruit as your worship of Christ

So even if I do not believe in rebirth and heaven and hell are concepts that might seem rather far away in the hurly-burly of life, what would motivate me to act justly, kindly and truly reach out to anyone in need, not just a friend or relative or acquaintance. For me, it would definitely be another line from the Bible—**"Much has been given unto you, much is expected of you."** As usual there are many interpretations of this but I think it means that not using the gifts and talents given to you for the greater good and happiness of those in need, is the big sin. Not using let's say, your intelligence, your linguistic

skill, your gift for music or cooking or organising for others —is being selfish.

**So, my concept of Karma is when I act, when I reach out, think of what to support, what to protest against, it would be a mixture of all of the above that would propel me."**

X X X

**Alpana Lath Sawai's view on Karma**

"*Karma has got a bad name. Most people associate it with a sense of inevitability, like it's as bad as death. But karma is what you make of it. Nothing is inevitable, not even death, because who's to say what dies and what remains?*

*Karma is simply an interpretation we give to things that we find hard to understand or deal with. Like children suffering — people who don't understand Hinduism or karma always throw this in our face - how can children have done anything to warrant the kind of suffering they experience? I know how karma would explain it. But, I think we use karma to shield ourselves from the randomness of our existence. Our suffering is random. No one's sitting up there picking us off one by one. No one keeps a record of our good or bad deeds and punishes or rewards us. It's all clever ruses to make us behave. We came from animals and often behave like them. The concept of punishment for bad deeds whether in this life, another life or in hell — is all to terrorise us into behaving.*

*How much simpler it would be if we taught our children to be kind because that is the right thing to do — not just to avoid bad punishment afterwards...*

*I don't think we were built for a higher purpose. I think we came into being — it took millions of years for bacteria to evolve into us and we cannot process or handle the fact that it was all a random series of occurrences. We have a need to make our life something. So we endow it with a God, a divine maker, who was so bored that he needed a playground to reflect his existence and to entertain and validate him. Or we say that there is continuity to our spirit. What that is, is a scientific fact. The amount of mass in this world does not increase or decrease. Which means, we will remain here in one form or another... we simply get recycled.*

*Karma is a way of trying to make us behave. But it's negative reinforcement. We should do what's right because it is right. Not because we don't want punishment.*

*Importantly, I think I only have this one life. The key word is 'I'. The 'I' that exists right now with all my thoughts and the essence of me — that will anyway change even if I am born again, so then how will it be 'I' who is born again? The creature born again is not me. It's someone or something else. So I only have this life to love myself, love life and the people around me — in that order. Only this life has "me" as me — no other. Only this life to do what's right. There is no karma; there is only now. This does not mean the 'now' is important. If we came into being in such a random manner, we are nothing. But I am going to live it the best I can. Without too much of a fuss."*

X X X

The three of us; we have been together for several years through life's journey as fellow travellers with our own concepts and views on life, religion, politics and the world at large and yet we are together and with each other – what better proof that we are held by a deep karmic bond.

It is all a swing between destiny and free will and that combination for me is Karma. The thoughts I have, these words I write, the steps that I take, everything is propelled by and constitutes of Karma.

The law is simple – each experience is repeated or suffered till you experience it properly and fully and learn the full impact.

And yet....It is all beautiful because it is all perfect-exactly the way it was meant to be.

☐ **Reshma Jain**
The Narrators
Tel: 9920951074

# KARMAVADA :

# THE JAIN DOCTRINE OF KARMA

□ Dr. Kokila Hemchand Shah

`As man sows, so does he reap.'

The doctrine of Karma has been widely accepted in Indian thought. It occupies a significant position in Jainism. It provides a rational explanation to the appearently inexplicable phenomena of birth & death, happiness & misery, inequalities in existence of different species of living beings. The doctrine of Karma is the key that unlocks all the riddles of apparently unintelligible world.

Karma literally means deed or action, Philosophically, it signifies the action & the result of action – the two being inseparable. Karma as a doctrine means the law of cause & effect, the law of retribution. Our actions are the causes that produce proper effects at proper time. This is the eternal & universal law. None can escape the effects of their own past Karmas. Further, this effect does not continue itself only to the present life, but continues beyond it, it destines the state after death. Hence doctrine of Karma is related to Rebirth. Jaina Scriptures like Sthananga Sutra, Uttaradhyayana Sutra, Bhagvati Sutra, etc. contain general outline of the doctrine & the details have been, worked out in Karmagranthas. Lord Mahavira has said just as a sprout has a seed for its cause, there is a cause for happiness & misery.

Jain doctrine is unique. In Jainism, Karma is a kind of matter– the subtle matter gets transformed into different kinds of actions producing effects & it defies the soul.

Karmic matter flows into the soul & binds it through activities of body, mind & speech. Thus the doctrine presupposes the following principles (1) the existence of soul (2) soul is eternal (3) soul is the doer of action (4) soul is the enjoyer of the fruits of actions (5) There is liberation of the soul from karmic matter, that is called Moksa (6) There are means for liberation.

The soul is pure intrinsically. Soul's pure nature is observed by karmas & soul is in the state of bondage.

In Jainism the doctrine is discussed in details – with Its reference to nine fundamentals–Navtattvas.It explains, bondage of the soul through inflow of karmas, stoppage of karmas, shedding of karmas and liberation of soul. on the basis of nature, karmas are of 8 types.

(1) Jnanavarniya -- Knowledge obscuring karma

(2) Darsanavarniya – Intuition obscuring karma

(3) Vedaniya – Feeling producing karma

(4) Deluding karma -- Mohaniya Karma

(5) Ayu Karma – Age determining Karma

(6) Nam Karma – Physique-making Karma

(7) Gotra Karma – Heredity determining Karma

(8) Antaraya Karma – Power hindering Karma

Our activites & passions – kasayas lead to the influx of Karma. Once the Karmic particles are attracted by the soul, they remain with the soul & give their fruits. This is known as the bondage of Karmas. Jainism has worked out in detail mechanism of Karmas – the causes of bondages & how through spiritual pratices – sadhana, one can attain liberation. Karms do not generate new karmas when their fruits are experienced with equanimity (samata) .

The most effective step for subduing the forces of Karmas is conquest of passions. If one is liberated from kasayas one is truly liberated. Jain mythology is full of stories demonstrating the power of Karmas. Indeed, soul is subject to karmas in worldly life (meJJes peerJee keÀcceLeJee). A living being is free in accumulating the Karmas, but Karmas once accumulated it is beyond his power to control their fruition. However, in Jain scriptures certain principles are described through which effects of Karmas can be reduced or transferred. The intensity of certain Karmas can be increased or decreased. etc. It is possible for an individual to evade the effects of certain Karmas by extraordinary exertions, penance, medi-

tation etc.

It is clear that doctrine of Karma is not only an ethical principle but a cosmic law. Howeever, one chief point is that Karmavada is not Fatalism. It is not Niyativada. Along with this doctrine, one must understand the doctrine of Samvayas – the five associated causes. There are five factors working together. They are nature-Svabhava, Kala-time, Niyati-destiny, Purvkarma & Purusartha–efforts.

Jain Karmavada clearly declares that man is the master of his destiny. The doctrine implies freedom of responsiblility. Doing harm to others is doing harm to oneself. There is no predestination. Another significant feature of Karma doctrine in Jainism is its emphasis on self-reliance. No one can interfere in the working of law of Karm. There is no place for grace of God. However concept of God in Jainism is important for an aspirant to become like him.

According to Karmas, man takes rebirth in any, four states of existence and goes to higher state due to impact of conduct; that is meritorious Karma (1) Naraki-Hell (2) Tiryanca-Subhuman (3) Manusya-Human (4) Deva-Celestial. The final one is Moksa – Liberation. The key concept is one has to be careful to avoid influx of Karma so that final destination is reached. The path prescribed is three jewels--Ratnatrayi–Soul is essentially enlightened. The process of sheddhing off Karmas is of great importance to become Parmatma Though a soul's state is determined by various kinds of Karmas, there is, yet in him infinite power by which he can overcome all Karmas & get liberated enjoying infinite bliss. When Mohaniya Karma is destroyed, discriminative knowledge of soul & body arises & soul attains the state of super-soul. This is essence of religion–to become a spiritual conquerer or the Jina. `Salutation to Jinas'.

Mobile : 9323079922 / 9323079922.

✷ ✷ ✷

## *KARMAVAD AND GOD*

The celebrated and British theoretical physicist and cosmologist STEPHEN HAWKING has asked a question in his best-seller book, `A brief History of Time'–`Where did we come from? Why is the universe the way it is?'

He has also challenged the theory that God created Universe by stating that `the universe is governed by a set of rational laws.'

In his conclusion he writes (Pg. 190-191) `Upto now, most scientists have been too occupied with the development of new theories that describe **what** the universe is to ask the question **why**. On the other hand, the people whose business it is to ask **why**, the philosophers, have not been able to keep up with the advance of scientific theories.In the eighteenth century, philosophers considered the whole human knowledge, including science, to be their field and discussed questions such as : did the universe have a beginning? However, in the nineteenth and twentieth centuries, science became too technical and mathematical for the philosophers, or anyone else except a few specialists. Philosphers reduced the scope of their inquiries so much that Wittgenstein, the most famous philosopher of this century, said, `The sole remaining task for philosophy is the analysis of language.' What a comedown from the great tradition of philosophy from Aristotle to Kant !'

In 2010, he has again set off `Science v/s Religion' debate by dismissing the role of God as Creator of Universe, by publishing his book `The Grand Design'. In this book he has said (Pg. 171-172). `The laws of nature tell us **how** the universe behaves, but they don't answer **why**?

1. Why is there something rather than nothing?
2. Why do we exist?
3. Why this particular set of laws and not some other?

Some would claim the answer to these questions is that there is a God who chose to create the universe that way. It is reasonable to ask who or what created the universe, but if the answer is God, then the question is merely been deflected to that of **who created God.** We claim, however, that it is possible to answer these questions purely within the realm of science, and without invoking any divine beings.'

✷ ✷ ✷

# Karkandu the King of Kalinga - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, Dated the 27-05-2014 at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૪

## આર્થિક સહયોગ : સેવન્તીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૮૦મા વર્ષમાં પ્રવેશે છે

શુક્રવાર, તા. ૨૨-૮-૨૦૧૪ થી શુક્રવાર તા. ૨૯-૮-૨૦૧૪ સુધી રોજ બે વ્યાખ્યાનો. • સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ | તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|---|
| શુક્રવાર | ૨૨-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતિ શૈલજા ચેતનભાઈ શાહ | અઢાર પાપ સ્થાનક |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | પર્યુષણ આંતર શુદ્ધિનો અવસર |
| શનિવાર | ૨૩-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | પ્રા. વીર સાગર જૈન | જૈન ધર્મ મેં કર્મવાદ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | અધ્યાત્મ અને વિજ્ઞાન |
| રવિવાર | ૨૪-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી ગોવિંદભાઈ રાવળ | વિનોબાજીનું અધ્યાત્મ દર્શન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | દુકાનમાં દેરાસર.....! |
| સોમવાર | ૨૫-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | સાધક રમેશભાઈ દોશી | મોક્ષ હથેળીમાં છે |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. અઝહર હાશ્મી | કુરાન અને જૈન દર્શન |
| મંગળવાર | ૨૬-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી ભાવેશ ભાટીયા | સ્વીકારમાં સુખ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. પ્રિયદર્શનાજી જૈન | 'નિયમસાર' |
| બુધવાર | ૨૭-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી વલ્લભભાઈ ભંસાલી | શ્રદ્ધા, જ્ઞાન અને સમ્યગ્ જ્ઞાન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાગ્યેશ જહાં | ભક્તિ અને જ્ઞાન |
| ગુરુવાર | ૨૮-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. સેજલ શાહ | નય પ્રમાણથી મન પ્રમાણ સુધી |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કેશુભાઈ દેસાઈ | શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો |
| શુક્રવાર | ૨૯-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રાહુલ જોષી | સંગીતમય નવકાર |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. જી. સી. ત્રિપાઠી | ક્ષમાપના જૈન ઓર અન્ય દર્શન મેં |

**ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. સંચાલન :** શ્રીમતિ નીરૂબેન એસ. શાહ અને ડૉ. કામિની ગોગરી

**ભજનો રજૂ કરશે અનુક્રમે** (૧) કુ. શર્મિલા શાહ (૨) શ્રીમતિ ઉષાબેન ગોસલીયા (૩) શ્રીમતિ વૈશાલી કેરકર (૪) શ્રી શશાંક થાડા (૫) શ્રીમતિ ગોપી શાહ (૬) શ્રીમતિ કૈલાસ કક્કર (૭) શ્રી કરણ મિશ્રા (૮) શ્રી ગૌતમ કામટ.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર (દિલ્હીવાળા)** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

ઉપરોક્ત સર્વવ્યાખ્યાનો અને ભજનો સંસ્થાની વેબસાઈટ www.mumbaijainyuvaksangh.com.પર સાંભળી શકશો. સંપર્ક: હિતેશ માયાણી મો.૦૯૮૨૦૩૪૭૯૯૦

**(૧) તા. ૨૨ ઓગસ્ટ, પર્યુષણના પ્રથમ દિવસે નિમ્ન ગ્રંથોનું જિનશાસન સમર્પણ**

(૧) ઈલા દિપક મહેતા સંપાદિત : **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સચિત્ર.** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ (૨) ભારતી દિપક મહેતા સંપાદિત **શ્રી શશીકાંત મહેતા – અધ્યાત્મ રવિની પિતૃ છવિ** (૩) ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત અંગ્રેજી ભાષામાં અપૂર્વ ગ્રંથ **'જૈનીઝમ : ધી કોસ્મિક વિઝન.'**

**(૨) તા. ૨૩ ઓગસ્ટ,પર્યુષણ દ્વિતીય દિવસે ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા સંપાદિત, 'પ્રબુદ્ધ જીવન' પર્યુષણ પર્વ વિશિષ્ટ અંક ' કર્મવાદ: જૈન દર્શન અને અન્ય દર્શન'નું જિનશાસન સમર્પણ.**

**(૩) તા. ૨૬ ઓગસ્ટ, ભગવાન મહાવીર જન્મ વાંચન દિવસે નિમ્ન પુસ્તકનું જિનશાસન સમર્પણ**

દીપ્તિ નીતિન સોનાવાલા કૃત કાવ્ય સંપુટ **'હું અને તું'** એક અનુભૂતિ.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| ભૂપેન્દ્ર ડી. જવેરી | નીતિન કાં. સોનાવાલા | ચંદ્રકાંત ડી. શાહ | નિરુબેન એસ. શાહ<br>ડૉ. ધનવંત ટી. શાહ | વર્ષાબહેન આર. શાહ | જયદીપ ડી. જવેરી |
|---|---|---|---|---|---|
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ | સહમંત્રી | સહકોષાધ્યક્ષ |

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.